ભારત લોકકથા

પ્રથમ ગુચ્છ

ભારતવીરવિલાસ

"युद्धस्य कथा रम्या"

'Fame is the fragrance of heroic deeds,
The flowers of chivalry and not of weeds"
Longfellow The Bell of Atri.

"ગુજરાતી" પ્રેસના માલિક
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કીધું.
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ

સંવત્ ૧૯૭૦ ઇ સ ૧૯૧૪

કીંમત ૦-૧૨-૦.

Printed and Published by Manilal Itcharam Desai at

THE GUJARATI PRINTING PRESS,

SASSOON BUILDINGS, CIRCLE, FORT,

BOMBAY

પ્રકટકર્ત્તાની નોંધ

પ્રસ્તાવના એટલે કે કંઇક વિદ્વત્તા પૂર્ણ લખાણ, રસકસ વગરનુ પાંડિત્યદર્શક કંઇક ટાહેલું, કિંવા કલમ, શાહી, કાગળ અને સમયનો નિરર્થક બગાડો એવો ભાવ સામાન્ય વાચકોમાં વિસ્તરેલો જોવામાં આવે છે, અને તેથી પુસ્તક લખનારે ગમે તેટલી મેહનત લઈ પ્રસ્તાવનામાં કંઇક ઉપયોગી ચર્ચા કરી હોય, કંઇક નવીન વિચારો કે માર્ગો દર્શાવ્યા હોય, પોતાના કાર્યનો કંઇક હેતુ સૂચવ્યો હોય તોપણ તે બિલકુલ વાંચવામાં આવતી નથી. પરિણામમાં પુસ્તક તૈયાર કરનાર કે કરાવનારના દૃષ્ટિબિંદુને બદલે વાંચક પોતાના હેતુનુ લખાણપર આરોપણ કરે છે, વાંચે છે અને સાર ગ્રહણ કરે છે. સત્ય શોધનને માટે આ માર્ગ ગ્રહણ કરવા જેવો નથી. વાંચનારે લેખકના કે કહેનારના હૃદયમાં પ્રવેશીને વસ્તુ જોવી જોઇએ. અહી એ સંબધી કંઈ પણ લાંબી ચર્ચા કરીને, મનોરંજનાર્થે આ પુસ્તક હાથમાં લેનાર વાંચકનો સમય ગુમાવવાની અમારી ઇચ્છા નથી, અને તેથી પ્રસ્તાવના જેવા ભયંકર નામનો ઉપયોગ અહી કર્યો નથી.

ભારતલોકકથામાળા પ્રકટ કરવાનો વિચાર વાતના પ્રસગમાં, બૃહત્ કાવ્યદોહન ભાગ આઠમો, અમારા સદ્ગત પિતાશ્રી ઇચ્છારામ તૈયાર કરતા હતા ત્યારે તેમને સ્ફૂર્યો હતો. "જેમ ગુજરાતના પ્રાચીન કવિઓના કાવ્યોનો સંગ્રહ કરવામાં આવે છે અને તે રીતે સાહિત્યની ભરતી થાય છે, તેમ હિન્દી જનસમાજમાં કર્ણપરંપરાથી, ભાટચારણોનાં કથાનકો અને માણભટ્ટોના મુખેથી, તેમ જ ડોસીડગરાંના વાર્ત્તાલાપથી આજ સૂધી જીવંત રહેલી લોકકથાઓ, આખ્યાયિકાઓ, દૃષ્ટાંતોના ટુચકાઓ વગેરેનો સંગ્રહ કરવાથી પ્રાચીન રીતિરિવાજ, આચારવિચાર, નીતિરીતિ, ઐતિહાસિક, ધાર્મિક સાંસારિક, સામાજિક અને રાજદ્વારી જીવન વગેરે પર અજવાળુ પાડનાર સાહિત્ય શું ભેગું થઈ ન શકે? શું તેવા સાહિત્યની ભાષામાં જરૂર નથી?" આવા પ્રશ્નોએ સદ્ગતને એ દિશામા ધ્યાન દોડાવવાની પ્રેરણા કરી હતી, અને તેને માટે સાધન તૈયાર કરાવવા માંડ્યાં હતાં અને લખાણ તૈયાર કરાવવા માંડ્યુ હતુ. એ લખાણ આવાં લગભગ આઠનવ પુસ્તકો ભરાય તેટલું તૈયાર થયુ છે, અને હજી તે લખાવવાનું ચાલુ જ છે. સચ્ચિદાનંદ પ્રભુની ઇચ્છાથી સદ્ગત પોતાની ઇચ્છાના પ્રથમ ફળરૂપ પ્રસ્તુત ગુચ્છને સ્થૂળ દૃષ્ટિએ જોઈ શકયા નથી, પરંતુ આજે આ પુસ્તક પ્રકટ થતાં તેમના સાહિત્યપ્રેમી આત્માને સંતોષ થયા વિના તો નહિજ રહે.

કાવ્યનું સાહિત્ય ઘણેક અંશે લખેલુ અને કેટલેક અંશે કંઠાગ્રસ્થ હોવાથી થોડેઘણે ભાગે એકસરખી ભાષામાં જેટલી સરળતાથી ઉપલબ્ધ થાય છે તેટલી સરળતાથી લોકકથાનું સાહિત્ય સુપ્રાપ્ય નથી. આ સાહિત્ય કાગળપર બિલકુલ જ લખાયલું નથી એમ કહીએ તો ચાલે. ડોસીડગરાં, માણભટ્ટ, કથાકાર અને ભાટચારણોનાં મુખમાં આ સાહિત્ય હોવાથી એકનો એક જ વિષય નવનવી ભાષામા અને નવનવા રૂપમાં સાંભળવામાં આવે છે. કેટલીક વાર કહેનાર મનુષ્ય પ્રસંગાનુસાર મૂળ કથામાં હેત્વારોપણ પણ કરી દે છે. એકના એક જ દુહા, છપ્પા, કવિત્ત, સવૈયા, છંદ, લાવણી, ટપ્પા વગેરે જૂદીજૂદી વાતોમાં સાંભળવામાં આવે છે. એકની એક જ વાત જૂદાંજૂદાં નામે સ્થળ અને સમયના રૂપાતર સાથે સભળાય છે. આવી સ્થિતિમાં ભાષાનો કોઈ નિર્ણય કરવો કે વસ્તુના સમય અને સ્થળનો નિર્ણય કરવો અતિ કઠિન થઈ પડે છે. કેટલીક વાર કયી વાતો સ્વીકારવી, કયી વાતોમાથી કેટલો ભાગ રાખવો અને કેટલો કાઢી નાખવો, એ પણ વિચારવુ દુર્ગમ્ય થઈ પડે છે. કેટલીક વાર એવી પણ વાતો દષ્ટાંતમાં કહેવામાં આવે છે કે જે પ્રાચીન કાળના કોઇક ઇતિહાસપર કે સામાજિક કે નૈતિક કે રાજદ્વારી કે ધાર્મિક જીવનપર અજવાળુ પાડનાર થઈ પડે, માનસશાસ્ત્ર કે મનુષ્યોત્પત્તિશાસ્ત્ર કે વૈદ્યકશાસ્ત્રમા કે વિજ્ઞાન કે હુન્નરકળાના શોધનકાર્યમાં માર્ગદર્શક કે અર્થસૂચક થઈ પડે. ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સરની, દાન, દયા, ક્ષમા, ધૈર્ય, સાહસની ચમત્કારિક વાતો કહેવામાં આવે છે ત્યારે સ્વાભાવિક પ્રશ્ન થશે કે કામ જેવી વૃત્તિ કે જેને બીજી વૃત્તિઓ જેટલી અંકુશમા રાખવાની જરૂર છે તેનું નવનવુ સ્વરૂપ દર્શાવનાર વાતોનો, શુ અનીતિ ફેલાશે એવા ભયથી, ત્યાગ કરી દેવો? દાખલા તરીકે સિંહના પિંજરામાં, ભયાનક જગલમાં, એરોપ્લેન, બાયોપ્લેન કે બલૂનમા હનીમૂન–કેટલાકો આપણી ભાષામાં જેને "મધુચંદ્ર" કહે છે તે–એટલે કે પ્રથમ રતિકેલિસુખાસ્વાદન કરવાની ઇચ્છા કરે છે એવી વાતો વાંચવામા અને સાભળવામાં આવી છે. માણુસના અંતરમા આવી અસાધારણ ઇચ્છા જન્મવાનુ કારણ શું હશે? કોઇક વાતોમા આવી અનનુભૂત ઇચ્છાનુ પૃથક્કરણ કરી મૂળ શોધવામા આવે, એ ઇચ્છાનો પ્રત્યક્ષ અનુભવ કરતા માણસનાં મન અને શરીરપર થતી અસરોનું શોધન કરવામા આવે તો શુ તેવી વાતો સાહિત્યમાં મનુષ્યના જ્ઞાનનો વધારો કરનારી ન થઈ પડે કે? કે આવી વાતોને બીભત્સ કે અશ્લીલ કે અનીતિમય ગણીને દાબી દેવી કે શું? અનીતિનો ફેલાવો કરવાની કે તેને કોઈ પણ રીતે ઉત્તેજન આપવાની અમારી ઇચ્છા નથી. જેમ અપરાધ

કરવાની વૃત્તિને શોધવાની વિદ્યાને "ક્રીમીનોલોજી" કહેવામાં આવે છે તેમ અમુક પ્રકારની કામવાસનાના શોધની વિદ્યાને "પેશનોલોજી" પણ કહે છે. ક્રીમીનોલોજીના અભ્યાસકો અપરાધના ઉત્તેજનમાટે તેનો શોધ કે વિચાર કરતા નથી; તેમ "પેશનોલોજી"નો અભ્યાસ પણ પેશન એટલે કામવિકારના ઉત્તેજનને માટે નથી. જેમ અનભ્યસ્ત બાળક દીવાને પકડવા દોડે છે, અગ્નિમાં હાથ ઘાલે છે કે સર્પને પકડે છે અને પોતાના શરીર કે જીવને જોખમમાં નાખે છે, પણ જ્ઞાન પ્રાપ્ત થતાં તે એ ભયાનક વસ્તુથી દૂર રહે છે; તેમ "પેશનોલોજી"ના જ્ઞાનથી શું માણસ તેની ભયકરતાનો વિચાર ન કરે? અમારું તો માનવુ એવું છે કે તે અવશ્ય કરશે જ. અમને તેથી અનીતિનો ફેલાવો થવાનો ભય નથી. એવો ભય તો માત્ર નિર્બળનેજ હોઈ શકે, અને ગુજરાતી પ્રજામા જો એવાં નિર્બળ મનનાં ઘણાં મનુષ્યો હોય તો અમારે તેમની માનસિક ઉન્નતિમાટે હતાશ જ થવુ પડે છે. ગુજરાતી પ્રજાની જો તેવી ઇચ્છા હોય તો ભલે તે અજ્ઞાનતાની સેવા સ્વીકારે. તેને માટે એટલુ જ કહેવુ જ બસ થશે કે "મન ચંગા તો કથરોટમેં ગંગા," "To the mind of pure everything is pure".

આ ભારતલોકકથાસંગ્રહમાં ભાષા પ્રાચીન નથી, અને તેનું કારણ અમે ઉપર નિર્દિષ્ટ કરેલુ છે. ભાટચારણ જે કથા પોતાના સ્મરણ-ભંડારમાથી કાઢી મુખદ્વારા વર્ણવે છે, તેમની ભાષા કેટલેક અંશે વિકૃત, પરતુ વીરરસાત્મક વિશેષ હોય છે, પણ કેટલેક સ્થળે તેમાં વિસંગતિનો દોષ અવશ્ય દેખાઈ આવે છે; વૃદ્ધ સ્ત્રીઓ જે કથાઓ કહે છે, તેમાં તેમની ભાષા બહુ જ સાદી હોવા સાથે રસહીનતા પણ આવી જાય છે. અંગ્રેજીમાં જે લોકકથા વિષયક ગ્રંથો લખાયા છે, તેમાંથી વિસગતિ અને ભાષાવિકૃતિ જેવા દોષો કાઢી નખાયલા હોય છે, તેમ જ મૂળ ભાષાના કેટલાક સૌન્દર્યનો પણ અભાવ હોય છે. પરંતુ એ કથાઓ—સર્વ પ્રદેશની સર્વ કથાઓ—તેમના મૂળ સ્વરૂપમાં પ્રાપ્ત થવી અશકય છે. એટલે એ અંગ્રેજી અને અન્ય ભાષાના ગ્રંથોના આધારે લખાયલી કથાઓમાં વર્ત્તમાન શૈલી જણાશે; તેમ જ ભાટચારણોને મોઢે સાંભળેલી વાતોમાં પણ આગળ દર્શાવેલા કારણોથી આધુનિકતા જણાશે, છતાં તેમાં બની શકે તેટલા સૌદર્યને લાવવાનો યત્ન કરવામાં આવ્યો છે. હવે તે યત્ન કેટલે અંશે સિદ્ધ થયો છે, એનો નિર્ણય વાંચકોએ જ કરવાનો છે. પરતુ તેમાંનું વસ્તુ અને સ્વરૂપ જેમ બને તેમ પ્રાચીન રહે તેવો કંઇક પ્રયાસ કરેલો છે. વળી તેમાં એકદેશીય વાતો સંગ્રહવાનું પણ બની શકે તેમ નથી, કારણ કે કેટલીક વાતો કંઈકંઈ ભિન્ન સ્વરૂપે ઘણા ભાગોમાં પ્રસરેલી જણાય

છે, અને તેથી આ લોકકથાના સંગ્રહનું નામ અતિ વ્યાપક "ભારતલોક-કથા" એવું રાખેલું છે. જો આ નામથી કંઈ દોષ થતો હોય તો તેથી અમારો દુરાગ્રહ છે એમ માનવાનું નથી. એમાં સમસ્ત વિશ્વની લોકકથાને સમાવી શકાશે એમ અમારું માનવુ છે.

કેટલાકો એમ ફરિયાદ કરે છે કે લોકકથામાં અતિશયોક્તિ ઘણી છે. અમને તેમાં દોષ જણાતો નથી. પૌરસ્ત્ય સાહિત્યનુ એ જ એક ખાસ લક્ષણ છે, અને તેથી જ તે શ્રોતાને આશ્ચર્યથી સ્તબ્ધ કરી નાખે છે. કવિકલ્પનાના તરંગોની એ જ ઉત્કૃષ્ટતા દર્શાવે છે. એક નવીન કાલ્પનિક સૃષ્ટિમાં વાંચનારને કે શ્રોતાને ફેંકવો, તેને તે નવી સૃષ્ટિમા તન્મય કરી દેવો એ સરળ કાર્ય નથી, એ ઐશ્વરી શક્તિ કોઇકને જ પ્રાપ્ત થાય છે.

લોકકથાનું ક્ષેત્ર એટલુ બધુ વિશાળ છે, અને એ વિષયની એટલી બધી વ્યાપકતા છે કે, એમાંથી આપણને ઇતિહાસ, પુરાતન રાજનીતિ, સમાજનીતિ, વ્યવહાર, રૂઢિ અને એવા અન્ય પણ અનેક ચમત્કારિક વિષયોના જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. એવી લોકકથાઓ પ્રત્યેક દેશમા પ્રચલિત હોય છે; તે કથાઓ, વૃદ્ધ સ્ત્રીઓ પોતાનાં પુત્ર, પૌત્ર કે દૌહિત્ર, પોતાના ગૃહમાના બાળકોને અવકાશના સમયમાં મનોરંજનમાટે કહી સભળાવે છે; ભાટ અને ચારણો વીરરસાત્મક લોકકથાઓ સભળાવીને રાજારજવાડા અને ધનાઢ્ય નાગરિકોનાં મનનુ રજન કરે છે, અને કેટલાક કવિઓ એ લોકકથાના પાયાપર સુદર કવિતાની ઇમારતો ચણી તે કવિતાના ઉપાસકો–ગ્રાહકો–ને એક પ્રકારના સ્વર્ગીય આનંદરસનુ પાન કરાવે છે. અરબસ્તાન અને તુર્કસ્તાન જેવા દેશોમાં તો એવા કથાકારોનો એક ભિન્ન વર્ગ જ છે, અને ત્યા અવકાશના સમયમા એવા કોઈ પણ કથાકારને બોલાવી કથા સાભળવાનો સાધારણ પ્રચાર હોવાથી એ કથાકારોનો ચરિતાર્થ પોતાની એ કળાથી જ ચાલ્યા કરે છે. મેવાડ, મારવાડ આદિ રાજસ્થાનના પ્રદેશોમાં, અને ગુજરાત કાઠિયાવાડમા ભાટ તથા ચારણોનો એવો એક કથાકાર વર્ગ અદ્યાપિ અસ્તિત્વ ધરાવે છે, પરતુ અત્યારના કાળમાં હવે તેમની એ કળાનો વિશેષ આદર થતો ન હોવાથી દિવસેદિવસે તેમની એ કળાનો લોપ થતો જાય છે, એમ કહેવામાં કશો પણ પ્રત્યવાય નથી; તેમ જ ઓગણીસમી અને વીસમી સદીની ઘણીક ડોશીમાઓ પણ એવી કથાઓને ભૂલતી જાય છે. આવી સ્થિતિમાં એ કથાઓ પુસ્તકના આકારમા જળવાઈ રહે, તો ભાવિ પ્રજાને તેથી બહુ જ લાભ મળવાનો સભવ છે, એની તો કોઇથી પણ ના પાડી શકાય તેમ નથી જ, અને એ કાર્ય કેટલાક સુજ્ઞ અગ્રેજ

વિદ્વાનોએ કર્યું છે, તેથી આપણે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો જ છે. ભારતવર્ષના ભિન્નભિન્ન ભાગોમાં સરકારી નોકરીના કારણથી જઈ વસેલા કેટલાક અંગ્રેજ અધિકારીઓએ તેમ જ કેટલીક વિદુષી આંગ્લ લલનાઓએ તે તે પ્રદેશની લોકકથાઓ પોતાના દેશી ચાકર અને ચાકરડીઓના મુખથી સાંભળી કિંવા અન્ય માર્ગેથી પ્રાપ્ત કરીને તેના અંગ્રેજી ભાષામાં મોટામોટા ગ્રંથો લખીને પ્રકટ કર્યા છે. એમાં કેવળ ભારતવર્ષના ભિન્ન ભિન્ન પ્રદેશોમાંની જ લોકકથાઓનો નહિ, પણ તુર્કસ્તાન, અરબસ્તાન, ચીન, જાપાન, અને સ્પેન તથા અન્ય પાશ્ચાત્ય દેશોની લોકકથાઓનો પણ સમાવેશ થઈ જાય છે. આ કાર્યના પ્રેરનાર સદ્‌ગત અમારા પિતાએ એવી લોકકથાઓના જેટલા ગ્રથો મળી શકે તે સર્વ ગમે તેટલી મોંઘી કીમત હોય તોય ખરીદવાનું સૂચવેલુ, અને તે પ્રમાણે આજે 'ગુજરાતી' પ્રેસમા એવા અનેક ગ્રંથોનો એક સારો સગ્રહ થઈ શક્યો છે, એટલુ જ નહિ, પણ હજી પણ એવા ગ્રથોને મેળવવાના અમારા પ્રયત્નો ચાલુ જ છે આવા ગ્રથોને એકત્ર કરવા ઉપરાત અમારા પિતાશ્રી જો કોઈ સારો ચારણ કે ભાટ અથવા અન્ય જાતિનો ઉત્તમ કથાકાર મુબઈમાં આવતો, તો તેને અવશ્ય પોતાને ત્યાં બોલાવી, રાતે જાગરણ કરી, પોતાના આત્મીય અને સ્નેહીજન સહિત તેની કથા સાભળતા, તેનો દ્રવ્ય આપીને સત્કાર કરતા હતા, અને તેમાંની જે કથા સારી લાગે તે કથાને લખી લઈ પોતાના સંગ્રહમા જાળવી રાખતા હતા. પ્રસ્તુત પુસ્તકમાની બારોટ શિવલાલ લલ્લુભાઇની અને બારોટ દામોદરની કથાઓ એનાં ઉદાહરણરૂપ છે.

ભારતલોકકથાના પ્રસ્તુત પ્રથમ ગુચ્છમા ઐતિહાસિક—વીરરસપ્રધાન—ભિન્નભિન્ન બાવીશ કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને બીજા ૨ા ત્રણ ગુચ્છ લખાયલા તૈયાર છે કે જે અનુક્રમે અલ્પ સમયમાં જ પ્રકટ થશે. પ્રસ્તુત ગુચ્છમા જૂદાજૂદા ત્રણ લેખકોની કથાઓ લેવામા આવી છે, અને તે કથાઓના શીર્ષભાગમાં બહુધા લેખકનુ નામ અપાયલુ છે, છતાં દૃષ્ટિદોષથી કેટલીક કથાઓના પ્રારભમા લેખકનું નામ છપાવુ રહી ગયું છે તેથી અનુક્રમણિકામા કથાના નામ સાથે લેખકનુ નામ પણ આપવામાં આવ્યુ છે કે જેથી કઈ કથા કોની લખેલી છે, તે તરત જાણવામાં આવી શકે.

આશા છે કે, 'ગુજરાતી' પ્રેસનો આ નવીન પ્રયત્ન પણ અન્ય પ્રયત્નો પ્રમાણે અવશ્ય ગુર્જર વાચકોના આદરને પાત્ર થશે જ.

મુબઈ તા૦ ૨૧ મી મે ૧૯૧૪ ગુરુવાર } મણિલાલ ઇચ્છારામ દેશાઈ

.ના -
આછો જ

અનુક્રમણિકા

ણુથી ૪૮
વિદુષી આ

ભારત લોકકથા

(લેખક બારોટ શિવલાલ લલ્લુભાઈ, મંદુ)

મંગળાચરણ.

દુહો—હરિહર વીધિકુ સુમરીકે, કાટહું કઠિન કલેશ;
જીનકી પરમ કૃપાહુંસે, રચહું ગ્રથ યહ બેશ.

રાજાનાં લક્ષણ.

છપ્પય—શિથિલ મીલે દૃઢ કરે, ફૂલ ચુંટે જળ સિંચે,
ઉરઝે ડાળ ન માય, ભૂમગતિ ઉદ્ધત ખેંચે;
જો મુલિયન મુરઝાય, થઇગ દે તિન્હે સમારે,
કીડા કંટક ગળિત, પત્ર બાહિર કરી ડારે;
કવિ ભદ્ર ભને ભેદે જુગલ, બાર સમારે ફલ ભખે;
માલી સમાન નૃપ હોય ચતુર, તો સંપત્ત વિલખે અખે.

રાજાના અવગુણ.

છપ્પય—સદા કામની સગ, મિત્રકો કહ્યો ન માને,
આળસ કૃપન અન્યાય, નીતિકો મર્મ ન જાને;
જુવા ક્રોધ અપમાન, કટુક મુખ બચન ઉચ્ચારે,
હોત ધર્મકો નાસ, ત્રાસ રૈયત દુઃખ ભારે;
દલ મલીન અરિ પ્રગટે તુરત, જો કુનિત જગ ગાઇએ;
કવિ દેવ દુખિત પુરવાસીકે, નૃપ એ તે વિષય ન ચાહિએ.

રાજા ચંચળ હોય, ભોમ અપની કર થપ્પે,
શૂરો ચંચળ હોય, શિષ શત્રુનકો કપ્પે;
હસ્તિ ચંચળ હોય, સૂંઢ સંગ્રામ સંભારે,
તોરી ચંચળ હોય, સમર તેં સ્વાર ઉગારે;
ચચળ તો ચારે ભલાં, નર, નરપત, ગજ, તુરી,
કવિજન કહે શુન ઠાકરાં, ચંચળ નાર સદા બુરી.

અખેરાજ દેવડો.

દુહો—ક્ષત્રિવટના ખ્યાલને, જગત રહ્યો સૌ જોઈ;
રાજનીતની રીતમાં, સૌથી વડી સિરોઇ.

શિરોહી નગરમાં પ્રજાનો પ્રતિપાળ, ધર્મનો રખવાળ, ક્ષત્રિ ધર્મની ઢાલ, સત્યનો સમુદ્ર, પ્રતાપનો પુરંદર, એવો અખેરાજ દેવડો રાજ કરતો હતો. તેનુ લગ્ન ઝાલાવાડમાં એક ઝાલીજીની સાથે થયું હતું. પરણ્યા પછી માસ એક, બોલીચાલીમાં રાજાને રાણીની સાથે અણબનાવ થવાથી તેનો ત્યાગ તેણે કર્યો, અને રાજાએ બીજે ઠેકાણે લગ્ન કીધુ. હવે ઝાલી રાણી નવજોબના હતી, તેમજ કામકળામાં કુશળ, આતુર અને ચતુર હતી, એટલે તેને કામદેવ દિવસ પ્રતિ દિવસ વધારે ને વધારે સતાવવા માંડ્યો પણ રાજ્યનો જબરજસ્ત બંદોબસ્ત અને પ્રતાપી મહારાજા અખેરાજના અખડ પ્રતાપને લીધે, ઝાલીથી અવળુ સવળું થઈ શકતુ ન હોતુ; પરતુ તેનું ચચળ ચિત્ત અહોનિશ કામના જ તરંગોમા તણાતું હતું એવામાં પાવસઋતુ આવી.

દુહા—ડુંગરીઆ હરીઆ હુવા, મધુરા બોલે મોર;
તેણી રતે ત્રણ સંચરે, માગણ ચાકર ચોર.
માગણ કોઈદી ઘરરહે, ચોરીએ ચોર ન જાય;
ચાકર બિચારા કયા કરે, માલ પરાયા ખાય.
ડુંગરીઆ હરીઆ હુવા, તરુવર પાંગરીઆ,
માડી મોકલ મને સાસરે, મોરા સાહબ સાંભરીઆ.

સવૈયા—ધ્યાવન લાગે ઘને બદરા, ચદરાસી ધરા હરિ છાવન લાગે;
બંદી સુનાવન લાગે શીખીરવ, દાદુર દ્વંદ્વ મચાવન લાગે;
ગાવન લાગે મલાર એ સાવન, ચાતક કુક ઉઠાવન લાગે;
વે મનભાવન આયે ન આલી, વિદેશી સબે ઘર આવન લાગે.
ભારી ભયો ઘનઘોર ચહું દિશી, ઓરઘટ ઉમરી અતિકારી,
કારી નિશા અંધી યારી તેહી માંહી, દીપતી દામનીકી ઉજીયારી;
યારી સમય સુની મોરનકી ધૂની, કપત લંપત પ્રાણ અટારી;
ટારી ટરે ન યહે બિધીના ગતિ, સાગર પીડ સનેહકી ન્યારી.

એવી પાવસઋતુ ગત થઈ, શરદ ઋતુ બેઠી; પરતુ ઝાલીને રાજાએ કોઈ દિવસ બોલાવી નહિ, તેથી રાત દિવસ કાળી સાપણીની પેઠ રાજાને જોઈ સુસવાટા મારતી હતી અને દીલમાં એમ જ વિચાર

કરતી હતી કે, જેવી રીતે તેં મારો તિરસ્કાર કર્યો છે, તેવી જ રીતે તારી કીર્ત્તિને કલંક ન લગાડું તો મારું નામ ઝાલી નહિ !

કવિઓએ કીધુ છે કે.—

દુહા—ક્યા અબલા નહિં કર શકે, ક્યા ન સમુદ્ર સમાય;
પાવકમે ક્યા નહિ જલે, કાલ કીને નહિ ખાય.
ટાઢાં શીતળ વન દહન, જળ પથરા વેરંત;
અબલા રુઠી જો કરે, દૈવે ન કરંત.

કુંડળીઓ—નારી અતિ બલ હોતહે, અપને કુલકો નાશ,
કૌરવ પાંડવ વશકો, કિયો દ્રૌપદી નાશ;
કિયો દ્રૌપદી નાશ, કૈકૈયે દશરથ મારેઉ,
રામ લખનસે પુત્ર, તેઉ વનવાસ નીકારેઉ;
કહે કવિ ગિરધરરાય, સદા નર રહત દુખારી,
સો ઘર સત્યાનાશ, જહાં હે અતિ બલનારી.

એવી જ રીતે ઝાલીએ સિદ્ધ કરી બતાવ્યું. શરદઋતુના પ્રારભમાં દિલ્હીપત બાદશાહનો શાહજાદો દેશાટન કરવા નીકળેલ. તે કેટલાક દિવસે ફરતે ફરતે શિરોહીથી ત્રણેક ગાઉના છેટે એક જંગલ છે ત્યાં મુકામ કર્યો. શાહજાદાની ઉમર આશરે પચીશેક વર્ષની હતી; કાન્તિમાં કામદેવ સમાન હતો.

દુહો—આંગળીએ ચોગઠ વળે, નહિ વેઢા કે વળ;
બઈ આપણી બજારમાં, મે દીઠો માધવાનળ.

આવો કાન્તિવાન્ શાહજાદો એક દિવસે પોતાના ઘોડા ઉપર બેશી શિકારે નીકળેલો, ત્યાંથી સ્વારો છૂટા પડવાથી પોતે એકલો ભૂલો પડ્યો; તે મહામુશિબતે પોતાની છાવણીના સમીપ આવતે, શિરોહીના તળાવ ઉપર થઈ નીકળ્યો. એ જ તળાવના સામે ઝાલીનો મહેલ હતો; અને તે મહેલમાં તે ટાણે ઝાલી બારીઓ ઉઘાડી મૂકી બેઠી હતી. તેની દૃષ્ટિ શાહજાદા ઉપર પડવાથી એકદમ કામદેવે કાન પર્યંત ખેંચી ખેંચી કસકસાવી બાણુ માર્યું. પોતાનાં પાંચે બાણુ તેની છાતીમાં મારવાથી એકદમ વ્યાકુળ બની ગઈ, અને પોતાની કેશર નામની દાસીને શાહજાદા ઉપર એક ચિઠ્ઠી લખી તરત મોકલી. તેમાં જણાવ્યું કે–'આ ચિઠ્ઠી વાંચી આપ મને મળવાની મહેરબાની કરશો; અને આ કામાગ્નિમાં બળતી એક અબળાને ઉગારી લેશો; કદાપિ આપ તેમ કરવા કૃપા નહિ કરો

તો આજ સાંજે આ માળીએથી પડી મારો પ્રાણ ત્યાગ કરીશ. મે જ્યારથી આપની મનમોહન મૂર્ત્તિનાં દર્શન કર્યાં છે ત્યારથીજ તનમનધનથી હું આપની જ બની છું. મારી કેશર દાસીને આપની તરફ મોકલી છે, તો આપના હૃદયના વિચાર તેની સાથે જણાવવા નીચા કરશો.' આવી રીતે ચિઠ્ઠી લખી દાસીને મોકલી તે દાસી, તળાવની પાળ ઉપર ઉભો રહી, શિરોહીની રચના અને સૌંદર્યતા નિહાળનાર શાહજાદાના સન્મુખ આવી, કુનસ બજાવી ચિઠ્ઠી તેના હાથમાં આપી શાહજાદે ઘણી આતુરતાથી ચિઠ્ઠી લઈ વાંચી, તેમાં લખેલી બીનાથી વાકેફ થયો 'ભૂળે તો મીઆંભાઈ અને વળી આવી ચિઠ્ઠી, ત્યાં પછી કહેવાની વાત જ શી!' ચિઠ્ઠી વાંચી મીયાં ભાઈ તો ખુશ ખુશ થઈ ગયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે, 'યા મહેબુબ, યા પાકજાદ પરવરદિગાર, યા ગફુરે રહેમાન, યા મેરે માલીક! તેરી કયા કુદરત હૈ! ઔર મેરેપર તેરી કૈસી કૃપા હૈ વો આજ સ્પષ્ટ દીખાતી હૈ. નહિ તો એ હિંદવાણી, ઉસ્મેભી રાજપૂતાણી કે જો આપને ધર્મકી ખાતર પ્રાણકાભી દરકાર નહિ કરનેવાલી, એકદમ મેરેપર કૈસી ફીદા હોગઈ હૈ.' એમ વિચાર કરી, હસી હસી દાસીના પ્રત્યે આ પ્રમાણે બોલ્યો; "તુમ કૌન હો, ઔર એ ચિઠ્ઠીકી ભેજનેવાલી કૌન હે ઔર ઇનકા કયા ઇરાદા હૈ?" એવાં શાહજાદાનાં વચન સાંભળી દાસી ઘણી નમ્રતાથી બોલી; "જીવે જહાપનાહ! આ ચિઠ્ઠી લખવાવાળી મારી બાઈ સાહેબ, કે જે અખેરાજ દેવડાની રાણી છે, જેનું સુદર સ્વરૂપ જોઈ મોટા મોટા મુનિઓના પણ મન ડગી જાય એવી રૂપાળી છે. તેને રાજાએ વિના અપરાધે ત્યાગ કરેલી છે! તેનો બદલો વાળવા આજ આપ નામદારને આવી રીતે પત્રદ્વારાએ વિનતિ કરી છે તો આપ નામવર આવેલ ચિઠ્ઠીનો સત્કાર કરશો એવી આશા છે." આ પ્રમાણે દાસીનાં વચન સાભળી શાહજાદો જે વિષય વારિધિમા ડુબેલો, તે એકદમ ચમકયો કારણ કે, અખેરાજના પ્રતાપને એ સારી રીતે સમજતો હતો. તેણે જાણ્યું કે, ગોખરુના મૂળાડે હાથ ઘાલી કોઈ કુશળ રહેનાર નથી, તેવી રીતે અખેરાજની રાણી લઈ જવાથી આપણી જીન્દગી જરૂર જોખમમાં આવવાની, પરંતુ તેમ નહિ કરુ તો રાણી જાણશે કે, શાહજાદો બાયલો છે. તેથી ધીરજ ધરી "હિંમત મરદાં તો મદદ ખુદા;" તેમજ

હિંમત અપાર તાકી કિંમત અપાર હોત,
હિંમત ગઈ તો ફીર કિંમત કહાં રહી!!

એ વાક્યને યાદ કરી બોલ્યો.—"દાસી! તેરી બાઈ સાબસે જાકે બોલ કે, કલ હમારા મુકામ ઇધરસે કુચ હોનેવાલા હૈ, ઉસલીયે આજ હમ

તુમારે પાસ ન આ સકેંગે, ઔર તુમારા ઇરાદા હોવે તો સામકી બખત આઠ નવ બજે તુમારી હુશિયારીસેં કલ તુમ અમારી છાવણીમેં આઇયે વાં હમતુમ મીલેંગે."

આ પ્રમાણે સદેશો મોકલી શાહજાદો પોતાની છાવણીમાં આવ્યો અને દાસી રાણીની પાસે આવી, શાહજાદાએ કહેલા સમાચાર વિગતવારે જાણ કીધા એ સાંભળી રાણી ઘણી ખુશી થઈ. જ્યારે રાત પડી, ત્યારે રેશમની નિસરણી મૂકી કેશર દાસીને સાથે લઈ ગુપ્તદ્વારથી રાણી રવાને થઈ, રાત્રીના અગીયાર વાગે છાવણીમાં આવી. ત્યાં પહેરાવાળા સાથે સમાચાર મોકલાવ્યા સમાચાર સાંભળી શાહજાદો એકદમ સામે આવી રાણીને બડા સન્માનની સાથે પોતાના તબુમા લઈ ગયો અને વાતચિતથી વિનોદ કર્યો થોડીકવાર વિનોદ કર્યા પછી શાહજાદાને અખેરાજની દહેશત લાગી, તેથી બે વાગે પોતાના સેનાધિપતિને બોલાવીને ત્યાથી મુકામ કુચ કરવાનો હુકમ આપ્યો હુકમ થતાની સાથે જ પોતાનું કટક એકદમ સજ્જ થઈ તૈયાર થયુ, અને દિલ્હી તરફ પ્રયાણ કીધુ.

અહીઆં તો આવી રીતે ઝાલીને લઈ બાદશાહ શાહજાદો ચાલતો થયો. તેને ત્રણેક દિવસ થયા ત્યા સુધી તો રાજા અખેરાજને હરામખોર લુંડીઓએ આ વાતની ખબર પડવા દીધી નહિ, પણ ચોથા દિવસે જ્યારે પ્રભાતનો પહોર થયો, વાદળ પીળા થયા, સૂર્યનારાયણ ઉદયાચળ ઉપર પોતાના આસને આરૂઢ થઈ પધાર્યા

દુહો—પ્રોહફાટી પગડા ભયા, બોલે કુકડ કાગ;
ધેન સંભાળે કચુઓ, પીયું માથારો પાઘ.

એવી રીતે જ્યારે સવાર થયુ, ત્યારે રાજા અખેરાજ ઉઠી ખેળબેળે જઈ આવી હાથો પઈ કરી, દાતણ પાણી કરી, નાહી ધોઈ દેવ સેવા કરી, જ્યારે અંત પુરથી બહાર આવ્યો, ત્યારે એક દાસી સન્મુખ આવી હાથ જોડી ધ્રુજતી ધ્રુજતી બોલી કે, "અન્નદાતાર! ગરીબનિવાજ! પૃથ્વીનાથક! એક મહા જુલમ થઈ ગયો, કાલો કેહર થયો." આ વાકય સાભળતાં રાજા એકદમ બોલ્યો કે, "એવી વાત શુ છે? તે જલદીથી કહે." રાજાનાં વચન સાંભળી દાસી બોલી કે, "ઘણી ખમા પૃથ્વીનાથ! શુ કહું, કહેતાં મારી જુબાન ઉપડતી નથી!" રાજા બોલ્યો; "ભય રાખ્યા સિવાય બોલ તને કઈ પણ ઇજા થશે નહિ." આ પ્રમાણે રાજાનું અભયવચન સાંભળી દાસીને હિમત આવી અને તેણે તુટફુટ અક્ષરોથી ઝાલી નાસી ગયાના સમાચાર નિવેદન કીધા, જે સાંભળતાં જ રાજાને પગની પાનીથી તે માથાની ચોટી સુધી જ્વાળા વ્યાપી. 'સુતો હતો સાપ, ને તેના પૂછડા ઉપર પગ દીધો, કાળી માથે કાટકો જાગ્યો.'

દુહો—રજપૂતાંરા દાવડા, સરપુરા ભારા;
રીઝવીઆ માન્જે દીએ, ખીજવીઆ ખારા.

એક કવિએ કીધુ છે કે,

પટા ઝાટકી કોક દી વેર કરવો પડે,
નાળ ગોળાં તણા પાર નાવે;
જે સમે ગ્રધણો ધાય અને શકિત જમે,
એ સમે ધાય રજપૂત આવે;
કેશરી સિંહ અને બીઆ રજપૂત કળ,
હિએથી કોઇ દી ન કો હારે;
ભરે આઘટે તરે ન કોથા છો ભરે,
મરે કે વેરીઓ બાણુ મારે;
ડગે અસ્માન તો ભૂજ બળ ટેકો દીએ,
જમીરો પીઠ ભૂજ બળ જાકે;
પંડગરમેર અને ગરમેર જેવા પખા,
ત્યાં જ પટાળા નવહથા જોધ પાકે;
કો અબે ઠાકરાં, તળે ક્હેડી કરી,
અળામાં જળ હળ ભાણુ ઉગો;
ઝેર ભરીઓ થકો જતિ હનુમાન જ્યું,
પાદશાહ મોલ તત્કાળ પુગો.

એવી રીતે રાજા અખેરાજ કાળકૂટ બન્યો, અને પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો કે, સ્ત્રીએ જૂલમ કર્યો.

શારી ચારિત્ર નવ લાખ, બેઠી બહુમત જોડે;
દહાડે દોરડીએથી ડરે, અને રાતે વશિઅળ ફણુ મરોડે.

વળી કીધુ છે કે-

દુહો—ટાઢાં શિતળ વન દહન, જળ પથરા વહેરંત;
અબળા રુઠી જો કરે, દૈવે ના કરંત.

એવા એવાં અનેક દષ્ટાંતો યાદ કરી રાજા મહા શોકાતુર થયો અને પોતાના કુળને એબ લગાડનાર ઝાલીને શી રીતે કબજે કરવી, એ વિષયના અનેક તર્કવિતર્ક કરવા લાગ્યો. છેવટે દિલ્હી તરફ એકલે જાવું, અને છળ પ્રપચથી બાદશાહને મારી ઝાલીને લાવવી, એવા નિર્ણય ઉપર આવ્યો; અને ચાકરને તુર્ત પોતાનો ઘોડો લાવવા

હુકમ ફરમાવ્યો. પોતે અસ્ત્રશસ્ત્ર સજી ઇષ્ટદેવની વંદના કરી દિલ્હીપર કુચની તૈયારી કરી. તે વખતે ઉમેદસિહજી નામે પોતાના બહાદુર ભાણેજે, રાજાની સન્મુખ આવી વિનતિ કીધી કે, "પૃથ્વીનાથ! આવા મહત્વના કામે, એકલાએ પધારવું એ મને દુરસ્ત લાગતું નથી; હુકમ હોય તો હું સાથે આવું." આ વચન સાંભળી રાજાએ વિચાર કર્યો કે, 'એક કરતાં બે ભલા,' તેથી 'ઠીક' જાણી, ઉમેદસિહજીને સાથે લઈ, રાજમાં અન્ય કોઈ ન જાણે તેવી રીતે બંને જણાએ દિલ્હી પ્રતિ પ્રયાણ કીધુ. એવી રીતે પ્રયાણ કીધુ કે,

દુહો—ઢોલો ચાલ્યો ચાકરી, ઊંટે કશીઆ ભાર;
જો જીવશું તો આવશું, ન તો નરવર કોટ જવાર.

એવી રીતે કોટને છેલ્લા નમસ્કાર કરી રાજા તથા ઉમેદસિહ વિદાય થયા. ચાલતે ચાલતે કેટલાક દિવસે એક ગામના ગાંદરે, વડના નીચે રાજા આવી ઉભો રહ્યો અને ઉમેદસિહજીને પાણી લાવવા માટે મોકલ્યો ઉમેદસિહજી જેવો કુવા ઉપર જાય છે, તે સમય પાણી ભરનારી બે ઓરતો આપશઆપશમાં લઢી. તે કજીઆ એટલો બધો વધી પડ્યો કે, છેવટે મેણાં ટુંચણ ઉપર આવી ગઈ. તેમાંની એક સ્ત્રી બોલી કે, "મેર રાડ, મને ઘેરે જવા દે, ત્યાં તારી વલે થશે" ત્યારે બીજી બોલી કે, "મને તુ શું કરવાની હતી. મારો ધણી કાંઈ શિરોહીના રાજા અખેરાજના જેવો બાયલો નથી કે, જેની સ્ત્રી મલેચ્છ લઈ ગયો." આ વાક્ય રાજા અખેરાજે કાનોકાન સાભળી અને સાંભળતાની સાથે રાજા કાળફૂટ બન્યો! અને હાકલ મારીને બોલ્યો કે, "હે સ્ત્રી! અખેરાજ કાંઈ બાયલો નથી!" એમ કહી એક વડવાઈ પોતાના હાથથી પકડી ઘોડાને બે જાગોમાં દબાવી બે ત્રણ વખત હીચકા ખાધા અને બોલ્યો કે, "જો અખેરાજનો પ્રતાપ તો આવો છે! પરતુ નીચ જાતિ સ્ત્રી આવાં અધમ કૃત્ય કરે તેનો શો ઉપાય!" આ વચન અખેરાજે તે સ્ત્રીઓના સન્મુખ કાઢ્યુ, અને સાભળનાર પોતે અખેરાજ જ છે, એવું જાણી સ્ત્રી થરથર ધ્રુજવા લાગી અને બોલી કે. "પૃથ્વીનાથ! મારો આ અપરાધ ક્ષમા કરો!" રાજાએ તેના કીધેલા વચનની માફી આપી ત્યાંથી વિદાય થયો. ચાલતે ચાલતે કેટલેક દિવસે દિલ્હીએ પહોંચ્યો. અહીઆં બાદશાહે એવો બદોબસ્ત કીધેલો છે કે, પરગામના કોઇબી માણસને બાદશાહના હુકમ સિવાય શહેરની અંદર દાખલ થવા દેવો નહિ. એ હુકમના આધારે રાજાને સિપાઇઓએ શહેરમાં દાખલ થવા દીધો નહિ. રાજા પણ ભવિષ્યનો વિચાર કરી બીન તકરારે

ત્યાંથી એક માઇલના છેટે ઉપવનમાં જઈ વિશ્રામ લેવા બેઠા. તેવા સમયમાં એક માલણુ બગીચામાં આવી અને જુએ છે તો બે પ્રતાપી પુરુષો પોતાના બાગમાં બેઠેલા છે. માલણે જાણ્યું કે, આ બે પુરુષો મહત્ ભાગ્યશાળી છે રાજાએ તથા ઉમેદસિંહજીએ વેશ બદલ્યો હતો, તથાપિ એક કવિએ કહ્યું છે કે—

સવૈયા—તારાકા તેજમે ચંદ છપે નહિ, શુર છપે નહિ બાદલ છાયા;
ચંચળ નાર કો નેન છપે નહિ, પ્રેમ છપે નહિ પુંઠ બતાયા;
રણુ ચડે રજપુત છપે નહિ, દાતાર છપે નહિ મંગન આયા;
કવિગંગ કહે સુણુશાહ અકબર, ભાગ્ય છપે નહિ ભભુત લગાયા.

એવી જ રીતે માલણે આકૃતિ ઉપરથી જાણ્યુ કે, આ બે પુરુષો કોઈ રાજવંશી છે એમ ધારી પોતાની છાબડીમાથી બનેને પુષ્પ આપ્યા. પુષ્પ લઈ દાતાર અખેરાજે પોતાના ગળામાંથી સવાલાખ રૂપિયાનો કંઠો કાઢી માલણુને બક્ષિસ આપ્યો આવી મોટી અને અણુધારી બક્ષિસ મળવાથી માલણુ તો ખુશખુશ થઈ ગઈ, કારણુ કે પૈસો એ એક અજાયબ ચીજ છે

રોલા—ટકા કરે કુલહુલ, ટકા મર્દંગ બજાવે;
ટકા ચડે સુખપાલ, ટકા શિર છત્ર ધરાવે.
ટકા માઈ ઉર બાપ, ટકા ભાઇનકા ભાઇઆ;
ટકા સાસુ ઓર સસુર, ટકા શિર લાડ લડઈઆ.

એવા ટકાના પ્રતાપે કરી માલણુ મોહતા જ થઈ ગઈ અને હાથ જોડી બોલી કે, "ઘણી ખમા અન્નદાતાર! આપ જોવામા તો મોટા અમીર માલમ પડો છો તો આવી રીતે એકાએક મારો બગીચો પાવન કરવામા શુ પ્રયોજન છે, તે જણાવવા કૃપા કરશો" રાજા, આ પ્રમાણેના વચન સાભળી, રાજનીતિમા પ્રવિણ રહી બોલ્યો, "હે માલણુ! અમો પરદેશી મુસાફર છીએ અને દિલ્હી જોવાને માટે અહી આવેલા છીએ, પરતુ દરવાજામા દરવાને અમને આજે પેસવા દીધા નહિ, તેથી અમો અહી આવી મુકામ કર્યો છે, અને અમારો વિચાર છે કે, રાતની રાત આ તારા બગીચામા ગાળી, પ્રાત કાળે દિલ્હી જોયા સિવાય અમો અમારા દેશ તરફ રવાના થાશું." રાજાના આવાં વચન સાભળી માલણુ બોલી કે, "સિપાઇઓનું બિચારાઓનું શુ મગદુર છે કે, જે તમને રોકી શકે; ચાલો મારી સાથે, અને જુઓ દિલ્હીની જાહોજલાલી." એમ કહી રાજાને સાથે લઈ માલણુ દરવાજા આગળ આવી અને શેરખાં જમાલખાં

લાલખાં કમાલખાં વગેરે સિપાઇઓનું નામ લેઈ લેઈ નેણાંના નખરાં કરવા લાગી. સિપાઈ તો માલણનાં નખરાંમાં જ લીન થયા અને બોલ્યા કે, "યે ચંદ્રબદની ચંપા! એ તેરી પિછાડી દો જુવાન કોન આતા હય" માલણ બોલી, "મારા પ્યારા ખાં સાહેબ! એ તો મારા પિઓરીઆ છે." તે સાંભળી શેરખાં બોલ્યા; "વાહ વાહ, જદ તો એ તેરે ભાઈ હોયગે!" માલણે કહ્યું, "હાજી!" ખાં સાહેબ બોલ્યા, "વો ઇધિર કયું આયે હે?" માલણ બોલી, "દિલ્હી શહેર જોવા." ખાં સાહેબ બોલ્યા, "જદ તો તેરે મીજબાન સો તો હમારે ભી મીજબાન. કલ અમારી પાસ ચાપાણી કરને કે લીએ જરૂર લાના" માલણ બોલી, "બહુ સારુ ખાં સાહેબ!" એવી રીતે વાકયવિનોદમાં ને વાકયવિનોદમા અખેરાજને ઉમેદસિંહ શહેરમાં દાખલ થયા અને માલણ પોતાના મુકામ તરફ ચાલી ગઈ. રાજાને પોતાના મુકામે લઈ જવા આગ્રહ તો ઘણોએ કર્યો, પરતુ રાજાએ જણાવ્યું કે, અમો સવારમાં તમારા મુકામે આવીશુ, એમ સમજાવી માલણને વિદાય કીધી અને પોતે બજારમાં આવ્યા ત્યાં એક મુકામ ભાડે રાખ્યુ ઘોડા બાધ્યા, ઘાસ દાણા વગેરેનો બદોબસ્ત કીધો, અને પોતે કમરથી પીછોડી હથિઆર પટીઆર ઉતારી, થોડી વખત એક પલગમાં આરામ લીધો. નિદ્રાને માટે રાજાએ આડાં અવળાં વલખાં તો ઘણાંએ માર્યાં, પણ નિદ્રા દેવી નરપતિને તે વખતે પ્રસન્ન થઈ નહિ કહેવત છે કે—

દુહો—નિદ્રા ન આવે હે સખી, તપતાં ત્રણ જણાં;
અતિ સ્નેહી બહુરણાં, જેને માથે વેર ઘણાં.

તેવી રીતે રાજાને પણ નિદ્રા ન આવી, એટલે પલગમાંથી ઉઠી, બાજુપર સરીઆમ રસ્તો છે ત્યા આવી, રાજા ટેલવા મચ્યો એવા પ્રસંગે વિધાતાએ જે નિર્મિત કર્યું હોય તે ટળે નહિ, તેમ શિરોહીના નટ, જે બાદશાહ આગળ તમાસો કરવા ઘણા દિવસથી રોકાયા છે, તે નટો આ વખતે ત્યા અગાડી થઈ દરબારમાં જવા નિકળ્યા. સમય રાતના અગીઆરેક વાગવાનો હતો. ચદ્રમા મધ્ય ગગનમાં બિરાજતો હતો, શહેરના ઘણા ભાગમાં શાન્તિ હતી, માત્ર કોઈ કોઈ ઠેકાણે જ માણસોની હરફર હતી. તે વખતે નટવા ત્યાં થઇને નિકળ્યા કે, પોતાના રાજાને જોયો. જોતાની સાથ મજરો કરી, તેમાંનો મુખ્ય નટ બોલ્યો કે "ઘણી ખમા! મોતીઆવાળા દેવડારાયને ઘણી ખમા! હુ વારી જાઉં પૃથ્વીનાથ! આજ ખાવિદાંનાં દર્શનથી અમારે મોતીઓનો વરસાદ વરસ્યો; સોનાના સુરજ ઉગ્યા!" આવાં વચન

સાંભળી રાજાએ નટને પાસે બોલાવ્યો અને કહ્યું કે, "મારું નામ જાહેર કરવાનું આ સમય નથી, શિરોહીમાં શી હકીકત બની છે તે તું સારી રીતે જાણતો હઇશ, માટે આ વખતે વધારે કહેતો નથી, ફકત તારાથી બને તો મારી કાંઈ મદદ કર." નટે હાથ જોડી અરજ કરી કે, "હું વારણે જાઉં પૃથ્વીનાથ! બધી હકીકત મારા જાણવામાં છે, પણ શું કરવુ ખાવિંદ! મલેચ્છોનું જોર દિન પ્રતિદિન વધતું જાય છે અને એમનો હવે તો એટલો બધો જૂલમ વધી પડ્યો છે કે, જે જોઈ હૃદય ચીરાય છે. મદદને માટે મારો અન્નદાતાર ફરમાયા તો માલીક જે પ્રમાણે હુકમ ફરમાવે તે કરવા તાબેદાર તૈયાર છે." ત્યારે રાજા બોલ્યા કે, "આ વખતે તમે ક્યાં જાઓ છો?" નટે જવાબ દીધો કે, "અન્નદાતા! હમેશાં આજ વખતે અમો બાદશાહના અગાડી તમાશો કરવા જઇએ છીએ, તેવી જ રીતે આજે પણ તમાશા માટે દરબારમાં જઇએ છીએ." રાજા બોલ્યા, "ત્યાં મને લઈ જાઓ." નટે કહ્યુ કે, "અન્નદાતાર, આપ શી રીતે ત્યાં આવશો?" ત્યારે રાજા બોલ્યા કે, "આ ઢોલ વગાડનાર જે માણસ છે તેને પાછો કાઢ, અને ઢોલ મને આપ, કારણ કે, હું સારી રીતે ઢોલ વગાડી જાણુ છુ." રાજાનુ આ પ્રમાણે વચન સાંભળી, નટે તે પ્રમાણે કરવા કબુલ કર્યુ અને ઢોલ વગાડનારને પાછો કાઢી રાજાને ઢોલ આપી દરબારગઢમાં દાખલ થયો. ત્યાંની રચના રાજાએ જોઈ તો મહેલની આજુબાજુ એક ખાઈ ખોદાવેલી છે, અને તેમાં ધગધગતા અંગારા પૂરેલા છે, તેની આજુબાજુ એક હજાર સિપાઇઓની ફરતી ચોકી છે. આવો જબરજસ્ત બંદોબસ્ત ભાળી તેમાંથી પોતાનું કાર્ય શી રીતે સિદ્ધ કરવુ, તેનાજ વિચારમાં રાજા લીન થઈ ગયો. અહી તમાશો શરુ થયો. સલામત બાદશાહ ઝાલીને સાથે લઈ જરુખામા આવી બિરાજ્યા. નટ તમાશો કરે છે, અને અખેરાજ ઢોલ વગાડે છે. તેમણે બાદશાહ શાહજાદાનુ માથુ ખોળામાં લઈ બેઠેલી ઝાલી રાણીને જોઈ! જોતાની સાથેજ પગની પાની અને માથાની ચોટી સુધી ક્રોધાગ્નિની જ્વાળા વ્યાપી.

"અણુવખત કોપીઓ યુ ભૂપાલ, ફાટતે ખંભનર શીઘ્ર ફાલ."

જેમ પ્રહ્લાદને કારણે નરસિહ અવતાર થયો અને પરમાત્મા જેવી રીતે કોપ્યા હતા, તેવીજ રીતે ઝાલી તથા શાહજાદાને જોઈ રાજા કોપાયમાન થયો. તે ક્રોધમાંને ક્રોધમાં પોતાના પ્રલબ પજા ઢોલ ઉપર એવા તો જોરથી મારવા માંડ્યો કે, હમણાં ઢોલ ફૂટી જશે, એવી શંકા પાસે ઉભેલા નટોને થઈ, અને એ પંજાનો પ્રતાપ ઝાલીએ તરત ઓળખ્યો. સલામત શાહજાદાને કહ્યું કે, "ખાવિંદ!

૫૧૯૨

આ ઢોલ વગાડનાર બીજું કોઈ નહિ, પણ અખેરાજ દેવડો જ છે!" તે સાંભળી શાહજાદો ચમકયો અને તરત પોતાના અનુચરને હુકમ આપ્યો કે, "ઢોલ વગાડનાર પુરુષનું માથું એકદમ ઉડાડી દો." આ હુકમ દોર ઉપર ચઢેલા નટે સાંભળ્યો અને વિચાર કર્યો કે, લાખ મરજો, પણ લાખનો પાળવાવાળો મરશો નહિ આ હુકમનો અમલ થશે અને અખેરાજ મરશે તો આખુ શિરોહી પરગણુ રડાશે! દેવડા કુળનો દીવાકર અસ્ત થશે, સત્યનો સમુદ્ર સુકાઈ જશે, મહિમાનો મેરુ પડી જશે, કીર્તિનો સ્થભ તૂટી જશે અને અમારી જાતિને મોટી એબ લાગશે; કદાપિ આવા વિચિત્ર મામલામાં મારા જેવા એક અદનો માણસ મરશે તો તેથી શું નુકસાન થશે. એવો વિચાર કરી દોર ઉપર ચડેલો નટ તુરત હેઠો ઉતર્યો અને ચતુરાઇથી રાજાની પાસેથી એવી રીતે ઢોલ લીધો કે, એ ચશ્મપોશી કોઈ પણ જાણી શકયુ નહિ ત્યાં અગાડી તે સલામત શાહજાદાનો હુકમ થતાંની સાથે જ અનુચર રવાને થયો અને તુરત નીચે આવી, ઢોલવાળાના ગરદનમાં પોતાની શમશેરનો એવો તો જોરથી ઘા કર્યો કે,

'ધોરીશાહના ઘાવ શુ, બખતર કટકા બે.'

જેમ કુંભાર ચાક ઉપરથી પેડો ઉતારી નાખે, તેવી જ રીતે એક ઘાએ ઢોલવાળાના ધડ ઉપરથી શીર જૂદું કરી નાંખ્યું! કપાએલુ માથું પોતાના હાથમાં લઈ, શાહજાદાની સન્મુખ લાવ્યો. નટોના ખેલમાં ભંગાણુ પડયું, નટો હાહાકાર કરતા નાઠા. બાદશાહ શાહજાદે જ્યારે નટનું માથુ જોયું, ત્યારે પોતાના સાહસને માટે ઘણો પશ્ચાત્તાપ કર્યો અને ઝાલીને ઘણો તિરસ્કાર કર્યો. પરતુ કરવુ શું? કાંઈ વાઢેલુ ફરીથી ચોંટે નહિ, તેથી હવે પશ્ચાત્તાપ કરવો નકામો છે, એમ ધારી બાદશાહે મન વાળ્યું, ને ત્યાંથી ઉઠી પોતાના ખાનગી નિવાસમાં ગયા તથા ઝાલીની સાથે રમણ ક્રીડા ઘણા આનદની સાથે કરી રતિયુદ્ધથી શ્રમિત થઈ બને સ્ત્રી પુરુષ નિદ્રા દેવીને આધીન થયા. હવે ત્યાંથી નાઠેલ અખેરાજ નટોને આસનાવાસના કરી મોટી જાગીરી બક્ષિસ કીધી અને સવારે તમારે શિરોહી જાવુ એવી આજ્ઞા કરી પોતે ઉતારે આવ્યા અને બનેલી તમામ હકીકત હિમત બહાદુર ઉમેદસિહજી આગળ નિવેદન કીધી. બને મામા ભાણેજે વિચાર કર્યો કે, આવા બદોબસ્તમાંથી આપણુ કાર્ય શી રીતે સાધવુ! છેવટે એ વાકય ઉપર ઉતર્યા કે,

હિંમત અપાર તાકી, કિંમત અપાર હોત;
હિંમત ગઈ તો ફીર, કિંમત કહાં રહી.

માટે હિમત કરવાથી શુ નથી સુધરતું, એમ કહી, ઇષ્ટદેવને નમસ્કાર કરી, ઢાલો તરવારો ચપેટે કરી બનો વીર પુરુષો પોતાના

ઉતારેથી વિદાય થયાનો યુક્તિપ્રયુક્તિ કરી પેરાગીરોની નજર ચૂકાવી દરબારગઢમાં દાખલ થયા. સમય રાતના બે વાગ્યાના આશરાનો હતો. અંદર દાખલ થઇને જુએ છે તો ધગધગતા અંગારાની ખાઈ દીઠી. બનો જણા ત્યાં આવી ઉભા રહ્યા. રાજા બોલ્યો; 'મારા બહાદુર ઉમેદસિહ! આજે ક્ષત્રિયાણીની કુખ ખરેખરી ઉજવાળવાનો સમય છે; માટે આ ખાઇના અંદર હું કુદી પડું છું, તો ઘણુ કરી તેના મધ્યભાગમાં હું પડીશ એટલે તમો કુદો તે મારી પીઠપર આવો અને ત્યાંથી બીજી ફાળે પેલા કાંઠે જાઓ. ત્યાં જઈ સામે પેલુ તાડનું ઝાડ દેખાય છે, તેના ઉપર ચડી ઝાડને ડોલાવી જ્યારે જરુખે એ ઝાડે અડે, ત્યારે જરુખાની સાથે તેને બાંધી બાદશાહના અત પુરમાં દાખલ થઓ, અને ત્યા જઈ શાહજાદાનું માથુ તથા ઝાલી એ બેને લઈ વળતી વખતે આ વખતની પેઠે જ મારી ઉપર પગ દઈ મને ઝાલી તથા બાદશાહનું માથુ બતાવી ચાલ્યા જજો હું આર્શીવાદ આપુ છુ કે, આ કામમાં શ્રી પરમાત્મા તમારો વિજય કરશે." આ પ્રમાણે રાજાના મુખથી વચન સાંભળી, ઉમેદસિહએ ઘણી નમ્રતાથી અરજ કરી કે, "અન્ન-દાતાર! હું જ્યાંસુધી જીવુ છું ત્યાંસુધી એક ક્ષત્રિયકુળના કળાધરને અગ્નિમાં ઝપલાવા નહિ દઉ,—અને એ કામ હુ પોતે જ કરીશ. મારી પીઠપર પગ દઈ બાદશાહનું માથુ તથા ઝાલીને લઈ આવી આપ નામ-દાર સુખેથી શિરોહી પધારો. હવે આમાં આનાકાની કરી વિલબ કરવાનો વખત નથી." એમ કહી હરહર મહાદેવ એમ બોલી, ખાઇમાં એકદમ ઉમે-દસિહ કુદી પડ્યો રાજા પણ પૂર્વના સંકેત પ્રમાણે ખાઇને પેલે કાંઠે ગયો; ત્યાંથી તાડ પર ચડ્યો, તાડને ખુબ હીલોળ ચડાવ્યું અને તે જ્યારે જરુખાને અડવા માંડ્યુ, ત્યારે તાડ તથા જરુખાને પોતાની કમરેથી કમરપટો છોડી બેઉને ભેગા બાંધી રાજા મહેલમાં દાલખ થયો. અંદર જઇને જુએ છે તો સલામત શાહજાદો અને ઝાલી રમણક્રીડામાં શ્રમિત થઈ નિદ્રાને સ્વાધીન થયાં હતાં, અને મહેલના દરવાજાના અગાડી બાદશાહ સલામતના બે એકા ચોકીના અર્થે સુતા હતા, તે પણ ભવિષ્યના આધારે નિદ્રાવશ થઈ ગયા હતા, અને તેથી જ કરીને રાજા નિર્વિઘ્ને અદર જવા પામ્યો હતો.

ઝાલી તથા શાહજાદાને ભેગાં સુતેલા જોઈ રાજાને ઘણો જ ક્રોધ ઉત્પન્ન થયો અને પોતાની કમરે બાંધેલી તીક્ષણ તરવાર તે જ વખતે મ્યાનમાંથી બહાર કાઢી, ક્રોધના આવેશમાં ને આવેશમાં ઝાલીના પગનો અંગુઠો ઝાલી હલાવ્યો. તત્ક્ષણ ઝાલી ઝપકીને જાગી જુએ છે તો મહા કાળ-કુટ બનેલો, વિકરાળ સિહ જેવો, અગીઆરમા રુદ્ર જેવો, પ્રલય કાળના અગ્નિ જેવો, દુઃશાસનના વધ વખતે બનેલા ભીમસેનના જેવો

રાજા અખેરાજને પોતાની સમીપ ઉભેલો દીઠો. જોતાંની સાથ ઝાલી થરથર કંપવા લાગી. રાજાએ પલંગમાંથી ઉઠી જવાનો ઇશારો કર્યો કે, તુરત ઝાલી પલંગમાંથી ઉઠી, રાજાની સમીપ આવી ઉભી રહી. તે જ વખતે તરવારવતી સલામત શાહજાદાનું માથું, જેમ કુંભાર ચાક ઉપરથી પેડો ઉતારી નાંખે છે, તે પ્રમાણે ધડ ઉપરથી જૂદુ કરી નાખ્યું અને પોતાના હાથમાં લઈ ઝાલીને પોતાની પીઠપર બાંધી, પેલા તાડનું ઝાડ જે જરુખા સાથે બાંધેલું હતુ તેને છોડી, તે ઉપર થઈ રાજા તત્કાળ નીચે ઉતર્યો અને ખાઇમાં પડેલ પોતાના ભાણેજ ઉમેદસિંહની પાસે આવી, કાપેલ માથુ તથા ઝાલીને બતાવ્યા અને તેના પછવાડે બે ગામ ધર્માદા આપ્યાં, તથા કાશી ગયાજી વગેરે સ્થળે જઈ, તેની ઉત્તર ક્રિયા કરવાનું વચન આપી રાજા ત્યાંથી વિદાય થયો. આટલું બધુ દુસ્તર કામ રાજાએ એટલી બધી લાઘવતાથી કર્યું કે, જેનો ભેદ કોઇથી પણ જણાયો નહિ. ત્યાંથી નીકળી, રાજા પોતાના ઉતારે આવી બે ઘોડામાંથી એક ઘોડા ઉપર અસ્વાર થઈ દરવાજા ઉઘડતાની સાથે જ શહેરથી બહાર નીકળી ગયો, અને જેમ ગળતી રાતના તારા ખરે કે હુઓ (હુડો) બાજરીઉં લઇને જાય, તેવી રીતે પોતાના ઘોડાને ત્વરાથી હાંકયો. અહી તો આવી રીતે રાજા પથ કરે જાય છે, અને પણે શી વ્યવસ્થા થઈ તે ઉપર આપણ જરા દૃષ્ટિ કરીએ.

બરોબર પોહફાટી તે ટાણે સુતેલા એકા જાગ્યા અને જુએ છે તો લોહોની નેકો વહી રહી છે, સલામત શાહજાદાનું ફક્ત ધડ જ પડ્યુ છે, માથાને માટે આડે અવળે ઠેકાણે શોધ કીધી, પરતુ પત્તો લાગ્યો નહિ અને ઝાલીને ત્યાં ન જોવાથી અખેરાજે આ કૃત્ય કર્યું, એમ સૌએ અનુમાન કીધુ. ચુક ચુક કરી બૂમરાણ મચાવી. અમીર ઉમરાવો સર્વે આ પોકારથી ભેગા થયા અને શાહજાદાને મરેલો જોઈ, સર્વે પારાવાર દિલગીરીમાં ડૂબ્યા. તે જ ક્ષણે સેનાધિપતિને બોલાવી, દશ હજાર સૈન્ય લઈ અખેરાજની પૂંઠે ચડવાને મુખ્ય મત્રીએ હુકમ કીધો. હુકમ થતાની સાથે જ દશે હજાર પાખરીઆ પરવારી અસ્ત્રશસ્ત્ર સજી તરત પ્રયાણ કીધુ. સાથે બે એકા પણ ચડ્યા. કડાઝુડ કટક એવુ તો સરજ્યુ કે, જેના પર્યાણ વખતે શેષ નાગને પણ શંકા થવા લાગી.

છપ્પય-સાજી ચલ્યો ચતુરંગ, સૈન્ય મનમોદ ભરીકે,
સપ્ત સિંધુ જલહલત, મેરુ ડગમગત ડરીકે;
હયદલ ગયદલ ધસત, મસત બાજત ખુરતારંન,
ઠપતખાન સુલતાન, બજત દુદંભી ધુકારંન;

હિંદવાન ખાન સુલતાન ડર, સકલ ધરાજલ ખલભલત;
અતિ નીરખી સૈન્ય સામગ્રી, ત્યાં થરથરથર ભૂધર હલત.

એવી રીતે કડાઝુડ કટક રવાના થયું. અહીં આવી રીતે કટક રવાના થયુ અને ઉપર જણાવેલા બે એકા રવાને થયેલા કટકની આગળ નીકળી ગયા. તે એવા તો ત્વરાથી રવાના થયા કે, જે ઘણે દૂર પહોચેલ રાજાને થોડી જ વખતમાં મળશે એવી સૌની ખાત્રી થઈ. હવે ત્યાંથી વિદાય થયેલા રાજા, દિવસના આઠેક વાગવાના સુમારે ગાઉ વીશેક પહોંચ્યો. તે વખતે રાજાનુ અમલ ઉતરી ગયું.

દુહા—નાઠ તરપો પેંડીલવે, નહીં ડવારાહલ્લ;
સખી અમારા કંથરો, ઉતર ગયા અમલ્લ.
અમલીઆ ઉદમાતીઆ, શેણાં હુદા શેણ;
તુજવીણુ ઘડી ન ચાલતું, ફીકાં લાગે નેણ.
ગુડા હતા તે ગળી ગયા, ડોલવા લાગ્યા દંત;
અમલ સાહે આકડો, તે કેમ ન પીધો કંથ ?

સોરઠો—સો ફીડારી નાર, નિત્ય ઉઠી ઝગડો કરે;
તું તારા ને વાર, મારે પીધે જહરે.

દુહા—આઘોચણો અમલરો, ચપટી ભાંગ ન ખાય;
તે તો કોઠી સારખા, તેમાં ધાને ધાન સમાય.
પરભાતે પોતે ફરે, ભૂરાંળાં હમલ;
રાયાંજાદી રીઝાડવા, આવ્યો શેંણુ અમલ.

એ પ્રમાણે રાજાનું અમલ ઉતરી ગયું કે, એક ડગલુ પણ અગાડી ભરવા જેટલી રાજામાં શક્તિ રહી નહિ, તેથી અગાડી ચાલતા એક વડ અને તેના તળે એક અમૃત જેવા નીરથી ભરેલી વાવ જોઈ. ત્યા રાજા અખેરાજ ઉતર્યો અને એક વડવાઇની સાથે ઝાલીને ઉચી ટાગી, વડના થડે ઘોડાને બાંધ્યો. પોતે ખેળબેળે જઈ આવ્યો, હાથો પઈ કરી દાતણ પાણી કર્યું, નાહી અને નિત્ય નિયમથી પરવારી ખલમા અફીણ નાંખી ઘુટયું, ગરણીવતી ગાળી અને રેડીઓ કસુબો, અખાત્રીજના ગળમાણા જેવો, રાંકના ઘરની રાખ જેવો, ભાંગેલા અને જૂના છાપરાના ચુવામણ જેવો, કાઢયો. એક બે વાટકા ભરી પીધા. તે કસુબો એવો તો હતો કે કદાપિ તૂટી ગયેલા ગાડાના ઉપર તેનું એકાદ ટીપુ પડે તો મેલ ટ્રેનના સમાન તે તૂટેલું ગાડું વગર બળદીએ ચાર કલાકમાં ચોરાશી જોજન જાય, અને તેજ ટીપુ કદી પૃથ્વી ઉપર

પડે તો તેનાં સાત પડ ફાડી શેષનાગની ફેણુપર પડે, અને ત્યાંથી કમઠની પીઠ કકડાવી નાંખે! એવો કસુંબો બે વાડકા ભરી રાજાએ પીધો, ઉપર બાર ભંજણું ખાધુ અને તૈયાર કીધેલ ચંબકપોષ હાથમાં લઈ જેવો પીવા જાય છે કે, તેજ ક્ષણે દિલ્હીથી લશ્કરની આગળ રવાને થયેલા પેલા બે એકા આવી પહોંચ્યા. પહોંચતાની સાથેજ અચેત બેઠેલા રાજાપર એકદમ ગુણજનો ઘા કીધો; ને તે ઘા માથામાં એવો તો થયો કે, રાજા એકદમ મૂર્ચ્છિત થઈ પૃથ્વી ઉપર ઢળી પડ્યો; શરીરની કાંઈ શુદ્ધિ રહી નહિ. તે જોઈ પેલા એકા પાસે આવી કેટલાક કઠોર શબ્દો કહી, વડવાઇએ બાંધેલી ઝાલીને છોડી ખૂબ ખુશી થઈ ગયા! ઝાલીએ પણ તેમની વીરતાની વિવિધ પ્રકારે પ્રશસા કીધી. તે સાંભળી ખાં સાહેબ તો ખૂબ ખુશી થયા. ઝાલીને કેટલાંક આસનાવાસનાનાં વચન કહી અખેરાજને બાંધી પોતે નીમાજ પડવા પેલી વાવમાં ઉતર્યા. ત્યાં જઈ વજુ વગેરે ક્રિયા કરી, પોતાના મુસલ્લા બિછાવી, નિમાજ પઢવા લાગ્યા. તે વખતે અહી રાજાની મૂર્ચ્છા વળી અને જુએ છે તો પાખતીમાં ઝાલી મકલાતી ઉભી છે. તે જોઈ રાજાને રીસ તો ઘણીએ ચડી, પરંતુ કરે શું. 'હેડમાં પગ અને મૂછ મરડે શું થાય?' તેવી જ રીતે રાજાએ પણ ધાર્યું કે, અત્યારે આપણે રીસ કરવી ફોગટ છે. માટે કાંઈ યુકિત પ્રયુક્તિથી આપણુ કાર્ય સધાય તેવો ઉપાય કરવો. એમ વિચાર કરી બંકો અને ચતુર સામ, દામ, ભેદ અને દડ એ ચાર પ્રકારની રાજનીતિમાં પ્રવિણ અખેરાજ આ પ્રમાણે ઝાલીના પ્રત્યે વાણી બોલ્યો,—"હે ઝાલી! તારી નીચ બુદ્ધિથી કરી કદાપિ તે નીચકૃત્ય તો કીધુ, પરતુ તું રજપુતાણી છે એટલે કદાપિ તારા હાથે મારો કાળ થાય તો તેને આ મલેચ્છોના હાથે મરવા કરતે હું હજાર દરજ્જે શ્રેષ્ઠ માનું છું! માટે આ મારી તરવાર પડી છે, તે તુ તારા હાથમાં લે અને મારા માથામાં ઘા કર, જેથી આ અસહ્ય વેદનામાંથી હું તાત્કાલ છૂટુ!" રાજાનાં આ પ્રકારનાં વચન સાંભળી રાણી તો ખુશખુશ થઈ ગઈ અને મનમાં વિચાર્યું કે; 'લાવને, પેલા એકાઓને આવતે આવતે હુ ટાઢે પાણીએ ખસ કાઢી નાખું!' એમ વિચારી તરત પડેલી તરવાર હાથમાં લઈ વીર કાછવાળી પાડા (પગળાં) વિશેક પાછી હઠી, હડી કાઢી એવા તો જોરથી રાજાના ઉપર તરવારનો ઘા કીધો કે, કદાપિ એ વખતે કોઈ બીજો ગાફલ માણુસ હોય તો તેના ટુકડે ટુકડા થઈ જાત; પરતુ રાજા અખેરાજ તો કવાયતમાં કુશળ હતો, તેથી જેવો ઝાલીને ઝટકો મારવો કે તત્ક્ષણે રાજાએ એવી તો લાઘવતાથી અવળી કલામત ખાધી કે, ઝાલીનો ઝટકો પેલા બાંધેલા બંધો ઉપર પડ્યો અને બંધ

તમામ કપાઈ ગયા ને રાજાના શરીરને કાંઈ પણ ઇજા થઈ નહિ. એ જોઈ ઇષ્ટદેવની પોતાનાપર પૂરણ કૃપા છે એમ માની, પોતાનુ કાર્ય નિષ્ફળ થવાથી ઉદાસ થયેલ ઝાલીને એકદમ પકડી પૂર્વવત્ વડવાઈ સાથે બાંધી દીધી અને પોતે હાથમાં સમશેર લઈ પેલી વાવમાં ઉતર્યો. ત્યાં જઈ જુએ છે તો બેઉ એકા નિમાજ પઢી રહ્યા છે! તે જોઈ આ રાજાને ઘણો ક્રોધ ચડ્યો અને વીર હાક વગાડી બોલ્યો કે; "હે બકધાનીઓ! વિશ્વાસઘાતીઓ! જુઓ મર્દાના ઝપાટા! વળી કહેશો કે ચેતાવ્યા વગર માર્યા! અમારા રાજપુતોનો એવો ધર્મ નથી કે, તમારી પેઠે અચેત બેઠેલા પુરુષના ઉપર ઘા કરીએ!" એમ કહી એકદમ મ્યાનમાંથી પોતાની તીક્ષ્ણ તરવાર કાઢી. તે તરવાર કેવી હતી.

મનહર— મ્યાન ધન ધન તે, તડપી કઢી તડી તાસી,
દુર્જન દલનપર, પરત અદાગ હે;
કુંભીન કે કુંભનપે, ગરકે ગરુર ભરી,
તરીલાં નિકસીકરે, શેષ લોગમગહે;
ગ્વાલ કવિ કહે, તાહી બખતર પેટી કહા,
હેટીકા બલીન કે, લપેઠી પ્રલય પગ હે;
રુદ્ર દ્રગ તીસરેકી, પ્રજ્વલીત આગ કેધાં,
શેરસિંહ મહારાજ, તેરે કર ખગહે.
ઘુમેરન ભૂમે ભરી, સુંડન ગંભીર ભીર,
ભંજની ગનીમ, ગોલ ગંજની નિહારી હે;
સુંડ હીન કરત, બીતુંડ ન કે ઝુંડઝુંડ,
મુંડ હીન મેદની, કરન મત વારી હે;
શેખર શરાહત, મહિપ રઘુનાથરાવ,
એશી પરચંડ, ભુજદંડ પર ધારી હે;
કાલીકાશી પ્રગટ, કરાલ કાલ બાલીકાશી,
જ્વાલ માલ કાશી, કરવાલીકા લીહારી હે.
કેધા ભીમસેનકી, ગદાકી આ ગુરાયન હો,
દેવદુઃખ દાયનકું, મારવેકી કાલીકા;
દાવન લહેધાં બડવાન, લહે કેધાં શેષ,
બદન હવા નલ મહેશ નેન જ્વાલીકા;
આસવશે શ્રોનિત પીવેકું મતવાલી કેધાં,
બાસવ કે બજ્ર કે, બબાકી બઢી બાલીકા;

મન શામચુશ, માલીકા હે પ્રલયભાનુ વલી કેંધાં,
કેંધાં કેધાં રામચંદ્ર, જુકી કારી કરવાલીકા.

એવી તરવાર સનમુખ ઉભેલા એકાઓને પડકારી એવી તો ચલાવી કે;

દોહરો—તે વારી રાણુ પ્રતાપસી, કુંઅરરે સર ખગ;
એકે ઝટકે ત્રણુ હણ્યાં, સુંઢ દંતુશળ પગ.

એવી રીતે બને ખાં સાહેબોના ધડ ઉપરથી માથાં જુદાં કરી બહાર આવી, ઝાલીને સાથે લઈ રાજા અખેરાજ તુરત ત્યાંથી વિદાય થઈ શિરોહી આવ્યો.

અખેરાજના ગયા કેડેથી બાદશાહનુ દિલ્હીથી રવાને થયેલુ કટક કેટલેક વખતે પેલી વાવ ઉપર આવ્યું, અને જુએ છે તો પડતા આભને થોભા દે એવા બેઉ એકા ધડમાંથી જુદા થયેલા જોયા. તે જોઈ ઘણાખરા થરથર કંપવા લાગ્યા અને અખેરાજનો પ્રતાપ પ્રલયકાળના ભાનુ સમાન છે એમ જાણી, શિરોહી ઉપર જવાની કોઇની હિમત નહિ ચાલવાથી, કાંટીનો આટો ભેગો થયેલ તે ત્યાંથી દિલ્હી તરફ પાછા રવાના થયા. શિરોહી આવ્યા પછી અખેરાજે એક ચોતરો બનાવી, તેમા ઝાલીને ચણી તેનુ માથું બહાર રાખી ગામમા ઢંઢેરો પીટાવ્યો કે, દરેક માણસે ઝાલીના માથામા પાંચ પાંચ ખાસડાં મારવાં. એવી રીતે પચઢેખાળી કરી ઝાલીનો થોડે થોડે જીવ લઈ ધર્મ વિમુખ નીચ સ્ત્રીઓને નીચકૃત્ય કરવાથી શુ ફળ મળે છે તથા વીર પુરુષોથી વિરુદ્ધ કરવાથી કેવી રીતે કુશળતા રહેવાય છે તે તમામ બાબત, આ દુનિયામાં સાબિત કરી, સર્વ લોકને પ્રતાપી રાજાએ પ્રગટ બતાવી આપ્યું, અને અક્ષય કીર્ત્તિની સાથે નિષ્કટકપણે ત્રેસઠ વરસ સુધી નિરભયપણે રાજ કરી રાજા અખેરાજ સ્વર્ગવાસી થયા. તેમનો જ પ્રતાપી વંશ હજુ શિરોહીમાં રાજ્ય કરે છે.

પ્રતાપ અને પદ્મિની.

(લેખક નારાયણ વિસનજી ઠક્કુર)

(૧)

ચારસો વર્ષ પૂર્વે આરાવલી પર્વતની તળેટીમાં વિસ્તરેલા અરણ્યમાં કોઈ એક બળવાન્ અને હૃષ્ટપુષ્ટ રાજપૂત યુવક અશ્વારૂઢ થઇને ચાલ્યો જતો હતો. તેનું મુખમડળ સર્વથા પૌરાણિક સૌંદર્યવડે મડિત હતુ. તેના હાથ પગ આજાનુ અને ત્વરાવાળા હતા. તે શુદ્ધ ક્ષત્રિય બીજોદ્ભવ હોવો જોઇએ, એમ સ્પષ્ટ દેખાતું હતું.

એ પ્રવાસીનું નામ પ્રતાપસિંહ હતું. તેનું રાજ્ય જો કે વિશેષ વિશાળ નહોતું; તો પણ ઇલિયડ્ અને ઑડેસીના ગ્રીક વીરકાવ્યો જેટલા કિંવા તેના કરતાં પણ પુરાતન અને અજરામર થઈ રહેલા રામાયણ ગ્રંથમાં જેના પરાક્રમોનું વર્ણન કરાયલું છે, તે શ્રીરામચદ્રના વંશમાંથી તે ઉતરી આવેલો હતો. તેણે અત્યારે શિકારીનો પોશાક પહેરેલો હતો, હાથમાં ભાલો હતો; અને તેથી જો અચાનક કોઈ હિંસક વનપશુ પોતા સમક્ષ આવે, તો તેનો સારી રીતે પ્રતિકાર કરવાને તે તૈયાર અને સમર્થ હતો.

શિકારના શોધમાં આપણો પ્રવાસી ઘણીવાર સુધી રખડ્યો. પરતુ એક પણ શિકાર તેને હાથ લાગ્યો નહિ. અંતે કેટલાક અતરપર એક મોટો વનવરાહ જોવામાં આવ્યો. તેને જોતાં જ તત્કાળ તેણે તેનો પીછો પકડ્યો. પ્રતાપ બહુ જ ખરાબ જગ્યામાં જતો હતો. ઝાડીમાંથી પોતાના ઘોડાને દોડાવવાનો પ્રસંગ આવી પડવાથી તેના જીવનુ જોખમ થવાનો ભય દેખાતો હતો. છતાં તેના હૃદયમાં શૌર્યનો અતિશય આવિર્ભાવ થએલો હોવાથી, એ ભયની તેણે જરાપણ દરકાર કરી નહિ. વરાહનો પીછો પકડ્યો અને અતે પોતાના ભાલાને તેના પડખામાં ખોસી દીધો. પણ એટલામા દુર્ભાગ્યયોગે ઘોડાનો પગ ખાડામાં આવી જવાથી ઘોડો ખાડામાં પડી ગયો, અને તેની સાથે પ્રતાપ પોતે પણ પૃથ્વીપર જઈ પડ્યો. આમ અચાનક નીચે ઊછળી પડવાથી વનવરાહની કાખમાં ખોસેલો ભાલો ભાગી ગયો અને તેનો અડધો ભાગ તે પશુના અગમાં તેમનો તેમ જ રહી ગયો.

પ્રતાપસિંહ નગ્ન તલવારને હાથમાં લઇને તત્કાળ ઊઠી ઊભો થયો અને તે વનવરાહ સાથે દ્વંદ્વયુદ્ધ કરીને પોતાના સરક્ષણની તૈયારી કરવા લાગ્યો. તે વનપશુના શરીરમાં ભાલાની અણી ભોકાયલી હોવાથી તે વધારે છેડાયો હતો. જ્યારે વરાહને આવેશ આવે છે, તે વેળાએ તેની પીઠપરના સોયા જેવા વાળ ખડા થઈ જાય છે. હમણા તેના વાળ ખડા થઈ ગયા હતા તે દાત કચકચાવતો મહાક્રોધથી પ્રતાપસિંહના શરીરપર ધસી આવ્યો. જે વનપશુઓ વિશાળ જાતીવાળાં અને દૃઢ ગણાય છે, તેમનામાંનો જ વનવરાહ પણ હોવાથી તેના તીક્ષ્ણ ધારવાળા દાતોથી પોતાનું રક્ષણ કરવા માટે ન્હાનકડી તલવાર ભાગ્યે જ ઉપયોગી થઈ શકે છે. આવી અવસ્થામાં જખ્મી થયેલા તે જગલી જાનવર સાથે લઢતાં પ્રતાપની શી ગતિ થઈ હોત, એ અત્યારે જરા પણ કહી શકાય તેમ નથી. પણ એટલામા બનાવ એવો બન્યો કે, એ માનવ અને પશુનું પરસ્પર પ્રાણહારક યુદ્ધ ચાલતું હતુ, એવામાં તે

પશુએ મહા વિલક્ષણ રીતિથી પૃથ્વીપર પછડાઇને પોતાના પ્રાણનો ત્યાગ કરી દીધો.

૨

એવી રીતે જીવન વિનાશક સકટમાંથી મુક્ત થઇને પ્રતાપ તે વનવરાહની અચાનક આવી અવસ્થા કેમ થઈ, તેની તપાસ કરવા લાગ્યો. તેના મડદાને તપાસતાં એક તીર લાગવાથી તેનો અંત આવ્યો છે એમ તેના જોવામાં આવ્યું. તે બાણ તે પશુના અંગમાં આસરો પેસી ગયો હતો.— એ પણ બાણ સધાન કરનાર કોણ, એ વિશેનો કશો પણ નિર્ણય કરી શકાયો નહિ. આવા કટાકટીના સમયમાં આમ અચાનક સાહાય્ય કોણે કર્યું, તે જોવા માટે તેણે ચારે તરફ દષ્ટિપાત કર્યો તો તત્કાળ બે મોટાં વૃક્ષોના મધ્યમાં પર્ણોથી થએલા મંડપ તળે એક સૌન્દર્ય પ્રતિમા દષ્ટે પડી. એક બાળા તેના જોવામાં આવી તેને જોતાં જ પ્રતાપ સર્વથા ચકિત થઈ ગયો. તે બાળાનુ વય પંદર કિવા સોળ વર્ષનું હતુ, તેણે પોતાના કોમળ કરોમાં ધનુષ્યને ધારણ કરેલુ હતુ; અને તે એક પાણીદાર અરબી ઘોડાપર બેઠી હતી. જાણે પોતાની પીઠપર બેઠેલી સુંદર સ્ત્રી વિશે અભિમાન ભાસવાથી તે અશ્વ થૈ થૈ નૃત્ય કરતો હતો.

પ્રતાપસિંહ જો ગ્રીસ દેશમાંનો મનુષ્ય હોત, તો પોતાને દેખાતી એ બાળા ડાએના દેવીની જ મૂર્ત્તિ હશે અને તે પોતાના ભક્તના પ્રાણ બચાવવા માટે આલ્પિસ્ પર્વતપરથી નીચે ઊતરી આવેલી હશે, એવો જ તેને ભાસ થયો હોત. તે કુમારિકા શુદ્ધ અને મુક્ત વાતાવરણમાં રહેલી હોવાથી તેના સ્વરૂપમાં જે તેજસ્વિતાનો આવિર્ભાવ થયો હતો, તેના યોગે તે અતિશય મનમોહક દેખાતી હતી; અને તે ટાઢ તથા તાપમાં ફરેલી હોવાથી તેના મૂળ ગૌરવર્ણ ગાલોપર જો કે ઘઉંલા વર્ણની થોડીક છટા આવેલી હતી, તોપણ અંત પુરમાંની ફીકા રંગની સુંદર કોમળ સ્ત્રીઓ કરતાં તેના મુખમંડળમાં હજારગણી વધારે ખુમારી રહેલી હતી, એમ પ્રતાપને તરત દેખાઈ આવ્યું. તેનો વેશ બહુ સાદો હતો. તેની પ્રત્યેક ક્રિયા એટલી તો મનોવેધક હતી અને તેનો તથા તેના અશ્વનો એટલો બધો મનમેળાપ થએલો દેખાતો હતો કે, આવા પ્રકારનું બોલતું ચાલતું સૌન્દર્યચિત્ર આપણે આપણા જન્મારામાં એકવાર પણ જોયું નથી, એવો પ્રતાપનો દઢ નિશ્ચય થયો. તેનું સ્વરૂપ કેવું હતું? કવિ કહે છે કેઃ—

કવિત–સુંદર સુરંગ નૈન, શોભિત અનંગ રંગ,
અંગ અંગ ફૈલત તરંગ પરિમલકે;

બારનકે ભાર સુકુમારિકો લચકી લંક,
રાજૈ પરજંકપર, ભીતર મહલકે;
કહે પદ્માકર બિલોકિ જન રીઝૈ નાહિ,
અંબર અમલ કે સકલ જલ થલકે;
કોમલ કમલ કે ગુલાબન કે દલકે,
સુજાત ગડિ પાયન, બિછૌના મખમલકે.

પણ આ સૌન્દર્યમૂર્ત્તિને જોતાં તેના મનમા જે આતુરતાનો ઉદ્‌ભવ થયો, તે આતુરતાની તૃપ્તિ થવા પૂર્વે જ તે બધો દેખાવ તેની દૃષ્ટિ આગળથી તત્કાળ લુપ્ત થઈ ગયો. તે બાળાએ એકદમ પોતાના ઘોડાને ચલાવ્યો અને ભયભીત હરિણી પ્રમાણે એક ક્ષણ માત્રમાં જ તે વૃક્ષરાજિમાં કોણ જાણે ક્યાય અદૃશ્ય થઈ ગઈ, તે જણાયુ જ નહિ. આ વેળાએ જો તે મરી પડેલા વનવરાહના શરીરમાંનો બાણ તેને પ્રત્યક્ષ દેખાતો ન હોત, તો તે સૌન્દર્યલતિકા બાળા અને તેના અશ્વને જોવાના બનાવને તેણે કેવળ દૃષ્ટિભ્રમ જ માની લીધો હોત!

૩

મધ્યાહ્નકાળ થવા આવ્યો હતો. સૂર્યોદયના સમયથી જ પ્રતાપસિંહ અરણ્યમાં પોતાના ઘોડાને દોડાવતો ફરતો હોવાથી અત્યારે તેના કંઠનો શોષ થવા લાગ્યો. તે પાછો ઘોડાપર સ્વાર થયો અને એક ખુલ્લા દેખાતા રસ્તે ચાલ્યો એ માર્ગમાં જવાથી મનુષ્યની વસતિ મળશે, એવું તેનું અનુમાન હતુ એ અનુમાન કાંઈ ખોટુ તો ન જ હતું ચાલતાં ચાલતાં એ વિશાળ અરણ્યમાંના એક, એક બાજૂએ વિસ્તરેલા મેદાનમા તે આવી પહોંચ્યો. ત્યા કેટલાંક ઝૂપડા તેના જોવામાં આવ્યા. તે ઝૂપડાના મધ્યભાગમાં સર્વથી મોટી એક ઝૂપડી હતી. તે ઝૂપડી નજીક તે ગયો. ત્યા આવ્યા પછી પૂછતા જણાયુ કે, અજિતસિંહ નામના એક રાજપૂત રાજાને દાઊદ નામના અફગાને તેના દેશ અને તેની રાજધાનીમાથી હાકી કાઢેલો હોવાથી હાલમા ચારેક મહીના થયા અહિયા આવી રહેવા માટે તેણે જ આ ઝૂપડી બાંધેલી છે.

પોતાનાં રાજ્ય અને રાજધાનીથી ભ્રષ્ટ થએલા તે રાજપૂત રાજાએ પ્રતાપનુ સારું આદરાતિથ્ય કર્યું. તે અરણ્યમાંની વસતિમાં થોડોક ફલાહાર અને જલપાન કરીને વિશ્રામ લેવાથી તેના મન તથા શરીરને શાંતિ થઈ. પછી પ્રતાપે અજિતસિંહને પોતાની ઓળખાણ આપી, તેમ જ વનવરાહ સાથે થએલા પોતાના યુદ્ધનો, એક તરુણ બાળાએ પોતાને કેવી રીતે બચાવ્યો તેનો અને અંતે તે સુંદરીના અદૃશ્ય

થઈ જવાનો વૃત્તાંત પણ કહી સંભળાવ્યો. એ વૃત્તાંત સાંભળીને અજિતસિંહ કહેવા લાગ્યો;—

"તમે જે શિકારી સ્ત્રીનો વૃત્તાંત કહ્યો, તે બીજી કોઈ નહિ પણ મારી પુત્રી પદ્મિની જ હોવી જોઇએ. અમારા કિલ્લામાંથી અફગાનોએ જ્યારથી અમને હાંકી કાઢ્યા છે, તે દિવસથી એ બાળા ભિલ્લબાળા પ્રમાણે અરણ્યમાં ભમ્યા કરે છે તે ધનુર્વિદ્યામાં મહાપ્રવીણ અને દક્ષ છે. એ મૂર્ખ બાળા હવે તો એમ કહેવા લાગી છે કે, 'મને જંગલમાં સ્વતંત્રતાથી રહેવાની ટેવ પડી જવાથી ભ્રમણથી મને એટલો બધો આનંદ થાય છે કે, અંતઃપુરની ગુંગળાવી મારનારી જગ્યામાં રહેવાનુ હુ કદાપિ કબૂલ કરવાની નથી!' ખરેખર એ એટલી બધી સ્વેચ્છાચારિણી બની ગઈ છે કે, હવે એની શી વ્યવસ્થા કરવી, એ માટેનો માર્ગ મને સૂઝતો નથી."

"એ સુદરી જો મારાપર કૃપાદષ્ટિ કરવાને સમત હોય, તો હું મારા જીવનવિસર્જનના સમય પર્યન્ત મહાઆનદથી એનો દાસ થઈ રહીશ, એનો જે કાંઈ પણ ઉદ્દેશ હશે, તે ઉદ્દેશને પૂર્ણ કરવામા જ મુખ્યતઃ આનદ તથા અભિમાન માનીશ." પ્રતાપે કહ્યું.

"ખરેખર, તમને જોઇને મને એમ લાગે છે કે, જે પુરુષોને જોઇને કુમારિકાઓ નાકનુ ટીચકુ ચઢાવે છે, તેવા પુરુષોમાંના તમે નથી પણ મારી પદ્મિનીને એક બીજો ધ્યાસ લાગ્યો છે. તેણે ઠરાવ કીધો છે કે, 'દાઊદ અફગાને અમારી વડિલોપાર્જિત રાજધાની, અમારો કિલ્લો અને અમારું સર્વ રાજ્ય છીનવી લીધું છે, તે સર્વ પાછું મેળવી આપનાર જો કોઈ પુરુષ મળી આવશે, તો તે પુરુષને જ હું વરીશ, બીજા કોઇને પણ વરવાની નથી.' એમ તે કહે છે, અને વધુ કહે છે કે, 'મારા એ ઉદ્દેશને જે કોઈ પણ સિદ્ધ કરશે, તે પુરુષ જો શીદી જેવો કાળો અને રાક્ષસ સમાન ભયકર હશે, તોપણ તેના ગળામાં આનદથી હું વરમાળા આરોપીશ–તેને પોતાના પતિ તરીકે સ્વીકારવામા હું જરા પણ આનાકાની કરીશ નહિ!' આવો તેનો ઉન્માદ છે." અજિતસિંહે ગંભીર મુદ્રાથી કહ્યુ

"કાંઈ ચિન્તા નહિ. હુ હર્ષથી તેના એ ઉદ્દેશને સિદ્ધ કરવાની પ્રતિજ્ઞા કરુ છું. તમારી રાજધાની, તમારો રાજગઢ કિલ્લો અને તમારુ સર્વ રાજ્ય હુ તમને પાછુ મેળવી આપીશ અથવા તો એ ઊદ્યોગમા મરી જઇશ, એ હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છુ." પ્રતાપે ઉત્સાહથી કહ્યુ

૪

તે જ દિવસે બનાવ એવો બન્યો કે, જ્યાંથી લેશ માત્ર પણ સંભવ નહોતો, એવી એક ભિન્ન દિશામાંથી જ અજિતસિંહ પાસે

પદ્મિની માટેનું માગું આવ્યું. પદ્મિનીના સૌન્દર્યની પ્રશંસા દાઊદખાનના સાંભળવામાં આવ્યાથી, તે પોતે જો કે આધેડ થયો હતો અને તેની પોતાની મુસલમાન જાતિની બે બીબીઓ હયાત હતી, છતાં તેણે એ ત્રીજી રૂપવતી રાજપૂત કુમારીને પોતાની બીબી બનાવીને જનાનખાનામાં લાવવાની ઇચ્છા કરી. તેણે પોતાના એક વિશ્વાસપાત્ર જાસૂસને પત્ર આપીને અજિતસિંહ પાસે મોકલ્યો. તે પત્રમાં એમ લખેલું હતું કે, "ચન્દ્ર સમાન જેનું મુખ છે, નક્ષત્ર સમાન જેનાં નેત્રો છે, મુક્તામાલા સમાન જેની દંતપક્તિ છે, પ્રવાળ સમાન જેના અધરોષ્ઠ છે, ગુગ્ગુલ અને કપૂર સમાન જેના મુખનું સૌગંધ્ય છે, હરિણી સમાન જેનું મૃદુ અને ચપળ અગ છે અને કનકકલશ સમાન જેનાં સ્તનો છે, એવી જે તમારી કન્યા પદ્મિની, તે આજથી મારા અંત.કરણની સ્વામિની થઈ છે અને એટલા માટે આ પત્ર વાંચતાં જ તેને મારા સુખ તથા મારા રાજ્યવૈભવની ભાગિની થવા માટે તમારે મારી પાસે મોકલી દેવી!" એ પત્રના અંતમાં વળી તાપ બતાવનાર અને ભયદર્શક એવા શબ્દો હતા કે, "અમે તમને જે આ માન આપીએ છીએ, તેનો જો તમો અસ્વીકાર કરશો તો અમે શસ્ત્રાસ્ત્ર સહિત તમારા અરણ્યમાં પ્રવેશ કરીને બળાત્કારે પદ્મિનીને લઈ જઇશું અને અમારા જનાનખાનાની પર્દાનશીન બેગમ બનાવીશું! તુમેરા એક અચ્છા કવિ બોલ ગયા હૈ કે –

કુંડલીયો–નાહી સુસર જમાત્રિ, નહિ, સેવક સેવ્ય સંબંધ,
તાસ ક્રિયા પિખ જોર હે, સો મૂરખ જડ અંધ;
સો મૂરખ જડ અંધ, અંધ કોહે બહુ ચેરો,
બિના પ્રયોજન અહમક, જહતહ કરૈ બખેરો;
કહ ગિરિધર કવિરાય, કીસીકો કહિયે કાહી,
જો હોવૈ કછુ નિસબત, સોતો સુપને નાહી."

દાઊદ અફગાનના એ અસભ્યતાથી ભરેલા પત્રના વાચનથી અજિતસિંહના મનમાં કોપનો એવો તો પ્રબળ આવિર્ભાવ થયો કે, પ્રથમ તો તે પત્ર લાવનાર જાસૂસના મસ્તકને ધડથી જૂદું કરી નાંખવાનો જ વિચાર કર્યો. પણ પછી જરાક શાંત થઈ મહાઆવેશથી પોતાની પુત્રીની ઝૂંપડીમાં જઇને તેને આ સમાચાર કહી સંભળાવ્યા. આ વાર્ત્તા સાંભળતાં જ સિંહસુતાને પણ દાઊદના આ અત્યાચાર વિશે અતિશય સંતાપ થયો. કોપાગ્નિથી બળતા અજિતસિંહે જરાક શાંત થવા પછી પુત્રીને અચાનક આવેલા યોગ્ય વર પ્રતાપનો વૃત્તાંત પણ કહી સંભળાવ્યો.

પદ્મિનીની બુદ્ધિ મહાચપળ હોવાથી તે ક્ષણે જ એક અદ્ધિતીય કલ્પનાનો તેના મસ્તિષ્કમાં આવિર્ભાવ થયો. તે કહેવા લાગી કે;-"એ જાસૂસના ખૂનના વિચારને હાલ તરત આપણે જવા દઇએ તો વધારે સારું. મને વરવા ઇચ્છનારા અત્યારે આ બે પુરુષો છે. એક આધેડ, ઠીગણો અને જાડો છે; બીજો તરુણ, ઉચ્ચ અને રૂપાળો છે. બાપૂ, મને લાગે છે કે, આપણે એ ઉભયના કથનનો યોગ્ય વિચાર કરીએ તો ઠીક. એમ કરવાથી આપણું જે વડિલોપાર્જિત રાજ્ય અને ઉચ્ચપદથી આપણે વચિત થયાં છીએ, તે આપણને પુન પ્રાપ્ત થવાનો કોઈ યોગ્ય માર્ગ મળી આવશે. પ્રથમ જે તરુણ અને શૂર પુરુષ મારા હાથની પ્રાપ્તિ માટે યુદ્ધ કરીને રાજગઢ અને આપણા સમસ્ત રાજ્યને પાછુ મેળવી આપવાની પ્રતિજ્ઞા કરે છે, તેની પાસે જઇને આપણે આ વિષયનો ઊહાપોહ કરીએ."

અજિતસિહ, પ્રતાપસિહ અને યુદ્ધ વિશેનો વિચાર કરનારા સરદાર આદિ એક સ્થળે એકત્ર થયા. તેઓ એવા નિશ્ચયપર આવ્યા કે, દાઊદખાનને અત્યારે 'તમારી માગણી અમને મંજૂર છે, અને પદ્મિનીને અમે તેની પદવીને યોગ્ય દાસદાસી તથા વસ્ત્રાલકાર આદિ આપીને એક મહિનામાં તમારી તરફ મોકલી આપીશું,' એમ જણાવવું. વળી આ તત્કાળની કબૂલાતથી દાઊદના મનમાં કોઈ પ્રકારનો સંશય ન આવે, એટલા માટે તેમણે એવી એક શર્ત નાંખી કે, 'તમારે અમારા રાજ્યનો કેટલોક ભાગ અમને પાછો આપવા માટે પ્રથમ કુરાનપર હાથ રાખીને કસમ લેવા જોઇએ. તો જ આ કાર્ય બની શકશે!' આવા આશયનું પત્ર દાઊદના હાથમાં આવતાં જ, પદ્મિનીના સૌન્દર્યની પ્રશંસાથી તે પ્રથમથી જ ઉન્મત્ત થએલો હોવાથી તેણે અજિતસિંહની માગણીને કબૂલવામાં જરાપણ આનાકાની ન કરી. એવી રીતે ઉભય પક્ષની ઇચ્છા પ્રમાણે બાહ્યૌપચારિક રીતિથી તો હાલ તરત એ વિગ્રહનો અંત આવી ગયો.

૫

એક મહિનાનો સમય વીતી ગયા પછી પદ્મિનીની સાથે કેટલાક શૂરવીર સૈનિકોને આપીને તેને અજિતસિંહે જંગલમાંની પોતાની ઝૂંપડીમાંથી રાજગઢ તરફ વિદાય કરી. પદ્મિનીની પાલખી સૈનિકોના મધ્યભાગમાં ચાલતી હતી. પાલખીને સફેદ રેશમના પડદા લગાડેલા હતા. તેની બરાબર પાછળ જ પદ્મિનીનો અંગરક્ષક એક સરદાર પોતાના અશ્વને ચલાવતો હતો. પદ્મિનીની પાલખીની બન્ને બાજૂએ ત્રણ ત્રણ પાલખીઓ ચાલતી હતી. તેમાં પદ્મિનીની શુશ્રૂષામાટે તેના સાસરિયામાં રહેવાને ૭ દાસીઓ

મોકલવામાં આવી છે, એમ કહેવામાં આવતું હતું. પદ્મિની પોતાનાં યશસ્વી ધનુષ્ય તથા બાણુને પોતાની સાથે લઇને બેઠી હતી. વળી એ સમુદાયના સંરક્ષણમાટેના સૈનિકો તરીકે પ્રકટ ત્રીસ અશ્વારૂઢ સૈનિકો હતા. તેમનામાના ઘણાખરાઓ પાસે બબ્બે તલવારો હતી; અને પ્રત્યેકે બબ્બે તલવારો બાંધવી જોઇએ, એ રાજપૂત લોકોનો એક સાધારણ રિવાજ પડી ગયેલો હોવાથી એ વિશે કોઇના મનમાં કશો સશય આવવાનો સભવ નહોતો.

દુહો—બેરીકે મન બસત હે, ઘટહીમે બડી ઘાત;
સજ્જન રહિયે શત્રુસે, સાવધાન દિન રાત.

એવી રીતે એ જીવપર ઉદાર થયેલા ભયંકર શત્રુઓનો સમુદાય અત્યત વેગથી રાજગઢ પ્રતિ ચાલતો થયો. સર્વનો વેશ આંખોને આંજી નાંખે તેવો હોવાથી તેની ભયકરતા વિશેષ ભયાનક થઈ પડી હતી. કિલ્લાના દરવાજાથી તેઓ જ્યારે લગભગ એક ગાઉના અંતરપર આવી પહોંચ્યા, તે વેળાએ દાઊદખાન પોતાના આપ્ત અને ઇષ્ટ મિત્ર આદિ લગભગ વીસ આસામીઓને સાથે લઇને તેની સામે જઈ પહોંચ્યો. દાઊદખાનને ટાપટીપ કરવાનો જરાક વધારે શોખ હતો. હમણાં તેણે ભપકાદાર પોશાક પહેર્યો હતો અને તેની આકૃતિ જે ગોળ ગોળવા જેવી હતી, તે કાંઇક શોભાયમાન દેખાય એવી રીતે કાઇક યુક્તિથી તેણે પોતાના પોશાકની રચના કરેલી હતી. દડુક દડુક ચાલનારા તુર્કી ઘોડાપર કોઈ એક ચાલાક સ્વાર પ્રમાણે જરાક એટીને બેઠો હતો અને મૂછોના આકડા ચઢાવ્યા કરતો હતો પદ્મિનીએ પાલખીના પડદામાંથી તેને જોયો. પોતાપર આસક્ત થએલા તે આધેડ વયના પુરુષની સરદારી રીતની ટાપટીપને જોઇને તેનું અભિનદન કર્યા વિના તે રહી શકી નહિ. ખરેખર જ તે મહાપ્રખ્યાત યોધો હતો. જ્યારથી તેણે તલવારને પોતાના હાથમા લીધી હતી ત્યારથી આજ સૂધીમાં સેકડો લડાઇઓ મારીને પોતાના પરાક્રમનું પ્રદર્શન કરાવ્યું હતું.

વર અને વધૂની સ્વારી કિલ્લા પાસે આવી પહોંચી કિલ્લાના સિંહદ્વારને ઊઘાડીને સર્વને અદર લેવામાં આવ્યા. દેહલી—ઉબરા—ના અતર્ભાગમાં પોતાનો પ્રવેશ થતાં જ જેની મહાયુક્તિવડે પ્રથમથી જ બધી તૈયારી કરી રાખવામાં આવી હતી, તે રૂપાન્તરના પ્રકારને રાજપૂતોએ તત્કાળ પ્રકટ કરી નાખ્યો. સાત પાલખીઓને નીચે મૂકતાં જ મધ્યભાગમાંની પાલખીમાંથી પદ્મિની હાથમાં ધનુષ્ય બાણુ લઇને પળકારામાં બહાર નીકળી આવી, ને પ્રતાપસિહ જે અરબી ઘોડાને ઝાલીને ઊભો હતો તેનાપર ચઢી

બેઠી, તત્ક્ષણે ગુપ્ત વેશધારી રાજપૂતોએ પાલખીમાંનાં શસ્ત્રો હાથમાં ઉપાડી લીધાં અને કેટલાકોએ સરક્ષક સૈનિકો પાસે જે વધારાની તલવારો હતી તે લઈ લીધી.

આ સર્વ વિલક્ષણ પ્રકાર જોઇને દાઊદખાન બહુ આશ્ચર્યચકિત થઈ ગયો. પરંતુ ત્વરિત પ્રસંગાવધાનનો આશ્રય લઇને તેણે પોતાની સાથેના કેટલાક ઘોડેસ્વારોને પોતાની પાછળ લઢવાના આશયથી ગોઠવી દીધા; અને કિલ્લાપરના બાકીના મુસલમાન સિપાઇઓને દગાની સૂચના આપવા માટે રણશીંગુ ફૂકવાનો હુકમ ફરમાવ્યો. પ્રથમ તો શાંત રીતિથી આવેલી સ્વારીની મઝા જોવા માટે સારા અને શોભીતા પોશાકો પહેરીને જે લોકો આવ્યા હતા, તેઓ આ વિચિત્ર પ્રકારને જોઇને પોતપોતાનાં શસ્ત્રાસ્ત્ર લેવાને દોડી ગયા. એમાંના કેટલાક મુસલમાન સિપાઇઓ હતા, અને કેટલાક નાગરિકો હતા, બીજા ત્યાંના જૂના હિંદુ નિવાસીઓ હોવાથી તેઓ પણ પોતાના ધર્મ અને સ્વાતત્ર્ય માટે લઢવાને તૈયાર થઈ ગયા.

યુદ્ધનો આરંભ પદ્મિનીએ જ કર્યો. તેણે પોતાના અરબી ઘોડાની પીઠપર સ્થાન લેતાંની સાથે જ પોતાના ધનુષ્યની પ્રત્યંચા ચઢાવીને દાઊદખાનની છાતીપર શરસંધાન કર્યું. સ્ત્રીનો સ્વભાવ છે કે, જો કોઈ પુરુષનો તેનાપર પ્રેમ થયો હોય, તો તે પુરુષ પોતાને ન ગમતો હોવા છતાં પણ તેને માટે તેના મનમાં બહુધા અનુકંપા ઉત્પન્ન થયા વિના રહેતી નથી. પદ્મિનીની પણ એવી જ અવસ્થા થવાથી તત્કાળ તેના મનનો નિર્ધાર ફરી ગયો. તેણે પોતાના બાણના સંધાનને જરાક નીચે નમાવીને દાઊદખાનને બદલે તેના ઘોડાને ધૂળ ચાટતો કીધો! પદ્મિનીના મનમાં આ ક્ષણમાત્રની અનુકપા આવવાથી રાજપૂતોએ જે આટલો મોટો વ્યૂહ રચ્યો હતો, તેની અફળતા થવાનો સમય આવી પહોંચ્યો. ઘોડો જખમી થઇને પડતાં તેની સાથે દાઊદખાન પણ નીચે જમીનપર પછડાઈ પડ્યો ખરો, પરંતુ સત્વર જ તે ઉઠીને ઊભો થયો; અને તેણે ચારે તરફ ધ્યાનપૂર્વક અવલોકન કર્યું તો રાજપૂત લોકો અફગાનોને પાછા હટાવ્યા જતા જણાયા. રાજપૂતોએ જે મોટી ભૂલ કરી હતી, તે તેના ધ્યાનમાં આવી, એટલે તેણે સમયસૂચકતાનું અવલબન કરીને તત્કાળ કિલ્લાના દ્વારપ્રતિ પલાયન કર્યું. કારણ કે, તે રણકંદનના સ્થાનમાં જવાથી પોતાના એકલા હાથે વિશેષ કાંઈ પણ થઈ શકવાનું નથી, એ તે સારી રીતે જાણતો હતો, અર્થાત્ દ્વાર પાસે લઢતા લોકોમાંનો ત્યાં એક પણ મનુષ્ય ન હોવાથી ત્યાંના પહેરેગીરોને પોતે સાહાય્ય આપીને દ્વારોને બધ કરી

નાંખવાની તેણે ખટપટ કરી. તેનો આ પ્રપંચ જો સિદ્ધ થયો હોત, તો કિલ્લામાં ગયેલા રાજપૂતોને બહારથી સાહાય્ય મળવાની જરા પણ આશા ન રહેવાથી, સકંજામાં સપડાયલા ઉંદર પ્રમાણે મુસલમાનોએ તેમને પટાપટ, ચટાચટ ને કટાકટ કાપી નાંખ્યા હોત; અને પદ્મિનીને પણ મુસલમાન સરદારના જનાનખાનાની બીબી બનીને રહેવું પડ્યું હોત. પરંતુ કેવળ પળ કે અર્ધ પળની ભૂલના યોગે દાઊદખાનની આશારૂપ ઇમારત એકદમ કડડભૂસ કરતી જમીનદોસ્ત થઈ ગઈ! કોટના મોટા અને ભારી દરવાજા ઢંકાઇને બંધ થાય, તે પહેલાં જ કિલ્લાની બહાર એકત્ર થયેલા સમુદાયમાંના આગળ ઉભેલા કેટલાક રાજપૂતો ત્યાં આવી પહોંચ્યા અને કિલ્લામાંના પોતાના જાતિબધુ તથા મિત્રોને સાહાય્ય આપવા માટે બળપૂર્વક અંદર ઘુસી આવ્યા. વરવધૂના સરક્ષણના દભથી ગયેલા લોકો કિલ્લામાં જઇને પોતાની છાવણી નાખે, તે વેળાએ તત્કાળ તેમની પાછળ તેમની કુમકે જવા માટે રાજપૂતોએ પોતાના લોકોને એકત્ર કરી રાખવાની વ્યવસ્થા પણ અગાઉથી જ કરી રાખી હતી.

દાઊદનો ઉપલો પ્રપંચ વ્યર્થ ગયો. તે ત્યાં ફરતા એક ન ધણિયાતા ઘોડાપર બેસીને કિલ્લાપરના લોકોનો સરદાર થઈ રાજપૂતો સામે લડવા આવ્યો. મુસલમાનોનો અત્યાર સુધીમાં સારો જમાવ થઈ ગયો હતો. તેઓએ પ્રતાપના હાથતળેની નાની નાની ટોળીઓને બહુધા ચારે તરફથી ઘેરી લીધી. પ્રતાપે એ પ્રસગે સર્વથા ભીમ સમાન પરાક્રમનો પરિચય કરાવ્યો. તે યુદ્ધમાં તે પડે જખમી થયો, અને તેની સાથેના કેટલાક શૂરવીર તરુણ રાજપૂતો તેની પાસે જ મરીને ટપોટપ પડવા લાગ્યા. આ ધામધૂમ ચાલતી હતી, એવામાં પદ્મિની કે જે પોતાના લોકોના મધ્યભાગમાં અશ્વારૂઢ થઇને યુદ્ધ કરતી હતી અને જે કૌતુકને સર્વજનો આશ્ચર્યથી નિહાળ્યા કરતા હતા, તે એક પછી એક બાણોને છોડીને શત્રુઓને યમસદનમાં રવાના કરવા લાગી. એટલામાં ડૂબતી નૌકાપરના નાવિકોને પોતા તરફ બીજી નૌકાને આવતી જોઇને આશાનો રંગ દેખાવા માંડે છે અને એ વેળાએ તેમના મનની જેવી સ્થિતિ થાય છે, તે પ્રમાણે જ કિલ્લાના દ્વારમાંથી રાજપૂતોને સાહાય્ય આપવા માટે આવતા જોઇને પદ્મિનીના મનની સ્થિતિ પલટાઈ ગઈ! સર્વ રાજપૂતો નગરમાં આવી જતાં ત્યાંના હિન્દુ નિવાસીઓ પણ તેમને આવી મળ્યા. રાજપૂતસંખ્યા ઘણી જ મોટી થઈ ગઈ. મુસલમાન લોકોનું બળ તેમની સમક્ષ ચાલતું અટકી પડ્યું. આટલું થવા છતાં પણ દાઊદખાને પોતાના ધૈર્યને લેશ માત્ર પણ ન્યૂન થવા ન દેતાં, હાથમાંથી છટકી ગએલા શિકારને પાછો મેળવવા માટેનો છેવટનો

પ્રયત્ન કર્યો. તેણે પ્રતાપપર આક્રમણ કરવાના ઉદ્દેશથી તેના શરીરપર પોતાના ઘોડાને દપટાવ્યો; પણ પ્રતાપે પેચ લડાવીને તેના ઘોડાને પોતાના શરીરપર પડવા ન દેતાં દાઊદખાનને તેની કમરમાં હાથોને વીંટાળીને ઘોડાની પીઠપરથી નીચે ખેંચી લીધો. એવી રીતે દાઊદને શત્રુના હાથમાં સપડાયલો જોઇને નિરુત્સાહ થયેલા તેના સિપાઇઓએ યુદ્ધનો ત્યાગ કર્યો અને રાજપૂતો પાસેથી તેઓ જીવનદાન માગવા લાગ્યા. રાજપૂતોએ ઉદારતા દર્શાવીને તત્કાળ શરણાગતોને જીવનદાન આપીને પ્રસન્ન કર્યા.

૬

એવી રીતે પોતાના અતુલ પરાક્રમનો પરિચય કરાવીને પ્રતાપે અજિતસિંહ માટે અફગાનો પાસેથી રાજગઢનો કિલ્લો જિતી લીધો, અને એ પરાક્રમના ઉપહારમાં તેને પદ્મિનીનો હાથ મળ્યો. પદ્મિનીએ દાઊદખાન માટે પ્રાર્થના કરવાથી તેનો જીવ બચ્યો, પણ પદ્મિની અત્યારે પ્રત્યક્ષ નજરે પડવાથી દાઊદખાનના મનમાં તેના વિશે પ્રથમ કરતાં પણ અધિક આસક્તિનો ઉદ્ભવ થયો. પ્રેમના ઉન્માદમાં તે બકયો કે,–"આજે મને જે આ સુંદર અને દેદીપ્યમાન સ્ત્રીના દર્શનનો લાભ થયો છે, તેની સાથે સરખાવતાં, આ કિલ્લો અને આ દેશ મારા હાથમાંથી ચાલ્યા ગયા છે, એ હાનિ કાંઈ પણ બિસાતમાં નથી!" એ પછી તે મનોગત કહેવા લાગ્યો કે;–"ચિન્તા નહિ. આજે નહિ, તો કોઇવાર ભવિષ્યમાં પણ હું આ સુંદરીને મારાં શસ્ત્રાસ્ત્રના બળથી હરીને લઇ જઇશ અને એને મારી બેગમ બનાવીશ!"

એ પછી દાઊદ ઘણાં વર્ષ પર્યન્ત જીવ્યો અને સેંકડો લડાઇઓ મારીને તેણે યશ મેળવ્યો, છતાં પદ્મિનીને બેગમ બનાવવાની તેની આશા અંત પર્યન્ત સફળ થઈ શકી નહિ.

ઉમરાવસિંહ રાઠોડ.

દેશનિકાલ.

રાજપૂતાનામાંનો રણદુર્મદ રાઠોડ રાજવંશ, અત્યારે કેવળ નામ-શેષ જ છે. પરંતુ ઈ. સ. ૧૬૩૪ માં તેની એ સ્થિતિ નહોતી. પ્રત્યક્ષ દિલ્લીના બાદશાહો પણ રાઠોડ વીરોના અતુલ બાહુબળથી ભયભર્યા થરથર કંપતા હતા.

વૈશાખ માસ ચાલતો હતો. વસંતઋતુમાંનો સુગંધિત મલયાનિલ અદ્યાપિ ભાસમાન થતો હતો. એ જ વૈશાખમાં એ જ દિવસે સંપૂર્ણ

મારવાડ દેશ એકાએક શોકસાગરમાં નિમગ્ન થઈ ગયો—જે મારવાડ દેશ આજ સુધી આનંદસાગરમાં વિહરતો હતો, અને રણધુરંધર યોદ્ધાઓના હુંકાર ધ્વનિવડે દેશ દિગંતને પ્રકંપાયમાન કરી મૂકતો હતો, તે જ મારવાડ દેશ આજે સર્વથા સ્તબ્ધ અને નિરાનંદમય જ બની ગયેલો જોવામાં આવતો હતો. પ્રલયકાળ પૂર્વે જેવી રીતે પ્રકૃતિ દેવી નિર્વાત અને નિષ્કમ્પ થઈ જાય છે, તેવી જ મારવાડની પ્રકૃતિ પણ આજે શાંત અને શિથિલ થઈ ગયેલી હતી. આજે કાંઈ પણ હૃદયવિદારક દેખાવ નજરે પડવાનો, એવી ભીતિથી સર્વનાં અંતઃકરણો વ્યગ્ર થએલાં હતાં. જ્યાં ત્યાં હાહાકારનો જ પ્રસાર થઈ રહ્યો હતો. એટલામાં તો કુમાર ઉમરાવસિંહને તેના પિતાએ ત્યાજ્ય પુત્ર ઠરાવીને મારવાડની ગાદીપરથી તેનો અધિકાર કાઢી નાંખવાના દુઃખકારક સમાચાર જોતજોતાંમાં સર્વત્ર પ્રસરી ગયા; શોકનું સત્ય કારણ વ્યક્ત થઈ ગયું.

મારવાડના સિંહાસને એ સમયે રાજા ગજસિંહ વિરાજતો હતો. ઉમરાવસિંહ, ગજસિંહનો પાટવી કુમાર હતો. પોતાનાં શૌર્ય અને વીર્ય આદિ ગુણોવડે એ યુવરાજ પ્રજાને બહુજ પ્રિય થઈ પડ્યો હતો. દિલ્લીપતિના સાર્વભૌમત્વને સ્વીકારીને રાજા ગજસિંહ પોતાના વિલક્ષણ પરાક્રમથી રણક્ષેત્રમાં પુરુષત્વ ગર્જાવતો હતો. તે વેળાએ પિતાને સહાયતા કરવાના કાર્યમાં ઉમરાવસિંહે જે અસાધારણ વીરત્વ પ્રકટ કર્યું હતું, તેથી બાદશાહની પણ તેનાપર અત્યંત કૃપાદૃષ્ટિ થઈ ગઈ હતી. સમસ્ત મારવાડમાં તે વેળાએ એની બરાબરી કરવાને કોઈ પણ સમર્થ હતું નહિ. પરતુ ક્ષાત્ર તેજથી દીપતા, એ અસામાન્ય વીરના અંગમાં એક મહા દોષનો નિવાસ હતો. ઉમરાવસિંહ તે ઉમરાવસિંહ જ હતો! તે રાજબીજ હતો. આજના રાજા તે રાજબીજ નહિ, પણ

સવૈયા—કોઉ ઘાંચનકે કોઉ મોચનકે, કોઉ લાડકવાય લુહારનકે;
કોઉ નાયઉકે કી તંબોલનકે, કોઉ સાંઈ સુતાર કુંભારનકે;
કોઉ ધોબનકે કોઉ ચોબનકે, કોઉ મેમન કોઉ ગૅંવારનકે;
જહૈં એસે મિલિ સબ રાજ કરે બ્હાં, જોર ચલે કહા ચારનકે.

તેનો સ્વભાવ બહુ જ કરડાકીવાળો, ને અત્યંત માની હતો. વિનય એટલે શું, એની તો એ વીરને સ્વપ્ને પણ કલ્પના હતી નહિ. નમ્રતા સાથે એ અલૌકિક સાહસપ્રિય શૂરવીરની ઓળખાણ પણ નહોતી. એ જ દુર્ગુણ અંતે તેના નાશનો હેતુ થઈ પડ્યો. તેનો આવો અભિમાની અને ઉચ્છૃંખલ સ્વભાવ અંતે તેના પિતાને અણગમતો થઈ પડ્યો. “મારા મરણ પછી રાજ્યની સત્તા કુમારના હાથમાં આવશે તો પ્રજાની શી ગતિ

થશે ?" એ વાતનો તેના મનમાં બહુ જ મોટો વિચાર થઈ પડ્યો. આજે ઉમરાવસિંહને તેણે એ બાબતમાં ઘણોક સમજાવ્યો, પરંતુ ઉમરાવસિંહે, એ વાતને લેશ માત્ર પણ ગણકારી નહિ. કોપના આવેશમાં તે પોતાના પિતા સામે જેમ તેમ આડું અવળુ બોલી ગયો. પુત્રનું આવું વર્તન જોઈને ગજસિંહના મનમાં ઘણો જ ક્લેશ થયો. તેણે તત્કાળ પોતાના પ્રધાનમંડળને બોલાવીને ઉમરાવસિંહને રાજ્યના અધિકારથી દૂર કરી દીધો.

એ વાત ઉમરાવસિંહના સાંભળવામાં આવતાં તે બેભાન થઈ ગયો. હવે પાણી પીવા માટે પણ મારવાડમાં રહેવું નહિ, એવી તેણે પ્રતિજ્ઞા કરી. જનક જનનીનું છેલ્લીવાર મુખદર્શન કરીને રાજ્યલાભની આશાપર સદાનેમાટે પાણી મૂકી મારવાડનો યુવરાજ, એક સાધારણ નિરાધાર ભીખારી પ્રમાણે માતૃભૂમિનો ત્યાગ કરવાને તૈયાર થઈ ગયો.

કૃષ્ણવસ્ત્ર પરિધાન કીધા. કાળા રંગના ઘોડાપર સ્વાર થયો. ઉમરાવસિંહ નગરના દ્વાર સન્નિધ આવ્યો. ચારે તરફ લોકોની ભારે ભીડ જામી રહી. સર્વનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહેતી જોવામાં આવી. સર્વની મુખમુદ્રા શોકાકુળ થઈ ગયેલી જણાઈ સર્વે એકસરખો આક્રંદ કરતા જોવામાં આવ્યા. તલવારોના વાર મસ્તકપર થતા હોવા છતાં અને પ્રત્યક્ષ મૃત્યુને આંખો ફાડીને સામુ આવી ઉભેલુ જોવા છતાં પણ જે રાઠોડ બચ્ચાનાં નેત્રોમાંથી કોઈ કાળે અશ્રુબિંદુ પડતાં દેખાયાં નહોતાં, તે જ બહાદુર રાઠોડો આજે એક અજ્ઞાન બાળક પ્રમાણે ડૂસ્કાં ભરીભરી રડતા હતા. એટલામાં "મારવાડની ચતુઃસીમામાં હવે પછી ઉમરાવસિંહે પ્રવેશ કરવો નહિ," એવી ગજરાજની નિષ્ઠુર આજ્ઞા વજ્રાઘાત પ્રમાણે લોકોના સાંભળવામાં આવી. પિતાની એ કઠોર આજ્ઞાથી ઉમરાવસિંહનુ હૃદય તિલમાત્ર પણ વિચલિત થયું નહિ. ઘોડાને એડી મારીને ક્ષણના અર્ધભાગ જેટલા સમયમાં તે ત્યાંથી અદૃશ્ય થઈ ગયો.

એવી રીતે પોતાના યુવરાજને જ રાઠોડપતિ ગજસિંહે દેશાંતર દંડની શિક્ષા કરીને ભટકતો ભીખારી બનાવી દીધો.

દિલ્લીમાં ખટપટ.

ઉમરાવસિંહ મારવાડમાંથી, નાના પ્રકારનાં કષ્ટ અને દુઃખોને સહન કરતો કરતો, કેટલાક દિવસ પછી દિલ્લીમાં જઈ પહોંચ્યો. તેને તેના પિતાએ દેશનિકાલ કરવાની વાત બાદશાહ શાહજહાન સારી રીતે જાણતો હતો. બાદશાહની એ કાર્યમાં સંમતિ પણ હતી, છતાં પણ ઉમરાવસિંહ દિલ્લીમાં આવતાં જ શાહજહાને સન્માનથી તેને પોતાના દરબારમાં રાખ્યો. ઉમરાવસિંહની યોગ્યતાને બાદશાહ સારી રીતે ઓળ-

ખતો હતો. પોતાના વિલક્ષણ સાહસ અને અલૌકિક શૌર્યના પ્રતાપે ઉમરાવસિંહે અલ્પ સમયમાં જ બાદશાહનો પરિપૂર્ણ પ્રેમ મેળવી લીધો. બાદશાહે તેને ત્રણ હજાર સૈનિકોનો મનસબદાર બનાવ્યો. તે વીરનરે નાગોરનું રાજ્ય જિતી બાદશાહના પગ આગળ મૂક્યું.

જો કે આટલો બધો તે બાદશાહના અનુગ્રહને પાત્ર હતો, તોપણ હમેશને માટે બાદશાહ સમક્ષ હાથ જોડીને ઉભા રહેવાને અને સર્વથા બાદશાહની ઇચ્છા પ્રમાણે જ વર્તવાને તે વીર શિરોમણિ ધિક્કારતો હતો. અર્થાત્, કેટલેક અંશે પરાધીન હોવા છતાં પણ તે પૂર્ણ સ્વતંત્રતા અને સ્વચ્છંદતાથી જ વર્ત્યા કરતો હતો. સગવડ હોય ત્યારે મૃગયા—શિકાર—ઇત્યાદિ મૌજ કરતો ને સુખથી પોતાનો સમય વીતાડતો હતો.

એક દિવસે બાદશાહની પરવાનગીની પણ પરવા ન કરતાં તે વ્યાઘ્ર અને સિંહ આદિ પશુઓનો શિકાર કરવા માટે દિલ્લી છોડીને બહાર જંગલમાં નીકળી ગયો. પાછો ફરતાં જ પરવાનગી લીધા વિના દરબાર છોડી બહાર જવા માટે બાદશાહ શાહજહાને તેને કેટલોક ન છાજતો ઠપકો આપ્યો અને એ અપરાધ માટે દંડ આપવો પડશે, એવી ધમકી બતાવી. તેજસ્વી રાઠોડ વીરથી એ અપમાન સહી શકાયું નહિ. તેના શરીરમાં કોપવિદ્યુતનો પ્રવાહ વહન કરવા લાગ્યો. મુખ લાલચોળ થઈ ગયું. નેત્રોમાંથી અગ્નિની જ્વાળા બહાર પડવા લાગી.

તલવારની મૂઠપર હાથ રાખીને ઉમરાવસિંહ મહા આવેશથી કહેવા લાગ્યો કેઃ—"રાજપૂત વીરને બીજા કોઈ પણ દંડની ખબર હોતી નથી. તેનો દંડ માત્ર તેની તલવાર જ છે. જ્યારે જ્યારે પણ તેને દંડ દેવાનો સમય પ્રાપ્ત થશે, ત્યારે ત્યારે તે એજ દંડ આપવાનો !"

કવિત—અર્જુન ધનુષ બાણ, ભૂખણ જાનત કિધૌં,
ભીમકી ગદાહે કિધૌ, જંગ જય કાજકી;
વાસવકો વજ્ર, વાસુદેવ જૂકો ચક્ર કિધૌ,
રેવતેશ મૂસલ જ્યોં મ્લેચ્છ ક્ષય કાજકી;
દંડન અદંડનિકો, દંડધર દંડ કિધૌ,
કિધૌ નખ પાંતી તીવ્ર, સિંહ સરતાજકી;
શંભૂકો ત્રિશૂલ, શંભૂ સુતકો કુઠાર કિધૌં,
શંભૂ સુત શક્તિ શમશેર ઉમેરાજકી.

શાહજહાન બાદશાહ કે જેની ઇચ્છા માત્રથી જ તે વેળાએ સમસ્ત ભરતખંડનાં સૂત્રો ચાલતાં હતાં, તે ભારતેશ્વરને તેના જ દરબારમાંનો એક

રાઠોડ વીર દર્પોક્તિ સંભળાવે, એ તેનાથી કેમ સહન કરી શકાય વારુ? ઉમરાવસિંહનો એ જવાબ સાંભળીને બાદશાહ બહુ જ કોપી ઉઠયો તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, 'એ રાઠોડ હોય, કે ગમે તે હોય, પણ અત્યારે તો મારો આશ્રિત જ છે, અને આશ્રિત પુરુષે આવી ઉદ્ધતાઈ રાખવી, એ કોઈ પણ રીતે યોગ્ય નથી જ!' એવા વિચારથી તે મનમાંને મનમાં જ બળવા લાગ્યો. પરંતુ એ રાઠોડ વીર સમક્ષ પ્રત્યક્ષ કાંઈ પણ બોલવાની એ બાદશાહની પણ હિંમત ચાલી શકી નહિ. મનમાં ને મનમા એ ક્ષણે જ તેણે દૃઢ પ્રતિજ્ઞા કરી કે, "જો આ રાઠોડના મદનું મર્દન કરું અને એની પાસેથી દંડ વસૂલ કરુ, તો જ મારુ નામ શાહજહાન ખરું!"

બીજે દિવસે બાદશાહે સલાબતજંગ નામના પોતાના એક સરદારને બોલાવ્યો, અને કહ્યું કે, "ગમે તે ઉપાય કરીને પણ ઉમરાવસિંહ પાસેથી દંડ તો વસૂલ કરવો જ જોઇએ." સલાબતજંગ બાદશાહનો એક મુખ્ય કામદાર હતો અને બાદશાહની કૃપાદૃષ્ટિ મેળવવા માટેનો આ યોગ્ય પ્રસંગ છે, એમ ધારીને તેણે અત્યંત નમ્રતાથી જવાબ આપ્યો કે, "ખુદાવંદના હુકમનો અમલ અવશ્ય કરવામાં આવશે, પછી એ કાર્યમાં પ્રાણ જાય તો ભલે જાય, મને તેની પરવા નથી!"

એ જવાબ સાંભળીને બાદશાહ ઘણો જ ખુશ ખુશ થઈ ગયો અને ત્યાર પછી તેણે સલાબતજંગને જવા માટેની આજ્ઞા આપી.

સલાબતજંગ માર્ગમાં ચાલતાં ચાલતાં કેવી રીતે અને શી યુક્તિ કરીને ઉમરાવસિંહ પાસેથી દંડ વસૂલ કરવો, એનો વિચાર કરવામાં નિમગ્ન થઈ ગયો. માર્ગમાં પાંચ દશ માણુસ સાથે તો તે અથડાઈ પણ પડ્યો. કારણ કે, વિચારપરંપરાએ તેના દૃષ્ટિજ્ઞાનનો નાશ કરી નાંખ્યો હતો. અંતે એક વાત સૂઝી આવી હોય, એવો તેની મુખમુદ્રાપરથી ભાસ થવા લાગ્યો અને તેના મુખમંડળમાં કાંઇક આનંદની છટા દેખાવા લાગી. તરત તે ત્યાંથી એક બીજા માર્ગમાં ચાલતો થયો.

રાજપૂતતેજ.

દિલ્લીના "દીવાને આમ" નામના રાજગૃહમાં મોટો દરબાર ભરાયલો છે. ઇતિહાસ પ્રસિદ્ધ રત્ન ખચિત મયૂર સિંહાસન–તખ્તેતાઉસમાં બાદશાહ શાહજહાન વિરાજમાન થયેલો છે. મોટા મોટા અમીર, ઉમરાવ, સરદાર, જાગીરદાર અને કચનીઓ હાથ જોડીને ઉભાં છે. દરબારમાં આજે ઉમરાવસિંહનો ઇન્સાફ થવાનો છે. ફરીયાદી સલાબતજંગ દંડ વસૂલ કરવા માટે ઉમરાવસિંહને ઘેર ગયો હતો અને ત્યાં તેણે રાજપૂત વીરને શબ્દોથી બની શકે તેટલું અપમાન આપ્યું હતું. તે

શૂરવીર રાજપૂતથી એ શબ્દો સહન ન કરી શકાવાથી તેણે તેને પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂક્યો હતો. એ વાત મીઠું મરચુ ભભરાવીને બાદશાહ આગળ રજુ કરતાં તે કહેવા લાગ્યો કે, "ખુદાવંદ ! એ મગરૂર રાજપૂતે મારુ અપમાન કર્યું, એનું તો મને વધારે કશું પણ લાગતુ નથી, પરંતુ આ દાસનું અપમાન કરીને તેણે બાદશાહ સલામતનું જ અપમાન કર્યું છે, એ વાતને યાદ કરતાં છાતી ચીરાઈ જાય છે, અને જિગર ફાટી જાય છે." અને તે એ રાજપૂતને ઘેર પણ શાહનો હુકમ બજાવવા માટે જ ગયો હતો.

એ વાત ચાલતી હતી, એટલામાં ઉમરાવસિંહ પોતે જ દરબારમાં આવીને હાજર થયો. બાદશાહે બહુ જ કોપભરેલી નજરથી તેની સામુ જોયું. એ પ્રસગને સાધી લઇને સલાબતખાંએ અનેક ખોટી બનાવટી વાતો કહીને, બાદશાહના કોપાનળને બની શકે તેટલો વધારે પ્રજ્વલિત કર્યો.

ઉપર કહેલું જ છે કે, સલાબતજંગ બાદશાહનો એક મોટો કામદાર હતો, અને બાદશાહના તેનાપર ચારે હાથ હતા. એવા મોટા મુસલમાન સરદારનું ઉમરાવસિંહ જેવા એક સાધારણ હિંદુએ અથવા બીજા શબ્દોમાં કહીએ તો કાફિરે અપમાન કરવાની હિંમત કરી, એ વાત બાદશાહથી સહન કરી શકાઈ નહિ. તેની મગરૂરીમાટે તે રાજપૂતને બાદશાહના હાથે યોગ્ય શિક્ષા કરાવ્યા વિના સલાબતજંગના મનને પણ ચેન પડે તેમ ન હોતું જ, એટલા માટે પોતાના મનમાંથી ઉપજાવી કાઢેલા અનેક મિથ્યા આરોપો ઉમરાવસિંહના શિરે ચડાવીને તેને જે પ્રકારે સખતમાં સખત સજા મળે, તેવો પ્રયત્ન કરવામાં સલાબતખાંએ કશી પણ કચાશ રાખી નહિ. ઘણીકવાર સૂધી તે મોઢામાંથી જેમ આવે તેમ બકે જ જતો હતો. આ વખતે તેને બીજું કોઈ અટકાવનારુ તો હતું જ નહિ.

ઉમરાવસિંહ દૂર ઉભો હતો. જેમ જેનો દરજ્જો મોટો, તેમ બાદશાહના નિકટમાં—વધારે નજદીકમાં બેસવાનો તે સરદાર હક્કદાર થતો હતો. દરબારના એ નિયમ પ્રમાણે બીજા અનેક સરદારોને ઉમરાવસિંહ કરતાં બાદશાહની વધારે નજીકમાં બેસવાની જગ્યા મળેલી હતી. ભરદરબારમાં સલાબતખાં જ્યારે વિનાકારણ ગમે તેવા અસત્ય દોષારોપણ કરવા લાગ્યો, એટલે અંતે ઉમરાવસિંહનો પિત્તો ઉકળી આવ્યો. તે પોતાનું ભાન ભૂલી ગયો. તે એકદમ મ્યાનમાંથી તલવાર કાઢીને ઉભો થઈ ગયો. આગળ બેઠેલા અમીર ઉમરાવને પોતાના માર્ગમાંથી દૂર હટાવીને ક્ષણના અર્ધ ભાગમાં તે સલાબતજંગ પાસે આવી પહોંચ્યો. કોપના અત્યત વેગથી તે ગાંડા જેવો બની ગયો. સલાબતખાં

તેના આવા રંગને જોઈ ગર્વગજિત થતો બાદશાહની પાસે પાસે ખસવા લાગ્યો, પરંતુ ઉમરાવસિંહની તેજસ્વિની તલવારે પળ માત્રમાં તે અસત્ય-વાદી સલાબતખાંના હૃદયમાં પ્રવેશ કર્યો અને તે પાપી, મિથ્યા આરોપ મૂકવાના પાપમાંથી સદાનેમાટે મુક્ત થઈ ગયો.

માત્ર સલાબતખાંનો નાશ કરવાથી જ ઉમરાવસિંહનો કોપાગ્નિ શાંત થયો નહિ. અસત્ય આરોપોમાં વિશ્વાસ રાખીને જે બાદશાહ કેવળ અન્યાયથી જ તેને દંડ દેવાને તૈયાર થયો હતો, તે શાહજહાન બાદશા-હને પણ તેના અન્યાયમય વર્તનમાટે–રાજપૂતોના અપમાન કરવાના ઘોર પાતકમાટે પ્રાયશ્ચિત આપવાને તે તૈયાર થઈ ગયો. એમ કરવા વિના તે રાજપૂત વીરનો કોપાનળ શાંત થાય તેમ નહોતું. આંખના પલકારા જેટલા સમયમાં સલાબતખાંના અપવિત્ર રક્તથી ખરડાયલી તલવારને ઉગામીને ઉમરાવસિંહ બાદશાહના શરીરપર ધસી ગયો. એ વખતે પ્રખર સૂર્ય પ્રમાણે તેનાં ઉભય નેત્રો પ્રજ્વલિત થયેલાં હતાં–તે સાક્ષાત્ કૃતાંત સ્વરૂપ જ લાગતો હતો. તેની આવી ભયકરતાનું દર્શન કરીને બાદશાહ એકદમ ગભરાઈ ગયો, અને સિંહાસનપરથી ભૂસ્કો મારી, મહાપરિશ્રમથી જનાનખાનામાં પેસી ગયો. છેડાયલા સિંહને પોતાનો શિકાર છટકી જવાથી નિરાશ થઇને બેસી રહેવુ પડ્યું. બાદશાહનું આયુષ્ય બાકી હતું, એટલે તે કોઈ પણ રીતે પોતાનો પ્રાણ બચાવી શકયો.

એ વેળાએ ઉમરાવસિંહના મુખનું નિરીક્ષણ કરવાની પણ કોઇ-નામાં શક્તિ હતી નહિ. તેનાં નેત્રોમાંથી આગની ચીગારીઓ વર્ષતી હતી અને તલવારમાંથી વીજળી નીકળવાનો ભાસ થતો હતો.

વિશ્વાસઘાત.

દુહો—વૃશ્ચિક નિજ માતાતણું, પેટ ફોલિને ખાય
એ કે'વત ભવમાંય કે, "ઘર ફૂટે ઘર જાય."

બાદશાહને નાસી ગયેલો જોતાં જ ઉમરાવસિંહ વધારે છેડાયો. દરબારમાં બધા પોતપોતાના જીવને ઉગારવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એક હિંદુએ ભર દરબારમાં પ્રત્યક્ષ બાદશાહ સમક્ષ પોતાના કરતાં ઉંચી પદવી ધરાવનારા અમીર ઉમરાવનું અપમાન કરેલું જોઇને અનેક મોગલ સરદારો ખળભળી ઉઠ્યા. એટલામાં તો તે વીરનરે સલાબતખાંના શરીરનો પોતાની તલવારને ભોગ આપી દીધો. એ બનાવને જોતાં જ બધાના હાથમાં નગ્ન તલવારો ચમકવા લાગી. ઉમરાવસિંહ બાદશાહના તખ્ત તરફ દોડતાં જ સર્વેએ જે કોલાહલ કર્યો, તે અવર્ણનીય હતો. થોડા જ વખત પહેલાં જે દરબાર પોતાની અપૂર્વ શોભા, અનુપમ

સુંદરતા, અને પૂર્ણ ગંભીરતાથી પ્રત્યક્ષ ઇન્દ્રની સભાની પણ સ્પર્ધા કરતો દેખાતો હતો, તે જ દરબાર અત્યારે શોણિતપ્રવાહ અને છિન્ન ભિન્ન મૃત કલેવરોની વિપુલતાથી અત્યંત ભયાનક સ્મશાન સમાન દેખાવા લાગ્યો.

એક બાજુએ ઉમરાવસિંહ અને તેના કેટલાક અનુયાયીઓ અને બીજી બાજુએ દરબારમાંના સર્વ સરદારો તથા પહેરેગીરો ઉભા હતા. જોતજોતાંમાં ઉમરાવસિંહે પોતાની તીક્ષ્ણ ધારવાળી તલવારથી એક પછી એક અનુક્રમે પાંચ મુસલમાન સરદારોનાં માથાં ધડપરથી ધડ દેતાં કે ઉડાવી દીધાં. સર્વત્ર હાહાકારનો પોકાર થઈ ગયો. મોગલ સરદારો એક પછી એક પાછા હટવા લાગ્યા. નૃસિંહાવતાર ધારણ કરીને રણમાં આગળ પડેલા તે રાઠોડસિંહ સમક્ષ જવાની કોઇની પણ છાતી ચાલી નહિ. સર્વના મુખનું તેજ ઉતરી ગયું, અને ભયથી સર્વ થરથર કંપવા લાગ્યા.

'મરતા કયા ન કરતા' એક માણસ મરણીયો થઈ પોતાના જીવની પરવા ન રાખીને યાહોમ કરી, રણસંગ્રામમાં કૂદી પડે છે, ત્યારે તે સોના જીવને ભારે થઈ પડે છે, એમ જે કહેવાય છે, તેનું આ એક જીવતું જાગતુ અને પ્રત્યક્ષ ઉદાહરણ છે.

ઉમરાવસિંહને કોઈ પહોંચી શકયું નહિ; પણ અંતે પરાક્રમથી જે કાર્ય થવું અશકય હતું, તે વિશ્વાસઘાતથી નિર્વિઘ્ન પાર પડી ગયું. ઉમરાવસિંહનો સાળો અર્જુનગોર મિત્રભાવથી સાંત્વન કરવાનો દંભ કરીને તેની પાસે ગયો; અને તે અધમાધમ સાળાપર વિશ્વાસ રાખીને તે શૂરવીર રાજપૂત કિંચિત્ અસાવધ થતામાં જ તે નીચ વિશ્વાસઘાતક અર્જુનગોરે એક તીક્ષ્ણ કટારને ઉમરાવસિંહ–પોતાના બનેવી–ની છાતીમાં ઘોંચી ઘાલી તેનો ઘાત કરી નાંખ્યો. હાય! અદૃષ્ટ અથવા કોઈ કર્મની પ્રબળતાથી પોતાની માતૃભૂમિ, જનક જનની અને ઇષ્ટજનોથી વિયુક્ત થયેલો તે શૂરવીર રાઠોડ નરપુંગવ આમ વિશ્વાસઘાતનો ભોગ થઇને પોતાની પત્નીના ભાઇના હાથે જ માર્યો ગયો. તેના મરણ પછી તેના અનુયાયીઓની પણ એવી જ દશા થઈ.

સંન્યાસિની.

સ્મશાનભૂમિ.

એક નદીના તીરે બળીને ભસ્મીભૂત થયેલી ચિતા સમક્ષ જુઓ. ભીખારણ જેવા વેશવાળી, છૂટા ચોટલાવાળી અને અત્યંત ઉતરી ગયેલા ચેહરાવાળી કોઈ એક સ્ત્રી બેઠેલી છે. તે કોઈ સંન્યાસિની જેવી જ દેખાય છે. તેની સ્થિતિ નિર્જીવ અને પ્રાણુવિહીન ચિતાની ભસ્મ જેવી જ થઈ ગયેલી આપણા જોવામાં આવી શકે છે. તેનું હૃદય પણ આજે સુખદુઃખના વિકારથી રહિત થઈ ગયેલુ હોય, એવો પ્રત્યક્ષ ભાસ થાય છે. સમસ્ત શરીરમાં ભડભડાટ બળતી અગ્નિજ્વાળાનું શમન કરવામાં તેણે પોતાના રુધિરનો નાશ કરી નાંખેલો છે. તે સર્વથા નિર્જીવ અને પ્રાણુવિહીન જ બની ગઈ છે. જે અપકવ હૃદય, નૂતન પ્રેમ, નૂતન આશા અને નૂતન ઇચ્છાથી થોડા સમય પહેલાં જ પ્રફુલ્લિત થયેલું હતું, તેનું આમ એકાએક આવું દુઃખકારક અને ભયકર પરિણામ થશે, એવો કોઇના મનમા પણ ભાસ થયો હશે ખરો કે? કદાપિ નહિ. એ જ નિઃસર્ગનો પ્રભાવ. સૂર્યનો અસ્ત થયો, રાત્રિનું આગમન થયું અને ચક્રવાકિ પક્ષિણીના આખી રાત સૂધી પોતાના પતિના વિયોગદુઃખને સહન કરવાનો આરંભ થયો! જોધાબાઈ! તારી દુર્દશા ચક્રવાકિ પક્ષિણી કરતાં પણ વધારે ભયકર અને વધારે શોકપ્રદ છે! તારી આ કઠોર રાત્રિનો તારા આ અવતારમાં તો અત આવવાનો નથી જ!

એક સમયે જ્યારે જોધાબાઈ વિકસિત કુસુમ પ્રમાણે પ્રફુલ્લિત મુખથી હસતી હસતી પોતાના પ્રિયતમનો હાથ ઝાલીને એ નદી તીરે બેસીને વાર્તાલાપ કરતી હતી, જ્યારે તે નદીના પ્રવાહમાં પુષ્પો નાંખીને પોતાનાં નાનાં નાનાં સુકોમળ ચરણોવડે જળતરંગ સાથે તેમને અહીં તહીં ફેરવતી અથવા નચાવતી હતી અને જ્યારે તે બન્ને પ્રિયા પતિ પાણીના પ્રવાહમાં પ્રવેશ કરીને એક બીજાના શરીરપર જળના બિન્દુ ઉડાડી જળક્રીડા કરતાં હતાં, તે વેળાએ એ આનંદનું શોકકારક અને ભયાનક પરિણામ થશે, એવી કોઇના મનમાં કલ્પના પણ ક્યાંથી આવે?

એક દિવસ એ નદીના તીરે બેસીને કુમાર પોતાની ભાવી સ્થિતિનું વર્ણન કરતો હતો અને પોતાની સુખપ્રદ કલ્પનાવડે સુખમય અને ઉજ્જ્વલ ચિત્ર આલેખીને પોતાની પ્રિયાને બતાવતો હતો, તે વેળાએ જાગૃતાવસ્થામાં તો શું પણ સ્વપ્નમાં પણ જોધાબાઇને એમ નહિ લાગ્યું

હોય કે, 'મને પોતાને એક દિવસ આજના સ્મશાનવાસિની સંન્યાસિનીના વેશમાં એ જ નદી તીરે આવવું પડશે ?' હાય ! હાય ! કર્મની કેવી અને કેટલી બધી ગહન ગતિ !

વિયોગવેદના.

વસંતઋતુના એક દિવસના પ્રભાતનો સમય પ્રવર્ત્તમાન હતો. નદીના પાત્રમાં રવિકિરણો તરંગભંગથી કંપાયમાન થતાં હતાં. સુશીતલ સુગંધિત મંદ વાયુ નદીના પૃષ્ઠ ભાગપરની ક્ષુદ્ર લહરીઓ સાથે ખેલ કરી રહ્યો હતો. એક મંજરીયુક્ત આમ્રવૃક્ષ તળે નદી તીરે કુમાર અને જોધાબાઈ બન્ને પ્રેમીજન બેઠેલાં હતાં. આમ્રવૃક્ષની એક ડાળીપર કોકિલા પોતાના સુમધુર પંચમ સ્વરના તાનમાં ગિલ્તાન થયેલી જોવામાં આવતી હતી. જોધાબાઇનું મુખ મ્લાન થયેલું દેખાતું હતુ. તેના મુખમંડળમાં સ્મિતની એક લકીર પણ દૃષ્ટિગોચર થતી ન હોતી. તેના નેત્રોમાં અશ્રુ ભરાઈ આવ્યાં હતાં. મેવાડનો સેનાપતિ અજયસિંહ યવન સેનાપતિ મહબ્બતખાનની ગતિનો પ્રતિબંધ કરવા માટે રાજ્યની સીમાના અંતમાં આવેલા પર્વત વિભાગમાં જવાનો હતો. એ સમયે કુમાર પણ અજયસિંહ સાથે યુદ્ધમાં જવાનો હતો. એ સમાચાર સાંભળીને જોધાબાઈ બહુ જ ખિન્ન અને દિલગીર બની ગઈ હતી. એક શાખામાંનાં બે પુષ્પો પ્રમાણે એક બીજાના સહવાસમાં જ તેઓ નાનાંથી મોટાં થયાં હતાં. "જો કુમાર જશે તો હું એકલી મારા જીવનનો કાળ કેમ કરીને વીતાડી શકીશ ?" એવા એવા અનેક વિચારો તેના મનમાં ઉત્પન્ન થવા લાગ્યા. જોધાબાઈ વિરહની વ્યથાથી અત્યંત વ્યાકુળ બની ગઈ હતી. એકાએક તેનાં નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ વહી નીકળ્યો. તેની આવી અવસ્થાનુ અવલોકન કરી પ્રેમથી તેની આંખોમાંનાં આંસુને લૂછતો કુમાર ગદ્‍ગદિત સ્વરથી કહેવા લાગ્યો –

"પ્રેમઘેલી ! આટલી બધી અધીર અને શંકાશીલ કેમ બની જાય છે ? હું સત્વર જ પાછો આવીશ."

એનું જોધાબાઇએ કશું પણ ઉત્તર આપ્યું નહિ. માત્ર અશ્રુ ભરેલાં નેત્રોથી તે એકીટસે કુમારના મુખનું સ્તબ્ધતાથી નિરીક્ષણ કરતી બેસી રહી. કુમાર પાછો કહેવા લાગ્યો કે "જે વેળાએ શત્રુઓનો સંહાર કરી, મહારાજા પાસેથી વિજયમાળા મેળવીને હું તારા ગળામાં આરોપીશ, તે વેળાએ.... ..." એટલું બોલતાં જ તેનું મુખ પ્રફુલ્લિત થયું, નેત્રોમાં નીરનો આવિર્ભાવ થયો અને તેથી નેત્રો અધિક તેજસ્વી દેખાવા લાગ્યાં, તેની આશા અને પોતાની ભાવિ સુસ્થિતિનું મનોહર તેજસ્વી

ચિત્ર તેનાં નેત્રો સમક્ષ આવીને ઉભાં રહ્યાં. તે પુનઃ એકવાર ગદ્‌ગદિત સ્વરથી બોલ્યો કે, "પ્રિયે! તે વેળાએ તારા મનમાં કેટલો બધો આનંદ થશે, એની તારા મનમાં અત્યારે કલ્પના માત્ર પણ છે ખરી કે?

જોધાબાઈ સજળ નેત્રોથી તેના તરફ જોતી કિંચિત્ હસી અને તરત જ ડોક નીચી નમાવી દીધી. કુમારથી પણ વધારે બોલી શકાયું નહિ. જોધાબાઇના હાથને પોતાના હાથમાં લઇને તે આનંદવિકસિત નયનોવડે તેના મુખચન્દ્રને કેવળ મુગ્ધવત્ જોવા લાગ્યો. એવી અવસ્થામાં કેટલોક સમય વીતી ગયો. એટલામાં એકાએક પર્વતની દિશામાંથી સૈન્યના કોલાહલ, ઘોડાનાં પગલાં અને રણવાદ્યોનો કર્કશધ્વનિ તેમના સાંભળવામાં આવ્યો. જાણે નિદ્રામાંથી જાગૃત થયો હોયની! તે પ્રમાણેનો ભાવ કરીને કુમાર કહેવા લાગ્યો કે;—"રાજધાનીમાંથી સૈન્ય આવતુ દેખાય છે. પ્રિયે! ચાલ—આવ, આપણે ત્યાં જઇને સૈન્યગમનની શોભાનુ અવલોકન કરીએ." બંને જણુ ઉઠ્યાં અને માર્ગની એક બાજૂએ આવીને ઉભા રહી ગયાં.

આજે માર્ગમાં ઘણી જ ભીડ થયેલી જોવામાં આવે છે. કેટલો બધો ભયંકર કોલાહલ! આવી ધામધૂમ આ ડુંગરાળ ગામમાં આગળ કોઈ વેળાએ પણ કોઇના જોવામાં આવેલી હશે નહિ જ. રાજધાનીમાથી સેનાનું આગમન થએલુ છે. સુસજ્જિત ઘોડેસ્વારો એક હારમાં ચાલતા નજરે પડે છે તેમના ભાલાઓપર સૂર્યનાં કિરણો આવી પડવાથી બહુ જ ચમકાટ કરતા દેખાય છે. ગામમાંના બધા લોકો પોતપોતાના ધંધા રોજગારને છોડીને સૈન્યના એ ભવ્ય દેખાવનું અવલોકન કરવા માટે આવીને ભીડ કરી ઉભા છે. જોધાબાઈ એ ભયંકર અને વિસ્મયજનક અપૂર્વ દેખાવને જોઇને એટલી બધી મુગ્ધ બની ગઈ કે, એ ગડબડાટમા કુમાર તેનાથી ક્યારે અને કેવી રીતે છૂટો પડી ગયો, એનુ પણ તેને કાંઈ ભાન રહ્યુ નહિ. પરતુ પાછળથી કુમાર પોતાની પાસે નથી એમ જ્યારે તેણે જોયું અને જાણ્યું ત્યારે તેના વિશાળ મુગ્ધ નેત્ર ભયભીત હરિણી પ્રમાણે ચંચળ થયેલા દેખાવા લાગ્યા. તેનુ કૃશ અને કોમળ શરીર નાજુક વેલી પ્રમાણે થરથર કપવા લાગ્યું. તેણે જોયુ કે, એક બેફામ બનેલો ઘોડો સ્વારના હાથમાંથી છૂટી જઇને જે વચ્ચે આવે તેને પગ તળે ચગદી નાંખતો તેના પોતાના તરફ જ દોડતો આવે છે. માત્ર એક બે પળનો જ જો અવકાશ થયો હોત, તો તે ઘોડાની હડફેટમાં અવશ્ય આવી જ ગઈ હોત. પણ એટલામાં એક ભયકર ચીત્કાર કરીને તે જેવી ત્યા જ મૂર્ચ્છિત થઇને પડી ગઈ, તેવો જ

નિમિષાર્ધમાં ત્યાં એક ઘોડેસ્વાર આવી લાગ્યો અને તેણે તેને પોતાના ઘોડાપર ઉપાડી લીધી.

કેટલાક વખત પછી તે સાવધ થઈ. તેણે પોતાનાં વિશાળ નેત્રો ઉઘાડીને જોયું તો તે પોતાના ઘરમાં જ પલંગપર સૂતેલી હતી, એમ તેના જાણવામાં આવ્યું. હવે તો તે સારી શુદ્ધિમાં આવેલી હતી. તેણે પુન નજર ફેરવીને જોયું, તો એક સુદર તરુણ પુરુષ તેને પોતાના પલગ પાસે જ આસનપર બેઠેલો તેની દૃષ્ટિએ પડ્યો. તે તરુણ ઉત્સુકતા ભરેલા નેત્રોથી જોધાબાઇના મુખ તરફ જોતો બેઠો હતો, એ તે ચાલાક ચપળાએ તત્કાળ જાણી લીધુ.

સ્નેહસ્થાનનું પરિવર્તન.

કુમાર એકલો જ બેઠેલો હતો. નદી તીરપરની બકુલવૃક્ષ તળેની ભૂમિ પુષ્પોવડે પૂર્ણ આચ્છાદિત થએલી હતી. પરંતુ માળા ગુથવાને આજે જોધાબાઈ આવેલી ન હોતી. હાલમા જોધાબાઈ થોડાક વખતથી પહેલાં પ્રમાણે કુમાર સાથે ક્રીડા કરવાને આવતી ન હોતી, અને યદા કદાચિત્ કોઈ વાર આવતી હતી, તોપણ તે પૂર્વ પ્રમાણે કુમાર જોડે છૂટથી વાર્તાલાપ કરતી ન હોતી. ફૂલ વીણી અને તેનો હાર બનાવીને પહેલાની પેઠે તે હાર હસતી હસતી કુમારના ગળામાં પહેરાવતી ન હોતી. કુમાર તેના અંબોડામાં પુષ્પ ખોસતો ઉભો રહેતો હતો અને તે તેના મુખને તિરછી નજરથી સ્મિત સહિત જોયા કરતી હતી. એ તેની રીતિનો હવે લોપ થઈ ગયો હતો. અર્થાત્ આગળની સર્વ સ્થિતિ હવે બદલાઈ ગઈ હતી. કુમાર તેને હસાવવા માટેના હજારો પ્રયત્નો કરતો હતો, પરંતુ તે બાળાના મુખમડળમા આગળના જેવા સરળ અને શુદ્ધ સ્નેહના હાસ્યની છટા હવે કોઈવાર જોવામાં આવતી નહોતી. છતાં પણ અજયસિહને જોતાં તે યુવતીની એ અવસ્થામાં તત્કાળ એક પ્રકારનું વિલક્ષણ પરિવર્તન થઈ જતુ હતું. તેનાં નેત્રોની સ્વાભાવિક જ્યોતિ અને ઓષ્ઠોમાનું મધુર પ્રેમસ્મિત અજયસિંહને નિહાળતા જ વિકસિત્ત થયેલાં જોવામાં આવતાં હતાં.

કુમાર અને જોધાબાઈ એકબીજાના સહવાસમાં ઉછરીને જ નાનાથી મોટાં થયાં હતાં. તેમની બાલ્યાવસ્થા સાથે ખેલવા કૂદવામાં જ વીતી હતી. એ બન્ને પરસ્પર નિષ્કપટભાવથી જ વર્તતાં હતાં. એકના પ્રેમ વિષે કદાપિ બીજાના મનમા અવિશ્વાસ આવતો નહોતો. એમ હોવા છતાં અદ્યાપિ તેમનો લગ્ન સંબંધ થયો નહોતો. “જોધાબાઈ ઉપવર થશે, એટલે હું એના પિતા પાસેથી એના હાથની માગણી કરીશ”

એવો કુમારનો વિચાર હતો; પરંતુ તેની એ ઇચ્છા પૂરી થવાનો સમય નજદીક આવ્યો, એટલામાં અકસ્માત્ તેના શિરે વજ્રપાત થયો. "હું યુદ્ધમાં જઇને શત્રુઓનો સંહાર કરીશ, યશ મેળવીશ, મહારાજા મને મારા પરાક્રમ માટે મોટું ઇનામ આપશે અને મારો સત્કાર કરશે, એ વિજયચિહ્નોથી વિભૂષિત થઇને લગ્ન માટે એ યુવતીની સંમતિ મેળવીશ, એટલે તે મહા આનંદથી મારા ગળામાં વરમાળા આરોપશે." એવા સુખપ્રદ અને આનંદમય સ્વપ્નનો તે મિષ્ટ અનુભવ લેતો હતો, એટલામાં અચાનક તેની નિદ્રાનો ભંગ થઈ ગયો–તે જાગૃત થયો. "જોધા હવે મારી રહી નથી–તે અજયસિંહની થઈ ચૂકી છે" એ વાત તેના જાણુવામા આવી ચૂકી.

એકલોજ કુમાર બેઠો બેઠો પોતાના મનમાં કાંઈક વિચાર કર્યા કરતો હતો અને જોધાબાઈના આવવાની વાટ જોતો હતો. યુદ્ધમાં જવા પહેલાં એકવાર પાછો તેનો મેળાપ થાય તો સારુ, એવી કુમારની ઘણીજ ઇચ્છા હતી. તે મનમાંજ કહેવા લાગ્યો કે,–"જો એનું મને વિસ્મરણ થશે, તોજ આ મારા દેશમાં પાછો આવીશ અને જો એમ ન કરી શકાયું તો આ તેની અને આપણી છેલ્લી મુલાકાતજ સમજી લેવી! પણ શું એની વિસ્મૃતિ નહિ કરી શકાય કે? અરેરે! મારા જીવનની આશાનો એક દીપક ઓલવાઈ ગયો! રણાંગણમાં શત્રુઓમાં ઝૂંઝીને યશ મેળવવુ, એ આકાંક્ષાનો મારા હૃદયમાં બાલ્યાવસ્થાથીજ ઉદ્ભવ થયેલો છે. માતાના ખોળામાં બેસી બાલ્યાવસ્થામાં યવનોની દુષ્ટતા અને અત્યાચારોની વાતો જ્યારે હું સાંભળતો હતો, ત્યારે મારા શરીરમાંનું રક્ત કોપથી એકાએક ઉષ્ણ બની જતું હતું; શત્રુના રુધિરથી તલવારને લાલ બનાવીને પિતા પ્રમાણે યશસ્વી થવું અને પોતાની ગણના પ્રખ્યાત વીરોની પંક્તિમાં કરાવવી, એ મારી આજે લાંબા સમયની ઇચ્છા અથવા મહત્ત્વાકાંક્ષા છે. જોધાબાઇના પ્રેમથી પણ એ ઇચ્છાનો પ્રતિબંધ કરી શકાયો નહિ. પ્રેમ સાથે એ મહત્ત્વાકાંક્ષા પણ વૃદ્ધિગતજ થતી રહી હતી. કારણ કે, યુદ્ધમાં લઢીને નામાંકિત થવું, એજ જોધાબાઇને મેળવવાનો માત્ર એક ઉપાય છે, એવોજ આજ દિવસ સૂધી મને ભાસ થયા કરતો હતો. એક સમયાવચ્છેદે પ્રેમ અને યશની લાલસાએ મારા હૃદયમાં એક અપૂર્વ મિશ્ર મનોવિકારને જાગૃત કર્યો હતો. પરતુ હાય–અચાનક વચ્ચે અજયસિંહે આવીને અમારા બન્નેનો નાશ કરી નાખ્યો! મારી પ્રેમાકાંક્ષા તો હવે કોઈ કાળે પણ પૂરી થવાની નથીજ; માત્ર મનમાં યશની આકાંક્ષા અવશિષ્ટ રહેલી છે. કારણ કે, જોધાબાઇનો પ્રેમ હવે અજયસિંહમાં

બંધાયો છે—તે હવે અજયની થઈ છે. અજયને તેણે પોતે તેની સાથે લગ્ન કરવા માટેનું વચન આપેલું છે. ત્યારે યુદ્ધની સમાપ્તિ પછી એ બન્ને વિવાહ સબંધથી એક સાથે જોડાશે જ! અને હું?—"

એ અને એવા પ્રકારના બીજા પણ અનેક શોકકારક વિચારો કુમારના મનમાં એક પછી એક આવ્યા કરતા હતા અને વચવચમાંથી તે દીર્ઘ અને ઉષ્ણ નિ:શ્વાસ નાંખતો પણ જોવામાં આવતો હતો

ઉપર કહ્યા પ્રમાણે કુમાર એકલોજ બેઠેલો હતો. નદી પૂર્વ પ્રમાણે આજે ગંભીર અને મજુલ રવ કરતી વહેતી હતી. અસ્તાચળમાં જતા દિનમણિએ સંધ્યાકાલીન આકાશમાં પોતાનાં રક્ત વર્ણ કિરણોવડે એક પ્રકારની અપૂર્વ શોભાનો રગ ચમકાવ્યો હતો, અને તેનો પ્રતિબિંબ નીચે નદીના સ્ફટિકવત્ સ્વચ્છ અને નિર્મળ જળપ્રવાહમાં અત્યંત મનોહર અને આકર્ષક દેખાતો હતો. વટવૃક્ષની એક વાંકી વળેલી શાખાએ નિત્ય પ્રમાણે આજ પણ તે સુવર્ણસ્રોતમાં કૃષ્ણ વર્ણની ઘનચ્છાયા પ્રસારી દીધી હતી. કુમાર પાણીમાં પડેલી પોતાની છાયાનું અવલોકન કરતો હતો સૂર્ય અસ્તાચલમાં ચાલ્યો ગયો અને આકાશનો રગ અતિશય લાલ ભડકા જેવો દેખાવા લાગ્યો. નદીના પાણીમાં પડેલી વટવૃક્ષની છાયાપર બીજી પણ કોઇની છાયા તેની નજરે પડવા લાગી. તેની છાતી ધડકવા લાગી. થોડી વાર સુધી તે છાયાનુ નિરીક્ષણ કરવા પછી તે ત્યાંથી ઉઠ્યો અને ધીમે ધીમે ચાલીને વટવૃક્ષ તળે જઇને ઉભો રહ્યો. ત્યાં જોધાબાઈ ઉભી હતી. પશ્ચિમ દિશામાં આકાશની પ્રશાંત રક્તવર્ણ છટામાં જોધાબાઇની અશ્રુપૂર્ણ અને ખિન્ન મુખમુદ્રા ઉજ્જવળ અને મનોહર દેખાતી હતી. જોધાબાઇની દૃષ્ટિ ઉપર આકાશમાં લાગેલી હતી અને તેનાં નેત્રોમાંથી ખળખળ કરતો અશ્રુનો પ્રવાહ વહેતો જોવામાં આવતો હતો જ્યારે પણ કુમાર જોધાબાઇને રડતી જોતો હતો, ત્યારે તેના મનમા અસહ્ય દુ ખ થતુ હતુ. એટલે આજ પણ તેને તેવીજ વેદના થવા લાગી. તે પોતાના દુ ખને દાબીને અત્યત ખિન્ન સ્વરથી બોલ્યો કે—જોધાબાઈ! તું રડે છે શા માટે? એ રોદનનુ કારણ મને નહિ જણાવે?

જોધાબાઇમાં કુમારનો અતોનાત પ્રેમ હતો. જોધાબાઇનો પણ એક સમયે કુમારમાં એવો જ સ્નેહ હતો. પરતુ "હવે મારુ પ્રેમસ્થાન બીજું થએલુ છે, એ વાત જાણીને કુમારના મનમાં ઘણો જ ખેદ થશે અને એ નિરાશ બની જશે" એવો વિચાર જોધાબાઇના મનમાં કોઈ દિવસે પણ આવ્યો નહોતો જ. જોધાબાઈ કેવળ વ્યથિત હૃદયથી પ્રથમ પ્રમાણેજ પોતાના મિત્ર આગળ વિશ્વાસપૂર્વક પોતાના હૃદયને ઉઘા-

ડીને રડતી કહેવા લાગી કે;–"અજયસિંહ યુદ્ધમાં જાય છે અને મને લાગે છે કે, હવે મારી સાથે એનો મેળાપ થવાનો નથી જ."

કુમારે ધીમેથી એક દીર્ઘ અને ઉષ્ણ નિઃશ્વાસ નાંખ્યો. પોતાના દુઃખના તીવ્ર વેગને મનમાં ને મનમાં જ દબાવી રાખીને તે સદ્દગદિત અને નિશ્ચયાત્મક સ્વરથી બોલ્યો કે;–"જોધાબાઈ! તારે કોઈ પણ વિષયની ચિંતા કરવી નહિ. તારો અને એનો પુનઃ સત્વર જ મેળાપ થશે; એ વિશે લેશમાત્ર પણ સંશય જેવું નથી જ."

રણક્રન્દન.

હવે કશી પણ આશા રહી નહોતી. અજયસિંહ યવનસૈન્યના ભયંકર પ્રવાહનો અવરોધ કરવાના કાર્યમાં સર્વથા અશક્ત અને અસમર્થ થઈ ગયો હતો. મેવાડના સૈન્યને શત્રુઓની સેનાએ ચારે તરફથી ઘેરી લીધું હતું. સૈન્યમાંના હતબુદ્ધ, વિશૃંખલ, ભયભીત અને નિરાશ સૈનિકો ઉભા ઉભા ભાલાઓના આઘાત સહન કર્યાં કરે છે, કોઈ તલવાર ચલાવે છે, અને કોઈ સેનાપતિની આજ્ઞાની દરકાર ન કરીને જીવ બચાવી ન્હાસી જાય છે. એવી રીતે હિંદુ સેનાની ચારે બાજુએ ભય, નિરાશા અને પ્રલય ફરી વળેલા જોવામા આવતાં હતાં. સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો હતો. આવો મામલો જોઈને અજયસિંહ એકાએક ગભરાઈ ગયો અને તેણે શત્રુ સાથે સલાહ કરવા માટેનું કહેણ મોકલ્યું. યવનસૈન્યમાં ગર્વધ્વનિનો ઉદ્દભવ થયો. કુમારસિંહ અત્યાર સૂધી બીજી બાજુએ પોતાના બે હજાર સિપાહીઓના સાહાય્યથી શત્રુના દમનનો જીવ સટોસટનો પ્રયત્ન કરવામાં રોકાયલો હતો. સદ્દભાગ્યયોગે તે બાજુએ શત્રુઓનો પરાજય કરીને અજયસિંહને સહાયતા આપવા માટે તે બીજી બાજુએ આવી લાગ્યો. તેના યશસ્વી સૈન્યની રણગર્જના અને વિજયાનંદધ્વનિથી અજયસિંહના, ભયથી અહીં તહીં ન્હાસતા સૈનિકો પુનઃ આશા અને ધૈર્યને ધારણ કરીને પાછા ફરવા લાગ્યા અને ત્યાં આવીને એકઠા થયા. કુમારસિંહ જયોન્મત્ત થઈને સૈનિકો સમક્ષ ઉભો રહી, એક પછી એક વીજળીના વેગે આજ્ઞાઓ કરવા લાગ્યો. ઉત્સાહભરિત થઈને જયધ્વનિ કરતા સૈનિકો પ્રબળ પ્રતાપવડે પોતાનાં શસ્ત્રાસ્ત્રો ચલાવવા લાગ્યા, એટલે તરત જ ભાગ્યના પ્રવાહનું વહનસ્થાન બદલાઈ ગયું. યવન સેનાપતિ ગભરાટથી અર્ધમૃત સમાન બની ગયો અને તેના સૈન્યમાં મૂર્તિમાન્ ભય આવીને ઉભું રહેલું સર્વના જોવામાં આવ્યું. યવન સૈનિકો જ્યાં માર્ગ મળે ત્યાં નાસવા લાગ્યા. બ્હીકથી ન્હાસી છૂટેલા મહબ્બતખાનની પાછળ કુમારસિંહે પોતાના ઘોડાને દપટાવ્યો. મહબ્બતખાનનો ધવાયલો ઘોડો કેટલેક

દૂર સૂધી તો દોડી ગયો; પણ અંતે તે બિચારો ધડાક દેતો કે જમીન-પર પછડાઈ પડ્યો. એટલે કુમારસિંહ પણ પોતાના અશ્વપરથી ઉતરી પડીને ખાન સામો જઈને ઉભો રહ્યો. ખાન સર્વથા બેભાન થઇને પડ્યો હતો. પોતાની સાથેના માણસોને ખાનને ઉપાડીને લઈ જવાની આજ્ઞા આપીને કુમાર પોતે છાવણી તરફ જવાને નીકળ્યો. તે અડધે રસ્તે આવ્યો હશે, એટલામાં એક વૃક્ષ તળે અજયસિંહ પડેલો છે, એમ તેના જોવામાં આવ્યું. તરત જ તેણે પોતાનો ઘોડો તે તરફ ફેરવ્યો. અજયસિંહ ઘાયલ થએલો હોવાથી અત્યંત અસહાય અવસ્થામાં પડેલો હતો. કુમાર ઘોડાપરથી નીચે ઉતર્યો, એ વેળાએ અજયસિંહ તેનાથી માત્ર બે હાથના અંતરે જ હતો. અકસ્માત્ એક યવન સૈનિકે નેમ તાકીને અજયસિંહના શરીરપર પોતાનો ભાલો ફેંક્યો. હજી તો આંખ મીચાય ન મીચાય, એટલી વારમા તો અજયસિંહને પાછળ રાખી પોતે આગળ વધીને કુમારે તે ભાલાનો વાર પોતાના અંગપર ઝીલી લીધો. કુમારસિંહ ક્ષણ બે ક્ષણમાં તો જખ્મી થઇને જમીનપર આડો પડી ગયો. પડતાં પડતાં જોધાબાઈ પાસેથી વિદાય થતી વેળાનાં તેનાં અશ્રુ-યુક્ત, દીન, કરુણ અને નિરાશાપૂર્ણ મુખને તેણે પોતાનાં નેત્રો સમક્ષ આવીને ઉભું રહેલુ જોયું.

યુદ્ધમાં વિજય સંપાદન કરવા પછી અજયસિંહ પોતાના સૈન્યને લઇને રાજધાનીમાં ક્ષેમ કુશળતાથી પાછો આવી લાગ્યો. ઘાયલ થએલા કુમારસિંહને પણ તે પોતા સાથે લેતો આવ્યો હતો. કુમારના શરીરમાં અત્યંત ભયંકર અને અસાધ્ય પ્રહાર થયો હતો, અને તેથી તેના બચવાની બહુ જ થોડી આશા રાખવામાં આવતી હતી. લગભગ તેના જીવનનો અને તેની માનવલીલાનો અંત આવી રહેલો જ મનાતો હતો.

કુમારની ઉદારતા અથવા એકનો શ્રમ અને બીજાને લાભ.

સંસાર જાદૂના ખેલ પ્રમાણે છે. અદૃષ્ટ જાદૂગર કેવા કૌશલ્યથી એ ખેલ અથવા તમાશો ચલાવ્યા કરે છે, એ પ્રત્યક્ષ દેવોના જાણવામાં પણ આવી નથી શકતુ ત્યાં આપણા જેવા ક્ષુદ્ર કીટકવત્ માનવોની તે શી શક્તિ ચાલી શકે વારુ? કુમારસિંહના પરાક્રમના પ્રતાપે મેવા-ડના રાજપૂતોને એ યુદ્ધમાં જય મળ્યો હતો, પરંતુ સમસ્ત રાજ્યધાનીમાં અજયસિંહનાં યશોગાન ગવાતાં જ સાંભળવામાં આવતાં હતાં. સર્વત્ર તેનું જ નામ, તેની જ કીર્તિ અને તેની જ પ્રશંસા થતી જોવામાં આવતી હતી. કુમારસિંહના પોતાના સૈન્યમાંના સૈનિકો પણ અજયસિંહના એ અસત્ય યશવિરુદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારવાનું સાહસ કરી શકતા નહોતા. જો એવુ કાંઈ પણ આપણે બોલીશું તો તેથી નારાજ થઇને અજય

કોણ જાણે કેવી એ ભયંકર શિક્ષા કરી નાંખશે, એવો તેમના મનમાં મહાભારત ભય પેસી ગયો હતો. પ્રથમ પ્રથમ તો નગરમાંના પોતાના મિત્રમંડળને બધી ખરી હકીકત કહી સંભળાવવાનો તેમણે ઘણો જ સારો પ્રયત્ન કર્યો; પરંતુ તેમની એ વાત સાંભળી હસીને સામા તે મિત્રો તેમની જ મશ્કરી કરવા લાગ્યા. તેમને એ વાતમાં સત્યનો અંશ-માત્ર પણ દેખાયો નહિ. અજયસિંહના સૈનિકોએ પણ એ વાત સાંભળી અને તેમના મનમાં કેટલોક સંશય પણ આવ્યો; છતાં પણ તેઓ જાહેરમાં તો અજયસિંહની સ્તુતિ જ કરતા રહ્યા. કુમાર મરણ શય્યામાં પડ્યો હતો. તે બહુ જ અશક્ત થઈ ગયો હતો અને તે બિચારાના પક્ષમાં કોઈ પણ એવો બળવાન્ પુરુષ હતો નહિ, કે જે તેના પરા-ક્રમોને પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કરે. અસ્તુ.

રાજ્યધાનીમાં ખૂબ ધામધૂમ ચાલી રહી હતી. મહારાજા આજે સેનાપતિનું યોગ્ય સન્માન કરીને તેને ઉપહાર આપવાના હતા. રાજ-સભામાં મોટા મોટા અમીર, ઉમરાવ, સરદાર અને જાગીરદારોની એટલી બધી ભીડ થએલી હતી કે ન પૂછો વાત. સર્વત્ર ઠાઠ માઠ અને ચકચકાટનાં જ દર્શન થતાં હતાં. સહસ્રાવધિ સૈનિકો અને નાગરિક જનો સભામાં આવીને ઉત્સુક ચિત્તથી ઉભા હતા. એટલામાં રાજા રાજસિંહાસન ઉપરથી ઉઠીને ઉભો થયો અને તે હીરાથી જડેલી મૂઠ-વાળી તલવારને મ્યાનમાંથી બહાર કાઢીને કહેવા લાગ્યો કે;–"અજય-સિંહ! શત્રુઓનો પરાજય કરી તમે મેવાડનું સરક્ષણ કર્યું છે, એ માટે હું અને મેવાડની પ્રજા તમારો જેટલો આભાર માનીએ તેટલો થોડો જ છે તમે જે આ મહત્કૃત્ય કર્યું છે, તેની યોગ્યતા પ્રમાણેનુ જો કે આ ઇનામ નથી; તોપણુ... . . ..."

રાજાનું ભાષણ હજી તો પૂરુ થવાનું હતું, એટલામાં તો પ્રેક્ષક સમુદાયના જયધ્વનિથી આખું દીવાનખાનું ગાજી ઊઠયું, અને તે જય-ધ્વનિ હજી તો શાંતતામાં વિલીન થયો ન થયો, એટલામાં એક વૃદ્ધ સૈનિક તત્કાળ આગળ વધી આવીને ઉચ્ચ સ્વરથી કહેવા લાગ્યો કે;– "મહારાણાજી! રાજાધિરાજ! આપ જે મહત્ કાર્ય માટે અજયસિંહને ઉપહાર આપવાને તૈયાર થઈ ગયા છો, તે ઉપહાર લેવાનો એનો લેશ માત્ર પણ અધિકાર પહોંચતો નથી. અજયસિંહે યુદ્ધમાં જય મેળવ્યો જ નથી. સામો એ તો યુદ્ધમાં પરાજય પામીને શત્રુ સાથે સલાહના સદેશા ચલાવવાને પણ તૈયાર થઈ ગયો હતો. એટલામાં મારા સ્વામી કુમાર-સિંહે આવીને શત્રુઓને નસાડી મૂક્યા. કુમારસિંહે જ પોતાના બાહુ-બળથી વિજય મેળવેલો છે."

એ ભાષણ સાંભળતાં જ પ્રેક્ષકસમૂહમાં વિસ્મયજનક નિ:સ્તબ્ધતાનો પ્રસાર થઈ ગયો. અજયસિંહનું મુખમંડળ કોપથી રક્તવર્ણું બની ગયું. મહારાજાએ તલવારને પાછી મ્યાન કરી દઇને અજયસિંહને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો કે,–"સેનાપતિ! આમાં ખરી બીના શી છે, તે પ્રથમ જણાવશો કે?"

અજયસિંહની રક્તવર્ણું મુદ્રા તત્કાળ નિસ્તેજ બની ગઈ. તે મનમાં બહુ જ ગભરાઈ ગયો હવે શો ઉપાય કરવો, એના વિચારમાં ને વિચારમાં તે મૂક જેવો બની ગયો. ખોટુ બોલતાં ક્ષત્રિયધર્મને બાધ આવતો હતો, અને ખરું બોલી શકાય તેમ નહોતુ ડાહ્યો કાગડો બે પગે બંધાયો. 'આજ સૂધી આપણો જે આદરસત્કાર થયો અને જે માન સન્માન મળ્યુ, તે હવે તરતજ બીજાને મળશે! બીજાના યશ, ગૌરવ અને કીર્તિને જે મેં લૂટી લેવાનો પ્રયત્ન કર્યો અને જેનો ચોર પ્રમાણે ઉપભોગ લીધો, તે સર્વ પાછુ તેના ખરા હકદારને મળવાનુ જ, અને ભર દરબારમાં મારા નામપર છી! થૂ! થવાની. જેમના મુખમાંથી અત્યાર સૂધી મારી સ્તુતિના સ્તોત્રો નીકળતાં સંભળાતાં હતાં, તેમના મુખમાંથી હવે મારી નિંદાનાં વાકયો જ બહાર નીકળશે અને તેઓ મારાપર ધિક્કારનો વર્ષાદ વર્ષાવશે. એ કેટલી બધી નામોશી!' એવા એવા વિચારોથી તેના માનસિક ધૈર્યનો સર્વથા નાશ થઈ ગયો. તે કહેવા લાગ્યો કે–"રાજાધિરાજ! જે મને અપરાધી ઠરાવવાને બહાર પડ્યો છે, તેણે તે માટેની સબળ સાબીતીઓ દરબારમાં રજૂ કરવી જ જોઇએ. જો એવા પૂરાવા વિના જ ન્યાય કરવામા આવશે, તો એથી બહુધા અન્યાય થવાનો જ સભવ છે. પછી તો જેવી મહારાજાની ઇચ્છા અને ધારણા!"

અજયસિંહના એ મહત્ત્વના સવાદને સભાસદોએ તત્કાળ પુષ્ટિ આપી અને તેથી મહારાજાએ તે વૃદ્ધ સૈનિકને ઉદ્દેશીને કહ્યુ કે –"રણસિંહ! તારા સરદારે વિજય મેળવ્યો, એનો તારી પાસે પૂરાવો શો છે?"

રણસિંહ એથી જરા પણ ન ડગતા શાંતિ અને ધૈર્યથી કહેવા લાગ્યો કે,–"મહારાજાધિરાજ! બીજો પૂરાવો શા માટે જોઇએ? હું ક્ષત્રિય છુ, એટલો જ પૂરાવો બસ છે. ક્ષત્રિય કોઈ કાળે પણ અસત્ય બોલતો નથી."

"તારું એ કહેવુ ખરુ છે; પરતુ અજયસિંહ પણ તારા જેવો જ એક ક્ષત્રિય છે. માટે જો તારા વચનને હું સત્ય માનું છુ, તો તેથી અજયસિંહ ચોર ઠરે છે, એનું કેમ?" રાજાએ કહ્યું.

રણસિંહ પોતાના કોપની જ્વાળાને શમાવી શક્યો નહિ–તે ભયકર ગર્જના કરીને કહેવા લાગ્યો કે.–"અજયસિંહ તો ચોર કરતાંય

વધારે નીચ અને અધમ છે. કુમારસિંહે પોતાના જીવપર ઉદાર થઇને એના પ્રાણ બચાવ્યા, પરતુ આ કૃતઘ્નથી પણ કૃતઘ્ન તેના યશને જ લૂટવાને તૈયાર થઈ ગયો છે!"

"રણુસિંહ! તારી જીભને આટલેથી જ અટકાવી દે. આ રાજ-સભા છે, આ યદ્વા તદ્વા બોલવાનુ સ્થાન નથી. જો તારી પાસે એનો કાંઈ પણ પૂરાવો હોય, તો રજૂ કર અને નહિ તો અહીથી ચાલતો થઈ જા!" મહારાજાએ પણ કોપથી કહ્યું.

"એનો પૂરાવો કુમારસિંહના બે હજાર સૈનિકો જ આપશે." રણસિંહે નિર્ભયતાથી ઉત્તર આપ્યું.

"બે હજાર સૈનિકોની મને કશી પણ આવશ્યકતા નથી. તેમના-માંથી માત્ર બે માણસોને જ બોલાવી લાવ." રાજાએ આજ્ઞા કરી

રણસિંહ તે માણસોને બોલાવવા માટે જવા લાગ્યો, એટલે રાજાએ તેને અટકાવીને કહ્યુ કે;—"તારે જ જવાની કશી અગત્ય નથી, બીજો કોઈ પણ સિપાહી તેમને બોલાવી લાવશે."

એ રાજાની ઇચ્છા જાણતાં જ ત્યાં ઉભેલા સિપાહીઓમાંના બે ચાર જણ પોકાર કરીને કહેવા લાગ્યા કે—"કુમારસિંહના સૈન્યમાંના બે સૈનિકોએ અહી આવવુ, કારણ કે, તેમની સાક્ષી લેવાની છે."

એ પોકાર સાંભળીને કુમારસિંહના સૈનિકો ગભરાઈ ગયા તેમના મનમાં એવો વિચાર આવ્યો કે, "ચોરી છૂપીથી આપણે અજયસિંહ વિરુદ્ધ જે કાંઈ પણ બોલ્યા છીએ, તે બધુ ખુલ્લુ થઈ ગયું છે." ન્યાય તો અવશ્ય અજયસિંહના પક્ષમાં જ અપાવાનો, એવો તેમનો એક પ્રકારે નિશ્ચય જ થઈ ગયો હતો અને એથી 'આપણી સાક્ષી લેવા પછી આપણને રાજા સૂળીએ જ ચડાવશે' એવી તેમની ધારણા બંધાઈ ગઈ હતી. એટલા માટે કોઈ પણ સૈનિક હિમ્મત કરીને આગળ આવ્યો નહિ. "મહારાજા કુમારસિંહના બે સૈનિકોને બોલાવે છે, માટે તેમણે આગળ આવવુ જોઇએ." એવો દરબારના સિપાહીઓએ પાછો પોકાર કર્યો છતાં કોઈ પણ આગળ આવ્યું નહિ. સર્વત્ર શાંતિ અને નિઃસ્તબ્ધતાનુ જ સામ્રાજ્ય દેખાયું. "અહી કુમારસિંહના સૈનિકોમાંથી કોઈ પણ હાજર નથી." એમ કહીને દરબારના સિપાહીઓ પાછા પોતાની જગ્યાએ જઇને ઉભા રહી ગયા.

કુમારસિંહના એક પણ સૈનિકને સાક્ષી તરીકે આવેલો ન જોઇને રણસિંહનાં નેત્રો કોપથી અગારા જેવાં લાલ ચોળ બની ગયાં. કોપની અતિશયતા થવાથી તેના મુખમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહિ. એટલે રાજાએ તેને સબોધીને કહ્યું કે,—"રણસિંહ! જો તારી

પાસે એનો કોઈ બીજો પૂરાવો હોય, તો તે પણ રજૂ કરવાની તને સ્વતંત્રતા આપવામાં આવે છે."

"મહારાજ! કુમારસિંહની પોતાની જ જબાની લ્યો, એટલે ખરું શું છે અને ખોટું શું છે, તે તરત જાણવામા આવી જશે." રણસિંહે વિચાર કરીને કહ્યું.

"મહારાજ! હાલમાં કુમારસિંહ રુગ્ણશય્યામાં પડેલો છે અને તે એટલો બધો અશકત થઈ ગયો છે કે, જો તેને અહીં આવવા માટેનો પરિશ્રમ આપવામાં આવશે, તો કદાચિત્ પરિણામ નઠારુ થવાનો ભય રહે છે." અજયસિંહે પોતાની ચાલાકીનો ઉપયોગ કરીને કહ્યું.

"મહારાજ! ક્ષત્રિયોને પોતાના પ્રાણ કરતાં પણ પોતાનાં નામ, યશ, વીર્ય અને કીર્તિ આદિક વિશેષ પ્રિય હોય છે. એ વસ્તુઓને નિષ્કલંક રાખવા માટે તે ગમે તે કાર્ય કરવાને તૈયાર થઈ જાય છે. માટે કુમારસિહને આપ અહીં અવશ્ય બોલાવશો જ, એવી મારી નમ્ર પ્રાર્થના છે." રણસિહે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"તારું આ મત ખરુ છે તેને પાલખીમાં બેસાડીને અહીં લાવવાની વ્યવસ્થા કરો." રાજાએ આજ્ઞા કરી

રણસિંહ પોતા સાથે બે સિપાહીઓને લઇને કુમારસિંહને લાવવા માટે ગયો. સિપાહીઓને પાલખી લાવવાનું કહીને રણસિંહ પોતે કુમારસિંહના ઓરડામા આવીને ઉભો રહ્યો તેને જોઇને કુમાર કહેવા લાગ્યો કે–"રણસિંહ! ભાઈ! તું કયાં ગયો હતો? અરે હુ તને કયારનો બોલાવ્યા કરુ છું; પણ એકે વાર તેં જવાબ આપ્યો નહિ!"

"સ્વામિન્! મારા સાભળવામાં એમ આવ્યું કે, મહારાણાજી અજયસિંહને યુદ્ધમા વિજય મેળવવા માટે દરબારમાં શિરપાવ આપવાના છે. જે ખરેખરો વિજયી પુરુષ છે, તે તો ખાટલામાં પડ્યો છે.– તેનુ તો નામમાત્ર પણ કોઇના મુખમાંથી નીકળતુ સાંભળવામાં આવતુ નથી; અને એ અધમ, પાપી, ભીરુ, પાખડી અને દભી અજયસિંહને આજે બિલકુલ અસત્યતાથી આટલું બધુ માન અપાય છે; એ અન્યાય મારાથી સહન કરી શકાયો નહિ અને એટલામાટે આપને અહીં એકલા જ છોડીને હું વિજયની ખરેખરી વાર્તા કહી સભળાવવા માટે રાજ્યસભામાં ચાલ્યો ગયો હતો." ખિન્ન વદનથી રણસિંહે જવાબ આપ્યો.

તેની આ વાત સાંભળીને કુમાર નિ:સ્તબ્ધ થઈ ગયો. "મનમાં લેશમાત્ર પણ સકોચ ન લાવતાં મારા યશને આજે અભયસિંહ લૂટી જાય છે." એ વિચારથી તેના મનમાં અત્યત ખેદ થવા લાગ્યો. તેને

નિરુત્તર જોઇને રણસિંહ પુનઃ બોલ્યો કેઃ-"રાણાજીનો મારા બોલવાપર વિશ્વાસ બંધાયો નથી અને તેથી તેમણે આપને રાજસભામાં બોલાવેલા છે."

કોપના આઘાતથી કુમારની સમસ્ત કાયા થરથર કંપવા લાગી, "મારી પ્રિયતમાને હરીનેજ એ દુષ્ટ અજય સંતુષ્ટ ન થયો; તે વળી મારા પોતાના બાહુબળથી મેં જે નામના, યશ અને કીર્તિ મેળવી છે, તેમને પણ એક અધમ તસ્કર પ્રમાણે ચોરી લેવાને આજે તે તૈયાર થઈ ગયો છે?" આવો વિચાર મનમા આવવાથી દ્વેષથી તે એકદમ બિછાના-માંથી ઉઠી બેઠો થઈ ગયો. પરતુ છાતીમાં જે ભાલાનો ઘા પડ્યો હતો, તેમાંથી રક્તનું વહન થવાથી તે પાછો શય્યામાં પડી ગયો. તે પડ્યો પડ્યો જ કહેવા લાગ્યો કે,-"રણસિંહ! આ ક્ષણેજ પાલખી અથવા મ્યાનો લઈ આવ. મારે સભામા આવવું છે."

રણસિંહની આંખોમાં આંસૂ ભરાઈ આવ્યા અને તે કહેવા લાગ્યો કે;-મહારાજ! કયારનાય માણસો પાલખી લાવવા માટે ગએલા છે, માટે ચિંતા કરશો નહિ."

થોડા વખત પછી કુમારસિંહને લઈ પાલખી રાજસભા તરફ જવા લાગી. અલ્પકાળમાં જ તે રાજસભામા જઈ પહોંચ્યો. કુમા-રના દુર્બળ પરતુ ઉદાર અને વીરતાના તેજથી પ્રકાશતા મુખમંડળને જોઇને સર્વ આશ્ચર્યચકિત થઈ ગયા. કુમારસિંહ માત્ર અજયસિંહને જ કઠોર દૃષ્ટિથી તાકી તાકીને જોવા લાગ્યો. કુમારની પાલખીને મહા-રાણાના તખ્ત પાસે લઈ જવામાં આવી. મહારાણો તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો;—

"કુમારસિંહ! તું અત્યારે હવે મૃત્યુશય્યામાં સૂતેલો છે; અને અલ્પ સમય પછી તું જ્યાં જવાનો છે, ત્યાં આ અવનીમાંની યશ, કીર્તિ અને ગૌરવ આદિ વસ્તુઓ તારી સાથે આવવાની નથી. મરણના માર્ગનો કોઈ ખરેખરો સાથી હોય તો તે માત્ર સત્ય જ છે, એવો મનમાં નિશ્ચય કરીને જે સાચેસાચો વૃત્તાત હોય તે મને જણાવી દે. યુદ્ધમાં જય મેળવનાર તું હતો કે અજયસિંહ?" ઉત્તર આપવા પહેલાં કુમારે પુનઃ એકવાર અજયસિંહની નિસ્તેજ મુખમુદ્રામાં દૃષ્ટિપાત કર્યો, અને મનમાં વિચાર કર્યો કે, 'મેં માત્ર આ મનુષ્યના પ્રાણરક્ષણ માટે પોતાના માથે મરણ ખેંચી લીધુ અને આ નીચે તો મારી જોડે આવું કૃત-ઘ્નતાભરેલું વર્તન કર્યું. ત્યારે મારે એ વૈરનો બદલો શા માટે ન લેવો? વૈરનો બદલો કોની પાસેથી લઉ? અજયસિંહ પાસેથી કે જોધાબાઈ પાસેથી? અજયસિંહના અપમાનના સમાચાર સાંભળીને કોના જન્મની ધૂળધાણી થશે વારુ? આજન્મ દુઃખ કોને ભોગવવું પડશે? કોની

શાંતિનો નાશ થશે? કોનો મનોભગ થઈ જશે? શું હું જોધાબાઈ પાસેથી વૈરનો બદલો લઉં? ખરી હકીકત જો તેના પિતાના જાણવામાં આવી જશે, તો પછી કોઈ કાળે પણ તે અજયસિંહને પોતાના જમાઈની પદવીથી વિભૂષિત કરશે ખરો કે? વળી એથી જોધાબાઇનું હૃદય પણ સદાને માટે નિરાશાથી દગ્ધ થઈ જશે. અથવા યદાકદાચિત્ અજયસિંહ સાથે તેનો લગ્નસંબંધ થયા પછી જ જો આ વાતની જાણ થાય, તો તેના મનની કેવી ત્યામણી દશા થઈ જાય વારુ! પોતાનો પતિ આટલો બધો અધમ, નીચ અને કૃતઘ્ન છે, એ બીના જાણવામાં આવતાં જ તેના હૃદયના સહસ્રાવધિ કટકા થઈ જશે!' એવા વિચારના તરગો કુમારના મનસમુદ્રમા ઉદ્‌ભવતા હતા. એટલામાં યુદ્ધમા જતી વેળાએ જોએલા જોધાબાઇના અશ્રુપૂર્ણ, ખિન્ન અને નમાણા મુખની તેને સ્મૃતિ થઈ આવી અને તે મુખ મૂર્તિમાન્ બનીને તેના નેત્રો સમક્ષ આવીને ઉભુ રહ્યુ. કુમારના મનમા હવે ખરી વાત કહી દેવા માટેની ઇચ્છા રહી નહિ તે મનમાં એક બીજા પ્રકારનો નિશ્ચય કરીને રાજાને કહેવા લાગ્યો કે —"રાજાધિરાજ! આ વાત આપ મને ન પૂછો. લોભથી દૂર રહેવુ, એ મનુષ્ય પ્રાણીનેમાટે એક અશક્યમા અશક્ય કાર્ય છે."

"તુ મરણ શય્યામાં પડ્યો છે, માટે અસત્ય ન બોલીશ." મહારાણાએ ફરીથી ચેતવણી આપી.

"એ બીના હુ પણ સારી રીતે જાણુ છુ, માટે યાદ દેવડાવવાની વધારે અગત્ય નથી." કુમારે ઉત્તર આપ્યુ.

"ત્યારે હવે તને વધારે પૂછવાની કશી પણ આવશ્યકતા નથી. કેમ ત્યારે અજયસિંહને શિરપાવ આપીએ ને?" રાજાએ કહ્યુ

"બેલાશક આપો." કુમારે ઉદારતાથી ઉત્તર આપ્યું.

એ ઉત્તર સાભળતાં જ સભાજનોને સબોધીને મહારાણાએ ઉચ્ચ સ્વરથી કહ્યુ,—"સાભળો—વિજય મેળવનાર અજયસિંહ જ છે; એમાં હવે કોઈ પણ પ્રકારનો સશય રહ્યો નથી."

સર્વત્ર અજયસિહના નામનો જયધ્વનિ થવા લાગ્યો. કુમારસિંહ પોતાના મનને દઢ અને કઠોર બનાવીને એ જયધ્વનિ સાંભળ્યા કરતો હતો. કુમારનુ ગૌરવ અજયના નામથી ધ્વનિત થયું અને કુમારના મનમાં તેથી એક પ્રકારનો અસહ્ય આઘાત થયો. તેના પ્રાણ વ્યાકુળ થવા લાગ્યા. પોતાને ત્યાંથી સત્વર લઈ જવા માટેની તેણે રણસિંહને ઇચ્છા દર્શાવી.

ભોઇઓએ પાલખી ઉપાડી અને રણસિંહ રુદન કરતો તેની સાથે ચાલવા લાગ્યો. કુમારસિંહ અર્ધ મૂર્ચ્છિત અવસ્થામાં હોવા છતા પણ મનમાં ને મનમા જ જોધાબાઇના નામનો ઉચ્ચાર કરવા લાગ્યો.

મહારાણાએ ભેટ આપેલી તલવાર પોતાના હાથે અજયસિંહની કમ્મરે લટકાવીને કહ્યું;–"અજયસિંહ! આજે તમે જે મહાન્ કાર્ય કર્યું છે, તે માટે આ સામાન્ય નિર્જીવ રત્ન યોગ્ય ઉપહાર નથી. મારા ગૃહમાં એક સર્વશ્રેષ્ઠ અસાધારણ રત્ન છે કે, જેના તેજથી મારું હૃદય સુદ્ધાં પણ સુપ્રકાશિત રહ્યા કરે છે, તે રત્ન હું તમને અર્પણ કરીને મારી કૃતજ્ઞતાનો પરિચય કરાવવાની ઇચ્છા ધરાવુ છું!"

તે જ દિવસે રાજકુમારી કમળાદેવી સાથે અજયસિંહનો વિવાહ કરવામાં આવ્યો.

નિરાશા અને સંન્યસ્તદીક્ષા.

યુદ્ધનો અત આવ્યો અજયસિંહે મહાવિજય મેળવ્યો. એ અફવા જોતજોતામાં નગર, ગામ અને જગલોમાં પ્રસરી ગઈ. અજયસિંહની પ્રશંસા સાંભળીને જોધાબાઇનું મન બહુ જ પ્રસન્ન થયું. ગર્વવિસ્ફારિત ઉત્સુક અત કરણથી તે અજયસિંહની રાહ જોવા લાગી. દિવસ પછી દિવસ અને અઠવાડિયા પછી અઠવાડિયા વીતવા લાગ્યાં. અજયસિંહના આવવાનું એક પણ ચિહ્ન જોવામાં આવ્યું નહિ. જોધાબાઇનું આનંદથી પ્રફુલ્લિત થએલું મુખકમળ દિવસે દિવસે કરમાતું ચાલ્યું; તેની સર્વ આશાઓનો લય થતો દેખાવા લાગ્યો; તેના મનમાં દહાડે દહાડે વધારે ને વધારે નિરાશા થવા લાગી. જે સ્થળે અજયસિંહને તેણે પ્રથમ જોયો હતો, ત્યાં નિત્ય એકલી જઇને એક વૃક્ષ તળે તે ચિંતામાં ચકચૂર બની બેસી રહેવા લાગી. ક્ષણે ક્ષણે દૂરથી આવતા અશ્વોનાં પગલાંનો અવાજ સાંભળી તે ચમકતી હતી; આશાપૂર્ણ નેત્રોથી તે તે દિશામાં દૃષ્ટિ દોડાવતી હતી અને વારંવાર પોતાની ધારણામાં પોતાને નિષ્ફળ થએલી જોઇને મનમાં ને મનમાં ખસીયાણી પડી જતી હતી. એવી રીતે ત્યાં આખો દિવસ વીતાડીને અંતે નિરાશ થતી ને નિ:શ્વાસ મૂકતી સંધ્યાસમયે ઘેર ચાલી જતી હતી.

એક દિવસ અચાનક ઘોડાનાં પગલાંનો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. તે ઉત્સુકતાથી તે તરફ નજર માંડીને જોવા લાગી. આજ તેની ધારણા અફળ ગઈ નહિ. અશ્વસંચારધ્વનિ ક્ષણે ક્ષણે વધારે અને વધારે જ પાસે આવતો ભાસવા લાગ્યો. જોધાબાઇનાં નેત્રો આનંદથી વિસ્તૃત થવા લાગ્યાં. થોડીવારમાં તેની સામા કેટલાક ઘોડેસ્વારો આવીને હારબંધ ઉભા રહ્યા. તેની સાથે એક સુસજ્જિત પાલખી હતી, તે પણ જોધાબાઇના જોવામાં આવી. 'એ પાલખીમાં શૂરવીર અજયસિંહ

જ હોવો જોઇએ' એવો તે યુવતીનો દૃઢ સંકલ્પ થયો. એ વિશે તેના મનમાં લેશમાત્ર પણ સશય નહતો.

સર્વ સૈનિકોના આવી ગયા પછી પાલખીને તે વૃક્ષની છાયામાં મૂકવામાં આવી. જોધાબાઇનું ધૈર્ય જતું રહ્યું. અજયસિંહ પાલખીમાંથી બહાર નીકળે ત્યાં સૂધી તે ધૈર્ય ધરી શકી નહિ. તે દોડતી દોડતી પાલખી પાસે જઇને ઉભી રહી. રણસિંહ અર્ધદ્વાર ઉઘાડીને બહારની બાજુએ જુએ છે, એમ તેને દેખાયું રણસિંહ કુમારનો એક સ્વામિનિષ્ઠ સેવક છે. કુમારનો સેવક, અજયસિંહસાથે શા માટે અને કેમ આવ્યો હશે, એના રહસ્યને તે જરાય સમજી શકી નહિ. કિંબહુના, એ શંકાનો જ તેના મનમાં ઉદ્ભવ થયો નહિ. જોધાબાઇએ પાલખી પાસે જઇને તેનો દરવાજો ઉઘાડ્યો, અદર ડોકીયું કરીને જોયું. જોતાં જ કુમાર સૂતેલો દૃષ્ટિગોચર થયો, તેની મતિ કુંઠિત થઈ ગઈ. પાલખીમાં અજયસિંહ નહોતો ! કુમાર નિદ્રાવશ થએલો હતો ! હાય! તેને મહા નિદ્રાએ આવીને ચારે તરફથી ઘેરી લીધો હતો તેના વિશુદ્ધ મુખમડળમાં મૃત્યુની પ્રશાંતતા વિરાજેલી પ્રત્યક્ષ જોવામાં આવતી હતી ! !

જે ખરેખરો વૃત્તાંત હતો તે સર્વ જોધાબાઇના જાણવામાં આવી ગયો. રણસિંહે તેને કુમારના મરણનું કારણ કહી સભળાવ્યું. અજયસિંહના સર્વ પ્રપચો તેણે તેની આગળ ખુલ્લા પાડી દીધા. જોધાબાઇના મનમાં ત્યાંથી જ વૈરાગ્યની ભાવના ઉત્પન્ન થઈ ગઈ.

જોધાબાઈ અત્યારે **સંન્યાસિની** છે. સ્મશાન તેનું વસતિસ્થાન છે. જો કોઈ પણ તેની ઉપભોગ્ય અને દર્શનીય વસ્તુ હોય તો તે માત્ર કુમારની ચિતાભસ્મ જ છે !

કિલ્લે અજીમતારા.

ચંદ્રસેન.

મધ્યરાત્રિનો સમય. સર્વત્ર ગાઢ અધકારનો અધિકાર અને કોઈ પણ પદાર્થ દૃષ્ટિગોચર થવાની મારામાર. પર્જન્ય કાળની સમાપ્તિ થએલી હોવાથી વનમાંનાં વૃક્ષોનો લીલો છમ દેખાવ, વચ્ચે વચ્ચે વિદ્યુલ્લતાના પ્રકાશથી દૃષ્ટિગોચર થતો હતો. આકાશમાં કૃષ્ણવર્ણ મેઘોનું ઘનઘોર યુદ્ધ ચાલતું દેખાતું હતું. તેમના દ્વંદ્વ યુદ્ધમાંના પરસ્પર તાડનનો ભયંકર ધ્વનિ એકસરખો કાનપર આવીને અથડાતો હતો. તેનો પ્રતિધ્વનિ આસપાસના અરણ્યમાં થતો હતો. કોહલાં કૂતરાંના ભયંકર, કર્કશ અને કર્ણકટુ ધ્વનિ પાસેના ગામ અને જંગલમાંથી સંભળાતા

હતા. સતારાના કિલ્લામાંનાં મધ્યરાત્રીનાં ચોઘડિયાં દુડુમ દુડુમ વાગતાં હતાં. વચ્ચે વચ્ચે શરણાઇનો મધુર મનોહર ધ્વનિ પણ કાનમાં સંભળાતો હતો. વૃક્ષરાજિમાંથી નિશાકીટકોનો કિર્ર કિર્ર સ્વર આવતો હતો. સ્થળે સ્થળે વર્ષાના પાણીથી ભરાયલાં ખાબોચિયાંમાં દેડકાંએ પોતાના ડરાંવ ડરાંવ ગાયનના આલાપને આરમ્ભ્યો હતો! વાયુ પણ જોસબંધ વાહતો હતો. ઝાડના પાંદડાં આન્દોલિત થતાં તેમનો એક પ્રકારનો વિલક્ષણ ધ્વનિ નીકળતો હતો. આકાશમાં વાદળાંથી ઢંકાયલા તારાઓ મંદ મંદ પ્રકાશીને પોતાના અસ્તિત્વને સ્થાપિત કરતા હતા. અજીમતારાના કિલ્લામાં સર્વ લોકો અર્ધ મૃત્યુરૂપ મનાતી પરમ શાંતિદાયિની નિદ્રાને આધીન થયેલા હતા. સર્વત્ર શાંતિનો વિસ્તાર થએલો હતો.

એ સમયે પરશુરામ ત્ર્યંબક પ્રતિનિધિના ભવનમાંથી એક બ્રાહ્મણ સરદાર અને પાંચ ઘોડેસ્વારો બહાર નિકળ્યા. કિલ્લાનો પૂર્વ તરફનો દરવાજો ઉઘડ્યો. છ આસામીઓ કિલ્લામાંથી બહાર નીકળતાં જ પુન ધડાક દેતો કે દરવાજો બંધ થઈ ગયો અને અંદર વજ્ર સમાન અડસરને નાંખવાનો અવાજ બહાર પણ સંભળાયો. સર્વ સ્વારો વખણાયલા કાઠિયાવાડી ઘોડાઓપર આરૂઢ થયા હતા. તેમની કમ્મરે મ્યાન કરેલી તલવારો લટકતી હતી. તેની અણીઓ ઘોડાના પેટને અડકતી હતી. સર્વે શરીરપર કવચ (બખ્તર) ચઢાવેલાં હતાં. તેમની ઉપર મરાઠેશાઈ અંગરખાં પહેરી લીધાં હતાં. માથાપર લાલરંગના દુપટ્ટા બાંધેલા હતા, જેના છેડા પીઠપર લટકતા છોડી દીધા હતા. એક હાથમાં લાંબા ભાલા અને બીજા હાથે ઘોડાની લગામ પકડેલી હતી. સર્વનાં મુખમંડળો અંધકારમાં જો કે અસ્પષ્ટ દેખાતાં હતાં, છતાં તેટલાથી જ તેઓ મજબૂત અને કસાયલા જવાંમર્દ મરાઠા સિપાઈ હતા બ્રાહ્મણ સરદાર એક પીળારંગની ઘોડીપર આરૂઢ હતો. ઘોડીની ગતિ વાયુ સમાન હતી. તે ઘોડી ફુરફુર અવાજ કરતી ચાલી જતી હતી. તેના પરનો સ્વાર પંદર સોળ વર્ષના વયનો હશે. અંધકારના યોગે તેની મુખાકૃતિ સ્પષ્ટ દેખાતી નહોતી, તોપણ તે વધારે ઉંચો ન હોતો તેમ ઠીંગણો પણ નહોતો. શરીર સુકો છતાં દૃઢ મજબૂત બાંધાનો હતો.

એ વેળાએ તે સરદારના મનમાં નાના પ્રકારના વિચારતરંગોનો ઉદ્ભવ થતો હતો. "આજે હું આ મધ્યરાત્રીના સમયે આટલી મોટી જોખમદારીને મારા શિરપર ઉપાડી લઈ ઘરમાંથી બહાર નીકળ્યો છું અને હિંમતથી છાતીપર હાથ રાખીને, 'જો આ કાર્યમાં વિજય મેળવીશ તો જ મુખ બતાવીશ' એવી જે દૃઢ પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞા જો ફળદ્રૂપ થાય તો તો ઠીક; નહિ તો બધી ગોઠવણ બહાર પડી જવાનો

સભવ છે. ખરે, મારે બહુ જ સાવધતાથી વર્તવું જોઇએ. ઉચ્છૃંખલ પુરુષ સાથે કામ છે; તેમાં વળી તેનો સ્વભાવ લહરીલો તથા એક-લપેટો છે. જે વિઠોબાની કૃપા!" ઇત્યાદિ અનેક વિચારોની પરંપરા તેના મનમાંથી પસાર થતી હતી. 'હું ત્યાં જઇને આમ બોલીશ અને તેમ બોલીશ,' ઇત્યાદિ મનોરથોમાં તે તલ્લીન થયો હતો. ક્ષણુમાં કોપ, ક્ષણુમાં પ્રેમ અને ક્ષણુમાં આનદ, તો ક્ષણુમાં આવેશ એવા પરસ્પર વિરોધી મનોવિકાર એક પછી એક અનુક્રમે તેના મનમાં આવ્યા કરતા હતા. તેની સાથેના સ્વારોનાં મુખ તો જાણે કોઇએ સીવી લીધાં હોય, તે પ્રમાણે તેઓ મુખમાંથી એક શબ્દ માત્રનો પણુ ઉચ્ચાર ન કરતાં મુગા મુગા ચાલ્યા જતા હતા. 'જ્યારે આપણા સ્વામીઓએ મુનિવ્રત લીધુ છે, તો આપણે પણુ મુનિવ્રત જોઇએ,' જેવા ગુરુ તેવા ચેલા, એમ વિચારીને ઘોડાઓ પણુ ખોંખારા ન કરતાં શાંતિથી ચાલ્યા જતા હતા. કેવળ તેમનાં ટાપાંનો અવાજ થતો હતો, પણુ તે માટે તેમનો કશો ઉપાય નહોતો. એવી રીતે ઘણીક વાર સુધી ચાલ્યા પછી તે સરદાર એક સિપાઇને કહેવા લાગ્યો—"કેમ, નાયકોજી, હજી છાવણી કેટલીક દૂર છે?"

"સરકાર, છાવણી હજી અહીંથી લગભગ દોઢ ગાઉ થશે." તે સિપાઇએ અદબથી જવાબ આપ્યો.

આ વાર્તાલાપનો આરંભ થયો, એવામાં દૂરથી ઘોડાનાં ટાપાંનો અવાજ સંભળાયો. મનમાં શકાનો ઉદ્ભવ થવાથી એ મરાઠાવીરો એક આડવાટમાં લપાઈ ગયા. તે દૂરના ઘોડેસ્વારો નજીક અને નજીક આવતા ગયા. તે મોગલોના સ્વારોની એક ટોળી હતી કે જે ગસ્ત કરતી ફરતી હતી. કેટલીકવાર પછી તેમનાં ટાપાંનો ધ્વનિ મંદ થવા લાગ્યો, અને સભળાતો બધ થઈ ગયો. મરાઠા સ્વારો પુન પોતાના માર્ગમાં આગળ વધવા લાગ્યા.

અજીમશાહ પોતાના તંબૂમાં પલગપર પડ્યો હતો, પરતુ કોઈપણુ પ્રકારે નિદ્રાદેવીએ તેનાં નેત્રોપર કૃપા કરી નહિ. તે વારંવાર પડખાં બદલ્યા કરતો હતો. તેના તબૂને ઉત્તમ રીતિથી સુશોભિત કરવામાં આવ્યો હતો. એક દોરી બાંધીને તેપર તલવાર, તમંચો, કટાર અને જંબિયો વગેરે હથિયારો ટાંગી રાખ્યાં હતાં. પાસે જ બખ્તર, શિરસ્ત્રાણુ (ટોપ) અને ભાલો વગેરે ખૂણામાં ગોઠવી રાખ્યાં હતાં. મેજપરના શમાદાનમાં મીણુબત્તી બળતી હતી. તબૂનો એકંદર શૃંગાર બાદશાહના શાહજાદાના તંબૂને શોભાવે તેવો જ હતો. બહારના ભાગમાં સંગીનવાળી

બંદૂકોને ખભાપર રાખી અરબ સિપાહીઓ ખડો પહેરો ભરતા હતા. અંતે અજીમશાહ પલંગપરથી ઉઠીને મેજપાસેના જરીથી ભરેલા આસન પર બેઠો અને હુક્કાની નળીને મુખમાં લઇને ધૂમાડો કાઢવા લાગ્યો.

એ વેળાએ તરતનો જ ચંદ્રોદય થએલો હોવાથી છાવણીની રચના સ્પષ્ટ દેખાતી હતી. મધ્યમાં અજીમશાહનો તંબૂ, અને તેની આસપાસ બીજા અમીર ઉમરાના તંબૂઓ ઉભા કરેલા હતા, ચારે તરફ હારબધ સિપાહીઓની હારો ઉભી રાખવામાં આવી હતી. સ્થળે સ્થળે અર્ધ-ચંદ્રયુક્ત લીલી પતાકાઓ ફરકતી હતી. કેટલાક સિપાહીઓ ઘોરતા હતા, કેટલાક હુક્કો ગગડાવતા, કેટલાક ગપાટા હાંકતા હતા, કયાંક વારાંગનાઓનો અંગવિક્ષેપાદિયુક્ત નૃત્ય ગાયનનો વ્યવસાય ચાલતો હતો, કયાંક ગજલ તથા લાવણીઓની લલકાર સભળાતી હતી, અને ઘોડાઓના હણહણવાનો અવાજ પણ વચ્ચે વચ્ચે કાનોમાં આવીને અથડાતો હતો.

અજીમશાહ હુક્કાનો આસ્વાદ લેતો બેઠો હતો. અજીમશાહ તે દિલ્લીના બાદશાહ ઔરંગજેબનો શાહજાદો હતો. આ સમય પૂર્વે તે દક્ષિણમાંના છ સૂબેદારોનો ઉપરી હતો. તે સ્વભાવે ઉદાર તથા કૃપાળુ હતો. મરાઠાઓ તરફ એની કાંઇક સારી લાગણી હતી. એનુ વય અત્યારે લગભગ પાંત્રીસ વર્ષનું હતુ. શરીર દૃઢ અને કોઈ એક કસેલા પહેલવાન જેવુ હતુ. શરીર સતેજ, મુદ્રા ગંભીર અને નેત્રો પાણીદાર હતાં. કદમાં મધ્યમ હોવા છતાં તેના અંગની ઢબ ઘણી જ સારી હતી. રંગ અર્ધગૌર હતો તે ધૂમ્રપાન કરતો બેઠો હતો, એવામાં એક અરબ સિપાહીએ તબૂમાં આવી નમીને મુજરો કર્યા પછી કહ્યું;–"હુજૂરેવાલા, બહાર એક મરાઠા સરદાર આવ્યો છે, ને તે આપને મળવા માટેની પરવાનગી માગે છે."

"મોડી રાત્રે ? આવવાનો શો ઉદ્દેશ ? કાંઈ દગોફટકો તો નહિ હોય ?" એ પ્રમાણે કેટલીક વેળા શંકામાં વીતાડીને અતે અજીમશાહે સાહસથી કહ્યુ,–"જા, તેને અહીં મોકલ."

"જેવું સરકારનું ફર્માન." એમ કહીને તે સિપાહી બહાર ચાલ્યો ગયો. તેના ગયા પછી ક્ષણ માત્રમાં જ તે મરાઠા સરદાર તબૂમાં અજીમશાહ સમક્ષ આવીને ઉભો રહ્યો. એ એક સાધારણ કદનો તરુણ હતો. શરીર કૃશ હોવા છતાં આકાર દૃઢ અને મનોહર હતો. નેત્રો વિશાળ, તેજસ્વી અને ચંચળ હતાં. ઓષ્ઠ પકવ બિબફળ સમાન આરક્ત હતા. ઉપરના ઓષ્ઠપર મૂછનો દોરો જરાપણ ફૂટયો નહોતો. અગનો રંગ કેતકી સમાન ગૌર, કપાળ ભવ્ય અને ઉચ્ચ, નાસિકા સરળ અને ગાલ ગુલાબી હતા. તેણે મસ્તકપર જરીદાર ફેંટો બાંધ્યો હતો અને

તેમાંથી બહાર પડતા કાળા કેશ અવર્ણનીય શોભાનો ભાસ કરાવતા હતા. અંગપર હલકું બખ્તર ચઢાવીને તેણે ઉપરથી સફેદ ચાંદની જેવું અંગરખું પહેરી લીધુ હતું. કમ્મરે બાંધેલા સેલામાં બે બારનો તમચો અને જંબિયો વગેરે હથિયાર અને હાથમાં સોનાની મૂઠવાળી મ્યાન કરેલી તલવાર હતી. એ તરુણ સરદાર મદનમૂર્તિ જ હતો. એકવાર તેની તરફ નજર કરીએ, તો પછી નજરને બીજી તરફ ફેરવવાનું મન થતું નહોતું. એ સરદાર કોણ, તે વાચકો જાણી ગયા હશે જ. પરળીના કિલ્લામાંથી નીકળેલો બ્રાહ્મણ સરદાર ખરો મુસાહિબ હતો –

દુહો—જામે સબ લચ્છન ભલે, સોહિ મુસાહિબ માન;
જો કછુ ચૂકે તો જસૂ, તન મન ધનકી હાન.
રાજનકી સોબત મહા, કઠિન કહે સબ કોય;
બીસ બસા જાને સબે, વહી મુસાહિબ હોય.

એ સરદારે તબૂમાં આવતાં જ અજીમશાહને કોર્નિશ કરી અજીમશાહે તેનો સલામથી જવાબ વાળી તેના મુખમંડળને એકીટસે જોતાં જોતાં મદહાસ્ય કરીને કહ્યુ –"આવો સરદાર, આ આસને વિરાજો." તેના બેઠા પછી તરત તેણે પુન સવાલ કર્યો કે,–"તમારુ નામ શું છે અને અત્યારે તમે કયાંથી આવો છો?"

"હું પરળીના કિલ્લામાંથી પ્રતિનિધિ સાહબ પાસેથી આપની જોડે કાંઇક અગત્યની વાતચીત કરવા માટે આવ્યો છું. મારુ નામ ચંદ્રસેન છે." તરુણ સરદારે વિનયથી ઉત્તર આપ્યું

"ચિંતા નહિ. તારે જે કાંઈ કહેવું હોય તે બે ખૌફ કહે." અજીમશાહે મમતા દર્શાવીને કહ્યું.

"મારા આવવાના ઉદ્દેશને તો તર્કથી આપે જાણી લીધેલો હોવો જ જોઇએ. અત્યારે અમો મરાઠાઓપર બહુ જ વિકટ પ્રસગ આવી પડ્યો છે કર્ણાટકમાંનો જિંજીનો મરાઠાઓનો બળવાન્ કિલ્લો જુલ્ફિકારખાને લઈ લેવાથી મરાઠાઓની દુર્દશા થઈ છે અને તેઓ આશ્રય વિના રઝળતા રાંકડા થઈ પડ્યા છે. સેનાપતિ સંતાજી ઘોરપડેનું ખૂન થવાથી સૈન્યમાં વ્યવસ્થાનું નામ માત્ર પણ રહ્યું નથી, અને અધૂરામાં પૂરું બાદશાહે મહારાષ્ટ્રમાંના કિલ્લાઓને કબ્જે કરવાના ક્રમનો આરંભ કર્યો છે. થોડા વખત પહેલાં જ બાદશાહે વસંતગઢ લીધો અને અત્યારે સતારા કિલ્લો ઘેરામાં છે. એ કિલ્લામાં અત્યારે ધાન્ય તથા દારુગોળા આદિની સામગ્રી ભરપૂર નથી, અને તેથી અંદરના લોકો ભૂખમરાથી મરી જવા લાગ્યા છે. આવા સમયમાં ધાન્ય આદિ સામગ્રી ભરી લેવી, એ કાર્ય

બહુ જ અગત્યનું છે. એ કાર્યમાં જો આપ મદદગાર થશો, તો આપને એથી મહાપુણ્યની પ્રાપ્તિ થશે. સરકારે મારી આ વિનતિનો અવશ્ય શાંતિથી યોગ્ય વિચાર કરવો." તરુણ સરદાર બોલ્યો.

"દીન અને અનાથોપર ઉપકાર કરવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે, એને હું માનું છું. પણ મરાઠાઓ અમારા જાની દુશ્મન્ છે અને તેથી તેમને મદદ આપવી, તે જહરી સર્પને દૂધ પીવાડ્યા બરાબર છે." અજીમ-શાહ ગભીરતાથી બોલ્યો.

"પ્રસંગે શત્રુપર પણ ઉપકાર કરવો, એ પણ રાજનીતિ છે. મરાઠાઓ તમારા વૈરી છે, છતાં તેઓ પ્રસંગવશાત્ તમને પણ મદદ કરે છે. શત્રુ સાથે લડવું, એ ન્યાય છે, પરતુ તેમને ગોંધીને ભૂખ-મરાથી મારવા, એ ધર્મયુદ્ધ નથી!" તરુણ સરદારે કહ્યું.

"રાસ્ત! રાસ્ત! નાસ્તિક અને મૂર્તિપૂજક લોકોનો સંહાર કરવો, એવી અમારા ધર્મની આજ્ઞા છે! તમો પત્થરની પૂજા કરો છો, એ તમારો ધર્મ કેવા પ્રકારનો?" અજીમશાહે વિષયાંતર કરીને કહ્યું.

"અમારા ધર્મની આપ વિનાકારણ નિન્દા કરો છો. પ્રત્યેકને પોતાનો ધર્મ પ્રિય હોય છે. આપને મહમ્મદીય ધર્મ ગમે છે, તેવો જ અમને અમારો આર્ય ધર્મ ગમતો છે. ધર્મ ગમે તે હોય, પણ ઈશ્વરની જો અનન્યભાવથી ભક્તિ કરવામાં આવે, તો શ્રેય જ થાય છે. સ્વધર્મ અનુસાર વર્ત્તન રાખતાં જો મરણ થાય, તો તે પણ કલ્યાણ-કારક છે, પણ પરધર્મ મહા ભયાવહ છે, એવી અમારા ધર્મશાસ્ત્રની આજ્ઞા છે. અમારો ધર્મ ભિન્ન છે, એટલા જ કારણથી આપ સાહાય્ય કરવાની ના પાડો છો, એ કોઈપણ રીતે ન્યાયયુક્ત નથી." તરુણ સરદાર ચદ્રસેને આત્મબળ સાચવી રાખીને કહ્યું.

"પરતુ મારા કિબ્લેગાહ શહનશાહ આલમગીરનું અમને સખ્ત ફર્માન છે કે, 'તમારે કોઈ પણ ફંદફુતૂરનું અથવા અવિશ્વાસદર્શક વર્ત્તન કરવું નહિ.' ત્યારે હવે તું જ કહે કે, પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે પુત્રને યોગ્ય છે કે?" અજીમશાહે બીજું કારણ બતાવ્યું.

"પરંતુ દીન તથા અનાથોને પ્રસગે સાહાય્ય કરવું અને બીજા-પર યથાશક્તિ ઉપકાર કરવો, એ પ્રત્યેક મનુષ્યનું પરમ કર્ત્તવ્ય છે. આવા પરોપકારના કાર્યમાં પિતાની આજ્ઞાનો પ્રત્યવાય દર્શાવવો યોગ્ય નથી. આપ ઉદાર અને સદય અંત:કરણ ધરાવનારા સરદાર છો અને તેથી કિલ્લામાં ધાન્ય વગેરે પહોંચાડવાના કાર્યમાં આપ અડચણ નહિ જ કરો, એવો પ્રતિનિધિ મહાશયનો દૃઢ નિશ્ચય છે. તેની સાથેના આપના

પૂર્વના સંબંધનો કાંઇક વિચાર કરો. આપ પૂર્વે એકવાર તેમના હાથમાં સપડાયા હતા, છતાં તેમણે આપ સાથે કેવું સન્માનપૂર્વક અને ઉદાર વર્ત્તન રાખ્યું હતું, એનું અત્યારે આપે કદાપિ વિસ્મરણ તો ન જ કરવું જોઇએ." ચંદ્રસેન પોતાના આગ્રહમાં દૃઢ રહીને બોલ્યો.

"તેમના તે ઉપકારને હું લેશમાત્ર પણ ભૂલી ગયો નથી. પરતુ આવા પ્રસંગે મરાઠાઓને મદદ કરવી, તે પોતાના પગમાં પોતે જ કુહાડો મારવા સમાન છે. આવા વિકટ સમયમાં મારાથી કેમ મદદ આપી શકાય?" અજીમશાહે પૂર્વની જ ડામાડોળ સ્થિતિ દર્શાવીને કહ્યું.

"મિત્રની પરીક્ષા સકટના સમયમાં જ થાય છે. જ્યાં સૂધી મનુષ્ય પૈસે બળે પૂર હોય છે ત્યાં સૂધી તેના શતાવધિ મિત્ર હોય છે. પરંતુ જે મિત્ર સકટના સમયમાં સહાયક થાય છે, તે જ સત્ય મિત્ર છે. આપ એવા એક જીવ માટે જીવ આપનાર મિત્ર છો, એમ પ્રતિનિધિ મહાશય માને છે. પછી તો જેવી આપની ઇચ્છા!" ચંદ્રસેને અંતિમ વાકયો ઉચ્ચાર્યાં.

"કાંઈ ચિંતા નહિ. પ્રતિનિધિના શબ્દને માન આપવું, એ મારા જેવા મિત્રનું કર્ત્તવ્ય છે. મારા તરફથી આ કાર્યમાં કોઈ પણ પ્રકારની અડચણ થવાની નથી. તમે નિશ્ચિત થઇને કિલ્લામાં ધાન્ય અને દારુગોળા વગેરેનો ભંડાર ભરી લ્યો, એમ મારીવતી પ્રતિનિધિ મહાશયને જણાવજો. પણ માત્ર એટલુ ધ્યાનમાં રાખવુ કે, જે સરદારની એ કાર્ય માટે યોજના કરો, તે હુશિયાર, ચાલાક અને શૂરવીર હોવો જોઇએ આ મારા નામની વીંટી લે, ને તે સરદારને આપજે. આ વીંટી જે બતાવશે, એટલે તેને કોઈ પણ અટકાવશે નહિ. બાદશાહના ઘોડેસ્વારોની ટોળીઓ ગસ્ત કરતી ફરતી હોય છે, માટે જતાં આવતાં જરા સભાળ રાખજો." સહૃદય હોવાથી અંતે પીગળીને અજીમશાહે અનુકૂળતા દર્શાવી.

ચંદ્રસેને વીંટી લઇને આનદથી કહ્યું,–"મે જે મહત્કૃત્યને શિરપર ઉપાડી લીધુ હતું, તે કૃત્યને આપે સફળ કર્યું, એ માટે હું આપ ખુદાવિંદનો બહુ જ ઋણી થયો છું. ઇશ્વર આપને ચિરકાળ સુખી રાખે!"

એ પછી ચંદ્રસેને પુનઃ પોતાના કિલ્લામાં જવાની ઇચ્છા દર્શાવી. પરંતુ સમય રાત્રિનો હોવાથી 'અહીં જ નિશાનિવાસ કરીને પ્રભાતમાં કિલ્લા તરફ જજો' એવો અજીમશાહે આગ્રહ કરવાથી તેણે ત્યાં જ રાત્રિ વાસ કર્યો. તેને શયન માટેની વ્યવસ્થા કરી આપીને અજીમશાહ પોતે પલંગપર જઇને સૂતો. પોતાના કાર્યની સફળતા થવાથી ચંદ્રસેનને અત્યાનંદ થયો અને તે આનંદના મદથી તેને ગાઢનિદ્રા આવી ગઈ. પ્રભાતમાં અજીમશાહની આજ્ઞા લઇને પોતાના સાથીઓ સાથે તે કિલ્લા તરફ જવાને નીકળ્યો.

સતારાને કિલ્લો.

મહારાષ્ટ્રભૂમિને લલામભૂત જે અનેક અજસ્ર અને પ્રચંડ દુર્ગો હતા અને અત્યારે છે, તેમાંના પ્રમુખ દુર્ગોમાં સતારાનો કિલ્લો છે. એ કિલ્લો દક્ષિણ અગે સહ્યાદ્રિના એક તરફ ઝુકેલા એક ફાંટાપર બાંધેલો છે. એ કિલ્લાની ઉંચાઈ લગભગ ૯૦૦ ફીટની છે. એ કિલ્લાપર ચઢી જઈને જો આસપાસ દૃષ્ટિપાત કરવામાં આવે, તો આપણને વિધિનિર્મિત રમણીય સૃષ્ટિશોભા દૃષ્ટિગોચર થાય છે અને તેના અવલોકનથી ઈશ્વરના વિલક્ષણ ચાતુર્ય તથા સામર્થ્યનું કૌતુક ભાસે છે. એ પર્વતની તળેટીમાં વસેલા સતારા શહેરમાંના પ્રાસાદો અને દેવમદિરોનાં મસ્તકો વૃક્ષરાજિને ભેદીને ઉપર નીકળી આવેલાં દેખાય છે અને જાણે તે પોતાના પ્રભુપ્રતિ ભક્તિપૂર્ણ દૃષ્ટિથી એકીટસે જોતાં હોય તેવાં જણાય છે. પૂર્વ દિશાપ્રતિ દૃષ્ટિપાત કરતાં લાંબી ને લાંબી વધતી ગએલી પર્વત અને ટેકરીઓની પક્તિ જોવામાં આવે છે. તેમના નાયક ચંદન અને વંદન નામક કિલ્લાઓ તથા જરડાનો પર્વત બ્હીતા બ્હીતા પોતાની ડોકને ઉન્નત કરી, પોતાના પ્રભુનાં દર્શનનો લાભ લેતા દેખાય છે. પશ્ચિમ બાજૂએ યેવતેશ્વર અને તેની પાસેના બીજા પર્વતો પ્રભુપદપદ્મમાં લીન થઈને ગાદીની સેવા કરવા માટે બે હાથ જોડીને ઉભેલા છે. તેજ પ્રમાણે વાયવ્ય કોણમાં પરળીનો કિલ્લો પોતાના શિષ્યોને સંકટ સમયે યોગ્ય અને ગભીર ઉપદેશ આપવા માટેજ જાણે ગાદી સમીપ આશ્રમ બાંધીને રહ્યો હોય, એવો આભાસ થાય છે. કિલ્લાની પૂર્વ પશ્ચિમ લંબાઈ ૧૧૦૦ યાર્ડ અને દક્ષિણોત્તર પહોળાઈ ૬૦૦ યાર્ડ છે. તેનું મસ્તક ત્રિકોણાકૃતિ છે. એ કિલ્લાને બે દરવાજા છે. મોટો દરવાજો ઉત્તર બાજૂએ અને નહાનો દરવાજો દક્ષિણ બાજૂએ છે. નહાના દરવાજા પાસેનો પર્વતભાગ ઊભો ને ઊભો હોવાથી ત્યાં નીચેથી ઉપર જવાનો માર્ગ નથી. મોટા દરવાજા તરફ જવાનો માર્ગ આઠ ફીટની પહોળાઈનો અને સગવડ ભરેલો છે. એ રસ્તાની લંબાઈ લગભગ બે માઈલની છે અને તે ગોડોરી ગામડા પાસેથી નીકળીને ને લગભગ દોઢ માઈલપરની જે ટેકરીપર રાણીનો મહાલ બાંધવામાં આવ્યો હતો ત્યાંથી થઈને આગળ વધે છે અને ત્યાંથી અડધો માઈલ આગળ વધીએ, એટલે કિલ્લાની ઉત્તર તરફની માચીપર પહોંચી શકાય છે. અહીંથી કિલ્લાનો ઉપલો ભાગ ૨૫૦૦ ફીટની ઉચાઈપર રહે છે. કિલ્લાના તટની પહોળાઈ ૧૦ ફીટની છે ને ઉંચાઈ લગભગ ૧૫ ફીટની છે. શ્રીમંત બીજા બાજીરાવ પેશવાએ બાંધેલો એક મહેલ અને કેટલાંક ઘરો અદ્યાપિ એ કિલ્લામાં છે. ઈશાન્ય

કોણના એક ખૂણામાં 'મંગળાઈ' દેવીનું દેવાલય છે. એ કિલ્લામાં બધાં મળીને નવ તળાવ છે. એ નવે તળાવો સ્વચ્છ, શીતળ અને સ્ફટિક સમાન જળથી છલાછલ ભરેલાં છે, તેમાં મોટાં મોટાં માછલાં વસે છે.

આ કિલ્લો કોલ્હાપુરના શિલાહાર રાજાઓમાંના બીજા ભોજે ઈ. સ. ૧૧૯૦ ની લગભગમાં બંધાવ્યો હતો. એનો પાયો નાંખતી વેળાએ મહારાજાની એક પુત્રી અને એક પુત્રનું બળિદાન આપવામાં આવ્યું હતું, એવી દંતકથા ચાલે છે. ત્યાર પછી એ કિલ્લો ઘણાં વર્ષ પર્યન્ત વીજાપુરના બાદશાહોના તાબામાં હતો અને તેમણે તેની ઉત્તમ વ્યવસ્થા રાખી હતી. લંડનમાંના 'ટાવર્ ઑફ્ લંડન્ (Tower of London) નો જેવી રીતે રાજકીય બંદિવાનોને રાખવા માટે ઉપયોગ કરવામાં આવતો હતો, તેવી રીતે એ કિલ્લામાં પણ રાજકીય બંદિવાનોને પૂરી રાખવામાં આવતા હતા. ઈ. સ. ૧૬૭૩ પર્યન્ત એ કિલ્લો વીજાપુરના બાદશાહના અધિકારમાં હતો. ઈ. સ. ૧૬૭૩ માં શિવાજીએ પરળીનો કિલ્લો લીધા પછી એ કિલ્લાને ઘેરો ઘાલ્યો અને ત્રણ મહિનામાં કિલ્લો હસ્તગત કરી લીધો. ઈ. સ. ૧૬૯૯ થી ૧૭૦૬ પર્યન્ત એ કિલ્લો મોગલોના તાબામાં હતો અને ત્યાર કેડે ઈ. સ. ૧૮૧૮ પર્યન્ત મરાઠાઓના અધિકારમાં હતો. છત્રપતિ બીજા બાજીરાવની સાથે જ્યારે મરાઠા સૈનિકોએ નાસરડું લીધું, તે વેળાએ ઈ. સ. ૧૮૧૮ માં એ કિલ્લો અગ્રેજોએ લઈ લીધો કે જે અત્યાર સુધી પણ તેમના જ તાબામાં છે. અત્યારે એ કિલ્લામાં અગ્રેજોએ કેટલુંક લશ્કર રાખેલુ છે અને કોઈ ધામધૂમના સમયમાં એ કિલ્લો ઉપયોગી થાય, એમ અગ્રેજો માને છે.

કર્ણાટકમાંના બળવાન્ જિંજીના કિલ્લામાં રહીને રાજારામ મહારાજ સ્વરાજ્ય સંરક્ષણની ગોઠવણ કરતો હતો. જો એ કિલ્લો હાથ આવે, તો મરાઠાઓના બળ અને બળવાનો નાશ થઈ જાય, એવો બાદશાહનો અભિપ્રાય હતો. તે કિલ્લાને જિતવા માટે તેણે જુલ્ફિકારખાનની યોજના કરી, પરતુ રાજારામ મહારાજ અને તેનો આંતરિક સારો સબધ હોવાથી ચાર પાંચ વર્ષ પર્યન્ત માત્ર બહારનો દેખાવ બતાવ્યા ઉપરાંત કિલ્લાને જિતવાનો તેણે બીજો કશોય યત્ન કર્યો નહિ. જ્યારે ઔરંગજેબે બહુ જ દબાણ કર્યું ત્યારે તેણે રાજારામ મહારાજને કહેવડાવ્યું કે, 'બાદશાહનું આવું દબાણ છે, એટલા માટે આઠ દિવસની અદર તમારે કિલ્લો છોડીને ચાલ્યા જવું; કારણ કે, ત્યાર પછી અમારે જોરાવર હલ્લો કરવો પડશે!' એ પ્રમાણે મોગલ તરફના સરદારપ્રતિ સંધાન બાંધીને રાજારામ મહારાજ ગુપ્ત રીતિથી ઈ. સ. ૧૬૯૭ ના ડિસેમ્બર માસમાં વિશાળ-

ગઢમાં આવી રહ્યો; અને ૧૬૯૮ ના જાનેવારી માસમાં જિંજીનો કિલ્લો મોગલોએ પોતાના કબ્જામાં લીધો.

આટઆટલું થવા છતાં પણ મરાઠાઓનો દોર દમામ ઓછો થવાને બદલે સ્હામો વધતો જ ચાલ્યો. રાજારામ મહારાજ પાસે શિવાજી મહારાજના સમય કરતાં પણ અધિક સૈન્ય એકઠું થયું તેની સાથે મહારાજાએ ગગથડી પ્રાંતમાં પ્રવેશ કરીને ચોથાઈ અને સરદેશમુખીના હક્કોને વસૂલ કરવાનો એક સરખો સપાટો ચલાવ્યો. આ વાર્તા બાદશાહના જાણવામાં આવતાં જ ઔરંગજેબે બ્રહ્મપુરીમાંથી પોતાના લશ્કરની છાવણી ઉઠાવી અને લશ્કરના બે ભાગ કરીને એક ભાગને રાજારામ મહારાજના સૈન્યનો પીછો કરવા માટે મોકલી દીધો. એ ભાગના ઉપરી સરદારો જુલ્ફિકારખાન અને બેદરબખ્ત હતા. બીજા ભાગની સરદારી બાદશાહે પોતે લીધી અને મરાઠાઓના કિલ્લાઓને પોતાના અધિકારમાં લેવાના કાર્યનો આરંભ કરી દીધો.

ઔરંગજેબ છાવણી ઉઠાવીને નીકળ્યા પછી વીસ દિવસે વસતગઢમાં આવીને દાખલ થયો અને કિલ્લાને ઘેરીને ત્રણ દિવસમાં કબ્જે કીધો. પછી તે સતારાના કિલ્લા તરફ વળ્યો અને તેને ઘેરો નાંખ્યો. કિલ્લાને કોઈ પણ રીતે ઘેરો પડવાનો સભવ ન હોવાથી કિલ્લામાં હોવી જોઇએ તેવી કશી પણ તૈયારી હતી નહિ. ધાન્યનો ભંડાર બે માસ કરતાં વધારે વખત ચાલી શકે તેટલો નહોતો કિલ્લાની ઉત્તરે કરજા નામક ગામ આવેલું છે, ત્યાં બાદશાહ પોતે તંબૂ નાંખીને પડ્યો. અજીમશાહની છાવણી કિલ્લાની પશ્ચિમ બાજૂએ હાલના શહાપુર પાસેની જગ્યામાં હતી. શેરખાન દક્ષિણ બાજૂએ અને તરબીયતખાન પૂર્વની બાજૂએ મોર્ચાબંદી કરીને પડ્યા હતા. એ ઉપરાંત ચારે છાવણીઓના મધ્યમાં સ્થળે સ્થળે ચોકી પહેરા રાખીને ચારે તરફથી કિલ્લાની બરાબર નાકેબંદી કરવામાં આવી હતી. યેવતેશ્વર પર્વતપરથી અને બાજારખીંડપરથી કિલ્લાના દરવાજાપર તોપના ગોળાનો મારો શરુ કરવામાં આવ્યો. શેરખાને ચમારખીડપર તોપો ચઢાવી. એ પ્રમાણે બાદશાહે ઘેરાનો બંદોબસ્ત કર્યો.

કિલ્લેદાર પ્રયાગજી.

સતારાના કિલ્લાનો કિલ્લેદાર પ્રયાગજી પરભુ નામનો એક શૂરવીર, જવાંમર્દ અને તલવારબહાદુર પુરુષ હતો. શિવાજીના હાથતળે તે તૈયાર થયો હતો. તેણે આજ પર્યન્ત અનેકવાર વીરતાનાં કાર્યો કરીને પોતાના સ્વામીના ધન્યવાદો મેળવ્યા હતા. તે પૂર્ણ અનુભવી અને

ફસાયલો વીર હતો. કયા પ્રસગે કેવી રીતે વર્તવું અને અમુક પ્રસગે કેવા પ્રકારની યુક્તિ યોજવી, એ કાર્યમાં તે અત્યંત નિપુણ હતો.

દુહો—જસૂ કરે કિંમત નહીં, રાવતહૂકે રાય;
રાવતકો રાખે હિયે, સાંચી પ્રીત સદાય.

એવો તે શિવાજીપર પ્રીતિવાળો હતો. તેને માટે મરવું કે મારવું, એ જ તેની પ્રતિજ્ઞા હતી.

તેનો કાર્યભારી યશવતરાવ પણ તેના જેવો જ શૂરવીર, દીર્ઘદર્શી અને ધૈર્યવાન્ હતો. પોતાના દેશ માટે, પોતાના ધર્મ માટે અને પોતાના સ્વામીમાટે કોઈ પણ સકટમાં ઝંપલાવનારા વીરનરોમાંનો તે એક હતો. તે અદ્યાપિ બ્રહ્મચારી હતો. તેનું લગ્ન થયું નહતું. તેનું વય લગભગ ૨૫ વર્ષનુ હતુ. તેનો બાપ એક મોટો જાગીરદાર હતો. ઘરમાં રહીને મૃત અન્ન ખાઈ બેસી રહેવા કરતાં રણક્ષેત્રમાં જઈ સ્વદેશમાટે મરવું, એને તે અધિક શ્રેયસ્કર ગણતો હતો. પોતાના એ ઉદ્દેશ પ્રમાણે તે સતારાના કિલ્લેદાર પાસે આવીને તેના એક કાર્યભારી અને મંત્રી તરીકે રહ્યો હતો. વયે જો કે તરુણ હતો, તોપણ તેના વિચાર તથા હેતુ ઉદાત્ત અને સ્વદેશાભિમાનથી ઉછળતા હતા. તેના ઘરના મનુષ્યોનો અને પરશુરામ ત્ર્યંબક પ્રતિનિધિનો સારો મૈત્રીસંબંધ હતો. યશવતરાવ કોઈ કોઈવાર તેમને મળવા જતો અને તેનાપર તેમનો વિશેષ પ્રેમ હતો. તેનું શરીર સુદૃઢ અને ઉંચું હતુ. તેની મુખમુદ્રા તેજસ્વી અને આનંદદર્શક હતી, છતાં કિંચિદ્ ઉગ્ર દેખાતી હતી.

દુહો—લોકલાજ રાખે હિયે, કહું કરે નહિ ત્યાજ;
દેવો મરવો મારવો, લોકલાજકે કાજ.

પણ તે દેશકાજ મરવાને સદા ઉદાર હતો.

કિલ્લેદાર અને કાર્યભારી યશવતરાવે પોતાથી બની શકે તેટલા પ્રમાણમાં કિલ્લાને લડાઈ માટેની તૈયારીમાં રાખવાની વ્યવસ્થા કરી હતી. બુર્જોપર મારાની જગ્યાઓ જોઈને સ્થળે સ્થળે તોપો સજ્જ કરી રાખી હતી. ગોલંદાજ, તીરદાજ, નિશાનબાજ અને સૈનિકોને કિલ્લાના સંરક્ષણમાટે તૈયાર રાખ્યા હતા. તોપખાનામાં દારુગોળા બનાવવાનું કામ ઉતાવળથી શરુ કરવામાં આવ્યું હતુ. કિલ્લામાં ધાન્યનો ભંડાર ભરી શકાય તેટલો ભરી લીધો હતો. મોટા મોટા પાષાણોના ઢગલા કિલ્લાના તટપર—પ્રસંગ પડે તો શત્રુઓપર ફેંકી શકાય એટલા માટે—ભરી રાખ્યા હતા. પોતાથી બની શકે તેટલી સર્વ તૈયારીઓ તેમણે કરી રાખી હતી.

કિલ્લો ઘેરામાં આવી પછ્યાને લગભગ એક મહિનો થઈ ગયો. બાદશાહી ફોજે એક બે વાર હિંમત કરીને કિલ્લાપર ચઢવાનો પ્રયત્ન કર્યો; પરંતુ મરાઠાઓની તોપોના મારા સમક્ષ અને પ્રચંડ શિલાઓ સમક્ષ મોગલ ફોજથી ટકાવ કરી શકાયો નહિ. તેઓ હિંમત હારીને પાછા હટી ગયા. બાદશાહ ખસિયાણો પડી ગયો

એક દિવસે પ્રભાતકાળમાં કિલ્લેદાર પ્રયાગજી પરભુ અને યશવતરાવ ભાવિ વ્યવસ્થાવિશે વાતચીત કરતા બેઠા હતા પ્રભાતનો સમય અને આગલી રાત્રે પર્જન્યરાજનું આગમન થએલુ હોવાથી વૃક્ષો તાજા તવાના અને લીલાંછમ દેખાતાં હતાં વાદળાં વિખરાઈ ગયાં હતા. બાલ રવિનાં કોમળ કિરણો પૃથ્વીતલપર પ્રસરી રહ્યાં હતાં. પક્ષીઓ વૃક્ષોપર બેસીને મજુલ શબ્દ ઉચ્ચરતાં હતાં. એ વેળાએ મનને એક પ્રકારનો અગમ્ય અને અનિર્વચનીય આનદ પ્રાપ્ત થતો હતો. એટલામા એક સિપાહીએ એક લખોટો લાવીને પ્રયાગજીના હાથમાં આપ્યો અને કહ્યુ,–"પ્રતિનિધિ મહાશય તરફનો એક સરદાર નીચે આવેલો છે અને તેણે આ લખોટો આપેલો છે." તે સરદારને ઉપર કિલ્લામાં લઈ આવવાની તે સિપાહીને આજ્ઞા આપીને પ્રયાગજીએ તે લખોટાને ફોડી અદરનું પત્ર વાચ્યું.

"આ પત્ર લાવનાર સરદારને એક મહત્ત્વના કાર્યમાટે અહીથી મોકલવામા આવ્યો છે અને આશા છે કે, પોતાના કાર્યમા વિજય મેળવીને તે તમારા તરફ આવશે. એ જિંજી તરફનો એક પ્રસિદ્ધ અને શૂરવીર સરદાર છે, અને તે વિકટ પ્રસંગે તમોને ઘણો જ ઉપયોગી થઈ પડશે વિશેષ વૃત્તાંત તે પોતાને મોઢે કહેશે, એટલે જાણવામા આવી શકશે."

પત્રનું વાચન પૂરુ થયા પછી થોડીવારે તે સિપાહી તરુણ સરદાર ચંદ્રસેનને લઈ આવ્યો. એ વેળાએ પોતાના ધારેલા કાર્યમાં વિજય મળેલો હોવાથી તેની મુખમુદ્રા પ્રસન્ન અને રમણીય દેખાતી હતી. ચંદ્રસેને પ્રવેશ કરતાં જ તે બન્નેએ ઉત્થાન આપીને તેનો સત્કાર કર્યો. નમસ્કાર ચમત્કાર થવા પછી સભાષણનો આરભ થયો.

ચંદ્રસેને, પરળીના કિલ્લામાંથી પ્રતિનિધિએ પોતાને મોકલ્યાથી તે અજીમશાહની છાવણીમાં બનેલી ઘટના સૂધીનો સાદ્યંત વૃત્તાંત કહી સંભળાવ્યો;–"મારા વડિલોનું નિવાસસ્થાન ઔંધ છે. ત્યાંથી તેઓ રાજારામ મહારાજ સાથે જિંજી તરફ ગયા એટલે હું પણ તેમની સાથે જ ગયો હતો. મારા વડિલે ત્યાં ઘણી જ સારી વીરતા બતાવી, પરતુ દુર્દૈવવશાત્ લડાઇમાં તેઓ કામ આવ્યા! રાજારામ મહારાજે

મને પોતાના પુત્ર પ્રમાણે પાળ્યો છે! મહારાજા યુક્તિથી જિંજી-માંથી નીકળીને વિશાળગઢ તરફ ગયા અને સ્ત્રી તથા બાળકોને લાવવાનું કાર્ય તેમણે મને સોંપ્યું હતું. તે પ્રમાણે શિર્કેને મધ્યસ્થ કરીને હું મહારાજાના અંત પુરની અબળાઓને સુરક્ષિતપણે લાવ્યો અને ત્યારપછી સતારાના ઘેરાના સમાચાર સાંભળીને અહીં આવ્યો છું. યુદ્ધની મને બહુ જ પ્રિયતા છે. તમારી સ્વામિભક્તિને જોઇને મને ઘણો જ આનંદ થાય છે. તમારા જેવા શૂરવીર અને સ્વદેશાભિમાની પુરુષોનુ સાહાય્ય હોવાથી જ આજે મરાઠાઓના રાજ્યનો આટલો ઉત્કર્ષ થએલો છે. આવો જ ક્રમ આગળ ચલાવતા રહેજો. મારાથી બની શકશે તેટલી સેવા કરવામાં હું ન્યૂનતા રાખવાનો નથી."

આવા કટાકટીના પ્રસગે અચાનક એ સરદારની આટલી બધી મદદ મળવાથી પ્રયાગજી તથા યશવતરાવને મોટો સતોષ થયો. એમાટે તેણે તેનો તથા પ્રતિનિધિનો ઘણો જ આભાર માન્યો. પછી એ ત્રણેએ મળીને કેટલોક વિચાર કર્યો અને અતે તેઓ એવા નિશ્ચયપર આવ્યા કે, યશવતરાવ અને ચંદ્રસેન એ ઉભયે મળીને પરળીના કિલ્લામાંથી ધાન્ય તથા દારૂગોળો વગેરે લાવવાના કાર્યનો સ્વીકાર કરવો. ચંદ્રસેને પરળીમાં રહીને ત્યાથી રસદ વગેરે પહોંચાડવાની ગોઠવણ કરવી અને જરૂર પડે તો સતારાના કિલ્લામાં આવવુ. પછી તે બન્નેની પ્રેમપુર સર આજ્ઞા લઇને ચંદ્રસેન ત્યાંથી પરળીના કિલ્લા તરફ જવાને નીકળ્યો, જતાં જતાં પાછા વળીને તેણે પુન. એકવાર યશવત-રાવપ્રતિ સપ્રેમ દૃષ્ટિપાત કર્યો.

શૌર્યદર્શન.

પ્રતિનિધિ પોતાના ભવનના આગલા ચોકમાં વિચારનિમગ્ન ફર્યો કરતો હતો. મુખથી પણ કાંઇક બબડતો જતો હતો તેના શબ્દો સ્પષ્ટ સાંભળવામાં આવતા નહોતા. એવી રીતે કેટલોક સમય વીતી જતાં ચંદ્રસેનને તેના સાથીઓ સાથે આવતો જોઇને તેના મનમાં અતિશય આનંદ થયો. તે તત્કાળ દ્વાર ભણી દોડી ગયો. ચંદ્રસેને પોતાના અશ્વપરથી ઉતરીને નમસ્કાર કર્યા. એ ક્ષણે તેના મુખમંડ-ળમાં પ્રેમ તથા ઉલ્લાસની છટા પૂર્ણ અને સ્પષ્ટ દેખાતી હતી. પ્રતિનિધિએ તેને આલિંગન આપ્યું અને કહ્યુ,—

"વત્સ, તારા મુખમડળને જોતાં જ જણાય છે કે, તને સોંપેલા કાર્યમાં તું પૂર્ણ વિજય પ્રાપ્ત કરીને જ આવ્યો છે. તારો ઇત્થંભૂત વૃત્તાંત સત્વર કહી સભળાવ."

એ પછી તે બન્ને દીવાનખાનામાં ગયા. ચંદ્રસેને અથથી ઇતિપર્યન્ત સમસ્ત વૃત્તાંત પ્રતિનિધિને કહી સંભળાવ્યો.

ઉપલા બનાવને બે ત્રણ દિવસ વીત્યા પછી વિજયાદશમીનો પર્વ-દિવસ આવ્યો. કિલ્લામાંના લોકોએ મંગળસ્નાન કરીને શુચિર્ભૂતતાથી શ્રી મંગળાઈ દેવીનાં દર્શન કર્યાં. મધ્યાન્હે સર્વેએ આપ્ત મિત્રો સહિત ભોજન આસ્વાદ લીધો. સાયકાળે સીમોલ્લંઘન માટે જવાની ધામધૂમ મચી રહી! અશ્વ તથા હાથીઓને શૃંગારીને સજ્જ કરવામાં આવ્યા. શિલેદાર, માનકરી, મુસદ્દીઓ, સિપાહીઓ અને બીજા તમામ લોકો સારાંસારાં વસ્ત્રાભરણયુક્ત અને શસ્ત્રાસ્ત્રમડિત થઇને સીમોલ્લંઘનમાટે નીકળ્યા. પ્રયાગજી તથા યશવંતરાવ પણ અશ્વારૂઢ થઇને નીકળ્યા સર્વથી આગળ તોપખાનું, તેની પાછળ મ્યાના, હાથી અને ઘોડા; એ પછી ઘોડેસ્વાર અને છેલ્લુ પેદલ લશ્કર હતું—એવી રીતે સ્વારીની રચના કરવામાં આવી હતી. સર્વ લોકો મંગળાઈ દેવીના મદિરના આગળના ભવ્ય પટાંગણમાં આવ્યા. ત્યાં પ્રયાગજીના હસ્તે શમીપૂજનનો વિધિ થયો. તથા ચોઘડિયાં, તાસાં અને નગારાં વગેરે વાદ્યોનો ધ્વનિ થઈ રહ્યો! તોપોની સલામતીનો સપાટો ચાલૂ થયો, અને વિજયવાદ થવા લાગ્યા. એ સમયનું યથાર્થ વર્ણન થઈ શકે તેમ નથી સર્વ જને શમીપૂજન કરીને મંગળાઈ માતાના દર્શનથી નેત્રોને સફળ કર્યાં. પ્રત્યેકના મુખમંડળમાં વીરશ્રી અને સ્વદેશાભિમાન મૂર્ત્તિમત દેખાતાં હતાં. એ વેળાએ પ્રયાગજીની સૂચનાથી યશવતરાવે નીચે પ્રમાણે આવેશયુક્ત ભાષણ કર્યું. તે કહેવા લાગ્યો,—

"વીર પુરુષો, અત્યારે આપણા સર્વના શિરપર શો અને કેવો પ્રસગ આવેલો છે, એ તો તમો બધા જાણો જ છો. મોગલ સૈનિકોએ આપણા કિલ્લાને ચારે તરફથી ઘેરી લીધો છે, અને તેથી આપણને હીલચાલ કરવાની જરાપણ સગવડ રહી નથી. પણ તમારા શૌર્ય, પરાક્રમ અને મરાઠા નામને ગજાવવાનો આ યોગ્ય સંધિ અનાયાસ આવ્યો છે, એટલે હવે તમારામાં જે કાંઈ પણ પરાક્રમ હોય, તે બતાવી દ્યો; તમારામાં જે કાંઈ પણ ચમત્કાર અને બુદ્ધિબળ હોય, તેનો ઉપયોગ કરો! તમોએ મરાઠાના પવિત્ર કુળમાં જન્મ ધારણ કરેલો છે અને શ્રી છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યના આધારસ્તંભ તમે જ છો. શ્રી શિવાજી મહારાજે અટકપર જયપતાકા ફરકાવીને પોતાના નામને જગતના ઇતિહાસમાં અજરામર કરી રાખ્યું છે. તેનું જ તમો અનુસરણ કરો. આ મુગલોએ પોતાના દેશને છોડીને આપણા દેશમાં પ્રવેશ કરેલો છે એટલા માટે તેમનો ઉચ્છેદ કરી નાખો. તેમણે આપણા દેશની, આપણા ધર્મની અને આપણા આર્યજનોની દુર્દશા કરેલી છે! વૈરનો

બરાબર બદલો લ્યો. તલવારો રક્તપાન કરવાને ઉત્કંઠિત થએલી છે તેમને શત્રુઓના રક્તનુ પાન કરાવીને શાંત કરો. કિલ્લેદારની આજ્ઞા થાય તે વેળાએ મુગલોપર તૂટી પડીને તેમનાં માથાંને દડા પ્રમાણે આકાશમાં ઉછાળવા માંડો. રણાંગણમાં મરી જાઓ તો ચિંતા નહિ, પણ મરાઠાઓની શુભ્ર કીર્ત્તિને કદાપિ કલંકિત ન કરશો.”

એવા પ્રકારનુ તેનું વીરશ્રીયુક્ત ભાષણ સાંભળીને વીરપુરુષોના અંગરખાંના બધા પટાપટ તૂટવા લાગ્યા, કેટલાકોએ તત્કાળ પોતાની તલવારોને મ્યાનમાંથી બહાર કાઢી અને કેટલાકો મુગલોના રક્તપાનનો પોતાની તૃષાતુર તલવારોને ક્યારે પ્રસંગ મળશે એની આતુરતામાં દાંતથી હોઠ કરડવા લાગ્યા

યાહોમ!

કિલ્લાના ઘેરાને ત્રણ માસ કરતાં પણ વધારે સમય વીતી ગયો ઔરંગજેબ બાદશાહ મહાશૂરવીર, દઢ નિશ્ચયી અને કારસ્થાની પુરુષ હતો. તેણે આજ સૂધી અનેક યુદ્ધોમાં વિજય મેળવ્યો હતો, સેંકડો કિલ્લાઓ જીતી લીધા હતા અને મોટા મોટા રાજાઓને નમાવ્યા હતા. શિવાજી જેવા શૂર અને રાજકાર્યકુશળ વીર પુરુષને પણ ચકિત કરી નાખ્યો હતો. સેંકડો રાજ્યો અને પ્રાંતોને જીતી લીધાં હતાં. દિલ્લીથી તે કન્યાકુમારી સૂધી એકછત્રી રાજ્ય કરવાની તેની ઇચ્છા હતી, પણ સતારાના કિલ્લા સમક્ષ તેને પણ હાથ ટેકવા પડ્યા. મરાઠાઓ ડુંગરમાંના ઉંદર નહિ, પણ વનરાજ સિંહના ખરા બચ્ચા છે, એવી તેની પાકી ખાત્રી થઈ મુગલોની ટોળીઓ ઘણીકવાર કિલ્લાપર ચઢી ગઈ, પણ પ્રત્યેક વેળાએ મરાઠાઓએ તોપના ગોળાનો મારો ચલાવીને અને મોટા મોટા પાષાણોની વૃષ્ટિ વર્ષાવીને તેમને પાછી હટાવી દીધી. મરાઠાઓના થોડા જ લોકો કામ આવ્યા મુગલ ફોજમાના હજારો સિપાહીઓ મરાઠાઓના મારના ભોગ થઈ પડ્યા. બાદશાહ એવો તો હઠે ભરાયો કે, ‘શિકસ્ત લઇને દુશ્મનોને પીઠ બતાવવા કરતાં મયદાને જંગમાં મોત આવે તો તે વધારે સારું,’ અને મરાઠાઓનો એવો નિશ્ચય થએલો હતો કે, ‘ભૂખે મરી જઇએ તો પરવા નહિ, પણ જ્યા સૂધી શરીરમાં પ્રાણ છે ત્યાં સૂધી કિલ્લો તો શત્રુના હાથમા ન જ જવા દેવો.’ જ્યાં બન્ને મલ્લ સમાન યોગ્યતાના હોય, ત્યાં જોવા લાયક લડાઈ જામે છે.

અજીમશાહ સાથે રાજકારણ કરીને પ્રતિનિધિએ કિલ્લામા ધાન્ય, દારૂગોળો અને સૈનિકોને ભરી લેવાની કેવી યુક્તિ પ્રયુક્તિ વાપરી હતી, એ પૂર્વે જણાવેલું જ છે. પરળીમાંથી ધાન્ય આદિ સાધનોને ગુપ્ત રીતે

સતારાના કિલ્લામાં પહોંચાડવાનું કામ યશવતરાવ તથા ચંદ્રસેનને સોંપવામાં આવ્યું હતું અને તે કામ તેમણે આજ સૂધી બહુ જ કુશળતા ને ચપળતાથી બજાવ્યું હતું. ચાર આઠ દિવસનો ગાળો નાખી મધ્ય રાત્રિના સમયમાં પરળીમાંથી નીકળીને ગુપચુપ આડા માર્ગે બાદશાહની ગસ્ત મારતી ટોળીઓની નજર ચૂકવીને અજીમશાહની છાવણીમાં થઇને આગળ વધવુ અને મોટા પાલણામા રાખીને દાણાની ગૂણો કિલ્લાના બુર્જપર ચઢાવી દેવી એવી તેમની ગોઠવણ ત્રણ માસથી એક સરખી રીતે ચાલ્યા કરતી હતી.

ઘેરાને આટલા દિવસ વીતી ગયા છતા અદ્યાપિ મરાઠાઓ હિંમતથી ધીમે ધીમે લડ્યા કરતા હોવાથી બાદશાહને આશ્ચર્ય થતુ હતુ અને સતાપ પણ થતો હતો. એના મૂળ કારણનો કશો પત્તો મળી શકતો નહોતો એ કારણને જાણવા માટે તેણે મહા પ્રયાસથી એક જાસૂસને ફકીરના વેશમાં કિલ્લામાં મોકલ્યો. તે જાસૂસ માર્ગમાં સવાલ નાખતો ને ભિક્ષાવૃત્તિ કરતો ચાલ્યો જતો હતો જ્યા બે ચાર માણસો વાતચીત કરતા દેખાય કે ફકીર સાહેબ તરત તેની તે વાતચીતને કાન દઈ સાંભળવામાટે ઉભા રહી જતા હતા. છતાં તેને જે કારણનો પત્તો મેળવવાનો હતો તેનો કશો પણ પત્તો મળ્યો નહિ ચાલતાં ચાલતાં ફકીર સાહેબની સ્વારી તટ પાસેના એક સિપાહીને ત્યાં જઈ પહોંચી, અને ત્યાં 'માઈ, અલ્લાહકે નામસે કુછ દિલવા દો' એવો પોકાર કર્યો તે સિપાહીની ઘરડી માએ કહ્યું,–"સાંઈ સાહેબ, આજે તો ઘરમાં એક દાણોય નથી પરળીથી ધાન્ય આવશે એટલે આવતી કાલે તને ભિક્ષા આપીશ" આ શબ્દો સાંભળતાં જ ફકીરના મોઢાનો રગ બદલાયો અને 'બહોત અચ્છા, માઈ!' કહીને તે કિલ્લાપરથી નીચે ઊતરી ગયો અને પોતાની છાવણીમાં આવ્યો ને બાદશાહને સર્વ વૃત્તાંત કહી સભળાવ્યો એ વખતે બાદશાહનો આનદ ગગનમાં પણ ન સમાઈ શકે એટલો બધો વધી ગયો. તેણે તત્કાળ પાંચસો ઘોડેસ્વારોની ટુકડીને પરળી અને સતારાની વચ્ચે આવેલી ઝાડીમાં છુપાવી રાખી અને મરાઠાનાં માણસો રસદ લઇને આવતાં જ તેમનાપર તૂટી પડીને વધારે મારકાપ ન કરતાં હાથમાં આવે તેટલા લોકોને કેદ કરીને લઈ આવવાનો હુકમ ફર્માવ્યો.

રાતનો એક પ્રહર વીતી ગયો હતો. સર્વત્ર નિ:સ્તબ્ધતાનો પ્રસાર થઈ ગયો હતો. રાત કાળી અને અધકારથી વીંટળાયલી હતી! આકાશ વાદળા વગરનુ હતું. શરદ્ઋતુ હોવાથી ટાઢ વધારે હતી. નીલવર્ણ આકાશમાં તારાઓનો ચમકાટ થયા કરતો હતો. કોઈ કોઈવાર કોઈ

તારો ભૂમિના આકર્ષણવડે આકાશમાંથી નીચે સરર કરતો પડતો દેખાતો હતો. શિયાળવાં ને કૂતરાંના કર્કશ શબ્દ વિના બીજો કોઈ પણ શબ્દ સંભળાતો નહોતો. એ સમયે પરળીથી ધાન્ય લાદેલા લગભગ ૧૦૦ બળદ અને લગભગ પચાસ ઘોડેસ્વારો બહાર નીકળ્યા. સર્વના ઘોડા પાણીદાર અને ચપળ હતા. સ્વારો તરુણ અને ઉલ્લાસવાળા હતા. પ્રત્યેક સ્વાર પાસે ભાલો અને તલવાર હતી. જેમ તારામંડળના મધ્યમાં ચન્દ્રમા શોભી રહે છે, તેવી રીતે યશવતરાવ શોભતો હતો. યશવતરાવ અને ચંદ્રસેન એ બન્ને ધાન્ય પહોંચાડવાને નિત્ય સાથે જતા તેથી તે બન્નેનો ગાઢ મૈત્રીસબધ બધાયો હતો એવો કે એક વિના બીજાને ચેન પડતું નહિ. આજે ધાન્ય લઇને યશવતરાવ એકલો જ નીકળ્યો હતો. કારણ કે, ચંદ્રસેન બીજા કોઈ મહત્ત્વના કાર્યમાં રોકાયલો હતો આજે યશવતરાવ કાંઇક ઉદાસ દેખાતો હતો. તેની સાથેના ઘોડેસ્વારો આનદથી ગપાટા હાંકતા ચાલ્યા જતા હતા. ગપાટા સપાટામા પૂર્વે થઈ ગએલી લડાઇઓ, હલ્લાઓ, શિવાજીના પરાક્રમો અને થોડે ભાગે પોતાના શૌર્યની બડાઈ આદિ વિષયો મુખ્ય હતા. એ સ્વારોની ટોળીમા (સહગઢની લડાઈમાં જેણે ભાગ લીધો હતો એવો સંતાજી નામનો એક વૃદ્ધ મરાઠો પણ હતો.

તેણે ભાષણના રગમા તે લડાઈનુ વર્ણન કરતાં કહ્યુ કે,—"દરબારમા તાનાજીએ બીડું તો ઝડપ્યુ અને કહ્યુ કે, 'કોંડાણાનો કિલ્લો હું પાછો લઇશ.' તાત્યા, કાળી અને બીહામણી રાતે અમે હજાર માવળાઓ નીકળી પડ્યા! કિલ્લો પણ કેવો મજબૂત! નીચેથી તે ઉપર સૂધી બધા કાળા જ પત્થર! પણ તાનાજીએ અજબ હિકમત લડાવી એક માણસને ઉપર ચડાવીને નીચે દોરડું નખાવ્યુ અને તે દોરડાના આધારે એક પછી એક ત્રણસે માવળા કિલ્લાપર ચઢી ગયા. તેમાં હું પણ હતો. પણ એટલામાં મુગલો સાવધ થઈ ગયા. અમારી સામે ધસી આવ્યા. પછી શું થયું? ચાલી લડાઈ અને અમારી જીત થવાનો વખત આવ્યો. પણ તાત્યા, નસીબ તો જુઓ—તાનાજીના શરીરમાં જખમ થતાં તે ગબડી પડ્યો અને અમે પલાયન કરવા લાગ્યા. મેં બહુ બહુ બૂમો પાડી કે 'રાડના જણ્યાઓ, નાસીને કયાં જશો! મોત કંઈ મૂકવાનું છે?' પણ નગારખાનામાં તૂતેડીનો અવાજ કોણ સાંભળે વારુ? એટલામાં તાનાજીનો ભાઈ સૂર્યાજી પાંચસેં માણસોની બીજી ટોળી લઈને આવ્યો અને બોલ્યો કે "બાબારે, જાઓ છો કયાં? પોતાના જાતિભાઇને છોડીને કયાં નાસો છો? મેં ઉપર આવ્યા પછી દોરડું કાપી નાખ્યું છે, માટે કરો શત્રુઓપર ધસારો અને તૂટી પડો તરકડાપર." તેના આ શબ્દોથી

અમારા મનમાં ધીરજ આવી અને 'હરહર મહાદેવ'ની રણગર્જના કરીને અમે સેંકડો મુગલોને તડાક ફડાક કાપી નાખ્યા. ઉદયભાનુ નામના મુગલોના કિલ્લેદારની સાથે ચકમક થતાં તેણે મારા કપાળમાં એક મોટો જખમ કર્યો–આ જુઓ તેની નિશાની! અને મેં પણ તેની ગર્દનપર તલ્વારનો એવો તો ઝટકો માર્યો કે જેનું તે નામ–તે તત્કાળ પડ્યો ને બિહસતમાં હૂરિયોને જઇને ભેટી પડ્યો! બસ–અમો જીત્યા. તાનાજીના પડવાની વાત સાંભળીને મહારાજના મનમાં ઘણો ખેદ થતાં તેઓ બાળક પ્રમાણે રડી પડ્યા. આવા ધણી અને આવા ચાકર તે ખરેખર દેવના અવતાર જ કહી શકાય. આપણા હિન્દુ ધર્મનો ઉદ્ધાર કરવા માટે જ તેમણે જન્મ લીધો હતો. કેમ ખરું કે નહિ, તાત્યા સાહેબ?" એના ઉત્તરમાં યશવતરાવે જણાવ્યું 'સંતાજી બુવા, તમારુ કહેવુ અક્ષરે અક્ષર સાચું છે. શિવાજી મહારાજ તો ઈશ્વરના અવતાર હતા આ યવનોનો સંહાર કરીને તેમણે તેમને નીચા નમાવ્યા એ કાંઇ જેવી તેવી વાત કે? જો તેમનામાં એવું અલૌકિક સામર્થ્ય ન હોત, તો તેઓ હિન્દુપદપાદશાહીની સ્થાપના કેમ કરીને કરી શકત? એટલામા એક સિપાહી વચ્ચેજ બોલી ઊઠયો,–"શિવાજી મહારાજ તો ખરેખર સાંબ શિવના અવતાર હતા અવતાર! એમ ન હોત તો તેઓ બાર પાડાના બળને ધરાવનારા અફ્ઝુલખાનનો વધ કેમ કરી શકત? ઔરગજેબ બાદશાહે દિલ્લીમા કપટથી તેમને કેદ કર્યા અને સખ્ત ચોકી પહેરો રાખ્યો; પરતુ ત્યાંથી પણ મહારાજા ગુપ્તરૂપે છૂટી આવ્યા. એક સાધારણ મનુષ્ય એવા બદિખાનામાંથી છૂટો થઇ શકે કે? નાયક સાહેબ અફઝુલખાનના વધ વિશેની એક ન્હાનકડી કવિતા મને મોઢે છે, જો આપની ઇચ્છા હોય તો તે ગાઇ સંભળાવું?" યશવતરાવે આજ્ઞા આપી "આનન્દથી ગા. થોડીવાર બધાનું મનોરંજન થશે." તે સિપાહીએ કવિતા ગાવાનો આરભ કર્યો,–

(લાવણી)

"ધન્ય શિવાજી વીર મરાઠો, નહિ વિશ્વે એ સમ બીજો;
ગોદ્વિજ દુખો હરવામાટે, ખરે અવતર્યો શિવજી જો ધ્રુવ
યવન દુષ્ટ તે સકળ જનોને, ત્રાસ આપતા બહુ ભારી;
ગોવધ કરતા, વિપ્રો છળતા, ભ્રષ્ટ કરે હિન્દુ નારી.
તે ત્રાસોનો નાશ કરીને, સુખ શાંતી અતિ વિસ્તારી;
શિવ ભૂપતિએ અસિના બળથી, આર્ય જાતિને ઉદ્ધારી.
મહા પ્રબળ છે શિવજી સજા, એમ જોઇને યવન ડરે;
તદ્વિનાશનો માર્ગ શોધવા, નિશા દિવસ બહુ યત્ન કરે.
અફ્ઝુલખાને બીડું ઝડપ્યું, કહી 'અરે શી એની કથા?

પકડી લાવું, કિંવા મારું, મહાવિજય મેળવું તથા."
માર્ગમાહિ અતિ અનર્થ કીધો, ગોબ્રાહ્મણનો છળ કીધો,
આર્ય જનોના દેવ મંદિરો, ભ્રષ્ટ કરી ચાલ્યો સીધો
વસતા'તા તે વારે સુખથી, પ્રતાપગઢમા શિવ નૃપતિ;
અફઝુલને સંદેશ પાઠવ્યો, દેખાડીને વિનય અતિ
ખાને પ્રતિનિધિ પાઠવિયો, એ શિવ ભૂપતિને સમજાવા,
નૃપે કરી આદર તેનો અતિ, પ્રસગ દીધો નહિ જાવા
*પંતાજીને કહે શિવાજી, "વિપ્ર તમે છો પૂજ્ય સદા,
ગો બ્રાહ્મણ રક્ષાની કૃતિ મે, લીધી કરમા સંકટદા
કરો સાહ્ય આ કૃતિમાં મુજને, એજ પ્રાર્થના છે મારી,
આપુ ગામ ઇનામ તરીકે, સકટ ટાળો આ ભારી"
થઇ ભૂપને વશ વકીલ તે કહે, "ખાન છે દુષ્ટ અતિ,
મિલન સમયમા સાવધ રે'જો, દગો કરે કદિ નીચમતિ"
મિલન દિવસના પ્રાત કાલે, સ્નાન કરીને શિવ રાજા,
સુર વિપ્રોને વદી માને, ચરણે નમિયો ધરિ માઝા
કવચ અગમા શિરસ્ત્રાણ શિર, હસ્તે વાઘનખો બિછવા,
આર્યજનોનો મિત્ર શિવાજી, નિકળ્યો શત્રૂપાસ જવા
મળ્યા ઉભય ને કુશલ પ્રશ્ન પણ, પૂછયા ઉપલક ભાવ ધરી,
આલિગન દેવાની ખાને, ચેષ્ટા હસિત મુખેજ કરી
ઠાર કટારે કરવા કેરો, ભાવ ખાનનો ભાળીને,
વાઘનખે તેનો વધ કીધો, શિવાજીએ સભાળીને
કરી જને આનન્દ ગર્જના, સમાચાર એ જાણીને,
યવન સૈનિકો કરે પલાયન, હૃદયે ભયને આણીને
અફઝુલખાનુ શિર કિલ્લાપર, ટાગ્યુ અતિશય હર્ષ ધરી,
નિજ સૈનિક સતુષ્ટ કર્યા, ધન વસ્ત્રાભરણો આપી કરી
થઇ ગયો એ આર્ય જાતિનો, રક્ષક શિવ નૃપ એક ખરો,
નારાયણ એ કહે તે સમી સત્કૃતિ, વિશ્વે સદા કરો! ધન્ય

આવા પ્રકારની વીરશ્રીજનક અને શ્રી શિવ છત્રપતિની સ્તુતિથી ભરપૂર પોવાડો સાંભળતાંની સાથે જ સર્વ મરાઠા ઘોડેસ્વારોનાં તનમન થનથનાટ કરવા લાગ્યાં, સર્વનાં મુખમડળો પ્રફુલ્લ થઈ ગયાં, સર્વ તેજસ્વી દેખાવા લાગ્યા, એટલામા અચાનક 'દીન, દીન, મારો–પકડો!' બરાડ મારતા, ઝાડીમાં છુપાઈ રહેલા મુગલો તેમનાપર તૂટી પડ્યા. મરાઠાઓ અસાવધ હતા, છતાં પણ પોતાનાં શસ્ત્રોને સભાળીને શત્રુઓના હલ્લાનો જવાબ આપવા લાગ્યા. તલવારોનો ખણખણાટ થઈ રહ્યો, ભાલાની તીક્ષ્ણ અણીઓને રક્ત અને માંસની આહુતિ મળવા

* અફ઼ઝુલખાને શિવાજી પાસે પોતાના જે પ્રતિનિધિને મોકલ્યો હતો, તેનું નામ

લાગી, મરણના ઉદ્યોગનું મગલાચરણ થઈ ચૂક્યું; 'હરહર મહાદેવ' અને 'દીન દીન' ના ધ્વનિથી દશે દિશાઓ છવાઈ ગઈ. મરાઠાઓની સખ્યા ઓછી હતી, તોપણ તેઓ મહા શૌર્ય અને આવેશથી લઢ્યા. પરતુ ઔરંગઝેબના પાંચસેં સ્વારો સમક્ષ મુઠ્ઠીભર મરાઠાઓનું શું ચાલે ?

એ ઝપાઝપીમાં યશવંતરાવે અતુલ પરાક્રમ દર્શાવ્યું. અનેક મુગલોનાં માથાંનું આર્ય ભૂમાતાને બલિદાન આપ્યું. કાપાકાપીમાં મરાઠાઓના માત્ર ત્રીસ માણસો બાકી રહ્યા, એટલે મુગલોએ તેમને કેદી બનાવ્યા. સ્વારી છાવણી તરફ ચાલી યશવતરાવે મુગલોની સારી રીતે ખબર લીધેલી હોવાથી મુગલોના તેનાપર ચાર ડોળા હતા. ખીજવાયલા મુગલ સ્વારોએ ગાળ ગળોચ કરવા માંડી ને શિવાજીની નિન્દા કરવા લાગ્યા. એ નિન્દા સહન ન થવાથી કેદી હોવા છતાં પણ યશવતરાવ ગર્જના કરીને કહેવા લાગ્યો,–"ગાળો ભાંડીને મુખના સુખનો આસ્વાદ લેવો, એ જ તમારી વીરતા છે કે ? મારા હાથ બાંધો, પગ બાંધો અથવા બીજા પ્રકારે દુર્દશા કરો, પરતુ શિવાજી મહારાજના પૂજ્ય ચરિત્ર વિરુદ્ધ એક પણ નિન્દાત્મક શબ્દ પુન મુખમાંથી બહાર કાઢશો, તો યાદ રાખજો કે મુવાજ છૂટશો!" તેનું ભાષણ સાંભળીને, મુસલમાનો થોડીવાર ચુપ રહ્યા, પણ થોડીવારમાં પાછો બકવાદનો આરભ થયો. યશવંતરાવના પગનો અગ્નિ મસ્તકે પહોંચી ગયો, તેનાં નેત્રો ખદિરાંગાર સમાન થઈ ગયાં. સપાટાભેર પોતાના અગબળથી શરીરની આસપાસના પાશને તોડી નાખી, જે સિપાહી શિવાજીની નિન્દા કરતો હતો તેની છાતીમાં જોરથી એક એવી મુઠ્ઠી મારી કે તે લોહી ઓકીને તત્કાળ જહન્નમમાં રવાનો થઈ ગયો ! પાંચ દશ મુગલ સિપાહીઓ યશવંતરાવપર ધસી આવ્યા, અને આવા પીલતન કાફિરને પોતે ન મારતાં બાદશાહના હાથે જ શિક્ષા કરાવવાના વિચારથી કસકસાવીને બાંધ્યો ! યશવંતને બાદશાહ સમક્ષ લાવીને ઊભો રાખવામાં આવ્યો, તે વેળાએ બાદશાહે તેના પગમાં સવ્વા મણની લોઢાની બેડી નાખીને કેદમાં રાખવાનો હુકમ ફર્માવ્યો.

ઔરંગઝેબની ઉદારતા.

પ્રભાતનો સમય કેટલો બધો સુખકર હોય છે, એ તો સર્વ જાણે છે. માર્ગશીર્ષ માસ ચાલતો હતો, પશ્ચિમ દિશાનો શીતલ અને અંગને થથરાવનારો વાયુ વાતો હતો. ઘણી ખરી તારાઓ અરુણોદયના તેજમાં ઢંકાઈ ગઇ છે. કેટલાક તારકો અદ્યાપિ ચમકે છે, પૂર્વ દિશાએ લાલ વાગો પહેર્યો છે. તે જાણે કોઈ એક સલજ્જ નવવધૂ પ્રમાણે શોભે છે. પક્ષીઓના કલરવ કિંવા કૂજનનો આરંભ થયો છે, કિલ્લાપરના મરા-

ડાઓનાં તથા બાદશાહની છાવણીમાં પ્રભાત કાળનાં ચોઘડિયાં વાગે છે. આજૂ બાજૂનાં ગામોના પ્રવાસીઓ પોતાનો પ્રવાસ આરંભે છે! આસપાસના ગામોના ભીલ લોકો ઉઠીને મુખમાર્જનાદિ વિધિની સમાપ્તિ કરે છે. કોઇ સ્નાન કરે છે, કોઈ ભગવચ્ચિંતનમાં લીન થાય છે. ગભરાટમાં ને ગભરાટમાં નવ વધૂઓ સર્વથી પ્રથમ બિછાનું છોડી ઘરકામમાં ગુંથાઈ ગઈ છે, ભક્તજનો દેવમંદિરોમાં જઈ પ્રાર્થના કરે છે, ખેડુતો કોદાળી પાવડાને ખભે લઈ રોટલાની પોટલી બાંધી પોતાના બળદોની પાછળ પ્રભાતિયાં ગાતા ખેતરભણી ચાલતા થાય છે. આજે તેમના બળદોના ગળામાં ઘુઘરમાળ નથી. કેટલાક લોકો 'આજની આ કેવી ટાઢ અને કેવો ઠંડો પવન!' એમ બોલતા મોઢાપર બોકાની બાંધી સીઇઈ સીઇઈ કરે છે. હજી ભગવાન્ સૂર્યનારાયણ દેવનાં દર્શન થયાં નથી.

આવા રમણીય પ્રભાતના સમયમાં ઔરંગજેબ બાદશાહ, તરબીયતખાન, અજીમશાહ અને શેરખાન વગેરે મોટા મોટા સરદારો સાથે પ્રભાતની હવા લેવા ગયો હતો. બાદશાહ કોઇ કોઇવાર આવા પ્રકારનું ભ્રમણ કરતો હતો. બાદશાહનો રસાલો આઠ કે દશ માણસનો હતો. બાદશાહ માર્ગની ડાબી બાજૂએ હતો, તેની લગોલગમાં સરદારો ચાલતા હતા. સહુ પોતપોતાના અશ્વને ધીમે ધીમે ચલાવતા હતા. બાદશાહ એક તુર્કી ઘોડાપર સ્વાર થએલો હતો, તેની મુખમુદ્રા ગંભીર, ઉગ્ર તથા સતેજ હતી; દૂધ જેવી સફેદ દાઢી છાતી સૂધી પહોંચતી હતી અને આંખો ચારે તરફનું અવલોકન કરતી હતી. તેણે માથાપર જરીની તુર્કી ટોપી, અંગપર કાશ્મીરી શાલનો કાળો ઝબ્બો અને નીચે ઢીલો પાયજામો પહેર્યો હતો, કમ્મરે તલવાર લટકાવી દીધી હતી. થોડુંક ચાલ્યા પછી તરબીયતખાનને કહ્યું કે,–" આ મરાઠાઓ અજબ કાફિર છે; ખુદા હાફિજ! તેમના કાવાદાવા અજાયબીમાં નાખી દેનારા છે. મીયાં, ચાર ચાર મહિનાથી આપણે છાવણી નાખીને પડ્યા છીએ, પણ તે કમબખ્તોએ આપણી દાળને જરા પણ ગળવા દીધી નથી! મારી તો ખાતરી જ છે કે, મરાઠા લડવામાં પાછી પાની કરવાના નથી; છતાં આ કિલ્લો કબ્જામાં લીધા વિના અહીંથી ન ખસવાનો મેં તો દૃઢ નિશ્ચય કરેલો છે."

તરબીયતખાને કહ્યું:"ખુદાવન્દ, આપ જરાય ફિકર ન કરશો. આવતી કાલેજ જબરદસ્ત હલ્લો કરીને એ કિલ્લાને હું આપણા કબ્જામાં કરી લઇશ. આપ તમામ સરદારોને એવો હુકમ ફર્માવી દ્યો કે, આવતી કાલેજ કિલ્લાને કબ્જે કરી લેવાનો છે, એટલામાટે તૈયાર થઈ રહેવું.

બિચારા મરાઠાઓની આપણી સ્હામે શી બિસાત છે—તેમની ગર્દનો તો અમે જોતજોતામાં છાંટી નાખીશું."

આ વાતોના તડાકામાં આસપાસ કોઇનુ પણ ધ્યાન હતુ નહિ. ચારે કોર ઘન વૃક્ષરાજી વિસ્તરેલી હતી. ધોળે દિવસે પણ તેમાં વાઘ, રીછ ને વરૂ હરતાં ફરતાં જોવામાં આવતાં હતાં.

સમય પ્રભાતનો હતો. એકાએક એક ભયકર વાઘની ગર્જના સાંભળવામાં આવી. બાદશાહ જે બાજૂએ ચાલતો હતો તે બાજૂએથી એક ભયાનક વાઘ છલગ મારતો અને પૂછડીને વળ દેતો તરાપ મારવાને ધસી આવ્યો ! આ બનાવ નિમેષ માત્રમાં જ બની ગયો.

વાઘ બાદશાહના શરીરપર હલ્લો કરવાની તૈયારીમાં હતો એટલામાં ધડાક દેતોકે તમચાનો અવાજ થયો—ગોળી વાઘના જડબાંમાંથી આર પાર પસાર થઈ ગઈ. વાઘ તૂટેલી ખાટલી પેઠે પૃથ્વીપર પછડાઈ પડ્યો. બાદશાહના પ્રાણપર આવેલી આપત્તિ દૂર થવાથી તેને પોતાને, તેમ જ તેની સાથેના સરદારોને અતિશય આનદ થયો. પણ આ મહા શૌર્યનું કૃત્ય કોણે કર્યું ?

બાદશાહ અને તેના સરદારોએ આસપાસ નજર ફેંકવા માડી. કેટલીકવાર પછી લગભગ બસેં હાથના અતરપર જેના હાથમાં તમચો છે એવો એક અશ્વારૂઢ તરુણ મરાઠા વીર સર્વના જોવામાં આવ્યો.

ચન્દ્રસેન, યશવતરાવને રસદ લઇ ગયાને બે દિવસ થઈ ગયા હતા, છતાં તે પાછો ફરેલો ન હોવાથી, તેને શોધવા નીકળ્યો હતો. શોધ કરતાં 'બાદશાહે તેને બંદિવાન્ કર્યો છે' એમ તેના જાણવામાં આવ્યું. ચન્દ્રસેન દિલગીર થઈ ગયો, મુઝાઈ ગયો, ગભરાઈ ગયો. તેની છાતી ફાટ ફાટ થવા લાગી. તે બોલવાને પણ અશક્ત થઈ પડ્યો. ચન્દ્રસેનનો યશવંતરાવમા એટલો બધો સ્નેહ હતો કે તે તેના વગર રહી શકતો નહિ. યશવતને છોડવવા માટે હવે શો ઉપાય કરવો, એનો વિચાર કરતો તે હમણા કિલ્લા તરફ જતો હતો.

ચન્દ્રસેનને જોઇને બાદશાહ અને તેના સરદારો તેના આવવાની વાટ જોવા લાગ્યા. અને બાદશાહને જોતાં ચન્દ્રસેન ખૂબ વિચારમાં પડી ગયો. આગળ વધવામાં પંચાત હતી, અને પાછળ હટવામાં દુઃખ હતું. તેણે બાદશાહના પ્રાણ બચાવેલા હોવાથી તે આ વેળાએ તો દગાબાજી નહિ જ કરે એવા નિશ્ચયથી બાદશાહની નજીકમાં આવ્યો. બાદશાહને કોર્નિશ કરી. ચંદ્રસેનની ફક્કડાઈ સૌન્દર્ય અને તેણે પોતાપર કરેલા ઉપકારથી, બાદશાહ જડભરત જેવો થઈ ગયો. તે કોણ છે એ જાણ્યા પછી બાદશાહ બોલ્યો; "તું શત્રુ તરફનો એક વીર હોવા છતાં,

મારાપર તારો એવો અદ્વિતીય ઉપકાર થએલો છે કે હું મરણુ પર્યન્ત તારો આભારી રહીશ; પાક પરવરદિગાર તને હમેશા સુખી રાખે એવી પ્રાર્થના કરતો રહીશ. અત્યારે તું જે માગે તે બક્ષીસ આપવાને બાદશાહ ઔરંગજેબ તૈયાર છે!" "બાદશાહ સલામતે મને જે આટલું મોટુ માન આપ્યું છે, તે માટે હું તે નામવરનો અંતકરણપૂર્વક આભાર માનુ છુ. આવા પ્રસગમાં મનુષ્યે મનુષ્યને સાહાય્ય આપવું અને પરસ્પર ઉપયોગી થવુ, એ મનુષ્યનું કર્ત્તવ્ય છે. મારા કર્ત્તવ્યથી વિશેષ મેં કાંઈ પણ કર્યું નથી. આપ ખુદાવિદ મને જે બક્ષીસ આપવાને તૈયાર છો, એ આપના જેવા સાર્વભૌમ અને ઉદારાત્મા બાદશાહને યોગ્ય જ છે. પણ જો આપ ક્રોધ ન કરો તો હું મારી ઇચ્છા પ્રમાણેની બક્ષીશ માગી લઉ!" ચંદ્રસેને વિનયથી કહ્યુ. "તારી ઇચ્છા હોય તે માગણી કર; હુ તે ખુશીથી આપીશ. કોઈપણ પ્રકારનો સંકોચ ધારતો નહિ. બોલ તારી શી ઇચ્છા છે?" બાદશાહે આતુર ચહેરે પૂછ્યું. "ખુદાવિદ બાદશાહ! મારી એટલી જ ઇચ્છા છે કે, આપે પરમ દિવસે અમારા જે સરદારને કેદ કર્યો છે, તેને કૃપા કરીને છોડી મૂકો!" ચંદ્રસેન બોલ્યો. "તારી આ માગણી બહુ કઠિન છે. શત્રુપક્ષના અમારા હાથમાં સપડાયલા સરદારને, ખાસ કેદ કરી લીધેલા એક મહા શૂરવીર સરદારને, છોડી દેવો તે પોતાના હાથે જ પોતાનો નાશ કરવા સમાન છે. તોપણ મેં તને વચન આપેલુ હોવાથી મારા વચનનો મારાથી ભગ કરી શકાય તેમ નથી. અત્યારે જ છાવણીમાં આવ એટલે તારા તે સરદારને તારા હાથમાં સોંપવામા આવશે." બાદશાહે કહ્યું.

એ વેળાએ બાલ સૂર્યના કોમળ કિરણો ચંદ્રસેનના મુખમડળપર પડેલા હતાં પ્રિય મિત્રને મળવાની આશાએ આનદવડે તેનું મુખકમળ પ્રફુલ્લ થએલુ હતુ અને તેના કૃષ્ણવર્ણાં નેત્રોમાં હર્ષની છટા પ્રત્યક્ષ દેખાતી હતી. ચાલતાં ચાલતાં થોડીવારમાં બાદશાહની છાવણી દૃષ્ટિએ પડી. બાદશાહની અર્ધચદ્ર યુક્ત નીલપતાકા તેના ભવ્ય અને શોભાયમાન તબૂની પાસે જ ફરકતી હતી, તે પણ જોવામાં આવી. અમીર ઉમરાના મોટા મોટા તંબૂઓ આસપાસ ઉભા કરેલા હતા. સ્થળે સ્થળે સિપાહીઓ બેઠા બેઠા ગુડગુડી ગગડાવતા હતા, કેટલાક ધર્મચુસ્ત મુસલમાનો નમાજ પઢવામાં મશગૂલ થયા હતા; કેટલાકો કુરાનશરીફ વાંચતા હતા. અરબી સિપાહીઓનો છાવણીમાં સખ્ત ચોકી પહેરો જોવામાં આવતો હતો. વચ્ચે વચ્ચે ઘોડાના હણહણવાનો અવાજ પણ સભળાતો હતો. બાદશાહને આવતો જોઇને સઘળા સિપાહીઓ વ્યવસ્થાથી ઉભા રહ્યા. બાદશાહ સલામત નજદીકમાં આવતાં સિપા-

હી ને સરદારોએ જમીન સૂધી નમીને સલામ કરી. છાવણીમાં આવ્યા પછી બાદશાહે યશવતરાવને છોડી મૂકયો; ચંદ્રસેનને ભારી પોશાક ભેટ આપ્યો; અને કહ્યું,–"જ્યાં સૂધી તમો પાછા તમારા કિલ્લામાં નિર્વિઘ્ન જઇ પહોંચો, ત્યાં સૂધી તમો અમારા જાની દોસ્ત છો! તમોને અમારા તરફથી કોઈ પણ પ્રકારનો ત્રાસ થશે નહિ." આમ કહીને તેમને બાદશાહે જવા માટેની વરદી આપી.

ભયંકર કાપાકાપી!

આવતી કાલે કિલ્લાપર સઘળા જોરથી ઔરંગજેબ હલ્લો કરવાનો છે, એ સમાચાર ચંદ્રસેનને મળ્યા હતા, એટલે કિલ્લેદારને તેણે એ સમાચાર કહ્યા. એ બાતમી મળતા જ સઘળા બુર્જપર તૈયારી કરી રાખવામાં આવી, તોપોને પણ તૈયાર રાખવામાં આવી. કેવળ દાગવાનો જ અવકાશ હતો.

સર્વત્ર નિ સ્તબ્ધતા અને નિ શબ્દના વિસ્તરેલી છે. સર્વે સૈનિકો વ્યવસ્થિત રીતિથી પોતપોતાના કામપર ઉભા રહી ગયા છે. મધ્ય રાત્રિનો સમય થયો છે. એટલામા પૂર્વ અને દક્ષિણ દિશામાંથી તોપોના ભયકર અવાજો સંભળાયા, દક્ષિણ દ્વારપર તથા કિલ્લામાં ગોળા આવીને અથડાવા લાગ્યા. તે તોપોના જવાબ વાળવાને કિલ્લામાંની મહાકાળી, દુર્ગાદેવી અને ભવાની આદિ પ્રચડ તોપોને મરાઠા ગોલદાજોએ દાગી દીધી. દીન દીન' અને 'હર હર મહાદેવ'ના રણશબ્દો થવા લાગ્યા. બાણુ અને ગોળાની વૃષ્ટિ વર્ષવા લાગી મુગલ લોકો કાંઈ પણ પરવા ન રાખતાં એકદમ આગળ વધ્યા આવ્યા. તોપનો ઉપયોગ ન થતો જોઇને મરાઠાઓ બુર્જપર એકઠા થઇને, ઉપરથી મોટી મોટી પાષાણુ શિલાઓ, મુગલોના માથાપર ફેકવા લાગ્યા, અને તેથી સેકડો મુસલમાન સૈનિકોનો કચ્ચરઘાણુ નીકળી ગયો. મુગલોને મરાઠાઓ સાક્ષાત્ કાળ સમાન દેખાવા લાગ્યા, થોડીવારમા મુગલ સૈનિકો પલાયન કરી ગયા. એનો લાભ લઇને મરાઠાઓએ પાછો તોપોનો સપાટો ચલાવ્યો અને તેમાં પલાયન કરતા મુગલોનો સારી રીતે સહાર વળી ગયો. ઔરંગજેબના લશ્કરને ભાગતાં ભોય ભારી પડી ગઈ. મરાઠાઓએ બાદશાહના હલ્લાને હટાવી દીધો અને પોતાની જીત દર્શાવવા માટે રણવાદ્યો તથા નોબત વગેરે વગડાવવાનો આરંભ કર્યો.

આ હારથી ઔરંગજેબ ઉન્મત્ત જેવો બની ગયો. તે આગળ કરતાં પણ વધારે હઠીલો થયો. બીજે દિવસે તરબીયતખાન આદિ સરદારોને પોતાના તંબૂમાં બોલાવીને હવે પછી કેમ લઢવુ એની તેણે મસ્લત

ચલાવવા માંડી, "આજ સુધીમાં આપણે આવા અનેક હલ્લા કર્યા, પરતુ તેથી કાંઈ પણ લાભ થવાને બદલે સામી આપણી પાયમાલી થતી જાય છે. હવે આવા હલ્લાઓથી મને તો કાંઈ ફાયદો દેખાતો નથી. મગળામાતાના બુર્જની નીચે સુરંગ લગાવીને તે બુર્જને ઉડાવી દો અને પછી કિલ્લાપર મજબૂત હલ્લો કરો." ઔરગજેબ બાદશાહનો આ અભિપ્રાય સર્વને ગમ્યો. સુરગ લગાડવાનુ કામ તરબીયતખાનને સોંપવામાં આવ્યું. તે એ કામમાં તનમનથી મચી ગયો.

તટના ઇશાન્ય કોણમાં મંગળામાતાનો બુર્જ આવેલો છે. એ બુર્જ તરફનો ભાગ અતિશય મજબૂત હતો. તેની ઉંચાઈ જમીનથી સડસઠ ફીટની હતી. તેની નીચે તરબીયતખાને બે સુરંગ ખોદીને તૈયાર કરી. સુરગ ઉડતાંની સાથે જ કિલ્લાપર મજબૂત હલ્લો કરી શકાય એટલા માટે બે હજાર લડવૈયાઓની એક ટોળી બનાવી અને તે ટોળીને તટ આગળની એક ટેકરી નીચે સતાડી! બુર્જપર ઘણા લોકો એકઠા થઈ જાય એવા વિચારથી તેણે એક નવી યુક્તિ શોધી કાઢી. સુરગમાં બત્તી મૂકવા સુધીની તૈયારી થઈ ગયા પછી તેણે બાદશાહને સદેશો કહાવ્યો કે, "જો સ્વારી આ ભાગમાં સુરગના ચમત્કારને નજરોનજર જોવા માટે ઠાઠમાઠથી પધારે તો વધારે સારુ!" એ સદેશો મળતાં જ બાદશાહે એક મોટી સવારીનો ઠાઠ જમાવી દીધો. સર્વથી આગળના ભાગમા શૃંગારાયલા હાથી અને ઘોડાઓ ચાલતા હતા, તેની પાછળ તવાયેફ નૃત્ય અને ગાયન કરતી ચાલતી હતી, આસપાસ અપાર સેના પ્રસરેલી હતી, બાદશાહ પોતે દરબારી પોશાકમાં સજ્જ થઈ એક ઉચ્ચ અને શોભાયમાન હાથીની અબાડીમાં બેઠો હતો, છડીદાર અને ચોબદારો નેકી પોકારતા હતા. આવા અપૂર્વ ઠઠારાથી ઔરગજેબ તે સુરગના ચમત્કારનું અવલોકન કરવા માટે આવી પહોંચ્યો.

કિલ્લામાં ભરાયલા લોકોને સુરગની જરા રતિ પણ ખબર નહોતી. એથી બાદશાહની સ્વારી જોવા માટે ઘણાક લોકો ચારે તરફથી આવીને કિલ્લાની દીવાલપર એકઠા થઈ ગયા. લોકો બાદશાહની સ્વારી જોતા, ગપાટા મારતા અને હસતા બોલતા રમત ગમત ઉડાવતા બેઠા હતા. તેઓ અસાવધ હતા. અલ્પ સમયમાં જ પોતાપર આવનારા દુર્ધર પ્રસંગનું કોઇને પણ જરાએ જ્ઞાન કે ભાન હતું નહિ. બાદશાહની આજ્ઞાથી સંકેતાનુરૂપ તરબીયતખાને બેમાંની નાની સુરગને બત્તી લગાવી દીધી.

ધડૂમ દેતો કે એક ભયકર ધડાકો થયો; જાણે આકાશ તૂટી પડ્યુ હોયની, એવો જ ભાસ થયો. એ અવાજ જાણે સેકડો તોપો એક સાથે

ઉડાવવામાં આવી હોય તેવો હતો. ધડાકાનો પડઘો આસપાસના વનપ્રદેશમાં થયો. દશે દિશાઓ અધાધુંદ દેખાવા લાગી. ચોમેર ઉડતી ધૂળ, માટી અને પાષાણના યોગે સર્વ દેખાતું બંધ થઈ ગયું. આર્ય માતાનો ક્ષોભ થતાં—જ્વાલામુખી પર્વત ફાટતાં, પૃથ્વી પોતાના ઉદરમાંથી પાષાણ અને માટીને બહાર ઉછાળતી હોય તેવો ભાસ થયો. જોનારાઓના કાન બ્હેર મારી ગયા, માથાં જડ તથા બધિર બની ગયાં! ચોમેર હાહાકાર વ્યાપી ગયો. કિલ્લાની અગાસી હચમચી ગઈ, અને તેમાં ફાટો પડી ગઈ.

પણ બાદશાહની સ્વારી જોવાને એકઠા થએલા કિલ્લાપરના લોકોની જે દુર્દશા થઈ, તે સર્વથા અવર્ણનીય હતી. કિલ્લામાં તડ પડતાં ઉપરનો ચૂના તથા ઈંટનો ભાગ જોરથી ઉડી ગયો અને તે ભાગ ત્યાં ભેગા થએલા લોકોપર પડવાથી સેંકડો માણસોના ચૂરેચૂરા થઈ ગયા. કેટલાક પત્થરના મારથી પક્ષીઓ પ્રમાણે ઊંચા ઉડીને પાછા નીચે પછડાયા, કેટલાકનાં માથાં ફૂટી ગયાં, કેટલાકના હાથ તૂટી ગયા, કેટલાકના અગના બીજા અવયવો છિન્ન ભિન્ન થઈ ગયા. ચોમેર બૂમશોર રડારોળ થઈ રહી. કિલ્લામાંનાં સુન્દર અને મનોહર નિલયો અને ગૃહો પડીને જમીનદોસ્ત થઈ ગયા

પ્રયાગજી કિલ્લેદાર એ વેળાએ મગળામાતાના દેવાલય પાસે ઉભો હતો, તે દેવાલય તેના શિરપર તૂટી પડ્યુ અને માટી તથા હજારો પાષાણોની તેનાપર વૃષ્ટિ થઈ રહી! છતાં એ આપત્તિમાંથી તે મહા વિલક્ષણ રીતિથી બચી ગયો. 'રામ રાખે તેને કોણ ચાખે' તે સત્ય છે! સદ્ભાગ્ય યોગે ત્રણ બાજૂએ ત્રણ પાષાણ શિલાઓ અને તેની ઉપર ચોથી પાષાણ શિલા આડી પડવાથી ઘર જેવું બની ગયું અને તેની ઉપર માટીનો ઢગલો થઈ ગયો. યશવત આદિએ ચપળતાથી તે માટી અને પાષાણને દૂર ખસેડી નાખ્યાં અને પ્રયાગજી જીવતો જાગતો બહાર નીકળ્યો. મગળામાતાએ આવી અમાનુષ અને અદ્ભુત રીતિથી તેનું રક્ષણ કરેલુ જોઇને તેને તથા કિલ્લામાંના લોકોને વિશેષ ઉત્સાહ આવે એ સ્વાભાવિક જ હતું.

પહેલી સુરગ ઉત્તમતાથી ઉડતાં કિલ્લાપરના લોકોની બરાબર દુર્દશા થએલી જોઇને ટેકરી નીચે છુપાઈ બેઠેલા બે હજાર મુગલોની ટોળી આગળ વધી આવી. તેણે જોરભેર કિલ્લાપર હલ્લો કરવાની તૈયારી કરી, પણ એટલામાં બીજી મોટી સુરંગમાં પણ બત્તી મૂકાઈ. પરતુ એ સુરંગ સારી રીતે તૈયાર થએલી ન હોવાથી અંદરથી ન સળગતાં બહારની બાજૂએ જ સળગી ઉઠી. તેના ફૂટવાનો પ્રથમ કરતાં પણ વધારે ભયંકર ધ્વનિ થયો. એ સુરંગમાંથી ઉડેલાં માટી અને પત્થરથી બે હજાર ઉપરાંત મુગલો ત્યાંને ત્યાં જ ચગદાઈ ગયા. આમ ઈશ્વર-

કૃપાથી અવકાશ મળતાં કિલ્લામાના લડવૈયાઓ સાવધ થઈ ગયા અને તેમણે ઉપરથી તોપોનો સપાટો ચલાવ્યો. પુન. મુસલમાનોનો ભયંકર સહાર થઈ ગયો !

ઔરંગઝેબ બાદશાહનો પૂરો પરાજય થયો અને તેથી તે ભૂખ્યા વાઘ પ્રમાણે છેડાઈ ગયો. તેના અગે અંગમાં કોપનો ભયાનક અગ્નિ પ્રજળવા માંડ્યો. "મરાઠાઓ શયતાન છે–કાફિર બેઇમાન છે–એમના પુર્જે પુર્જા ઉડાવી દેવા જોઇએ!" એમ તે પોતાના મન સાથે બબડવા લાગ્યો.

એ રીતે કેટલાક સમય પર્યન્ત મરાઠાઓનો વિજય થયો અને તેથી તેઓના મનમા અતિશય આનદની ઉર્મિઓ ઉત્પન્ન થવા લાગી. પ્રયાગજી, યશવત અને ચંદ્રસેન પ્રતિ લોકોનો અત્યંત પૂજ્યભાવ હતો અને તેથી તેમના વચનનુ તેઓ કદાપિ ઉલ્લઘન કરતા નહોતા. કિલ્લામા એકસપ, ઉત્સાહ, ને આજ્ઞાપાલનનુ રાજ્ય વિસ્તરેલુ હતુ.

બાદશાહનો પરાજય અને મુગલ સૈનિકોનો સંહાર જોઇને અજીમશાહ શોકાતુર થઈ ગયો. એ નાશ તથા પરાજયનો હેતુ તે પોતે જ છે, એવા વિચારથી તેનુ મન બહુ જ ખિન્ન થવા લાગ્યુ, જોકે યશવતને કેદ કરવામાં આવ્યો, તે દિવસથી કિલ્લામા ધાન્ય તથા દારૂગોળો વગેરે જવા દેવાનુ તેણે બધ કર્યું હતુ અને તેથી કિલ્લામાંના લોકોના આનદનો અસ્ત થઈ ગયો હતો. તેમણે દશ પદર દિવસ સૂધી તો જેમ તેમ ટકાવ કર્યો, પણ અતે પેટમાની આગ સામે તેમનાથી ટકી શકાયું નહિ. સર્વ દુખો સહન કરી શકાય છે, પરંતુ ભૂખમરાની પીડા કાઇક વિલક્ષણ છે રાજા હોય કે રક, વિદ્વાન્ હોય કે મૂર્ખ, ધર્માત્મા હોય કે નાસ્તિક, ચોર હોય કે શાહ પણ ભૂખની વેદના તો સર્વને એકસરખી જ છે. અતકાળ સારો, પણ ભૂખની પીડા ભડી !

જ્યાં ક્ષુધાની વેદના અસહ્ય થઈ ત્યાં પછી માનાપમાન અને ધર્માધર્મ આદિને તરત રજા આપી દેવી પડે છે. આ, વેંત જેટલા પેટના ખાડાને ભરવા માટે નાના પ્રકારના ન કરવા જેવાં અને નીચ કૃત્યો કરતા પણ લોકો આગળ પાછળ જોતા નથી. મોટા માણસના પગની જૂતિયોનો માર પણ, બાપડા ગરીબો પુષ્પ સમાન માનીને સહન કરે છે, તેમના મુખમાંથી નીકળેલા મમ્માચચ્ચાને આશીર્વાદ સમાન માની માથે ચઢાવે છે, સ્વદેશ, સ્વાત્માભિમાન અને સ્વદેશ બાંધવોને પગતળે ચગદીને ઘરમાં ફાટફૂટ કરાવવાને કમરકસીને તૈયાર થઈ જાય છે. ભૂખ્યું પેટ ચોરી તથા ખૂન પણ કરતું ફરે છે. એટલુ જ નહિ પણ પ્રત્યક્ષ પોતાનાં

પૂજ્ય માતાપિતા અને ભાઈબ્હેન આદિની મર્યાદા પણ નથી રાખતા. એ સર્વનું આદિ કારણ કેવળ ઉદર જ છે. એવા એ ઉદર મહારાજને અનેકાનેક નમસ્કાર હો!

કિલ્લાપરના લોકોને ક્ષુધાની વેદનાને સહન કરવાનો અને નકોરડા અપવાસ કરવાનો વખત આવી પહોંચ્યો. મહાશિવરાત્રિ, રામનવમી, ગોકુલાષ્ટમી અને એકાદશી આદિ વ્રતો અનાયાસે થવા લાગ્યાં. જ્યાં સૂધી તેમને ખાવા માટે અન્ન મળતું હતુ ત્યાં સુધી તેમના અગમા લડવાનો ઉત્સાહ તથા જોમ ને જોર હતુ, હવે અન્ન ન મળવાથી તેઓ નિસ્તેજ અને નિરુત્સાહ બનતા ગયા, પેટમાં પાવક પ્રજળેલો અને સ્ત્રી પુત્રાદિને અન્ન વિના ટળવળતા જોઇને 'વીર' નામથી ઓળખાતા મરાઠાઓના હૃદય માખણ કરતાં પણ વધારે નરમ થઈ ગયાં. 'આઇ, મને ભૂખ લાગી છે—ખાવાનું આપને!' એમ બોલતાં કોમળ નાના નાના બાળકો માને ગળે બાઝી પડતાં હતા. માતાની આંખમાથી ટપક ટપક આસુ વહેતાં હતાં. તે રોતી રોતી કહેતી,—'બેટા, ઘરમાં કાંઈ પણ નથી. શું કરુ? જ્યારે ઈશ્વરને દયા આવશે ત્યારે ખાવાનુ મળશે! હે પ્રભો! જગદાધાર, અમારા-પર તારો આટલો બધો કોપ શા માટે ઉતર્યો છે? આ નાનકડાં બાળકોને અન્ન વિના ટળવળતાં જોઇને હે જગન્નિયતા, તને કરુણા કેમ નથી આવતી?' સ્ત્રીઓના આવા આલાપ અને વિલાપોને સાભળતાં વીર મરા-ઠાઓના હૃદયનુ વિદારણ થઈ જતુ હતું. પ્રત્યેક જન, હવે આપણે શુ કરવુ એની ચિન્તામાંજ નિમગ્ન હતો.

પ્રયાગજી, યશવત અને ચંદ્રસેન આદિએ એકઠા થઇને મસલત કરવા માંડી. સર્વનો એવો અભિપ્રાય થયો કે, આપણે પાંચ પાંચ મહિના સૂધી કિલ્લાને જાળવી રાખ્યો, આપણામાં જેટલી હતી તેટલી કરામત અને શક્તિનો વ્યય કરી નાખ્યો, કેટલાક મરાઠા વીરોએ પોતાના પ્રાણની આહુતિ આપી દીધી અને સ્વામિભક્તિ, શૌર્ય તથા સ્વાભિમાનનો અલૌકિક પરિચય કરાવ્યો, છતાં હવે વધારે વાર આપ-ણાથી ટકાવ કરી શકાય તેમ નથી. બહારથી અન્ન અને અન્ય સામગ્રી આવવાનુ બધ થયું છે, આપણા દેખતાં સ્ત્રીઓ અને બાળકોને ભૂખે મરી જવાની વેળા આવી લાગી છે, કિલ્લામાંના સર્વ લોકોના પ્રાણ ભૂખની પીડાથી શરીરોને ત્યાગી જવાની તૈયારી કરવા લાગ્યા છે; એટલે આવી રીતે મરવા કરતાં બાદશાહ સાથે સધિ કરીને કિલ્લો તેના હાથમાં સોંપી, અહીથી ચાલ્યા જવું એ જ ઉત્તમ છે! આ ઉપાય સર્વના ધ્યાનમાં ઉતર્યો, અને સધિનું કાર્ય યશવંતરાવને સોંપવામાં આવ્યું.

અજીમ તારા.

અજીમશાહ એકલો જ પોતાના તંબૂમાં વિચારમગ્ન થઈ બેઠો હતો. "શું કરવું? મરાઠાઓ તો મહા પરાક્રમી અને હિમ્મતબહાદર છે! તેની સામા થવામાં મોટી ભૂલ કરી છે એમાં તો જરા પણ શક નથી! કિલ્લાને આટલા દિવસ ઘેરી રાખ્યા પછી આજે ઘેરો ઉઠાવીને ચાલ્યા જવું એ ખરેખર મુગલોની કીર્ત્તિને કલંકિત કરનારું કાર્ય જ કહી શકાય. મરાઠાઓ તો કિલ્લાને છોડતા જ નથી. ઉપાય શો?" આવા પ્રકારના વિચારોની તેના મનમાં દોડ ચાલતી હતી. થોડીવાર પછી તેના મનમાં એક નવીન વિચાર આવ્યો. તેનું મુખમંડળ પ્રફુલ્લિત દેખાવા લાગ્યું. તે પુનઃ પોતાના મનમાં બોલવા લાગ્યો,–"કિલ્લામાં અન્ન આદિ સામગ્રી જવાનું તો બંધ થઈ ગયું છે, અને અત્યારે તો કિલ્લામાંની આગળની સામગ્રી સમાપ્ત થઈ ગઈ હોવી જોઇએ. એટલે ભૂખમરો થયો હશે! અહાહા! મરાઠાઓ પોતે જ સંધિ કરવાને આવશે."

એ જ ક્ષણે એક પહેરેગીરે આવીને જણાવ્યું, "બહાર એક મરાઠા સરદાર ઉભો છે, તે આપ ખુદાવિંદને મળવાની પરવાનગી માગે છે"

એક ક્ષણમાં યશવંતરાવ આવીને અજીમશાહ સમક્ષ ઉભો રહ્યો. આગત સ્વાગત અને કુશળ પ્રશ્ન આદિ થઈ રહ્યા પછી યશવંતે કહ્યું,–

"સુલ્તાન સાહેબ, એતો તમો જાણો છો કે, મને જે દિવસે પકડવામાં આવ્યો, તે દિવસથી કિલ્લામાં અનાજ આવતું અટકી પડ્યું છે. આજ કાલ તો કિલ્લામાંના લોકો ભૂખમરાથી ટળવળે છે. વિનાકારણ હજારો માનવીઓના પ્રાણ લેવા કરતાં સંધિ કરવો એ ઉભયપક્ષમાટે લાભકારક અને ઇષ્ટ છે. અમારી વસ્તુઓ અને અમારાં શસ્ત્રો સહિત જો અમને કિલ્લાપરથી ચાલ્યા જવા દેશો, તો અમે કિલ્લો તમને સોંપી દેવા તૈયાર છીએ. પૂર્વે જેવી આપે અમારાપર કૃપા કરી હતી, તે જ પ્રમાણે આ પ્રસંગે પણ અનુગ્રહ કરો."

યશવંતનું આ બોલવું સાંભળીને અજીમશાહના અંતઃકરણમાં બહુ આનંદ થયો; પણ તે આનંદને પ્રદર્શિત ન કરતાં તે ગંભીરતાથી કહેવા લાગ્યો,–"તમે આ યુદ્ધ અને ઘેરામાં અમારી ઘણીજ હાનિ કરેલી છે, એથી મારા કિબ્લેગાહ શાહ આલમગીર માત્ર આટલી શર્તે જ તમને છોડી દેવાને રાજી થઈ જાય, એમ મારું માનવું નથી. તોપણ હું પોતે જઇને આ હકીકત તેમના કાને નાખું છું!"

બાદશાહની અનુમતિથી એવો નિશ્ચય અને નિર્ણય કરવામાં આવ્યો કે, 'મરાઠાઓએ પોતાના બે સરદારોને કિલ્લાની કુંચીઓ સાથે જામીન તરીકે મોકલવા, તેમની ગમે તે વ્યવસ્થા કરવાને બાદશાહ સ્વતંત્ર છે.

આમ કરવાથી બાકીના બધા લોકોને તેમની વસ્તુ અને હથિયારો સાથે કિલ્લામાંથી નીકળી જવાની પરવાનગી આપવામાં આવશે, અને તેમને કશી પણ હાનિ પહોંચાડવામાં આવશે નહિ.' એ શર્ત મરાઠાઓએ લાચારીથી મહાકષ્ટે માન્ય કરી.

લડાઇના અંત પછી વિજેતાના તાબામાં જામીન તરીકે જવુ એટલે જાણી જોઇને મોતના મોઢામાં જવા બરાબર છે! સર્વે મુખ છુપાવવા લાગ્યા. પણ યશવત અને ચંદ્રસેને સ્વદેશ બાંધવોના કલ્યાણ માટે બાદશાહના તાબામાં જામીન તરીકે જવાનો આનદપૂર્વક સ્વીકાર કર્યો. તેમને વિદાય કરતી વેળાએ પ્રયાગજીનાં નેત્રોમાંથી ખળખળ કરતી અશ્રુધારા વહેવા માંડી. જામીન તરીકે જવાનો વિચાર પ્રયાગજીનો હતો, પરતુ ચંદ્રસેને એમાટેનો હઠ પકડવાથી તે નિરુપાય થયો. શ્રી રામચંદ્રના વનવાસમાં જવા સમયે જેવી રીતે સર્વ અયોધ્યાવાસીઓએ પોતાનો અગાધ શોક પ્રદર્શિત કર્યો હતો. તેવીજ અત્યારે કિલ્લામાં સ્થિતિ થઈ હતી બન્ને વીરોએ હર્ષપૂર્વક સર્વને મળીહળીને સર્વની આજ્ઞા લીધી અને રૂમાલથી હાથો બાંધીને તેઓ બાદશાહની છાવણીમા દાખલ થયા. કિલ્લાની કૂચીઓને બાદશાહ સમક્ષ રજૂ કરીને યશવતરાવે કહ્યુ,–"થએલા કોલ કરાર પ્રમાણે અમો બે આસામીઓ આપની હુજૂરીમા આવ્યા છીએ, હવે આપના વચનનુ પાલન કરીને કિલ્લામાંના લોકોને બહાર નીકળી જવાની પરવાનગી આપો!"

"બહુ સારૂ!" બાદશાહે કહ્યુ

કિલ્લામાના લોકોને બહાર નીકળી જવાની પરવાનગી મળી ગઈ, પરતુ પરવાનગી આપવાની સાથે બાદશાહ ઔરગજેબે એ બે સરદારોના માથાંને ધડથી જૂદાં કરી નાખવાનો હુકમ પણ ફર્માવી દીધો! એથી પાસે બેઠેલા અજીમશાહ, તેમજ તરબીયતખાન આદિ સરદારોને ખોટું લાગ્યુ. તેમણે બાદશાહને તે બે બદિવાનપર રહમ કરવાની પ્રાર્થના કરી. અજીમશાહે બાદશાહ–પોતાના પિતાને વિનવી વિનવીને કહ્યુ;–

"આ શૂરવીર ચંદ્રસેને એકવાર વાઘના પજામાંથી આપને બચાવ્યા છે, એટલા માટે એને તો અવશ્ય જીવનદાન મળવું જ જોઇએ!" આ વિનતિ બાદશાહને પણ યોગ્ય લાગી. તેણે તેને ક્ષમા આપી અને કેવળ યશવંતના વધની જ આજ્ઞા કરી. એ વેળાએ ચંદ્રસેનને જાણે પોતાના શિરપર આકાશ તૂટી પડ્યુ હોય એવું થયું. તેનાં નેત્રોમા નીર ભરાઈ આવ્યાં, તેનો કઠ રુધાઈ ગયો અને તેની આંખોમાં અધારા આવી ગયાં. તે દીન મુદ્રાથી બાદશાહને કહેવા લાગ્યો,–

"હુજૂરેવાલા, મારુ માથુ ધડથી જૂદું કરાવો, મારી બીજી ગમે તેવી દુર્દશા કરો, પણ યશવતને આ પ્રાણાંત શિક્ષાથી મુક્ત કરો. મે કેવળ એનામાટેજ આટઆટલાં સકટો અને વનવાસનાં દુખો સહન કર્યા છે, ગુપ્ત વેશમાં રહી મારો પરિચય ન થવા દેતાં માત્ર એના કલ્યાણમાટે જ મે બધા શ્રમ વેઠ્યા છે, પ્રત્યક્ષ જન્મદાતા પિતાની આજ્ઞાનુ ઉલ્લઘન કર્યું તે પણ માત્ર એના જ માટે, તો હવે એનો આવી રીતે થતો અત મારાથી કેમ જોઈ શકાય? હુ કોણ છુ અને શું છું એ જો આપ ખુદાવિદના જાણવામાં આવશે, તો મારી પ્રાર્થનાને આપ અવસ્ય માન્ય કરશો. કૃપા કરીને આપ મને એકવાર કિલ્લાપર જઈ આવવાની આજ્ઞા આપો, એટલે આ બધો ભેદ ક્ષણ માત્રમા જ આપના જાણવામાં આવશે"

ચંદ્રસેનનુ આ ભાષણ સાભળીને આમાં શો ભેદ છે એ જાણવાની બાદશાહના મનમાં પણ અતિશય ઉત્કઠા થઈ અને તેથી તેણે તેને કિલ્લાપર જવાની પરવાનગી આપી. સર્વ જનો કાકદૃષ્ટિથી તેના પુનરાગમનની માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યા.

* * * * *

લગભગ અર્ધ પ્રહર પછી કિલ્લાપરથી એક અશ્વારૂઢ સુદર સુદરી છાવણી તરફ આવતી સર્વના જોવામા આવી તેનો કેશકલાપ ભ્રમર સમાન કાળો ભોર હતો અને કેશનો અંબોડો વાળેલો હતો તેના નેત્રો હરિણ સમાન ચપળ, વિશાળ, કૃષ્ણવર્ણ અને પાણીદાર હતા, મુખકમળ પૌર્ણિમાના પૂર્ણચદ્ર સમાન શોભતુ હતુ, કપાળની શોભામા કુકુમતિલકથી વૃદ્ધિ થએલી દેખાતી હતી, અધરોષ્ટ પકવ બિબ સમાન આરક્ત હતા, હસ્તપાદાદિ અવયવો કોમળ અને ઘાટીલા હતા તેણે એક કીમતી અને જામલી રગની સાડી પહેરી હતી જો કે તેના શરીરપર અલકારો ઝાઝા નહોતા, તથાપિ તે પોતાના મનોમોહક સૌન્દર્યવડે કામદેવની પ્રિયા રતિને પણ લજાવે તેવી હતી. તેના શરીરનો રગ કેતકી સમાન ગૌર હતો અને તેનુ વય પદરથી સોળ વર્ષનુ જણાતુ હતુ.

એ અબળાને જોતાજ સર્વજનો આશ્ચર્ય ચકિત થઇ ગયા ખુદ બાદશાહ પણ વિસ્મિત થઈ ગયો. યશવતરાવે તેને જોતાની સાથે જ ઓળખી અને "રે એ આટલા દિવસ મારા સહવાસમા હોવા છતા હુ એને ઓળખી ન શકયો એ મારી કેવી અધતા!" એવો વિચાર મનમાં આવવાથી તેને આશ્ચર્યની સાથે લજ્જાનો પણ ભાસ થયો! અત્યાર લગી તે મરવાને તૈયાર હતો, પણ હવે તેના મનમા મરણની ભીતિ અને જીવનની ઇચ્છાનો ઉદય થયો. "આ ચંદ્રસેનાનો મારામા

કેવો અને કેટલો બધો અલૌકિક પ્રેમ ! એના સાહસ, ધૈર્ય અને શૌર્ય આદિ ગુણો કેવા અદ્વિતીય ! મારામાટે એણે કેટલા બધા શ્રમો વેઠ્યા ! અને પોતાના શરીરને અગાધ સકટોમાંથી પસાર કરીને અતે મારા બદલામાં મરવાને પણ તૈયાર થઈ ગઈ !" આવા વિચારોથી યશવંતનુ અત કરણ ઉભરાઈ ગયુ.

થોડીવારપર જે ચંદ્રસેન હતો, તે હમણાં ચંદ્રસેના બની ગઈ છે ! બાદશાહના પગપર પડી તે બોલી,–"ખુદાવિદ ! જેવી શાહજાદી રોશનઆરા આપની કન્યા છે, તેવી જ હુ પણ આપની ધર્મકન્યા છું ! મને ચૂડાદાન આપો આપ અનાથોના નાથ અને દીનજનોના મિત્ર છો ! જે આ મારા પ્રિય નાથમાટે મે આટઆટલા સકટો સહ્યાં છે, તે જો સદાને માટે ચાલ્યા જાય, તો પછી મારે પણ જીવીને શુ કરવાનુ છે ? હુ પણ એની સાથે બળીને સતી થઇશ !"

ચંદ્રસેનાનુ આ હૃદયદ્રાવક ભાષણ સાભળીને બાદશાહ અને બીજા સર્વ જનોના અત કરણ પીગળી ગયાં. બાદશાહ ગભીરતાથી બોલ્યો કે,–"પ્યારી દુખ્તર ! ભય ન રાખીશ. હુ તને અને યશવતને અભય આપુ છુ ! તુ કોણ છે અને કયાંની નિવાસિની છે એ જાણવાને અમો સર્વ ઉત્સુક છીએ, અમારી ઉત્કઠા પૂર્ણ કર."

તત્કાળ ચંદ્રસેનાએ પોતાના વૃત્તાંતનો આરભ કર્યો,–"બાદશાહ સલામત, હુ પરશુરામ પંત પ્રતિનિધિની લાડકી કન્યા છુ ! મને મારા પિતા જીવ કે પ્રાણ જાણે છે ! આ યશવત અમારે ઘેર વારવાર આવતો જતો હતો. મારો શરીરસંબધ એની જોડે કરી આપવાનો મારા પિતાનો વિચાર હતો, અને એના ગુણોથી હુ પણ મુગ્ધ બની ગઈ હતી. પરતુ એનો બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને દેશસેવામાં પોતાનુ જીવન વીતાડવાનો નિશ્ચય થએલો હોવાથી, મારા પિતાની અને મારી આશા નિરાશાના રૂપમાં ફેરવાઇ ગઈ. મેં તો મનમા એવો જ નિશ્ચય કર્યો હતો કે, એકવાર હુ મનથી જેને વરી ચૂકી છુ તે પુરુષ વિના અન્ય સર્વ પુરુષો મારા પિતા અને ભાઇ છે. મારા પિતા પણ નિરુપાય થયા. યશવતના નિશ્ચયને ફેરવવા માટે અનેક ઉપાયો કરવામાં આવ્યા, પણ તેનુ કાંઈ પણ પ્રત્યક્ષ પરિણામ થયું નહિ. અતે મેં એવો નિશ્ચય કર્યો કે, પુરુષવેશથી આ સમરયજ્ઞમાં મારે પણ મારા પ્રાણની આહુતિ આપવી, અને મરણ પર્યન્ત મનના માનેલા પતિના સહવાસમા જ રહેવુ ! હવે એનો શો વિચાર છે તે કૃપા કરીને પૂછો એટલે મારા સુખ કે દુ ખનો નિર્ણય થઈ જાય !"

"જે કાંઈ થઈ ગયું છે તેમાટે કશો ઉપાય નથી, પણ હવે

જ્યાં સૂધી મારા દેહમા પ્રાણ છે, ત્યાં સૂધી હું તને મારાથી દૂર કરીશ નહિ.” યશવતે પૂછ્યા વિના જ પોતાનો મનોભાવ જણાવ્યો !

આ ચમત્કારિક વૃત્તાંત સાંભળીને સર્વ જનો સાનદાશ્ચર્યમાં લીન થઈ ગયા. ચંદ્રસેનાના અદ્ભુત ચાતુર્ય અને તારા સમાન તેજને જોઇને બાદશાહ પ્રસન્ન થયો અને એ પ્રસન્નતામા જ તેણે સતારાના કિલ્લાને **અજીમતારા** એવુ નવીન નામ આપ્યુ છે, એમ કહેવામાં આવે છે.

લગ્નસમારભની ધામધૂમથી તૈયારીઓ કરવામા આવી અજીમતારા કિલ્લામાં જ લગ્નમડપ બાધવામા આવ્યો અને ત્યાં ઉભય પક્ષના લોકોની ભારી ભીડ જામી ગઈ. સુમુહૂર્તમા યશવત અને ચંદ્રસેનાનાં લગ્ન થયા, બ્રાહ્મણોએ મગલાષ્ટકોના ઉચ્ચાર સહિત વરવધૂના મસ્તકે અક્ષત નાખ્યા અને તત્કાળ વાદ્યોના નાદનો આરંભ થયો તથા તોપોની સલામતી આપવામાં આવી. ચન્દ્રસેના અવગુઠનમાથી ચોરી છુપીથી યશવતરાવને જોયા કરતી હતી. લજ્જા, આનદ તથા પ્રેમના યોગે તેની મુખમુદ્રા મનોરમ્ય દેખાતી હતી. એ લગ્નસમારભમા બાદશાહ ઔરંગજેબ પોતે પણ પોતાના સરદારો સહિત આવ્યો હતો પોતાના આરંભેલા કાર્યનું આવુ શુભ પરિણામ થએલુ જોઇને બાદશાહના મનમાં સારો સતોષ થયો

સંભાજીનો સેવક.

સેવકગમન.

સમય મધ્યાન્હનો હતો. એક વિશાળ મહાલયના એક સુશોભિત ખડમા જમીનપર તુર્કસ્તાનની બનાવટનો સુન્દર ગાલીચો પાથરેલો હતો અને રેશમ તથા મખમલનાં ગાદી તકિયા સહિત એક રત્નજડિત સુવર્ણાસન સૂર્યકિરણોના સમેલનથી પોતાના તેજને વિસ્તારી રહ્યું હતુ. પાસે જ રૂપાના એક બાજઠપર સોનાની નક્ષીદાર સુરાહી અને સોનાના મદિરાપાનમાટેનાં પાત્રો પણ પડેલા હતા. વિવિધ પ્રકારનાં ફળોથી ભરેલા થાળ અને અનેક જાતિના પુષ્પોથી ભરેલી છાબો આદિ પણ ત્યા હતાં અને પુષ્પોનો સુવાસ સર્વત્ર વિસ્તરી ગયો હતો ભીતોપર શૃંગારરસદર્શક ચિત્રો ટાંગેલાં હતાં અને તેથી જાણે એ પ્રત્યક્ષ કામદેવનુ જ વિલાસભવન હોયની ! એવો જ સર્વથા ભાસ થતો હતો.

તે સુવર્ણાસનપર રાજવશીય વસ્ત્રોમાં સજ્જ થએલો પચીસ વર્ષના વયનો એક તરુણ પુરુષ કોઇના આગમનની માર્ગપ્રતીક્ષા કરતો બેઠો હતો. એ તરુણ સ્વરૂપમા અતિ સુદર અને દીપ્તિમાન હતો.

બહુધા એક ઘટિકા વ્યતીત થવા પછી એક યુવતી ત્યાં આવી લાગી અને તેના આવતાં જ તે રાજપુરુષે આસનપરથી ઊઠી તેનો અતિશય આદર સત્કાર કરીને તેને પોતાની સાથે જ પોતાના આસનપર બેસાડી.

એ સ્ત્રીનું સૌન્દર્ય અનુપમ હતુ. કારણ કે, કવિજનો સાધારણત સ્ત્રીના સ્વરૂપને જે જે ઉપમાઓ આપે છે, તે જ ઉપમાઓ જો આપણે તેના લાવણ્યને પણ આપીએ, તો તે એક પ્રકારનો અન્યાય કર્યો જ કહેવાય. તે તરુણીનુ વય બહુધા ચોવીસથી પચીસ વર્ષનું અનુમાની શકાતું હતું. કલાપી કલકિત હોવાથી તેને વિધુવદના પણ કહી ન શકાય, તેમ જ મૃગનયના કહેતા તે માનિનીની મૃગ સમાન ગતિ સિદ્ધ ન થાય, અને કમલાક્ષી કહેતા તેનામા કમલ સમાન સંકોચનો ભાવ નથી તે નથી જ. વળી તેની નાસિકાને શુકચચુ સાથે સરખાવી શકાય ખરી કે? કદાપિ નહિ. તેમ જ દતને દાડિમકળીની ઉપમા આપનારને પણ અરસિક જ કહેવો જોઇએ. તેનો કઠ કપોત કંઠથી ઉપમિત થઈ શકે તેમ નથી અને તેના સ્વરને જો કોકિલાના સ્વર સમાન ગણીએ, તો પછી ષડ્જાદિ સ્વરભેદની શી વ્યવસ્થા? ગડસ્થળની ઉપમા તેના કુચદ્રયને કેમ કરીને આપી શકાય? કારણ કે, એ તો અધપરપરા જ કહેવાય. તેના નાભિપ્રદેશને કચનકુડિ સમાન કથનાર પણ ઉદ્ધત જ હોવો જોઇએ. તેમ જ તેની કટિની કેસરીની કટિ સાથે તુલના કરવી, એ પણ કાઇક નવીન પ્રકાર જ દશ્ય થાય છે અને જઘાને કરિકરવત્ કહેવી એ તો હાસ્યપાત્ર જ ગણાય. અર્થાત્ તેનુ સ્વરૂપ એવુ તો મનોમોહક હતુ કે, કવિકોવિદથી તેનુ યથાર્થ વર્ણન કરી શકાય, એ વાર્ત્તા જ અશક્ય છે.

એવા નૈસર્ગિક સૌન્દર્યમાં કરકકણ ધારણ, સુદર વસ્ત્ર પ્રાવરણ, મસ્તકે શિરોભૂષણતારણ, ચરણમા નૂપુરનાદન અને ભાલ પ્રદેશમા બિન્દુના કારણથી અતિશય અધિકતા થઈ ગઈ હતી. એવી સુદરી જેના મનનું આકર્ષણ ન કરે, તે ખરેખર પુરુષ નહિ કિન્તુ નપુસક જ હોવો જોઇએ, અને તેથી જો તે તરુણ રાજપુરુષ તે તરુણીમા લુબ્ધ થઈ ગયો હોય, તો આપણે તેને પોતાને નહિ, કિન્તુ તેના તારુણ્યમાના મદનવિકારને જ દોષભાગી ગણીશું.

બાહ્યાદર્શમાં તો તે રમણી અપ્રતિમ હતી, પરતુ તેનું અત કરણ પણ તેવું જ વિશુદ્ધ હતુ કે? એ પ્રશ્નનુ ઉત્તર આપણે આગળ જતા મેળવી શકીશું.

ઉપર જણાવ્યા પ્રમાણે એ ઉભય તરુણ નરનારી આસનારૂઢ થયા પછી તે તરુણીએ પોતાના પ્રિયતમને મદિરાનું એક પાત્ર ભરી આપ્યુ અને તેનું આનદ સહિત પાન કરીને તરુણે પણ તેવી જ રીતે પોતાની પ્રિયતમાને મદિરાપાન કરાવ્યું. એવી રીતે પરસ્પર આદર સત્કારનો પ્રકાર થયા પછી ફ્લાહારનો વિધિ ચાલ્યો. એ પછી તે ભૂલોકની રંભાએ એક પત્ર કાઢીને પોતાના ભોક્તા સન્મુખ મૂક્યું અને કહ્યુ કે,–"મારા સૌભાગ્ય હેતુ, તે બિચારાને આપ પોતાને ગામ જવા માટેની આજ્ઞા શામાટે નથી આપતા વારુ? આ પત્રમાં શુ લખ્યુ છે તે આપે વાચ્યુ કે? તે બિચારાની મા ઘણી જ માદી હોય એમ જણાય છે અને એથી મારો એવો અભિપ્રાય છે કે, તેને આપે પોતાની મા પાસે જવાની રજા આપવી જ જોઇએ. ન કરે નારાયણ ને જો તે ડોશીનો સ્વર્ગવાસ થઈ જશે, તો તેની પોતાના પુત્રને જોવાની આશા મનમા ને મનમા જ રહી જશે અને નિરાશાના યોગે કદાચિત્ તેની અવગતિ થશે"

"પરતુ મારો પરમ હિતૈષી અને વિશ્વસનીય સેવક માત્ર એ જોત્સાજી જ છે. એ સદાસર્વદા છાયા સમાન મારી પાછળનો પાછળ જ રહે છે અને તેથી જો તે ચાલ્યો જશે, તો પછી એકનિષ્ઠાથી મારી સેવા કોણ કરશે વારુ? અર્થાત્ મ્યાનો મોકલીને જો તેની માતાને જ અહી બોલાવી લઇએ તો શુ ખોટુ છે?" તરુણ પ્રિયકરે વિચાર કરીને ઉત્તર આપ્યું.

"શુ પીટ્યાની પ્રતિષ્ઠા! જાણે મોટો મહારાજાધિરાજ! મુઓ જોત્યો–ત્રણ રૂપરડીનો ચિલમ ભરનારો એક ચાકર, તેની માને વળી મ્યાનો મોકલીને અહી બોલાવો! મ્યાનાને બદલે હાથીની અબાડી મોકલાવો તો કેમ? વાહરે તર્કશક્તિ! હુ આપને એના જેવા બલ્કે એથી પણ સરસ પ્રાણ પાથરીને નોકરી કરનારા એક બે નહિ, પણ છપ્પનસો ને સાઠ માણસ લાવી આપું!" બાઇસાહેબ જરાક છંછણાટમા જ બોલ્યા.

પોતાના એ વાકયને પૂર્ણ કરીને મહાવેગથી તે યુવતી મહારાજ પાસેથી ઉઠીને જવા લાગી. એ જ ક્ષણે આપણો ચરિત્રનાયક જોત્સાજીરાવ કે જે મહારાજના કોઈ કાર્યમાટે બહાર ગયો હતો તે એકાએક ત્યા આવી પહોંચ્યો અને મહારાજને પ્રણામ કરીને ઉભો રહ્યો. તેને જોતાં જ તે તરુણ રાજપુરુષે આજ્ઞા આપી કે;–"અરે જોત્સાજી, તારા ગામથી તારી માતાનો આ કાગળ આવ્યો છે. તારી માતા માંદી હોવાથી તને તેણે બોલાવ્યો છે. માટે હુ ચાર આઠ દિવસની ખુશીયા રજા આપુ છું."

અચાનક તે બાઇસાહેબ વચ્ચે બોલી ઉઠ્યાં કે,–"જોત્યાજી, તને જે આ રજા મળી છે, તેમાટે તારે મારો જ ઉપકાર માનવાનો છે. કારણ કે, આ આજ્ઞા આપવામાટે મહારાજાને સમજાવવાનો મારે જે પરિશ્રમ વેઠવો પડ્યો છે, તેનો વૃત્તાંત સાંભળીશ તો તુ આશ્ચર્યચકિત જ થઈ જઇશ. માટે ભાઈ, ચાર આઠ દિવસ માતુશ્રી પાસે જઈ આવ. અહીની તારે જરા પણ ચિતા ન રાખવી."

તે ઉભયના આવા ભાષણો સાભળીને જોત્યાજી મહદાશ્ચર્યમા પડી ગયો અને અતે નિરાશ થઇને કહેવા લાગ્યો કે,–"મહારાજાધિરાજ, જ્યારે આપની પોતાની જ આજ્ઞા છે, તો હવે મારે જવુ જ જોઇએ. પરતુ અન્નદાતા, મને તો આમા કાઇક ભેદ દેખાય છે અને તેથી મારા આવતાં સુધી જો સાવધતાથી વર્ત્તવામા આવે તો વધારે સારુ"

એટલુ કહીને જોત્યાજીરાવ ત્યાથી ચાલ્યો ગયો.

સંભાજી અને તુલસી.

> જે મદિરાપાની તથા, રમણીરત ભૂપાલ,
> તેનો વેગે આવતો, વિશ્વે વિનાશકાલ.

વાચકો અહી સહજ પ્રશ્ન કરશે કે, ગત પ્રકરણમા વર્ણવેલા પુરુષ અને પ્રમદા કોણ હતા વારુ? પુરુષ તે

> "દેવલ ગિરાવતે ફિરાવતે નિશાન આલી,
> મોટે મોટે રાવ રાને સબી ગયે લબકી,
> ગૌરી ગનપત આપ ઔરનકો દેત તાપ,
> સબ આપકે મકાન મારી ગયે દબકી
> પીરા પયગબરા દિગબરા દિખાઈ દેત,
> સિદ્ધકી સિધાઈ ગઈ બહી પૂર કબકી;
> કાશીતે કલા ગઈ મથુરા મસીદ ભઈ,
> શિવાજી ન હોતે તો સુનત હોત સબકી."

એવા આર્યધર્મરક્ષક અને દિગતમા પોતાની વિજયધ્વજાને ફરકાવનાર અવનીપતિ અને દક્ષિણસિંહ શિવાજીનો સુત સંભાજી હતો અને પ્રમદા તે પોતાના લાવણ્ય તથા સૌન્દર્યથી તેના જીવ કે પ્રાણ સમાન થઈ પડેલી તુલસી નામક વેશ્યા હતી. એટલુ જણાવીને હવે અહી આપણે સભાજીની રાજનીતિનું કિંચિદ્ અવલોકન કરીશુ

મહારાષ્ટ્રભૂષણ શિવાજીનો અચિત્ય સ્વર્ગવાસ થતાં તે પોતાના સિહાસનના પશ્ચાદધિકારીના નામને પોતાના મુખથી પ્રદર્શિત કરી શક્યો

ન હોતો અને તેથી તેના સ્વર્ગવાસ પછી એ વિશે ઘણી ખટપટ થઇ પડી. તેનો જ્યેષ્ઠ પુત્ર **સંભાજી** પોતાના પિતાના વચનનો અનાદર કરીને મુગલ સરદારોના આશ્રયમાં જઈ રહ્યો હતો. તે જ્યારે પિતાના સ્વર્ગવાસ પછી મુગલ છાવણીમાંથી પાછો ફર્યો, ત્યારે તેને **પન્હાળગઢ**મા એકદમ કેદ કરવામાં આવ્યો. કારણ કે, **રાયગઢ**ના પ્રધાનમડળનો એ દૃઢ નિશ્ચય હતો કે, **સંભાજી** અત્યત દુરાચારી હોવાથી રાજ્યશકટ ચલાવવાને કોઈ પણ રીતે યોગ્ય નથી. તેથી તેમણે તેને બદલે **શિવાજી** મહારાજના કનિષ્ઠ પુત્ર **રાજારામ**ને સિંહાસનારૂઢ કરવાનો યત્ન આદર્યો, અને એ યત્નમાં તેમને જય મળવાનો પણ પૂર્ણ સભવ હતો, પરતુ એ પ્રધાનમડળે ઉતાવળમાં ને ઉતાવળમાં એવી તો એક ભયકર ભૂલ કરી દીધી કે, જે ભૂલ પરિણામે તેમને અત્યત દુ ખદાયક થઈ પડી તે એ કે, તેમણે સૈન્યને પોતાના પક્ષમા કરી લેવાની વ્યવસ્થા કે પરવા ન કરી. સેનાપતિ હમ્બીરરાવ **મોહિતે** તેમના મતને મળતો ન હોતો અને તેથી છેક છેલ્લી ઘડીએ તેમના ગુપ્ત વ્યૂહનો ભગ થઈ ગયો. સારાશ કે, સૈન્યના સાહાય્યથી **સંભાજી** **પન્હાળા**માના કારાગૃહવાસથી મુક્ત થયો અને ત્યાથી આવીને તરત તેણે રાજરૂપ અશ્વની લગામને પોતાના હાથમા લઈ લીધી પરતુ અધિકાર પ્રાપ્ત થતાની સાથે પ્રારભમાં જ **સંભાજી**એ પોતાની જે નિર્દયતા અને ક્રૂરતાનો પરિચય કરાવ્યો, તે તેની રાજ્યકર્ત્તા તરીકેની અયોગ્યતાને સિદ્ધ કરવા માટે સપૂર્ણ હતો. તેણે પોતાની સાવકી માને ભૂખમરાથી રીબાવી રીબાવીને મારી નાખી, પેશવા જૂના સચિવો અને જૂના સામન્તોને કેદ કર્યા અને **શિવાજી**ના સમયના જૂના સિરસ્તેદારને યમપુરીનો માર્ગ બતાવી દીધો. સારાશ કે, એ નિર્દયતા અને ક્રૂરતાના યોગે પ્રજાનો અલ્પકાળમા જ તેના પ્રતિ અભાવ અને તિરસ્કાર થઈ ગયો અને તે એક અપ્રિય રાજા થઈ પડ્યો સ્વાભાવિક રીતે **સંભાજી** શૂરવીર હતો, અને તેથી તે આવો ક્રૂર અને અત્યાચારી હોવા છતાં પણ પોતાના પિતાની પ્રતિષ્ઠાને જાળવી શકશે, એવો લોકોને કેટલેક અશે ભાસ થતો હતો, પરતુ દુર્દૈવયોગે તે ભાસ તે માત્ર ભાસ જ નીવડ્યો. કારણ કે, તેણે પોતાના પિતાના સમયના પ્રધાન, સેનાપતિ તથા સૈનિક આદિને કાઢી મકીને તેમનાં સ્થાનમા એવા તો નિર્માલ્ય નરોની ભરતી કરી હતી કે, જેમનાથી એ કાર્યો થવાની રતિ માત્ર પણ આશા ન હોતી. તેમ જ વેશ્યાગમન અને મદિરાના નિદ્ય વ્યસનમાં તે દિવસ અને રાત એકસરખી રીતે નિમગ્ન રહ્યા કરતો હતો.

એ જ વેશ્યાગમનના વ્યસનથી બાહ્યસૌન્દર્યમંડિત **તુલસી**નો તે એવો તો ગુલામ બની ગયો હતો કે, તેને રાજ્ય કે અન્ય કાર્યનુ ભાન

માત્ર પણ રહ્યું ન હોતું. તુલસીના સમાગમ વિના તેનો એક પળ માત્રનો સમય પણ વીતી શકતો ન હોતો અને જો તેનાં દર્શનનો લાભ ન મળે તો અન્ન લેવાની પણ પ્રતિજ્ઞા હતી.

સંભાજીનો તુલસીમાં આવો અદ્વિતીય પ્રેમ હોવા છતાં તુલસીનો સંભાજીમાંનો સ્નેહ તો ઉપર ઉપરનો જ હતો. કેવળ એટલુ જ નહિ, પણ તે નાગિનીના મનમાં સંભાજીના સહારનો વિચાર પણ ઘણા દિવસથી ઘોળાયા કરતો હતો, અને એ કાર્ય માટે દિલ્લીપતિ ઔરંગજેબ સાથે તેના ગુપ્ત સદેશા પણ ચાલી રહ્યા હતા. પરતુ સંભાજીનો શૂરવીર અને સ્વામિનિષ્ઠ સેવક જોત્સાજીરાવ દિવસ અને રાત સશસ્ત્ર તેની પાસેનો પાસે જ હાજર રહેતો હોવાથી, તે દુષ્ટ સ્ત્રીને વારવાર પોતાના હેતુને સિદ્ધ કરવામા અડચણ આવી પડતી હતી. ભૂલથી કહો કિંવા સદ્ભાગ્યથી કહો—એ જૂના વખતનો એક સેવક જોત્સાજી સંભાજીના શરીરસરક્ષક તરીકે રહેવા પામ્યો હતો અને તેના પ્રતાપે જ અત્યાર સૂધી તેની કશી હાનિ થઈ નહોતી.

એવી રીતે જોત્સાજીને નિરતર પોતાના કાર્યમા વિઘ્નરૂપ થતો જોઇને તુલસીએ અતે તેને દૂર ખસેડવાની એક અદ્વિતીય યુક્તિ શોધી કાઢી તેણે જાણે જોત્સાજીની માતા તરફથી જ આવેલો હોયની તેવો એક કાગળ લખાવ્યો અને તે પ્રથમ પ્રકરણમા જણાવ્યા પ્રમાણે પોતાના સૌન્દર્યના દાસને બતાવ્યો. તેનુ શુ પરિણામ થયુ, એ વાચકો જાણતા હોવાથી વિશેષ વિસ્તારની આવશ્યકતા નથી.

અહા, સ્ત્રી, તારાં ચરિત્રોને જાણવાને કોણ સમર્થ છે વારુ? સત્ય જ કહ્યુ છે કે, સ્ત્રીના ચરિત્ર અને પુરુષના ભાગ્યને દેવ પણ જાણી શકતો નથી, તો મનુષ્ય તો ક્યાંથી જ જાણી શકે? તેમ જ વળી તુ કોમલાંગી અને કોમલહૃદયા જેવાં વિશેષણોને પામેલી છતા તારા જેવી ક્રૂરતા અને નિર્દયતા ધરાવનાર પ્રાણી આ વિશ્વમા અન્ય કોઈ પણ નથી. જો તુ સદાચારને ધારે તો પૂજ્ય દેવી છે અને દુરાચારમાં પ્રવૃત્ત થાય તો વિશ્વવિનાશક ભયાનક રાક્ષસી છે!

વિશ્વાસઘાત.

> નખવાળા પશુઓ અને, નદીપૂરનું નીર;
> નૃપ ને નારીમાં કદા, ધર વિશ્વાસ ન ધીર.

હવે આપણા કથાનકના અનુસધાનને આપણે આગળ ચલાવીએ.

જોત્સાજીના જવા પછી તરત જ તુલસીએ સંભાજીને પોતા સાથે હવા ખાવાને સંગમેશ્વર તરફ આવવાની પ્રાર્થના કરી અને ‘હા’નો

જવાબ મળતા બીજે દિવસે પ્રભાતમાં જ તેણે સંગમેશ્વર તરફ જવા માટેની સઘળી તૈયારીઓ કરી લીધી.

સંભાજી અને તુલસી સંગમેશ્વરમાં આવી પહોંચ્યાં. સંગમેશ્વર એક અત્યત રમણીય સ્થાન છે અને રાયગઢના રાજાઓ બહુધા આનન્દનો ઉપભોગ કરવા માટે ત્યાં જ જતા હતા.

ત્યા ચાર પાચ દિવસ આનદ અને કામકેલીમા વીતાવ્યા પછી એક દિવસ સંભાજી પોતાના ભવનમા મદિરાના મદથી ઉન્મત્ત થઇને પોતાની પ્રિયતમાના ચુબન તથા આલિગનના આનદને લૂટતો બેઠો હતો, એવામા અચાનક કેટલાક મુગલ ઘોડેસ્વાર સૈનિકોએ આવીને તેને ચતુર્ભુજ કરી લીધો અને મ્યાનામા બેસાડી પોતાના સરદારના હુકમ પ્રમાણે તેઓ તુલજાપુરના માર્ગમા ચાલતા થયા.

અહી જણાવવુ જોઇએ કે, સંગમેશ્વરમા આવ્યા પહેલા જ તુલસીએ કેટલાક સશસ્ત્ર મુગલ ઘોડેસ્વાર સૈનિકો અને તેમના સરદારને ગુપ્ત રીતે ત્યા તૈયાર રાખ્યા હતા અને વખત આવતા જ તે બહારની રૂપાળી પણ અદરની કાળી કુલટાએ પોતાના પ્રિયકરને દુ ખગર્તામા ધકેલી દીધો—ભયાનક વિશ્વાસઘાત કીધો.

સ્વામિસેવામાં સ્વાત્માર્પણ.

સદ્ભાગ્યયોગે જોત્યાજીરાવ પોતાના ગામથી અકસ્માત્ એ જ માર્ગે પાછો આવતો હતો, એવામા માર્ગમા તેને તેનો એક ઓળખીતો મળી ગયો અને તેને તેણે પૂછ્યુ કે,—"આપણા સંભાજી મહારાજ તો ક્ષેમકુશળ છે ને ?"

"અરેરે—શુ કહુ ? તે કપટપટુ વારાગના તુલસીએ મહારાજને પોતાના કૃત્રિમ પ્રેમપાશમા ફસાવીને નિર્દયતાથી મુગલોના હાથમા સોપી દીધા છે મુગલો મહારાજાને એક મ્યાનામા બેસાડી તુલજાપુર તરફ લઈ જવાને રવાના થયા છે. મને લાગે છે કે, જો તમે જમણા હાથ તરફ વળીને થોડાક આગળ ચાલશો, તો તેઓ ખચીત તમને માર્ગમાં જ મળી જશે" તે મનુષ્યે અતિશય ખેદસહિત ઉત્તર આપ્યુ

આ અશુભ સમાચાર સાંભળીને પરમ સ્વામિભક્ત જોત્યાજી પાટણકરનુ હૃદય સ્થિર ન રહ્યુ અને જેના યોગે—જેના અન્નથી પોતાનુ શરીર પુષ્ટ થયુ, તેને જ તે નાગિનીએ શત્રુના હસ્તમાં સોપ્યો એ વિચારથી તેનુ માથુ ફરી ગયું. હવે શત્રુઓ પાસેથી કોઈ પણ ઉપાયે સત્વર આ વૈરનો બદલો લેવો જ જોઇએ, એ જ તેનો જપાજાપ થઈ પડ્યો. જોત્યાજીરાવ આભારદર્શક મુદ્રાથી તે મનુષ્યની આજ્ઞા લઇને તેના બતા-

વેલા માર્ગમાં વાયુવેગે દોડતો ચાલ્યો અને એવી રીતે કેટલોક પથ કાપી જવા પછી એક મ્યાનાને પોતાના મધ્યમાં ઘેરીને ચાલતા કેટલાક અશ્વારોહી યવનસૈનિકો તેના જોવામાં આવ્યા. તત્કાળ તે નરશાર્દૂલે સિંહનાદથી તેમને ઉદ્દેશીને કહ્યું કે,–

'મર્દબચ્ચાઓ, ખબરદાર જો આગળ પગલુ ભર્યું તો! જો ખરા જવામર્દ હો, તો અહીં જ ઊભા રહો. દુષ્ટો, તમોએ અમારા રાજાને કપટવડે કેદ કરવામા ફતેહ મેળવી, તેથી તમારે એમ ન સમજવુ કે હવે તમારા હાથમાથી તેમને છોડાવનાર કોઈ છે જ નહિ. બાયલાઓ, કરો મારા અન્નદાતાને બધનમુક્ત અને નહિ તો ચાખો આ તલ્વારનો તમતમતો સ્વાદ!"

એમ કહેતાની સાથે જ તે શૂરવીર સેવક છાતીને ઉન્નત કરી એકદમ તે મુગલોના અગપર તૂટી પડ્યો અને કોપના આવેશમા જોત-જોતામાં જ તેણે શત્રુપક્ષના સાત કે આઠ સૈનિકોને યમધામનો સરળ માર્ગ બતાવી દીધો. પરતુ મુગલ સરદારે સંભાજીના મ્યાનાને એક બાજૂએ મૂકી જોત્યાજીપર પાછળથી અચાનક હલ્લો કર્યો અને તેની તલ્વાર અકસ્માત્ તેના મર્મસ્થાનમા વાગવાથી તે ઘાયલ થઈને તત્કાળ પૃથ્વીપર પટકાઈ પડ્યો. એ વેળાએ તેણે સંભાજી મહારાજને ઉદ્દેશીને કહ્યું કે,–

"મહારાજાધિરાજ, મારા અન્નદાતા, હવે આજથી આ સેવક સદાને માટે આપની આજ્ઞા લે છે. સ્વામીની આજપર્યન્ત મેં સદૈવ એકનિષ્ઠાથી જ સેવા કરી, પણ આજે મને વિજય ન મળ્યો અને અતે જીવ જવાનો પ્રસગ આવી લાગ્યો. સ્વામિન્, આ અત સમયે એકવાર તો આ સેવકને દર્શનનો લાભ આપો. એ વિના મારી બીજી કશી પણ વાંચ્છના નથી."

એવી રીતે જોત્યાજી પોતાના પ્રભુનું સ્મરણ કરતો હતો, એવામાં સંભાજી મ્યાનામાંથી બહાર નીકળ્યો અને મદિરાના યોગે અદ્યાપિ તે પોતાની દુર્દશાથી અજ્ઞાત હોવાથી "મારા મ્યાનાને અહીં વચ્ચે જ શા માટે ઊભો રાખવામા આવ્યો છે અને મને બોલાવે છે કોણ?" એ પ્રમાણેની શુષ્ક પૃચ્છા કરવા લાગ્યો. પરતુ જોત્યાજીને જ્યારે તેણે પૃથ્વીપર પડેલો જોયો, ત્યારે જ પોતાની દુર્દશાનુ તેને કાંઈક ભાન થયુ અને તેથી તે મહા શોક દર્શાવતો કહેવા લાગ્યો કે –

"જોત્યાજી, ધન્ય છે તને અને તારી સ્વામીનિષ્ઠા તથા શૂર-વીરતાને! ખરે જ તે તારી આ એકનિષ્ઠ સેવા અને સ્વામિકાર્ય નિપુણતાથી મહારાષ્ટ્ર અને સમસ્ત આર્યાવર્ત્તમા પોતાના નામને અમર કર્યું છે! મારા હિતમાટે અતે તેં પોતાના પ્રાણનુ બલિદાન આપ-

વામા પણ પાછી પાની કરી નથી, તેથી મિત્રવર્ય, તું તો કૃતકૃત્ય થઈ ચૂકયો, પરંતુ મને હવે તારા જેવો હિતૈષી મિત્ર મળવો મહા કઠિન છે ! અરે હું કેવો દુર્ભાગી કે નિરંતર તારા ઉપદેશો ચાલૂ હોવા છતાં તેમાંના એક પણ ઉપદેશનો મેં સ્વીકાર ન કર્યો. અરે અનેકવાર તો આ અવિચારીના લત્તા પ્રહારોને પણ તું સહન કરી ચૂકયો, છતા મારામાંનો તારો પ્રેમ લેશમાત્ર પણ ઓછો ન થયો જોત્સાજી, જો હુ તને મારી પાસેથી દૂર થવાની મૂર્ખતાભરેલી આજ્ઞા ન આપત, તો ખરેખર મારા શિરપર આજનો આ અનિષ્ટ પ્રસગ કદાપિ ન આવત. પણ હવે પશ્ચાત્તાપથી શો લાભ ?"

એ પ્રમાણે સંભાજી બોલતો હતો, એટલામાં બીજા કેટલાક મુગલ સૈનિકો આવી લાગ્યા અને તેમણે તેને પુન બળાત્કાર કરીને મ્યાનામાં પૂરી દીધો. એ દુ ખદ અને કરુણોત્પાદક ઘટનાને જોતો જોતો જોત્સાજી અશ્રુપૂર્ણ નેત્રોથી ઇહલોકનાં પોતાનાં સત્કૃત્યોનું મિષ્ટ ફળ ચાખવાને પોતાના ઉત્પાદકના ધવલ ધામ પ્રતિ જવાને પ્રવાસ કરી ગયો—સ્વર્ગવાસી થયો.

કેટલાક દિવસ પછી સંભાજીનો ઔરગજેબની આજ્ઞાનુસાર નિર્દયતાથી વધ કરવામા આવ્યો.

વારુણી અને વેસ્યાના વ્યસનમાં લીન થનારના જીવનનુ બહુધા આવુ જ પરિણામ થાય છે અને તે સ્વાભાવિક જ છે.

જશવંતસિંહ સોનગરાની વાર્તા.

(લેખક બારોટ શિવલાલ લલ્લુભાઈ, મદુ)

દોહરો.

કાજલહૂકી કોટડી, દિલ્લી સુલતાના;
સબકો કાજલ લગ ગયા, બિનાહિ ચહુવાના.

પૂર્વે સોનગઢના કિલ્લા ઉપર એક જશવતસિહ સોનગરા નામે રાજા રાજ્ય કરતો હતો. તે ઉદારતામાં કરણ સમાન, પરોપકારમાં દધીચી સમાન, સત્યતામાં હરિશ્ચન્દ્ર સમાન, પ્રતાપમા પારથ સમાન, ધૈર્યમા શેષ સમાન, ગભીરતામાં સમુદ્ર સમાન હતો, તેની ઉજ્વળ કીર્તિએ આખા ભરતખડને ધવલ બનાવી દીધું હતું, તેણે જેસલમેરના ભાટી રાજાની કન્યા સાથે વિવાહ કર્યો હતો અને તે જ તેની પાટરાણી હતી, તે એવી તો ખુબસૂરત હતી કે, રતિ રભાદિક અપ્સરાઓ પણ તેના તેજ આગળ ઝાખી પડી જતી હતી. જેવી તે ખુબસૂરત હતી તેવી જ શિયળવંતી પણ હતી.

રાજા ઘણો ઉદાર હોવાથી પૈસાથી તદ્દન ખાલી હતો, એટલે આજુબાજુના રાજ્યસ્થાનોમાં પોતાની અનહદ્ પ્રભુતાથી લૂટફાટ કરવા જતો, અને લુંટી લુટીને લાખો રૂપીઆનું દ્રવ્ય લાવતો અને તેવડે અદ્ભુત પ્રકારે ઉદારતા કરતો. કોઈ વખત પાસે પૈસા ન હોય અને યાચક વગેરે કોઈ યાચનાર પોતાના દ્વારે આવી ચઢે તો પણ પોતાની ઉદારતામાં કોઈ દિન ખામી આવવા દેતો નહિ,

તે વિષે એક કવિએ કહ્યુ છે કે–

દોહરો.

હું બલહારી રાણીઆં, જે(ણે) જાયા રજપૂત;
અણુ હોતે હોતી કરે, સહવાતાંરી સૂત.

તેવી જ રીતે જશવતસિહજી પણ કરતો, એમ કરતે કરતે ઘણા દિવસ વ્યતીત થયા, પણ રાજાની પાસે દ્રવ્યનો સગ્રહ થયો નહિ, તેમ તેની ચિતા પણ રાજા કરતો નહિ. એક દિવસ વસત ઋતુનો સમય છે, તમામ જગલ નવ પલ્લવિત થએલુ છે, આબાઓની શાખા ઉપર કોકિલાઓ ઉન્મત્ત બની કલ કલ રવ કરી રહેલી છે, અને તમામ ચરાચરમાં ઋતુરાજ મહારાજે પોતાનો અમલ નિષ્કટકપણે જમાવી દીધેલો છે. તેવા સમયે રાજા જશવતસિહજી પોતાના બિરાદરીના ચારસો પાંચસો સરદારોને સાથે લઈ, શિકાર રમવા નીકળેલા હતા. જંગલમા ઘણો વખત શિકાર રમ્યા, તેમાં મોટા મોટા સિંહો મારી અનેક ગરીબ પશુઓના આશીર્વાદ લીધા, સુમારે બે એક વાગે શિકાર રમી રાજાએ ઘર તરફ પ્રયાણ કર્યું. સ્વારી દરમજલ કરતી શહેર તરફ ચાલી આવે છે, તેવામા "હરિ ઇચ્છા બળવાન્ ભવાની" વળી કહ્યુ છે કે.–

"હરે લખાયા મે લખ્યા, છઠ્ઠિ રાતરા અંક;
વધે ન જવ નહિ તલ ઘટે, રહે જીવ નિઃશંક;
તીન સતાં ઉંચા ચઢો, પેસો પંચાં હોય;
અણુ હોણી હોણી નહીં, હોણી હોય સો હોય."

તે પ્રમાણે રાજાને પણ થયુ. આ તરફથી રાજાની સ્વારી ઘણા ઉમગ સાથે ઘરતરફ આવે છે, અને પેલી તરફથી દિલ્લીપતિ બાદશાહ સલામતની ગુજરાતની સાડી સાડત્રીશ કરોડ રૂપીઆની તિજોરી દિલ્લી તરફ દશેક હજાર માણસના રસાલા સાથે જાય છે. એવા સમાચાર રાજા જશવતસિહજીએ જાણ્યા કે–રાજાની પ્રબળ ભુજાઓ ફરકી ઉઠી અને પોતાના સરદારોને રોકી, આ પ્રમાણે રાજા ગંભીર વાણીથી બોલ્યો; "મારા

બહાદુર સરદારો, આપણે ઘણા દિવસથી લુંટફાટ કરી બિચારા ગરીબ રાજાઓ અને તેમની રાંકડી રૈયતને સતાવી પૈસા કઢાવીએ છીએ, તો તેમા આપણી શી પ્રભુતા? કહેવત છે કે–

"જો મૃગપતિ વધે મેડકહીં, તો ભલો કહે કો તાહીં!"

એવી જ રીતે આપણે કરીએ છીએ, તેથી સામી આપણી અપકીર્તિ થાય છે. માટે કીધુ છે કે લુટવો તો ભડાર અને મારવો તો હાથી, તેવી જ રીતે આજ આપણને સમય હાથ આવ્યો છે, તો મારો બાપ કરું આજ બાદશાહની તિજોરી દિલ્લી જવા ન પામે." આ શબ્દ રાજાના મુખમાંથી નીકળતાંની સાથે ઝનુનમા ઉન્મત્ત બનેલા રાજપૂતો તરત 'મહારાજા જશવતસિહજીનો જય' એવા શબ્દથી બોલી ઉઠ્યા. એ એમના જયકારના ઘોષથી દશેદિશાઓ પૂરાઈ રહી અને એ જ ધ્વનિથી દુશ્મનોના હ્રદય કદળીના પત્ર સમાન ચીરાઈ ગયાં, રાજાનો હુકમ મળતાંની સાથે 'હરહર મહાદેવ' કહી યવનોના સૈન્યમાં બહાદુર રજપૂતો તૂટી પડ્યા, હિંદુ મુસલમાનની વચ્ચે, મહા દારુણ યુદ્ધ થયુ, તેમાં મુસલમાનોની સખ્યા ઘણીજ હતી, તો પણ હિંદુઓ આગળ તેમનાથી ટકી શકાયું નહિ, એટલે મુસલમાનો પલાયન કરી ગયા અને 'કેતે જન મારે કેતે બિના મારે મરી ગયે' એવી રીતે આ વખતે મુસલમાની સૈન્યમા થયુ રાજાનો સર્વ પ્રકારે વિજય થયો અને સાડી સાડત્રીશ કરોડ રૂપીઆની તિજોરી થોડા પરિશ્રમે હાથ આવી, તેથી રાજાનુ પૌરુષ વધારે વધ્યુ ને ઘણા આનદ સાથે ઘેર આવ્યો. માલ તમામ ઠેકાણે કરાવ્યો અને સામતોને લાખો રૂપીઆની બક્ષીસો આપી. સધ્યા સમયે આનદિત રાજા અત પુરમા ગયો ત્યાં નવયૌવના ભટીઆણી સાથે તે રાત ઘણા આનદમાં વ્યતીત કરી. પ્રભાતનો પહોર થયો, પૂર્વ દિશાનો દરવાજો અરુણ દેવતાએ પોતાની સોનાની કુચીવડે જ્યારે ઉઘાડ્યો, તે વખતે રાજા ઉઠી નિત્ય નિયમથી નિવૃત્ત થઈ, અબખાસમાં આવ્યો, અને મનમા વિચાર કરવા લાગ્યો કે–'આપણે બળવાન્ શત્રુથી બાથ ભરી છે તેથી નિશ્ચિત રહેવુ એ તો અસભવિત છે. કારણ કે–

ઇડર જાવતાં વળે પગ આંટીએ;
માંટીઆંતણા ઈન્સાફ મારે.

તેવી જ રીતે આપણે પણ બાદશાહથી વેર કરીને કર્યું છે, ખેર! પણ તેથી શું થવાનું છે? કહેવત છે કે –

નામ રહંતાં ઠાકરા, નાણા નહીં રહંત;
કીરત હંદાં કોટડા, પાડ્યાં નહીં પડંત.

તેવી જ રીતે યાવચ્ચદ્રદિવાકરૌ આ પૃથ્વી ઉપર અવિચળ નામ રહે તેવો ઉપાય યોજવો જોઇએ, એમ કહી તરત પ્રતિહારને પોતાની સમીપ બોલાવી પ્રધાનમંડળને તેડી લાવવા હુકમ ફરમાવ્યો હુકમ મુજબ પ્રતિહારે તરત શાણા સચિવોને હજુરના ચરણકમળમાં રજુ કર્યા. તેઓની સાથે પૈસાની શી વ્યવસ્થા કરવી અને કેવી રીતે તેનો જલદીથી અંત લાવવો, કારણ કે કદાપિ બાદશાહ સલામત સ્વારી કરે તો પૈસાનો પૈસો પણ જાય, રાજ્ય પણ જાય, જાન પણ જાય અને તેની સાથે ઇજ્જત પણ જાય તેવી રીત ન થવી જોઇએ. એ સબધી ઘણો વખત વિચાર કરતાં કરતાં બહુમતે એમ ઠર્યું કે, મહારાજાએ એક રાજગોઠ કરવી, એટલે કે તમામ દેશના રાજાઓને બોલાવવા એમ કરવાથી મહારાજાનું નામ આ પૃથ્વીપર રાજસૂયયજ્ઞ કરવા બરાબર થશે. આ મત મહારાજા જશવંતસિહજીને ઘણો અનુકૂળ પડ્યો અને તેનો તરત અમલ કરવા વાસ્તે સભામાં હાજર હતા, તે તમામ સચિવોને હુકમ ફરમાવ્યો. હુકમ થતાની સાથે જ એક તરફ શહેરની રચના મનોરજક બનાવવા માંડી અને બીજી તરફ તમામ દેશદેશના મહીપતિઓને કંકોત્રીઓ લખી શહેરને ધ્વજાપતાકા અને તોરણાદિથી શણગાર્યું. રાજમહેલના પ્રતિ શિખરપર કંચનના કળશો ચડાવી દીધા, મોતીઓના ચોક પૂરાવ્યા, તમામ વીથિકાઓ નવ પ્લવિત રસાળથી અને અગણિત કદળીઓથી પ્રદીપ્તમાન કીધી. એ મનોહર રચનાથી સોનગઢ જાણે યુધિષ્ઠર રાજાના ઉજ્જ્વલ યશથી અકિત હસ્તિનાપુર હોયને શું! એમ દેખાવા લાગ્યુ. પ્રજાવૃદ પોતાનો રાજા આવું અલૌકિક ઉત્તમ કાર્ય કરે છે, એવુ જાણી જેમ ચદ્રોદયથી કુમુદવૃદ પ્રફુલ્લિત થાય છે, તેવી રીતે પ્રફુલ્લિત થયા, ઘેરઘેર મૃગનયની ચદ્રવદની માનિનીઓ માંગલિક ગીત ગાવા લાગી. પ્રતિદ્વાર દાનની અને વિજયની દુદુભિઓ વાગવા લાગી. મહીદેવો આશીર્વાદોયુક્ત વેદના ધ્વનિ કરવા લાગ્યા. આ પ્રમાણે અહી નિત્ય નવીન મગળ વર્તાવા લાગ્યાં. પેલી તરફ તમામ મહીપતિઓને કંકુપત્રિકાઓ સોનગઢથી ગયેલા અનુચરોએ આપી, જે વાંચી હિદુસ્તાનના તેજદ્વેષી રાજાઓ અરસ્પરસ વિચાર કરવા લાગ્યા કે, આપણુ મોટા મોટા માડળિક રાજાઓ છતાં કોઇએ આવુ અદ્ભુત કાર્ય કરવા હિમત ધ્રાલી નહિ અને સોનગઢનો એક નાનો સરખો ચૌહાણ રાજા આવુ મહાન્ કાર્ય સિદ્ધ કરી પ્રસિદ્ધ યશ લે, એ તો ગજબ કહેવાય, પરતુ ત્યા ગયા સિવાય સિદ્ધિ નથી. કારણુ કે કદાપિ આપણે નહિ જઇએ તો એ લુંટારો રાજા ઉપદ્રવ કરી નાહક આપણુને તથા આપણી પ્રજાને હેરાન કરશે. માટે હવે ત્યાં તો જવું જ, અને ગયા પછી જેમ બને તેમ

એનો અપયશ થાય એવી કોશિશ કરવી, એ સર્વોત્તમ છે. એવા કુટિલ વિચારવાળા રાજાઓ પોતપોતાનું ચતુરગ સૈન્ય લઈ સોનગઢ આવ્યા. અહી મહારાજાએ એવી વ્યવસ્થા કરેલી છે કે, જેવી જેની યોગ્યતા તેજ પ્રમાણે આવેલા તમામ મેમાનોની તરત સરભરા થાય છે. તેમા કાંઈ પણ ખામી રહેતી નથી. એવી તો ઉત્તમ પ્રકારે ચાકરી બરદાસ થવા લાગી કે, જેઓ દ્વેષ કરતા હતા, તેઓ જ પોતાના મોઢેથી મહારાજાની પ્રશસા કરવા લાગ્યા. તે એટલા દરજ્જે કે, જેમ કોઈ યાચક મન ઇચ્છા પ્રમાણે દાન પામી કોઈ દાતાર પુરુષની પ્રશસા કરે, તેવી રીતે ઠામ ઠામ રાજાઓના મુખથી પ્રશસા થવા લાગી. આ બાબત મહારાજાને અનહદ ખર્ચ થયુ લગભગ વીશેક દિવસ નૃપમડળ મેમાન તરીકે રહ્યુ. જ્યારે એકવીશમે દિવસે તમામ રાજાઓની એક મોટી સભા એક વિશાળ મેદાનમાં મળી કે જ્યાં રાજા જશવંતસિહજીની મુલાકાત થવાની હતી, ત્યાં રાજા જ્યારે એ સભામાં ગયો ત્યારે બહોતેર દેશના રાજાઓની મુલાકાત થઈ આવી મહત્ સભા જોઈ ચહુઆણ રાજા ઘણો ખુશી થયો. માત્ર દિલગીરી એટલી જ થઈ કે, તે વખતે કોઈ બારોટ કવિ હાજર ન હોતો. તેથી રાજાએ વિચાર કર્યો કે, 'અહી આવેલા બીજા રાજાઓ અહીથી નીકળ્યા એટલે તેમની સાથે મારું કરેલુ ખર્ચ, ધારેલો ઉમગ અને કીર્તિનો અભિલાષ એ તમામ વસ્તુ તેઓના વેરાતાની સાથે જ વેરાઈ જશે, જે ફરીથી પ્રાપ્ત થવી મુસ્કેલ છે અને કોઈ પણ ભાટ કવિ આ વખતે હાજર હોત તો મારું તમામ ધારેલું કાર્ય પૂર્ણ થાત અને યુગોયુગ મારી કીર્તિ આબાદ રહેત. પરંતુ શુ કરવુ, કા તો મારા નસીબનો વાંક અને કા તો બાદશાહનો પૈસો કાંઈ અધર્મનો હોવો જોઇએ એ બે કારણ સિવાય આવો પ્રસગ આવી પડે નહિ અહી રાજા આ પ્રમાણે શોચ કરે છે અને બીજી બાજુએ ઈશ્વરે એક વિચિત્ર રચના ઉભી કરી છે. કીધુ છે કે —

"જો બિધિ ભાલમે લેખ લખ્યા સો બઢે ન બઢાયે ઘટે ન ઘટાયે."

એવી જ રીતે આ વાર્તામાં પણ થયુ સોનગઢથી દશેક ગાઉના અતરે એક બ્રહ્મભટ્ટોનું ગામ હતુ તેમા એક બારોટ અફીણીઆ અને આળસુ હતા તેમને કાવ્ય કરતા તો આવડતુ હતુ, પરંતુ તેમના આળસની આગળ તે કાંઈ કરી શકતા નહિ. તેથી દરિદ્રતા તેમનાપર અપાર પ્રસન્ન રહેતી. આખો દિવસ અફીણ ખાઈ હોકો પી ઝોકાં ખાધે જતા હતા. કાંઈ પણ ધધો કરતા નહોતા. અફીણીઆ માટે કીધુ છે કે —

દોહરા.

ગુડા હતા તે ગળી ગયા, ડોલણુ લાગ્યા દંત;
અમલ સાટે આકડો, કેમ ન ખાધો કંત. ?
અમલિયા ઉધમાતિયા, શેણાંહુંદા શેણુ;
તુજ વિણુ ઘડી ન ચાલતું, ફીકાં લાગે નેણુ!

તેવી જ રીતે આ બારોટનો ઇષ્ટદેવ અમલ જ હતું રાત દિવસ અમલ ખાઈ ઝુરવું, એ એમનુ મુખ્ય કર્તવ્ય હતુ. તેથી અન્ન પાણી માટે પણ મહા વિટમણા તેમના કુટુબને હતી એવી વિપત્તિ ન સહન થવાથી બારોટની પત્નીએ એક દિવસ પતિ પાસે આવી હાથ જોડી વિનતિ કરી કે, "હે સ્વામીનાથ! આમ આવી રીતે અમલ ખાઈ કાંઈ પણ ઉદ્યોગ કર્યા સિવાય આમ બેસી રહો, તેથી આપણુ ગુજરાન શી રીતે ચાલે? માટે મારુ અબળાનુ કહ્યુ માની આપણા ગામની નજીક સોનગઢમા પ્રતાપી અને મહાદાતાર મહારાજા શ્રી જશવતસિહજીએ એક રાજસૂયયજ્ઞ બરાબર રાજગોઠ કરી છે, જ્યાં બહોતેર દેશના રાજાઓ એકઠા થયા છે, માટે આપ ત્યાં જાઓ. હુ ધારુ છુ કે, તમો વિદ્વાન છો અને રાજા ઉદાર છે. વળી આ ઉત્તમ પ્રસગ છે, તેથી તમારો ત્યાં જવાનો ફેરો નિષ્ફળ નહિ જાય પોતાની પત્નીની આ પ્રમાણે વિનતિ સાંભળી બારોટે પણ વિચાર કર્યો કે, બિચારી ગરીબ અબળા અન્ન વસ્ત્રનુ અસહ્ય દુ:ખ ક્યાં સૂધી વેઠે? માટે લાવને કરમને તો તપાસી જોઉ કે કેમ થાય છે! એમ કહી સોનગઢ જવાની તૈયારી કરી. એક ઘરડુ અને ઘણુ જ દુબળુ ઘોડું હતુ, તેનાપર તૂટફૂટ સરજામ નાખી બારોટ તૈયાર થયા. તે ઘોડુ કેવું હતુ, તે માટે કહ્યુ છે કે—

સવૈયો.

સૂરજ કે રથ લાગ્યો રહ્યો;
યાકે આગે ભયો કેઈ બેર કનૈયા.
લોમશકી લરી કાઇકો ખેલકો,
ભૂલી ગયો જગકો ઉપજૈયા.
એસો તુરંગ વિરગ વિદીતં;
દીપત જાન દરિદ્રકો છૈયા.
ગુડન કાગ લગે બહુ સંગ;
મતો યહ કાગ ભુશંડીકો ભૈયા.

એવી રીતના ઘોડા ઉપર સ્વાર થઈ બારોટ સોનગઢ તરફ વિદાય

થયા. જોકે છેટું થોડું જ હતું, પરતુ બારોટના દનગજ ઘોડાએ સાગે દિવસ પથ કર્યો ત્યારે સાંજના પાંચેક વાગ્યાના સુમારે સોનગઢમાં મહા મુસીબતે દાખલ થયા. ત્યાં કોઈ મહાદેવના મદિરમાં ઉતારો કરી, પોતાના પાસે કાઈ સારાં કપડા હશે તે પહેરી દરબારમાં ગયા. હવે અહી તો રાજા જશવનસિહ ઉપર જણાવેલી છત્રપતિઓની સભામાં બેઠેલા છે અને પોતાની કીર્તિ અમર કરનાર કોઈ કવિ સભામાં આ વખતે હાજર નથી, એની ચિંતા કરતા હતા તેવા જ સમયમાં કાકતાલીય ન્યાયની પેઠે બારોટ ત્યા હાજર થયા. સભામાં પ્રવેશ કરતાંની સાથે નીચેનો દોહરો બોલ્યા—

દુહો—શૂરવીર રાવત નૃપતિ, ખાગતાગ સાજીમ;
ઇતને તેં ચાહત સદા, કવિરાજન તાજીમ.

એ દોહરો સાભળતાની સાથે દરેક રાજા મહારાજાઓએ તેનો અતિ માનપૂર્વક આદર કર્યો અને રાજા જશવતસિહજીને તો જાણે ત્રિભુવનનું રાજ્ય પ્રાપ્ત થયું હોયને શુ, એટલો આનદ થયો એ આનંદના આવેશમા ને આવેશમા રાજા બોલી ઉઠ્યો કે, "અહો બારોટ! તમો તે આકાશમાથી આવ્યા કે પાતાળમાથી?" આ વચનથી ઉતરેલા અફીણવાળા બારોટને ઘણુ માઠુ લાગ્યુ, અને બોલ્યા કે "ભાઈ હુ આકાશમાંથી અગર પાતાળમાથી ચાહે ત્યાથી આવુ છુ, પરતુ તેના વિગતવાર સમાચાર તો મને અમલ ખવરાવો તો પછી કહુ" આ વચનથી તમામ રાજાઓ ખુશ થયા, કારણ કે એઓ સારી રીતે સમજ્યા હતા કે, જશવંતસિહે કહેલુ વચન બારોટને બાણ બરાબર લાગ્યુ છે તેથી અફીણ ખાશે અને નિશો બરોબર ચડશે, તે વખતે આ બારોટ જરૂર રાજાનાં ભૂડા બોલશે, એટલે તેનુ ખર્ચેલુ તમામ દ્રવ્ય બાતલ જશે અને બારોટની કરેલી કવિતા યુગોયુગ કાયમ રહેશે. એવુ ધારી એક રાજાએ તરત પોતાના અનુચરને "બારોટને અમલ ખૂબ ખવડાવ." એવો હુકમ ફરમાવ્યો. હુકમ થતાંની સાથ અનુચરે તરત તેનો અમલ કર્યો. બારોટે અમલ ખાધુ અને જ્યારે તેનો નિશો તમામ શરીરમાં પ્રવૃત્ત થયો ત્યારે નીચે પ્રમાણે બોલ્યો,—

"આ સભામા મળેલા તમામ મહીપતિઓ આપ એક શ્રવણથી સાભળો. હુ સ્વર્ગમાંથી આવુ છું—તો ત્યાંની વ્યવસ્થા એવી છે કે, મૃત લોકમાંથી મરી ગએલા જે જે રાજાઓ જેવા કે જોધપુર, ઉદેપુર, જયપુર, બૂદી, કોટા વગેરેના મહારાણા અને મહારાજાઓ સ્વર્ગમા નાના-પ્રકારના વૈભવો ભોગવે છે. કુભી સ્થાનોમા નાના વરણના હાથી હલ્લા દઈ

રહ્યા છે. ઘોડારમાં મહામૂલ્યવાન્ અને વેગવત ઘોડાઓ શોભી રહ્યા છે. રાજમહેલોના પ્રતિશિખરે સોનાના કળશ ચળકાટ કરી રહ્યા છે; અબખાસમા અનેક અમીર ઉમરાવો સહિત રત્ન જડિત સિંહાસન ઉપર નિયમિત વખતે રાજા મહારાજાઓ વિરાજે છે. ત્યા નિત્ય પ્રત્યે નાનાવિધ નાચ તમાશા થયા કરે છે અનેક બંદીજનો બિરદાવલી પઢ્યા કરે છે મોટા મોટા પંડિતો રાત દિવસ આશીર્વાદો આપ્યા કરે છે. એવી રીતે દિનપ્રતિદિન નવીન આનંદ ભોગવતા એ નૃપતિઓને મેં જોયા તેમાં દુ ખી માત્ર આ જશવતસિંહજીના વડીલો જ છે

દોહરો—ચાપો કુપારી લારે ફરે, ગોતર પાળે પખો.
સતીયા બાવરો સોનગઢો, આપ રાંધે ને જમે અખો"

બારોટના મોઢામાથી આ પ્રકારના શબ્દ નીકળતાની સાથે જ રાજાને પગની પાનીથી તે માથાની ચોટી સુધી નખશિખ રીશ વ્યાપીને તે ઘોમ ધખચખ બન્યો, પણ કરે શુ? કયા દુસ્મનોના દળમા તલવારો બજાવવાની હતી કે જ્યા રાજા પોતાનુ વીરત્વ દર્શાવે? આ તો બારોટ હતા, તેથી તેમને શુ થઈ શકે, એવુ જાણી કુવાની છાયા કુવામા શમાય એમ રાજાએ મનનો ક્રોધ મનમા જ રાખી બારોટના ઉતારા વગેરેનો બંદેબસ્ત કરાવ્યો અને સાઝ વખતે પોતાની પાટમહિષી ભટિયાણીજી પાસે ગયો. સતી ભટિયાણીએ તરત જાણ્યુ કે, આજે મહારાજાના અત કરણમા કાંઈ દિલગીરી છે. તેથી તે હાથ જોડી બોલી કે—"નાથ, આજે આપની અનુપમ કાન્તિ ઉપર મને મલિનતા ભાસે છે, તેનુ શુ કારણ છે, તે આ દાસીને કહેવા કૃપા કરશો? નાથ, જ્યારથી મે આપના મનમોહન મુખના ઉપર ઉદાસીના ચિન્હ જોયાં છે, ત્યારથી એક પળ મને જુગ બરોબર લાગે છે તો ઉદાસ થવાનુ કારણ કહી આ ચિતારૂપી મહાસાગરમાંથી તારવા મેહરબાની કરશો" રાજાએ આ વિનતિનો કાંઈ પણ જવાબ ન આપ્યો, તેથી રાણીજીએ જાણ્યું કે, રાજા ઉત્તર નહિ આપે માટે લાવ દારૂ પાઉં. એમ ધારી પાસે ઉભેલી પોતાની વિશ્વાસુ દાસીને ઉત્તમ મદ્ય લાવવા ઇશારો કર્યો. ચતુર દાસીએ તરત તેનો અમલ બજાવ્યો. જેવો દારુ આવ્યો કે, ઝટ રાણીજીએ સુવર્ણ પ્યાલામાં લઈ ઉભાં થઈ રાજાજીનાં ઓવારણાં લઈ પચીશ રૂપીઆ નછરાવળ કરી, દારુ આરોગવા માટે વિનતિ કીધી રાજાજીએ રાણીજીની મનુહાર તરત લીધી અને પોતે પણ રાણીજીને આપી એમ અરસપરસ મનુહારો કરતા કરતા રાજા મદમત્ત બન્યો. દારુના માટે કીધુ છે કે—

દોહરો.–આમ ફૂલે પરવારકે, મહુ ફૂલે પત ખોઈ;
વાકો પાની જો પિયે, બુદ્ધિ કહાંસે હોઈ?

દોહરો.–પાને પાત્ર ફૂલે રસ, ફૂલે દીવા બળંત;
હું બલહારી એ રુખડા, રૂઠા નાવ મળંત.

એવી જ રીતે અતરે રાજાજીને પણ થયુ પોતાનો પતિ બરોબર નિશામા ચકચૂર થયો છે એવુ જાણી રાણીજીએ હાથ જોડી ઉદાસ થવાનું કારણ પુન પૂછ્યુ. પૂછતાંની સાથે જ રાજા રાણીના પ્રત્યે બોલ્યો કે –

"આપણા આ મહોત્સવમા કોઈ ભાટ કવિ હાજર નહોતો અને તેને લીધે મારા આ કરેલા ઉત્તમ કામની અનુપમ કીર્તિ આબાદ કોણ રાખશે, એવા સકલ્પ વિકલ્પોમા મારુ મન હમેશા વિચારસમુદ્રના તરગોમા ગોથાં ખાયા કરતુ હતું, તેવામા દૈવયોગે એક ભાટ કવિ આજે મહીપતિઓના મેળાવડામા આવ્યો. તેને જોઈ મને ઘણો આનદ થયો, એ આનદના આવેશમાં ને આવેશમા મારા મોઢામાંથી એવો શબ્દ નીકળી ગયો કે–અહો બારોટજી! તમે આકાશમાંથી આવ્યા કે પાતાળમાંથી?' આ સવાલ જો કે મેં ઘણા આનદથી અને ખુશાથી પૂછેલો, તથાપિ બારોટને એ પ્રશ્ન અવળો લાગ્યો, અને તેથી એમને ઘણી જ રીસ ચઢી, તેથી એક દોહરો બનાવી તેમા મારા પૂર્વજોની પૂઠે કોઈ સતી થઈ નથી, એવું મને તમામ રાજાઓ સમક્ષ મહેણું માર્યું રાણીજી, એ મહેણાથી મારુ અત કરણ દગ્ધ થઈ ગયુ છે. આ ખરી હકીકત મે તમારા આગળ નિવેદન કરી. તેમાં કાંઈ પણ છૂપાવી નથી" રાજાનો રાણી આગળ આ વાત કરવાનો અભિપ્રાય એટલો જ હતો કે, પોતાની પૂઠે સતી થવાનું રાણી વચન આપે. ચતુર રાણી રાજાના એ અભિપ્રાયને તરત સમજી ગઈ, પરતુ શી રીતે મુખથી કહેવાય કે, હું આપની પૂઠે સતી થઇશ, કારણ કે,

દોહરા.–રાજા જોગી અગન જળ, ઉનકી ઉલટી રીત;
પરશુરામ, ડરતે રહો, (વો) થોડી પાલે પ્રીત.
રાજા વાજા વાંદરા, ત્રણનો એક સ્વભાવ;
નીચા નીચાં પરહરે, ઉચાં ઉપર ભાવ.

એ વાક્ય રાણીજીને સારી પેઠે યાદ હતાં, તેથી વિચાર્યું કે, કદાપિ રાજાજીને હું કહું કે–"આપની પૂઠે સતી થઇશ; અને તેનો ઉલટો

અર્થ કરી કદી મનમાં એમ વિચાર કરે કે, મને મુએલો ધાર્યો ને એમ માની રખેને મારો ત્યાગ કરે." "એવી શંકાથી રાણીજી હાથ જોડીને બોલ્યાં કે, પ્રાણનાથ! બારોટ લોક છે તે આપણાં બેટા બેટી છે, એટલે તેમના કહેવાનું આપણે માઠું લગાડવું નહિ; કીધુ છે કે:—

ચોપાઈ—બાલક બોલહી તોતરી બાતા;
સુનિ મન મુદિત હોહિં પિતુમાતા.

—તેવી રીતે આપણો અને એમનો સબંધ છે." વગેરે વાતો કહી રાજાજીને બીજા રસ ઉપર ઉતાર્યા, અને એ વાતને વિસરાવી મૂકી. એમ કરતાં પ્રભાત થયો. રાજા ઉઠી, નિત્યનિયમથી પરવારી તમામ રાજાઓની વિદાયગીરીના કામમાં રોકાયો. જેવી જેની લાયકી હતી, તે પ્રમાણે અમૂલ્ય પોષાકો આપી તમામ રાજાઓને વિદાય કીધા અને પોતે પાટમહિષી ભટિયાણીજીની સાથે વિનોદમાં ને વિનોદમાં દિવસ વ્યતીત કરવા લાગ્યા. કેટલાક દિવસે "હરિ ઇચ્છા બળવાન્ ભવાની" એ વાક્યને અનુસરી જેસલમીરથી રાણીજીની માતુશ્રી બીમાર થયાના સમાચાર લઈ એક સાંઢણીસ્વાર આવ્યો, સમાચારનો પત્ર રાણીજીને પહોંચાડ્યો. તેમાં લખ્યું હતુ કે, "માજીનુ મોઢુ જોવુ હોય તો તરત આવો." આ વાક્ય વાંચતાંની સાથે જેમ કુહાડીથી કદળી કાપી નાખી હોય તેમ રાણીજી એકદમ ખેદસમુદ્રમાં ડૂબી ગયા, કારણ કે પોતે મનમાં વિચાર્યું કે, માતુશ્રી માંદાં છે તેથી ગયા સિવાય ચાલે નહિ. તેમ જવાથી કદાપિ દિવસ વધારે ગત થાય તો રાજા મારી પૂઠે જેસલમીર આવ્યા સિવાય રહેવાના નહિ; કારણ કે મારા પ્રત્યે એમનો અપાર પ્યાર છે, માટે બે રીતે દુઃખ થયુ અને એ દુઃખને લીધે દિનપ્રતિદિન રાણીજીની મનમોહન મૂર્ત્તિ મલિન થવા લાગી. એક દિવસે સમય પામી રાજાજીએ પૂછ્યું કે "આપની તબીયતમાં એકાએક ફેરફાર મને કેમ માલૂમ પડે છે? એવુ આપને શુ દુ:ખ છે, કે જે દુઃખવડે તમો આ પ્રમાણે કૃશ થયા છો?" હવે કીધા સિવાય ચાલે એમ નથી, એમ જાણી રાણીએ જેસલમીરથી આવેલ પત્ર તરત હુજૂરના કરકમળમાં મૂક્યું; હુજૂરે વિગતવાર સમાચાર વાંચ્યા અને રાણીજી પ્રત્યે બોલ્યા કે—"આવા અલ્પ દુઃખમા પારાવાર દિલગીરી કરવી, એ મને દુરુસ્ત લાગતું નથી; તમો જેસલમીર સુખેથી પધારો અને ત્યાં રાજમાતાની તબીયત સુધરે, એટલે આ તરફ આવવાનું કરજો." આ પ્રમાણે પોતાના પ્રીતમની આજ્ઞા થતાં રાણીજીએ અરજ કરી કે—"ગરીબ નવાજ, હું જેસલમીર જવા તૈયાર ક્યારે થાઉં કે, જ્યારે આપ મને જેસલમીર

ન પધારવાનુ અભય વચન આપો ત્યારે કારણ કે આપને બાદશાહની સાથે કટ્ટુ વેર છે, આપના હજારો દુશ્મનો છે, અને દિલ્લી તથા જેસલમીરની સરહદ ભેગી છે તેથી શકા છે કે કોઈ દુશ્મન બાદશાહને આપ જેસલમીર આવ્યા છો એવા સમાચાર નિવેદન કરે અને બાદશાહ પણ પૂર્વનુ વેર યાદ કરી કટક લઈ કદી જેસલમીર ઉપર ચઢી આવે તો મારા ભાઈઓને તથા આપને કેવી વિડબના આવી પડે, તેનો ખ્યાલ આપ નામદાર જ કરો. હજારો રાજપૂતોના માથા રણમા હોમાય, લોહીની નદીઓ વહે, હજારો રજપૂતાણીઓના અહીવાતણનો અત આવે, એ તમામ અનર્થનુ મૂળ કેવળ હુંજ થાઉ એવુ ધારી આજ સુધી મે આપ નામવરને જેસલમીર જવા વિનતિ ગુજારી નહોતી હવે જેવી હુજૂરની મરજી ' રાણીજીના આ વચન સાભળી રાજાને ખૂબ હસવુ આવ્યુ અને હસીને બોલ્યા કે, "અહો ! કેવી આશ્ચર્યની વાત ! આપ જેવી વીર ક્ષત્રાણીઓએ આવો ભય ધર્યો ! રાજપૂતોનો એક સાધારણ ધર્મ છે કે, તેઓ હમેશા પ્રભાતે સૂર્ય નારાયણની વદના કરી તલવારના મુખે મૃત્યુ માગે છે તો તેવા પ્રસગે મૃત્યુ થશે તેનો તમો ફોકટ શા માટે શોક કરો છો? ખેર ! કદાપિ તમારી એમ મરજી હશે તો એક માસની અદર તમો અહી આવશો તો હુ જેસલમીર તરફ નહિ આવુ, એવુ મારુ વચન છે' આ પ્રમાણે વચનસિદ્ધ રાજાના વચનથી રાણીને પૂર્ણ વિશ્વાસ આવ્યો, કારણ કે –

દુહો—પુરુષ વચન કેસરી ગમન, કેળ ફળે એકવાર,
તેલ ત્રિયા હમીર હઠ, ચઢે ન દૂજીવાર.
ધરા ડગે મેરૂ ડગે, શેષે પલટી જાય,
સત્ પુરુષોના પારખાં, ટળે ન વચન જરાય.

અષ્ટપદ—વચન છલ્યો બળિરાજ, વચન કૌરવ કુલ ખોયો;
વચન કરન દિયો કવચ, વચન પાંડવ વન જોયો.
વચન કાજ જગદેવ, શીષ કકાલિન અર્પ્યો;
વચન કાજ હરિચદ, નીચ ઘર નીર સમર્પ્યો.
જો ચલે વચન વૈતાલ કહિ, કર ગ્રહિ જીભ શું કટ્ટિએ;
જરી જાય લક્ષ વિક્રમતુ સુન, વચન બોલ ન પલટ્ટિએ.

એ પ્રમાણે રાજા પણ વચનનો સિદ્ધ હતો તેથી રાણીને પૂર્ણ ભરોસો આવ્યો, અને જેસલમીર જવાની તૈયારી કરી. કેટલાક શૂરવીર સ્વારો સાથે લઈ રાણીજીએ કૂચ કરી. મજલ દરમજલ કરતે કરતે કેટલાક દિવસે તે જેસલમીર જઈ પહોચ્યાં. બાઈ સાહેબના પધારવાથી આખા

અત પુરમા આનંદ આનદ થઈ ગયો. માતુશ્રીને પણ પોતાની વહાલી દીકરી પધાર્યા છે, એમ જાણી મંદવાડમા ઘટાડો થયો એમ બાઈ સાહેબના આવવાથી આખા કુટુમ્બમા પ્રમોદ પ્રવર્ત્તી રહ્યો, ત્યા દિવસ પલક સમાન વ્યતીત (ગત) થવા લાગ્યો, એટલે મહિના (ત્રીશ દિવસ) બિચારાને જાતા કેટલીવાર? માસને બદલે દોઢેક માસ વીતી ગયો, તોપણ માતુશ્રીને તો આરામ પણ ન થયો, તેમ મુઆ પણ નહિ. અને એ દુવિધાને લીધે બાઈ સાહેબથી સોનગઢ તરફ જવાયુ નહિ. અહીઆ આવી રીતે વખત વીતે છે, અને સોનગઢ તરફ શુ થયુ, તે તરફ આપણે જઈએ.

વસતઋતુ ખીલી રહેલી છે, મદન મહીપતિએ વિશ્વવિજય કરવાના વાસ્તે જાણે ઋતુરાજ પ્રધાનને આજ્ઞા આપી હોય, તેમ ચરાચર વસતમય બની ગયુ છે.

कवित्त—कूलनमे केलीमे कछारनमे कुंजनमे,
क्यारीनमे कलीन कलीन किलकंतहे,
कहे पदमाकर परागनमे पौनहुंमे,
पाननमें पीकमें पलाशन पगंतहे.
द्वारमें दिशानमें दुनीमें देशदेशनमें,
देखो दीपदीपनमें दीपत दिगंतहे,
बीथिनमें बनमे नवेलिनमे वेलिनमे,
बननमे बागनमें बिखर्यो वसंतहे.

એવી રીતે તમામ જગત્ વસતમય દેખાતુ હતુ કોકિલાઓ આબાઓની ડાળીઓ ઉપર ચઢી ચઢી મધુર શબ્દવડે કળકળ કરી રહી હતી, મયૂરનાં વૃંદ ઉન્મત્ત બની ગયાં હતા. કીર અને કપાતોના વૃંદ પ્રતિઠામ કલ્લોલ કરી રહ્યા હતાં તેથી વિરહી જનોને અસહ્ય વેદના થવા લાગી એવા સમયમા કોઇથી ન જિતાય એવો જશવતસિહ રાજા મદન મહીપતિના પંચ બાણોથી પરાજય પામ્યો, અને ચન્દ્રવદની ભટિયાણી પોતાના ચચળ ચકોર ચિત્તમા ખડા થયાં. તેથી એક દિવસે પોતાના બહાદુર સરદારોની સભા કરી જેસલમીર જવા વિષે મત પૂછયો. સૌએ જેસલમીર જવું એમ ઠરાવ્યુ. આ ઠરાવથી રાજાને અનહદ આનન્દ થયો. બીજે દિવસે આઠ હજાર મહારથીઓને સાથે લઈ રાજાએ જેસલમીર તરફ કૂચ કરી. નીકળતી વખતે રાજાને શુકન અને અપશુકન બને થયાં, પરતુ મહાપુરુષાર્થવત રાજા એવા શુકન અપશુકનને ગણે તેવો નહોતો, તેથી કંઈ પણ વિચાર કર્યા સિવાય એકદમ પ્રયાણ કીધુ.

તેનુ કડાજુડ કટક એવી તો ઢબથી અને દમામથી ચાલતું હતું કે, એ ભાર શેષને પણ વધારે લાગ્યો.

એમ પ્રયાણ કરતે કરતે કેટલાક દિવસે તેઓ જોધપુરની સરહદમાં આવી પહોંચ્યા. ત્યાં એક એવુ કૌતુક થયું કે જોધપુર મહારાજાશ્રીના થાળના વાધરીઆ ગોવાળ લોકો ચારતા હતા, તેની નજીકમાં મહારાજા શ્રી જસવતસિહજીના ભાણેજ વિજયરાજજીનો ઘોડો નીકળ્યો અને તેમણે એ વાધરીઆ જોયા. તેથી ગોવાળીઆેને પૂછ્યું કે "ભાઈ, આ વાધરીઆ કોના છે?" આ શબ્દ સાભળી ગોવાળીઆઓને રીસ ચઢી. કહેવત છે કે -

દુહો—હાથે ચૂડી હેમની, ગળે મોતીનો હાર;
બાદશાહની બાંદી, પણ બીજાની સરદાર.

તેવી રીતે ગોવળીઆ પણ જોધાણ નાથના હતા, તો એમને રીસ ચઢે એમાં શી નવાઈ? રીસ ચઢાવી કબાંનીઆ સજ કર્યા, અને બોલ્યા કે "તને વાધરીઆપર પ્રીત હોય તો લે" એમ કહી કબાંનીઆ માથે કમાન ચઢાવી, જે જોઈ રાણા વિજયરાજજીએ વિચાર કર્યો કે, વાઢ્યા પછી ચોટે નહિ, એમ ધારી ઘોડાને જોસથી હાકયો, અને પોતાના પ્રતાપી મામા આગળ આવી બોલ્યા કે "પેલા વાધરીઆ જે ચરે છે તેમને લ્યો અને ગોઠ કરો એમ નહિ કરો તો હું પ્રાણ ત્યાગ કરુ છુ" રાજાએ બહુ વાર્યા અને સમજાવ્યા કે–"આપણે એક તરફ દિલ્લીનુ વેર કરી ચૂકયા છીએ અને બીજી તરફ જોધપુરનુ વેર શા માટે કરાવો છો?" પણ હઠીલા વિજયરાજે એ બાબત કાંઈ લક્ષમા લીધી નહિ. એથી નિરુપાયે વાધરીઆ લાવવા બહાદુર રાજાએ પોતાના સરદારોને હુકમ આપ્યો. હુકમ થતાં જ પાંચ પચીશ સ્વારોએ ગોવાળીઆઓપર હુમલો કર્યો. તેમાં કેટલાક ગોવાળીઆ માર્યા ગયા, કેટલાક ભાગી છૂટ્યા ને વાધરીઆ સરદારો લઈ ગયા ત્યાંથી ચાલી જોધપુરના પૂર્વ દિશાના પાદરે રાજાએ મુકામ કર્યો. શહેરમાંથી ઉમદો આશા દારુ મગાવરાવ્યો અને ઉમગની સાથે ત્યાં ગોઠ કરી. અહીં ગોઠ કરી રાજા આનંદ કરે છે, અને પણે ગોવાળીઆ ગયા તેમણે હુજૂર આગળ પોકાર કર્યો "કે મહારાજાના થાળના વાધરીઆ, અમોને મારી, સોનગઢનો લુટારો રાજા જોધાણુનાથનો કાંઈ પણ ભય રાખ્યા સિવાય લઈ ગયો." ગોવાળીઆના મુખમાંથી આ શબ્દો નીકળતાંની સાથે રાજા દાવાગ્નિ સમાન, પ્રલય કાળના ભાનુ સમાન અને વિકરાળ સિંહ સમાન કાળકૂટ બન્યો અને તરત પોતાના માથેથી નવલખું

નીચે મૂકી પણ કર્યું કે, જ્યારે જશીયા સોનગઢાનું માથું અહીં આવે ત્યારે જ મારે નવધરું બાંધવું. રાજાના આ પણથી તમામ અમીર ઉમરાવો ઉશ્કેરાઈ ગયા અને સોનગઢપર ચઢાઈ કરવાની તૈયારી કરવા લાગ્યા. સેનાધિપતિએ પોતાનું સૈન્ય સજ્જ કર્યું, રણજીત નોબત વાગી, વીર હાક વાગવા લાગી અને મેદની ચાક ચઢવા લાગી. બહાદુર રાઠોડો પોતપોતાનાં અસ્ત્રશસ્ત્રો સજી સજી અશ્વોપર સ્વાર થઈ થઈ રાવઆંગણમાં એકઠા થવા લાગ્યા. આ અણધાર્યા બનાવથી મુખ્ય પ્રધાન આશોય ઠાકોર મકનસંગ મહા વિચિક્ષણ હતા. તેમણે વિચાર કર્યો કે–રાજાને એમ માલૂમ નથી કે,–સોનગરાને જિતવો, એ શેષ નાગના માથાના મણિ લેવા સમાન છે, આકાશને બાથમા ઘાલવા સમાન છે. અથવા સમુદ્રને વિના નાવ તરવા સમાન છે, પણ રાજા ઘેલા ચાચરા છે. તેમને કોણ કહી શકે? ખેર કાંઈ જુક્તિ તો કરવી જોઈએ જ. એમ કહી તુરત દરબારમા આવ્યા અને હજુર આગળ હાથ જોડી ાવનતિ કરી કે, "પૃથ્વીનાથ એક જશવતસિહ સોનગરાને મારવા જોધાણનાથ ઉઠી આવું દુસ્તર પણ કરે, તે સામે અપકીર્તિ સમાન છે કારણ કે, જો મૃગપતિ વધે મેડક હી તો ભલો કહે કો તાહી?

"એવી રીતે આપ મૃગપતિ છો અને સોનગરા મેડકના ઉપર જ્યારે આવુ પણ થાય તો તેમાં અપકીર્તિ કે કીર્તિ તેનો ખ્યાલ આપ નામદાર જ કરો. તેને મારવાનો ઉપાય મેં વગર હરકતે એક શોધી કાઢયો છે, તે જો માલિકની મરજી હોય તો નિવેદન કરુ." શાણા સચિવના આ પ્રમાણે વચન સાંભળી "કેવી રીતે તેને મારવા તમોએ ઉપાય શોધ્યો છે, તે કહો" એવો સવાલ કર્યો. હુજૂરનુ આ પ્રમાણે ફરમાન થવાથી મકનસગજીએ હાથ જોડી અરજ કરી કે, "ખાવિદ, દિલ્લીપતિ બાદશાહની સાડી સાડત્રીશ કરોડ રૂપીયાની ત્રીજોરી એ લુટારાએ લુટી છે, અને તેથી બાદશાહ સલામત તેનાપર ઘણા ગુસ્સે થએલા છે અને આ વખતે સોનગરો જેસલમેર જાય છે, તો બાદશાહને એક રુક્કો અહીથી લખવો, તેમાં સોનગરાના જેસલમેર જવાના સમાચાર તથા બાદશાહ સલામત તેનાપર સ્વારી કરે તો આ તરફથી મદદ અપાશે, વગેરે બાબત જણાવવી. હું ધારું છું કે, રુક્કો પહોંચતાની સાથે તરત બાદશાહ સલામત તેનાપર સ્વારી કરશે. તેમાં ભાટીઓનો પણ ઘાણ નીકળશે અને સોનગરો પ્રાણ ખોશે, આપણી સૈન્યને કઈ પણ નુકસાન થશે નહિ અને દુશ્મનનું કાસળ નીકળી જશે. મારો તો આ પ્રમાણે મત છે, પછી તોઆપટ ખાવિદની મરજી." મત્રીનો આ મત મહારાજાને વધારે

અનુકૂળ પડ્યો અને તેમ કરવા હુકમ આપ્યો. હુકમ થતાંની સાથે જ એક રુક્કો લખી તેમાં ઉપરની તમામ બાબત જણાવી એક સાંઢણી સ્વારના હાથમાં આપી, તેને દિલ્લી તરફ રવાના કીધો. પણ જશવંતસિહજી તો જાણુતા હતા કે, જોધપુર મહારાજાની સાથે આજે આપણે જરૂર દારુણ યુદ્ધ કરવુ પડશે, પરતુ આ વખતે તેમાનુ કાંઈ પણ થયુ નહિ, એટલે નિર્વિઘ્ને ગોઠ કરી બીજે દિવસે મળશકે ઉઠી પોતાના સામતો સાથે જેસલમેર તરફ પ્રયાણ કીધુ. કેટલાક દિવસ પથ કરતે કરતે જેસલમેર જઈ પહોંચ્યા. ત્યા ભાટી રાજાને ખબર થતાં સામૈયાની તૈયારી કીધી. બડી ધામધૂમની સાથે ગાજતે વાજતે રાજાજીની પુરમા પધરામણી કીધી, રગ મહેલમા ઉતારા આપ્યા અને સામતોને યોગ્ય લાયકી પ્રમાણે ઉત્તમ પ્રકારના ઉતારા આપવામા આવ્યા. આ વાત જ્યારે ભટિયાણીજીએ જાણી. ત્યારે નીચેના દોહા પ્રમાણે તેમને થયુ

દોહા-પિયુ બિછરનકો દુસહ દુ ખ, હરખ જાત પિયુસાર;
દુર્યોધન લો દેખિયે, તજત પ્રાણ ઇહિ બાર.

એ પ્રમાણે રાણીજીને પણ હર્ષ અને શોકનો સમુદ્ર છલક્યો. વિચાર કર્યો કે, વાત બહુ માઠી થઈ જરૂર રાજાજીનો કોઈ પણ દુશ્મન આ વાત બાદશાહ સલામતને કાને નાખશે તો તેનુ ભયકર પરિણામ આવશે. પણ ઈશ્વરની ઇચ્છા હોય તે જ થાય છે, તેમા મનુષ્યોનો શો ઇલાજ છે? એમ કહી ગણપતિ આદિ ઇષ્ટ દેવોની માનતા માની, એવી માગણી માગી કે–'મારા પતિ નિર્વિઘ્ને સ્વરાજ્યમા પહોંચે તથા મારા ભાઈ પણ સદૈવ સુખમા રહે' અહીઆ આ બનાવ બની રહ્યો છે, અને પણે સાઢણી સ્વાર રવાના થયેલો, તે થોડા દિવસે દિલ્લીમાં દાખલ થયો દરબારમાં જઈ ચોપદારની સાથે જોધપુર મહારાજા સાહેબનો લખેલો રુક્કો બાદશાહ સલામતની હુજૂરમા પહોચાડ્યો રુક્કો મુખ્ય વજીરે વાચ્યો તેમા લખેલી બીના સાભળી જેમ સૂતેલો શેષનાગ પૂછડુ દબાવવાથી જાગી ઉઠે, તેમ બાદશાહ મહા ક્રોધયુક્ત થયા, અને ક્રોધમા ને ક્રોધમા બહિલોલખાન નામે સેનાધિપતિને બે લાખ લશ્કર લઈ જેસલમેરપર કૂચ કરવા હુકમ ફરમાવ્યો હુકમ થતાની સાથે 'જીવે જહાપનાહ' કહી સૈનિકોને બોલાવી સૈન્ય સજ્જ કરવા આજ્ઞા કરી. જોધપુરથી આવેલ સ્વારની સાથે કહેવરાવ્યું કે, અમારુ લશ્કર જેસલમેર ઉપર રવાના થઈ ચૂકયુ છે, તો તે પ્રસગે તમારે પણ મદદને માટે લશ્કર બને તેટલું લઈ આવવુ.

અહી બહીલોલખાંએ એક મોટા મેદાનમાં લશ્કરને એકઠું કરી ઘણી ઉત્તમ પ્રકારે કવાયદ લીધી, અને પછી આતુરતાની સાથે જેસલ-

મેર તરફ જવા આજ્ઞા કીધી. બાદશાહ સલામતનું આવુ કડાજુડ કટક જોઈ દુશ્મનોની છાતીના ચૂરેચૂરા થઈ ગયા. લશ્કર કૂચપર કૂચ મકાન-પર મકાન કરતે કરતે કેટલેક દિવસે જેસલમેર આવી પહોંચ્યુ અને તેણે રાતના અગિયાર વાગે જેસલમેરપર ઘેરો ઘાલ્યો.

જ્યારે અરુણોદય થયો, અને જોવા શહેરના દરવાજા ઉઘાડવા પોળીઆઓ જાય છે, અને બારી ઉઘાડીને જોવા જુએ છે, તો જેમ એક મહાસાગરમાં નાનું સરખુ નાવડું તરતુ હોય તેમ જેસલમેર દેખાવા લાગ્યું. તરત દરવાજા બધ કરી આ હકીકતથી ભાટી રાજાને વાકિફ કર્યો, બકો ભાટી રાજા આ વાત સાભળવાથી કંઈ પણ દિલગીર ન થતાં ઉલટો ખુશ ખુશ થઈ ગયો. મનમાં વિચાર કરવા લાગ્યો કે,–

"પરમેશ્વરે પ્રસગ તો બહુ સારો મેળવી આપ્યો, કારણ કે ઘણા દિવ-સથી તરવારોનો તમાશો ખેલવામા આવ્યો નહોતો, તેથી ભુજાઓ ઉપર ભાર થયેલો હતો. હવે રણાંગણમાં શમશેરની રમતો રમાશે. વીર ક્ષત્રિ-યોનાં પરાક્રમો સારી રીતે પ્રસિદ્ધિ પામશે. ઘણા દિવસની ભૂખી યોગિનીઓ શૂરાઓના રુધિરપાનથી તૃપ્ત થશે ગીધ, કાગ, શિયાળ, શ્વાન વગેરે માસાહારી પશુ પક્ષીઓને ઉજાણીઓ થશે, ભૂતનાથ તમામ ભૂતો સમેત રણક્ષેત્રને જોઈ મનમા મુદિત થઈ મુડમાળા પહેરશે બહાદુર શૂરાઓ અપ્સરાઓને વરી*સ્વર્ગનુ અક્ષય સુખ ભોગવશે. અહો! એથી વધારે બીજો લાભ શો છે?"

એમ પોતાના મનમાં ને મનમાં વિચાર કરી સેનાધિપતિને બોલાવી યવનોએ વગર કારણે આપણા કિલ્લા ઉપર ઘેરો ઘાલ્યો છે, તો તેમને તેમના અધમ કૃત્યનુ ફળ જલદીથી મળે, એવી તજવીજ કરવા હુકમ આપ્યો. તરત લડાઈ શરુ થઈ અને બને બાજૂથી,

"કડાકડ કુભનાલ લાખોં કડકત હૈ!"

એ પ્રમાણે લાખો તોપોપર બત્તીઓ પડવા માંડી ને તેના અગરાજ ગાજ અવાજથી નદી સરોવરના નીર ખૂટી જવા લાગ્યાં ને ગર્ભવતી સ્ત્રીઓના ગર્ભ નિપાત થવા લાગ્યા. જે દરવાજે જોધપુર મહારાજનુ સૈન્ય બાદશાહની કુમકે આવેલુ, તે તરફ ભાટી સરદારોએ વધારે ઉશ્કેરાઈ રાઠોડ સૈન્યનો ઘાણ કાઢી નાખ્યો, અને પોતાના ધર્મને ભ્રષ્ટ કરનરા યવનોના સહાયક થવાથી શુ ફળ મળે છે, તે આ દુનિયાને પ્રત્યક્ષ દેખાડી આપ્યું. આ પ્રમાણે ઘોર યુદ્ધ ચાર દિવસ સૂધી ચાલ્યું. પરંતુ જેસલ-મેરનો કિલ્લો સ્વપ્નમાં પણ હાથ આવે એવો સભવ મુસલમાનોને દેખાયો

નહિ. કારણુ કે મુસલમાનના મોટા મોટા યોધાઓ સખ્યાબંધ પડવા લાગ્યા, તેથી યવનસૈન્યમાં ભય સિવાય બીજુ કાંઈ દેખાવા લાગ્યું નહિ. તો પણ ઝનુની મુસલમાનો પાછી પાની કરી નાસે તેવા નહોતા, "હિમતે મર્દા તો મદદે ખુદા" એમ કહી કહી વધારે આવેશમાં આવ્યા; પાચમા દિવસે જ્યારે રાત્રે પણ યુદ્ધ શરુ રાખ્યું ત્યારે તોપોના અવાજો થવા લાગ્યા, ઘોડાના હણહણાટ, હથીઆરોના ખડખડાટ, અને હાથીઓના ચીતકાર શબ્દો, કાયરોનું ઉલ્કાપાત, બૂમરાણુ અને શૂરવીરોની વીર હાકોથી દશે દિશાઓ ખળભળી ઉઠી. આ શબ્દો અંત પુરમાં ભટિયાણીજીની સાથે વિનોદ કરવાવાળા રાજા જશવંતસિહજીના કાને પડ્યા, કે તરત રાણીને પૂછ્યુંકે, "આ શેના અવાજો થાય છે?" રાણીજીએ હાથ જોડી વિનતિ કરી કે, ગરીબનવાજ, દિલ્લીથી બાદશાહી અસંખ્ય સૈન્યે આવી જેસલમેરપર ઘેરો ઘાલ્યો છે, કારણુ કે આપ નામદારે તેની સાડી સાડત્રીશ કરોડ રૂપિયાની ત્રિજોરી લુટી લીધી છે. એ વેરથી આ વખતની ચઢાઈ છે, વળી ઓછામા પૂરું આપે રસ્તામાં આવતી વખતે જોધપુર મહારાજથી વાધરીઆ બદલે વિરોધ કર્યો, તેથી તેમનુ સૈન્ય પણુ બાદશાહની મદદે આવેલુ છે, અને એને લીધે આજ પાંચ દિવસથી જેસલમેરમાં લોહીનાં આંધણુ છે. કોઈ સુખે નિદ્રા લઈ શકતું નથી. હજારો લાખો રાજપુતાણીઓના અહેવાતણુનો અત નજીક આવ્યો હોય એમ ભાસે છે" રાણીજીના મોઢાથી આ શબ્દ સાભળતાંની સાથે રાજાએ મનમાં વિચાર કર્યો કે, "આ તમામ અનર્થનુ કારણુ આ વખતે હુ થઈ પડ્યો છું અને હુ અહી એશ આરામમાં રંગમહેલમાં રાગ રગ કરુ અને બિચારા નિરપરાધી રાજપૂતો વિના વાંકે માર્યા જાય, એ કેવુ ખોટું કહેવાય? માટે આજે પ્રભાતના પહોરમા તમામ વીરોને ઉપાધિથી મુક્ત કરી રણક્ષેત્રમાં કેસરીઆં કરવાં!" એવાને એવા વિચારમા રાજાને નિદ્રા આવી નહિ અને પ્રાત.કાળ થયો. રાજા ઉઠ્યો, પોતાના નિત્ય નિયમથી નિવૃત્ત થઈ એક સભા કરી, તેમાં પોતાના આઠ હજાર સરદારોને બોલાવરાવ્યા અને કહ્યુ કે,—"આપણે માટે નિરપરાધી ભાટી સરદારો નાહક માર્યા જાય છે. એમ ન થાય તેટલા માટે આજે કેસરીઆં કરવાં એવો મારો વિચાર છે, તે વિષે તમો શું મત આપો છો?" પોતાના ધણીનાં આવા વચન સાંભળી આજનો દિવસ ધન્ય છે, એમ કહી 'મહારાજા જશવતસિહનો જય' એ ઘોષથી આખી મેદની ગજાવી મૂકી. કેસરીઆં કરવાથી અમને બે પ્રકારે લાભ છે એમ પોતાનો ઇરાદો જણાવ્યો. આ ઇરાદાથી રાજાના હર્ષનો પાર રહ્યો નહિ. તમામે નાહીધોઈ નિત્ય નેમ કરી ખાણું વગેરે ખાઈ અગિયાર વાગે યુદ્ધમાં જવા

તૈયાર રહેવું, એવી આજ્ઞા કરી રાજા અંત પુરમાં ગયો. ત્યાં પાટમહીષી સાથે કેટલીક વાતચિતોનો ખુલાસો કર્યો; પછી અગિયાર વાગ્યાનો સુમાર થવા આવ્યો છે એમ ધારી પોતાના ખાનગી નિવાસમાં જઈ અસ્ત્રશસ્ત્ર સજી પોતાનો મનવેગ તોખાર લાવવા ચાકરને હુકમ આપી હવેલીના નીચે ચોકમાં આવી વિરાજ્યા, ત્યાં તમામ સરદારો પોતપોતાનાં હથિયાર પટીઆરો સજી વાહન ઉપર બેસી બેસી રાજાજીને જુહાર કરી કરી એ મેદાનમા એકઠા થવા માડયા. તે વખતે એક ચતુર દાસીને સમીપ બોલાવી રાજાજીએ કહેવડાવ્યું કે,–"દાસી! તારી બાઈ સાહેબને જઇને કહે કે, રાજા રણમાં જવા રજા માગે છે." આ સમાચાર દાસીએ રાણી આગળ વિદિત કીધા. વિચક્ષણ રાણી તરત સમજી ગયાં કે રાજાને મારી પાસે કહેવડાવવું છે કે, 'હુ આપની પૂઠે સતી થઇશ.' પરંતુ એ વચન મારાથી શી રીતે કહેવાય? કહું તો એ અપશુકન કેમ ન ગણાય?" એવા એવા તર્ક વિતર્કો કરી છેવટે દાસી સાથે કહેવડાવ્યુ કે, "હુજૂરને મારા પ્રણામ સાથે વિનતિ કર કે, "આપ રણક્ષેત્રમાંથી દુશ્મનોનો પરાજય કરી વહેલા પધારજો." દાસીએ આ પ્રમાણે રાજાજીને આવીને વિનતિ ગુજારી, પણ વીરરસમાં ઉન્મત્ત બનેલો રાજા તે વચનથી સતુષ્ટ થયો નહિ; અને પુન કહેવડાવ્યુ કે "મારો રાજા રણમાં જવા રજા માગે છે." રાણીએ આ વચનનો પૂર્વવત્ જવાબ વાળ્યો તેથી રાજાએ પુન કહેવડાવ્યુ કે,–"પતિનો હુકમ આ ત્રીસરી વખતનો છે." એમ જાણી દાસીને ઉભી રહે એમ રાણીએ હુકમ કીધો અને પોતે એક કોરો ઘડો જળથી ભરેલો મંગાવી તેવડે સ્નાન કરી કોરાં વસ્ત્ર પહેરી સૂર્યનારાયણની વિનયપૂર્વક સ્તુતિ કીધી, અને પછી એક કટારવડે પોતાનું માથુ ઉતારીને દાસીને આપ્યુ. દાસીએ તે માથુ લઈ રાજાજીના આગળ રજૂ કર્યું. માથુ દેખતાંની સાથે જેમ શંકરે ત્રીજુ લોચન ઉઘાડ્યુ હોય તેમ ઉન્મત્ત બની રણજીત નોબતના પર ઘાવ કરવા હુકમ આપી પોતે વીર હાક વગાડી, એટલે તમામ સામતોએ હરહર મહાદેવ એ શબ્દોથી રાજાને વધાવી લીધો. દરવાજા ઉઘડાવવા હુકમ આપી, પોતે પોતાના કટક સાથે યવનના સૈન્યમાં પ્રયાણ કીધુ.

છંદ પદ્ધરી–બાજીએ ઢોલ બાલુ તાન, ગાજીએ વિવિધ વાજિંત્ર આન.
જયુરી જયુરી જંગ જોધા અપાર, નાના અસ્ત્રશસ્ત્ર કરહું પ્રહાર.
ભાણી તિષ્ટ તિષ્ટ ઇમ શબ્દશૂર, સબ નિજ નિજ પરાક્રમ કરહું પૂર.
રણુલડત પડત ઉઠત અભેવ, સબ સમરત હે નિજનિજ સુદેવ.
મુખ જયતિ જયતિ કહિ દેત દોટ, તકી દાવ કરહું હથિયાર ચોટ.

મુંડતે મેદની રહી છાય, નદ નાળ રુધિર વહીવહી જાય.
જયુરી આય કહર જોગની જમાત, હસતિ અધિક મન માંસ ખાત.
કંપત તમામ કાયરન કાય, શૂરવીર અંગ ઉછ્છવ ન માય.
બરછી કટાર તરવાર દાવ, પણુ કારી પરસ્પર કરહું ઘાવ.
કડકત નાલ છુટક કમાન, ઘુઘલીત ભયો અસ્માન ભાન.
ડગમગીએ દશ હું દિગપાલ સાથ, થરહરન લાગ્યો નાગેદ્ર માથ.
તળ ધરણી ચઢી ચહુંઓર ચાક, લરથરહી રુઢબીન મુંડ છાક.
કપત તમામ પશુ પક્ષી વર્ગ, હુવો દુલિત પ્રભાકર પુનિત સ્વર્ગ.
ગિરિ પરન લગે ગિરિ શિખર ટૂટ, સરિતા તડાગ નીર ગયે ખૂટ.
રત્નાકરજલખલભલ્યો ખાસ, તેહી વખત પર્યો ત્રિહીંભુવન ત્રાસ.

આવી રીતના દારુણ યુદ્ધથી લાખો મુસલમાનોનો તથા હજારો રાજપૂતોનો ધાણુ નીકળી ગયો. મુસલમાનો સખ્યામાં ધણા હતા, તથાપિ રાજપૂતો આગળ ટકી શકયા નહિ અને નાસવા લાગ્યા. બહાદુર રાજપૂતોએ પણ વીરત્વ દર્શાવવામા કાંઈ પણ બાકી રાખી નહિ. એટલે નાઠેલા મુસલમાનોની પૃઠ પકડી. તે જોઈ બહાદુર બહીલોલખાન વિચાર કરવા લાગ્યો કે "અણુજીવત હુ મૃતકાળ અચ્છો" એમ કહી પોતાના સૈનિકોને કેટલાક કઠોર અને ઝનુન ઉપજાવનારા વચનો કહી રાજપૂતો સામે લડવા ઉભા રાખ્યા. ત્યા મુસલમાનો એવા તો આવેશથી લઙ્યા કે શેષ રહેલા રજપૂતોમાંથી ઘેર જઈ સદેશો કહેનાર કોઈ પણ રહ્યુ નહિ. મહારાજા જશવંતસિહજી પણ રણમાં પડ્યા એ જોઈ અતરિક્ષથી વિમાનમા બેસી રણકૌતુક જોનાર દેવતાઓએ પુષ્પવૃષ્ટિ પ્રતાપી રાજા ઉપર કરી. આ દારુણ યુદ્ધ વિલોકવા,

છદ પદ્ધરી–ડમરુ બજાવતે ભૂતનાથ, લે ભૂત પ્રેત બૈતાલ સાથ.
આયે બિલોકને સમર ભોમ, નાચત સંગ પલભક્ષ કોમ.

આવી રીતે રણક્ષેત્રમાં જોતા જોતા શકર મહરાજ જશવતસિહજીની પાસે આવ્યા અને આ અમિત પ્રતાપવાળા વીર પુરુષને જોઈ વિસ્મય થયા. સાથે સતી હતાં, તેમણે રાજાના ગળામાં રાણીનું મસ્તક લટકાવેલું જોઈ વિચાર કર્યો કે, 'અહો આ પતિપત્નીનો પરસ્પર કેવો પ્રેમ! માટે મહારાજ આ પ્રેમપયોધિ દપતીને તો જરૂર સજીવન કરો. સતીના આ વચનથી શંકરના કોમળ હૃદયમાં દયા ઉત્પન્ન થઈ.

કરુણા નિધાન કર ધરી શિષ, વરમાગ માગ એમ કહ્યો ઈશ.

એ વચન કૃપાળુ શકરના મુખમાંથી નીકળતાંની સાથે અત પુરમાથી રાણીનુ ધડ ત્યા આવી પડ્યુ અને રાજા તથા રાણી બન્ને સજી-

ચન થયાં. અને ઊઠી જુએ છે તો પરમકૃપાળુ જગન્નિયતા ઓઢરદાની (મનવાંછિત ફળ આપવાવાળા) અવિનાશી સદાશિવને પોતાના સમીપ પ્રસન્ન મુખમુદ્રાથી ઉભેલા જોયા. પોતાનું જીવન ધન્ય માની રાજાએ પ્રાર્થના કરી કે, કૃપાનિધિ કાં તો મારા તમામ સામંતોને સજીવન કરો અને કા તો મને પૂર્વવત્ કરો એટલે મારી નાખો, કારણ કે આ તમામના કાળોત્રીઆ થઈ ઘેર જવુ એ મને સારુ લાગતુ નથી શંકરે પણ આ વચનથી દયાવંત થઈ અમૃતદષ્ટિથી જશવતસિહના આઠ હજાર સામતોને સજીવન કીધા. સજીવન થએલા સામતોને લઈ જેસલમેરથી કૂચ કરી સૌનગઢ આવી પરમ પવિત્ર ભટીઆણીજીની સાથે સુખ ચેનમા એકસો અઠ્ઠાવીશ વર્ષ નિષ્કટક રાજ્ય કર્યું અને અતે પોતાના પ્રતાપી પુત્ર માધવસિહજીને વારસ મૂકી પોતે વૈકુંઠ સીધાવ્યા.

સિંધુસુંદરી લાલાં

(લેખક ઠક્કુર નારાયણ વિસનજી)

પ્રથમ પરિચ્છેદ

પ્રેમ સપાદન

સિંધુ દેશમા અહમદશાહ નામનો એક મહાવિલાસી અને માની બાદશાહ થઈ ગયો છે. તે એકવાર ગ્રીષ્મઋતુમાં પોતાની રાજધાનીમાથી નીકળીને 'રૂપેરી તળાવ' નામક સરોવર પાસેના પોતાના શીતલ ગ્રીષ્મસદનમા આવીને રહ્યો હતો અને તેથી ત્યા એક પ્રકારનો મહોત્સવ થઈ ગયો હતો. બાદશાહ પોતે યૌવનના વસતકાળમા વિહરતો હોવાથી તેની અલ્પ દાઢીના વાળ કાળા હતા અને તે શરીરે દઢ હોઇને દેખાવડો પણ હતો તેણે અનેકવાર યુદ્ધમા પરાક્રમો કરીને સારી કીર્તિ મેળવી હતી અને શાતતાના દિવસોમા જેમને પ્રોત્સાહન મળવાનો સભવ હોય છે એવી કાવ્ય, ચિત્ર અને શિલ્પ આદિ કળાઓનો તે એક મુખ્ય પુરસ્કર્તા હતો. તે પોતાના મિત્રોને સાથે લઇને એક ચદ્રિકામડિત રાત્રિના સમયમા સુવર્ણથી મઢેલી નૌકામાં બેસી, તે સુન્દર સરોવરમાંના ઘાટી ઝાડીવાળા બેટોની સયર કરતો હતો, તે વેળાએ ચારણ અને ભાટોના કથાનકો અને ગાયન વાદન સાંભળીને એટલો બધો હર્ષમાં આવી ગયો કે, મનુષ્યને જેટલુ સુખ આ જગતમાં પ્રાપ્ત થવુ શક્ય છે, તેટલુ સુખ સર્વ રીતે તેને પ્રાપ્ત થએલુ છે, એમ તેની હર્ષિત મુખમુદ્રા ગર્ભિતતાથી દર્શાવતી હતી. ગાયકમડળમા જે મુસલ્માન ગવૈયા હતા, તેમણે પ્રથમ, બાદશાહે યુદ્ધોમાં મેળવેલા જયોવિશેનાં, સ્વર્ગની અપ્સરાઓ-

વિશેનાં અને ગુલ તથા બુલબુલના પ્રેમ વિશેનાં કવનો—ગાયનો—ગાઈ સંભળાવ્યાં. તેમની પછી એક હિન્દુ ભાટ રાજાએ હરિણ સમાન ચપળ, શ્રી રામચન્દ્રની પત્ની સીતા સમાન ચતુર, રૂપવતી અને વિનયશીલા એક રાજપૂત કુમારિકા હતી, તેનાં સ્તુતિસ્તોત્રોને લલકારવાનો આરંભ કર્યો. પ્રથમ તો તે રાત્રિની ચંદ્રિકા અત્યંત આહ્લાદકારક હતી અને તેમાં વળી એ ભાટની સંગીતકળાએ વિશેષ મોહકતા ઉપજાવી. તે સુંદર કવનના વિષયરૂપ રાજપૂત કુમારિકાના સ્વરૂપની સ્તુતિ સાંભળીને બાદશાહ તત્કાળ આસક્ત થયો અને તે ભાટને પૂછવા લાગ્યો કે;—

"ભાટરાજા, આવા પ્રકારનું એ સ્ત્રીરત્ન કયા કાળમાં થઈ ગયું અને તે લલના કયા મોટા કાફિરને વરી હતી?"

એના ઉત્તરમાં ભાટે જણાવ્યું કે,—"ગરીબપરવર, એ અલૌકિક અબળા અત્યારે હયાત છે અને અદ્યાપિ કુમારિકા છે. તેનું નામ લાલાં છે અને પર્વતસિંહ નામના રાજપૂત સરદારની તે એકની એક કન્યા છે. એ સુન્દરીના સૌન્દર્યના સ્તુતિસ્તોત્રો જ અત્યારે હું ગાઈ રહ્યો છું."

"એમ કે? વારુ, ત્યારે જો તમારા કથન પ્રમાણે ખરેખર જ તે બાળા સૌન્દર્યખનિ હશે, તો તેને અવશ્ય હું મારી બેગમ બનાવીશ પરંતુ જો તેનું લાવણ્ય એવું ઉત્કૃષ્ટ નહિ હોય, તો તમારા આ અસત્યવાદમાટે તમને મરણની શિક્ષા સંભળાવવામાં આવશે." બાદશાહે કહ્યું.

એ પછી બાદશાહ ગહન વિચારમાં નિમગ્ન થઈ ગયો અને નાવિકોને તેણે નૌકાને પાછી સંગેમર્મરના ઘાટપર લઈ જવાનો હુકમ ફર્માવ્યો.

બીજે દિવસે અહમદશાહે પોતાના મુખ્ય બ્રાહ્મણ મંત્રીને બોલાવી મંગાવ્યો અને પર્વતસિંહની પુત્રી વિશેનો વૃત્તાંત તેને પૂછ્યો. તે બ્રાહ્મણે તે બાળાના સૌન્દર્યનું એવું તો ગંભીરતાયુક્ત ઉત્કૃષ્ટ વર્ણન કર્યું, કે ભાટે તેના સ્વરૂપની રૂપેરી તળાવમાં ચંદ્રિકા મધ્યે જે સ્તુતિ કરી હતી, તેની સત્યતા વિશે બાદશાહનો પૂરેપૂરો નિશ્ચય થઈ ગયો. કામવિકારથી પીડાતા બાદશાહને એથી વિશેષ અન્ય કોઈ પણ વસ્તુની આવશ્યકતા નહોતી. તેણે તત્કાળ તે બ્રાહ્મણને આજ્ઞા કરી કે;—

"લાલાંને મારી બેગમ બનાવવાનો મારો મનોભાવ હોવાથી એ લગ્નસમારંભ કરવાનો મારો નિશ્ચય થઈ ચૂકયો છે; એમ પર્વતસિંહને જઈને જણાવો અને હાનાનો જવાબ લાવો."

જો કે બાદશાહનો આવો નિશ્ચય થયો ખરો, પણ તે સુંદરી તેને સહજ પ્રાપ્ત થઈ શકે તેમ નહોતું. આજપર્યન્ત અનેક રાજપૂત લોકોએ અહમદશાહ બાદશાહ અને તેના દરબારના અમીર ઉમરાને પોતાની પુત્રીઓ લગ્નમાં આપી હતી; પરંતુ પર્વતસિંહ શુદ્ધ ક્ષત્રિય હોવાથી

ગમે તેમ થાય, તોપણ પોતાના કુળને કલંકિત ન થવા દેવું, એવી તેની દૃઢ પ્રતિજ્ઞા હતી. એથી અહમદશાહની માગણીને માન્ય રાખવાથી લાલાંને આટલા મોટા બલાઢ્ય બાદશાહની પટરાણીનું પદ મળવાનો સંભવ છે, એ જાણવા છતાં પણ એ લાલચમાં પડીને એક મુસલમાન સાથે પોતાની પુત્રીને પરણાવીને તેને જાતિભ્રષ્ટ અને પતિત કરવાની તેની લેશ માત્ર પણ ઇચ્છા નહોતી. તથાપિ એ ઘટનાના પ્રતિબંધમાટેની તૈયારીનો સમય મળી શકે, એટલા માટે તેણે બાહ્યતઃ બાદશાહની માગણીનો સ્વીકાર કર્યો. એ પછી અલોડના પાર્વતીય દુર્ગમાં જઇને તેણે પોતાના સગાસંબંધી અને પોતાના તાબામાના જાગીરદારોને બોલાવ્યા અને કહ્યું કે,–"આ અપમાનકારક સબંધ ન થવા દેવાના કાર્યમાં તમો સર્વ મહાશયોએ મળીને અત્યારે મને સાહાય્ય આપવુ જોઇએ."

પર્વતસિહના આ પ્રપચની વાર્ત્તા બાદશાહના સાભળવામા આવતાં તેણે યુદ્ધમાટે તૈયાર રહેતા પોતાના દશહજાર સૈનિકોને એકત્ર કર્યા. એમ કરવામા તેનો હેતુ એવો હતો કે, જો જરૂર પડે તો રાજપૂતોના કિલ્લાપર તત્કાળ હલ્લો કરી શકાય, અને જો સમાધાનપૂર્વક કાર્ય પાર પડી જાય, તો લાલાંને લાવવામાટે એજ સૈનિકો સંરક્ષક તરીકે કામમાં આવી શકે. એ સૈન્યનો સેનાધ્યક્ષ તે પોતે જ થયો. તે પોતાના બાદશાહી હાથીપરની સોનાની અંબાડીમાં બેઠો અને ઉત્તમ પ્રકારનાં સાધનોથી શૃગારેલો એક બીજો હાથી તે સુદરી લાલાના સ્વાગતમાટે તેણે પોતાની સાથે લીધો. એવી રીતે મનમા કોઈ પણ પ્રકારની શકાને સ્થાન ન આપતા બાદશાહ અલોડ કિલ્લાના તટ પાસે આવી લાગ્યો, અને 'મારે અદર આવવાનું છે, માટે કિલ્લાના દરવાજા ઊઘાડી નાખો' એવો તેણે તત્કાળ સદેશો કહાવી દીધો એ સદેશાના ઉત્તરમા એક બાણ સનનન કરતો આવીને અચૂક અહમદશાહની અબાડીના કળશમાં આવીને ભરાયો અને ડોલવા લાગ્યો. એ બાણમાં એક ચિઠ્ઠી બાધેલી હતી અને તેમાં આમ લખેલુ હતુ,–" અરે વાનરવદનના જગલી મનુષ્ય, પર્વતસિહની પુત્રીના હસ્તની માગણી કરવા જેટલો જે તુ મગરૂર બની ગયો છે, તે તારા મસ્તકપરના કળશપર જે બાણાવલીએ આ બાણ છોડ્યો, તેણે જો ધાર્યું હોત તો એજ બાણને તારા મસ્તકમાં પ્રવેશ કરાવીને તારા ભેજાને બહાર કાઢી નાખ્યુ હોત! અર્થાત્ હજી પણ સમય હાથમાં હોવાથી જ્યાં સૂધી કમબખ્તી નથી આવી ત્યાં સૂધીમાં સાવધ થઇને અહીંથી પાછો ચાલ્યો જા!" એ પ્રમાણે જ વળી રાજપૂતોના રિવાજ પ્રમાણે બાદશાહે વર અને ધૂવમાટેનો જે વસંત (પોશાક વગેરે) મોકલી આપ્યો હતો, તે એકાદ ફાટેલાં ચીથરાંના પોટલા પ્રમાણે ધિક્કાર-

પૂર્વક તે રાજપુતોએ કિલ્લાની દીવાલપરથી નીચે નાખી દીધો અને તે બાદશાહના હાથીના પગ પાસે ધળમાં આવી પડ્યો. સારાંશ કે, ઉભય પક્ષના પરસ્પર કલહનો આરભ થવાથી 'મારવુ કે મરવુ' એવા ભયંકર યુદ્ધનો બહુધા નિશ્ચય થઈ ચૂકયો. અસ્તુ, અહમદશાહે પોતાના અપમાનને ગળી જઇને બીજી વધારે હાનિ ન થઈ પડે, એટલા માટે નાકને મુઠીમાં દબાવીને પોતાના ખુલ્લી અને રક્ષણ વિનાની જગ્યામાં પડેલા સૈન્યને પાછુ ફેરવ્યુ; કારણ કે, રાજપૂતોનો યુદ્ધ કરવાનો દઢ નિશ્ચય થઈ ચૂકયો હતો, અને તેથી કદાચિત્ તેઓ એકાએક મારા અને મારા સૈનિકોપર બાણોની વૃષ્ટિ વર્ષાવશે, એવા ભયનો તેના હૃદયમાં ઉદય થયો હતો.

હવે, કિલ્લાને ચારે તરફથી ઘેરો ઘાલીને બેસવું, એ જ લાલાંને પ્રાપ્ત કરવાનો એક માત્ર માર્ગ અવશિષ્ટ રહ્યો હતો, અને તેથી અહમદશાહે એમ કરવાનો જ ઠરાવ કર્યો. કિલ્લાના સરક્ષણમાટે અલોટ દુર્ગમા ત્રણ હજાર શૂરવીર રાજપૂત સૈનિકોને રાખવામાં આવ્યા હતા લાલા અને તેના પિતાને અનુકૂળ કરી લેવામાટે અહમદશાહે તેમના તરફ રત્ન આદિના જે બહુમૂલ્ય નજરાણા મોકલ્યા હતા, તેમનો રાજપૂતોએ કિલ્લાની તટબદીને મજબૂત કરવાના અને જે પડે તે પૈસા આપીને તટપરના લોકોને ઉત્તમ શસ્ત્રાસ્ત્રો આપી સજ્જ કરવાના કાર્યમા ઉપયોગ કર્યો. બાદશાહના ઘેરો ઘાલી બેઠેલા સૈનિકો કિલ્લાની દીવાલ પાસે આવે કે રાજપૂતો તેમનાપર બાણોની મૂષળધાર વૃષ્ટિ વર્ષાવતા અને ત્યાં એકઠા કરી રાખેલા મોટા મોટા પત્થર ફેંકતા હતા એવી રીતે મુસલમાન સૈનિકોના નાશનો અવ્યાહત ક્રમ રાજપૂતોએ ચલાવ્યો. કોઈ કોઇવાર તેઓ શત્રુ પક્ષના સૈનિકોને કિલ્લાની દીવાલપર ખુશીથી સીડીઓ લગાડવા દેતા હતા; પણ તેઓ તેનાપર ચઢીને કિલ્લાની દીવાલની ટોચે આવી પહોંચે, તે પહેલાં લાંબા લાબા સોટાની મદદથી તે સીડીઓને નીચે ધકેલી દેતા હતા અને તેથી ઉપર ચડનારા પછડાઇને મરી જતા હતા એવી રીતે બાદશાહના હલ્લો કરીને કિલ્લાને સર કરવાના સર્વ પ્રયત્નો જ્યારે નિષ્ફળ થઈ ગયા, ત્યારે એવી રીતે કિલ્લો હાથમાં આવવો અશકય છે. એમ ધારીને તેણે હલ્લો કરવાના ક્રમનો સર્વથા ત્યાગ કરી દીધો. અર્થાત્ હવે એકંદર રીતે કિલ્લો હાથમાં આવવાનુ કામ બહુ જ લાંબી મુદ્દતનુ થઈ પડ્યુ. બે ત્રણ મહિના વીત્યા પછી કિલ્લામાંના લોકોને અન્નસામગ્રીની ખોટ પડવા લાગી અને બહારથી મદદ મળવાની લેશમાત્ર પણ આશા હતી નહિ. બાદશાહને જો પોતાની પુત્રી આપવાનુ સ્વીકારીને પર્વતસિહ શરણે ગયો હોત, તો બાદશાહ કાંઈ વધારે સખ્તાઈ ભરેલી શર્તો તો ન જ કરત. પરતુ કન્યા આપવાની જે મુખ્ય મુદ્દાની વાત, તે તેને જરાય

કબૂલ નહોતી, અને તેથી શરણે જવા છતાં પણ આપણને બાદશાહ તરફથી જોઇતી સગવડો મળશે, એવી કિલ્લામાંના લોકોને લેશ માત્ર પણ આશા નહોતી.

એટલે રાજપૂતોએ શત્રુના શરણ કરતાં મરણ સારુ છે, એવો જ પોતાના મનનો નિર્ધાર કર્યો. પણ જો આપણે મરી જઇશુ તો આપણી સ્ત્રીઓ અને પુત્રીઓ વિજયી મુસલ્માનોના હાથમાં સપડાશે અને તેઓ તેમને પોતાની બીબીઓ અથવા તો રાખેલી કરીને રાખશે, એ ભવિષ્યને તેઓ સારી રીતે જાણતા હતા. આવી ભ્રષ્ટતા ન થાય, એટલા માટે 'જોહાર' નામક ભયંકર વિધિ કર્યા વિના તેમના માટે બીજો માર્ગ જ નહોતો. પ્રથમ પોતાની સ્ત્રીઓ અને પુત્રીઓ આદિને બાળી નાખીને પછી જીવપર ઉદાર થઈ શત્રુના અગાધ સૈન્યપર કેસરિયા કરી તૂટી પડવું, એને રાજપૂતો 'જોહાર'ના નામથી ઓળખે છે.

એ ભયકર સકટના સમયમાં, 'અમારા શિરપર આવી પડેલા ભારને સહન કરવાને અમે તૈયાર છીએ' એમ સ્ત્રીઓએ કહ્યું. તેમનામાંની થોડીક સ્ત્રીઓએ બખ્તર અને શસ્ત્રાસ્ત્રને ધારણ કરીને પોતાના પતિ, પિતા અને ભ્રાંતા સાથે શત્રુઓ સમક્ષ યુદ્ધ કરવા જવાની આજ્ઞા માગી અને તે આજ્ઞા તેમને આપવામાં આવી. પર્વતસિહની પત્ની પોતાની અને અન્ય સ્ત્રીઓનીવતી પોતાના પતિને ધીમેથી કહેવા લાગી કે,-"મુસલ્માનોની બીબીઓ અથવા રખાયતો થવા કરતા પ્રતિષ્ઠામાં જ અગ્નિકાષ્ઠને ભક્ષીને આનંદથી આ અસાર સંસારને ત્યાગી જવાને અમો તૈયાર છીએ. પરલોકમા પ્રયાણ કરી પોતાના પ્રિયકર અને આપ્ત ઇષ્ટોના સમાગમમાં રહેવુ, એ અમારામાટે અધિક હિતકર છે!" એ પછી રાત્રિના સમયમા એક ભયાનક વિશાળ ચિતા ખડકીને તૈયાર કરવામાં આવી. પ્રથમ તો કિલ્લામાંનુ બધુ ઝવેરાત અને બીજી કીમતી ચીજો તે ચિતામા નાખી દીધી અને ત્યારપછી તરુણ, પ્રૌઢ અને વૃદ્ધ સર્વ સ્ત્રીઓએ પોતાનાં સતાનો સહિત ચિતામાં પડીને અથવા તો તલવારથી મસ્તકો વાઢીને પોતાના પ્રાણ પરમેશ્વરને અર્પણ કરી દીધા. સારાંશ કે, અલોડમા એક પણ રાજપૂત રમણી અવશિષ્ટ રહી નહિ.

દિવસ ઊગતાંજ પુરુષોમાટે પ્રાણબલિદાન આપવાનો સમય આવી લાગ્યો. પરતુ તેઓ શત્રુની તલ્વારોને પોતાના પ્રાણની આહુતિ આપીને કાંઇક સરળ અને સુખકારક રીતિથી આ લોકનો ત્યાગ કરવાના હતા. એ જાત્યભિમાન અને દેશાભિમાનનું કૃત્ય તેમણે સર્વથા જેવી રીતે વિધિપૂર્વક કરવુ જોઇએ, તેવી રીતેજ કર્યું. તેમણે પોતાનાં શિરસ્ત્રાણોમાં પવિત્ર તુલસીદલ ધારણ કર્યા, ગળામા શાલિગ્રામ બાંધી લીધા

અને સ્વર્ગીય અપ્સરાઓ સાથેના લગ્નસંબંધને દર્શાવનારા મુકુટોથી પોતાનાં મસ્તકોને મંડિત કર્યાં. અરુણોદય થતાંજ તે અઢી હજાર રણશૂર રાજપૂતો કેસરિયાં કરીને કિલ્લાના સિંહદ્વારના અંદરના ભાગમાં એકઠા થયા અને એને જ પોતાનો છેલ્લો મેળાપ ધારીને તેમણે પરસ્પર દઢ આલિંગનો આપ્યાં. ત્યાર પછી તેમણે કિલ્લાના દરવાજા ઊઘાડી નાખ્યા. પર્વતસિંહ અને તેનો પુત્ર યુવરાજ રામસિંહ એ બન્ને રાજપૂત સૈન્યના સેનાપતિ થયા અને સર્વજને એકત્રતાથી શત્રુસૈન્યપર આક્રમણ કર્યું. તેમણે મુખ્યત મધ્યભાગપર, એટલે કે જે સ્થાનમા બાદશાહના લીલા રંગના તંબૂપર મહમ્મદ પયગબરના ચિન્હવાળી ધ્વજા ફરકતી હતી, તે સ્થાનમા જઈ પહોંચવાનો નિશ્ચય કર્યો. મરણકાળની વેદના સર્વેએ એક સરખી ભોગવવી જોઇએ, એવા હેતુથી પર્વતસિંહ અને રામસિંહ પોતાના સાધારણથી પણ સાધારણ લોકોની સાથે ચાલ્યા જતા હતા. તેમનામા ભેદ માત્ર એટલોજ હતો કે, પર્વતસિંહના શિરપર રાજચિહ્ન એટલે કે છત્ર હોવા સાથે રાજપૂતોની ધ્વજા ફરકતી હતી. તે ધ્વજાપર તેના વંશની ચંદ્ર અને સૂર્યમાથી થએલી ઉત્પત્તિને દર્શાવનારી જરીના તારની પ્રતિમાઓ આલેખેલી હતી. આ ચિહ્નો તેને અપાયકારક હતા, કારણ કે, તેમના યોગે શત્રુઓના અસહ્ય આઘાતો થવાનો સભવ હતો. પરતુ એ વાર્તા વિશેષ વિચાર કરવા યોગ્ય નહોતી, કારણ કે, તે સર્વ સ્વર્ગારોહણનો નિશ્ચય કરીને તો રણક્ષેત્રમાં આવ્યા હતા; માત્ર કોઈ પ્રથમ અને કોઈ પછીથી મરણશરણ થવાનો, એટલોજ માત્ર તેમા પર્યાય હતો.

મુસલ્માની ફૌજ માટીના એક મોટા કોટનો આશ્રય કરીને ઊભેલી હતી પરંતુ તે લોકોપર રાજપૂતોએ અચાનક આક્રમણ કરવાથી તે કોટને ફોડીને તેની અદર ઘુસી જવામાં તેમને વિશેષ પ્રયાસ કરવો ન પડ્યો એવી રીતે જ્યાં બાદશાહનો તંબૂ હતો ત્યાં સૂધી રાજપૂતો કાપાકાપી કરતા આગળ વધી ગયા. રાજપૂતોને અચાનક પોતાના તંબૂ સૂધી આવેલા જોઇને અહમદશાહ ઊતાવળ કરી પોતાના હાથીના હોદામાં ચઢી બેઠો અને તેથી રાજપૂતોના આક્રમણથી વિખરાયલી મુસલ્માન સેનાનો લોકો તે સ્થાનમાં આવીને એકત્ર થવા લાગ્યા. તથાપિ ઘેરો નાખવાના કાર્યમાં રોકાયલા બીજા સૈનિકોને આક્રમણવાળા સ્થાનમાં એકત્ર કરતા મુસલ્માનોને ઘણો સમય લાગી ગયો. એ અવધિમાં બાદશાહે વિલક્ષણ ધૈર્યથી પોતાના સ્થાનને જાળવી રાખી સૈનિકોને શબ્દ તથા અંગવિક્ષેપથી ઉત્તેજન દેવાના કાર્યને ચાલૂ રાખ્યું હતું. રાજપૂતો તેમનાપર ધસી આવતા, તો તેમનાપર વચ્ચે વચ્ચે તે બાણ પણ ચલાવતો હતો. એ વેળાએ ખરેખર તેના મરી જવાનો અથવા તો શત્રુના હાથમાં બંદિવાન

તરીકે જઈ પડવાનો પ્રસંગ આવી લાગ્યો હતો; પરંતુ તેના સર્વ સૈનિકો હાથીની આગળના ભાગમાં ગોઠવાઈ ગયા અને તેમનામાંના ઘણા ખરા મરી જતાં સૂધી લઢતા રહ્યા, તેથી જ બાદશાહપરનો તે અનિષ્ટ પ્રસંગ ટળી ગયો. તેમના સ્થાનમાં બીજા લોકો આવ્યા અને તેઓ પણ તેટલી જ દૃઢતાથી યુદ્ધ કરવા લાગ્યા એવી રીતે રાજપૂતોને પ્રત્યેક પગલે જે વિઘ્ન આવતુ હતું, તે અનિવાર્ય હોવા છતાં તેનો પ્રતિકાર કરીને રાજપૂતો આગળ અને આગળ વધતા જતા હતા. અતે તેઓ બાદશાહના હાથી પાસે આવી લાગ્યા અને એ વેળાએ હાથીનો હોદ્દો રાજપૂતોનાં બાણુ તથા બર્છીઓવડે આચ્છાદિત થઈ ગયો !

એ વેળાએ યુવરાજ રામસિંહે એવા તો અલૌકિક શૌર્ય અને સાહસનુ કૃત્ય કર્યું કે, તેનાયોગે રાજપૂતો મુસલ્માન પાસેથી જે વૈરનો બદલો લેવાને તલસી રહ્યા હતા, તે બદલો સારી રીતે લેવાનો પ્રસંગ આવી લાગ્યો. તે એકદમ અહમદ્શાહના હાથીના પેટતળે ઘૂસી ગયો અને પોતાના જખીઆથી તેના તગને તેણે કાપી નાખ્યો. એથી તેનાપરનો હોદ્દો તરત નીચે સરકયો અને બાદશાહ પોતે ધૂળમાં આવી પડ્યો ! તત્કાળ પાસેના એકબે રાજપૂતો અને રામસિંહ પોતે જેવી રીતે ચીતો હરિણપર ઝડપ નાખે છે, તેવી રીતે બાદશાહના શરીરપર ટૂટી પડ્યા પરંતુ તેમને તેના શરીરપર વાર કરવાનો અવકાશ મળી શકયો નહિ બાદશાહ તરત પોતાની તલ્વાર સાથે ઊઠીને ઊભો થઈ ગયો અને પોતાના નજીકના સૈનિકો મદદે આવી લાગે ત્યાંસૂધી પોતાના તલ્વાર ચલાવવાના હસ્તકૌશલ્યવડે પોતાનો બચાવ કરતો રહ્યો.

એ પછી ઘણીકવાર સૂધી કોઈની પણ અધિકતા કિવા ન્યૂનતા ન થતાં સમાન સ્થિતિમાં યુદ્ધ ચાલતુ રહ્યું. પણ પછીથી ઘેરાના કામમા રોકાયલા મુસલ્માન સૈનિકો દૂર દૂરથી આવીને જેમ જેમ ત્યાં વધારે સંખ્યામાં એકઠા થતા ગયા અને પોતાના પક્ષને સાહાય્ય કરવા લાગ્યા, તેમ તેમ ધીમે ધીમે યુદ્ધનુ સ્વરૂપ બદલાતુ ગયુ. મધ્ય ભાગમાં એટલે કે જે સ્થાનમા રાજપૂત લોકો બળપૂર્વક આવી લાગ્યા હતા, તે સ્થાનમા બન્ને બાજૂથી મુસલ્માન સૈનિકોએ તેમના પર આક્રમણ કરીને અંતે તેમને બરાબર ઘેરી લીધા. પોતાને આવી રીતે બન્ને બાજૂથી ઘેરાયલા જોઇને રાજપૂતોએ પોતાના સૈન્યની વર્તુલાકાર રચના કરી અને કેવળ પોતાના પક્ષના મરી ગએલા લોકોના મડદાંના ઢગલાના આશ્રયથી પોતા કરતાં અનેકગણુા અધિક શત્રુસૈન્ય સાથે લઢીને તેઓ પોતાનો બચાવ કરવા લાગ્યા. હવે તેઓ આગળ વધી શકે, એવી લેશમાત્ર પણ સગવડ કિવા શકયતા નહોતી; અને ક્ષણે ક્ષણે તેમની સંખ્યામાં ઘટાડો

થતો હોવાથી ધીમેધીમે તેમને પોતાના તે વર્તુળને સંકુચિત કરવું પડ્યું. તેમ જ યુદ્ધવ્યાપાર અવ્યાહત ચાલતો હોવાથી તેમની તલ્વારો બુટ્ટી થવા લાગી, તૂટવા લાગી અને તેમનામાંની શક્તિનો અંત આવવા લાગ્યો. એથી તત્કાળ ઘણાક વીરોને શત્રુને સંહારવાના કાર્યનો ત્યાગ કરીને કેવળ સ્વરક્ષણના વ્યવસાયનો જ સ્વીકાર કરવો પડ્યો. તથાપિ વચ્ચે વચ્ચે તેમનામાંના થોડાથોડા લોકોના સમુદાયો જીવની પરવા ન રાખતાં મુસલ્માન સૈનિકોના મધ્યમાં ધૂસી જતા હતા અને ત્યાં જેટલાને ઠાર કરી શકાય તેટલાને ઠાર કરીને પોતાની ઇચ્છા પ્રમાણે પરલોકના માર્ગનો સ્વીકાર કરી લેતા હતા.

લડાઇની એ ધામધૂમ ચાલતી હતી, એવામા મુસલ્માનોએ પર્વતસિંહનાં રાજચિન્હોને એટલે કે તેના છત્ર અને ધ્વજાને હસ્તગત કરી લેવાનો પોતાથી કરી શકાય તેટલો પ્રયત્ન કર્યો, પરતુ તેનો કશો ઉપયોગ થયો નહિ અને તેના રાજચિન્હો જેવાં ને તેવાં જ ઉભાં રહ્યાં એ ઘનઘોર યુદ્ધમાં પર્વતસિંહ પોતાના શૂરવીર પૂર્વજો પ્રમાણે પરાક્રમ બતાવતો અને શત્રુદલને સંહારતો હતો, એવામા અચાનક તેના વક્ષસ્થળમા એક બાણે પ્રવેશ કર્યો અને તેના યોગે તત્કાળ પોતાના શતાવધિ સ્વામિનિષ્ઠ સેવકો જ્યા ગતપ્રાણ થઇને પડ્યા હતા ત્યાં તેમના મધ્યમાં જ પડીને તેણે પણ આ અસાર અને નશ્વર સસારનો સદાને માટે ત્યાગ કરી દીધો. એથી યુવરાજ રામસિંહ પિતાના છત્ર તળે ઉભો રહીને રાજપૂતોની ધ્વજાના રક્ષણમાટે પુન ઘનઘોર સગ્રામ કરવા લાગ્યો. એ વેળાએ તે તરુણ રાજપુત્રની તલવારના તૂટીને કકડા થઈ જવાથી પાસે આવેલા એક હૃષ્ટપુષ્ટ મુસલમાન સૈનિકના હાથમાની તલવાર તેણે છીનવી લીધી અને તે તલવારવડે ત્રેવીસ શત્રુના પ્રાણ લીધા પછી પોતાના વશના વૈભવને દર્શાવનાર તે ચન્દ્રસૂર્યપ્રતિમામંડિત ધ્વજાસહિત રણાંગણમાં તે પતન પામ્યો અને એ ઘોર યુદ્ધની તેના પતન સાથે જ સમાપ્તિ થઈ ગઈ. રણભૂમિમાં જે પાંચ હજાર લોકો આજે કામ આવ્યા હતા, તેમના અંગપર માટી અને ધૂળનાં આચ્છાદનો પ્રસરી ગયાં, અને મુસલ્માનો જોરથી 'દીન દીન' શબ્દ કરવા લાગ્યા. 'હરહર મહાદેવ'નો ધ્વનિ સભળાતો બધ થઈ ગયો. અલોડના સર્વ રણશૂર અને મહાવીર રાજપૂતો એ ભયાનક યુદ્ધમાં જો કે સ્વર્ગવાસી થયા, પરતુ રણભૂમિમાં પોતાનાં શરીરોને ત્યાગવા પૂર્વે તેમણે તેટલાજ કિંબહુના તેથી પણ અધિક શત્રુઓને યમ સદનમાં પહોંચાડી દીધા હતા. મુસલ્માનોએ તેમના પ્રાણ તો લીધા, પણ બહુ મોંઘી કીમતે!

હવે **અહમદશાહને અ**લોડના કિલ્લામાં પ્રવેશ કરવામાં કોઈ પણ જાતનો અટકાવ રહ્યો નહોતો. આટલી મોટી હાનિને સહન કરીને મેળવેલી તે રાજપૂત રમણી લાલાંને પોતાના જનાનખાનામાં લઈ જવાની આશાથી તેણે કિલ્લાના અતર્ભાગમાં પ્રવેશ કર્યો. પણ ત્યાં કેવળ ભયંકર પ્રેતરાશિવિના બીજુ કાંઈ પણ તેના જોવામાં આવ્યુ નહિ! કિલ્લાના બહારના ભાગ પ્રમાણે કિલ્લાના અદરના ભાગની હવા પણ પ્રેતોના યોગે બગડીને ઝેરી બની ગઈ હતી. અસ્તુ, એ અને બીજા અનેક પ્રસગે રાજપૂત લોકોએ એવી તો કરણી કરી બતાવી છે કે, તેથી અમે મરી જઇએ તો ભલે, પણ બીજાના દાસ કદાપિ થવાના નથી, એમ તેમણે જગતને સ્પષ્ટતાથી દાખવ્યુ છે, એ વિશે આપણુને લેશ માત્ર પણ શકા રહેતી નથી. રાજપૂત પુરુષ અને સ્ત્રીઓ ધૈર્યનો લેશ માત્ર પણ ત્યાગ ન કરતા છાતીનો કોટ કરીને ઉદારતાથી મરવાને તૈયાર થતાં હતા, એથી બીજાના હાથે પરાજિત થઇને જીવવુ જ નહિ, એવો તેમનો પરપરાગત સ્વભાવ જ બની ગયો હતો અને તેથી જ મુગલ બાદશાહો સમક્ષ ટક્કર ઝીલીને તેઓ પોતાના સ્વાતત્ર્યને અવિચલ રાખી શકયા હતા

દ્વિતીય પરિચ્છેદ

લગ્નસમારંભ

તે રાજપૂત રમણી લાલાંને મેળવવામાટેની પોતે કરેલી આટલી બધી ખટપટોનુ આવુ દુ ખકારક પરિણામ થયેલુ જોઇને **અહમદશાહનું** મન ઘણાક દિવસ પર્યન્ત ઉદાસ અને ઉદાસ જ રહ્યા કરતુ હતું પણ એક દિવસે અચાનક એક જાસૂસના મુખથી એમ તેના જાણવામાં આવ્યુ કે,–"રૂપ સુદરી લાલાં **અ**લોડમાંના જોહારમાં ભસ્મીભૂત થઈ નથી, કિન્તુ જીવતી છે." આ સમાચાર સાંભળીને પુન તેના હૃદયમા હર્ષનો આવિર્ભાવ થયો અલોડદુર્ગને બાદશાહના સૈન્યે ઘેરી લીધા પૂર્વે જ **પ**ર્વતસિહે લાલાંને સાથી લઈ જઇને નજીકના એક પોતાના પરમ વિશ્વાસપાત્ર સસ્થાનિકના ગૃહમાં રાખી હતી અને તે ત્યાં અત્યારે ક્ષેમ કુશળ હતી. અસ્તુ, અહમદશાહને એ સમાચાર મળતા જ તે સંસ્થાનિકને તેણે કહાવ્યું કે–"લાલાં સાથે લગ્ન કરવાનો મારો દૃઢ નિશ્ચય થએલો છે, એટલા માટે તેને તમારે અમારે સ્વાધીન કરી દેવી" બાદશાહ ગમે તે કરે તો પણ લાલાંને તેના હાથમાં ન સોંપવી, એવો પર્વતસિહના સ્નેહીનો દૃઢ નિર્ધાર હતો. પરંતુ લાલાંની પોતાની પોતામાટે હવે પછી વિશેષ રક્તપાત થવા દેવાની ઇચ્છા નહોતી. એટલે તે પોતાના રક્ષક પિતાને કહેવા લાગી કે;–"જ્યારે મારી જોડે લગ્ન કર-

વાનો બાદશાહનો દૃઢ નિશ્ચય થએલો છે, તો હવે સર્વ કાંઈ તેની ઇચ્છા પ્રમાણેજ થવા ઘો. આમ કરવાથી જો તેના મન.ક્લેશનો નિરાસ થતો હોય, તો ભલે–મને તેની સાથે પરણાવો!" અર્થાત્ લાલાંએ બાદશાહ સાથેના પોતાના લગ્નમાટે અનુમતિ આપી, એટલુંજ નહિ, પણ લગ્ન-સમારંભના દિવસે પરિધાન કરવાનો જરી, મોતી, હીરા અને માણિક્ય આદિથી સુશોભિત કરેલો મૂલ્યવાન્ પોશાક પણ થોડા વખતમાં બાદ-શાહને મોકલી આપવાનું તેણે કબૂલી લીધુ. એવી રીતે જેના હાથ પોતાના પિતા અને બધુના રક્તથી ખરડાયલા હોઇને જેણે સિંધુ-દેશમાના ક્ષત્રિયવંશનો વિનાશ કર્યો હતો, તે મુસલ્માન બાદશાહ સાથે પોતાનો શરીરસબધ કરવાને એને તૈયાર થએલી જોઇને, 'રાજપૂતોની પવિત્ર જાતિમાં આવી કુલાંગાર કન્યાનો જન્મ કેમ થયો હશે!' એમ કહીને રાજપૂતોએ તેને અનેક અભિશાપ આપ્યા અને પોતાથી કરી શકાય તેટલી તેની નિર્ભર્ત્સના કરી.

એ લગ્નસમારભ 'રૂપેરી તળાવ' પાસેના રાજમહાલયના આરસ પત્થરના દીવાનખાનામાં થાય, એવી વ્યવસ્થા કરવામાં આવી. રાજકીય અને ખાનગી એવી રીતે એ કારણોથી બાદશાહે એ લગ્નસમારંભને અતિ ઠાઠમાઠથી પાર પાડવામાટેની યોજનાઓ કરી. એ સમયમાં સર્વત્ર શાતતા હોવાથી એ આનદના પ્રસંગે ચારે તરફથી લોકોને બોલાવી મંગાવવાનો તેણે પ્રબંધ કર્યો. એમા કેવળ પોતાની હોંસને પૂરી કરવાનો જ તેનો હેતુ નહોતો, કિન્તુ એના યોગે હિંદુ અને મુસલ્માન વચ્ચે સલાહ સપ થાય અને તે ઉભયપર પોતે એકછત્રીય સત્તા ચલાવી શકે, એવો તેનો રાજનીતિમય ઉદ્દેશ હતો. પોતાના એ ઉદ્દેશને સફળ કરવામાટે તેણે એક એવી યુક્તિ શોધી કાઢી કે, જે રાજપૂતોએ એ વેળાએ અથવા તો પૂર્વે કોઇવાર બાદશાહની સત્તાનો તિરસ્કાર કરીને બળવાનો વાવટો ચઢાવ્યો હતો, તે સર્વને ક્ષમા આપવામાં આવે છે, એવા અર્થનું જાહેર-નામુ પ્રસિદ્ધ કરાવ્યુ. બની શકે ત્યાં સૂધી લગ્ન સંબધી સર્વ વિધિ હિન્દુ રિવાજ પ્રમાણે કરવો અને એ શુભ કાર્યના નિમિત્તથી હજારો બ્રાહ્મ-ણોને ભોજન આપવુ, એવો તેણે પોતાના મનમાં વિચાર કરી રાખ્યો. એવી રીતે એ મહોત્સવમાં ભાગ લેવામાટે કેવળ તેના પોતાના રાજ્ય-માંના જ નહિ, પરંતુ પરરાજ્યમાંના પણ લક્ષાવધિ લોકો ત્યાં આવીને ઉપસ્થિત થયા અને તે સર્વનો બાદશાહે પોતાની મહત્તાને યોગ્ય બહુ જ સારો આદર સત્કાર કર્યો

લાલાં સાથે લગ્નસંબંધ થતાં અહમદશાહનો હેતુ સિદ્ધ થયો, એટલે પછી તેના આનંદનો અતિરેક કેમ ન થાય વારુ? બાદશાહ અને

લાલાં એકબીજાને પડખે બેઠાં હતાં અને તેમનાં ગળાંમાં પુષ્પમાળાએ શોભી રહી હતી. રાજપૂત રમણી લાલાંએ ઉત્તમ કીનખાબનો ઘેરદાર ઘાઘરો, તંગ ચોળી અને લાલ કાંઠાની વેલબૂટીદાર લાંબી સફેદ રેશમી સાડી માથાપર પાલવ લઇને ઓઢેલી હતી; અને તેની ઉપર મુકુટને બદલે ત્રિકોણાકાર ટોપી પહેરી લીધી હતી. બાદશાહે, તે જ દિવસે લાલાંએ પ્રભાતમાં લગ્નના નજરાણા તરીકે જે હીરામાણિક્યજડિત જરીનો પોશાક પાઠવ્યો હતો, તે જ અત્યારે ધારણ કર્યો હતો અને તેના યોગે તેનામાં વરધર્મનો ઘણો જ સારો આવિર્ભાવ થએલો દેખાતો હતો પોતાના પતિપત્ની સંબંધને પ્રદર્શિત કરવામાટે લાલાંના હાથને પોતાના હાથમા લીધો હતો અને તુળસીની એક ડાંખળી પણ હાથમાં રાખી હતી. બાદશાહના આ વર્ત્તનને જોઇને ત્યા ઊભેલા ધાર્મિક મુસલ્માનો ઘણા જ ચીડાઈ ગયા હતા.

વિવાહસમારંભની સમાપ્તિ થયા પછી લાલા લજાતી લજાતી ધીમેથી પોતાના સ્થાનપરથી ઊઠીને ઊભી થઈ અને પોતાના પતિના હસ્તને પકડી જ્યાથી 'રૂપેરી તળાવ' દેખાતુ હતું, તે ઓસરીના ઓટલા પાસે તેને લઈ ગઈ. ત્યાં બાદશાહને સબોધીને તે કહેવા લાગી કે,–"મહારાજ, જરા અહીં સૂર્યપ્રકાશમાં ઊભા રહીને પોતાની નિષ્ઠાવતી પ્રજાના અંત કરણને કૃપા કરીને રાજદર્શનથી આનદિત કરો"

તે સ્થાનમાં ઉભા રહેવાથી ચારેતરફનો દેખાવ બાદશાહની દૃષ્ટિએ પડતો હતો. હજારો લોકો કીમતી પોશાકો પહેરીને ચોતરફ ઊભા હતા અને એકસરખી રીતે આનદગર્જના કરતા હતા. જ્યારે બાદશાહ અને તેમની દૃષ્ટિનો મેળાપ થઈ જતો હતો, તે વેળાએ તેઓ બાદશાહને નમન પણ કરતા હતા. આ સર્વ પ્રકાર તથા વિધિને જોવાથી 'આજે મારા જન્મનું સાર્થક્ય થયુ,' એવો વિચાર આવતાં જો તે ગર્વથી ફૂલી ગયો હોય, તો તેમા આશ્ચર્ય જેવું કાંઈ પણ નહોતું. તે સમસ્ત તળાવ અને તેની આસપાસની જગ્યા મનુષ્યોવડે સર્વથા ઉભરાઈ ગયાં હતા અને તે સર્વ બાદશાહના પ્રજાજન હતા. તેમ જ ત્યાંથી જેટલો પ્રદેશ તેના જોવામાં આવી શકતો હતો, તેમાંનાં સર્વ જમીન, ડુંગર અને દરીઓ વગેરે સર્વ તેના તાબામા જ હતાં. પણ એ સર્વ કરતાં પણ 'આ નૂતન સુંદર પત્ની અમારી જોડે હાડવૈર રાખનારા રાજપૂતોના ઉત્તમ વંશમાંથી તેમનું કાંઈ પણ ચાલવા ન દેતાં પોતાની તલવારના જોરથી મેં મેળવી છે, એ વિચારથી તેના હૃદયમા જે આનંદ થયો, તે તો ગગનમા પણ માઈ શકતો નહોતો. પણ લાલાં તેનાં નેત્રોમાં સૂક્ષ્મ દૃષ્ટિપાત કરી, તેને મહા ચમત્કારિક રીતે જોવી મોટા આવિર્ભાવથી કહેવા લાગી કે;

"મહારાજ, આ આનંદની ઘટિકા જ્યાં સૂધી ચાલૂ છે, ત્યાં સૂધી તેનો ઉપભોગ કરી લ્યો. પણ એટલુ ધ્યાનમાં રાખજો કે, એક મનુષ્ય જ્યારે વૈભવના ઉચ્ચતમ શિખરપર જઈ પહોંચે છે, ત્યારે તેની તે ઉન્નતિને ઇશ્વર સહન કરી શકતો નથી. એટલા માટે અત્યારે આપણે જો કે શરીરસંપત્તિ, તારુણ્ય અને પ્રેમના વૈભવથી પૂર્ણ મંડિત છીએ, તથાપિ એક દિવસમાં-કિબહુના એક ઘટિકામાત્રમાં જ આપણા શિરપર કેવો પ્રસંગ આવી લાગશે, એનો કશોપણ નિયમ નથી!" એ સમયની લાલાની મુખમુદ્રા લજ્જાયમાન-નૂતન વિવાહિત કન્યાને છાજે તેવી નહિ, કિન્તુ કાંઇક વિલક્ષણ જ દેખાતી હતી. પરંતુ બાદ્શાહે તેના એ વચનોને જરા પણ ધ્યાનમા ન લેતાં કિંચિત્ હાસ્ય કર્યું અને પ્રેમાળ શબ્દોથી તેનુ તેને ઉત્તર આપ્યુ. તે પોતાની એ તરુણ અને સુંદર પત્નીના પ્રેમપાશમા એટલો બધો બદ્ધ થઈ ગયો હતો કે, તેના પ્રત્યેક શબ્દ અને તેની પ્રત્યેક કૃતિનુ તેને આશ્ચર્ય તથા કૌતુક જ થયા કરતુ હતુ!

બાદશાહની સાથે અગાસીમા ગએલા તેના દરબારીઓ અને નીચે તળાવના તીરપર ઉભેલા તેના સરદારો તેના શરીરપરના કીમતી પોષાકપર સૂર્યનાં કિરણોનુ પતન થતાની સાથે જ તેમના હીરા માણિક્યમાંથી અગ્નિની જ્વાળા સમાન નીકળતા એક પ્રકારના તેજને ધ્યાન પૂર્વક જોયા કરતા હતા એટલામાં અચાનક તેના જમણા દંડમાથી ખરેખરી જ્વાળાને નીકળેલી જોતા જ તેમના મનમા અનિવાર્ય આશ્ચર્ય થયુ અને તેમના અંગમાં રોમાંચ ખડાં થઈ ગયાં! આપણો આ દૃષ્ટિભ્રમ તો નથી, એવો એકવાર તેમને ભાસ થયો, પણ તેવુ કાંઇપણ નહોતુ, કિંતુ તે ખરેખર અગ્નિની જ્વાળાજ હતી! લાલાએ પોતાના પતિના પોશાકમાં વિષારિ દ્રવ્યો ચોળેલાં હતાં અને તે દ્રવ્યોએજ સૂર્યકિરણોથી તપ્ત થતાં આવી રીતે જ્વાળાનું સ્વરૂપ ધારણ કર્યું હતુ! અહમદશાહ એક શૂરવીર યોધો હતો, છતાં પોતે જેના પ્રીતિપાશમાં સપડાઇને ભાન ભૂલી ગયો હતો, તે જ સ્ત્રીએ પોતાને આવી ભયંકર રીતે મૃત્યુના માર્ગમાં લગાડ્યો, એ વિચિત્ર ઘટનાને નિહાળી તે એક સાધારણ મનુષ્ય પ્રમાણે લાચાર બની ગયો! જ્યારે તેનું શરીર બળવા માંડ્યુ ત્યારે તેણે તે વિષારિ વસ્ત્રોને ફાડી નાખવામાટે આમતેમ દોડધામ કરી અને દાહની યાતના અસહ્ય થવાથી મોટા મોટા ચીત્કાર અને પોકાર કર્યા! પરતુ એ યાતના તેને વધારેવાર સહન કરવી પડી નહિ. જોતજોતાંમા તેના સર્વ શરીરનો નાશ થઈ ગયો અને તે માની બાદશાહ તથા તેના મૂલ્યવાન્ પોશાકનુ નામ નિશાન પણ ન રહ્યુ-ત્યા કોયલા અને રાખનો ભયાનક ઢગલો જ માત્ર બાકી રહી ગયો! જે

વેળાએ બાદશાહના નાશનો આરંભ થયો, તે વેળાએ લાલાં અગાસીના એક છેડાપર આવીને ઉભી રહી હતી અને પોતાના પતિની મરણ સમયની યાતનાઓને જોઇને તેની મનોવૃત્તિઓ સુખદુ:ખ મિશ્રિત થઈ ગઈ હતી. અંતે અહમદશાહે પોતાના પિતા અને બાંધવને મારીને સિંધુ દેશમાના ઉચ્ચ ક્ષત્રિય વંશનો વિધ્વસ કર્યો હતો. તે વૈરનો પ્રતિશોધ પોતાના હાથે થયો, એથી પૂર્ણ સમાધાન માનીને તે લાવણ્યમયી લાલાંએ તત્કાળ 'રૂપેરી તળાવ'ના ગહન જળગર્ભમા ભૂસ્કો માર્યો અને પોતાના જીવનનો પણ અંત કરી નાખ્યો !

અભેસિંહનો બિરદશૃંગાર.[1]

[સંગ્રહકર્તા—બારોટ શિવલાલ લલ્લુભાઈ]

દોહરા—ગરુડ ખગાં લંકા ગઢા, મેર પહાડાં મોડ,[2]
વ્રજ દેશ ચદનવનાં, રાજ કળી[3] રાઠોડ. ૧
નરાતામ[4] અહમદનગર, નર હિંદુહી નબાબ;
અભોબિલદ અડીયા અઠે, જણુરા એહે જ બાબ. ૨

છંદ પદ્ધરી—શ્રીસરસત ગણપત નમસ્કાર, દીજીએ પુંજ વર બુદ્ધિ ઉદાર;
અવસાણ સિદ્ધ રહેમાણ અશ, વખાણ કરું નૃપ ભાણ[5] વશ ૩
જણ તેજ અરક[6] જમ છક જહુર, સુદર પ્રવિણ દાતાર સુર;
છત્રપતિ અભો ક્ષત્રિકુલ છત્રિસ, બહોતેર કળા લક્ષણ બત્તિશ. ૪
વરણાસ ધર્મ મરજાદ વેદ, ભાખાખટ નવરસ અરથ ભેદ,
આખરા સિદ્ધ થાગણ અથાગ, રૂપગા ચર્ચઅસી છત્રિ સરણ. ૫
જબ હરિપરખ જણ વિધિ જુહાર, દશચાર પરખ વિદ્યા ઉદાર;
વરશક્ત પાયતાલા[7] બિલદ, ઉગ્રજીત સુતન નર લોકચદ. ૬

---

૧ આ કાવ્ય ડિંગલ અથવા ચારણી ભાષાનુ છે ભાટ ચારણોએ લોકકથા જાળવી રાખી છે, પણ તે ડિંગલ અથવા ચારણી ભાષામા. અત્રે આ કાવ્ય આપ્યુ છે, તે, કાવ્યમા લોકકથા કેમ સંગ્રહી રાખવામા આવે છે તે દર્શાવવા માટે આપ્યુ છે એ કાવ્ય અલકારોથી ભરપૂર છે, અને જ્યારે ભાટ પૂર જુસ્સાથી ગાઈ સભળાવે છે ત્યારે તેમા ઓર રસ પડે છે કાવ્યનુ વસ્તુ સાદુ છે. અમદાવાદ શેરબુલદખાને પચાવ્યુ અને બાદશાહના ઘણા ગનીમોને હરાવ્યા ત્યારે સ ૧૭૮૭ મા અભેસિંહે શેરબુલંદને મહાત કરવાનુ બીડુ ઝડપ્યુ છે અને કામ પાર ઉતાર્યું છે વળી આ લોકકથામા અસ્ત્રશસ્ત્રના નામો આપ્યાં છે, તે પણ ધ્યાનમા રાખવા જેવા છે. ૨ મૂગટ. ૩ ૩૬ કળીના રાજપૂતમા રાઠોડ સર્વોત્તમ છે ૪ અટક ૫ સૂર્ય. ૬ સૂર્ય. ૭ નસીબદાર.

શિશુ બેશ બાહુ બલતપ સજેવ, ઝાલીઓ શાહ ઔરંગઝેબ;
પ્રચંડ ચંડ કરી હોમ પાઠ, અવટાય દીયા બાદશાહ આઠ. ૭
શાહરો જોધ જેવા સબધ, કડહડે ચઢણુ મલીઆ કબધ,[1]
કિલ બાણુ મીર એક મનહ કીધ, દઈ બાણુ પાણુ જમદાઢ[2] દીધ. ૮
અભશાહ ક્રોધ દેખે ઉતાલ, મહમદશાહ[3] ઢીય મુક્તમાલ;
પતશાહ હૂકમમધ ખાનપેલ, જો કિયાથાહ ભુજ ભાર જેલ. ૯
બાજિદબાજ[4] દલજલહલ[5] બોલ, નીછટખટ લુટનાલનોલ;
ધડકીઓ આગરો આગરો દલીધાક,[6] સાજાપુડ[7] કીધો ખાખસાક. ૧૦
સહ[8] સાહ સાહ ધૂકલ સગ્રામ, નૃપ ધરિયો ધૂકલસધ નામ,
બાબિ સહમોડે માહબાહ, આવિયો દલી પોરસ અથાહ ૧૧
દુશરીવાર આવ્યો દલેશ, રોસન દુલારપર[9] કરી રેસ,
ચઢ દલે થાટ સજન ચણુચોલ, દરગાહ શાહ પરેયો દરોલ ૧૨
તદ હૂવે થાટ જલમયે તાસ, ખુદાલબવાલો [10]અબખાસ,
ઉદકે અમિર વછટેય એમ, તુટત તાર રન ગહર તેમ. ૧૩
રોસન પેખ મહારાજ રગ, ઉદ ગયા બાજ નુરરા [11]અલગ,
ભેજે સતાવ ન જરા ભૂવાલ, રોદ્રાલ અતજવ હર રસાલ ૧૪
ગેણાગ શિષ છવતો ગરુર, સજકૃતે આવિયો બિચ શુર,
ગૌવા બચાય થટ મુગલગાહ, મારે એકલ મલ દલીમાહ. ૧૫
તેજાલ જાગીઆ કબધતોર, આગિયા દખે ભૂપાલ ઓર,
અજામાલતણા સભાવ એહ, બદગી બેર ભૂલે ન બેહ. ૧૬
જા કિધ બદગી હાથ જોડ, આ કીયા બગસ દોલત અરોડ,
ઇંદ્રિજિત રાવ સુવેર અગ, દલ સજે જાણુ ઘેરે દુરગ ૧૭
ધન સધન તોય ચહૂ તરફ ઘેર, દુરગ સગ કાઢીઓ દેર,
લડ એણુ તરેના ગાણુ લીધ, દઈ વાણુ બધ વનપટે દીધ. ૧૮
જોધાંણુ ચઢે બહબલ હજાય, પહતેજ દેખ સેલગ પાય,
નિશાંણુ ઘોષકર અમલ નોખ, જોધાંણુ કરે આનંદ જોખ. ૧૯
કૂરમાંણુ[12] દલિપત દીધ ફેર, આવિ યોશમા જેરણુ અજેર,
સુરતાણુ મીર બક્ષિશ કામ, નિજ તેણુ ખાન દુરાશ નામ. ૨૦
ઉમરાવ અમીર લે બલ અથાહ, સામાન મેલીઓ પાતશાહ;
જણુ કરે સલામો દાસ જેમ, આ દીપવ જાયે શાહ એમ. ૨૧

---

૧ રાઠોડ. ૨ કટાર ૩ ઓરંગઝેબનો પુત્ર. ૪ ઘોડાની પડઘીનો અવાજ. ૫ સૈન્ય જળની માફક હાલે છે ૬ દિલ્હીના બાદશાહનો આગ્રાનો કિલ્લો ૭ એક શહેરનું નામ (શાહજાપુર). ૮ સરદારોના નામ ધુકલસિંહ સંગ્રામસિંહ ૯ ગની-મનું નામ ૧૦ દરબારનુ વર્ણન ૧૧ બાજની માફક નૂર ઉડી ગયુ ૧૨ કુર્નિશ.

હાલીઓ પટાધર[1]તણી હાલ, મહેયત સુમેલીઓ [2]બીચમાલ;
કુશલાત પૂછઅત હેત કીધ, દે બહર શાલ જબ હાર દીધ. ૨૨
અભમાલસિંહ બેઠે ઉજાસ, સુરજ દો ઉગા અબ ખાસ,
કોણુ વધે ઘટે મધ તે કહાય, બીધ બાંચ સાંચ કવિ કહ બતાય. ૨૩
મહમદશાહ સુરજમાહ, સુરજ જોડરો અભેશાહ,
ઉન બખત ખબર ગુજરાત આય, અસપતિ અમલ દીનો ઉઠાય ૨૪
મરહટા[3] કીયો શુબિલદ મેલ,[4] અમદાહીબાદ માડીઓ ખેલ,
સુણુ શાહ પાન ફેરે [5]સતાબ, નરીયદ સબે હાજર નબાબ ૨૫
મહપત અમીર અગ હીણુમાણુ, પાના દશ કરણી ન ધરત પાણુ;
તીદ તેજ બાન નરશગતાય,[6] અભમાલ પાન લીનો ઉઠાય. ૨૬
ખુદાલજી શુરબીરબેત, શીરબિલદખાન શાહુ સમેત,
કમધજ અરજ સુણી એહી કાન, મહમદશાહ લુગ આસમાન. ૨૭
આયેવત હરી આબે અદાવ, શીરપાવ શાહ બગ શે(ક્ષે) સતાવ;
લાખા શુદ તોપા જુટલાર, કુઝર સુ અસવખેંગ કટાર. ૨૮
જશરાજ[7] હરાં કર ફતે ઝુઝ, તખ્તરી લાજ મહારાજ તુઝ,
કહ પાતશાહ ઇમ વીદા કીધ, દોરાહ બાદ શાબાશ દીધ. ૨૯
તદ હલે બીદા દુય મૂછ તાણુ, જલ જેમ ઉછલે સમુદ જાણુ;
બેડે ચખડીયા કટકપુર, સાચા ચલયણુ હય ધરમ સુર. ૩૦
ગાજીઆ નગારા ગયણુ ગાજ, ભૂમિયા અવર કે ગયા ભાજ;
ગેમરાં હેમરા[8] કીધ ગોડ, તરવરા જગરાં દીધ તોડ.[9] ૩૧
લોહરાં લગરા જાટલાગ, અવફરાં[10] ગીરવરાં જડ આગ;
મેવાસ[11] છુટ ગા મગજ મેટ,[12] ફુટ ગા ગીરદ હે નાલ[13] ફેટ. ૩૨
ખુટ ગા નદીસે નીર ખાસ, તુટ ગા હૂવા ચોગાન તાસ,
ઉડ ગયા નગર ધરત જુઆથ, સીધલાં દેવલાં[14] તણાં સાથ. ૩૩
ચાલીસ કોસ હે જમ ચલાય, જાવી સધરા બાલીસ જાય;
રણુ કીયો ભૂવડા ભડારાય, દેવડાં[15] ભડાં માથે દબાય. ૩૪
સીરોઈ ઉપરે ખીબે સાર, આબુ ધર ધ્રૂજે ગીર અઢાર;
ઇમ મરદાં તણા જમાત ઇસ, સરદા નમી આયે ઘણાં શીશ. ૩૫

---

૧ વાઘ. ૨ માર્ગે આપી માન આપ્યુ ૩ મરાઠા ૪ સલાહ મરાઠાઓએ, ઓરંગઝેબ સામે બળવો કરનાર શેરબિલદની સાથે સલાહ કરી ૫ હાથ વાળીને બેઠા. ૬ નરસિંહ મહેતાના નેમો. ૭ અભેસિંહના બાપનું નામ. ૮ હાથી ઘોડાં. ૯ જંગલનાં ઝાડ તોડી નાંખી રસ્તો કર્યો ૧૦ પાપરૂપી ઝાડ ૧૧ ગર્ભ ૧૨ મદ. ૧૩ તોપ ૧૪ જાટ રાજપૂતના રાજા. ૧૫ સીરોહીવાળો

તાણીઓ રામ[૧] શરબિલદ તાય, જાણીઓ આજ અરબદ જાય,
કદમ આય નજર સલામ કીધ, દડ લો રાય ઉમેદ દીધ. ૩૬
ચદ્રબદન ત્રીયા આધીન ચાહ, મછરીક[૨] લીયા તાલી નમાય,
અસદ્રવ[૩] દેખાન કરીમ આય, પાલણુપુરલગો પઠાણુ પાય. ૩૭
જણુ ઠામ અભે લખીયા જવાબ, નગ અડગ કરે લડબો નબાબ,
ખગ તોલ બોલીયો બિલદખાન, મેં પડતા ઝેલું આસમાન ૩૮
લેખીયા ખત ધીખીયા ચખ અવાલ[૪], એરાક છાક હોઈ વેગ આવ,
બિલદરા એમ લખીયા વચન, બાચિયા થીયાયખ લોલ વૃત. ૩૯
ધુધલી મલ સીધ નપણુ[૫] ધોંમ, નીજ પટ્ટણુ ફટ્ટણુ ચઢય જેમ,
જે કીયા ધાટતે ક્રોધ જાલ, ફાટતે ખભ નરસિહ ફાલ ૪૦[૬]
વાઘાહર નાહર[૭] તેણુ વેર, ઘેસાહર થાહર લીધ ઘેર,
ધુબ તોપ સધ ત્રબાલધીહ, વહસયા ચાલ બધણુ અબીહ ૪૧
બિકરાલ કાલ મુગલી[૮] પ્રજાગ, ઉડ જાલબીર બૈતાલ આગ,
ખુલ ધાપ લક ચઢ ગગન બેહ, મડીયો અમદપુર અગન મેહ ૪૨
અત છુટે રણુ ગોલા અખત, નવ લાખ જાણુ તૂટે નખત,[૯]
મછ તલે સાભ્રમત[૧૦] નદીમાય, કલકલે નીર જ્યા ઘૃત કડાય ૪૩
હટતાલ પહલ બાજાર હાટ, પ્રાજલે મહલ ચદન કપાટ,
કાગરા અબારથ ભડજ કોટ, ચાચરા ગયણુ ચકચુર ચોટ. ૪૪
નભધરાં ધુમરાભર નરાટ, ધુમરા ઉડે ભડભડ જ ધાટ;
છુટયો પ્રધારક અતછ છોહ, બાવણાં ચદણુ રાલીયણુ બોહ ૪૫
જગ તોપ જવાલ અસમાન જાય, ઉડતા ભુયગ ધર પરત આય.
સત્યાસી વરસ સમત સતાસ,[૧૧] મજ સરદ રુતુ આસુજ માસ ૪૬
સમવજે દસમ વધિયો સંગ્રામ, ઘેખીયો અમદપુર ધામધામ.
સાજીયો ક્રોધાનલ બિયહ સીહ, દાવાનલ દમ ગલ તીન દીહ ૪૭
બિલદને અભેજદ કરી વિચાર, ચોથે દન લખીયા સમાચાર,
જાહરાં તેગ તો સબ જહાન, ખુડહડ અમીર શીર બિલદખાન ૪૮
છકીયા ગજેંદ્ર તણુવાર છેડ, તે લખીયા કર કરલીયા તેડ,
ચઢીયા ચાક જુધ પહલ ચાહ, સુરતાણુ દૂત કેવાણુ સાહ. ૪૯
આરાક છાક દે બલ અધાર, પામણાં[૧૨] દૂત સામુ પધાર,
બ્રિદ તોપ બહાદુર હીર્ય ભુજ, તરવાર બહદુાર બિરદ તુજ. ૫૦

---

૧ રામે બાણુ ચઢાવી લકા લીધી તેમ આબુ લેશે ૨ ચોહાણુને મછરાળ કહે છે. ૩ પેસા વગેરે ૪ પુલકિત થાઓ ૫ પાટણુ ૬ અહીંથી લડાઇનુ વર્ણન શરુ થાય છે ૭ વાઘાહરનો કિલ્લો ૮ મોગલ ૯ નક્ષત્ર તારા ૧૦ સાબરમતી. ૧૧ (૧૭૮૭) ૧૨ પ્રાહૂણા. અમે પરોણા તારે ઘેર આવ્યા છીએ, તે તું લેવાને સામો આવ. કિલ્લામા શુ ભરાઈ બેઠો છુ ?

ઇરાન ઉત મહિપત અથાહ, સિરબિલદ તોઝ સરસરક છીપાહ,[૧]
સમહોન[૨] હહાલે ગહત સાર, ભુવરો ન ઝાલે શેશભાર. ૫૧
તુ તજે માનાફલ કરે તગ, પછમાણુ દિસા ઉગે પતગ,[૩]
ધર પુરવજીતોજીતહ વીર, આજમશાહ કીધો વજીર. ૫૨
જીત[૪] સમત મેતવ કરોડ, તે છાયા બંદર દીધ તોડ;
દલે[૫] ન પાય સમહર અડોલ, તાહરો બિલંદગર મેરતોલ. ૫૩
નહ જોગ પકડવો ગઢ નબાબ, હાથીયા ચઢે લડવો હસાબ,
સજ તોપ ભોમીયા ગઢ સજાય, ઉમરાવ લડે સજ ખેતઆય. ૫૪[૬]
પદમણી દલીવર હુયણુ પ્રીત, સહસાદ જુટીઆ તણુ સહરીત,[૭]
સુરમા લડે ચોડે સચાલ, બેગમાં ધસે પડદાવ ચાલ. ૫૫
આપણે મતે ખગદયણુ ઓહ, ચાપડે આવ સમશેર ચોટ,
વરહૂર ગરક કર જંગ બાજ, આવતી સપેતી રગ આજ. ૫૬
મા નેન વયણુ જ્યો હતમ બુઝ, તો જડે જજીરામાંય તુઝ,
પેજડે જડે સુરતાણુ પેસ, ભેજશુ કરે દરવેશ ભેસ. ૫૭
જોધાહર લખીયા એ જવાબ, નીરખીયા બાચીયા સબ નબાબ,
કર છુટ જાણુ ચલે હક બાણુ, બોલીયા જહર એકાર[૮] બાણુ ૫૮
પીજરે બિલદરે હૂવા પાર, સારાક જાણુ ભલકા[૯] દુસાર,
લાગરા કમધરા વયણુ[૧૦] લાગ, ઉઠીયો જાણુ ઘ્રત સિચ આગ. ૫૯
કોપીયા કીયા ફણુ ફૂતકાર, દાબીયા પૂછ જમ કાલ દવાર,
નબી કુરાણુ પઢ પીરનાંમ, મહમદઅલી હુજરત અમામ. ૬૦
ચડ તેજ લબ આસુધ ચઢાય, અસવાર હૂવો ગજ પીઠ આય;
ગહકીયા ગ્રીધ મોલાગ[૧૧] સૂર, ચહકીયા ત્રબક[૧૨] એરાક તૂર. ૬૧[૧૩]
ચહ કયાન હરિધર ચઢે ચાક, મહ કયા મમરુ હરબજે માક,
ધર કરણુ માંમલાં ક્રોધ ધાક, નીસરે કલેક પાટ નાંખ. ૬૨
ધરમુ હર તોપખાનાં સધીર, જ્યા પીઠ અરાના ગજ જંજીર,
સજ તોપ રંગા લીયા સાથ, હથના લહવાઈ બાંણુ હાથ. ૬૩
હરિયલ પઠાણુ તરીયલ હલાય, બારેહ તણા સૈયદ ઝુલાય;
સુરમાસે એચલ બલસ બધ, વાવરી બગાલી તબલ બધ. ૬૪

---

૧ છૂપાવુ ૨ સરખો સામો થા ૩ પશ્ચિમમા સુરજ ઉગે ૪ તે બધા જીત્યા તથા બીજા છાયા જેવા થયા. ૫ તેં અમદાવાદને દીલ્હી બરાબર કરવા ધાર્યુ છે ૬ દુશ્મનનાં વખાણુ કરી બહાર કહાડવાની આ યુક્તિ છે તેં દિલ્હીને પદ્માણી કરવા ધારી છે, પણ તુ તેનો ધણી તો કિલ્લામાં ભરાઈ બેઠો છે ૭ પાદશાહતને માટડી સમજે છે ૮ અહંકાર. ૯ બાણુ. ૧૦ વેણુ. ૧૧ નગારા વગાડવાવાળા ૧૨ ત્રબાલુ ૧૩ અમદાવાદની ફોજનું વર્ણુન શરુ થાય છે.

ઇજખકી ઇરાંની ગોલ આય, ચગતા[1] તુરાની દસુચાય;
બહલીમ ઇલ અમ સક જલવાસ, રામ હરિબહ સીદ સતરાસ. ૬૫
મદમેરાં માંણુ નીસાણુ મોજ, ફરાંહર ડાંણુ અસમાંણુ ફોજ;
બિરાણરૂપ અણુવિધ બણાઈ, આરાંણુ ભૂપ સનમૂખ આઈ. ૬૬
મુખરગ સુર સચિની સમાણુ, જુની વહે દૂલહિન ઇજાણુ;
મુનિ અકાસ છવ આસમાંન, ખુની ગજવર તો બિલદખાંન. ૬૭
જાજલ ફોજ મુગલી સજોર, કરદલી સલીદ[2] સનુર કોર;
યમહલી[3] ખેત સનમુખ અસાધ, વીખ નહિ વિજલી હૂલ બાંધ. ૬૮
આલી પઠે સાફી અલંબ, કાબલી[4] ગોસ ભરેયા કલબ;
ખુરસાંણી વાંણી ધણી ખાત, ભેરવ[5] ચહે ચાંણી[6] તણી ભાત. ૬૯
આરબીકે કપીસ તોર ઉચાર, ચખચોલ ભાલ વકરાલ ચોલ;
*   *   *   *   *, કરચાલ પ્રગટ ડાઢાલ કોલ. ૭૦
રોસાલ જાલ ગ્રીસમ રસમ, ચિતાવડાલ નાહર ચસમ;
સોરકા[7] કોટ અતક સમાન, મારકા બહાદુર મુસલમાન. ૭૧
પોસાંક સજે એરાકપુર, ગડકંધ ઝાપ પોરસ ગરુર;
વિવેક બાણુ ભાથાણુ બધ, અસમાણુ છવે રોસાણુ[8] અધ. ૭૨
ચખ મસરદે[9] છેદે ચકાસ, ઉડતાં પંછી વેંધે અકાસ;
રીઝાય હૂર[10] સુણુ રાગ રંગ, જમ દૂત કરે ખીજાય જગ. ૭૩
પી જાય ભઠી એક સુરાપાન, ભખ જાય અરધ ભેસા ભયાન,[11]
તૃણુ જેમ લધરાં દીએ તોડ, મદઝરાં કંધ નાખે મરોડ ૭૪
કોહ રીજ ચખગુર[12] રાઉહી જ કાજ, બહરીમુખકુ રરાજુઈ બાજ,
શીર બિલદ જલે ભૂજ ભારસાર, હાકલે અસાં બાસઠ હજાર. ૭૫[13]
આવતા દેખી કે વાહવાહ, ઇમકરે રાવતાં મન ઉછાહ;
વાદલા કનકરાગગ બાર, ધુમરાં મંજરા[14] તણ્છ ધાર ૭૬
મધ જ નરગીતા સહસ્ત્ર નામ, પઢ હર પૂરાણુ કર હર પ્રણામ;
દે દૂજાપાન[15] ખોડસ દાન, મારુવા લગા ભડ આસમાન. ૭૭
ચોગણો અમલ દુણું ચઢાય, ઓપીયા સોઠાણું[16] જોસ આય;
જુધ સહસગણાં ખલમલે જાત, મન ગણે તકે નેં તણે માત. ૭૮

---

૧ મેદાન ૨ સમુદ્ર ૩ જે ખેતરમાં યમરૂપી હલ છે તે. ૪ કાબુલી ૫ મુસલમાનની જાત ૬ ચારણી ૭ શબ્દનો કોટ આકાશ સુધી પહોંચ્યો. ૮ રોશની. ૯ મત્સર ૧૦ હૂરી ૧૧ મોટી ૧૨ ચક્ષુ ૧૩ શિરબિલદ પચરગી સેના લઇને બહાર નિકળ્યો તેનું વર્ણન. ૧૪ કાળા હાથી. ૧૫ વિજય-દાન. ૧૬ તારીફ

શ્રી કૃષ્ણ જેમ ખગવર સુધાર, અસમાન દુલે તોલે અધાર;
લુહ તેગ સંનમને લગાર, ઉપડે પડે જુધકે કવાર. ૭૯
મન રીઝ આયતા દીધ માલ, નાયતા[1] કીયા કેતા નીહાલ,
તનવર તે કાલીકલ સમેત, જુધ ગણેસની નારે ચજેત. ૮૦
સાંમરે કામ શુરા સધીર, રાંમરે કામ હણુમત વીર;
ખીવરા[2] હાથ બાણાંસી ખાસ, બેહેતીય જાણ રોકી બનાસ. ૮૧
સાતરા અણીધારા કસેલ, તારાક જાણ ઝબઝબે તેલ;
દુતરા ઉધારા અબ કહાત, ભૂતરા મૂરાડાતણી ભાત.[3] ૮૨
હુવ જેઠ લાવડા દુસહ હોમ, ધાવડા અગારા ચખન ધોમ;
તાવડા[4] અજ ન ભીમેન તાય, ખાગડાં ઉરસથી ભેચ કખઆય. ૮૩
અભપતિ જતિગોરખ એમ, તેરે સકવારે પથ તેમ;
દુત કેસર આડભ ભૂત દીધ, કથા નવરગી સલહ કીધ. ૮૪
જાણ[5] આડબધ સેલી જડાય, આવધા વીર સાજત અડાય;
પદમાસણ અસબલ તે જ પુર, ક્રોધમેં હૂલાસણ તપ કરુર. ૮૫
જોગમેં ધુની ચઢ છોહજગ, અનમુની મુદ્રાનર મોહ અંગ;
વિરાણ શબ્દ સુણેયા બિહદ, નિસાણ તુર અણહદ નદ. ૮૬
જેયણાં શરીરા જેતજાગ, લોયણા પરિરાધાંન લાગ;
જલેયા નરદ સહત્રીશ જાત, જોગદ્ર જાણ હાલે જમાત. ૮૭
લીધી મરજાદ દુધ લહર લેત, સેલીય બદ ચડે વીરખેત;
બિરાંણ બિર દીઠા બિલદ, નિસાણ કીલ દીઠા નરદ. ૮૮
ધડહડે ક્રોધ પરચડ ધૂપ, ભૂજ દડ અડે બ્રહ્માંડ ભૂપ;
ધરજેહર દેખીયા ગુરરધખ, પેખીઆ પટાઝર અનલપખ. ૮૯
તામસ અહી ચામણ ભૂપતામ, રાંવણ જુધ દીઠા જાણ રામ;
કાણ મુહર અસઆપ કીધ, દારુણ કરણ જુધ હુકમ દીધ. ૯૦
ઉઠીયા તુરગ બાગા ઉપાડ, પરલગા જાણ ઉડ્યા પહાડ,
ધસમસે ધરણ ફણ સહસ ધાર, કસમસે કમઠ રસ અધકાર. ૯૧
તણવાર દુહૂદલ દગે તોપ, અણપાર માર ધણ સાર ઓપ;
ઉડજતા બોલ સોરા અનેક, ઉતાજમ કોલારીઠ એક. ૯૨
સરહિમર ગેમર નર દુસાર, પર રુધિર ન ભીજે દુએ પાર,
કેંમરાં માર એક મનહ કીધ, દુતરા ચઢે ચાઢણન દીધ. ૯૩
જે ધારાં ન કરી પલક જે જ, તુખારા ખડીયા અતસતેજ;
પડેયા કર ધારા જેહર પાય, ઈદ્રરા વજ્ર ક્રોડીક આય. ૯૪

---

૧ જેની પાસે કંઈ નહતુ તે ૨ હથીયારની જાત. ૩ રણસંગ્રામને કવિએ મરી સાથે સરખામણી કરી છે ૪ તપ. ૫ શિવની સાથે તુલના કરી છે.

કલકાર વીર વાણીક જાક, હલકાર દુહૂદલ બજે હાક;
ધનુષ ટકાર ભલકાર ધોંહ, લલકાર માર અણપાર લોહ ૯૫
અહકાર ઉઠી અભમલ અમાન, લખીયાર ઉઠી સર બિલંદખાન,
તપધારરમે મલીયાર તેમ, જો ધાર મીર દૂરીયાલ જેમ. ૯૬
તણવાર ગુલાલા મૂઠી તીર, ઉઠ ખાગ ધાર ખૂરા અખીર;
ગહસૈલ પાર બબાર દાવ, ભલકાર રુધીર પીથકાર ભાવ. ૯૭
જલધાર પેસ કબજા જડત, પોટલા માર ગુરજા પડત,
છાકીયા બીર મદધાર છાક, ડહરુ નગાર બજ ચંદડાક. ૯૮
રભાસુહૂર મિલ કરત રાસ, તણવાર સુર દેખે તમાસ;
વીસવ તમામ જેકાર વાચ, નૃતકારતાજ તૃનકાર નાચ. ૯૯
હદરીપવાર રખગણ હસત, બણીયો અપાર રણછબી બસત;
અસવાર તુરંગ સુરજ પસાય, તણવાર સુદરસણ ચક્રતાય. ૧૦૦
સેતાર જુડે સરદાર સોધ, જણ વાર ગજા અસવાર જોધ,
સગાર દુએ અણપાર સુર, હરહાર કરે બલરભ હૂર. ૧૦૧
ગલભાર લેયપલ ચોર ગ્રીધ, પત્ર ધાર રુધીર ભર શક્ત પીધ,
પેંગ જાશીશ દેવર પસાવ, ધણ અભોમીર જા કરે ધાવ. ૧૦૨
આકરી બાદ આખે અમીર, વામિબધ જો કાલેયક વીર;
રામસણ ભારથાતણો રગ, જાગેયો અભાયણ બિકટજગ. ૧૦૩
ધડ જોડ અચ્છર ડોલાલ ગઠ, પદમા અતાલ વરમાલ કઠ,
બીહરે ફરેગલ બીહબીર, નીસરે રુધીર જમ સઘન નીર. ૧૦૪
રણ ફરે ચાક ગેતુલ રગ, એરાક છાક ગેતૂલ અગ,
જૂડ પલક તે બાલા આય જાય, પીવર મતવાલા ઝોક ખાય. ૧૦૫
ચોસઠ અખારે રગ ચાય, અર્ધગ સગ શીવ ખડા આય;
ગાચણી જેમ સબ ચત ગહાણ, વાયણી ચલાવે નેણ બાણ. ૧૦૬
કાલી દે તાલી રહ શકથ્થ, હસ બોલી જોગણ તેણ હથ્થ,
જદ ઊમા રીસ ચડ મુરડ જાય, પડ ઈશ મનાવે તેણ પાય. ૧૦૭
ધરહરે જ દાખલ ગંગધાર, મેમહા રુધિર સર સતમ જાર;
સાજલ ચખ બેગમ અસુપાત, જમના જલકા જલ વહે જાત. ૧૦૮
ઉણ ધાર ત્રવેણી તીર આય, ઝોજાર હુસો મો મૂખ જાય;
સોહે ઓરખા શુર સમાજ, રણ પીઓ લીઓ તીરથ રાજ. ૧૦૯
હલકાર ગજણ હર કરે હાક, કરમાલ શુર પછટે કડાક,
ઉડ પડે ચુંગરાં અરાઆંણ, જનમેર જાગરા નાગજણ. ૧૧૦
હાથીયા દાંત પગ ધર હકાર, મીરજા જગી હોદા મઝાર;
ધડ જડે કટારી પડે ધાખ, નટ જાણ કલકદ જોના ટાક. ૧૧૧

ધડ જવન પરાગ જ શીશ ધાર, આણે એક જોગણ ભુજ અપાર.
ઉપમા નહિ આવે તેણુ ઓર, ગણપતિ રમાવે જાણુ ગોર. ૧૧૨
જલ મેલ ધમોડા ઉરસ વાટ, ઘોડા ભડ ફટે નરસ ઘાટ.
લડ થડે ફૂટ છડ છાક લોહ, છડ પકડ જડે જમદાઢ છોહ ૧૧૩
ઉઆ લબઢે ખગ ધીર જાય, ગરીયાલ ફજર ગડ લક ઘાલ.
રગ તરા જોસ ખગ લાલ રગ, બગતરા પોસ ઓઢે બિરગ ૧૧૪
તાતણુ વર મધ મદ તૂટત, લૂટણા કબુતર જમ લૂટત.
મંજરા કલેજા છોરમાર, પંજરા ખજડા દૂયેપાર ૧૧૫
કાલરે લાલરે જીભ કેક, હોકરે ડાક રવિ રહે હેક.
પીગ ફૂટે ધ્રૂટે ધરાપુર, શીર તુટે જૂટે કેક સુર ૧૧૬
ધડ ડોલે ખાખ તેગ ધાર, માથાવણુ બોલે મારમાર.
ધીન ધીન રવ ઉચરે ધાડ ધાડ, રાઠોડ મુગલ ઇમ કરે રાડ ૧૧૭
વેંશેહસ અછવર તેંણ વાર, દુરાવર વરીયા પચ હજાર.
સુખપાલ ચઢણુ ચાલીશ સાડ, અસ્વાર હાથીયા તણા આઠ. ૧૧૮
આવા દલેશ નગધર અમીર, એકમો આઠ ઠાવા અમીર,
ભાગો બિલદ મદઝર ભગાય, પે ઉભો નાહર ફતે પાય ૧૧૯
નોબત બજાય જીત્યો નરદ, બીરદાય બિરદ બોલે કવિદ,
રીઝીયો દેય કમ ધજ રાવ, સાસણા ગજા લાખાં પસાવ. ૧૨૦
સુણુ ફતે રીઝ ભેજે દલેશ, ઝટઝર જુહાર મન શુવ પેશ,
સાહુરો નાયબ મહા શુર, કર આયો ધર જુધ વસ કરુર ૧૨૧
તદ દીઠો અભમલ વકટ તોર, દલ દખણી ભાગા મરડ દોર,
દીન હુવે આસરવાદ દીધ, કકર તદ બાજે રાય કીધ ૧૨૨
નીસઠે દીધ દુજ જાણુ નેક, આઠમે દીન સલામ એક,
વિધવા દખણી દુય તીનવાર, આવીયા લીયા લશ્કર અપાર ૧૨૩
ભડ પીલુ લખપત સુજડ ભાહ, મારીયા સરે દરબાર માંહ,
લડ પંચ મુકામાં લૂટ લીધ, કેતે ભજાય મદહીણુ કીધ ૧૨૪
ઉમરાવ મત્ર વાગા ઉપાડ, રોસન દસ મન શુ લીધ રાડ.
દલ સહસ બીસ ભૂજ ભાજ દીધ, પ્યાલેખ સોરાબ પીધ. ૧૨૫
પાટવી રાણુ રાભરી પેસ, ડુંગર પુરવાસ વાલાસ દેશ,
લાયકાં લૂણુ પુરનગ લગાણુ, રહ કુંવર દીધ ચાલક રાણુ, ૧૨૬
હાલા હરિયાલા જોડ હાથ, માલાહર આગળ નમે માથ,
જત કોલી કાઠી પ્રત પ્રજાલ, આખેટ રમતા કીધ આલ. ૧૨૭
આ છટ ધડીયા ચહ ઓર, જાડેજા ઉપર ખીવે જોર,
ભૂજ નગર નગર ડોંલા ભરાય, પડીયા બોહ રાવલરાવ પાય. ૧૨૮

દોવેર પેસ કચ્છ દેશ દીધ, પ્યાલા વર ભરભર સુયશ પીધ;
ચોડાહ રમડીયો અગલ ચાહ, મુરધરા જેમ ગુજરાત માહ. ૧૨૯
સામરે પુત્રરે જુધ સધાર, ઈસરે સંગરો ગર્વ ઉતાર;
મીલીયાધર કુરમ જુધ મરોડ, અજમેર લીયો અણબીધ અરોડ. ૧૩૦
જે સાણુ છુટીઓ દે જુહાર, બીકાણુ[1] લૂટીઓ પાંચ બાર;
પાણુ ભરે દંડ ખમરેશ, નાગાંણુ કરે સેવા નરેશ ૧૩૧
દૈવાણુ રાણુ હાડા દુવાહ, સુભીયાણુ બલા બધ પાતશાહ;
દુજો ઉમેદ ચહુવાણુ હોય, હાજર હુકમ ફુરમાણુ હોય. ૧૩૨
અવસાણુ બાણુ મેલે અપાર, દીવાણુ ફૂજ અત મદદાર,
ચક્રવતી આણુ અણુ વીધ ચુકમ, હિદવાણુ સરવ ઉપર હુકમ. ૧૩૩
દૂખણાણુ થાટ દીના દુવાય, ખુરસાણુ[2] થાંહ દહ સત ખાય,
સુરતાણુ ગહન સુખણુ સકાજ, દૈવાણુ ધરાઉ અભેરાજ. ૧૩૪
યશ કરે એમ દુનિયાણુ જાય, મહેરાણુ જેમ ગેહેરાણુ માય,
ટીપસી અજી બાકા દુરગ, જીતસી અજે નૃપ ધણાં જંગ ૧૩૫
ગાવસી ધણા ગુણ છક ઉધાવ પાવસી ધણાં લાખાં પસાવ;
ખત્ર ગીતા ચત્ર શ્લોકો ખાત, ભગવત સત લોકી સમ ભાત. ૧૩૬
ચણુ મધ ઉજાસરો ગુણુ અપાર, સુરજ પ્રકાશ રોતંત સાર;
કીરત પ્રકાશ સુભરાજ કામ, નૃપગ્રંથ બિરદ શૃંગાર નામ. ૧૩૭
મહારાજ નવાજ સદા મોમન, કવરાજ ધીર કહીયો કરંન;
જપે અશીશ આયેમ જોડ, કાયમ રાજ નૃપ જૂગા કરોડ ૧૩૮

દોહરો—પાણી ધર અબર પવન, સુરજ ચદ સકાજ,
મહારાજ અભ માલરો, રહો તહાલગ રાજ ૧૩૯

ધર્મવીર હકીકતરાય.

(લેખક ઠક્કુર નારાયણ વિસનજી)

વિક્રમ સંવત ૧૮૦૨ મા પજાબ દેશના પ્રસિદ્ધ નગર સિયાલકોટમાં એ ધર્મવીર બાળકનો જન્મ થયો હતો. એના પિતાનુ નામ વાધમલ્લ અને માતાનું નામ ગૌરાં હતું. એ પૂરી ખત્રી જાતિનો પુરુષ હતો. વાધમલ્લ સિયાલકોટના હાકેમના દરબારમાં એક સારા ઓહદાપર નોકર હતો. એ ઉત્તમ જ્ઞાતિ અને ઉચ્ચ પદનો પુરુષ હોવાથી એના કુલદીપક પુત્ર હકીકતરાયજીનો વિવાહસંબંધ સિહ સંપ્રદાયના એક ઉચ્ચવંશીય ક્ષત્રિયની પુત્રી સાથે થયો હતો. જ્યારે વિવાહપ્રસંગે હકીકત-

૧ બીકાનેર. ૨ ખુરાસાન

રાય પોતાના શ્વસુરાલયમાં ગયો, તે વેળાએ તેનો શ્વસુર પોતાના એ જામાતાની મોહિની મૂર્ત્તિ અને ભાવી પ્રારબ્ધ સત્તાને નિહાળીને મોહમુગ્ધ થઈ ગયો, અને તેથી તેને કેટલાક દિવસ સૂધી પોતાના ગૃહમાંજ રાખ્યો. તે તેને ધર્મની મહત્તાનું જ્ઞાન આપતો રહ્યો. શ્વસુરના ધર્મોપદેશનું હકીકતરાયના પવિત્ર અને નિર્મળ અંત કરણમા બહુ જ સારું પરિણામ થયુ. તે ધર્મનો સત્ય પ્રેમી અને સત્ય વીર બની ગયો. ત્યાથી જ્યારે હકીકતરાય પાછો પોતાના પિતાના આવાસમા આવ્યો, ત્યારે પ્રથમ સાત વર્ષની અવસ્થામા તે જે શાળામા શીખતો હતો, તેજ શાળામાં તેને પાછો યાવનીય રાજભાષા શીખવા માટે મોકલવામા આવ્યો. તે ભણવાને નિત્ય નિયમિત રીતે શાળામાં જતો હતો અને એક સુશીલ બાળકને શોભાવે તે પ્રમાણે વિદ્યાભ્યાસ કરતો હતો. એક દિવસ શાળાનો શિક્ષક–મૌલવી બાળકોને એકલા મૂકી કાર્યપ્રસગે બહાર ગયો હતો. એ પ્રસંગનો લાભ લઇને કેટલાક મુસલ્માન વિદ્યાર્થી બાળકોએ પોતાની વૃત્તિને અનુસરીને વિનાકારણ હકીકતરાયને છેડવા માડ્યો. ઘણીકવાર સૂધી હકીકતરાય શાતિને ધારણ કરી સહનશીલ બની ગુચચુપ બેસી રહ્યો. મુસલ્માન બાળકોએ એને શાંત બેઠેલો જોઇને વળી વધારે છેડતી કરવા માંડી તેમણે તેને કાફિર, બેઇમાન, શયતાન અને બુતપરસ્ત–મૂર્ત્તિપૂજક–ઇત્યાદિ વિશેષણો આપીને હિન્દુના દેવી દેવને પણ યથેચ્છ ગાલિપ્રદાન કરવાનો આરંભ કરી દીધો. એ છળનો પ્રકાર જ્યારે સીમાનુ ઉલ્લઘન કરીને બહુ જ આગળ વધી ગયો, એટલે પછી હકીકતરાયના હૃદયમા પણ કોપનો અગ્નિ પ્રકટી નીકળ્યો, અને તેથી તેણે પણ મુસલ્માન ધર્મ અને તેના પ્રવર્ત્તક અગ્રેસરોનાં કુટુબીય સ્ત્રી પુરુષોની યથેચ્છ નિદા કરવા માડી એથી મુસલ્માન બાળકો બહુ જ ચીડાઇને એકદમ હકીકતરાયને મારપીટ કરવા લાગ્યા, અને હકીકતરાય પણ તેમની સ્હામો થઈ ગયો. જે મુસલ્માન બાળક તેની સ્હામો આવ્યો, તેને તેણે તરત સારો મેથીપાક જમાડ્યો. મૌલવી સાહેબ જ્યારે બહારથી પાછા પધાર્યા, ત્યારે મુસલ્માન બાળકોએ તેમની આગળ ફરિયાદ કરી અને મૌલવીએ હકીકતરાયને ઝગડાનુ કારણ પૂછ્યુ. ઉત્તરમા તેણે જણાવ્યુ કે;–"મૌલવી સાહેબ, પ્રથમ એમને જ પૂછી જુઓ કે, છેડતીનુ બીજ કોણે રોપ્યુ હતું ?" મૌલવીએ કહ્યુ કે;–"ભલે આ બાળકોએ તને પ્રથમ ગાળો ભાડી હોય, તોપણ મુસલ્માન ધર્મના પ્રવર્ત્તકોની નિન્દા કરવાનો તને શો અધિકાર હતો ? તમે કાફિર હોવા છતાં અહલેઇસ્લામને વગોવવાની હિમત કરી જ કેમ શકો છો, એ હુ સમજી શકતો નથી. હવે તુ જોજે કે, આનું તને કેવુ

પરિણામ ભોગવવું પડે છે તે!" આમ કહેતાંની સાથે જ તરત મૌલવી કાજીસાહેબ પાસે ગયો અને તેને શાળામાં બનેલો સઘળો બનાવ કહી સંભળાવ્યો. આ વૃત્તાંત સાંભળીને કાજી તો લાલપીળો થઈ ગયો અને તરત જ હકીકતરાયને કારાગૃહમા મોકલીને મૌલવીને સાથે લઈ શહેરના હાકેમ પાસે જઈ પહોંચ્યો.

એ સમયમાં સિયાલકોટમા અમીરબેગ નામનો એક ન્યાયશીલ મુસલ્માન હાકેમ હતો. તેણે કાજી તથા મૌલવીના મુખથી સર્વ વૃત્તાત સાંભળી લઇને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો કે,–"બાળકોનાં લડાઈ ઝગડા અને ગાળગળોચ હમેશા થયા જ કરે છે. માટે આવી બાબતોમા સભ્ય અને વિચારશીલ પુરુષોએ ધ્યાન આપવુ ઉચિત નથી. ઝગડાને વધારવામાં સાર નથી. મુસલ્માન બાળકો અને હકીકતરાય બન્નેને ધમકાવીને છોડી મૂકો તો સારુ, એ જ મારો અભિપ્રાય છે."

"આપનુ કથન સત્ય છે; પરતુ ધર્મની આજ્ઞામા બુદ્ધિ અને ન્યાયથી કશી પણ બાધા કરી શકાતી નથી. આ મારા પોતાના લાભનો વિષય તો નથીને? શહેરમાના બીજા કાજીઓ કયા મરી ગયા છે? તેમને જો આપ પૂછી જોશો, એટલે આપને જણાશે કે, કા તો તે મુસલ્માન થાય અને કાં તો પોતાનુ માથું કપાવે, એવો મેં જે ફેસલો આપ્યો છે તે બરાબર જ છે." કાજીએ પોતાના દુરાગ્રહને વળગી રહીને કહ્યુ.

કાજીનુ એ કથન સાભળી અમીરબેગ થોડીકવાર ગભીર વિચારમા પડી ગયો અને ત્યાર પછી કહેવા લાગ્યો કે,–"ખૈર–તો આ મુકરદમો નગરના ઉલ્માને સોંપવામા આવે છે. આપ આવતી કાલે દરબારમાં પધારજો."

હાકેમનો આ જવાબ સાભળી કાજી ત્યાથી ઊઠીને નગરમાં ઘેર ઘેર ફરવા લાગ્યો અને તેણે સર્વ મુસલ્માનોના મનમાં ધર્મનુ જુનૂન ઉપજાવવાનો તનમનધનથી પોતાથી બની શકે તેટલો પ્રયત્ન કર્યો.

આ સનાનના સમાચાર જ્યારે હકીકતરાયનાં માતા પિતાના સાભળવામા આવ્યા, એટલે તરત જ તેઓ વ્યાકુળતાથી પીડાતાં કાજી પાસે આવી પહોંચ્યા અને તેનાં ચરણોમા મસ્તક નમાવી રડીને પ્રાર્થના કરવા લાગ્યાં કે;–"અમારા એકના એક પુત્રને જીવથી ન મારશો. એ બાળક હોવાથી આ એના એકવારના અપરાધની તો ક્ષમા આપવી જ જોઇએ. પરતુ કાજીનુ વજ્ર બનેલુ હૃદય તેમનાં એ કરુણોત્પાદક વચનોથી જરા પણ પીગળ્યું નહિ. વાઘમલ્લ અને ગૌરાના શોકનો પાર નહોતો–તેમને અત્યારે સકળ વિશ્વ અધકારમય ભાસતુ હતુ.

બીજે દિવસે સર્વ સાધારણ સભા (દરબારે આમ) ભરવામાં આવી

અને ત્યાં નગરના સર્વ સાધારણ અને મુખ્ય મુખ્ય હિન્દુ મુસલ્માન મહાશયો એકઠા થયા. હાકમે હકીકતરાયના ન્યાયનો ભાર નગરના વિદ્વાનોના શિરપર નાખી દીધો. નગરના જે વિદ્વાનોને ન્યાયનુ કાર્ય સોપવામાં આવ્યું હતુ, તે સર્વ મુસલ્માનો જ હતા, અને વિશેષમાં વળી કાજીસાહેબે તેમને પાઠ ભણાવી રાખ્યો હતો, એટલે તેમણે કાજીના ફેસલાને જ સર્વાનુમતે માન્ય કર્યો અને કહ્યુ કે,-"કા તો હકીકતરાય મુસલ્માન થાય અને કાંતો માથું કપાવે, એ બે વિના ત્રીજો કોઈ પણ માર્ગ નથી."

આ ફેસલો સાભળતાંજ હકીકતરાયનાં માતાપિતા મૂર્ચ્છિત થઇને ધરણીપર ઢળી પડ્યા! જ્યારે તેમને ભાન આવ્યુ, ત્યારે તેઓ કાજીનાં ચરણોમા પુન મસ્તક નમાવીને પ્રાર્થના કરવા લાગ્યા કે,- "આ અપરાધના દડ તરીકે આપ અમારા ઘરબાર અને ધન દોલત આદિ જે કાંઈ છે તે ભલે લઈ લ્યો, પરતુ દયા કરીને અમારા પુત્રના પ્રાણ ન લ્યો-એને પ્રાણભિક્ષા આપો!"

કાજીએ મોઢું ઉતારીને ઉત્તર આપ્યું કે,-"શુ તમે ધનનો લોભ બતાવી મને ધર્મના માર્ગથી ચળાવવા માગો છો કે? મારાથી એ પ્રમાણે કદાપિ થઈ શકવાનુ નથી." ખરેખર કોઇએ સત્યજ કહ્યુ છે કે, 'જિસ તન લાગે વહ તન જાને, કોઉ ન જાને દુ ખ પરાયા,' હકીકતરાયની હૃદયવ્યથાની કલ્પના કાજીના મનમા ક્યાંથી હોઈ શકે વારુ?

એક તરફ ન્યાયપરાયણ અમીરબેગ હાકિમના મનમા એક તુચ્છ અપરાધમાટે હકીકતરાયને અપાયલો આવો દંડ વજ્રઘાત સમાન વેદના ઉપજાવતો હતો, અને બીજી તરફ કાજી તથા મૌલવીના ભમાવેલા મુસલ્માન વિદ્વાનો મદથી ઊભા ઊભા જોઈ રહ્યા હતા કે,-"જો અમીરબેગ હિન્દુઓનો પક્ષ કરે તો એને પણ કાફિર ઠરાવીને પદભ્રષ્ટ કરી નાખવો" તેમની આવી ધારણાથી અમીરબેગ પોતે પણ હૃદયમા ભયભીત થઈ ગયો હતો. તો પણ ગમે તેટલા દબાણમા આવ્યા છતાં એક ન્યાયપરાયણ નરથી અન્યાયમાં તો કદાપિ સમતિ આપી શકાય જ નહિ, એ સિદ્ધાંત પ્રમાણે તે સર્વથા નિર્ભયતાથી કહેવા લાગ્યો કે,- "ભાઇઓ, જેને તમોએ આવો પ્રચડ દડ આપ્યો છે, તે એક નાદાન બાળક છે કે જેને હિન્દુધર્મના તત્ત્વોનુ પણ જ્ઞાન નથી તેમ જ મુસલ્માન ધર્મના નિયમોનુ પણ ભાન નથી. માટે એણે જે કાંઈપણ સારા માઠાં વચનો ઉચ્ચાર્યાં છે, તે માત્ર અહી તહીથી સાંભળેલી વાતોના આધારે જ. જેમકે છોકરા પરસ્પર લડે વડે છે અને એક બીજાના માબાપને ગાળો પણ આપે છે, પરતુ તે ગાળોના સત્ય ભાવાર્થને તેઓ ભાગ્યેજ સમજતાં હોય છે, કારણ કે, જો તેઓ એ ભાવાર્થને સમજી

શકતા હોત, તો તરત પાછાં હળીમળીને સાથે રમવા ન માડત. તેઓ એક બીજાની ગાળો સાંભળીને જ ગાળો બકયા કરે છે એમનામાં દ્વેપ કિંવા મત્સરનો ભાવ નથી. અર્થાત્ આ હુકીકતરાયે પણ સાંભળી સાભળીને બાળકબુદ્ધિથી જ વાદેવાદે પયગંબરકુમારીને ગાળો ભાડી છે; દ્વેપબુદ્ધિથી ભાડી નથી."

પરતુ કાજી, મૌલવી અને ન્યાય આપનારા અન્ય ગૃહસ્થોને તેના એ વિચારો અનુકૂળ ન આવ્યા. તેમની આખો ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. કાજીએ મહા કોપયુક્ત મુદ્રાથી કહ્યુ કે,–"જો આ ધર્મનિંદક અપરાધીને યથાર્થ દડ દેવામા નહિ આવે, તો આખા દેશમા હાહાકાર થશે અને ભયાનક બળવો જાગી ઉઠશે. એક તો હિન્દુઓ અભિમાનમા આવી જ ગયા છે, અને તેવામા જો આ હુકીકતરાય જીવતો બચી જશે તો તેમના એ અભિમાનમાં વધારો જ થશે એ શુ તમે નથી જાણતા કે સિખ્ખ લોકો મુસલ્માનો સાથે કેવી નફતરતથી વર્ત્તે છે? સિખ્ખો હિન્દુઓને જરાપણ વાળતા કે સમજાવતા નથી, કારણ કે, તેઓ એમ જ માને છે કે, હિન્દુઓ તો અમારા ભાઈઓ જ છે સારાશ કે, જો હુકીકતરાયને શિક્ષા નહિ થાય, તો સિખ્ખો પ્રમાણે સાધારણ હિન્દુઓ પણ મુસલ્માનોનાં ઘરબાર લૂટવાને તૈયાર થશે શુ એક ધર્મનિષ્ઠ મુસલ્માન એક કાફિરના મુખમાંથી પોતાના પાક મજહબ વિશે નીકળેલા નિંદાત્મક વચનો અને તેમના તરફથી થતા અત્યાચારોને મૂગે મોઢે સહન કરીને કદાપિ બેસી શકે કે? જો એમ થાય, તો તો હિન્દુસ્તાનમા મુસલ્માનોમાટે કયાંય ઉભા રહેવાની જગ્યા પણ ન રહે!"

અમીરબેગે, કાજી, મૌલવી અને બીજા કેટલાક મુસલ્માનોને ખાનગીમા લઈ જઇને કહ્યુ કે,–"એ તો આપ જાણો છો કે, આ ગુનાહ એક નાદાન છોકરાના હાથે થયો છે, કોઈ સમજદાર જવાન અને ધાર્મિક હિન્દુના હાથે થયો નથી એટલામાટે મારુ કહેવુ એમ છે કે, જો એનેસાધારણ દંડ આપીને છોડી દેવામાં આવે, તો તેમા હાનિ જેવુ કાંઈપણ નથી. એને કઠિન શિક્ષા કરવાથી હિન્દુ પ્રજાજનોના મનમા ભયકર અને વિઘાતક પરિણામ થશે અને તેથી જો તેઓ બીજુ કાંઈ નહિ કરી શકે, તો આ નગરને તો અવશ્ય ત્યાગી જશે. એથી એક તો નગરની શોભા જતી રહેશે અને બીજુ રાજ્યની આવકમા ઘટાડો થશે, ત્રીજું દેશમાં દગો ફસાદ થશે અને ચોથું સિખ્ખ લોકો છેડાઇને વધારે ત્રાસ વર્ત્તાવશે. આમ થવાથી રાજ્યને ઘણી જ હાનિ થશે અને કદાચિત્ તેઓ આપણા કોઈ દુશ્મનની સલ્તનતમા જઈ વસ્યા તો વળી એક નવા દુશ્મનથી બીવાનુ થશે. આ સર્વ વિષયોનો આપે શાંતિથી વિચાર કરવો જોઇએ."

"મારે ઘણા જ અફસોસ સાથે કહેવુ પડે છે કે, સાંસારિક લાભોની હાનિનો વિચાર કરીને પરલોકના લાભને ધિક્કારી આવી રીતે કાફિરોનો પક્ષ કરવાને આપ છાતી ઠોકીને બહાર નીકળી પડ્યા છો. શુ આપ એ સિદ્ધાંતને નથી જાણતા કે, ધાર્મિક નિયમોનું ઉલ્લંઘન કરનાર મનુષ્ય નરકવાસી થાય છે? વળી આપનામા એ સામર્થ્ય જ ક્યા છે કે, પોતાની ઇચ્છાથી આપ ધાર્મિક નિયમો વિરુદ્ધ કાંઈ પણ કાર્ય કરી શકો? જેની આગળ મોટા મોટા શહનશાહોને પણ માથુ નમાવવાનો વખત આવેલો છે, આવે છે અને આવશે, ત્યાં તમે તે શી ગણત્રીમાં?" કાજીએ ગુસ્સાથી કહ્યુ.

કાજીના એ વચનો સાભળી મૌન્ય ધારી અમીરબેગ પાછો દરબારમાં આવી બેઠો અને ત્યા સર્વત્ર તેને એક પ્રકારનો આશ્ચર્યકારક રંગ દૃષ્ટિગોચર થવા લાગ્યો. એની જમણી બાજૂએ મોટા મોટા મુસલ્માનો ધર્મશાસ્ત્રોને આગળ રાખી બેઠા હતા અને હજારો મુસલ્માનો જોશમાં ને જોશમા આમ તેમ ફેરા માર્યા કરતા હતા. તેઓ પરસ્પર ગુપ્ત વાર્તાલાપ કરતા હતા અને હિન્દુઓને આંખો ફાડી ફાડીને જોતા હતા. ડાબી બાજૂએ ગૌરા અને વાઘમલ્લ કેટલાક હિન્દુઓ સાથે ઊભાં રહી વારવાર જમીનને ચૂમી હાથ જોડીને દીનમુખે આર્જવતાથી એ જ પ્રાર્થના કરતાં હતા કે,-"અમીરસાહબ, પરમેશ્વરે આપને પોતાની સૃષ્ટિના એક ભાગના હાકિમ બનાવી આ ન્યાયાસનપર બેસાડ્યા છે, તો તેને કલકિત કરશો નહિ! પક્ષપાતને ત્યાગી ન્યાયના ભાગી થશો, તો પરમાત્મા આ લોક અને પરલોકમાં તમારુ કલ્યાણ જ કરશે!" જેને સસારસકટની સ્વપ્નમા પણ કલ્પના નહોતી, એવો એક પદર વર્ષનો વયનો અને સ્વરૂપસુંદર તરુણ બાળક એ સમસ્ત ઘટનાચક્રને શાંતિથી નિહાળતો એકધ્યાનથી એક તરફ ઊભો હતો. એ કોણ વારુ? એ જ આપણા પ્રસ્તુત કથાનકનો નાયક હકીકતરાય હતો. અમીરબેગની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી હતી. કારણ કે, તેની એક બાજૂએ શરા (ઇસ્લામધર્મની આજ્ઞા) મુખ વિકાસીને ઊભી હતી અને બીજી તરફ નિર્મળ ન્યાય, અન્યાય ન કરવામાટેનો આતરિક ઉપદેશ આપતો ઊભો હતો. જો અમીરબેગ શરાનો અનાદર કરે, તો પોતે જ કાફિર ઠરવાથી માર્યો જાય, અને અન્યાયથી હકીકતરાયનો વધ કરે, તો ઈશ્વરનો અપરાધી થાય! આવી હાલતમાં આવી પડતાં ગમે તે રીતે પોતાના શિરપરથી એ ભારને ટાળી નાખવામાટે તેણે એ મુકદ્દમાને લાહોરના નાજિમની કચેરીમા ફેરબદલ કર્યો અને પોતે એની જવાબદારીમાથી છૂટો થયો.

ક્ષત્રિયકુલદીપક ધર્મવીર હકીકતરાય જે ભૂમિમા ઉત્પન્ન થયો હતો, જ્યા પોતાના બાળમિત્રો સાથે રમતગમતમાં કાળ વીતાવ્યો હતો અને અંતે જ્યાં દુઃખનો પણ તેણે કાંઇક અનુભવ કર્યો હતો, તે જન્મભૂમિને અત્યારે છોડી જવાને તે તૈયાર થયો. જે ચરણો સોનારૂપાના તોડાથી વિભૂષિત થતાં હતાં, તેમાં લોઢાની સખ્ત બેડીઓ નાખવામાં આવી, અને જે કોમળ કરોમા સુવર્ણકકણ ઓપતા હતા, તે હાથોમા લોઢાની હથકડીઓ પહેરાવવામાં આવી. તેની આસપાસ નાગી તલ્વારો લઇને પહેરેગીરો ચાલતા હતા. જ્યારે એને ચાલવાની આજ્ઞા કરવામાં આવી, ત્યારે એણે સર્વને મસ્તક નમાવીને પ્રણામ કર્યા અને મહા આનંદદર્શક મુદ્રાથી તે ગમન કરવા લાગ્યો એ વેળાએ જેના નેત્રોમાંથી શોકના બે ચાર અશ્રુ નહિ ટપકયાં હોય, એવો પાષાણહૃદયી પુરુષ તો નગરમાં કોક જ હશે સ્ત્રીઓના શોકનો તો અવધિ જ થયો હતો હકીકતરાયની પાછળ પાછળ તેની માતા, તેનો પિતા, શ્વસુર અને જ્ઞાતિના અન્ય કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થો રોતા અને છાતી કૂટતા ચાલવા લાગ્યા. ગૃહમા માત્ર એક વિના બીજુ કોઈ પણ રહ્યુ નહિ.

લાહોર જતા માર્ગમા જે જે નગરો આવતા હતા, ત્યાના લોકો હકીકતરાયના સકટસમાચાર સાંભળતા જ તરત તેને જોવાને દોડી આવતા હતા. તેની ભોળી, નિર્દોષ અને મનોમોહક મૂર્તિને જોઇને તેઓ, મુગ્ધ થઈ ચોધાર આસૂ વર્ષાવતા અને વારવાર એમ બોલતા હતા કે,– "ધન્ય છે, ધર્મપરાયણ વીર, પરમાત્મા તારી રક્ષા કરો !" કેટલાકો તો તેને છોડાવવામાટેના પણ તનમન ધનથી પ્રયત્નો કરતા હતા. હિન્દુઓ તો ઠીક, પણ કેટલાક ઉદારચિત્ત મુસલ્માનોએ પણ એને બચાવવાના પ્રયત્નો કર્યા. શાહદરા નામના દરગાહી વંશના એક પ્રતિષ્ઠિત મુસલ્માને મર્મભેદક શબ્દોથી કાજીને સમજાવ્યો હતો; પરંતુ કઠોરહૃદય કાજીના મનમા તેનુ કાઇપણ પરિણામ થયુ નહિ. અતે ત્રીજે દિવસે સાયકાળે હકીકતરાય પોતાના હિતેષી અને શત્રુઓ સહિત લાહોરમા આવી પહોંચ્યો. એ વેળાએ વળી પણ તે દરગાહી સરદાર નગરના કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થોને લઇને કાજી પાસે ગયો અને તેને ઘણી ઘણી રીતે સમજાવ્યો; પણ હઠવાદી થએલા કાજીએ કોઇની કશી પણ વાત માની નહિ. તેણે ચોથે દિવસે સવારમાં હકીકતરાયને દરબારમા નાજિમ સમક્ષ ઉભો કર્યો અને મુકદ્દમાની શરુઆત કરવામા આવી.

જે સમયે હકીકતરાયને દરબારમા ઉભો કરવામાં આવ્યો, તે સમયે ત્યાં એ દૃશ્યને જોવામાટે હાજર નહિ થયો હોય, એવો કોઈ પુરુષ લાહોર નગરમાં ભાગ્યે જ હશે દરબારના કારકૂનો પોતપોતાના કામમા

લાગી ગયા હતા અને નાજિમ એક ઉચ્ચ આસને વિરાજમાન થએલો હતો. એ મહતી સભાને જોઇને એવો ભાસ થતો હતો કે, જાણે ન્યાય અને સત્ય ત્યાં હસ્તદ્વય જોડીને ઊભા છે! અને એથી એવી કલ્પના પણ થતી હતી કે, હકીકતરાયને અવશ્ય યોગ્ય ન્યાય મળવાનો જ! પણ અફસોસ કે, કાજી સાહબના ત્યાં આવી લાગતાં જ હઠે સત્યને અને શરાએ ન્યાયને પલાયન કરી જવાની ફરજ પાડી. અર્થાત્ દરબારે સિયાલકોટના દરબારનુ સ્વરૂપ સ્વીકાર્યું—દરબારમા તેજ કાજી, તેજ વ્યવસ્થાપક, તેજ હાકિમ અને તેજ હુકમનો દોર દેખાયો. એટલે પછી બિચારો ન્યાય કયાથી ઉભો રહી શકે વારુ? કાજીએ મુકદ્દમાનો આરંભ કર્યો અને સિયાલકોટમા ચાલેલી તપાસના કાગળિયા નાજિમના હાથમા આપ્યા નાજિમે કેટલીકવાર સૂધી તે કાગળિયાને જોઈ તપાસીને મુકદ્દમાની નવેસરથી તપાસ ચલાવવાની શરુઆત કરી અને પછી પોતાની સભાના વિદ્વાનોને મુકદ્દમાનો સાર કહી સભળાવ્યો અને તેમના અભિપ્રાયની માગણી કરી.

મુખ્ય કાજીએ સમસ્ત વૃત્તાત સાભળીને પોતાનો અભિપ્રાય દર્શાવ્યો કે,—"સિયાલકોટના અહલે ઇસ્લામ ઉલ્માએ જે સજા ફર્માવી છે, તે ઇસ્લામ ધર્મને બરાબર અનુકૂળ છે, અને તેથી તેમા જરા પણ ફેરફાર કરવાની અગત્ય નથી"

જો કે નાજિમ પોતે બહુજ ક્રૂર પુરુષ હતો છતા કોણ જાણે આ ઘટનાએ તેના મનમાં પણ કેમ અને કેવી રીતે દયા ઉપજાવી! તેણે દુખિત હૃદયથી કહ્યુ કે,—"ગુનાહગાર એક નાદાન બચ્ચુ છે, એટલે એને પ્રાણદડની શિક્ષા આપવાનુ મને તો યોગ્ય નથી લાગતુ."

એના પ્રતિવાદમાં કાજી કહેવા લાગ્યો કે,—"હુજૂર, આપનો અભિપ્રાય યથાર્થ છે; પરંતુ ધર્મની આજ્ઞામા બુદ્ધિ અને ન્યાયની બાધા ચાલી શકતી નથી" નાજિમે ઘણીક રીતે કાજીને સમજાવ્યો અને મૌલવીને પણ મનાવ્યો, પરંતુ તેમણે પોતાના હઠનો ત્યાગ ન કર્યો અને ઉલ્ટા તેની સ્હામા થઈ ગયા એથી લાચારીએ નાજિમને પણ શરા સમક્ષ શિર નમાવવુ પડ્યુ. તેણે પોકાર કરીને કહ્યુ કે,—"હકીકતરાયજી, શરાની આજ્ઞા સાંભળો કે તે શું કહે છે યાતો તમો દીને ઇસ્લામનો સ્વીકાર કરી મુસલ્માન થાઓ અને યાતો તલ્વારની ધાર તળે મસ્તક ઝુકાવો."

નાજિમના એ શબ્દો સાંભળીને હકીકતરાયે મહા સાહસ, ઉત્સાહ અને નિર્ભયતાથી ઉત્તર આપ્યું કે,—"મરણના ભયથી હું કદાપિ મારા પવિત્રતમ આર્યધર્મને ત્યાગવાનો નથી—ભ્રષ્ટતાને સ્વીકારી ક્ષણભંગુર અને

તુચ્છ જીવનનું દાન માગવાનો નથી. તલ્વારથી મારી ગર્દન કપાવો અથવા તોપના ગોળાથી મને ઉડાવો, તેની મને જરાપણ પરવા નથી.”

નાજિમ અને હકીકતરાયનાં એ પરસ્પર વિરુદ્ધ વચનો સાંભળીને માતા ગૌરાં ગાંડા માણુસ પ્રમાણે દોડીને પોતાના પુત્ર પાસે ગઈ અને તેને છાતી સરસો ચાંપી રોતી રોતી કહેવા લાગી કે;–“અરે પુત્ર, તેં આ શો જવાબ આપ્યો? આવો જવાબ ન આપ અને બેટા, તુ મુસલ્માન થઈ જા તું મુસલ્માન થઇશ, તોપણ હુ તને જીવતો તો જોઈ શકીશ. મારા લાલ, તારાવિના મારી દુર્દશા થઈ જશે પુત્ર, મારા વચનને માની જા. જો, શ્રીરામચન્દ્રજીએ પિતામાતાની આજ્ઞાને પાળવામાટે જ ચૌદ વર્ષનો વનવાસ ભોગવ્યો હતો, છતા માતાપિતાની આજ્ઞાનુ ઉલ્લઘન કર્યું નહોતુ પુત્ર, તુ અમ વૃદ્ધોપર દયા કર અને તુ અમો અધના એક જ નેત્રરૂપ હોવાથી મુસલ્માન થઈ જીવતો રહે–અમારી રક્ષા કર ! !”

હકીકતરાય માતાના આલિગનથી પોતાના શરીરને મુક્ત કરીને વિનયપૂર્વક કહેવા લાગ્યો કે,–“માતા, તમારુ કહેવુ યથાર્થ છે. પુત્ર તે જ કહેવાય કે, જે માતાપિતાની આજ્ઞાને મસ્તકે ચઢાવે. પરતુ વિદ્વાનોના મુખથી મે એમ પણ સાભળ્યુ છે કે, જો માતાપિતા અધર્મના માર્ગમાં વિચરવાની આજ્ઞા કરે, તો તેમની તે આજ્ઞા પુત્રે ન માનવી એવી આજ્ઞા ન માનવાથી પુત્ર અપરાધી થતો નથી હે જનની! પ્રહ્લાદ અને ધ્રુવ ઇત્યાદિ મહાનુભાવો મારા કરતા પણ અલ્પવયસ્ક હોવા છતાં તેમણે પણ માતાપિતાની અધર્મયુક્ત આજ્ઞાઓનો સ્વીકાર કર્યો ન હોતો ત્યારે હુ તો વયમાં તેમના કરતા મોટો છુ, તો પછી તમારી આ અધર્મ–આજ્ઞાને મારાથી કેમ કરીને માન્ય કરી શકાય વારુ? માતા, કૃપા કરીને તમો મને સદ્બોધને બદલે આવો દુર્બોધ ન આપો. શુ તમો પોતે જ મને નરકનો અધિકારી બનાવવા માગો છો કે? મા, તમે જ મને ધ્રુવજીની કથા નહોતી કહી સભળાવી? ત્યારે તેજ કથાથી વિરુદ્ધ ઉપદેશ તમો કેમ આપો છો વારુ? આનો વિચાર કરો. શુ મુસલ્માન થઇને હુ સદૈવ જીવતો રહીશ? મુસલ્માન થયા પછી મરણ આવવાનુ જ નથી? અને તમો મને હમેશા જોતા જ રહેશો? મારા પ્રિય માતુશ્રી, મારા હાથે અધર્મ કૃત્ય કરાવીને તમો પોતે અપયશના ભાગિની ન થાઓ મા, શુ તમે તે ક્ષત્રાણી નથી કે, જેઓ ધર્મનેમાટે જીવતી જ ચિતાપર ચઢીને ભસ્મીભૂત થઈ જતી હતી? બસ બસ–પવિત્ર ક્ષત્રિય કુળને કલક ન લગાડો–મારી આગળથી દૂર થાઓ–ચાલ્યાં જાઓ. હુ તમારી આ અપવિત્ર આજ્ઞાને કાળત્રયે પણ નથી માનવાનો તે નથીજ માનવાનો !!”

હકીકતરાય ક્ષણૈક શાંત થઈ ગયો અને પુન શાતિથી કહેવા લાગ્યો કે,–"જન્મદાત્રી જનની, મારા અપરાધોની ક્ષમા આપો. હું તમને અંતિમ પ્રણામ કરું છુ." એમ કહેતાં જ માતાના પવિત્ર ચરણોમાં શીર્ષ રાખીને તેણે પ્રણામ કર્યાં. પણ માતા ગૌરા ત્યાથી એક ડગલુ પણ દૂર ખસી નહિ.

એટલામાં પુન નાજિમે કહ્યુ કે,–"અય નાદાન છોકરા, હજી પણ વિચાર કર. ધર્મની આજ્ઞા અનિવાર્ય છે મુસલ્માની ધર્મને સ્વીકારી લે, એમા જ તારુ કલ્યાણ છે. ઇસ્લામધર્મના સ્વીકારવિના બીજુ કોઈ તને મોતના પંજામાથી બચાવી શકે તેમ નથી. પ્રાણનુ વિનાકારણ બલિદાન ન આપ, સમજ અને માની જા"

નાજિમના મુખમાંથી એ શબ્દો નીકળતા જ જ્યા મોટા મોટા વીરોના સાહસનો પણ લોપ થઈ જતો હતો, તે દરબારમાં નાજિમ સમક્ષ ઉભો રહીને હકીકતરાય સાહસ તથા નિર્ભયતાથી કહેવા લાગ્યો કે,–"નાજિમ સાહેબ, આપનુ એ કથન સત્ય છે કે, ઇસ્લામધર્મના સ્વીકાર વિના મારા પ્રાણની રક્ષા અશક્ય છે, પરતુ હુ આપને એમ પૂછવા માગુ છુ કે, હુ અમારા વેદોમાં વર્ણવેલી પરમેશ્વરની આજ્ઞાને માન્ય રાખુ કે એ મનુષ્યકૃત શરાને સ્વીકારુ? હવે આપ જ વિચાર કરી જુઓ કે, જો પરમેશ્વરની ઇચ્છા મને મુસલ્માન બનાવવાની જ હોત, તો મને તે કોઈ મુસલ્માનના ઘરમા જ પેદા કરત પણ તેની ઇચ્છાથી મારો જન્મ એક હિન્દુ અને તે પણ ઉચ્ચ હિન્દુકુળના મનુષ્યને ત્યા થએલો છે, એટલે હવે જો હુ મારા પોતાના એ પવિત્રતમ આર્યધર્મને ત્યાગીને માત્ર પ્રાણરક્ષાના ઉદ્દેશથી જ આપની અથવા આપની શરાની આજ્ઞાનો અંગીકાર કરુ, તો જે ઈશ્વરે મને ઉત્પન્ન કરેલો છે, તેની આજ્ઞા વિરુદ્ધ મે કાર્ય કર્યું, એમ જ કહી શકાય. જો ઈશ્વરની સભામા એ અપરાધ વિશેનો સવાલ થાય, તો પછી હુ શો જવાબ આપુ વારુ? અલ્પ જીવનમાટે હુ તે પરમ કૃપાળુ પરમાત્માની આજ્ઞાને કોઈ કાળે અને કોટિ પ્રયત્ને પણ લોપીશ નહિ, એ આપ નિશ્ચયપૂર્વક જાણી લેજો"

હકીકતરાયનો આવો દૃઢ નિશ્ચય હોવા છતાં પણ વાત્સલ્ય પ્રેમથી બાઘમલ્લે પુત્ર પાસે આવી તેના મસ્તકપર હાથ ફેરવીને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યુ કે,–"મારા લાડકવાયા પુત્ર, મારા વૃદ્ધત્વ, તારી માતાના વંધ્યત્વ અને તારી નવવિવાહિતા સત્પત્નીના વૈધવ્યનો કાંઈ વિચાર કર. હે તાત, જો તુ જીવતો રહીશ, તો તારા આશ્રયથી અમો પણ જીવીશુ. તારા વિના વૃદ્ધાવસ્થામાં અમારી સેવા કોણ કરશે? અમે જો કે જાણીએ

છીએ, કે તારા મુસલ્માન થતાં જ તારો અને અમારો સંબંધ તૂટી જશે; છતા જો તુ જીવતો હોઇશ, તો બીજી રીતે પણ તુ અમારી સેવા કરી શકીશ. અને જો તારાથી અમારી સેવા નહિ જ બની શકે, તો પણ તને માત્ર નેત્રથી નિરખીને જ સતોષથી અમે અમારી વૃદ્ધાવસ્થાના દિવસો પૂરા કરીશુ હે પુત્ર, માત્ર અમારા સુખમાટે પણ તુ મુસલ્માન થવાનુ કબૂલ કર અમારું આટલુ વચન માની લે."

પરંતુ ધર્મવીર હકીકતરાયનો નિશ્ચય એથી જરા પણ ડગ્યો નહિ. નાજિમને અને પોતાની માતાને તેણે જેવા જવાબ આપ્યા હતા, તેવા જ જવાબથી પોતાના પિતાને પણ નિરુત્તર બનાવી દીધો અને જે બીજા કેટલાક લોકો તેને સમજાવવા આવ્યા, તેમનુ પણ તેણે કાંઈ માન્યું નહિ. સ્વધર્મમાટે પ્રાણ આપવાને તે તત્પર થઇ ગયો.

નાજિમના મનમા દયા આવવાથી પુન તેણે એકવાર કહ્યુ કે,–"હકીકતરાયજી, શી ઇચ્છા છે? મુસલ્માન થવુ છે કે નિશ્ચયથી મરવુ છે?"

"નાજિમ સાહબ, શરાને સ્વીકારીને પવિત્ર આર્યધર્મ અને મારા ક્ષત્રિય કુળને કલકિત કરવાની મારી ઇચ્છા નથી. હુ ધર્મના રક્ષણમાટે ગર્દનપર તલ્વારનો વાર ધરવાને તૈયાર છુ" હકીકતરાયે દઢતાથી ઉત્તર આપ્યું.

કોઈ પણ રીતે જ્યારે નાજિમે તેને પોતાના વિચારથી ડગતો ન જોયો, ત્યારે લાચારીથી જલ્લાદને હકીકતરાયના વધની આજ્ઞા આપી અને એ આજ્ઞા મળતા જ જલ્લાદ હકીકતરાયને કત્લગાહ–વધસ્થાન–મા લઈ ગયો હકીકતરાય ભજન ગાતો ગાતો નિર્ભયતાથી પ્રાણ અર્પવાને તેની સાથે ચાલતો થયો.

એ સમયે લાહોરના સર્વ આર્યજનો રોતા કકળતા તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા સમસ્ત આર્યનાગરિકોના ચિત્ત અત્યન્ત ઉદાસીન બની ગયા. આકાશ અકસ્માત્ મેઘાચ્છાદિત થઈ ગયુ અને જળના મદ મદ બિન્દુઓનુ વર્ષણ થવા લાગ્યુ મુસલ્માનોના અન્યાયથી જાણે આકાશવાસી નક્ષત્રોના નેત્રોમાથી પણ નીરધારા વહી નીકળી હોયની, એવો ભાસ થવા લાગ્યો. જ્યારે જલ્લાદ હકીકતરાયને વધસ્થાનના અતર્ભાગમા લઈ ગયો અને તેણે તેના મસ્તકને ઉડાવી દેવામાટે પોતાની તીક્ષ્ણ ધારવાળી તલ્વારને મ્યાનમાંથી બહાર કાઢી, તે વેળાએ તેના હૃદયમા પણ દયાનો આવિર્ભાવ થયો અને તેથી નમ્રતાપૂર્વક હકીકતરાયને ઉદ્દેશીને તે કહેવા લાગ્યો કે;–"ઓ બેગુનાહ અને ભોળા બાળક, હજી પણ તુ પોતાના હઠને છોડી દે અને મુસલ્માન બનીને પોતાના પ્રાણને બચાવી લે–જો તો ખરો કે તારાં માતાપિતા અને સબંધિજનો કેવુ હૃદયભેદક રુદન કરી રહ્યા છે! તેમનાપર તો જરા દયા કર!"

હુકીકતરાયે ગંભીરતા અને શાંતિથી ઉત્તર આપ્યુ કે,–"ભાઈ, તું જે કાર્યમાટે અહીં આવેલો છે, તે કાર્યને પૂર્ણ કર. ઉપદેશ આપવાની કશી પણ આવશ્યકતા નથી."

જલ્લાદે જોયુ કે, કોઈ પણ રીતે એ માને તેમ નથી, એટલે તે લાચાર થઇને બોલ્યો કે, "બચ્ચ–તારી જ્યારે એવી જ ઇચ્છા છે, તો હેઠો બેસી જા અને પોતાના ભગવાનનુ ધ્યાન ધરીને ગર્દન ઝુકાવ."

જલ્લાદની એ આજ્ઞા સાંભળતા જ હુકીકતરાય ગોઠણમડીએ બેસી ગયો અને એકધ્યાનથી મસ્તક નમાવીને ઈશ્વરના ધ્યાન તથા નામસ્મરણમા નિમગ્ન થયો. પ્રાર્થનાની સમાપ્તિ કરીને તે બોલ્યો કે,–"હવે, ભાઈ, તારા કામને તુ આટોપી લે!" બસ–થઈ ચૂકયુ જલ્લાદે એક જ–માત્ર એક જ વારના તલ્વારના વારથી તેના મસ્તકને ધડથી જૂદું કરી નાખ્યુ. ધર્મવીર હુકીકતરાયનો આત્મા આ નશ્વર વિશ્વમાંથી તે અક્ષય સુખકારી પરલોકધામમા પ્રયાણ કરી ગયો. તે આ લોકમાં અક્ષય કીર્ત્તિમાન્ અને પરલોકમાં પણ યશોભાગી થયો!!!

અહા, ધન્ય છે એ ધર્મપરાયણ વીર હુકીકતરાયને, કે જેણે પવિત્ર આર્યધર્મની રક્ષામાટે પોતાના ક્ષત્રિયકુળની મહત્તાનુ વિશ્વને પ્રત્યક્ષ દર્શન કરાવ્યુ! પ્રાણ જતા પણ પોતાના ધર્મને ત્યાગવો નહિ, એ આર્યધર્મના તત્ત્વની ભાવનાનો સર્વને પરિચય કરાવી પોતે નશ્વર દેહને ત્યાગી શાશ્વત કીર્ત્તિને વિસ્તારી ગયો! ગીતામા શ્રી કૃષ્ણ ભગવાને કહેલુ છે કે–

"स्वधर्मे निधनं श्रेय परधर्मो भयावह"।

'પોતાના ધર્મમાં મરણ પણ શ્રેષ્ઠ છે અને પરધર્મ ભયકારક છે' એ તત્ત્વને કર્ત્તવ્યદ્વારા તેણે પ્રત્યક્ષ કરી બતાવ્યુ.

આર્યજનની ભરતભૂમિ, તુ હુકીકતરાય જેવાં સત્યધર્મશીલ સતાનોને ઉત્પન્ન કરી પોતાના નામને પુન એકવાર સસારમાં વિખ્યાત કર! હે પરમાત્મન્, તું આર્યોના હૃદયમા હુકીકતરાય જેવા સાહસ અને ધર્મસ્નેહની સ્થાપના કર, કે જેથી અમો તારા પવિત્ર વૈદિક ધર્મના મહત્ત્વને જાણી સત્ય આર્ય થવાની યોગ્યતાને પ્રાપ્ત કરી શકીએ. તથાસ્તુ.

દાહિર દુહિતા

મધુર ફળોનો, જેવી રીતે પક્ષી વૃન્દની તેમનાપર ધાડ પડવાથી, વિનાશ થઈ જાય છે, તે જ પ્રમાણે આર્યાવર્તરૂપ મધુર ફળપર મુગલ, અરબ, પઠાણ, બલૂચી અને યૂનાની ઇત્યાદિ માનવરૂપ અકરાંતિયા ક્રૂરકર્મવાળા પક્ષીઓએ ધાડ લાવીને એક સમયમાં પોતાના ધર્મોન્માદ, દ્વેષભાવ,

તિરસ્કાર, શૂરત્વ, નિર્દયત્વ તથા અજ્ઞાનવડે આપણા સુસંપન્ન સુવર્ણદેશ આર્યાવર્ત્તના કકડે કકડા કરી નાખ્યા હતા!

ઉપર્યુક્ત ક્રૂર જાતિઓના સહવાસથી આર્યાવર્તવાસિની શાંતિનો ભંગ થયો અને તેમની ક્રૂરતાની છટાનો અહીંના શાંત તથા ગંભીર વૃત્તિના લોકોને ચેપ લાગતાં તે લોકો વિલક્ષણ ક્રૂરકર્મા બની ગયા! તેમની શાંતતાનો ભંગ થતા જ ઐક્યનો અભાવ, દુર્દમનીય કલહ, અનાચાર અને સુવિચારશક્તિનો લોપ ઇત્યાદિ કારણોના યોગે આ દેશ અવનતિના માર્ગમા ગમન કરવા લાગ્યો!

"स्वधर्मे निधन श्रेय परधर्मो भयावह" એ વચન અનુસાર ક્ષત્રિયોએ, ધર્મક્રાંતિ અને સ્વધર્મપ્રસારના ઉદ્દેશથી આવેલી ક્રૂર જાતિઓના લોકો સાથે સમાગમ રાખવામા ન્યૂનતા કરી નહિ. જો કે તેઓ આપણા પુરાતન અને પરમ પૂજ્ય ધર્મના ઉદાત્ત આચરણાદિ નિયમો પ્રમાણે વર્ત્યા, એમા તો સંશય નથી જ, પરતુ એ વિશ્વાસઘાતક, સ્વાર્થપ્રિય અને મંદમતિ યવનજાતિ સાથે કેટલાક પ્રસગે અતિ વિશ્વાસ અને ભોળાઇથી વર્તવાથી તેમનો સર્વથા વિનાશ થઈ ગયો અને તેઓ પોતાના સર્વસ્વને સદાને માટે ખોઈ બેઠા, એમ કહેવામાં લેશમાત્ર પણ પ્રત્યવાય નથી. ધર્માન્ધતાથી આપણી કેટલા પ્રમાણમા અને કેવી હાનિ થએલી છે, એ વિશેના ઉદાહરણો ઇતિહાસમાંથી એક નહિ, પણ અનેક મળી આવે છે.

એક સમયમાં એ ધર્માન્ધ લોકોએ પોતાનાં નરમેધ આદિ અનન્વિત કૃત્યોવડે આ શાંત નંદનવન સમાન ભૂમિને યમપુરી સમાન બનાવી દીધી હતી! સ્વધર્મ અને સ્વાધિકાર સ્થાપનની પ્રબલતર ઇચ્છાથી આર્યાવર્તમા આવેલા એ લોકોએ અત્યાચાર, લૂટ અને કાપાકાપીનો અખંડ વ્યાપાર ચલાવ્યો હતો. તેઓ સ્વાભાવિક જ ક્રૂર, નિર્દય, ઉન્મત્ત અને વિદેશીય તથા વિધર્મીય હોવાથી પોતાના રીતિરિવાજોનો આ દેશમા પ્રસાર કરવા માટે તેમણે અહીંના પવિત્ર ધર્મ, ધર્મબાંધવ અને ધર્મભગિનીઓનો અમાનુષ અને અનિર્વાચ્ય છળ કર્યો હતો, તેઓ અહીંથી અપરિમિત ધન લૂટી ગયા હતા, લક્ષાવધિ સુસમૃદ્ધ દેવાલયોનો વિધ્વંસ કરી નાખ્યો હતો. અસંખ્ય મનુષ્યોના શોણિતથી ભૂમિને રક્તવર્ણ કરી હતી અને દેશના સમૃદ્ધ તથા સંપત્તિયુક્ત ભાગોને રુક્ષ અને ભિક્ષુક બનાવી દીધા હતા! યવનોના અત્યાચારથી ફળદ્રૂપ દેશ મરુભૂમિ સમાન થઈ ગયો! ધાન્યપૂર્ણ ક્ષેત્રો કંટકસમાકીર્ણ થઇને ક્રૂર શ્વાપદોનાં ક્રીડાસ્થાન બની ગયા! મનોરમ ઉદ્યાનમાની સુકુમાર તરુવલ્લરીઓ પણ એ ક્રૂરકર્માઓના કુગંધવડે નિસ્તેજ તથા શૂન્ય થઈ ગઈ અને ધર્મલતા પણ શુષ્ક થતાં

તેને સુકૃતરૂપ મધુર ફળો આવતાં અટકી ગયાં ! તે કાળ એવો અને એટલો બધો ભયાનક હતો.

યવનોના આક્રમણ અને ધર્મોન્માદના યોગે આ દેશમાંની સ્વાભાવિક ધર્મ સ્વતંત્રતાને ભયાનક આઘાત થયો. બહુધા યવનોનું ધ્યાન ભારતવર્ષની સંપત્તિ અને સુંદર સ્ત્રીઓના અપહારમાં જ પરોવાયલું હતુ; અને એ કારણથી જ તેઓ અત્યાચારી તથા દુરાચારી બની ગયા હતા. એવા કઠિન પ્રસંગે, તેમના અત્યાચારના બંધનને તોડી નાખવામાટે, પોતાની પુરાતન કીર્ત્તિને અવિચલ તથા નિષ્કલંક રાખવામાટે અને પોતાના ધર્મની મહત્તાને દાખવવામાટે ભારતવર્ષીય નરનારી રત્નોને તે કાળમા પરલોકના પવિત્રતમ પથનું અવલંબન કરવુ પડતુ હતુ! રસિક વાચકો, આ 'દાહિરદુહિતા'નો પ્રસંગ પણ તેવા કઠિન પ્રસંગોમાંનો જ એક હોવાથી અવશ્ય તમારા મનને દયાર્દ્ર કરવાનો જ, એવો અમારો દૃઢ નિશ્ચય છે

ઇ સ ૬૩૨ માં ઇસ્લામધર્મ સંસ્થાપક પયગંબર મહમ્મદ સાહબનો સ્વર્ગવાસ થયો. તેમના સમયમાં કેવળ અરબસ્તાનમા જ મુસલ્માન ધર્મનો પ્રસાર થયો હતો તેમના જાનતનશીન થવા પછી ધર્મપ્રસારનુ કાર્ય જેમના હાથમાં આવ્યુ, તેમને લોકો 'ખલીફ'ના નામથી ઓળખાતા હતા. એ ખલીફામાંના પ્રથમ ત્રણ અબૂબકર, ઉમર અને ઉસ્માને પોતાના અધિકારના સમયમાં પયગંબરની આજ્ઞાનું યથાર્થ પાલન કર્યું હતુ પણ ચોથો જે અલી નામનો ખલીફો થયો, તેના કાળમા સર્વ પ્રકારની અવ્યવસ્થા થઈ ગઈ અને જાતજાતના ટટા બખેડા થતા શિયા અને સુન્ની એવા ઇસ્લામ ધર્મના બે ભાગ પડી ગયા. પરંતુ એ પછી પણ મુસલ્માન ધર્મનો પ્રચાર તો થતો જ રહ્યો

ઇરાન, તુર્કસ્તાન, અફગાનીસ્તાન, મધ્ય એશિયા અને ઉત્તર આફ્રિકાના લોકો પણ એ ધર્મના અનુયાયી બન્યા હતા. યૂરોપના નૈર્ઋત્ય છેડા જેબલતારિક–જિબ્રાલ્ટર્ પર્યન્ત મહમ્મદીય ધર્મની પતાકા ફરકતી હતી પરતુ પંદરમી સદીમાં સ્પેન, ગ્રીસ્ , મેસિડોનિયા, સીરિયા, એશિયા માઇનર્, ઇજીપ્ત્, ઉત્તર આફ્રીકા, બ્રિટન્, ફ્રાન્સ, અને જર્મની ઇત્યાદિ દેશોપર અધિકાર ચલાવનારા રોમન લોકોની સામ્રાજ્યમદથી અંધ બની વૈભવવિલાસમાં વિલીન થવાના યોગે જે સ્થિતિ થઈ હતી, તેજ સ્થિતિ અગિયારમી સદીમાંના મુસલ્માનસામ્રાજ્યની થઈ. ભેદ માત્ર એટલો જ કે એ સ્થિતિ કાંઇક પછીની છે અને ઉપર્યુક્ત રોમન્સામ્રાજ્યની સ્થિતિ આગળની છે. એવી રીતે મહમ્મદીય ધર્મના પશ્ચિમમાના વર્ચસ્વની ઓટ થવા પછી એ ધર્મરૂપ મહાસાગરની પ્રચંડ ઉર્મિએ પૂર્વ દિશામાં ગમન કર્યું.

મહમ્મલ નામક સરદારે પહેલી ચઢાઈ ઈ. સ. ૬૬૪ માં કરી હતી. તે મહા શૂરવીર યોધો હતો. સિંધુ પ્રાંતમાં પોતાનો અધિકાર ચલાવવા-માટે તેણે એક નૌકાને દેવલબન્દરમા મોકલી હતી, અને તે નૌકાને દેવલ-બંદરના લોકોએ અટકાવી રાખી હતી એ નૌકાને મુક્ત કરવાની સિંધ અને મુલ્તાનના ક્ષત્રિય રાજા દાહિરને પ્રાર્થના કરવામાં આવી, પણ તેનો કશો ઉપયોગ થયો નહિ. રાજાએ એ પ્રાર્થનાને જરા પણ ધ્યાનમાં ન લીધી.

એથી અરબોના હૃદયમાં કોપનો ઉદય થતાં તેમણે દાહિર રાજાના પરાજયમાટે એક હજાર પાયદલ અને ત્રણસેં ઘોડેસ્વાર એટલુ સૈન્ય પાઠવ્યુ પરતુ દાહિરરાજા અતિશય પ્રબળ હોવાથી તેણે અરબોનો સર્વથા નાશ કરી નાખ્યો એ સમાચાર ઈ. સ. ૭૧૧ માં બસરાના સૂબેદાર હિજાજના સાભળવામાં આવતા જ પોતાના ભત્રીજા મહમ્મદ કાસિમને ૬,૦૦૦ સૈનિકોની સરદારી આપીને સિંધુદેશ સર કરવામાટે મોકલી આપ્યો. એ સમયમાં ખલીફતના આસને વાલિદ નામનો સુલ્તાન આરૂઢ હતો.

દાહિર રાજા પાસેથી વૈરનો બદલો લેવાનો દઢ નિશ્ચય કરી બરા-બર તૈયારી કરીને આવેલા મહમ્મદ કાસિમે પ્રથમ તો દેવલ શહેરને ચારે તરફથી ઘેરી લીધુ અને તે શહેર પાસેના એક મજબૂત દેવાલય-પર હલ્લો કર્યો, પણ તે તત્કાળ હાથમા આવી શક્યુ નહિ, કારણ કે, તેમાં રણશૂર રાજપૂતોનુ સૈન્ય લઢવાને તૈયાર હતુ તેમણે કાસિમના હલ્લાને પાછો હટાવી દીધો. પરંતુ એક દેશદ્રોહી પુરુષે કાસિમને જણાવ્યુ કે –"જો દેવાલયપરની પતાકાને પાડી નાખશો, તો અવશ્ય રાજપૂતોનો પરા-જય થઈ જશે." એથી કાસિમના સૈનિકોએ તે પતાકાને પાડી નાખી. પતાકાને પડેલી જોઇને કિલ્લામાના લોકો ગભરાઈ ગયા, કેટલાક યુદ્ધમા મરાયા અને કેટલાકો પલાયન કરી ગયા આવી અવસ્થા જોઇને ક્રૂર અરબોએ અદર પ્રવેશ કર્યો અને દેવાલયમા જેટલા લોકો મળી આવ્યા, તે સર્વની તેમણે તે ક્ષણે જ સુન્નત બનાવી નાખી! સ્ત્રીઓ અને સત્તર વર્ષથી ઓછી અવસ્થાના બાળકો વિના અન્ય સર્વનો તેમણે સહાર કરી નાખ્યો. આ મળેલા અચાનક વિજયથી મદોન્મત્ત થઇને અતે તેમણે સિંધુદેશની રાજ-ધાની અલોડ નગરપર દૃષ્ટિપાત કર્યો

દેવલ નગરમા હિંદુઓના થએલા અપમાનની વાર્તા સાંભળીને શૂર શિરોમણિ દાહિર રાજાના મનમા ક્રોધનો અતિરેક થયો, કારણકે, તે શુદ્ધ ક્ષત્રિય અને ધર્માભિમાની ભૂપાલ હતો. તે સપત્તિ સાથે વિપુલ સતતિ પણ ધરાવતો હતો અને તેમાની બે કન્યાઓ અત્યત સૌન્દર્યવતી અને લાવણ્યમયી હતી તે બાળાઓ જેવી રૂપાળી તેવી જ સદ્ગુણ-શાળી પણ હતી. તેઓ મુસલ્માનો પોતાની જન્મભૂમિની જે વિડબના

કરતા હતા, તેને જરાપણ સહન કરી શકતી નહોતી. તે શૂર ક્ષત્રિય બાળાઓ યુદ્ધકળાવિશારદ હોવાથી યવનોને એકવાર તો અવશ્ય પોતાના રણકૌશલ્યનો પરિચય કરાવવો જ જોઇએ, એવી આકાંક્ષા રાખતી હતી. શૂરવીર ક્ષાત્ર કન્યાઓના હૃદયમાં એવી આકાંક્ષા હોય, તેમાં આશ્ચર્ય જેવુ કાંઈ પણ નથી. એ બન્ને અદ્યાપિ કુમારિકા જ હતી યુદ્ધનો પ્રસગ આવે, તો રણભૂમિમા જવામાટેની પિતા પાસેથી ગમે તેમ કરીને પણ આજ્ઞા લેવાનો તે અભિમાની બાળાઓએ દઢતમ નિશ્ચય કરી રાખ્યો.

અતે જે પ્રસગના આગમનની આશા રાખવામા આવી હતી, તે પ્રસગ આવી લાગ્યો. પોતાની રાજધાનીપર યવનો આક્રમણ તો કરવાના જ, એનો નિશ્ચય થતાં ભલે જે થવાનુ હોય તે થાય, એમ ધારીને રાજા દાહિરે પણ યુદ્ધમાટેની તૈયારી કરવા માડી! તેણે પચાસ હજાર સૈનિકોને એકત્ર કર્યા અને તેમનો સેનાપતિ તે પોતે જ થયો. યુદ્ધની આ તૈયારીને જોતાં જ તે બાળાઓના મનમા અતુલ ધૈર્યનો આવિર્ભાવ થયો, ઉત્સાહવડે તેમના સુદર અને મનોહર મુખમડળો તેજસ્વી બની ગયા અને માતાની આજ્ઞા લઈ પિતા પાસે જઇને તે ઉભય કન્યા કહેવા લાગી કે,—

"પિતાજી, અમોને પણ તમે પોતાની સાથે સમરક્ષેત્રમા લઇ ચાલો, અને દુષ્ટ યવનોને ક્ષત્રિય બાળાઓમા પણ કેવુ અને કેટલુ બધુ રણકૌશલ્ય હોય છે, એનો પ્રત્યક્ષ પરિચય કરી લેવા દ્યો"

પરતુ એવી અનુમતિ આપવાનુ દાહિર રાજાને યોગ્ય ન લાગવાથી તે તેમના મનનુ સમાધાન કરતો કહેવા લાગ્યો કે,—"બાળાઓ! આ મારા બાહુમા શત્રુઓને સહારવાનુ પૂર્ણ સામર્થ્ય હોવા છતા તમોને રણક્ષેત્રમા મારે શામાટે લઈ જવી જોઇએ? મારો તમોને માત્ર એટલોજ ઉપદેશ છે કે, યુદ્ધમા યદાકદાચિત્ આપણી ધારણા કરતા વિપરીત પરિણામ આવે, તો તે વેળાએ તમો ક્ષાત્ર ધર્મોચિત કૃતિ કરવામા લેશ માત્ર પણ વિલબ થવા દેશો નહિ, તમો તમારી માતાનુ યોગ્યતાથી રક્ષણ કરજો અને સર્વ સ્ત્રીઓને ધૈર્ય આપજો. એટલામાં તો હુ વિજય મેળવીને આ આવ્યો!"

પુત્રીઓથી પૂજ્ય પિતાની આજ્ઞાનો ભંગ કરી શકાયો નહિ, પરંતુ ઉત્સાહનો ભગ થવાથી તેમના કોમળ મનને કાંઈક અસ્વસ્થતાનો અનુભવ થવા લાગ્યો.

ઉભયપક્ષની સેનાઓ પૂર્ણ તત્પરતાસહિત રણભૂમિમા આવીને ઉભી રહી. રાજાએ પ્રથમ આગળ વધી જઇને મહમ્મદ કાસિમના સૈન્યપર આક્રમણ કર્યુ, અને ઘનઘોર રણકદનનો આરભ થયો. લગભગ એક

પ્રહરપર્યન્ત હિન્દુ અને મુસલમાનોનું એ તુમુલ યુદ્ધ ચાલતુ રહ્યું, એટલામા દાહિર રાજાપર એક સકટ આવી પડ્યું. શત્રુના સૈન્યમાંના એક બાણે આવીને રાજાના શરીરમાં પ્રવેશ કર્યો અને રાજા ઘાયલ થયો. એથી રાજપૂત સૈન્યમા નિરાશા અને ગડબડાટ વ્યાપી ગયા આ સમાચાર રાણીને મળતાંની સાથેજ તે વધારાની કેટલીક સેના લઇને રાજાની કુમકે આવી લાગી તેને માર્ગમાંજ આવતી અટકાવવાનો મહમ્મદ કાસિમે પ્રયત્ન કર્યો, પરતુ અતુલ પરાક્રમશીલા બે દાહિર દુહિતાએ તેના પ્રયત્નને સફળ થવા ન દીધો, એટલુજ નહિ, પણ તેને પોતાને પણ જખમી કરી નાખ્યો. એક તરફથી રાણીને આગળ વધતી અટકાવવાનો આ પ્રયત્ન કરવામાં આવ્યો અને બીજી તરફથી રાજાના શિરપર વળી એક બીજુ જૂદાજ પ્રકારનુ સંકટ આવીને ઉભું રહ્યુ રાજાના હાથીને અચાનક તોપનો ગોળો લાગવાથી તે જે ગભરાઇને નાઠો, તે ઠેઠ નદીમા આવીને ઉભો રહ્યો અને શરીરના દાહને શમાવવામાટે તેણે નદીના ગર્ભમા ડૂબકી મારી! એટલામા રાણીને પોતાની કુમકે આવેલી જોઇને રાજાના મનમા દ્વિગુણિત ધૈર્ય અને સાહસનો આવિર્ભાવ થયો. રાજાનો હાથી પાણીમા બેસી જતા રાજાને ઠાર કરી નાખવાના ઉદ્દેશથી યવનસૈનિકો તેના શરીરપર બાણોની વૃષ્ટિ વર્ષાવવા લાગ્યા પરતુ દાહિરની રણવીરા રાજકુમારીઓએ અનુપમ શૌર્યનો પરિચય કરાવીને ઘણીકવાર સૂધી તેમને પાછા હટાવ્યા—આગળ વધવા ન દીધા એટલામા રાજા સુરક્ષિતતાથી નદીના તીરપર આવી પહોંચ્યો અને તત્કાળ અશ્વારૂઢ થઇને યુદ્ધદાવાનળથી પ્રજ્જ્વલિત થએલા રણક્ષેત્રરૂપ અરણ્યમા આવી લાગ્યો.

પુન સમરાગ્નિની જ્વાળા પ્રજ્વલિત થઈ, અને તેણે ભયકર અનર્થનો આરભ કર્યો. 'દીનદીન' અને 'હરહર મહાદેવ'ની ગગનભેદક ગર્જના કર્ણગોચર થવા લાગી નરજીવનવિનાશનો એ વ્યવસાય કેટલાક સમય પર્યન્ત ચાલ્યા પછી યુદ્ધના રંગમા ચઢી કાસિમ અને દાહિર સ્હામસ્હામા આવી જઇને લઢવા લાગ્યા કાસિમના જે સૈનિકો તાજાતવાના હતા, તેઓ 'દીનદીન' ધ્વનિસહિત પોતાની તલવારોને ચમકાવતા આગળ વધી આવ્યા. રાજાનુ સૈન્ય પ્રથમથીજ જરાક દબાયુ હતુ, એવામા આ નવીન શત્રુસમુદાયને આવતો જોઇને વિશેષ ધૈર્યહીન બની ગયુ. તોપણ રાણી અને રાજાની બે શૂર સુતાઓ શૌર્યના શિખરપર પહોંચીને લઢતી હતી અને સૈનિકોને પણ ધૈર્ય આપી લઢવાને ઉત્તેજિત કરતી હતી. દ્વદ્વયુદ્ધમા રાજા દાહિર અને કાસિમ બહુ જ જોશપર આવી ગયા હતા અને અતે કાસિમના ડાબા હાથપર રાજાની તલવારનો સખ્ત વાર લાગવાથી તે ગભરાઇને પાછો હટ્યો. એટલામાં યવનોના નવીન

સમૂહના સરદારે આગળ વધી રાજા દાહિરને જખ્મી કરીને ઘોડાપરથી નીચે નાખી દીધો! પોતાના પિતાના પતનપ્રકારને જોઇને દાહિરની જ્યેષ્ઠ કન્યાએ તે સરદારના મસ્તકનુ રણભૂમિને બલિદાન આપી દીધુ અને શોકવિહ્‌વલ સ્વરથી પિતાને ગળે બાઝીને તે કહેવા લાગી કે,–

"પિતાજી, તમારી આ પ્રિય કન્યાપ્રતિ એકવાર તો દૃષ્ટિપાત કરો. તાતજી, આ ક્ષણે આપને કેમ છે? અરે કોઈ થોડુક શીતલ જળ લાવો! અરે કોઈ તો પોતાના રાજાના રક્ષણમાટે દોડી આવો! આના અન્નથી પુષ્ટ થઇને આજે તમો આવા કૃતઘ્ન કેમ બની ગયા છો!!"

પરતુ હાય! રાજાનાં નેત્રો જે મીચાયા, તે પાછાં ન જ ઉઘડ્યાં. રાણી ભયાનક આપત્તિમાં આવી પડી; તે વાયુના વેગે દોડની ત્યાં આવી લાગી અને મૃત રાજાના મુખનું ચુબન લઇને કહેવા લાગી કે;–"નાથ, મને આમ અનાથ કરીને આપ એકલા ક્યા ચાલ્યા ગયા!"

તે સાહસી રાણીએ તત્કાલ રાજાના શબને ઉપાડીને પોતાના ઘોડાપર મેલ્યુ અને ત્યાર પછી બ્રાહ્મણાબાદ તરફ–કે જ્યા રાજાની પરાજિત થયેલી અડધી પડધી સેના એકત્ર થયેલી હતી ત્યાં–પ્રયાણ કરી ગઇ. રાજાના બીજા એક બે સતાનો પણ ત્યા જ હતાં ત્યા આવી ચિતા રચાવી રાજાના મૃત દેહને આલિગન આપી તે સંતાનો સહિત રાણીએ પતિની ચિતાપર ચઢી પોતાના અશાશ્વત શરીરને બાળીને ભસ્મીભૂત કરી દીધુ! અર્થાત્ પોતાના પતિપ્રેમની અલૌકિકતાનો તેણે સમસ્ત વિશ્વને પરિચય કરાવ્યો.

પરંતુ સુજ્ઞવાચકો, અદ્યાપિ, એ દાહિર દુહિતાઓનો શેષ વૃત્તાંત તો અમારે તમને કહેવાનો જ છે.

રાજા દાહિરનો રણમાં અત થતાં જ તેની બે કન્યાઓના સૌંદર્યમા મુગ્ધ થયેલા મુસલ્માનોએ તેમની આસપાસ ફરી વળીને તત્કાળ તેમને કેદ કરી લીધી અને સરદાર મહમ્મદ કાસિમ સમક્ષ લાવીને હાજર કીધી. મહમ્મદ કાસિમ એ બે પ્રતિરભાને લઇને તરત દમાસ્કસ તર્ફ રવાનો થયો.

* * * * *

જ્યારે એ ઉભય રાજપૂત રમણીને ખલીફા સમક્ષ રજૂ કરવામા આવી, તે વેળાએ તેમના સ્વર્ગીય સૌન્દર્યને જોઇને ખલીફાજી તો એવા મોહમુગ્ધ બની ગયા કે, પોતાના દેહજ્ઞાનને પણ ભૂલી ગયા. વિકારના અતિરેકમાં તેમણે તત્કાળ એવો હુકમ ફર્માવી દીધો કે,–"આ હૂરીઓ જે કાઈ પણ કહેશે, તે માન્ય કરવામા આવશે. એમના વચનનો કદાપિ અનાદર થશે નહિ." એ પછી જનાનખાનાના ખાજાસરાને બોલાવીને

તેણે કહ્યુ કે,–"મુબારક, આ બે પરીપયકરોને જનાનખાનામાં લઈ જાઓ અને બેગમોને છાજે તેવા પોશાક તથા ઘરેણાંથી શણગારો એમનો સફરનો થાક ઉતરશે, ત્યાર પછી હું એમની મુલાકાત લઇશ"

ખલીફાના જનાનામા સર્વ પ્રકારના વૈભવવિલાસની વિપુલતા હોવા છતા એ રાજપૂત રમણીઓ નિરંતર ઉદાસ અને ઉદાસ જ રહ્યા કરતી હતી. વૈરનો બદલો કેવી રીતે લેવો, એનો જે અખડ વિચાર તે જ તેમની ઉદાસીનતાનો મૂળ હેતુ હતો. આરામમાટે તેમને બે માસનો સમય મળેલો હોવાથી તેમણે અતે પોતાની પવિત્રતાને નિષ્કલક રાખવાની અને વૈરના પ્રતિશોધની એક અદ્વિતીય યુક્તિ શોધી કાઢી અને પ્રસગ આવતા તે યુક્તિના ઉપયોગનો નિશ્ચય કરી રાખ્યો.

બે માસ થઈ ગયા પછી ખલીફાએ તેમને પોતાના શયનમદિરમા બોલાવી. એ વેળાએ બન્ને કુમારકાઓ અરબી પોશાકમા સજ્જ થઇને આવી હતી અને તેમનુ સૌન્દર્ય ખલીફાની આંખમાં ઉડીઉડીને બાઝતુ હતુ. પ્રથમ તો ખલીફાએ પૃચ્છયુ કે,–"તમારા મુબારક નામ શા છે ?"

"હજૂર, આ બાન્દિમા સૂર્યદેવીના નામથી ઓળખાય છે" મોટી બહેને વિનયથી કહ્યુ.

"અને આ કનીજને લોકો પ્રેમદેવી કહીને બોલાવે છે.' ન્હાની બહેન બોલી

"ત્યારે સૂર્યદેવી, આજે તમો મારી પાસે રહો અને પ્રેમદેવીને જવા દ્યો. એમનો વારો આવશે ત્યારે એમને પણ બોલાવવામા આવશે" ખલીફાએ કહ્યુ.

પ્રેમદેવી તરત નમન કરીને ચાલતી થઈ.

શયનમદિરના દ્વાર બધ કરવામા આવ્યાં અને ખલીફાએ એકાંતના લાભને લૂટવાની તૈયારી કરી તેણે સૂર્યદેવીને પોતાની પાસે બેસાડી અને તેના હાથને પોતાના હાથમા લઈ આલિગનનો યત્ન કર્યો પરતુ તરત ત્યાથી કૂદીને સૂર્યદેવી હાથ જોડીને ખલીફાની સ્હામે ઉભી રહી અને કહેવા લાગી કે,–"સુલ્તાનેવક્ત, આપણો શરીરસબધ થવા પૂર્વે એક બાબતનો ખુલાસો કરી લેવાની મારી ઇચ્છા છે."

"તને જે ગમે તે પૂછવાની સદર પરવાનગી છે." કામાતુર સુલ્તાને મદોન્મત્ત થઇને આજ્ઞા આપી.

"હુજૂરેવાલાની ઉમ્ર દરાજ હો. મારા ધારવા પ્રમાણે તમારી આ ગુલામ તમારી શય્યાને શોભાવવાને લાયકની નથી કારણ કે, તમારા મુન્સિફ અમીર ઈમાદુદ્દીન મહમ્મદ કાસિમ અમો બને બહેનોને ત્રણ દિવસ સૂધી પોતાના શયનમદિરમા રાખી ચૂકયા છે અને ત્યાર પછી જ

અમને આપ પાસે મોકલવામાં આવી છે. હવે જો તમારામા આવો રિવાજ હોય તો પછી મારે કાંઈ કહેવાનુ નથી; પણ જો તેમ ન હોય, તો આ ભુક્ત શરીર સુલ્તાનના ભોગને યોગ્ય નથી."

સૂર્યદેવીના મુખથી આ વાર્તા સાંભળતાં જ કામાતુર ખલીફ એટલો તો આવેશમા આવી ગયો કે, આગળ પાછળનો કાંઈ પણ વિચાર ન કરતા કાગળ, સિયાહી અને કલમ મગાવીને તેણે મહમ્મદ કાસિમના નામનો એવો એક રુક્કો લખી નાખ્યો કે,–"મહમ્મદ કાસિમે જ્યા હોય ત્યાંથી પોતાના શરીરને કાચા ચામડામાં બધ્ધ કરીને તખ્તગાહમા આવી હાજર થવુ."

કેટલાક દિવસ પછી મહમ્મદ કાસિમના કેટલાક માણસો એક બધ પેટી લઇને ખલીફાના દરબારમા આવી લાગ્યા ખલીફાએ પેટી ઉઘાડીને જોતા તેમા બળદના તાજા કાપી કાઢેલા અને લોહીથી ખરડાયલા ચામડામા મહમ્મદ કાસિમનુ મૃતશરીર જોવામા આવ્યુ "આની આવી હાલત કેમ થઈ?" ખલીફાએ તે માણસોને પૂછ્યુ.

"આલીશાન સુલ્તાન, આપનો રુક્કો મળતા જ સરદારે પોતાના શરીરને કાચા ચામડામા બધ કર્યું અને ત્યાર પછી બે દિવસે એમનો અત થઈ ગયો." તે માણસોએ જવાબ આપ્યો.

ખલીફાએ આનદ પામીને તુરત સૂર્યદેવી તથા પ્રેમદેવીને ત્યા બોલાવી અને મહમ્મદ કાસિમના શબનુ તેમને દર્શન કરાવીને ગર્વસહિત ગભીર સ્વરથી કહ્યુ કે,–"ખલીફાના હુકમની કેવી તામીલ થાય છે, તે આટલાથી જ તમારે જાણી લેવાનુ છે"

ખલીફાની આ ગર્વોક્તિ સાભળીને સૂર્યદેવીએ પોતાના મુખપરથી બુર્કાને દૂર ખસેડી મસ્તકને પૃથ્વીપર નમાવીને મજુલ પરતુ ગભીરતાદર્શક સ્વરથી કહ્યુ કે,–"હૂજૂરેવાલા ઘણુ જીવો અને હમેશા તેમનો જાહોજલાલ વધતો રહો. આપના હુકમની આવી રીતે તરત તામીલ કરવામા આવે છે અને આપના સરદારો આવા વફાદાર છે, એ જોઇને મને ઘણો જ આનદ થાય છે. પરતુ એક સુલ્તાનમા જેટલી બુદ્ધિ, વિચારશીલતા, દીર્ઘદૃષ્ટિ અને વિવેકમતિ તેમ જ પોતાના વફાદાર સરદારોના ગુણોને જાણવાની જેટલી શક્તિ હોવી જોઇએ, તેમાનો શતાશ પણ આપમાં નથી, એ દર્શાવતા મને બેહદ અફસોસ થાય છે"

"એટલે?" ખલીફાએ આખો ચમકાવીને પૂછ્યું.

"એટલે એમ કે, મહમ્મદ કાસિમ જેવા એક વફાદાર અને જાનિસાર સરદારને મારી નાખવામાં આપે મોટી ભૂલ કરી છે, ઉપકારનો બદલો અપકારથી વાળ્યો છે!" પ્રેમદેવીએ કહ્યુ

"તમારા કહેવાના મતલબને હું સમજી શકતો નથી." સુલ્તાને ચીડાઇને કહ્યુ. "આનું મરણ તમારા કારણથીજ થયુ છે. અમાનતમાં ખિયાનત કરનારને મૌતની સજાજ મળવી જોઇએ."

"પણ એ બિચારાએ અમાનતમા ખિયાનત કરીજ ન હોય તો?" સૂર્યદેવીએ ધીમેથી મદ હાસ્ય કરીને કહ્યુ.

"ત્યારે તમે મને ખોટુ બોલીને બહેકાવ્યો?" ખલીફાએ પૂછ્યુ.

"બહેકાવ્યો શુ, બલ્કે બિલ્કુલ બેવકૂફ બનાવ્યો! એણે અમારા રાજ્ય, અમારા દેશ અને અમારી સ્વતત્રતાનો નાશ કરેલો હોવાથી અને અમને શાહજાદીના અવતારમાથી આ ગુલામડીના અવતારમા લાવી મૂકવાથી અમારા મનમા એના પ્રાણ લેવાની આકાક્ષા હોય, એ સ્વાભાવિક છે જ્યારે બળથી કાર્ય થવાનો કોઈ ઉપાય ન રહ્યો ત્યારે અમે પ્રપચ કિવા યુક્તિનો દાવ ચલાવ્યો અને અમારો તે દાવ ફાવ્યો. શત્રુનો આવી બુરી રીતે અત થયો—અમારા વૈરનો બદલો અમને મળી ગયો!" સૂર્યદેવીએ પ્રાણની આશાનો પરિત્યાગ કરી તિરસ્કાર દર્શાવીને એ આવેશયુક્ત વાક્યો ઉચ્ચાર્યા.

"અમે તો અમારા મતલબને પૂરો કરવામાટે ફરેબ લડાવ્યો, પણ જે મહમ્મદ કાસિમે સિંધ અને હિંદના અનેક રાજાઓને તમારા મતિહત બનાવ્યા, અનેક હિંદુઓને મુસલ્માન મજહબમા વટલાવ્યા, દેવમદિરોના સ્થાનમા મસ્જિદ અને મકબરા ચણાવ્યા અને હિન્દુસ્તાનમાં ઇસ્લામના ઝડા ફરકાવ્યા—એટલુ જ નહિ પણ જે અમારા જેવી હજારો હસીન ઔરતોને લાવ્યો અને ખલીફાના વિકારને આટલો બધો વધારી દીધો, તેને તત્કાળ મૌતની સજા ફરમાવતાં તમારા દિમાગમા જરાય ખિયાલ ન આવ્યો? આવા અનેક એહસાનો કરનારના હાથે જો, ધારો કે કોઈ ભૂલ થઈ ગઈ હોય, તોપણ તેને માફી આપવી જોઇએ. પણ કામાતુર રાજા અથવા સુલ્તાન આવા વિવેકને જાણતા નથી—તમારા જેવા હવસપરસ્ત ઇન્સાન સુલ્તાન પદ ભોગવાને બિલ્કુલ લાયક નથી!" પ્રેમદેવીએ લાનત વર્ષાવીને કહ્યુ.

ખલીફાના મદનવિકારનો લોપ થયો અને આ ઉપાલભોથી તેના ચરણનો અગ્નિ મસ્તકે પહોચી ગયો. તરત તેણે હુકમ ફર્માવ્યો કે,— "સિપાહીઓ, આ નાપાક બેબાક કૂતરીઓને અહીથી લઈ જાઓ અને દીવાના હાથીના પગ સાથે બાધી બુરા હાલ કરી મારી નાખો વફાદાર મહમ્મદ કાસિમની લાશને ઇજ્જત અને ધામધમથી દફનાવવાનો ઇન્તેજામ કરો"

"બહેન, તૈયાર." સૂર્યદેવીએ કહ્યુ.

"હોશિયાર." પ્રેમદેવીએ સૂચના આપી.

સિપાહી પકડવા આવે, તે પૂર્વે તો સૂર્યદેવીની કટારે પ્રેમદેવીના વક્ષઃસ્થળમા અને પ્રેમદેવીની કટારે સૂર્યદેવીની છાતીમા પ્રવેશ કરીને પોતાની સ્વામિનિષ્ઠાનો પરિચય કરાવી દીધો. 'રામ' શબ્દના ઉચ્ચાર સાથે ઉભય દાહિરદુહિતા વીર ભગિનીઓએ આ નશ્વર સંસારને ત્યાગી પરલોકના માર્ગનો સ્વીકાર કરી લીધો.

ખલીફાની નિરાશાનો અવધિ થયો

દમાસ્કસના લોકો હજી પણ એ બે રાજપૂતબાળાઓની હિમત અને બહાદરીના વખાણ કર્યા કરે છે.

પુત્રીઓ હોય, તો આવી જ હોજો.

વીરકન્યા મુકુટકુમારી.

આપણા પ્રસ્તુત કથાનકનો કાળ ઈ સ. ૧૦૧૭ નો છે. ગજનવી વંશનો સુલ્તાન મહમૂદશાહ ગજનવી દ્રવ્યલોભથી ઉન્મત્ત બનીને એ સમયમાં ભારતવર્ષના ભિન્ન ભિન્ન ભાગોપર આક્રમણ કરીને લૂટફાટ કરવાના વ્યવસાયમા નિમગ્ન થયેલો હતો. એ સુલ્તાને હિદુસ્તાનપર બધી મળીને સત્તર સ્વારીઓ કરવાનુ ઇતિહાસમા લખેલુ છે. એ મહત્ત્વાકાક્ષી સુલ્તાન એ રહસ્યને તો બરાબર જાણી ગયો હતો કે, ભારતવર્ષના ભિન્ન ભિન્ન રાજાઓમા પરસ્પર અત કલેશ બહુ જ વધી ગયો છે અને તેથી જો આપણે હિદુસ્તાનમા ધમાચકડી મચાવીશુ તો તેથી ધનનો લાભ થવાની સાથે કદાચિત્ રાજ્યવૃદ્ધિ અને કીર્ત્તિની પ્રાપ્તિ પણ થશે

સુલ્તાન મહમૂદ ગજનવી જો કે ધનલોભી હતો, તોપણ તેનામાં ચાતુર્ય, પરાક્રમ, દીર્ઘોદ્યોગશીલતા અને સાહસઆદિ ગુણોનો પૂર્ણ નિવાસ હતો. પોતાના અપરિમિત ધનસચયનો તેણે કદાપિ દુરુપયોગ કર્યો ન હોતો. હિદુસ્તાનમાંના કેટલાક કુશળ શિલ્પકારોને ગિજનીમાં લઈ જઇને તેણે શિલ્પકળાને ઉત્તેજન આપ્યુ હતુ અને સ્ફટિક પાષાણના રત્નાકિત સુદર સદનો બધાવીને સમસ્ત ગિજની નગરને સુશોભિત બનાવી દીધુ હતુ! પરંતુ એ સર્વ ભારતવર્ષની સપત્તિનુજ પરિણામ હતુ, તે ભૂલી જવાનુ નથી! અસ્તુ.

એ બાદશાહ વિદ્વાનોને ચાહનારો હતો. વિદ્વાનોના ચરિતાર્થને ચલાવવામાટે તેણે એક લાખ રૂપિયા જૂદા કાઢી રાખ્યા હતા, એમ

એક સ્થળે લખેલું છે. તેમ જ મહમ્મદીયધર્મના પ્રચારમાટે તેણે કોઈપર કશોય અત્યાચાર કર્યો ન હોતો કિંવા અન્યાય ભરેલા કરો પણ નાખ્યા ન હોતા. હિંદુસ્તાનના લોકો પાસેથી જેટલું નીકળી શકે તેટલું ધન કઢાવીને અને હિંદુઓને પકડીને ગિજનીમા લઈ જવા, એ જ એક તેનો ઇષ્ટ હેતુ હતો. તે એટલા બધા હિંદુઓને પકડીને ગિજનીમાં લઈ ગયો હતો કે, એક એક મનુષ્યની બબ્બે અને અઢી અઢી રૂપિયા જેટલી નામની કીમત કરી નાખવા છતાં પણ તેમને ગુલામ તરીકે કોઈ ખરીદતુ નહોતુ

આપણા કથાનક અને ઈ સ ૧૦૧૭ નો પરસ્પર બહુ જ ગાઢ સબંધ છે કારણ કે, ઈ. સ. ૧૦૧૭ માં સુલ્તાન મહમૂદે નવમી સ્વારી કનોજપર કરી હતી, અને એ જ સમયમાં આપણા પ્રસ્તુત કથાનકમાની શૌર્યપૂર્ણ ઘટના બની હતી. એ સ્વારી વખતે સુલ્તાન મહમૂદે બહુ જ દૂર સૂધી સફર મારી હતી, અને સમસ્ત અયોધ્યાપ્રાતને પણ તે પોતાના અધિકારમા લાવવાને મથતો હતો પરતુ તેનો એ પ્રયત્ન અતે નિષ્ફળ થઈ ગયો. મહમૂદની પછી તેના ભાણેજ સઇયદ સાલાર મસઊદે પણ અયોધ્યા પ્રાતપર ચટાઈ કરી હતી, પરતુ તે વેળાએ અયોધ્યાના સર્વ સારથાનિકોએ એકમત થઇને અતે તેને પણ તીવ્ર બાણવડે ગતપ્રાણ કરી નાખ્યો (ઈ સ. ૧૦૩૩).

પરતુ જે વેળાએ સુલ્તાન મહમૂદે કનોજપર સ્વારી કરી, તે વેળાએ ત્યાના રાજા કુંવરરાયે પોતા પાસે યુદ્ધના પૂરતા સાધનો ન હોવાથી શત્રુને શરણે જઇને પોતાનુ તથા પોતાના રાજ્યનુ રક્ષણ કર્યું એ જ કુંવરરાયનો સજ્જનસિહ નામક એક આપ્તસબધી પવિત્ર ગગાતીરસ્થ કાનપુર પાસેના કિસોરા નામક એક ન્હાના સસ્થાનનો અધિપતિ હતો. મુકુટકુમારી તે એ સજ્જનસિહનીજ કન્યા સજ્જનસિહ ઠાકોર જાતિનો ક્ષત્રિય હતો કેટલાક વર્ષ પર્યન્ત તે કાનપુરના રાજાનો માડલિક હતો; પરતુ યવનોએ જે સમયમા અયોધ્યાપર હલ્લા કરવા માડ્યા, તે વેળાએ બીજા સાસ્થાનિકો તેમનો પ્રતિકાર કરવામા ગુથાયલા હતા, એટલે એ પ્રસગનો લાભ લઇને કિસોરાનો સસ્થાનિક પોતાને સ્વતત્ર રાજા તરીકે ઓળખાવવા લાગ્યો. કિસોરા સસ્થાન જે સ્વતત્ર થયુ, તે કેવળ નામ માત્ર જ સ્વતત્ર થયુ નહોતુ, કિન્તુ સજ્જનસિહના શૌર્ય અને અભિમાનના યોગે જ સ્વતત્ર થયુ હતુ. સજ્જનસિહને બે સતાનો હતા—એક પુત્ર અને એક પુત્રી. પુત્રનુ નામ લક્ષ્મણસિહ અને પુત્રીનુ નામ મુકુટકુમારી. મુકુટકુમારી સૌન્દર્યની સાક્ષાત્ પ્રતિમા હતી તેના સૌન્દર્યમાં નીચ કુતુબુદ્દીન આસક્ત થયો હતો અને તેને મેળવવામાટેના તેના

પ્રયત્નો ચાલુજ હતા. તે એટલુ તો સારી રીતે જાણતો હતો કે, "જો આપણે સજ્જનસિહને ભય બતાવીને કન્યાની માગણી કરીશુ, તો તો તે કદાપિ પોતાની કન્યા આપવાનો નથી; કિન્તુ આપણી અલ્પસત્તાનો કદાચિત્ નાશ કરી નાખશે." એથી પાપાત્મા કુતુબુદ્દીન ધીમે ધીમે પોતાની સત્તાને વધારીને દઢ કરવાનો યત્ન કરતો હતો.

સુલ્તાન મહમૂદની ઉપર્યુક્ત સ્વારી પછી પણ કેટલાંક વર્ષ પર્યંત પુણ્યસલિલા ગંગાના પ્રવાહથી જલપૂર્ણ અને સુસમૃદ્ધ, વિવિધ વૃક્ષોની અનેકવિધ પક્તિઓથી વેષ્ટિત, વિહગમોના મધુર કલરવવડે નિનાદિત, સુદરલતા, મનોહર ઉદ્યાન અને સુમનોના સસર્ગથી સુગંધિત, ધનસપન્ન અને સૃષ્ટિસૌન્દર્યના આદિસ્થાન અયોધ્યાપ્રાતમા મુગ્ધ થઇને વિલાસપ્રિય મુસલ્માનોએ તે પ્રાતને પોતાના તાબામા કરી લેવાના યત્નો ચલાવેલા હોવા જોઇએ, એમ સ્પષ્ટ દેખાઈ આવે છે સુલ્તાન મહમૂદે એ સૃષ્ટિસૌન્દર્યના સુખનો આસ્વાદ લેવામાટે એ પ્રાતમા એકદર ચાર વર્ષપર્યન્ત પોતાનો મુકામ કર્યો હતો, એવો તર્ક કરી શકાય છે.

જ્યાસૂધી સુલ્તાન મહમૂદનો ત્યા મુકામ હતો, ત્યાં સૂધી કેટલાક સરદારો ત્યા જ પોતાની વસતિ કરવાના ઉદ્યોગમા હતા, અને એ ચેષ્ટા તેમને સારી લાભકારક પણ થઈ પડી. કારણ કે, તે પ્રદેશમા મહમૂદના પરાક્રમોનો લોકોને સારો પરિચય થયેલો હતો અને તેથી મહમૂદના નામથીજ કેટલાક સરદારો ન્હાના ન્હાના ગામોના ખાસા મઝાના માલેક બની બેઠા. પરતુ અયોધ્યાના ઇતર સસ્થાનિકોનુ એ તરફ કાંઇપણ ધ્યાન નહોતુ કારણ કે, મહમૂદ જેવો એક પ્રબળ શત્રુ જ તેમને મહાત્રાસદાયક થઈ પડ્યો હતો અને તેથી પ્રથમ તેને ત્યાથી હાકી કાઢવાની વધારે અગત્ય હતી એ જ ધમાધમીમા કુતુબુદ્દીને પણ કેટલાક ગામો દબાવીને ત્યા પોતાનો અધિકાર જમાવ્યો હતો. અસ્તુ, હવે આપણે આપણા મૂળ કથાનકપ્રતિ વળીએ.

સજ્જનસિહે પઠાણો સાથે અનેકવાર તુમુલ યુદ્ધ કરીને કિસોરા સંસ્થાનનો અનેકવાર બચાવ કર્યો હતો. કાનપુરપર હલ્લો લઈ જતી ટોળીઓ અર્ધાંશે કિસોરા સસ્થાનપર પણ આવી અથડાતી હતી, પરતુ સજ્જનસિહના સાહસ અને શૌર્ય સમક્ષ તેમનો ટકાવ થઈ શકતો નહિ. કિસોરા સસ્થાન ન્હાનુ પણ ફળદ્રૂપ હતુ, કારણ કે, પરમ પવિત્ર પુણ્યસલિલા ગંગા નદીનો જલપ્રવાહ કિસોરાને લાગીનેજ વહન કરતો હતો અને તેથી તે સસ્થાન ધનધાન્યસમૃદ્ધ હોય, તો તેમા આશ્ચર્ય શાનુ વાર?

સજ્જનસિંહે કિમોરા નગરની આસપાસ મજબૂત કિલ્લો બંધાવ્યો હતો અને ત્યાં સૈન્યની સારી વ્યવસ્થા કરી રાખી હતી પઠાણો ગમે તેવા અને ગમે તેટલા યત્ન કરે, તોપણ પોતાના જીવનકાળમા તો કિમોરા સસ્થાનની સ્વતત્રતાનો સહાર ન જ થવા દેવો, એ સજ્જનસિંહનો એક માત્ર જીવનમત્ર અને દઢ નિશ્ચય હતો.

એવા તેજસ્વી રાજપૂત વીરના સંતાનો પણ તેજસ્વી હોય, એ સર્વથા સ્વાભાવિક જ છે લક્ષ્મણસિંહ પોતાના પિતાની પ્રતિમૂર્તિ જ હતો અને મુકુટકુમારીએ પણ ક્ષાત્રકર્મમા સપૂર્ણ નિપુણતા પ્રાપ્ત કરી હતી. તે શરસંધાન કરવામાં એવી તો કુશળ હતી કે, તેને રાજપૂતો શરસધાનનિપુણ પૌરાણિક પ્રમદાઓ સમાન માન આપતા હતા, તેમ જ મુકુટકુમારીને માનવકન્યા નહિ કિંતુ દેવકન્યા જ સમજતા હતા. એકવાર મુસલ્માનો સાથે થયેલા યુદ્ધમા વિજય મેળવીને જ્યારે ડાબા હાથમા શત્રુના લોહીથી ખરડાયલો લાબો ભાલો અને જમણા હાથમાં રક્તમાસથી લેપાયલી તલવારને લઈ અશ્વારૂઢ મુકુટકુમારી નગરના દ્વારમાં પ્રવેશ કરતી હતી, તે વેળાએ એ દેવકન્યાને જોઇને સર્વ લોકોએ તેનો ઉત્સાહપૂર્ણ અને ગગનભેદક ધ્વનિથી મહા જયજયકાર કર્યો હતો !

લક્ષ્મણસિંહ અને મુકુટકુમારીની માતા તેમને બાલ્યાવસ્થામાં જ મૂકીને સ્વર્ગવાસિની થઈ હતી, અને એ બધુ તથા ભગિની પોતપોતામા હળીમળીને આનદમા રહેતા હતા. એ ઉભયને મૃગયાનો–શિકારનો–ઘણો જ શોક હતો. એક દિવસ ભગવાન્ અંશુમાલીના અસ્તાચલ ગમનમાં લગભગ અર્ધ પ્રહરનો વિલબ હતો, તે સમયે શસ્ત્રાસ્ત્ર ધારણ કરી અશ્વારૂઢ થઇને એ ઉભય બધુભગિની પિતાની આજ્ઞા લઈ પવિત્ર સલિલા ગગાની આસપાસના પ્રદેશમા મૃગયા કરવાને નીકળ્યા કિમોરાના જે ભાગમાથી ગગાનો પ્રવાહ વહેતો હતો, તે પ્રદેશમા તે બને જઈ પહોંચ્યા. તેમના અશ્વો ધીમે ધીમે ચાલ્યા જતા હતા. સાયકાલીન શીતળ વાયુનો આસ્વાદ લેતા લેતા તેઓ એક વહેળા પાસે આવી લાગ્યાં અને ત્યા તેમની વચ્ચે નીચે પ્રમાણેનો સવાદ ચાલ્યો –

"બહેન, તારુ કહેવુ એમ છે કે, તુ મારા કરતાં વધારે સંખ્યામા પઠાણોને મારીશ, ખરું ને?"

"હા, ભાઈ, વધારે નહિ તો તારા કરતાં એક પઠાણને તો અધિક મારવાની જ."

"પણ બહેન, પુરુષના બળની તને કલ્પના છે ખરી કે?"

"ત્યારે ભાઈ, તુ મને સર્વથા નિર્બળ અને અશક્ત જ ધારે છે કે શુ? અવસ્ય તારા કરતા હુ વધારે પઠાણોના પ્રાણ લઈશ!"

તેમનો આ સંવાદ ચાલતો હતો તેવામા 'અય કાફિરો, મુહ સમ્હાલ કર બોલો' એવો અવાજ અચાનક પાસેની ઘાસની ગઝીમાંથી સભળાયો અને તત્કાળ બે ઘોડાઓ સ્ સ્ કરતા લક્ષ્મણસિહના ઘોડાની ગર્દન સાથે આવીને અથડાયા. આ ચમત્કારને જોઇને ક્ષણેક તો તે વીર બધુ ભગિની સ્તબ્ધ થઈ ગયાં, પણ પછી સત્વરજ તે સર્વ પ્રકાર તેમના જાણવામાં આવી ગયો. પઠાણોને જોતાંજ મુકુટકુમારી વિકટ હાસ્ય કરીને કહેવા લાગી કે,—

"બધો, હવે કોની તલવાર વધારે પઠાણોનાં મસ્તકોને ધૂળ ચાટતાં કરે છે, તે જોવાનું છે"

"ત્યારે, બહેન, જોઈ લેજે હવે આ તારા વીર બાધવની તલવારનો તમાશો!" એમ કહીને તરત તે પઠાણને ઉદ્દેશીને તેણે કહ્યુ કે,—"આવ, શયતાનજાદા, રાજપૂતોને કાફિર કહે છે કે? સભાળ તારી જબાન અને પકડી લે મયદાન." એ શબ્દો ઉચ્ચારતાની સાથેજ પોતાના ઘોડાને તેણે પઠાણના અગપર દપટાવ્યો અને વીરોએ પોતાના શસ્ત્રોને સજ્જ કર્યા એટલામાં બીજા દશ બાર પઠાણો લાઠીઓ લઇને તેની સ્હામા ધસી આવ્યા, પરતુ તે સર્વનો કાંઈ પણ ઉપાય ચાલી શકયો નહિ મુકુટકુમારી અને લક્ષ્મણસિહના ભાલાના પ્રથમ પ્રહારેજ અનુક્રમે ત્રણ અને પાચ પઠાણોના બળિદાન લીધા! લક્ષ્મણસિહ પોતાની ભગિનીને હર્ષથી કહેવા લાગ્યો કે.—"બહેન, તારા ભાલાએ તો ત્રણ પઠાણોનેજ માર્યા અને મારા ભાલથી પાંચના પ્રાણ હરાયા!" આ શબ્દો અભિમાની બાળાના હૃદયમા બાણ સમાન લાગ્યા અને તેથી તરત તેણે શરસધાન કરીને બીજા બે પઠાણોને ઠાર કરી નાખ્યા. બાકીના બે પઠાણો જીવ લઇને ગચ્છતી કરી ગયા. અતે શિકારોની સરખાસરખી થઈ ગઈ, એટલે બંધુભગિની વચ્ચેના કલહનો અત આવી ગયો. એ પછી આનદ પામતા તેઓ રાજમહાલયમા પાછા આવ્યા એ વૃત્તાંત સાભળીને સજ્જનસિહના હૃદયમા આનદ અને અભિમાનનો અતિરેક થયો.

તે દિવસ તો આનદમા નીકળી ગયો, પણ સર્વ દિવસ એક સરખી રીતેજ આનદમા જવા જોઇએ, એવો કાંઈ નિયમ નથી. આજે આપણે આનદસાગરમાં વિહરીએ છીએ, પણ આવતી કાલે પણ એવો જ પ્રકાર હશે કે કેમ, એ કાંઈ કહી શકાતું નથી. કારણ કે, આનદ અને દુ.ખ, હાસ્ય અને રુદન; તથા સપત્તિ અને આપત્તિ, એ સર્વ પ્રકૃતિના ક્ષણક્ષણના બદલાતા ખેલો છે. એથીજ કહેવામાં આવ્યું છે કે, "कालस्य कुटिला गतिः"

હજી તો બીજો દિવસ ઊગે છે, એટલામાં તો કિસોરાપર નવીન

સંકટ આવવાના ચિન્હો દેખાવા માંડ્યાં. ઉપર્યુક્ત બે ન્હાસી ગએલા પઠાણોએ કુતુબુદ્દીન પાસે જઇને પોતાની થયેલી દુર્દશાનો યથાવત્ વૃત્તાત કહી સંભળાવ્યો. એ વૃત્તાત સાંભળવાથી કુતુબુદ્દીનને પોતાના કાર્યને સિદ્ધ કરી લેવાનો અચાનક પ્રસંગ આવી મળ્યો. કારણ કે, કિસોરા સસ્થાન અથવા તો કિસોરા નગરને લલામભૂત થએલી સ્વરૂપશાલિની વીરકન્યા મુકુટકુમારી પોતાને પ્રાપ્ત થાય, એ તેની પ્રથમથીજ પરમ ભાવના હતી ત્વરિત તેણે પોતાના સરદારોને લડાઇની તૈયારી કરવાનો હુકમ આપી દીધો, અને સજ્જનસિહને એવો સદેશો પાઠવ્યો કે,–"તમારી પુત્રીએ મારી પ્રજાને બહુજ ત્રાસ આપવા માંડ્યો છે, એમ મારા જાણવામા આવ્યુ છે. એટલા માટે જો પોતાની સ્વતત્રતાને કાયમ રાખવાનો તમારો મનોભાવ હોય, તો તમે તમારી પુત્રીને મારા તાબામા સોંપો અને નહિ તો આ ક્ષણેજ લડાઇમાટે તૈયાર થઇ જાઓ!" આ ઉદ્ધત સદેશો સાંભળીને સજ્જનસિહ અને તેના અનુયાયી જનોના મનમા કોપનો અગ્નિ પ્રજળી ઉઠ્યો. સજ્જનસિહે તે સદેશાનુ ઉત્તર આપતા જણાવ્યુ કે,–"કિસોરાના સમસ્ત નાગરિકો પોતાના પ્રાણ અર્પશે, પણ પોતાના કુળને કલકિત કરનાર કૃત્ય આચરશે નહિ આ અવનીમા રાજપૂતોએ જે જન્મ ધારણ કરેલો છે, તે કેવળ દુષ્ટ યવનોનો વિનાશ કરવામાટેજ!" આ ઉત્તર સાંભળીને કુતુબુદ્દીનના કોપનો અવધિ થયો અને તેથી તે મોટી ફોજ લઇને કિસોરા નગરપર ચઢી આવ્યો. કિસોરાપર આ એક મહા સકટ આવી પડ્યુ!

પરતુ રાજપૂત વીરો લેશ માત્ર પણ ભયભીત ન થયા કારણ કે, તેમણે પણ યુદ્ધની તૈયારી કરી રાખી હતી. મરણ પર્યન્ત પોતાની સ્વાધીનતાનુ રક્ષણ કરવુજ, એવો તેમનો દઢ નિર્ધાર હતો. પ્રત્યેક રાજપૂત વીર પોતાના કુળમાટે, પોતાના પ્રાણ કરતા પણ પ્રિયતર સ્વાતત્ર્યમાટે અને પોતાની જન્મભૂમિમાટે "शरीर पातयेयम् कार्य वा साधयेयम्" એવા દઢ નિશ્ચયવડે શસ્ત્રાસ્ત્રમડિત થઇને શત્રુની માર્ગપ્રતીક્ષા કરતા નગરના દુર્ગની અદર એકત્ર થયા હતા. એ પછી શત્રુસેનાએ કિલ્લાને બહારથી ઘેરી લીધો, અને કુતુબુદ્દીને પુન. સદેશો મોકલ્યો કે,–"હજી પણ સમજી જાઓ તો સારુ મુકુટકુમારીને મારા હાથમા આપી પોતાની સ્વતંત્રતાનો બચાવ કરો" પરતુ આવા ઉપમર્દને સહન કરી જાય એટલા બધા રાજપૂત વીરો ભીરુ નહોતા. "અમે અમારા શસ્ત્રાસ્ત્રવડેજ અમારી સ્વતત્રતાનો બચાવ કરીશુ!" એવો તેમણે ચોખ્ખો જવાબ સભળાવી દીધો, એટલે યુદ્ધવિના અન્ય ઉપાય ન હોવાથી યુદ્ધનો આરભ થયો.

એ વેળાએ ઉત્તર તરફના એક ઉચ્ચ બુર્જપર બે તરુણવીરો પોતાના ધનુષ્યબાણને સજ્જ કરતા ઉભા હતા. બન્નેનો આદર્શ પ્રેક્ષણીય હતો અને ઉભયનાં મુખમંડળો અતિશય મનોહર દેખાતાં હતાં પરંતુ એ બે તરુણોમાંના એકની મુખાકૃતિમા સૌકુમાર્યની છટા વિશેષ વિલસતી હતી–એટલે કે, તેની મુખાકૃતિ અત્યંત નયનમનોહર હતી! વાચકવૃન્દ, એ તરુણ કોણ હશે વારુ? એ અન્ય કોઈ નહિ, પણ તે વીરવેષધારિણી વીર–કન્યા આપણી કથાનાયિકા મુકુટકુમારી જ હતી. તેનાં નેત્રોમાંથી અત્યારે પ્રત્યક્ષ પાવકનો જ વર્ષાવ થતો હતો. યુદ્ધનો આરંભ થતાની સાથે જ મુસલ્માનોએ પ્રથમ કિલ્લાના દરવાજાપર હલ્લો કરી ધારને તોડીને અદર પેસવાનો રસ્તો કરી લીધો અને તેઓ કિલ્લામા પ્રવેશ કરવા લાગ્યા. રાજપૂતોએ મહા પરાક્રમથી તેમને બે વાર પાછા હટાવ્યા; પણ અંતે શત્રુઓએ એકવારનો અંદર પ્રવેશ કર્યો જ. એ પછીના તુમુલ યુદ્ધમાં ભીષ્મ પરાક્રમનો પરિચય કરાવીને સજ્જનસિહ સ્વર્ગવાસી થયો અને રાજપૂતોનો પક્ષ નિર્બળ થઈ ગયો.

બુર્જપરથી લક્ષ્મણસિહ અને મુકુટકુમારી શત્રુઓપર બાણોની અખડ વૃષ્ટિ વર્ષાવતાં હતાં. સજ્જનસિહના પતનથી મુસલ્માન સૈન્યમાં જયધ્વનિ થવા લાગ્યો અને સમસ્ત નગરમા મુસલ્માન સૈનિકોનો પ્રસાર થઈ ગયો. બાણોની વૃષ્ટિથી મુસલ્માનોના અનેક સૈનિકો પટાપટ મરવા લાગ્યા. તેમના એ હસ્તલાઘવને જોઇને કુતુબુદ્દીન આશ્ચર્યચકિત થઈ ગયો અને તરત તેણે આજ્ઞા કરી કે,–"મારા બહાદુર સરદારો, તમે ગમે તેમ કરીને પણ આ સુકુમાર તરુણ–મુકુટકુમારી–ને સજીવન અવસ્થામા જ પકડી લાવો. જે કોઇપણ આ કાર્ય કરશે, તેને ઇનામથી હું નિહાલ ક........" આ વાકય પૂરુ થવા પહેલાં તો કુતુબુદ્દીન નિશ્ચેષ્ટ થઇને ધડાક દેતો કે પૃથ્વીપર પટકાઈ પડ્યો. તેના સરદારો અને સૈનિકોએ તેને સાવધ કરવાના અનેક પ્રયત્નો કર્યા, પરતુ તેના પ્રાણ તો પડતાની સાથે જ પ્રયાણ કરી ગયેલા હોવાથી તેમના સર્વ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. કુતુબુદ્દીને મુકુટકુમારી તરફ અંગુલીનિર્દેશ કર્યો, તે ક્ષણે જ મુકુટકુમારીએ પોતાના અનિવાર્ય શરસંધાનથી તેને ઠાર કરી નાખ્યો. એ પછી કુતુબુદ્દીનના અનુયાયી જનો 'દીન દીન' કરતા વેગથી તે બુર્જપર ચઢી ગયા. એ કટાકટીના પ્રસગે મુકુટકુમારીએ જે વીરતાનો પરિચય કરાવ્યો, તે વીરતા તો ખરેખર અલૌકિક જ હતી. તેણે એકદર એંસી પઠાણોને ઠાર કરી નાખ્યા; અને પછી મુસલ્માન સૈનિકોને બહુ જ પાસે આવેલા જોઇને તેણે લક્ષ્મણસિહને કહ્યું કે;–"હવે મારુ રક્ષણ તારે કરવાનું છે." પણ હવે રક્ષણનો કોઈ માર્ગ અવશિષ્ટ રહ્યો જ ન

હોતો છતાં એક અલૌકિક યુક્તિથી બધુએ પોતાની પ્રિય ભગિનીનું સંરક્ષણ કર્યું. તે એવી રીતે કે, પોતાની ભગિનીના પવિત્ર દેહને યવનોનો હસ્તસ્પર્શ ન થવા પામે, એટલા માટે તે દેશવીરે તત્કાળ પોતાની તીક્ષ્ણ ધારવાળી તલવારને મ્યાનમાંથી બહાર કાઢી લીધી અને મમતાના આવરણને દૂર કરી મુકુટકુમારીની, યવનસ્પર્શના ભયથી તે ક્ષણે જ મુક્તિ કરી નાખી ! અતે વીર લક્ષ્મણસિંહ પોતે પણ યુદ્ધમા કામ આવ્યો

અહાહાહા—રાજસ્થાનમાંનાં ગ્રામ્યજનો પણ અત્યાર સુધી મુકુટકુમારીનાં પરાક્રમોના સ્તુતિસ્તોત્રો સદ્ગદિત અન્ત કરણથી ગાયા કરે છે.

"વીરકન્યકા મુકુટકુમારી, વિમલ કીર્તિ જેની ભવ માય,
સમસ્ત રાજસ્થાન આજ પણ યશોગાન જેના અતિ ગાય,
જન્મ ભારતે એવી કન્યાનો જો ગૃહ ગૃહ માહીં થાય,
ઉદય થાય સત્વર ભારતનો એમા સશય નહી જરાય"

પ્રતિજ્ઞાપાલક વીર અવીક્ષિત્

(લેખક ધનશકર હીરાશકર ત્રિપાઠી)

"કાતો બોલ બોલીએ ના
બોલીએ તો ડોલીએ ના
બોલ ઐસો બોલીએ
જો બોલીએ સો કીજીએ."

ઇક્ષ્વાકુના ભાઈ દિષ્ટના વશમા મહારાજ કરન્ધમનો જન્મ થયો હતો. તેની સ્વયવરલબ્ધા રાણીનુ નામ વીરા હતુ આ ટુકી વાર્તાનો નાયક અવીક્ષિત્, ઉપર્યુક્ત રાજદમ્પતીનુ સતાન હતુ. હિન્દીમાં કહેવત છે કે;

"હોનહાર વીરવાન કે હોત ચીકને પાત."

એ પ્રમાણે અવીક્ષિત્નુ બાળપણનુ લાવણ્ય, તેની બુદ્ધિ, શૌર્ય અને પરાક્રમ ઘણી પ્રશંસાને પામ્યા હતા પોતાના સમસ્ત જીવન દરમ્યાન આ શૂરવીર નરે અનેક યુદ્ધોમા ભાગ લીધો હતો. તેનુ પ્રતાપી નામ સાભળીને અનેક રાજા મહારાજાઓ થરથર કપતા હતા.

અવીક્ષિતનું વય ૨૦ વર્ષનુ થતા જ તેનામા વીરતા દીપી નીકળી હતી. એ નાની વયમાં જ તેણે ઘણી કીર્તિ મેળવી હતી જેથી તેના માતાપિતા અને અન્ય સંબધીઓ હર્ષ પામ્યા હતા. એ વખતે મહારાજા વિશાલની સુતાનો સ્વયવર થવાનો હતો. પૃથ્વીના ઘણા રાજકુમારોને નિમન્ત્રણપત્રિકાઓ મોકલવામાં આવી હતી, જેમાં રાજનન્દન અવીક્ષિત્ને પણ એક મળી

* એક પૌરાણિક કથા ઉપરથી

હતી. વિશાલનન્દિનીના રૂપની પ્રશંસા દિગન્તમાં વ્યાપ્ત હતી. આથી અવીક્ષિતને નિમંત્રણ મળતાં, તે પોતાના અનુચરો સાથે ઉલ્લસિત હૃદયે ગયો.

વિશાલ નગરમા સ્વયંવરની ભારે તૈયારીઓ થઈ હતી. નગરના દરેક રસ્તા ઉપર ધ્વજા પતાકાઓ રોપી દેવામાં આવી હતી પ્રજાગણનાં મકાનો રાજખર્ચે રગવામા આવ્યા હતા. અનેક સ્થળોએ કમાનદાર દરવાજાઓ ઉભા કરવામાં આવ્યા હતા; અને તેમની ઉપર સુનેરી અક્ષરોથી અનેક સુભાષિત મન્ત્રો અને સૂત્રો લખવામા આવ્યાં હતાં. વિવિધ રાજકુમારો અને તેમના અનુચરોના ઉતારા માટે સન્માનકારિણી મડળીએ દરેક પ્રકારની સગવડો કરી રાખી હતી અને કહો કે પાણી માગતા દુધના કટોરા તેઓ સમક્ષ રજુ કરી દેવા જેવા સર્વ સાધનો રાખવામાં આવ્યાં હતા. સ્વયવર માટે નિયત થયેલી મિતિથી બે ત્રણ દિન અગાઉથી રાજકુમારોએ આવવા માડ્યુ હતુ સર્વના ચિત્તમા એક જ ઉત્કટ ઇચ્છા ઘોળાતી હતી અને તે એ જ કે "રાજનન્દિની મને વરે તો ઠીક." એમ કરતા કરતા, રાજ-સ્વયંવરનો માંગલિક દિન આવી લાગ્યો. તે દિને પ્રાત કાલે આઠ વાગે વિશાલરાજે એક મોટો દરબાર ભરી, સર્વને જાહેર સત્કાર આપ્યો અને વિધવિધ રાજકુમારોના દર્શન કરવા પોતે ભાગ્યશાળી બન્યા, તે માટે પોતાનો હર્ષ દર્શાવ્યો. સ્વયવરનો શુભ સમય રાત્રિના આઠનો હતો. રાજકુમારોને એ આખો દિવસ એક યુગ જેટલો લાબો લાગ્યો. પરતુ એ દિવસ તેમણે ટાપટીપ અને બીજી તૈયારીઓમા પસાર કર્યો. કોઇક પોતાનો ઠાઠમાઠ બતાવવા માટે, કાંઈ કાંઈ વેષ સજતા; પોતાના વસ્ત્રાભૂષણોને વારવાર જોઈ, બીજા રાજકુમારો સાથે તેની તુલના કરતા અને એક બીજાથી સરસાઈ મેળવવા પોતાની પાસેના સૌથી મૂલ્યવાન્ આભૂષણો પહેરતા એ પછી સાજના સાત વાગ્યાથી સ્વયવરમંડપ આગળ રાજકુમારોની ગાડીઓ, પાલખીઓ, રથ અને એવા જ વાહનો આવવા લાગ્યાં, અને તેમાથી જરજવાહિરથી મઢાયલાં પૂતળાંની માફક, કઈ કઈ પ્રકારની ટાપટીપવાળા રાજકુમારો, બહાર નિ સરી, મડપમા દમામદાર પ્રકારથી પ્રવેશ કરવા લાગ્યા. મડપમા વિશાલરાજ તેઓને પુન. ઘટિત આવકાર આપી, યોગ્યાસનો ઉપર બેસાડતા. એ વખતની ભવ્યતા અને એ વખતનો ભપકાભર્યો દેખાવ આખને આજી નાખે એવા હતા.

બરોબર આઠ વાગતા, મહારાજાના સિહાસનની પાછળનુ દ્વાર ઉઘડ્યુ અને તેમાથી લાવણ્યમયી રાજકુમારી મદગતિથી બહાર આવી. તેની પછવાડે તેની બે સખીઓ હતી. બધા રાજકુમારોની દૃષ્ટિ એકી વખતે એ સ્વરૂપ-સુન્દરી પ્રત્યે ગઈ. એ સુરસુન્દરીનુ દાસત્વ સ્વીકારવા સર્વ તૈયાર થઈ ગયા. સર્વના હૃદયમાં એક જ પ્રકારનુ કપન શરુ થઈ ગયુ. શરીરો ઉષ્ણુ

બની ગયાં અને મન, એક સાત્ત્વિક ભાવમય બની ગયાં. એ પછી જ્યારે જૂદા જૂદા રાજકુમારોને પોતાના પ્રતિસ્પર્ધીઓના અસ્તિત્વના વિચારો આવ્યા ત્યારે એ દરબારમા એ જ વખતે સાત્વિક ભાવને બદલે ઇર્ષ્યા, અહકાર, ક્રોધ, કીર્તિની લાલસા આદિ ભાવ ઘણાંખરાના મનમા પ્રકટી રહ્યાં.

રાજકુમારીની એક સખી આગળ ચાલવા લાગી અને એક પાછળ ચાલવા લાગી આગળ ચાલનારીએ દરેક નૃપતિસુતનાં નામ, કુલ, યશ, શક્તિ વગેરેનાં વર્ણન શરુ કર્યાં. એ વર્ણનમાં પોતાના મનની ઇચ્છાનુસાર, જે કોઈ રાજપુત્રના ગુણો મળતા ન આવ્યા તેને પડતો મૂકી, રાજકુમારી, પોતાની હંસગતિથી આગળ વધવા લાગી. એ પ્રસગે અસ્વીકૃત રાજકુમારોની સ્થિતિ કેવી હતી, એ કવિકુલગુરુ કાલિદાસના નીચેના શ્લોક ઉપરથી સારી રીતે સમજી શકાશે —

> सञ्चारिणी दीपशिखेव रात्रा य य व्यतीयाय पतिम्वरा सा ।
> नरेन्द्रमार्गाट्ट इव प्रपेदे विवर्णभाव स स भूमिपाल ॥

ક્રમશઃ રાજકુમારી, કુમાર અવીક્ષિત્ પાસેથી પણ પસાર થઈ ગઈ. અવીક્ષિત્, આ ઘટના જોઈ પ્રથમ તો દિલગીર થયો, પરન્તુ પાછળથી એકદમ તેનુ મો ક્રોધથી રક્તવર્ણું થઈ ગયુ તેણે તુરત જ નિશ્ચય કર્યો કે, "યુદ્ધ કરીને, બાહુબળથી આ કન્યા પ્રાપ્ત કરવી; કેમકે ક્ષત્રિયોમાં કોઈ પણ કન્યાનું હરણ કરી, યુદ્ધમાં જિતી, તે કન્યા જો પ્રાપ્ત કરવામાં આવે છે તો તે રીતિ ઉત્તમ ગણાય છે મારા બન્ને બાહુઓ મારા સહાયક છે આજ લગી મેં તેમનાથી નામના મેળવી છે. હવે પણ તેમ જ કરવુ યોગ્ય છે. મે રાજકુમારીની વરમાળાની ખાસ કાંઈ ઇચ્છા કરી નહતી. પરંતુ જો તે મને પહેરાવત તો હુ ના કહેત નહી. પણ હવે જ્યારે મને તે ન પહેરાવી, મારુ અપમાન કર્યું છે ત્યારે ક્ષત્રિયોને ઉચિત તે જ કર્મ કરવામા મારે શા માટે ઉદ્યુક્ત ન થવુ?"

ક્ષણમાત્રમા આવો નિશ્ચય કરી લીધા પછી, રાજકુમારે, ચપલતાથી પોતાની તરવાર મ્યાનમાથી બહાર કાઢી એક હાથમા લીધી. પોતાને આસનેથી ઉઠી, રાજકુમારી જ્યા હતી ત્યાં તે ગયો અને પોતાને બીજે હાથે તેને બળપૂર્વક ઉઠાવી લીધી. તે પછી તેણે વિશાલ રાજાને આહ્વાન કર્યું કે—"તમારી કન્યાનુ હુ અપહરણ કરુ છુ. તમારે ફાવે તેમ કરો." પોતાના મહાબળવાન્ હસ્તવડે રાજકુમારીને, ફૂલની પેઠે ઉચકી લેવામા અવીક્ષિત્‌ને કાંઈ અત્યત બળ વાપરવાની જરૂર પડી નહી. તેણે સભા તરફ પોતાનું મોં રાખી, ઘણી સાવધતા અને ચપલતાથી પોતાની તીક્ષ્ણ અસિ ફેરવતે ફેરવતે સ્વયવરમડપમાથી બહાર નિઃસ-

રવા માંડ્યુ. શરૂઆતમાં બધા રાજા, દિગ્મૂઢ થઈ ગયા, પરન્તુ તે પછી વિશાલરાજે ઉઠીને કહ્યું· "વીર ક્ષત્રિયો, મને થતા આ અપમાનનો યોગ્ય બદલો આપવાની ઇચ્છામાં મને કોણ કોણ સહાય કરવા તૈયાર છે, તે હુ જાણવા માગુ છું." પહેલાં સભાનો અર્ધો ભાગ ઉઠ્યો અને તે પછી ધીરધીરે, બીજાઓને ઉઠેલા જોઈ, બાકીનાઓ પણ ઉઠ્યા. એટલે મહારાજાએ કહ્યું. "તો ચાલો, આ ઉદ્ધત યુવકની પૂઠે જઈ, તેને યોગ્ય શાસન આપીએ."

સ્વયવરમંડપમાંથી રાજકુમાર અવીક્ષિત્ પોતાની તરવાર ફેરવતો ફેરવતો જે વખતે બહાર નિસર્યો, તે વખતે બહાર ઉભેલા કોઈ પણ સૈનિક કિવા અન્ય જનની તેને અટકાવવાની હિમ્મત ચાલી નહી. તેના અનુચરો બધો મામલો સમજી ગયા. અવીક્ષિત્નો રથ તેઓ એકદમ તૈયાર કરી લાવ્યા અને તેની અંદર અવીક્ષિતે કુમારીને બેસાડી, પોતાના ધનુષ્યબાણ તૈયાર રાખી, કશાની પણ વાટ ન જોતાં, પોતાના રાજ્ય તરફ રથ હાકવા માંડ્યો. વિશાલરાજ અન્ય રાજકુમારો અને પોતાની સેના સાથે તેની પાછળ પડ્યો. દારુણ યુદ્ધનો પ્રારભ થયો. એક બાજુ અક્ષૌહિણી સેના, અગણિત મહારથી, પરાક્રમી ભૂપાલવૃંદ અને બીજી બાજુ, કેવળ અવીક્ષિત્ અને તેના બે કે ત્રણ અનુચરો હતા! પરતુ તેથી શુ થયુ? યુદ્ધ કરવાને તે પહેલાંથી તૈયાર થયો હતો. ધીરેધીરે પોતાની અવિરત બાણવર્ષાથી સામા પક્ષના અવ્યવસ્થ અનેક માણસોને તેણે ધરાશાયી કર્યા. કોઇની મગદુર નહતી કે, મેઘના મુશલધાર વરસના પાણીના કરાની માફક, અવીક્ષિતના ધનુષ્યમાંથી છૂટતાં એક પછી એક અનેક તીરોની સામે ટક્કર ઝીલી, અવીક્ષિતના રથ પાસે આવવાની હામ ભીડે? શત્રુઓનાં બાણો તે કાપી નાંખતો અને પોતાના બાણુ છોડ્યો જ જતો. એમ કરતા ઘણા નૃપનન્દનો માર્યા ગયા, ઘણા નિશસ્ત્ર બન્યા અને ઘણા કાયર બની સગ્રામસ્થાન છોડી નાસવા લાગ્યા. અવીક્ષિતે તેમની પઠ પકડી અને સાથે સાથે પોતાનાં બાણોની અપરિમિત વર્ષા ચાલુ રાખી. આખરે વિશાલરાજનું સૈન્ય નાસી ગયુ અને અવીક્ષિતે શખથી જયનિનાદ કર્યો.

વિશાલરાજ આ વખત ઘણો ખેદિત થયો. અવીક્ષિતે પોતાનુ જે અપાર શૌર્ય બતાવ્યું હતુ, તેથી પ્રસન્ન થવાને બદલે અને તેને પોતાના જમાઈ તરીકે રાજીખુશીથી સ્વીકારવાને બદલે વિશાલરાજે, કાયર બનેલા અવશેષ રાજાઓને ધિટકાર આપવા માંડ્યો. એમ કરીને તેઓને શૂર ચઢાવવાનો તેનો ઉદ્દેશ હતો. ફિટકારનાં વચનો વિશાલરાજે હદ ઉપરાત કહ્યાં જેનું પરિણામ, ખરેખર, તેમના ધારના મુજમ આવ્યું. બધાઓ ફરીથી લડવા તૈયાર થયા અને પુન. રણુમા આવ્યા. ક્ષત્રિયોમાં એવો

નિયમ છે, કે એકવાર હાર્યા પછી એ જ રણમા એ જ વખત, હારેલાઓ પુન લડવા માગે તો તે અન્યાયયુદ્ધ ગણાય વિશાલરાજના ઠપકારૂપ સૂર્યના અસહ્ય કિરણોથી સંતાપિત થયેલા રાજાઓએ જ્યારે બીજીવાર લડવાની ઇચ્છા બતાવી, ત્યારે વિશાલરાજે પોતાનુ સૈન્ય ફરીથી તૈયાર કર્યુ અને પોતાના રાજ્ય તરફ જતા અવીક્ષિત્‌ની પાછળ તેઓ સર્વ દોડ્યા. અવીક્ષિતે જોયું કે, શત્રુઓ ફરીથી આવે છે ત્યારે તેમના એ અન્યાયી પગલા માટે તેને ખેદ થયો પરતુ તે છતાએ તે લડવા તૈયાર થયો તેણે પુન શખગર્જન કર્યું અને પોતે તૈયાર હોવાનું રાજાઓને સૂચન કર્યુ

આ વખત અવીક્ષિતના નસીબમા જય નહોતો આ લડાઇમા તેનાં શર, ધીમે ધીમે ખૂટી ગયાં તેના અનુચરો માર્યા ગયા તેના રથના ઘોડા પડી ગયા અને રથ નિર્માલ્ય બની ગયો શત્રુઓએ આ લડાઇમા એક બીજો પ્રપચ એ રચ્યો હતો કે, સૈન્યનાં થોડાક માણસોને જૂદી જૂદી દિશાઓએ મોકલી, અવીક્ષિત્ ઉપર અણચિતવ્યો હુમલો કરવા તેઓને જણાવ્યુ હતુ. એ પ્રમાણે તેઓ પણ ચારે બાજુથી ધસી આવ્યા છતા રથમાથી રાજકુમારી સાથે કુદકો મારી તે બહાર પડ્યો. પોતાના એક હાથમાં રાજકુમારી હોવાથી તેણે હવે પોતાની અસિ અજમાવવા માંડી. શત્રુઓને તેની આ સ્થિતિથી, તેને હરાવવાની ઘણી સારી તક મળી. અવીક્ષિત્ ચારે બાજુએથી ઘેરાયો હતો, છતા તેણે તરવાર ફેરવવી ચાલુ રાખી. તેના શરીરમા ઘા પડ્યા. બે ત્રણવાર રાજકુમારીને તેના પડખામાથી લઈ લેવાના યત્ન થયા, પણ એ યત્ન કરનારાઓને તેણે એવા સચોટ ઘા કર્યા કે, તેઓ તે જ ઘાથી મરણ પામ્યા. પરતુ અનેક શસ્ત્રસજ્જ સામે સાધનહીન એક, અતે ક્યા સૂધી ટકી શકે? આખરે રાજકુમાર ઘણો પરિશ્રમિત થયો. પરિણામે અચેત થઈ, તે ધરાતલપર પડી ગયો. રાજકુમારીને તેના પાસામાંથી લઈ લેવામા આવી અને અન્યાયયુદ્ધમા વિજય પામેલા રાજાઓએ આ નિશ્ચેષ્ટ કેશરીને બન્દીવાન કરી, ધાધલ કરતાં કરતાં વિશાલનગર તરફ પ્રયાણ કર્યુ.

આ બનાવની ખબર મહારાજા કરન્ધમને થઈ. મહારાણી વીરાના ઘણા જ આગ્રહથી તેમ જ પોતાની પણ ઉત્કટ ઇચ્છાથી મહારાજા કરન્ધમે પોતે સૈન્ય લઈ, વિશાલનગર ઉપર ચઢાઈ કરી તેમની બળવાન્ સેના આગળ વિશાલરાજ અથવા તો અન્ય રાજાઓનુ કાંઈ ચાલ્યુ નહી સર્વ પરાજિત થયા અને કુમારને મુકત કરી, વિશાલરાજે ક્ષમા માગી એ પછી વિશાલરાજે કરન્ધમને વિનતિ કરી કે, મારી પુત્રી હું ધામધૂમથી કુમાર અવીક્ષિતને પરણાવુ અને આપ એ કાર્યની આજ્ઞા આપો. મહારાજા કરન્ધમે સમતિ આપ્યાથી લગ્નની તૈયારીઓ થઈ રહી.

પરન્તુ કુમાર અવીક્ષિતને એવી ગોઠવણ પસંદ ન આવી. તેણે પોતાના એક મિત્ર સાથે પિતાને કહેરાવ્યું કે, "પુરુષ જાતિ સ્વતંત્ર છે અને સ્ત્રી જાતિ પરાધીન છે. જ્યારે હું રણક્ષેત્રમાં પરાજય પામી, મારી સ્વતંત્રતા ગુમાવી બેઠો છું ત્યારે મારી ગણના સ્ત્રી જાતિમાં જ થવી જોઇએ. હું એક સ્ત્રી સમાન હોવાથી મારાં લગ્ન નહી કરુ" પિતા તેમ જ શ્વસુર–બન્ને રાજાઓ મુંઝાયા. જ્યારે વિશાલરાજે પોતાની પુત્રીને, રાજકુમારનાં વચનોની વાત કહી ત્યારે તે બોલી "ખરેખર, પિતાજી, મેં એના જેવો વીર કોઈ જોયો નથી. મે ખાસ જોયુ છે કે, ધર્મયુદ્ધમાં તેણે તમો સર્વને એકલે હાથે હરાવ્યા હતા, પરંતુ જ્યારે અધર્મયુદ્ધ થયુ અને રાજા મહારાજાઓ, આડે અવળેથી તથા ચોરીછૂપીથી તેની ઉપર શસ્ત્રાસ્ત્રોનો પ્રહાર કરવા લાગ્યા ત્યારે તે અચેતન બનતો ગયો, પરંતુ જ્યા સૂધી તેને ચેતના હતી ત્યાસૂધી કોઈ રાજાની મગદુર નહોતી કે મને તેની પાખમાંથી છોડાવીને પોતે જીવતો જવા પામ્યો હોય! પિતાજી, મે તો એ જ વખતથી મારુ હૃદય તેને અર્પણ કરી દીધુ છે. એથી આ જીવનમા તો એના શિવાય અન્ય કોઈ મારો સ્વામી નથી. તમે ગમે તેમ કરીને પણ તેને સમજાવો" બન્ને રાજાઓ માટે આ પ્રસગો, ખરી મુશ્કેલીના ઉભા થયા. રાજકુમાર કે રાજકુમારી, કોઇએ પોતાની હઠ મૂકી નહી. રાજકુમારને તેના પિતાએ જ્યારે પોતાની પાસે બોલાવીને વધુ સમજાવવા માંડ્યો ત્યારે તેણે ઘણા જ વિનયથી કહ્યુ, મે આ જન્મમા કદી આપની આજ્ઞા ઉલ્લઘી નથી; આથી આપ હવે મને કૃપા કરીને એવી આજ્ઞા ન કરશો કે, જેનુ પાલન હુ કરી શકુ નહી."

બન્ને રાજાઓ પોતપોતાનાં સતાનોને ચહાતા હતા. બન્નેએ તેમને સમજાવ્યાં પરતુ કોઇનુ કાઈ વળ્યુ નહી. રાજકુમારી એક દિવસ છાની રીતે ઘરમાથી કોઇને કહ્યા વગર જતી રહી ફક્ત એક જ દાસીને કહેતી ગઈ કે, જો બહુ જ જરૂર જણાય તો મારાં માતપિતાને કહેજે કે, હુ વનમાં તપ કરવા માટે તપસ્વિની વેષે ગઈ છુ. તે એવા કોઈ અજાણ્યા વનમા ગઈ કે જ્યાંથી રાજાનો કોઈ સૈનિક તેને શોધી શકયો નહી.

બીજી બાજુ અવીક્ષિતના બ્રહ્મચર્યવ્રતથી, તેની માતા વીરાને ઘણુ દુ ખ ઉત્પન્ન થયુ. નિર્વંશની ચિન્તા તેની સમક્ષ ખડી થઈ. કેટલાક વિચાર પછી તેણે એક યુક્તિ શોધી કાઢી અને તે નીચે મુજબ અમલમા મૂકી.

તેણે એક દિન, કુમારને પોતાની પાસે બોલાવી કહ્યુ.–તારા પિતાની આજ્ઞા મેળવીને મેં "किमिच्छकं" વ્રત કરવાની ધારણા રાખી છે. પરતુ એ વ્રત મહાકઠિન છે અને તેમાં ધનનો પણ પુષ્કળ વ્યય થાય એમ છે; છતા પણ હું તે કરનાર છુ. શારીરિક કષ્ટ હું સહન કરીશ. પરતુ

તેમાં બીજી કેટલીક સહાય તારા તરફથી મને મળવી જોઇશે. હું તારી માતા કહેવાઉં અને જો આ વ્રત પરિપૂર્ણ કરી ન શકુ તો જગતમાં મારી હાંસી થાય, માટે તું પ્રતિજ્ઞા લે કે, તુ મને સંપૂર્ણ સહાય આપશે." માતાનો અતિ આગ્રહ જોઈ કુમારે સહાય આપવાની પ્રતિજ્ઞા, તેની સમક્ષ લીધી.

એ પછી રાજમહિષીએ વ્રતનો પ્રારમ્ભ કર્યો. યાચકોની ઇચ્છાનુસાર દાન આપવાનું કામ અવીક્ષિતને સોંપાયું. કોઈ યાચકને લેશપણ કચવાટ કે બિલ્કુલ નિરાશા ન મળે એવી ચોકસી તેને રાખવાની હતી તે દરેક યાચકને કહેતો કે, "તમે જે માગશો તે આપીશ." યાચક જે માગતો તે, કુમાર આપતો. ચારેક દિન વ્યતીત થયા પછી, એકાએક મહારાજા કરન્ધમ પોતે યાચકદ્વાર આગળ આવી ઉભા અને કુમારને કહ્યુ, "મને દાન આપ" કુમાર મહદાશ્ચર્ય પામ્યો. તોપણ પોતે નિયમ લીધો હતો, એટલે તેણે પૂછ્યુ: "આજ્ઞા કરો. આપવા તૈયાર છુ."

મહારાજા તુ તારી પ્રતિજ્ઞા પાલી શકીશ?

કુમાર હા. કારણ મારી માતા સમક્ષ બધાઈ ચૂકયો છુ.

મહારાજા, "તો મારી માગણી એ છે કે, મને પૌત્રનુ સુખ આપ" અવીક્ષિતની સ્થિતિ ત્રિશંકુ જેવી થઈ પડી. પોતે કદાપિ લગ્ન કરવુ નહી, એવી પોતાની પ્રતિજ્ઞા સાથે આ પ્રતિજ્ઞા અથડાતી હતી! લગ્ન ન કરે તો પિતાને પૌત્રનુ સુખ શી રીતે આપી શકે? ઘણા સકષ્ટથી તે બોલ્યો, "પિતૃદેવ! મારાપર દયા કરો. હુ એક કાયર માણસ છુ. "પુરુષ" એ શબ્દને હુ બિલકુલ યોગ્ય નથી. આપના પુત્ર તરીકે આપની કીર્ત્તિ જાળવી રાખવાનુ તો દૂર રહ્યુ, પણ એક સામાન્ય ક્ષત્રિય જેવુ શૂરાતન પણ હુ બતાવી શકયો નથી. મારા હાથમા આવેલી અબળા બીજો કોઈ લઈ ગયો, તે વખત મારુ મૃત્યુ કા ન થયુ? જેની મારે રક્ષા કરવી જોઇતી હતી, તેને ભીરુતાથી મેં બીજાને આપી દીધી અને ઉલ્ટો બન્દીવાન થયો કહો, પિતાજી, એવા નિર્વીર્ય, કંગાલ પુત્રથી આપના વશનુ નામ રાખવાની આપને ચાહના કેમ થાય છે? એના કરતા આપનો વશ નાશ થાય, એ જ ક્ષત્રિય ટેકને ઉચિત છે'

પિતાએ કહ્યુ, "પુત્ર! તારી લાગણીઓ હદ ઉપરાંત ઉશ્કેરાઈ ગઈ છે. તુ તારી કિંમત આમ અત્યંત ખોટી કેમ આકેછે, તેની મને સમજ પડતી નથી. તુ વીરનો પણ વીર છે. ધર્મયુદ્ધમાં તેં અસંખ્ય રાજાઓની પીઠ જોઈ છે, અનેકને તેં એકલાએ સહાર્યા છે તો પછી તુ શી રીતે એક કાયર પુરુષ ગણાય? નહો! નહી! વત્સ, તેં કદાપિ તારી માતાની કુખ લજાવી નથી. એટલે તારી દલીલો અને ધારણાઓ ઘણી જ ખોટી છે."

આવાં ઉત્તમ પ્રકારનાં સમાધાનશીલ વાક્યો કહેવા છતાં, રાજકુમાર તો પોતાને એક કાપુરુષ—એક સ્ત્રીથી પણ નપાટ ગણવા લાગ્યો, એટલે મહારાજાએ કહ્યું, 'ગમે તે હો. મારે તારી પાસેથી જે જવાબ જોઇએ છે તે એ કે તેં મને પૌત્રસુખ આપવાની જે પ્રતિજ્ઞા લીધી છે, તે તુ પાળવા માગે છે કે નહી?'

રાજકુમારે જોયુ કે, આ પ્રતિજ્ઞાનું પાલન ન થાય અને માતા નિમિત્ત જે વ્રત આદરવામાં આવ્યુ છે તે વ્રત અનુસાર, યાચક નિરાશાથી પાછો ફરે તો માતાનું બધુ વ્રત ફોક થાય. આથી તેણે મહારાજાને કહ્યુ કે—આપની માગણી પરિપૂર્ણ કરવાની પ્રતિજ્ઞા લઉ છુ. યાચકને એથી આનંદ થયો—કહો કે વ્રત કરનાર માતાને પણ ઘણો આનદ થયો, કેમકે તેમનાં વ્રતનો સત્ય ઉદ્દેશ એ જ હતો. પરતુ એ પછી, રાજકુમારની અવસ્થા ભયકર બની ગઈ. તેને ભોજન ઉપર રુચિ રહેતી નહીં, તેને નિદ્રા આવતી નહી અને દિનરાત ચિન્તાસાગરમાં નિમગ્ન રહેતો તેની ચિન્તાનુ કારણ એ હતુ કે—ખરુ જોતા, વિશાલરાજની જે રાજકુમારી તેને પોતાને પરણવાનો નિશ્ચય કરી વનમા તપ આદરવા ગઈ હતી, તેને તેણે પરણવું જોઇએ પરંતુ તેનો કાઈ પત્તો નહતો. એ કોમલાગી' આપદ્પૂર્ણ વનમા' તેને પોતાને જ મેળવવાને કઠિન તપવ્રત, સેવે અને પોતે નૃશંસ રાક્ષસની માફક ક્રૂર બની બીજી કોઇને પરણી બેસે, એ તેને ઘણુ જ અનુચિત લાગ્યુ.

છેવટે જ્યારે રાજકુમાર વારવાર એ વિચારો કર્યા કરતો ત્યારે મહારાજાએ એવો માર્ગ સૂચવ્યો કે, તેણે રાજકુમારીની શોધ અર્થે નીકળી પડવુ. પુત્રના શુભ સકલ્પ માટે પિતાને અંતરમાં ઘણો આદર ઉપજ્યો હતો, તેથી જ તેણે આ માર્ગ સૂચવ્યો હતો, અને એ મુજબ રાજકુમારે એક શુભ દિન જોઈ, કેટલાક અનુચરો સાથે પ્રયાણ કર્યુ.

એક દિન, એક વનમા ફરતા ફરતા અચાનક તેના શ્રવણે એક રમણીનો આર્તસ્વર પડ્યો. તેણે દૂરથી જ આશ્વાસનવાક્યો કહેતા કહેતાં જે દિશાએથી એ સ્વર આવતો હતો, તે દિશામા જવા માંડ્યું. ધીમે ધીમે નીચેના શબ્દો અવીક્ષિતે સ્પષ્ટપણે સાભળ્યા: "મને—કરન્ધમના પરાક્રમી પુત્રની પત્નીને આ દુષ્ટથી કોઈ છોડાવો—બચાવો." રાજકુમાર ચોંકયો "અરે આ તો એ જ મારી પત્ની કે જેની શોધમાં હુ છુ" એમ બોલી ઘણી જ ત્વરાથી તે મજકુર સ્થળે જઈ પહોંચ્યો. તેણે જોયુ કે, એક રૂપવતી બાળાને એક અસુર બળપૂર્વક ખેંચી જતો હતો. તુર્ત જ તેણે પોતાના ધનુષ્યનો ટંકાર કરી તેમાથી એક શર છોડ્યુ, જે રાક્ષસને વાગતાં, રાક્ષસ માર્યો ગયો.

એ જ સમયે આકાશવાણીથી રાજકુમારને ધન્યવાદ અપાયો અને તેની ઉપર પુષ્પવૃષ્ટિ થઈ! કેટલાક દેવ ત્યાં આકાશમાર્ગે આવી પહોં-ચ્યા અને રાજકુમારને વરદાન માગવાનું કહેવા લાગ્યા. રાજકુમારે કહ્યું "જો મારી ઇચ્છા પૂર્ણ કરવા માગતા હો તો મારા પિતાની માગણી પરિ-પૂર્ણ કરો." દેવગણે કહ્યુ "આ કુમારીના ગર્ભમાથી એક ચક્રવર્તી પુત્ર ઉત્પન્ન થશે અને તારા પિતાની અભિલાષા પૂર્ણ થશે." એ પછી દેવોએ તેને ખાત્રી આપી કે, આ જ રાજકુમારી વિશાલનન્દિની છે.

શુભ સમયે કુમાર અવીક્ષિતનાં લગ્ન વિશાલરાજની કન્યા સાથે થયા અને રાજકુમારીના તપનો હેતુ, એ રીતે સફલતાને પામ્યો. મહા-રાજા કરન્ધમ, યથાસમયે મરુત્ત નામક પૌત્રનુ મોં જોવા ભાગ્યશાળી થયા એ કથા પુરાણપ્રસિદ્ધ છે.

કેટલાક દિન પછી મહારાજાએ પોતાની રાણી સાથે વાનપ્રસ્થ લેવાની ઇચ્છા રાજકુમાર અવીક્ષિતને જણાવી, તેને રાજ્ય લેવા કહ્યુ એ વખતે અવીક્ષિતે અગાઉની માફક જ પોતાનુ સંભાષણ ચાલુ રાખ્યું કે, "આપ બીજા કોઇને રાજ્ય સોંપી જાવ. મારા જેવા પરાજિત થયલા, રમણીતુલ્ય કુમારથી રાજ ચલાવી શકાશે નહી" મહારાજાએ તેને પુન સમજાવ્યુ કે "ધાર કે હારીને તુ બન્દીવાન થયો હતો, પરતુ તને મુક્ત કરાવનાર તો તારો પિતા–હુ જ હતોને? પિતાનો યશ એ પુત્રનો જ યશ ગણાય."

અવીક્ષિતે ઉત્તર આપ્યો· પિતૃદેવ! સાંભળો —

> पित्रोपात्ता श्रियं भुङ्क्ते पित्रोकृच्छ्रात्समुद्धृत. ।
> विज्ञायते च य. पित्रा मानव. सोस्तु नो कुले ॥
> स्वयमार्जितवित्ताना ख्याति स्वयमुपेयुषाम् ।
> स्वय निस्तीर्णकृच्छ्राना या गति सास्तु मे गति ॥

ભાવાર્થ –પિતૃધનભોગી, પિતાના પરાક્રમથી આપત્તિમાથી મુક્ત થયેલો, તથા પિતૃ નામથી ઓળખાતો મનુષ્ય, અમારા કુલમાં ન હોજો, પરતુ આપ કમાઇનુ ધન ભોગવવાવાળો, સ્વકીર્ત્તિથી પ્રખ્યાત થયેલો અને પોતાના પરાક્રમથી વિપત્તિનો નાશ કરનારો, એવાની ગતિ હોય છે તે ગતિ અમારી થજો

અવીક્ષિત્ જ્યારે કોઈ પણ પ્રકારે રાજ્ય લેવા રાજી ન થયો ત્યારે લાચારીથી મહારાજા કરન્ધમે મરુત્તને રાજપાટ આપ્યુ, જેણે એ રાજ્ય ઘણી દક્ષતાથી ચલાવ્યુ

સિપાહીનું સ્વપ્ન !

"લખેલું જે લલાટે છે, નહીં મિથ્યા થવાનું તે;
ભલે પૃથ્વી વળે ઉંધી, થવાનું તે થવાનું છે."

દિવસના નમતા પહોરનો વખત હતો. ગ્રીષ્મઋતુના દિવસો હતા અને સખ્ત તાપ હજી પણ પડતો હતો. એવે વખતે કદહારના અરણ્ય-માંથી એક ઘોડેસ્વાર પસાર થતો હતો. તેનો પહેરવેશ જોતા તે ઇસ્લામ પથી હોય એમ જણાતુ હતુ. તેણે માથા ઉપર લાંબી તુર્કી ટોપી પહેરી હતી અને શરીરે એક બદીઆન તથા પાયજામો પહેરેલાં હતાં. તેની કમ્મરે તરવાર લટકી રહી હતી અને એક હાથમાં ઢાલ હતી. તે દૂરથી મુસાફરી કરતો હોય એમ જણાતુ હતુ, કેમકે તેને કપાળે પરસેવાનાંબિન્દુ બાઝયાં હતાં અને તેનો ઘોડો પણ પૂરપાટ દોડવાને બદલે જરાક હાંફતો હાંફતો ધીમે ધીમે ચાલતો હતો.

મુસાફિર આમ તેમ જોતો, કોઈ નદી નાળુ મળે તો વિશ્રાંતિ લેવાનુ ઇચ્છતો હતો. એવામાં સુભાગ્યે એક ઝરણુ જમણી પાસાએ વહેતુ મળી આવ્યું. પાસેના ઝાડ સાથે પોતાના ઘોડાને બાંધી, તે તુર્કી સ્વારે ઝરણા-માના પાણીથી પોતાનું મોં ધોઈ, સાફ કર્યું અને પોતાની પાસેનુ થોડુંક ખાવાનું બહાર કાઢી, નાસ્તો કરી લીધો. એ પછી પોતે થાકયો પાકયો હોવાથી ઝાડને ઓથે પાથરણુ પાથરી, જરાક આડો થયો. તેને સુતાને થોડીક ક્ષણુ થઈ હશે કે તેની આખ મળી ગઈ. સાજ પડતા અન્ધારુ થવાની તૈયારી હતી, તે વખત તેની પાસે ખખડાટ થવાથી તે જાગી ઉઠયો. અને જુએ છે તો, ગર્દન ઉપર ઝુકી રહેલી મોટી કેશરીવાળા ભયકર દેખાવના એક મોટા સિંહે તેના ઘોડાને બેજાન કર્યો હતો અને તે ઘોડાના શરીર ઉપર પોતાનો એક પઝો મૂકી, એ વનરાજ તેનું માસ ખાતો હતો. એકદમ આ મુસાફિર ધીમે પગલે તે સિંહની પાસે ગયો અને પોતાની ચકચક્તિ તરવારનો એક સખ્ત ફટકો તેની ગર્દનપર તેણે લગાવ્યો. કમનસીબે એ ફટકો તે સિંહને ફકત ઘાયલ કરી શકયો પણ તેની ડોક, તેના ધડથી વિખૂટી પડી નહી. સિંહરાજ છછેડાયો. મુસાફિરે પણ જોઈ લીધુ કે, પોતાને હવે એક વિફરેલા પ્રાણી સાથે કામ લેવાનું છે. એકદમ દોડીન, પોતે સુતો હતો ત્યાથી તે ઢાલ, લઈ આવ્યો. પણ તે દોડ્યો તેની પછવાડે પેલો સિંહ પણ દોડ્યો; એટલે જ્યાં જાય ત્યા સિંહ તેની સામે ને સામે આવે એમ હતુ; આથી તેણે એક યુક્તિ વાપરી. ચાર પાચ ડગલાં પાછળ હઠી, તેણે એક એવો લાબો કૂદકો માર્યો કે, તે સિંહ

ઉપર થઈને પોતે તેની પાછળ જઈ પડ્યો. મુસાફિરનો આ કૂદકો ઘણો જ હિમ્મતભર્યો હતો. તેના કૂદ્યા પછી, સિંહ પાછો ફરે એટલા વખતમાં તો તેણે ત્વરાથી એક–બે ફટકા સિંહની કમ્મરપર લગાવ્યા. પરિણામે એ જ ફટકાથી તે સિંહના શરીરના બે વિભાગ થઈ ગયા. એ પછી આ બહાદુર પ્રવાસીની નજર પોતાના પ્યારા, નિમકહલાલ અને ઉપયોગી પ્રાણી તરફ ગઈ. તેની હાલહવાલ સ્થિતિ જોઈ, તેની આંખમાં આસુ આવી ગયા. જે પ્રાણી, કેટલાએ વર્ષ સૂધી તેના સાથી તરીકે હતુ, તે પ્રાણી પોતાની બેફામ, નિદ્રાધીન સ્થિતિમા માર્યું ગયુ, તેથી મુસાફિરને ઘણુ લાગી આવ્યુ. પણ જે થયુ તે થયુ બનેલું ફેરવી શકવાને તે સમર્થ નહતો, તેથી પોતાનો સામાન હાથમાં લઈ તે પગપાળો આગળ વધ્યો.

સાયંકાલ પડી ચૂકી હતી. અન્ધારુ ક્રમશ ગાઢ થવા લાગ્યુ હતુ. અરણ્યમાં ચારે પાસ નજર કરતાં ક્યાયે પણ દીવો જણાતો નહતો; એટલે હજી કોઈ ગામ પાસે આ મુસાફિર આવી લાગ્યો નહતો છતાં તેણે આગળ ચલાય ત્યાં લગી ચાલવાનો નિશ્ચય કર્યો. તે થોડેક દૂર ગયો હશે ત્યાં તેના પગ નીચે કાંઈ સુવાળી ચીજ અથડાઈ હોય એમ તેને લાગ્યું નીચે વળીને તેણે તે ચીજ તરફ જોયુ તો તે કોઈ જીવતુ પ્રાણી જણાયુ. વધુ નિહાળીને તપાસતા તે હરણનુ નાનુ સરખું બચ્ચુ હતુ. મુસાફિર હજી ભૂખ્યા જેવો હતો તેથી ખુશી થયો કે આ શિકાર ઠીક હાથ આવ્યો. પોતાની પાસે દિવાસળીનુ સાધન હતું. તેથી એક જગ્યાએ જઈ, તેણે બચ્ચાને નીચે મૂકી, આસપાસથી ડાંળીડાંખરાં, પાદડા વગેરે બળી શકે એવી ચીજો એકઠી કરી, તે વસ્તુઓ સળગાવી તાપ કર્યો. એ પછી એ બચ્ચાની કત્લ કરવાના વિચારમા તે હતો, તેવામાં તેની નજર જરા દૂર જતા તેને એક હરણ દેખાડ્યુ. તે હરણ વારંવાર મુસાફિરના તરફ ટગર ટગર જોતુ હતુ. ઘડીકમાં મુસાફિર પાસે આવી, જાણે તેને કાલાવાલા કરતું હોય તેમ તેના પગ પાસે લોટી પડતુ અને ઘડીકમા પાછુ દૂર જઈ, એ જ દયાજનક દૃષ્ટિ નાંખતુ મુસાફિરને વિચાર આવ્યો કે, આ હરણી તે બચ્ચાની માતા હોવી જોઇએ. તેણે હાથમાનુ બચ્ચુ તેની તરફ ધર્યું એટલે તે કૂદકારા મારતી પાસે આવી. અહો! તે માતાનો આનંદ કેવો અવર્ણનીય જણાતો હતો! મુસાફિરને દયા આવી. તેણે ખોરાક બીજે ક્યાંકથી મેળવી લેવાનો નિશ્ચય કર્યો અને આ વિહ્વલ બનેલી માતાના પગ પાસે એ બચ્ચુ પાછુ મૂકી દીધુ–કહો કે પોતાની તૃપ્તિ માટેનો પદાર્થ આત્મભોગથી એક માતાની તૃપ્તિ સારુ સમર્પણ કરી દીધો! નીચે મૂકયાની સાથે જ તે હરણીએ તેને પોતાના મોમાં સંભાળથી લઈ લીધુ અને જવા લાગી.

જતે જતે તે પાછું વાળીને મુસાફિર સામે ટગર ટગર જોઈ રહી. પણ એ જોવામાં અત્યારે દયાજનકતા ન હતી, પરંતુ આભાર હતો. તે હરણીની આંખો અત્યારે પ્રકાશિત અને ચકચકિત હતી. જ્યાં લગી તે દેખાઈ નહી ત્યાં લગી થોડી થોડીવારે તેણે આ દશ્ય ચાલુ રાખ્યું. મુસાફર તે ભૂલી ગયો નહી. આ બચ્ચુ પોતાની પાસેથી જવાથી જોકે પ્રવાસી પોતાના ખોરાક વિના રહ્યો, પણ તેથી એક પ્રેમાળ માતાને પોતે સુખી કરી, એ વિચાર આવતા તેને ઘણો આનંદ થયો. તે ખુદાના શુક્ર માનવા ... પોતાને તેણે, એક પ્રાણીને બચાવવાની તથા તેને તેના ખરા હકદારને સોંપવાની ...દ્ધિ આપી.

એ પછી કોઈ ગામમા પહોચવાના આશાએ તે ઉતાવળો ઉતાવળો ચાલવા લાગ્યો તેના એ હેતુમાં નિરાશા મળે, એનુ દેખીતુ કારણ તો એ જ હતુ કે, તેના ઝડપથી ચાલવા છતાં આસપાસ ક્યાયે તે એકે દીવો જોઈ શકતો ન હતો અત્યારે અન્ધારુ ઘણુ જ ગાઢ થઈ ગયુ હતુ. સામેથી કોઈ આવતુ જતુ દેખાય એમ ન હતું, છતાં પણ તે આંધળીઆ કરીને આગળ વધ્યો. લગભગ એકાદ કલાક તે અશ્રાંતપણે ચાલ્યો હશે, તે પછી એક ઠેકાણે તેણે તાપણી સળગતી જોઈ. તેની આસપાસ કુંડાળુ વળી કેટલાક માણસો બેઠેલા હતા. એ લોકોની તાપણીના પ્રકાશમા થોડેક દૂર માટીના છાયેલા કેટલાંક ઝુંપડાં જણાતાં હતા. મુસાફિર ખુશી થયો કે, અવશેષ રાત્રિ પસાર કરવા માટે તેને ખુદાતાલાની મહેરબાનીથી એકાદ ગામડું મળી આવ્યુ ખરું. તાપણી આસપાસ કુંડાળું વળી બેઠેલા આદમીઓને તેણે ગામડીઆઓ ધાર્યાં અને પોતાના દિવસના કામકાજથી પરવારી, તેઓ અત્યારે ગપ્પાંસપ્પા હાકવા બેઠા હશે એમ તેણે ધાર્યું. તેઓની નજીક જઈ, તેણે કહ્યુ; ભાઇઓ, તમે કિયા ગામડાના છો ? મને આજની રાત વિસામો આપશો ?

આ સાભળી એ લોકો માંહોમાંહે એક બીજા તરફ આંખોના ઇશારા કરવા લાગ્યા. એકે કહ્યુ એ જવાન, આ ગામનુ નામ "બહાદરપૂર" છે અને અમે ગામડીઆઓ, "બહાદરીઆઓ" તરીકે ઓળખાઇએ છીએ. અમારા રાજાએ અમને હથીઆર રાખવાની છૂટ આપેલી છે, તેથી અમે બધાએ આ હથીઆર લઇને ફરીએ છીએ; તેમા પણ આ રહ્યુ વેરાન વખત છે ને કોઈ વાઘ સિહ જેવા જનાવર આવે તો અમારો બચાવ કરી શકાય, તે માટે અમે હથીઆર રાખ્યા છે. ભલા માણુસ, તમારા જેવાને તે કોણ વિસામો ના આપે ? લ્યો. બેસો. તાપો. આજની રાત બેલાશક અહી સુજો. ખાવા કરવાનુ જોઇએ છે ?

મુસાફિર તેઓના વિનયથી ઓછો ઓછો થઈ ગયો. તે બોલ્યો; "તમારું ખુદા સારું કરો. જો મને ખોરાક આપશો તો તો હું તમારો ઘણો અહેશાનમંદ થઇશ.' એ સાંભળી મજકુર બોલનાર એક ઝુપડામાં ગયો અને તેમાંથી તેણે થોડુંક ખાવાનું આણી આપ્યું. મુસાફિર નીચી નજરે ખાતો હતો, તે દરમ્યાન આખો વખત આ લોકો વચ્ચે આંખોની મિલાવટ થતી હતી, અને કૈંક પ્રકારના પ્રપંચ રચાતા હતા. મુસાફિર ખાવાનું પૂરું કરી રહેવા આવ્યો હશે, તે અરસામા એક જણ જઇને એક શીશો લઈ આવ્યો અને મુસાફિર સાથે પહેલાં વાતચિત કરનારને કાંઇક ઇશારો કરી તે આપ્યો. પેલા બોલનારે ... કહ્યું. 'ભાઈ, તમે કયાંથી આવો છો?'

પ્રવાસી હું ઇરાનથી આવું છું હું એક રાજવંશી માણસ છું અને તમારા ઉપકારનો બદલો હું જરૂર તમને ઘણી સારી રીતે વાળી આપીશ.

ગામડીઓ તે તમે હમણા કયા જાવ છો? પ્રવાસી હાલ હું હિંદુસ્થાનના બાદશાહ પાસે જઈ, તેને ત્યા સિપાહીની નોકરીમા રહેવા માગુ છુ. મારી ખાત્રી છે કે, ખુદાતાલાની રહમથી એક દિન એવો આવશે કે, જ્યારે મારા આ બે બાહુઓના બળથી હુ સિપાહીમાથી સેનાપતિ થઇશ

ગામડીઓ ભલે, બાપુ, ભલે. તમારું સારું થાવ. મુસાફિર એ વખતે જમી રહ્યો હતો. ગામડીઆએ તેને કહ્યું: 'હ્યો, આ જરા વધુ તાજા થવા માટે અને રાતના તમને નિરાતે ઉંઘ આવે તે માટે, સાદો દારુ આણ્યો છે.'

મુસાફિર ઉપકાર માનતા માનતા તે શીશો આખો ગટગટાવી ગયો. એ પછી એક ગામડીઓ તેને એક ઝૂંપડામા લઈ ગયો અને તેમા તેને માટે બિછાવેલા એક બિછાનામા સુવા કહ્યુ મુસાફિરે પોતાના બદીઆનના ગજવામાથી એક સિક્કો કાઢી, ગામડીઆના હાથમા મૂકયો. ગામડીએ ઘણી આનાકાની કરી, પણ પ્રવાસીએ તે પાછો લીધો નહી; આથી ગામડીઓ તેનો આભાર માનતો માનતો ઝુપડીના બારણા વાસી બહાર ગયો અને મુસાફિર ઇશ્વરની બંદગી કરી પોઢી ગયો. સુતા સમેત જ તે ઉંઘી ગયો થોડીવારે તેને એક ઘણુ જ સુન્દર સ્વપ્ન આવ્યું. જે હરણનુ બચ્ચુ તેણે તેની માતાને હવાલે કર્યું હતુ તેનો દેખાવ, તેની નજરે પડ્યો. બચ્ચાને લઈ જતી અને આભાર માનતી હરણી તેને દેખાઈ અને તે જ વખત ત્યા એક સફેદ દિવ્ય આકૃતિ ઉભી થઈ. તેના વદનની આસપાસ અલૌકિક તેજ પુંજ હતો. એ આકૃતિએ પોતાના હાથ

આ મુસાફિર તરફ લબાવી, મજુલ સ્વરે કહ્યુ "બેટા, આજ તેં આ દુ:ખી પ્રાણીપર જે દયા બતાવી છે તે, સર્વ જગતના પાલનહાર, મૂંગાં તેમજ બોલતાં પ્રાણીઓના રક્ષણ કરનાર પરમ કૃપાળુ પિતાને પસંદ પડી છે. તારા દયાળુ અને વહાલસોયા સ્વભાવના બદલામા તે પાક ખુદાતાલાએ તને ગિઝનવીનું રાજ બક્ષ્યુ છે અને આગળ જતાં, એ રાજ્ય ઘણી હોશિયારીથી ચલાવી, તુ, મોટી નામના મેળવીશ, એવો તેનો આશીર્વાદ છે. જા, બેટા, તારુ ભલુ થશે"

આ શબ્દો બોલીને એ દિવ્ય મૂર્તિ એકદમ અલોપ થઈ ગઈ. એ સાથે પ્રવાસીની આંખ ઉઘડી ગઈ પણ પોતે તો ઝુંપડીમા હતો! નક્કી એ તો ભ્રમણાને લીધે સ્વપ્ન આવ્યુ હશે એમ માની, તે પાછો સૂઈ ગયો. સવારે તે જાગ્યો ત્યારે તેણે પોતાના શરીરને મજબૂત દોરડાના બધથી સજ્જડ જકડી લેવામા આવેલુ જોયુ "અરે! આ શુ? આ લોકો કોઈ ઠગના સરદારો છે કે શુ? મને એમણે શા માટે બાધ્યો હશે? નક્કી તેઓએ મારી પાસેના પૈસા લુટી લીધા હશે" તે આમ વિચાર કરતો હતો ત્યા બારણુ ઉઘડયુ અને પેલા હથીઆરબધ ગામડીઆઓ ઝુપડીમા આવ્યા. આવતા વેતજ તેઓમાનો એક જણ બોલ્યો "કેમ સરદાર, રાતે ઉઘ તો મઝાની આવી ને? ભલા માણસ, પારકી જગ્યાએ એમ તે નિરાતે ઉંઘાય ખરુ કે? લ્યો આ નિરાતે ઉઘવાના ફળ!"

પ્રવાસી. એટલે? તમે શુ કહેવા માગો છો?

ગામડીઆ. બીજુ તે શુ? વળી એજ કે, તમે અમારા કેદી છો. તમારા ખિસ્સામાથી બધો તત્વમાલ અમે કાઢી લીધો છે. દશ બાર સિક્કાઓ છે. તમારી તરવાર તથા ઢાલ એ સામા પડ્યાં. એ પણ અમારે સ્વાધીન કરી લેવાના છે. તમારા કપડાંમા તો કાંઈ માલ નથી. નહી તો તે પણ કાઢી લેવા અમે ચૂકત નહી

મુસાફિર હવે તમે શુ કરવા માગો છો?

ગામડીઆ. "તમારુ શરીર અલમસ્ત છે અને વળી તમે રાજવશી છો, એ જોઇને અમે એવો વિચાર કર્યો છે કે, અમારો સરદાર હમણાં મરણ પામ્યો છે તેની જગ્યા તમે લ્યો; અને નહી તો અમારા ગુલામ તરીકે તમને વેચીશુ. સરદાર થયા પછી તમે ધારો કે, દગો દઉ પણ એમ અમે કાંઈ તમારાથી ગાંજ્યા જઇએ એવા નથી તમને સરદાર બનાવવાની ક્રિયા અમે કરીશુ ત્યારે તમે જોશો કે, તમારી ઇચ્છા હશે તોપણ તમારાથી અમને જરાકે દગો દઈ શકાય એમ નથી." થોડીકવાર વિચાર કરી પ્રવાસીએ કહ્યુ. નિર્દોષ લોકોના પૈસા ઠગાઈ અને લૂંટથી લઈ લેવાના ધધામાં જોડાવા કરતા મારુ મૌત થાય, એ હુ બહેતર ગણુ

છુ. તમે લોકો પાપી છો તમારો ધધો કંગાળ અને નીચો છે. એવા ધંધામાં હુ નહી જોડાઉ તમે મને આમ લુચ્ચાઇથી બાધ્યો, તેના કરતાં મારી સાથે લડીને, મને હરાવીને બાધ્યો હોત તો હુ ખુશીથી તમારે શરણે થાત પણુ આમ કરીને તમે તમારી બદજાત ઉપર ગયા છો, એ ઠીક કર્યું નથી.

ગામડીઓ "એ બધી ટકટક મેલ. સમજ્યો? સરદાર ન થાય તો તને કોણ બનાવવા બેઠુ' તુ? અમે તો તારી મશ્કરી કરતા હતા. આજથી ત્રીજે દહાડે અમે તને ગુલામ તરીકે વેચીશુ, માટે તૈયાર થઈ રહેજે." એટલુ બોલી તેઓ ચાલ્યા ગયા.

મુસાફિરને બધ, બહુ જ જકડીને બાધવામા આવ્યા હતા. તેનાથી જરાકે ચસકાય તેમ ન હતુ એ લોકોએ ગતના જે દારુ તેને પાયો હતો, તેમા નિશાવાળો પદાર્થ નાખ્યો હોવાના આટલા બધા સખ્ત બધ બધાવા છતાં, તેને ખબર પડી ન હતી

ત્રણ દિવસ સૂધી તેને બિલકુલ ખાવાનુ અપાયુ નહી એ પછી તેને લઈ જવાને દિવસે એક ગામડીએ આવીને તેને પૂછ્યુ 'તારે અમારુ કહ્યુ માનવુ છે કે કેમ?' મુસાફિરે તુચ્છકારથી ના પાડી એ પછી તેને એ જ દશામા એક ગાડામા નાખી કદહાર ખાતે બજારમા લઈ જવામાં આવ્યો અને ત્યા બસો રૂપીએ એક વેપારીને વેચવામા આવ્યો જતા જતા એક ગામડીએ તેના માથામા એક ટપલો મારીને કહ્યુ, "પકવાન્ન મેલીને બટી બાવટામા પડ્યો, તે ફોડ તારુ નસીબ!" મુસાફિર તેને મારવા દોડ્યો પણ તેને પકડીને, વેપારી તરફથી ચૂપ કરવામાં આવ્યો

હવે જે વેપારીને ત્યા તેને વેચેવામા આવ્યો હતો, તે ઘણો લોભી હતો તેણે આ મુસાફિરને અલમસ્ત જોઈ સારુ સારુ ખાવાનું આપી, તેને વેચવાનો અને પોતે આપેલી કિમત કરતા બમણી કિમત મેળવવાનો ઇરાદો રાખ્યો હતો. આથી તે તેને સારો ખોરાક આપી, ખુશી રાખવા લાગ્યો થોડા જ દિવસમા તેની આશા બર આવી. **ખોરાસાનનો** સુબો **અલ્પ્તગીન,** એકવાર કંદહારમા આવી ચઢ્યો તેણે પોતાના એક મિત્રને ફરમાવ્યુ કે, મારે એક ઘણો જ સારો ગુલામ જોઇએ છીએ. મજકુર મિત્ર, વેપારીઓને ત્યા તપાસ કરવા લાગ્યો ઈશ્વરની ગેબી કળાને કોઈ પહોંચતુ નથી. મુસાફિરનુ સ્વપ્ન સાચુ પડવાનુ હશે જ, એમ તે જગન્નિયતાએ ગોઠવેલી સયોગોની પરમ્પરા જોતા જણાયુ. અલ્પ્તગીનનો મિત્ર મુસાફિરવાળા વેપારીને ત્યા આવ્યો અને વેપારી સાથે ગુલામ સબધી સાટુ કર્યું. અલ્પ્તગીનને એ પછી તે ગુલામ બતાવ્યામા આવ્યો અને તેણે તેને પસદ કરી, પોતાની પાસે લઈ લીધો.

મુસાફિરને એ વખત એમ લાગ્યું કે "હું તો "હોલામાંથી ચૂલામાં જ" પડ્યો છું. મારા નસીબમાં નક્કી ગુલામી હોવી જ જોઇએ. પિંજરવશ પંખીઓના નસીબમા બુલબુલની માફક વન વન ગાન ગાતા ફરવાનું હોતુ નથી. તેઓ કદાચ ક્ષણિક વખત માટે છૂટા રહેતાં હશે, પરંતુ પાછા પકડાઈ જ જાય છે. ગીઝનીની ગાદી આ અભાગીને મળનારી નથી. ગુલામ તે કદી ગાદીપતિ થાય? માટે નસીબમાં જે દુ ખ લખ્યુ છે તે ભોગવી જેમ તેમ જીવન પૂરુ કરવુ એમા જ સાર છે."

અલપ્તગીન ખોરાસાન ગયો અને આ નવા ગુલામને તેણે પોતાના ઘરના ચાકરો જોડે કામ કરવા મૂક્યો. એક દિન અલપ્તગીનની ઓરડીમાં આ નવો ગુલામ વાશીદુ વાળી સાફસુફ કરતો હતો, ત્યા તે ઓરડામા કુદરતની કળાનુ એક ચિત્ર ટાગેલુ હતુ, તે તરફ તેની દૃષ્ટિ ગઈ. ચિત્રમા શાન્ત નદી કિનારો કાઢેલો હતો. થોડાક હરણા આમ તેમ ચરતા હતા. આકાશમા સૂર્ય પ્રકાશી રહ્યો હતો. કિનારે ઝાડ ઝુકી રહ્યાં હતાં અને એક માણુસ ત્યા ઉભો ઉભો વિચારમા નિમગ્ન થયેલો જણાતો હતો. તેને આ ચિત્ર બહુ ગમ્યુ તે જોઈ જ રહ્યો. તેમા તે એટલો બધો તલ્લીન થઈ ગયો કે, પાછળ અલપ્તગીન આવ્યો તેનુ તેને ભાન પણ ન રહ્યુ સૈન્ય છાનોમાનો–ચૂપચાપ–ઉભો રહ્યો. મુસાફિરને ચિત્ર જોતા પોતે બચાવેલુ હરણુ એકદમ યાદ આવ્યુ "અહા, એ દિને જ્યારે મેં હરણના બચ્ચાને બચાવ્યુ ત્યારે તેની માતાએ કેવી સ્નેહભરી દૃષ્ટિથી મારી તરફ જોયા કર્યું હતુ? એક બાળક તેની માતાને મળતા કેવો બેશુમાર આનદ થાય છે! મને એમ થાય છે કે, લાવ પાછો તે જગાએ જઇને રહુ પણ ઓહ્! હુ તો એક ગુલામ તરીકે અહિ આવેલો છુ હા! કેવી મારી દશા છે? સ્વતત્રતા દેવીના તો મારા આ જન્મમા હું દર્શન કરી રહ્યો! અને પેલુ સ્વપ્ન! અહા! હાલ તો એ તદ્દન ખોટુ પડ્યુ છે, એમા શક નહિ. પણ એ દિવ્યમૂર્તિએ મને કહેલા–શબ્દો બરોબર યાદ છે. 'આજે સાજરે પેલા દુ ખી પ્રાણીપર તેં જે દયા બતાવી છે, તે સર્વ જગત્‌ના ઈશ્વરને, મૂંગા પ્રાણીઓના તેમ બોલતા પ્રાણીઓના પિતાને ગમી છે અને તેના બદલારૂપ તને ગીઝનીનુ રાજ્ય તેણે બક્ષિસ કર્યું છે.' ઘણી તાજુબીની વાત છે કે, તેણે બક્ષિસ કર્યું છે એમ કહ્યુ છતા હાલ મારી પાસે એ બક્ષિસને બદલે કશુ નથી! હા!" તે ઘણા જ શોકથી ભીતને અઢેલીને થોડીવાર ગમગીનીમા ઉભો રહ્યો. જેવો તે ભીંતે અઢેલવા આઘો ગયો કે, અલપ્તગીનને છૂપાઇને ઉભા રહેવુ પસદ ન પડવાથી, જેવો આવ્યો હતો તેવો તે ચાલ્યો ગયો.

માણસના નસીબમાં જે લખ્યું હોય છે, તે કદાપિ ફરતુ નથી. આપણી વાર્તાના નાયકને જગલમા આવેલુ સ્વપ્ન સાચું હતું કે જૂઠું, તેની પ્રતીતિ હવે જ આપણને થશે.

અલ્પ્તગીને મુસાફિરનુ બોલવુ છાનેમાને સાભળી લીધા પછી, મુસાફિરે સ્વપ્નુ, ગીઝનીનુ રાજ્ય, હરાગુ, તેનુ બચ્ચું વગેરે કહ્યુ હતું તે ઉપરથી તેનો વૃત્તાત સાભળી પોતાનાથી બની શકે તો તેને મદદ કરવી, એમ નક્કી કર્યું.

રાત્રિના ૧૦ વાગ્યા હતા. લોકો સૂઈ ગયા હતા અને મુસાફિર પણ સૂઈ ગયો હતો અલ્પ્તગીન જ્યાં તે સુતો હતો ત્યાં ગયો. તે બિચારો ઉઘતો ન હતો કોઇના પગલાં સાંભળી તે ઉભો થયો. જોયું તો જણાયુ કે પોતાનો માલિક હતો હુઝુરને પગે પડી ફરમાશ કરવા તેણે કહ્યુ. માલિકે ઇશારત કરી પોતાની પાછળ આવવા કહ્યુ. પોતાની ઓરડીમાં લઈ જઈ અલ્પ્તગીને તેને કહ્યુ –

"અય ગુલામ! અત્યારે રાત્રે એકાએક મેં તને તારુ વૃત્તાંત કહેવા બોલાવ્યો છે. અત્યારે શા માટે બોલાવ્યો, તેનું કારણ હુ જણાવવા ચ્હાતો નથી. પણ તુ કોણ છે તે મને સાચે સાચુ જણાવ યાદ રાખજે કે, તુ કોઈ સારા ખાનદાનનુ ફરઝંદ છે એમ મને શક ગયો છે દુ ખનો માર્યો તુ આ સ્થિતિમા આવી પડ્યો છે એમ મારુ ધારવુ છે તેથી જો ખોટુ બોલીશ તો જલ્લાદને બોલાવી અત્યારે ને અત્યારે તારું ધડ શિરથી જૂદુ કરાવીશ"

મુસાફિર–મારે મારી હાલત આપ જેવા દયાળુ માલિક પાસે સંતાડવાનુ કોઇપણ જાતનુ કામ નથી, તો હુઝુર તે સાભળો –હુ ઇરાનના સૌથી છેલ્લા શાહ યઝદી ઝર્દનો વશજ છુ જે તમો સારી પેઠ જાણતા હોવા જોઇએ કે, પોતાના શત્રુઓથી બચવા માટે નાસતો હતો ત્યારે મુર્વ શહેર પાસેની એક વાવ પાસે તેને મારી નાખવામા આવ્યો હતો. તેનુ કુટુબ તુર્કસ્થાનમા રહેલુ હોવાથી ત્યાંના લોકો સાથે તેના કુટુબીઓનો સબધ વધ્યો અને તેઓ એ રીતે તુર્ક થયા. હાલ હુ પણ એક તુર્ક ગણાઈ શકું. હુ ગરીબી અને લાચારીમાં ઉછરેલો છુ અને તેથીજ મને, હુ આત્મપ્રશસા નથી કરતો પણ, મનુષ્યને છાજતા કેટલાક ગુણો રાખવાનુ બહુ ગમે છે. કૃપાળુ, મને કોઇને દુ ખ દેવુ લગાર પણ ગમતુ નથી મારા શત્રુ પ્રત્યે પણ મને દયા આવી જાય છે. મને જાતે દુ ખ ભોગવવાનો જરાપણ કટાળો નથી, પણ બીજાને દુ ખી જોઈ મારુ હૃદય ભેદાયા વગર રહેતુ નથી. અલ્લા જાણે છે કે, મેં અત્યાર સૂધીમાં કોઇની આતરડી દુ ખવી નથી. હુ વધારે કહેતો નથી, પણ મને

એટલુંજ લાગી આવે છે કે ઉપર કહ્યું તેવી રીતનું મારુ વર્તન છે, છતા પણ એ મહાન્ પયગમ્બર મને દુખમા ને દુખમાજ રાખે છે!" મુસાફિરની આંખમાંથી આ સમયે થોડાંક અશ્રુબિંદુ ટપક્યાં અલ્પ્તગીન એવો દયાહીન ન હોતો કે, તેણે છૂપાઇને જે સાંભળ્યુ હતુ તથા હાલમાં આની વાત સાભળી હતી, તે પછી એક રાજવંશીને વધારે રીબાવે તે ઉઠીને ઉભો થઈ મુસાફિરને કહેવા લાગ્યો, "અય્ જગતમાંથી દુખી હરણને સુખી કરનાર રાજવંશી મુસાફિર! આવ મને ભેટ, તુ મારાથી ઉંચો છે, ખાનદાન કુળનો છે, માટે તને ભેટતાં મને લજ્જા નહિ આવે." આટલુ કહી તે આશ્ચર્યચકિત થયેલા પ્રવાસીને વધુ અજાયબીમાં ગરકાવ કરતો અલ્પ્તગીન ભેટી પડ્યો! અલ્પ્તગીને ત્યારબાદ તેને પૂછી જોયુ કે, તને વાચતા લખતા આવડે છે? તેણે હા કહ્યાથી તેને પોતાના ખાનગી મત્રી તરીકે તેણે સ્થાપ્યો. જેમ જેમ દિવસો જતા ગયા, તેમ તેમ ખોરાસાનના સુબા અલ્પ્તગીને તેને પોતાના લશ્કરનો ઉપરી નીમ્યો અને આ મુસાફિર ધીમે ધીમે પોતાની લાયકાત સાબીત કરી આપવા લાગ્યો એકાન્તમા હઝારોવાર તે અલ્પ્તગીનને છૂપા આશીર્વાદો દેતો અને લાખ્ખોવાર તે પોતાના પયગમ્બરને સંભારતો, અલ્પ્તગીનનો તેણે એટલો બધો વિશ્વાસ મેળવી લીધો હતો કે, ઘણા કામોમા તેની તે સલાહ લેતો તેનુ લશ્કર ધીમે ધીમે એવુ કવાયદબાજ નીવડ્યુ કે, તેનાથી દ્વિગુણી સખ્યા હોય તોપણ તેના સૈનિકો ગભરાયા વગર લડે અને ૯૦ ટકા વિજય મેળવે લશ્કરીઓમા પણ તે પ્રિય થઈ પડ્યો હતો.

એક દિવસ અલ્પ્તગીને લશ્કરી દરબાર ભરી મુસાફિરનાં ભારે વખાણ વચ્ચે તેને "અમીર–ઉલ–ઉમરાવ"નો ખિતાબ બક્ષ્યો હતો આ ખિતાબ તેને એકલાનેજ મળેલો હોવાથી સર્વ કોઈ ત્યારપછી તેને "અમીર"ને નામે સબોધતા હતા એક દિન પોતાની ઓરડીમા તે બેઠો હતો, તેવામા પાછળ કાંઇક ખડખડાટ થયો. ચમકી, તરવાર હાથપર નાખી તે જુએ છે તો અલ્પ્તગીનની પુત્રી ઝોહરા ત્યા ઉભી હતી નમન કરી તેણે કહ્યુ. "આપ નામવરને કાંઈ જોઇએ છે?" ઝૌહરાએ કહ્યુ.–"હા" ફક્ત "હા" એટલાજ જવાબથી શુ કહેવુ, તે બાબતમા તે ગુચાયો થોડીવાર તે વિચારમાં ઉભો રહ્યો. પેલી પણ કાંઈ બોલ્યા વગર ત્યાને ત્યા ઉભી રહી. અતે મુસાફિર બોલ્યો:–

"આપના ઘરના આપ મુખ્તીઆર છો. આપને ફાવે તે આપ લઈ શકો તેમ છો. તો જે જોઇએ તે લઈ લ્યો."

"અમીર, મારે તમારી પાસેથી લેવાનુ છે."

મુસાફિર–(એકદમ ઘુંટણુમંડીએ પડી) આ નૌકર પોતાનો જાન પણ આપવા તૈયાર છે.

"બસ, તો તે જ આપો."

"ભલે તૈયાર છુ. આપના પિતાએ મને ગુલામગિરીમાંથી આટલે સુધી ચઢાવ્યો અને તે ઉપકાર ભૂલી જઈ એક ગદ્ધાની માફક અહિ-તહિ ફર્યા કરું અને વખત આવે કામમા ન લાગુ તો મારા જેવો કમ-બખ્ત બીજો કોણુ હોઈ શકે? આપને માટે જે પ્રકારે મારે જાન નિસાર કરવાનો હોય, તે પ્રકાર બેલાશક જણાવી ઘો."

"આપો ત્યારે વખત ખોયામાં સાર નથી"

"બીબી સાહેબા, મારે શી રીતે મારો નાચિઝ જાન આપવાનો છે, તે હુ સમજી શકતો નથી આપની ઉપર કોઈ સકટ આવી પડ-વાનું હોય અને તેમાથી આપને બચાવવા ખાતર મારે મરવાનું હોય તો તેમ, કિવા અત્યારે જ મારે માગી વહાલી તરવાર આણી આપની સમક્ષ મારી ગર્દનના બે ટુકડા કરી નાખવાના હોય તો તેમ–એ હુ નથી સમજી શકતો આપને માટે કે આપના પિતા માટે હુ અઘોર અંધારી રાત્રિએ કબરસ્તાનમા પણ જઈ વિકટમા વિકટ વસ્તુ આણી આપવા પાછી પાની ભરનાર નથી" ઝોહરા –"અમીર, શાહબાશ છે આપની વીરતાને એ બાબતમા મને તેમ મારા પિતાને પૂરી ખાત્રી છે ને તેથી આપને મારા પિતાએ પોતાના જમણા હાથ તરીકે ગણ્યા છે, પરતુ અમીર, આપને મારો જાન બચાવવાનો છે, તે કુદરતના કોપમાથી છોડાવીને બચાવવાનો છે જગતના હઝારો લોકોમાંથી એ કામ માટે મેં આપને જ લાયક ગણી પસદ કર્યા છે મારી સખીઓએ પણ એમા મને સમતિ આપી છે તો કુદરત મને રીબાવી રીબાવી લુટે છે, તેનાથી મારો જાન નહી બચાવો?"

તેણે દીનવદને આગળ પગલા ભર્યા અમીરથી પાંચેક ડગલા દૂર રહી તેણે તેના મ્હો તરફ જ ટીકયા કર્યું. મુસાફિર ગુચાયો. "અલમ-ગીનની બેટી મને પોતાનો ખાવિદ બનાવવા ચાહે છે, પણ મારા માલિ-કની રજા વગર, હુ એક નાનોગો ગુલામડો એકદમ આ બાળાને હા કહી ફસુ ને ફસાવુ ને કદાચ તે કોપાયમાન થાય તો? ખુદાએ મને આ જજાળમા કયાથી નાખ્યો?" તે મુઝાયો–ગુચાયો તેટલામા રૂપેરી રણ-કારા વાગવા માંડ્યા –"અમીર, શુ મગા છો? શા માટે બોલતા નથી. મને જવાબ આપો. મારે જવુ છે" અમીર –"બાળા, હુ આપને જવાબ આપુ અને તે પણ આપે કહેલા પ્રશ્નો–એટલી મારામાં તાકાદ પણ નથી, તેમ મારો અધિકાર પણ નથી. હુ એક ગુલામ છુ, એ નઝરમા રાખજો." ઝોહરા –"અમીર, મને યાદ છે કે મે એક ઠેકાણે વાચ્યુ છે

કે ઇન્સાનને હરયેક પ્રકારનો અધિકાર છે ગરીબ પણ ગુણવાન્ એક દિન વઝીર થઇ શકે છે એવા હજારો દાખલાઓ મે સાભળ્યા છે તમે પણ જોકે મૂળ અમીરી ઔલાદના છો પણ ગુલામમાંથી સેનાપતિ બન્યા છો એ કેમ ભૂલો છો? તમે લાયક થયા છો અને એ લાયકાતનુ જ આ પરિણામ છે."

અમીર–"પણ–હુ નિમકહરામ નથી કે મારા માલિકને દગો દઉ."

ઝૌહરા –"બસ? થઈ રહ્યુ? લ્યો, માફ કરજો અમીર, હુ જાઉ છુ મે તમારો અમૂલ્ય વખત ખોવરાવ્યો માટે માફ કરજો. મારા ઉપર સકટ આવી પડતા તમો શી રીતે જાન નિ સાર કરી શકો, તે હુ સમજી ગઈ છુ હશે, મારુ કિસ્મત! પણ બધાને જાન આપવાનુ વચન ના આપી બેસતા, એટલી આ નમ્ર દિલની વિનતિ છે."

ઝૌહરાએ પોતાનાં વાકયોની અસર શુ થાય છે, તે જોતે જોતે ધીમે ધીમે ચાલવા માડયુ. મુસાફિર ઉપર એ શબ્દોએ બહુ જ અસર કરી. પોતે ગુચાતો હતો, પણ પોતાની લાયકાતનુ ભાન આવ્યુ નજર ખુલી ગઈ અને તે ઉતાવળે ઝૌહરા પાસે ગયો, આગળ જઈ ઘુટણ મદીએ પડી, "દેવી! આ દેહ તારો છે, ચાહે તે કર" એવો ઉચ્ચાર કર્યો

વાચકવૃદ! હવે વિશેષ લખી પિષ્ટપેષણ કરવુ નકામુ છે. "દેવી! આ દેહ તારો છે, ચાહે તે કર" એ શબ્દોનુ શુ પરિણામ આવે, તે કોનાથી અજાણ્યુ હશે?

દિવસોના વહેવા સાથે આ યુગલનો પ્રેમ વધ્યો અને પોતાની એકની એક પુત્રી કોઈ સાથે પરણે, એવી જિજ્ઞાસાવાળા પિતાનુ મન અતે એ જોઇને રાચ્યુ કે, અમીરે મારી પુત્રીને જિતી છે! અમીર ધારતો હતો તેમ અલપ્તગીન બિલ્કુલ ગુસ્સે ન થયો–રે અતિશય ખુશી થયો. અતે પિતાએ ઝૌહરા અને અમીરની સંમતિથી તે બન્નેના લગ્ન ધામધૂમથી કર્યા, અને મુસાફિરને તેના સ્વપ્નસુખને બીજે પગથિયે ચઢાવ્યો– પોતે તેની ઉપર અનુગ્રહ કર્યો હતો તે પહેલુ પગથિયુ, અનુગ્રહ કરી ખુદ પોતાની પુત્રી તેને પરણાવી તે બીજુ પગથિયુ

પ્રારબ્ધની બલિહારી છે દુ ખ આવે છે તો તે સામટાં–એકી વખતે આવે છે સુખનુ પણ તેમ જ છે તે પણ એકી વખતે આવી મળે છે. આ યુગલને પરણ્યાને ૧૫ દિવસ થયા હશે ત્યા અલપ્તગીનને ખબર મળ્યા કે, બુખારાનો શાહ અબ્દુલમલિક સમની મરણ પામ્યો છે. તેનો પુત્ર મન્સૂર સગીર વયનો હતો, એટલે ગાદી માટે તકરાર થવાનો સભવ હતો પણ પોતે મોટો સુબો હતો એટલે એ બાબતમા તેનુ વજન પડે તેમ હતુ. મારવર–ઉલ્લ–નિહુર, જોરજાન, સીલુસ્તાન, ગીઝની વગેરે મુલ્કોના

સુબાઓ જે બુખારાના શાહના હાથ નીચેના હતા, તેમણે એકઠા થઈ અલ્પ્તગીનનો અભિપ્રાય પૂછાવ્યો કે, 'બુખારાની ગાદી કોને આપવી ?' તેને મન્સૂર ગાદીપર ન આવે એમ ઇચ્છા હતી, તેથી તેણે જણાવ્યુ કે "મન્સૂર હાલમા ગાદીપર ન આવે અને મર્હુમ શાહનો સગીર ભાઈ મોટો થાય ત્યાં લગી વાલી તરીકે રાજ ચલાવે" પણ તેઓએ તેનો અભિપ્રાય નામનો જ પૂછાવ્યો હતો ઉપલા બીજા બધા સૂબાઓ બુખારા ખાતે એકલા મળ્યા અને તેમણે મન્સૂરનો રાજા તરીકે ઢંઢેરો ફેરવ્યો અલ્પ્તગીનને ગુસ્સો ઉત્પન્ન થયો. પોતાના જમાઇને પોતાની પાસે બોલાવી તેણે કહ્યુ –

"જુઓ અમીર, એક કફોડી સ્થિતિ આવી છે. મન્સૂર બુખારાનો શાહ થવા લગાર પણ લાયક નથી, કારણ તે ઉછાછળો અને અણસમજુ તથા બીન અનુભવી છે બીજા બધા સુબાઓએ પોતાના સ્વાર્થને ખાતર તેને શાહ તરીકે સ્વીકાર્યો છે, પણ આપણે એક જૂદી જ યુક્તિ કરવાની છે. હુ અહિ ખોરાસાન જાળવી રાખુ છુ તમે બળવો ઉઠાવો. લશ્કર સાથે એકદમ ગીઝની જઈ પહોચો અને પ્રજામાં મન્સૂર વિરુદ્ધની ચિણગારીઓ મૂકી આતશ એવી સળગાવો કે, મોટો ભડકો થઈ મન્સૂર તેમા બળે" અમીરે પોતાના માનીતા સૈનિકો સાથે ગીઝની શહેરપર ચઢાઈ કરી તે કબજે કરી લીધુ. મન્સૂરે આ વાત જાણી, તેની સામે એક લશ્કર મોકલ્યુ, પરંતુ એ લશ્કરનો પરાજય થયો. આ પ્રમાણે લગભગ છ સાતવાર મન્સૂરના લશ્કર હાર પામી અતે થાકયા દરમ્યાન અલ્પ્તગીન ખોરાસાનથી ગીઝની આવ્યો અને પોતાના જમાઇની મદદમા રહી અતે ગીઝની સર કર્યુ મન્સૂર નાસી ગયો અને તે કયા ગયો એ જણાયુ નહીં અલ્પ્તગીને પોતાના પુત્ર અબુ–ઐઝાકને ખોરાસાનનો સુબો બનાવ્યો અને તેના સલાહકાર તરીકે "અમીર"ને નીમ્યો

લગભગ પદર વર્ષ સુધી ગીઝનીમાં રાજ ચલાવી અલ્પ્તગીન મરણ પામ્યો અને તેની જગાએ તેનો પુત્ર ગાદીએ બેઠો, પરતુ તે બે જ વર્ષમા મૃર્ણુ પામ્યો. તેને કાંઈ પણ સતાન ન હતુ, તેથી સૈનિકોએ પોતાના પ્રિય થઈ પડેલા સરદાર "અમીર"ને એકમતે ગાઝનીનો માલિક બનાવ્યો. ઝોહરા આથી બહુ જ ખુશી થઈ આ વાર્ત્તાંના નાયક મુસાફિર અમીરે અતે ૧૭ વર્ષે પણ પોતાનુ સ્વપ્ન ખરુ પડેલુ જોઈ અલ્લાનો આભાર માન્યો ખરુ છે કે —

પ્રારબ્ધમાં સુખ જે લખેલુ તે મળે છે અંતમા;
કંટકોમાં રખડતા પણ અતનું સુખ અંતમાં.
રંગ ન્યારા ધરી વિધિ કૈ લાખવાર જુઓ ફરે,
પલટીપલટી અંતમાં નિજ રંગ તે ~ ~ાણીએ છીએ. તે
આ મુસાફિર "અમીરૂદ્દીન ચયલા સબક્તગીન હતો!
ઇતિહાસમાં -

કંકણુ બંધન.

(લેખક ઠક્કુર નારાયણ વિસનજી)

રાજસ્થાનની સરહદપર એક મજબૂત કિલ્લો હતો. ત્યાંના દરબાર ભરવાના દીવાનખાનામા એક દિવસે કેટલાક લોકો એકત્ર થઇને કાંઈ સલાહ મસલત ચલાવતા બેઠા હતા. તેમનામાના કેટલાક યોધા અને કેટલાક રાજનીતિજ્ઞો હતા અને તે સર્વ વયાતીત હતા સર્વના મધ્ય ભાગમાં ગાદીપર ઓસીકાને અઢેલીને નાગોરનો રાજા માનસિહ બેઠો હતો. તેની દાઢી સફેદ દૂધ જેવી હોઇને અત્યારે ચિન્તાથી તેનુ મુખમંડળ ઉદાસીન દેખાતુ હતું; અને તેની આસપાસ બેઠેલા પુરુષો પણ તેવાજ ખિન્ન થયેલા હતા. તેમની એ ખિન્નતાનું એક સબળ કારણ પણ હતુ તે રાજાના પુત્રો સંસ્થાનની બહુધા સર્વ સેનાને લઈ જઇને પોતાના સ્વામી મોગલ બાદશાહના સૈન્યમાં રહી દક્ષિણમા સેંકડો કોસના અંતરપર લઢાઇઓ મારવાના કામમા રોકાયલા હતા. તેઓ આવી રીતે જે સમયે અન્યત્ર રોકાયલા હતા, તે સમયમા ગુજરાતના મુસલ્માન રાજાએ પોતાના પ્રચડ સૈન્ય સહિત અચાનક નાગોરપર સ્વારી કરી. એથી ત્યાનો વૃદ્ધ રાજા પોતામાં પોતાની રાજધાનીને રક્ષવાની શક્તિનો અભાવ જોઇને પોતાની સ્ત્રી, પુત્રી અને સપત્તિ આદિને લઇને ગોદવડમાના પાર્વતીય દુર્ગમા ચાલ્યો ગયો. તેના મુખ્ય સરદારોમાથી જેમનામા વૃદ્ધાવસ્થાના યોગે દક્ષિણમાંના યુદ્ધમા જવાની શક્તિ નહોતી, તે સરદારો તથા નગરમાનાં સ્ત્રી અને બાળકોને પણ રાજાએ પોતાની સાથે લઈ લીધા હતાં. અર્થાત્ નાગોર નગર અને તેમાના સ્ફટિક પાષાણના બાધેલા સુદર રાજમહાલયની શત્રુઓ ભલે ગમે તેવી દુર્દશા કરે, એમ કહીને આવી સ્થિતિમા તેમને સ્વસ્થતા ધારણ કરી રહેવુ પડ્યુ ગોદવડના કોઠારમા ધાન્યની વિપુલતા હોવા સાથે તળાવમા પાણી પણ પુષ્કળ હતુ. પરતુ તે બળવાન્ કિલ્લાના રક્ષણ માટે કિલ્લાની દીવાલપર અને અન્યત્ર વ્યવસ્થા રાખનારા લોકો એટલે કે સૈનિક આદિની ઘણી જ ખોટ હતી.

ગુજરાતના સુલ્તાન ફીરોજશાહનો પડાવ એ કિલ્લાની આસપાસ પડ-વા પ્રારંભ થયેલો હોવાથી પોતાના લોકો સહિત શત્રુને શરણે જવું પણ માગ ... સ્વીકારવું, એ વિના વૃદ્ધ માનસિંહ માટે ત્રીજો કોઈ-સ્થાન હોય, તોપણ હવે તમન્તિ - તેમના આશ્રય માટેનુ અન્ય કોઈ નહિ, કારણ કે, શત્રુની સેના કિલ્લાને ઘેરીને પડી. જવાનો માર્ગ હતો જો શત્રુદલને ભેદીને આગળ વધે, તોપણ શત્રુની સેના યુદ્ધમાટે તૈયાર થઇને આજ્ઞાની વાટ જોતી ઉભેલી હોવાથી, એમને પકડી ઘેરીને એમને તરત બકરાં પેઠે રેંસી નાખે એમ હતુ

ત્યા એકત્ર થયેલાં પ્રૌઢ અને વિચારશીલ લોકોનો એ વિષયવિશે ઘણો સંવાદ ચાલ્યો. આપણી પાસેના થોડા લોકોના બળથી કિલ્લાને જાળવી રાખવાનુ કાંઈ સાધન છે ખરુ કે, તેમજ બહારથી આપણને કોઈની કુમક મળવાનો સભવ છે કે? એ વિશે તેમણે બહુ જ વિચાર ચલાવ્યો. પરતુ મુખ વિકાસીને ઉભેલા સકટના પન્નમાંથી છૂટવાનો એક પણ ઉપાય તેમને સૂઝયો નહિ. તેમની આસપાસના ઘણાક રાજાઓ સાથે મિત્રતા હતી, પરતુ ફીરોજશાહની આવી પ્રચડ સેના સાથે ઝૂઝીને જય મેળવવાનુ કોઇનામા પણ સામર્થ્ય નહોતુ સારાશ કે, સર્વ પ્રકારે પોતાની પરિસ્થિતિનો વિચાર કરી જોતાં, શત્રુશરણ કે મરણશરણ એ બે વસ્તુઓ જ તેમને પોતના નેત્રો સમક્ષ મૂર્તિમત દેખાવા લાગી. જો શત્રુને શરણે જઇશુ, તો નાગોરના રાજવશમાંની સર્વ સ્ત્રીઓને તે વિજયી મુસલ્માન સુલ્તાનના જનાનખાનામા જવાનો પ્રસગ આવશે, એ નિર્વિ-વાદ હોવાથી એવા અપમાનને સહન કરવા કરતા 'જોહાર' કરીને સ્ત્રીઓ પોતાના પ્રાણનું બલિદાન આપે, એ જ વધારે સારુ છે, એવો તે પુરુષોએ નિશ્ચય કર્યો હવે શત્રુશરણને સ્વીકારવાની વાર્તા જો કે તેમના સ્વપ્નમા પણ નહોતી, તોપણ ઉપરટપકેથી એ વિશેના સદેશા ચલાવીને મળી શકે તેટલો સમય મેળવવો, એવા વિચારપર તેઓ આવ્યા; અને પ્રાણ કંઠે આવી જાય ત્યા સૂધી કિલ્લાનો બચાવ કરવા છતા પણ જો શત્રુઓને પાછા હટાવવામા ફળીભૂત ન થઇએ, તો પછી સ્ત્રીઓ અને બાળ-કોને અગ્નિનારાયણના મુખમા આપી દઇને કેસરિયા કરી તલવારોને ચમકાવતા કિલ્લામાંથી બહાર નીકળી, કરી શકાય તેટલા વધારે પ્રમા-ણમા શત્રુઓનો સહાર કરી પછી પોતાના પ્રાણનો ત્યાગ કરવો, એવો અતે તેમણે દૃઢતમ નિર્ધાર કર્યો.

આવા પ્રકારના અતિમ નિશ્ચયપર આવ્યા પછી તે વૃદ્ધ સામતો ઉદાસીન સ્થિતિમાં જ પોતપોતાનાં ભિન્નભિન્ન નિવાસસ્થાનોમા ચાલ્યા

ગયા. ત્યાં તેમના કુટુમ્બની સ્ત્રીઓ પોતાની ભાવી સ્થિતિના નિર્ણયને જાણવામાટે અતિશય આતુર થઇને તેમની માર્ગ પ્રતીક્ષા કરતી બેઠી હતી તે સર્વ કરતાં રાજા માનસિહની પ્રિયતમ પુત્રી પન્ના એ સમાચારને સાંભળવા માટે અતિશય ઉત્સુક હતી. 'પન્ના'શબ્દનો અર્થ 'હીરો' થાય છે અર્થાત્ એ નામ તે બાળાના તારુણ્ય, લાવણ્ય અને ચાતુર્યને સર્વ પ્રકારે અનુરૂપ જ હતુ રાજપૂતાનામાં પુત્રીને એક પ્રકારના ભાર અને ધનવિનાશના કારણરૂપ સાધારણત માનવામા આવે છે પરતુ પોતાની પુત્રીવિશે માનસિહની એવી ભાવના નહોતી તેનો પોતાની એ પુત્રીમા પુત્ર કરતા પણ અધિક અનુરાગ હતો સર્વ સતાનોમા એ કન્યા સર્વથી ન્હાની હતી અને માતાની એકની એક જ પુત્રી હોઇને પોતાની માતામા એનો અત્યત પ્રેમભાવ હતો એની માતાના સ્વર્ગવાસને ચૌદ પદર વર્ષ વીતી ગયા હતા અને તેના સહવાસમાં રાજાએ અલભ્ય સાસારિક સુખોનો સાક્ષાત્ અનુભવ કરેલો હોવાથી તેના મરણ પછી નિરતર તે ખિન્ન રહ્યા કરતો હતો પન્ના પોતાની માતાની એવી તો યથાયોગ્ય પ્રતિમા હતી કે, તેને જોતા જ વારવાર રાજાને, ચિતાપરથી ઉઠીને સર્વભક્ષક અગ્નિની જ્વાળામાથી આ પોતાની પત્ની તો સજીવન થઇને નથી આવીને, એવો જ ભાસ થયા કરતો હતો રાજ્યકાર્યના પરિશ્રમથી મુક્ત થઇને જ્યારે તે પાછો પોતાના મહાલયમા આવતો, ત્યારે એ બાળાના વિનોદી સ્વભાવ અને પોતામાના તેના પ્રેમને જોઇને તેના મનમા જે સતોષ થતો, તે સર્વથા અવર્ણનીય હતો એટલે આ ભયકર સમાચાર એ બાળાને સભળાવવાની જો તેની ઇચ્છા ન થાય, તો તેમા શુ આશ્ચર્ય વારુ?

માનસિહ જ્યારે પોતાના કુટુમ્બના ચિતાગ્રસ્ત મનુષ્યોના મધ્યમા આવીને બેઠો, ત્યારે તે બાળા આખોમા આસુ લાવીને પિતાજી કાંઈ પણ સુખદ વાર્ત્તા સભળાવશે, એવી આશાથી તેના મુખને જોતી ઉભી રહી પ્રથમ તો થોડીવાર સૂધી તે સ્તબ્ધ જ રહ્યો,–તે એટલે સૂધી કે, પન્નાએ અનેકવાર 'શા વર્તમાન છે?' ઇત્યાદિ પ્રશ્નો પૂછવા છતા તેણે કાંઈ પણ ઉત્તર આપ્યુ નહિ! અતે પોતાના મનને દૃઢ કરીને તેણે જણાવ્યુ કે,–"હવે જો પરમેશ્વર પોતે જ આપણો સહાયક થઇને આવે, તો તે જૂદી વાત છે, નહિ તો હવે થોડા દિવસમા જ આપણાપર મરણનો પ્રસંગ આવવાનો, એ નિશ્ચિત થઈ ચૂકયુ છે!"

એવી રીતે પોતાના મરણની વાર્તા સાભળીને કેટલીક સ્ત્રીઓ પોતાના વય તથા સ્વભાવ પ્રમાણે વિશેષ કાંઈ પણ ન બોલતા સ્તબ્ધ થઈ ગઈ, કેટલીકની આખોમાં આસુ ભરાઈ આવ્યાં અને કેટલીક કોમળાંગીઓએ રુદન અને વિલાપનો આરભ કરી દીધો. રાજા માનસિહની

માતા લગભગ સો વર્ષના વયની-પાકેલા પાન જેવી હતી. તે ખરી રાજપૂતાણી પ્રમાણે પોતાની અચલ સત્ત્વનિષ્ઠાના અંતને ઉત્તમ કરવા માટે એ પ્રસંગની પ્રશસા કરવા લાગી. તેના કરતાં જે ન્હાની ઉમરની સ્ત્રીઓ હતી, તેમાની કેટલીકોએ તેની એ અનુપમ ધૈર્યશીલતાનુ અનુકરણ કર્યું; પણ બાકીની સાધારણ સ્વભાવની સ્ત્રીઓના મનમાં તો એવા જ વિચાર આવવા લાગ્યા કે, 'અમને ડોશીના કરતા સસારસુખની વિશેષ આશા હોવાથી જો અમને એમના કરતાં મૃત્યુનું વિશેષ ભય લાગતું હોય તો તે સાહજિક છે.' જે ન્હાનાં બાળકો હતાં, તેઓ આમાંના રહસ્યને ન સમજી શકવાથી જે કેટલીક સ્ત્રીઓ રડતી હતી, તેમના આક્રોશને જોઇને આશ્ચર્યયુક્ત અને કાવરી બાવરી મુદ્રાથી તેમના તરફ એકીટસે જોયા કરતા હતા!

એવી રીતે પોતાના સમીપ આવી લાગેલા મરણની વાર્ત્તા સાભળીને કેવળ પન્નાની તેના સ્વભાવને અનુરૂપ કાઇક વિશેષ પ્રકારની સ્થિતિ થઈ ગઈ. તે પોતાની માતામહી-દાદી-પ્રમાણે નિગ્રહી અથવા તો આવનારા પ્રસગને આનદથી વધાવી લેવાને ઉત્સુક થયેલી દેખાતી નહોતી, તેમ જ બીજી નિર્બળ નારીઓ પ્રમાણે તેણે આક્રોશ પણ કર્યો નહિ. તે શાતિથી એક બારી તરફ ચાલતી થઈ. તે બારીની સ્ફટિક પાષાણમાંની જાળીમાંથી આસપાસના વિસ્તૃત પ્રદેશનો મનોહર દેખાવ જોવામા આવી શકતો હતો. ત્યાં બારીના ઊંબરાપર પોતાની કોણી રાખી અને હથેલી ઉપર મસ્તક રાખીને તે થોડીવાર સૂધી કોઈ ગહન વિચારમાં નિમગ્ન થઈ ગઈ. પ્રથમ તો સ્હામે દેખાતા પ્રદેશ પ્રતિ સહજ દૃષ્ટિપાત કર્યો, પણ ક્યાય તેની દૃષ્ટિ સંલગ્ન થઈ શકી નહિ. એમ થતાં થતાં અંતે અસ્તાચલગામી સૂર્યના મદ પ્રકાશમા ઠેઠ ક્ષિતિજના છેડાપર દૂરના પર્વતનો શિખરભાગ દેખાતો હતો, ત્યા જઇને તેની દૃષ્ટિ સ્થિરતાને પામી.

એ પર્વતનુ નામ અરિકદ હતુ. પન્નાની દૃષ્ટિ જે તે શૈલના શકવાકાર શિખર ભાગમાં જઇને સ્થિર થઈ હતી, તે વિના કારણ તો નહિ જ. પન્ના મહાકલ્પક બાળા હતી અને પોતાના આનદના સમયમા તેણે તે પર્વતના શિખરપર મનોરાજ્યમાંની અનેક ઇમારતો ચણી હતી, કારણ કે, તે ઉમેદસિહ નામક એક રાજપૂત રાજાનું નિવાસસ્થાન હોઇને, તેનો અને પન્નાના પિતાનો પરસ્પર સ્નેહભાવ હોવાથી, બે વર્ષ પૂર્વે તે નાગોરના માર્ગમાથી અશ્વારૂઢ થઇને ચાલ્યો જતો હતો. તે વેળાએ તેના સુદર તથા મનોહર રૂપને જોઇને પન્નાનો કેટલેક અંશ તેનામા પ્રેમ બંધાયો હતો. તે વેળાએ તે કાઈ પ્રૌઢ વયનો નહોતો, કિન્તુ સાધારણ તરુણાવસ્થામા જ હતો અને ભિલ્લ બળવાખોરોની એક ટોળીપર

સ્વારી કરી પ્રથમ જ તેમનાપર પોતાની તલ્વાર ચલાવી વિજય મેળવીને આવ્યો હતો. તે વેળાના તેના મનોહર રૂપ અને અશ્વચાલનના કૌશલ્યને જોઇને પન્ના ત્યાં ને ત્યાં જ તેનાપર મોહિત થઈ ગઈ અને તેણે મનમાં ઇશ્વરને એવી પ્રાર્થના કરી કે;–"જો પતિ આપે તો આવો તરુણ અને શૂરવીર પતિ જ આપજે!" તે સમયે તેણે પોતાના મનમાં કરેલા એ સકલ્પની સિદ્ધિમાં કશી પણ બાધા આવવાનો સંભવ દેખાતો નહોતો. પરતુ જ્યાં ખરા પ્રેમની ઉત્પત્તિ થઈ, ત્યા કાંઈ પણ વિઘ્ન આવીને અચાનક ઉપસ્થિત થાય છે, એમ જે કહેવામાં આવે છે, તે કાંઈ ખોટુ તો નથી જ! કારણ કે, એ પછી થોડા જ દિવસ જતાં બનાવ એવો બન્યો કે, એ બન્ને રાજપૂત રાજાઓ મધ્યે પોતપોતાની સીમાવિશેનો કાઇક વાદ ઉત્પન્ન થયો એ વાદનુ પરિણામ એવુ થયુ કે, તે ઉભયના મનમા પરસ્પર અતિશય દ્વેષભાવ ઉદ્‌ભવ્યો, અને જો કે તેમનુ પ્રકટ યુદ્ધ તો ન થયુ, તો પણ બન્નેના સ્નેહ સબધનો સદાને માટે લોપ થઈ ગયો! એથી એ ઉભય પક્ષમાં શરીરસંબંધ થવાનુ જો કે અશક્ય થઈ ગયુ, તો પણ, જો રૂપસપન્નતા, શૌર્ય અને ઉદારતાની છટા હોય તો તે આવી જ હોવી જોઇએ, એવો જે પન્નાના મનમા એકવાર નિશ્ચય થઈ ગયો હતો, તેનો જરા પણ લોપ ન થયો અને તેથી તે તરુણ યોધાની મૂર્ત્તિ તેના હૃત્પટલમાં સદાને માટે કોતરાઈ ગઈ. એ પ્રમાણે એ ઘટના તેના મનમા એકસરખી ઘોળાયા કરતી હોવાથી અરિકદ પર્વત પ્રતિ દૃષ્ટિને એકાગ્ર કરીને અનેકવાર બારીમાં બેસતી હતી. એટલે અત્યારે જો કે તેનું મન એક જૂદા પ્રકારના વિચારમા જ લીન થયેલુ હતુ, તો પણ નિત્યની ટેવને લીધે તેની દૃષ્ટિ ત્યાં દોડી જાય, એમાં આશ્ચર્ય જેવુ કાંઇએ નહોતુ!

અચાનક તેના મનમાં એક વિશિષ્ટ પ્રકારના વિચારનો સચાર થયો. એ વિચારના યોગે તેના અત કરણમાં કેટલીક હીલચાલ થવા લાગી અને આવેલા સંકટના નિવારણમાટેના ઉપાયને યોજવાવિશેની તેના મનમાં મોટી આશા ઉત્પન્ન થઈ. તે મનોગત કહેવા લાગી કે;– "જો એ તરુણ યોધાને આ પ્રસગે અમને સાહાય્ય આપવાવિશેની પ્રાર્થના કરવામા આવે તો તેથી શી હાનિ છે વારુ? આવા વિકટ પ્રસગમાં, જેના યોગે ઉભય પક્ષનો સ્નેહસબંધ તૂટી ગયો છે, તે ક્ષુદ્ર કારણને ભૂલી જઇને પોતાના જાતિબધુ રાજપૂતોના રાજ્યપર આવેલા મુસલ્માનોના હલ્લાને હટાવવામાં તે અવશ્ય સાહાય્ય આપશે જ, એ વિશે લેશ માત્ર પણ શંકા નથી. તેને મારો રક્ષાબદ્ધ બધુ કરવાથી કોઇ પણ રીતે અમારા ઉદ્ધાર માટે આવવું જ પડશે; કારણ કે, તે કુલીન

અને સત્ય રાજપૂત હોવાથી આવા પ્રકારની પ્રતિષ્ઠાનો અનાદર કરે, એ કદાપિ બને તેમ નથી !" વળી એ રક્ષાબંધનના દિવસો હોવાથી પન્નાને એ મનમાનતો અવસર મળી ગયો આવા સમયમા કોઈ પણ રાજપૂતકુમારિકા અથવા તો પ્રૌઢ પ્રમદાએ પોતાની ઇચ્છામાં આવે તે વીર નરને એક કંકણ મોકલીને તેને પોતાનો રાખીબંદ-રક્ષાબદ્ધ-વીર કરી લેવાનો રાજપૂતાનામા પરિપાક જ હતો. તે વીર પુરુષ જો એ કંકણનો સ્વીકાર કરીને તે વિશેના નિયમોને પાળવાને તૈયાર હોય, તો તે સ્ત્રીને તે રેશમ અથવા કીનખાબની એક ચોળી સ્હામી મોકલી આપતો અને એ વિધિ થતાની સાથે જ કોઈ પણ સંકટના સમયમા તે અબળાને સાહાય્ય આપવામાટે તે ધર્મપૂર્વક બંધાઈ જતો હતો

અસ્તુ, ઉપર્યુક્ત વિચારનો પોતાના મનમા સંચાર થતાંની સાથે જ પન્ના ત્યાંથી ઉઠીને પોતાના પિતા પાસે ગઈ. એ વેળાએ તે પોતાના હાથપર મસ્તકને ટેકાવીને ઉદાસીનતા અને નિરાશાનો સાક્ષાત્ અવતાર બનીને બેઠો હતો પન્ના વિનયથી તેને ઉદ્દેશીને કહેવા લાગી કે,–"પિતાજી તમે જરા આ બારી પાસે આવશો કે ?" પુત્રીના આ શબ્દોને સાભળી આમા તેનો શો ઉદ્દેશ હોવો જોઇએ, એનો વિશેષ વિચાર ન કરતા તે તેની પાછળ બારી પાસે આવ્યો ત્યાર પછી પોતાનુ બોલવુ કોઇના સાંભળવામા આવી શકે તેમ નથી, એમ લાગવાથી તે મહા ઉત્સુકતાથી કહેવા લાગી કે,–" પિતાજી, અરિકદના રાજાએ તમારી જોડે કોઇવાર ઉચ્છૃંખલતા યુક્ત અથવા તો અયોગ્ય વર્ત્તન કર્યું છે ખરુ કે ? તેમ જ તેણે તમારા પોતાના કિવા તમારી પ્રજાના સબધમા એવુ કોઈ નીચતમ કૃત્ય કર્યું છે ખરુ કે, જેનામાટે તેને ક્ષમા ન જ આપી શકાય ?"

"તેનો અપરાધ કેવળ એટલો જ છે કે, આજે સો સવાસો વર્ષથી જેના વિશે વાધો પડ્યો છે, એવી આપણી સરહદપર કેટલીક જમીન છે, અને તેનાપર તે પોતાનો હક બતાવે છે એ જમીન રેતાળ અને ઉજ્જડ હોવાથી કોઇના પણ ઉપયોગમા આવી શકે તેવી નથી હવે તે જમીનપરના પોતાના હકને બતાવવામાટેના અરિકદવાળાઓ પાસે જો કે કેટલાક આધારો છે ખરા, તોપણ આપણા વડીલો ન્યાયથી કહો કે અન્યાયથી, આજે સેંકડો વર્ષથી એનો ભોગવટો કરતા આવ્યા છે, એટલે જો હવે આપણે આપણા એ જમીનપરના હકને છોડી દઇએ તો તે એક શરમની વાત થઈ પડે અર્થાત્ આપણે આપણા હકને છોડવા તૈયાર ન હોવાથી તેમના અને આપણા વચ્ચે આજ સૂધીમા ઘણા વાદવિવાદ થયા છે અને તારા બાંધવો દક્ષિણમાંથી પાછા આવતાની સાથે જ તેની સાથે લઢાઈ કરીને પોતાના હકને બરાબર સ્થાપિત

કરવાનો મારો નિશ્ચય થઈ ચૂક્યો છે. હવે જો ઉમેદસિંહવિશે બોલીએ, તો તે એક ખરેખરો તલ્વાર બહાદુર વીર રાજપૂત છે. તે જ્યારે ઉત્તર પ્રદેશના લુટારાઓના નાયક સાથે આપણા તરફથી લડતો હતો, તે વેળાએ મારો તેનામાં પુત્ર પ્રમાણે પ્રેમ બધાયો હતો પણ હવે આ વાતો શા માટે કરવી જોઇએ? અત્યારે તો આ પાજી મુસલ્માનો આપણા કિલ્લાને ઘેરી બેઠા છે અને તેથી આવતી શુક્લ દ્વિતીયાના ચન્દ્રદર્શન પૂર્વે જ આપણ સર્વનો સંહાર થવાનો છે, એનો જ વિચાર આપણે કરવાનો છે." માનસિંહે કહ્યું.

"પિતાજી, મને ઉમેદસિંહ પ્રતિ કંકણ મોકલવાની આજ્ઞા આપો; કારણ કે, એમ કરવાથી મારો નિશ્ચય છે કે, એક સત્ય વીરનરના કર્ત્તવ્યને સ્મરીને અવશ્ય તે આપણને સાહાય્ય આપવા માટે દોડતો આવશે" પન્નાએ પ્રાર્થના કરી

પન્નાની આ પ્રાર્થના સાંભળી માનસિંહ કોપથી લાલપીળો થઈ ગયો અને ગર્જના કરતો કહેવા લાગ્યો કે,—"શું, આપણે જાતમા તણ ઊઠને આપણા વેરીનું સાહાય્ય માગીએ કે? નહિ નહિ, આવા વિચાર માત્રને પણ હૃદયમા સ્થાન આપવુ ઉચિત નથી સાગથી તેના સમદ્ર મસ્તકને નમાવી શકાય તેમ નથી. અત્યારે તે આપણને તૃણ સમાન માને છે ખરો, પણ તને શુ કહુ, જો આ મુસલ્માનોનો હલ્લો ન આવ્યો હોત, તો એક ક્ષણ માત્રમા જ તેના ગર્વને આપણે ગાળી નાખત"

માનસિંહને એ વેળાએ બહુ જ આવેશ આવેલો હતો, છતા તેને શાંત કરીને પોતાની ઇચ્છાને માન્ય કરાવવાનુ પન્નાના અંગમા પરિપૂર્ણ સામર્થ્ય હતુ. આ કાર્ય તે યુવતી વિના અન્ય કોઇથી પણ સાધ્ય કરી શકાય તેમ નહોતુ અને તે સમયનો વિચાર કરતા તેની એ યોજના સર્વથા સયુક્તિક હતી. કારણ કે, એ વિના પોતાના સંરક્ષણનો તેમના માટે બીજો કોઈ માર્ગ રહ્યો જ નહોતો. વળી આજ સુધીમા કેટલીક રાજપૂત રમણીઓએ મુસલ્માનોને પણ પોતાના કંકણ મોકલવાનાં ઉદાહરણો તાજા હતા, એટલે ઉમેદસિંહ અને માનસિંહનો જો કે પરસ્પર વૈરભાવ હતો, તો પણ તે ખરો રાજપૂત હોવાથી જો પન્ના તેના તરફ પોતાનુ કંકણ મોકલી આપે, તો તેથી તેની પ્રતિષ્ઠાની કોઈ પણ પ્રકારે હાનિ કિંવા ન્યૂનતા થવાનો સંભવ નહોતો. જો કોઈ પોતાની એકંદર જાતિપર અત્યાચાર કરવાને આવી લાગે, તો તે વેળાએ પોતાના અંદર અંદરના ટંટા બખેડાને ભૂલી જઇને તે પરકીય શત્રુઓને મારી હટાવવા એ સર્વ રાજપૂતોનુ વાસ્તવિક કર્ત્તવ્ય હતુ. એ ઉપરાંત રાજકીય દૃષ્ટિથી પણ ઉમેદસિંહ માનસિંહને સાહ્ય આપવાને બંધાયલો હતો; કારણ કે,

આજે જો નાગોર ગુજરાતના રાજ્યમાં મળી જાય, તો કાલે અરિકંદની પણ એ જ સ્થિતિ થવાનો પ્રસંગ આવી લાગે, એ સ્વાભાવિક હતું. અસ્તુ; એથી અમુક બુદ્ધિવાદ કરીને અને વિશેષતઃ કાલા ઘેલા શબ્દો ઉચ્ચારીને પન્નાએ પિતાનુ મન વાળ્યુ અને એક વિશ્વાસપાત્ર ગુપ્તચરદ્વારા ઉમેદસિહને કકણુ મોકલી આપવાનો નિશ્ચય કરવામાં આવ્યો.

એવી રીતે ઉમેદસિહના હૃદયમાં પોતાની વીરતા અને મહત્તાને જાગૃત કરવામાટેની વિનતિને દર્શાવનારુ જે એ કંકણુ પન્ના તરફથી મોકલવામાં આવ્યુ, તે સુવર્ણ શૃખલાયુક્ત હતું અને તેમાં ઇન્દ્રનીલ અને બીજા કેટલાક મૂલ્યવાન્ હીરા જડેલા હતા. એ કંકણુને અરિકદમાં પહોંચાડવાનુ કામ—જીવ સટોસટનુ કામ—માનસિહના એક જૂના અને વિશ્વાસપાત્ર અનુચરના ઓગણીસ વીસ વર્ષના પુત્રને સોપવામાં આવ્યુ. કીલ્લાની દીવાલની આસપાસ શત્રુસૈન્યનો ઘેરો વધારે અને વધારે પડતો જતો હતો, એટલે કિલ્લો પૂરેપૂરો ઘેરાઈ જવા પહેલાં નીકળી જઈ શકાય અને શત્રુઓના પ્રહરીઓની નજર ચૂકવીને સૂર્યોદય પૂર્વે જ આ કાર્ય સાધી લેવાય તો વધારે સારુ, એવો વિચાર કરીને તે તરુણ તે ક્ષણે જ ત્યાંથી ચાલતો થઈ ગયો.

સર્વજનોએ તે શૂર તરુણને આશીર્વાદ આપ્યા, અને 'તાત, સભાળથી કામ કરજે,' એવો વારંવાર ઉપદેશ આપી દોરડાના આધારથી કિલ્લાની દીવાલપરથી નીચે ઉતારી દીધો. રાત્રિનો અધકાર સર્વત્ર વ્યાપેલો હોવાથી તે તત્કાળ અદૃશ્ય થઈ ગયો. નીચે ઉતર્યા પછી તે કિલ્લાની દીવાલની આસપાસના પત્થર અને દેખાળાવાળી જમીનને ઓળંગી પર્વતમાંના ચપળ હરિણ પ્રમાણે ઝપાઝપ પોતાનો રસ્તો કાપવા લાગ્યો. તે સાકડી અને પૂરા પગ પણ ન રાખી શકાય એવી વાંકી ચૂકી વાટનો એટલો તો ભોમીઓ હતો કે ચદ્રના મદ પ્રકાશમાં પણ ઝટપટ ચાલ્યા જવામાં તેને કોઈ પણ પ્રકારની અડચણ નહોતી. પરતુ જે જે વાટેથી તે જતો હતો, તે તે વાટમાં થોડા થોડા અતરે શત્રુપક્ષના પહેરેગીરોએ સળગાવેલી ધૂણીઓ તેના જોવામાં આવતી હતી અને તેથી તેમની નજર ચૂકાવીને નિર્વિઘ્ન નીકળી જવાનુ તેને બહુધા અશક્ય દેખાવા લાગ્યુ. તથાપિ એ કાર્ય માટે યત્નની આવશ્યકતા હતી અને તે યત્ન પણ સત્વર થવો જોઇએ; કારણ કે, ચંદ્રોદયની તૈયારી હોવાથી અલ્પ સમયમા સર્વત્ર પ્રકાશ પડવાનો સભવ હતો. એથી જે બે ધૂણીઓની વચ્ચે વિશેષ અંતરાય હતો ત્યાં તે ગયો અને મોટી પાષાણુ શિલાઓની આડમાં લપાતો છૂપાતો બન્ને બાજૂના પહેરેગીરોને હાથતાળી આપીને પાર પડી ગયો. એ પછી તે જરાક બે-

પરવાઇથી ચાલવા લાગ્યો, કારણ કે, તેને એમ લાગ્યું કે, 'પ્રવાસના વિકટ માર્ગમાંથી હુ બહાર નીકળી આવ્યો છુ.' પરંતુ 'હાથમાંનો ગ્રાસ મુખમાં જાય તે પૂર્વે વચ્ચે અનેક વિઘ્નો આવી નડે છે, એમ જે કહેવામા આવે છે, તેવી જ સ્થિતિ અહી પણ થઈ પડી! તે જે માર્ગમા ચાલ્યો જતો હતો તે માર્ગની પાસેની ઝાડીમાંથી એકદમ એક મોટો ચુવડ કૂદીને તેના શરીરપર આવી પડ્યો અને ઉભયના યુદ્ધનો આરંભ થયો. એ તરુણ બાલ્યકાળથી જ સારો ખેલાડી અને પટાબાજ હોવાથી કેટલીકવાર સુધી પોતાનો બચાવ કરી શકયો, પણ જે મનુષ્ય તેને આવીને વળગ્યો હતો તે બહુ જ મજબૂત હોવાથી બહુ બહુ દાવપેચ કરવા છતા પણ છેવટે તે પોતાને તેના બાહુપાશમાથી છોડવી શકયો નહિ. તે પુરુષ તરુણને કહેવા લાગ્યો કે,-"બેટજી, હવે તમારું કાંઇપણ વળવાનુ નથી. તમારે મારી જોડે ચાલીને ગુજરાતના સુલ્તાન સાહબની તેમના તંબૂમાં મુલાકાત લેવી જ પડશે!"

એ તરુણનુ નામ બન્ની હતુ, હવે છૂટવાના વ્યર્થ પ્રયત્નથી કશો લાભ થવાનો નથી, એમ જાણી ભાગ્યપર આધાર રાખીને તેણે શાંતિનો સ્વીકાર કરી લીધો, અથવા તો કોઈ ગુપ્ત ઉદ્દેશથી શાતિનો દેખાવ કર્યો અને તે મુસલ્માન સિપાહી સાથે ચાલવા માંડ્યુ તે સિપાહી તેનો જમણો હાથ ઝાલીને તેને તે ધૂણી તરફ ચલાવ્યો, એટલે અલ્પ કાળમા જ ધૂણીના પ્રકાશમા જડતી લેવામા આવશે તો તે કકણ અવશ્ય મુસલ્માનોના હાથમા જશે, આવી ભીતિનો મનમા ઉદ્ભવ થવા છતાં પણ તે હિમતબહાદુર તરુણ બન્નીએ જરાપણ નિરાશ ન થતા 'જીવ જાય તો ભલે જાય પણ એકવાર છૂટવાનો યત્ન તો કરવો' એવો મનમાં દૃઢ નિશ્ચય કરી લીધો. એ વેળાએ મુસલ્માન સિપાહીએ 'આ હાથમાં આવેલો ગોઠણ જેવડો છોકરો છટકીને હવે કયાં જવાનો હતો!' એવા ઘમડથી તેને છૂટો મૂકી દીધો હતો, તેમ જ તેની પાસે કાંઈ હથિયાર વગેરે છે કે કેમ, એની પણ તપાસ કરી નહોતી. આ તેની એક મોટામા મોટી ભૂલ થઈ, કારણ કે, જો તેણે તેની જડતી લીધી હોત, તો તેની આસ્તીનમાં છુપાવેલી એક જાતની વાંકી કટાર તરત તેના હાથમાં આવી હોત. એ વાંકી કટારને બિછવા કિવા બિચ્છૂના નામથી ઓળખવામાં આવે છે; કારણ કે, એનો આકાર વીછીના જેવો હોય છે. બન્નીએ ઘણી જ ચાલાકીથી પોતાના હાથને આમતેમ હીલવતાં હીલવતા તેમાંના બિછવાને બહાર કાઢી લીધો અને ચપળતાથી તેની અણી તે મુસલ્માન સિપાહીના જમણા હાથમાં ઉંડી ઊતારી દીધી. જખમની વેદના સહન ન થવાથી સિપાહીએ ભયંકર ચીત્કાર કર્યો અને બીજા

હાથે પોતાના જખ્મી હાથને સંભાળવા લાગ્યો. તે પ્રસંગનો લાભ લઇને બન્નીા બાણમાંથી છૂટેલા તીર પ્રમાણે ત્યાંથી પલાયન કરી ગયો. તે સિપાહી પણ વેદના હોવા છતાં તેની પાછળ દોડવા લાગ્યો. દુર્દૈવયોગે બનાવ એવો બન્યો કે, બન્નીએ જેવો પલાયનનો આરંભ કર્યો, તેવોજ તેના માથાપરનો દુપટ્ટો છૂટી ગયો. તે કંકણ એ ફેંટામાંજ રાખવામાં આવ્યુ હતુ એ તો ઉપર કહેલુ જ છે. એટલે જો મળે તો તે દુપટ્ટાને મેળવવાનો યત્ન કરવો, એવો બન્નીનો વિચાર થયો. તેની પાછળ પડેલો મુસલ્માન સિપાહી તે ખડકાળ રસ્તામા ઝટપટ દોડતો હતો, પણ જરા પાછળ રહેલો હોવાથી બન્ની રસ્તાની એક બાજૂએ હટી ગયો અને એક પાષાણશિલાની પાછળ છૂપાઈ ગયો. તે મુસલ્માન તો જોશમા ને જોશમા આગળ વધી ગયો, એટલે બન્ની નિર્વિઘ્ન થઇને જ્યાં તેનો દુપટ્ટો પડી ગયો હતો તે સ્થાન તરફ દોડતો આવી લાગ્યો. દુપટ્ટો અને તેમાનુ કકણ બને વસ્તુઓ સહીસલામત હાથમા આવવાથી પુન. તેણે ત્યાથી પોતાના ઇચ્છિત માર્ગનો સ્વીકાર કરી લીધો.

એટલામા બન્નીને એક સુવર્ણ સમાન પ્રસગ મળ્યો અને તેનો ત્વરિત તેણે પોતાના લાભમાટે ઉપયોગ કરી લીધો. બન્નીને પકડનારા સિપાહીએ જે વેળાએ જખમી થવાથી ચીત્કાર કર્યો, તે વેળાએ આસ-પાસના બીજા મુસલ્માન સિપાહીઓ એથી સાવધ થઇને મશાલો સળગાવી આમ તેમ તપાસ કરવામાટે બહાર નીકળી પડ્યા તેમની બધી ચેષ્ટાઓને બન્ની બરાબર જોઈ શકતો હતો. તેમનામાનો એક સારા કીમતી પોષાકવાળો અને કાળા ઘોડાપર સ્વાર થયેલો અમલદાર બીજા સિપાહીઓને હુકમ ફરમાવતો હતો. પણ એ ખડકાળ અને પથરીલી જગ્યામા તે ઘોડો મદદગાર થવાને બદલે ઉલટો તેને ભારરૂપ જ થઈ પડ્યો એટલે તે ઘોડાની લગામ પોતા સાથેના એક છોકરાના હાથમા આપીને તે પોતે પગે જ ચાલવા લાગ્યો. પોતાનો માલેક કેટલાક અંતરપર ચાલ્યો ગયો, એટલે તે ઘોડો તે છોકરાના હાથમા ન રહેતાં મસ્તી તોફાન કરવા લાગ્યો કોઈપણ મુસલ્માન સિપાહી નજદીકમાં ન હોવાથી બન્ની હિમત રાખીને બહાર નીકળી આવ્યો, એટલે તેને જોઇને તે છોકરો કહેવા લાગ્યો કે;—"અરે ઓ ગધેડાના બચ્ચા, તુ અમથો જ અહી ઉભો છે તો જરાક પાસે આવીને આ ઘોડાને સભાળવાના કામમાં મને મદદ આપને!" બન્નીને તો એટલુંજ જોઇતુ હતું. તેણે તે ઘોડાની લગામને હાથમાં લઇને તે હુજૂરિયા છોકરાને કહ્યુ કે,—"જો તુ મને કાંઈ બક્ષીસ આપવાની હા પાડતો હોય, તો આ ઘોડાને તુ કહે તેટલીવાર સૂધી સભાળવાને હું તૈયાર છુ. તુ ખુશીથી આ પત્થરપર બેસીને આરામ

લીધા કર." આ શબ્દો સાંભળીને તે આળસૂ છોકરાએ ઘોડાની લગામ સર્વથા બન્નીના હાથમાં આપી દીધી અને પોતે પત્થરપર બેસીને દૂરથી તપાસ રાખવા લાગ્યો. એ પ્રસંગનો લાભ લઇને તે છેડાયલા ઘોડાને શાંત કરવાના નિમિત્તથી બન્ની ઘોડાની પાસે ગયો અને તેની પીઠ ઠોકીને રકાબમાં પગ ન નાંખતા ધીમેથી કૂદકો મારીને તેની પીઠપર ચઢી બેઠો.

એવી રીતે અશ્વારૂઢ થઇને જ્યારે બન્નીએ અરિકંદનો માર્ગ સ્વીકાર્યો, એટલે તરત તે છોકરાએ ઉઠીને બૂમો પાડવાનો વ્યાપાર શરુ કરી દીધો; એ વેળાએ આકાશમાં ચંદ્રનો ઉદય થયેલો હોઇને પૂર્વક્ષિતિજની પાસેના એક કાળા મેઘની ઉપર તેણે પોતાના મસ્તકને ઉન્નત કર્યું હતુ, એથી બન્નીને ઘોડાને દોડાવવા છતા પડવાની જરાપણ ભીતિ રહી નહિ. પરતુ તેથી જે એક ભયકર હાનિ થઈ તે એ હતી કે, તે ત્યાંથી જતો લગભગ મુસલ્માનોની અડધી ફોજના જોવામા આવ્યો. એટલે કેટલાક ફોજી જવાનો ઉતાવળ કરીને પોતપોતાના ઘોડાપર સ્વાર થઈ ગયા અને અલ્પ સમયમાંજ સોએક ઘોડેસ્વારો બન્નીની પાછળ પડ્યા. તથાપિ તે તેમના હાથમાં આવે, એવો લેશ માત્ર પણ સભવ નહોતો, કારણ કે, તે પોતે જે અશ્વપર આરૂઢ થયેલો હતો, તે અશ્વ બહુજ ચપળ અને મજબૂત બાંધાનો હોઇને બન્નીનો ભાર તેને કેવળ પક્ષીની પાંખો સમાન જ લાગતો હતો તે જોતજોતામાં તે ખડકાળ પ્રદેશનુ ઉલ્લઘન કરીને ગોદવડ અને અરિકંદ વચ્ચેના રેતીના મેદાનમા આવી લાગ્યો અને વીજળીના વેગથી ઘોડાને દોડાવતો ચાલ્યો. મહા નદીના પ્રવાહ સમાન શાતિ અને પ્રચડ વાયુવેગવત્ ચાલતા કૃષ્ણવર્ણ અશ્વપર પોતાને આરૂઢ થયેલો જોઇને બન્ની પોતાને મહા ભાગ્યશાળી માનવા લાગ્યો. તેનો એ વેળાનો આનદ ગગનમાં પણ સમાતો નહોતો. તેણે ચારે તરફ નજર નાંખી, તો પોતાની પાછળ પડેલા લોકો ઓછા ઓછા અને બહુજ પાછળ રહી જવાથી ધીમે ધીમે દેખાતા બંધ થતા જતા હતા અરિકંદ પર્વત ત્યાંથી લગભગ ત્રીસ ગાઉના અતરપર હતો, છતા તે તેને સ્પષ્ટ દેખાવા લાગ્યો: અને એક એક કલાકમા તે પાચ પાંચ ગાઉના અતરને કાપતો ચાલ્યો. છેવટે ઘોડાને થાકી ગયેલો જોઇને તે ક્યાંક ઠોકર ન ખાઈ જાય એટલામાટે તેની લગામને ખેંચી રાખીને તેની ગતિને તેણે ઓછી કરી નાખી. એમ થતાં થતાં અતે અરુણોદયના સમયે એકવાર તો તે પોતાના અશ્વસહિત અરિકંદના દ્વાર પાસે આવી પહોંચ્યો. એ વેળાએ ગામડાના લોકો શાકભાજી અને ધાન્ય તથા ઘી વગેરે વસ્તુઓ લઇને નગરમા વેચવામાટે ત્યાં આવ્યા હતા, અને તેમને નગરમાં આવવા દેવામાટે બે ક્ષણ પૂર્વેજ અરિકદ નગરનાં દ્વાર ખોલવામા આવ્યાં હતાં.

બન્ની રાજમહાલયમાં ગયો, તો ત્યાં શિકારે જવામાટે કેટલાક કૂતરા સહિત કેટલાક ઘોડેસ્વારો તૈયાર થયેલા તેના જોવામાં આવ્યા. તેમના પોશાકો ઘણાજ ઉત્તમ અને છટાદાર હોઇને તેમના મધ્યમાં બે ઉચ્ચ શરીરવાળા અને શિકારી પોશાકવાળા તેજસ્વી રાજપુરુષ સમાન તરુણોને તેણે જોયા. તેમાંના એકને ત્યાંના લોકોએ અરિકદના રાજા ઉમેદસિંહ તરીકે ઓળખાવ્યો. બન્ની ઘોડાપરથી ઉતરીને દોડતો દોડતો તેની પાસે ગયો અને પોતા પાસેનું કંકણ તેના હાથમાં આપ્યું. તે રાજાને વિનયપૂર્વક કહેવા લાગ્યો કે,–"મહારાજ, આ કંકણ નાગોરના રાજા માનસિંહજીની રાજકુમારી પન્નાએ આપને આપવામાટે મોકલ્યું છે. તેને તેના પિતાસહિત ગોદવડના કિલ્લામાં મુસલ્માન સેનાએ પૂરી રાખી છે; એટલે જો આપ ખરા રાજપૂત વીર હો, તો આ ક્ષણેજ તેને સહાય્ય કરવાને બહાર નીકળી પડો." આ વચનો સાંભળીને ઉમેદસિંહના બાહુમાં સ્ફુરણ થવા લાગ્યું અને વૈર હોવા છતાં રાજકુમારીએ આ પ્રાર્થના કરી, એ કાંઈ જેવું તેવું માન નથી, એમ પોતાના મનમાં તે માનવા લાગ્યો.

ઉમેદસિંહ પોતાના મિત્ર જાલમસિંહને કહેવા લાગ્યો કે,–"હવે ક્રૌંચ, હરિણ અને વ્યાઘ્ર આદિના શિકાર કરતાં બહુજ મોટો શિકાર મારા હાથમાં આવવાનો છે. ફીરોજશાહે ગોદવડના કિલ્લાને ઘેરીને તેમાં રાજા માનસિંહને પૂરી રાખ્યો છે, અને તેની કન્યા પન્નાએ આ કંકણ મોકલીને રક્ષાબદ્ધ વીર તરીકે મને પોતાની કુમકે આવવામાટેનું આમંત્રણ કર્યું છે. એટલે હવે મારે તારી આજ્ઞા લઇને એ યુદ્ધમાટે જવુંજ જોઇએ."

"ત્યારે તને યુદ્ધમાં જવાની આજ્ઞા આપીને હું અહીંથી ચાલ્યો જાઉં કે? જ્યારે તું તેનો રક્ષાબદ્ધ વીર થયો છે, તો એ માન મને પોતાને પણ મળ્યું છે, એમ હું સમજું છું હું પણ તારો શસ્ત્રબદ્ધ ભ્રાતા છું; એટલે હું અને મારી સાથેના પચાસ યોધા સર્વ મળીને જે તારે ત્યાં મહેમાનદારી ભોગવીએ છીએ, તેના કરતાં જો તમારી પતાકાતળે રહીને ગોદવડના યુદ્ધમાં લડીશું તો અમારી વધારે પ્રતિષ્ઠા થશે." જાલમસિંહે કહ્યું.

જાલિમસિંહના આવા ઉદારતામય ઉદ્‌ગારોને સાંભળીને તેના અને ઉમેદસિંહના લોકોએ મહા આનંદઘોષ કર્યો. એ પછી ઉમેદસિંહે બની શકે તેટલી ઉતાવળથી યુદ્ધની તૈયારી કરવાની સર્વને આજ્ઞા આપી દીધી. બન્ની અને તેના ઘોડાના ખાનપાન અને વિશ્રામ આદિની યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવી. બન્નીને પૂછવાથી માર્ગમાં પોતાપર પડેલાં સંકટોનો તેણે સવિસ્તર વૃત્તાંત કહી સંભળાવ્યો.

ગોદવડ પાસેની ફીરોજશાહની છાવણીમાં મોટી મોટી તોપો આવી પહોંચવામાં અદ્યાપિ ત્રણ ચાર દિવસનો અવકાશ હતો; તથાપિ તેની વાટ ન જોતાં ગોદવડપર આક્રમણ કરવાનો તેણે આરંભ કરી દીધો હતો. જે દિવસે પ્રભાતમાં બન્ની અરિકદ નગરમાં આવી લાગ્યો, તેજ દિવસે સૂર્યોદયપૂર્વે મુસલ્માનોએ સીડીઓ લગાવીને ગોદવડના કિલ્લાપર ચઢી જવાનો યત્ન કર્યો. રાજપૂતોમાંના એક માણસે દુશ્મન સાથે મળી જઇને કિલ્લાપર જવાનો એક રસ્તો જે કેવળ તેના જાણવામાં જ હતો, તે રસ્તેથી ઉપર ચઢી જઇને પછી ઉપરથી દોરડાની સીડીને નીચે છોડવાનુ કબૂલ કર્યું. કિલ્લાની તે જગ્યા એક ટૂટેલા પર્વત વિભાગ જેવી હોવાથી તેની નીચે ઉભેલા લોકોને એ યુક્તિથી જય મેળવવાની જે મોટી આશા ઉત્પન્ન થઈ હતી, તે નિરાશાના રૂપમા બદલાવા લાગી; પરંતુ અંતે જ્યારે તે દોરીની સીડી ધીમે ધીમે ઉપરથી ઉતરીને જમીનપર આવી, ત્યારે તે સ્વામિદ્રોહી મનુષ્યને પોતાના કાર્યમા યશ મળ્યાવિશે તેમની ખાત્રી થઈ ગઈ. પરંતુ એથી તેમના મનમા થયેલો આનદ વધારે વાર ટકી શકયો નહિ. હજી તો તેમનામાનો એક જ સિપાહી સીડીના પહેલા પગથિયાપર પગ મૂકતો હતો, એટલામાં તો આચકા સાથે તે સીડીને ઉપર ખેંચવામાં આવી અને તરત એક ભારી પદાર્થ ઉપરથી નીચે આવી પડ્યો. તે પદાર્થ અન્ય કાંઈ નહિ, પણ તે દેશદ્રોહી અને સ્વામીદ્રોહી મનુષ્યનુ છાટી નાખેલુ મસ્તક જ હતુ. તે કિલ્લાની દીવાલપર સીડી બાધતો હતો, તેવામા રાજપૂત પ્રહરીઓએ તેને પકડ્યો અને તરત તેનાપર ટૂટી પડીને તેનુ માથુ કાપી નીચે નાખી દીધુ!

બીજે દિવસે મુસલ્માન સૈનિકોએ સુરંગ તૈયાર કરવાનું અને ખદક ખોદવાનુ કામ ઝપાટાથી આરભ્યુ. કિલ્લાના સરક્ષકો બહુ જ થોડા હોવાથી આ કાર્યમા તેમનાથી કાંઈ પણ વિઘ્ન લાવી શકાય તેમ ન હોતુ; કારણ કે, ફીરોજશાહની અપાર સેનામાના ભિન્ન ભિન્ન સૈનિકસમુદાયો ભિન્ન ભિન્ન સ્થાને કિલ્લાપર જે હલ્લાઓ કરતા હતા તેથી વિશેષ કાંઈ પણ હાનિ થવાનો સંભવ ન હોવા છતાં પણ તેમને પાછા હટાવવાના કામમાં જ રાજપૂતોનો બધો સમય વીતી જતો હતો. કિલ્લાપર સીડીઓ લગાવીને ચઢવાનો એ પછી મુસલ્માનોએ યત્ન કર્યો નહિ. તેમણે, આમ કરવા કરતાં આપણી તોપો આવી લાગવાની વાટ જોઇને બેસી રહેવુ વધારે સારું છે, એવો ઠરાવ કરી રાખ્યો. તેઓ એ સારી રીતે જાણતા હતા કે, તોપો આવી લાગતાંની સાથે જ ફતેહ મેળવવામાં એક પળ માત્રનો પણ વિલંબ થવાનો નથી; કારણ કે, ફીરોજશાહના તોપખાનામાં દીવના હુશિયાર પોર્ટુગીજ઼ ગોલંદાજો હોવાથી તેઓ કિલ્લાપર તોપના ગોળા ચલા-

વશે, એટલે તરત મોટાં બાકોરાં પડતાં કિલ્લો સહજમાં સર કરી શકાશે, એવી તેમની સોળેસોળ આના ખાત્રી હતી. મધ્ય રાત્રિના સમયે ઉમેદસિંહ તરફનો એક હલકારો પન્નામાટે મોતીઓની ભરેલી એક કીનખાબની ચોળી લઇને ગોદવડના કિલ્લામાં ગયો અને તેથી પન્નાને પોતાની પ્રાર્થના સ્વીકારાયાનો નિશ્ચય થયો. હલકારાએ વધારામા એમ પણ જણાવ્યુ કે,–"મારા મહારાજા, પોતાના સૈન્યસહિત અહીં આવવાને નીકળી ચૂક્યા છે." આ સમાચારથી કિલ્લામા ગોંધાયલા લોકોને ઘણો જ આનદ થયો; અને જ્યારે ઉમેદસિંહ સાથે જાલમસિંહના આવવાની વાત તેમના જાણવામાં આવી ત્યારે તો વળી તેમના આનદનો પરમ અવધિ જ થઈ ગયો.

ઉમેદસિંહ અને જાલમસિંહ ઉભય મિત્રો પોતાના સૈન્યના અગ્રભાગમા પ્રમુખ તરીકે અશ્વારૂઢ થઇને ચાલ્યા આવતા હતા અને ચાલતાં ચાલતા તેમણે પોતાની એકદર પરિસ્થિતિના વિચારનો આરભ કર્યો. વિચારાતે તેમના ધ્યાનમા એમ આવ્યુ કે,–"આપણી સેના કેવળ પાચ હજાર સૈનિકોની છે અને ગુજરાતના સુલતાનની ફોજ ઓછામા ઓછી પણ આપણી સેના કરતા ત્રણગણી હોવી જોઇએ, એટલે આવી સ્થિતિમાં તેમની સાથે પ્રકટ યુદ્ધ કરવુ ઉચિત નથી. અર્થાત્ અત્યારે તો મુસલ્માન સેનાની આસપાસ ફરતા રહેવુ અને કિલ્લામા મદદ પહોંચાડવામાટેના પ્રસગને સાધવાના ઉપાયો શોધ્યા કરવા, એ જ અત્યારે વિશેષ લાભ કારક છે." એવો તેમણે નિશ્ચય કર્યો બીજી સઘળી બાબતો કરતા એક બાબત તેમને અતિશય ફાયદો કરનારી દેખાઈ આવી, અને તે એ કે, મુસલ્માનોની છાવણી ઉજ્જડ અને અપ્રળદ્ર્પ પ્રદેશમા હોવાથી અને ત્યાના લોકો સાથે તેમનો સારો બનાવ પણ ન હોવાથી તેમના ચારે તરફના આવજાવના સંબધને બધ કરી નાખવો, એટલે ગુજરાતમાથી તેમને ધાન્ય આદિ સામગ્રી લાવવા અથવા મગાવવામા મોટી અડચણ થશે, એમ તેમના ધ્યાનમા આવ્યુ. એ ઉદ્દેશથી તેઓ ગોદવડની નૈર્ઋત્ય તરફના પ્રદેશમાં તરત કૂચ કરી ગયા અને ગુજરાતની રાજધાની અહમ્મદાબાદના માર્ગમાં તેમણે પોતાની છાવણી નાંખી.

હજી તો તેઓ અહીં સ્થિર સ્થાવર થયા ન થયા, એટલામાં અચાનક એક રાજપૂત ઘોડેસ્વારે છાવણીમા આવીને ખબર આપી કે;– "સુલ્તાનનુ તોપખાનુ પાસે આવ્યુ છે અને તેના રક્ષણમાટે જે લોકો છે તે ઘણા જ થોડા છે. તેમ જ વળી તોપખાનાના અધિકારીઓ જો દુશ્મનો આવી લાગે તો તેમના પ્રતિકારમાટેની જે તૈયારીઓ રાખવી જોઇએ, તે વિશે તદન બેદરકાર છે." આ સમાચાર સાભળતાંની

સાથે જ ઉમેદસિંહ પોતાની સાથે બે હજાર ઘોડેસ્વારોને લઇને તે તોપખાનાવાળા લોકોને પરાજિત કરવાના ઉદ્દેશથી છાવણીને ત્યાગી ચાલતો થયો. એ સ્વારોએ જે ખીણમાથી તે તોપખાનાના પસાર થવાનો માર્ગ હતો, તે ખીણુના બન્ને તરફનાં મુખોને રોકી રાખ્યા. એટલામા ધીમે ધીમે આવતું સુલ્તાનનુ તોપખાનુ તેમને દેખાયુ એ તોપોની ગાડીઓને ઘસડવાને ગુજરાતના હાથી જેવા પ્રસિદ્ધ બળદો જોડેલા હતા. તોપખાનાના રક્ષણુમાટે જે થોડાક સિપાહીઓ આગળના ભાગમાં ચાલતા હતા, તેમને કાંઇપણુ ઉપદ્રવ ન કરતા ઉમેદસિંહે ખીણુમાં જવા દીધા અને ત્યારપછી જ્યારે તોપખાનુ પણુ પોર્ટુગીજ ગોલંદાજો સહિત ખીણુના મધ્ય ભાગમા આવી પહોંચ્યું, તે વેળાએ ખીણુના બન્ને મુખોને રોકી બેઠેલા રાજપૂત સૈનિકોને તેમનાપર ટૂટી પડવાની ઉમેદસિંહે આજ્ઞા આપી દીધી. પછી શુ પૂછવુ? તે હતભાગી ગોલદાજો પર ગોળીઓ અને બાણોની એક સરખી વૃષ્ટિ વર્ષવા લાગી. તેમણે એના પ્રતિકાર માટે જે ગોળીઓ બંદૂકમા ભરીને ચલાવી, તેમનો કશો પણુ ઉપયોગ થયો નહિ, કારણુ કે, રાજપૂત સૈનિકો ઉચ્ચ ભાગમાં હોવાથી તેમના જોવામા આવી શકતા ન હોતા. તોપખાનાને ખેંચનાર બળદોને રાજપૂતોના ગોળીબારથી જે જખમો થયા તેથી તેમણે જે તોફાન મચાવ્યુ તેના યોગે તો વળી વધારે ગોટાળો થઈ ગયો. આ આક્રમણુ અચાનક થયેલુ હોવાથી અને આક્રમણુમાં સપડાયલા લોકો બહુ જ થોડા હોવાથી શત્રુ સાથે લઢવામા કાંઇપણુ લાભ થવાનો રંગ તેમને દેખાયો નહિ. અર્થાત્ તે પોર્ટુગીજ ગોલંદાજો અને બીજા કેટલાક સૈનિકો જ્યારે રણુમાં રોળાયા, ત્યારે તેમના માટે શત્રુના શરણુવિના જીવવાનો બીજો એક પણુ માગ રહ્યો નહિ. પોતાથી એ તોપો વાપરી કે જાળવી શકાય તેમ નથી, એમ લાગવાથી રાજપૂત સેનાનાયકોએ તે તોપોમાં ખીલા ઠોકીને તેઓને પાસેના એક તળાવમાં પધરાવી દીધી. જો તે તોપોને તેમણે પોતા સાથે રાખી હોત, તો તેથી તેમને ઘણી જ અડચણુ થવાનો સંભવ હતો, કારણુ કે, તેમના સૈનિકોની સખ્યા ઓછી હોવાથી ગમે તે સ્થિતિમાં અને ગમે તે વેળાએ સ્થલાતર કરીને પોતાની ન્યૂનતાની પૂર્ણુતા કરી લેવાનું જે સામર્થ્ય તેમનામા હતુ, તે સામર્થ્યનો એ તોપોના યોગે અવશ્ય નાશ થઈ ગયો હોત. અસ્તુ, એવી રીતે તોપોને તળાવમાં પધરાવીને તેમણે પોતાના પોર્ટુગીજ કેદી તથા બળદોને સાથે લઈ લીધા અને તેઓ પોતાની પ્રથમ છાવણીવાળા સ્થાનમા પાછા આવી લાગ્યા. એ અવધિમાં ગોદવડને ઘેરી પડેલી મુસલમાન ફોજમાંની કેટલીક ફૌજ ત્યાંથી નીકળી ચૂકી હતી અને તેનો ઉમેદસિંહની એ છાવણીપર હલ્લો કરવાનો અને રાજપૂતોને

પરાજિત કરવાનો મનોભાવ હતો. ઉમેદસિંહ અને જાલમસિંહે અત્યાર સૂધીમાં જે કાંઇપણ કાર્ય કર્યું હતુ, તે માટે તેમને સમાધાન માનવાનું સબળ કારણ હતુ, કારણ કે, એક તો ફીરોજશાહ પાસે હવે તોપખાનુ ન હોવાથી અને તેની પાછળ પોતાના સૈન્યની ધામધૂમ ચાલૂ હોવાથી ગોદવડનો કિલ્લો સત્વર તેના હાથમાં જવાનો સંભવ નહોતો; અને બીજું એ કે, તેને કરેલા આ આઘાતથી તેની એકંદર સ્થિતિપર બહુ જ અનિષ્ટ પરિણામ થવાને સભવ હતો, અને તેમ થયુ પણ ખરુ. તેની ગુજરાતી ફૌજમાના યોધાઓને એમ લાગ્યુ કે, વાસ્તવિક રીતે આપણે યુદ્ધ કરવાને આવેલા હોવાથી સર્વત્ર લોકો આપણા પગ તળે ચગદાઈ આપણો જયજયકાર થવો જોઇએ, તેને બદલે ઉલ્ટા આપણે જ તેમના પગ તળે ચગદાઇએ છીએ, એને શુ કહેવુ વારુ? મનમાં આવા પ્રકારના વિચારો આવવાથી તેઓ નિરુત્સાહ થઈ ગયા અને તેમનામાંના ઘણાકોને એમ થવા માંડ્યુ કે, આ રેતીના મેદાનમા રાજપૂતોના હાથમાંથી બચીને આપણે પાછા જીવતા ઘરે જવાના નથી અને આપણા પોતાના દેશની સુદર તથા ભવ્ય વનશોભા પુન આપણી દૃષ્ટિએ પડવાની નથી.

બીજી તરફ રાજપૂતોના ઉત્સાહમા એટલો જ કિબહુના એથી પણ વિશેપ વધારો થવા લાગ્યો. તોપખાનુ તેમના હાથમા આવ્યાના સમાચાર એકના મુખથી બીજાના અને બીજાના મુખથી ત્રીજાના એમ કરતા કરતા આખા દેશના લોકોના જાણવામા આવી ગયા. એટલે આપણા દેશપર મુસલ્માનો ચઢી આવ્યા છે અને તેમની સાથે બે હાથ કરવાનો આ સારો પ્રસગ આવી લાગ્યો છે, એમ ધારીને આસપાસના બીજા રાજપૂતરાજાઓ પણ આ યુદ્ધમાં મદદ આપવાને તૈયાર થઈ ગયા નાગોર પ્રાતમાંથી પણ કેટલાક છૂટા છવાયા રાજપૂત વીરો આવી પહોંચવાથી રાજપૂત સેનામા સારી ભરતી થવા લાગી હવે જો કે એમાના ઘણાખરા વૃદ્ધ અને અલ્પવયસ્ક બાળકો જ હતા, કારણ કે, બહુધા સર્વ તરુણ વીરો દક્ષિણમાની બાદશાહી ફૌજમા ગયેલા હતા, તથાપિ ઉમેદસિહની સેના અલ્પસખ્ય હોવાથી એ આવેલા થોડા માણસો પણ તેને સારા મદદગાર થઈ પડ્યા.

ફીરોજશાહની ફૌજ બહુ જ સકટમાં આવી પડી. તેમનો ગુજરાત સાથેનો સબધ અટકી જવાથી ધાન્ય આદિની તેમને ઘણી જ મુશ્કેલી થઈ પડી. એ સકટના નિવારણનો માત્ર એક જ ઉપાય હતો; અને અને તે એ કે, ગોદવડના કિલ્લાની દીવાલને પાડી નાંખીને ત્યાંના જે ધાન્યસંગ્રહની વાર્તા સાભળવામાં આવતી હતી, તે ધાન્યના કોઠારને

લૂટીને હસ્તગત કરી લેવો એટલે કિલ્લાના મુખ્ય દરવાજાના બંદોબસ્ત માટે જે બુર્જ બાંધવામા આવ્યો હતો, તેને સુરગ લગાડીને મુસલ્માનોએ પાડી નાંખ્યો અને તેમાંથી પડેલાં પત્થર તથા ઇંટોના ઢગલાપર તેઓ હાથપગને ટેકાવતા ટેકાવતા ચઢી ગયા. તેઓ 'દીનદીન' પોકારતા જતા હોવાથી વચ્ચે પડી ગયેલી વાટની વ્યવસ્થા માટે જે રાજપૂત સિપાહીઓ ઉભા હતા, તેમણે તેમને "તમારી હવે આગળ વધવાની શી હયસીયત છે, તે જોઇએ છીએ!" એવા અથવા તો એ જ અર્થના બીજા શબ્દો ઉચ્ચારીને સ્હામો જવાબ આપ્યો. એ સુરગ ઉડવાના થયેલા અવાજથી કિલ્લામાં સપડાયલા લોકોપર આવનારા સકટની બહારના સહાય્ય કરવાને આવેલા રાજપૂતોને પણ સૂચના મળી ગઈ. એટલે ઉમેદસિહે તત્કાળ પોતાના સૈનિકોને લઢાઇની તૈયારીથી ઊભા કરી દીધા, અને તેમના મુખ્ય સમૂહને સુરગ લગાડનારા લોકોની પાછળની નજદીકમાંની મુસલ્માન ફોજપર ધસારો કરવાની આજ્ઞા આપી. અચાનક આ હલ્લો આવવાથી ફીરોજશાહને તે બુર્જના પડેલા ભાગપર હલ્લો કરનારા લોકોના રક્ષણ માટે એકત્ર કરેલી ફોજના મોર્ચાને બાહ્ય શત્રુ પ્રતિ ફેરવવાની ફરજ પડી. બીજી તરફ જાલમસિહ પોતાના પચાસ યોધાઓને સાથે લઇને ઉપર્યુક્ત ફોજની આસપાસ ભ્રમણ કરવા લાગ્યો. તે વારંવાર તે લોકોને હલ્લાના આડંબરથી બીવડાંવતો અને જ્યા પણ મુસલ્માનોનું જોર ઓછું જોવામાં આવતુ હતુ ત્યાં તરત હલ્લો કરી પણ દેતો હતો. રાજપૂતોની આવી યુક્તિથી મુસલ્માનોને ફરજિયાત તે પડેલા માર્ગને છોડી દેવો પડ્યો. એ પછી ગમે તે, ગમે તેનાપર ગમે ત્યારે હલ્લો કરે, એવી અવ્યવસ્થિત યુદ્ધચેષ્ટા કેટલીકવાર સૂધી ચાલતી રહી. પરંતુ એમાં કોઈ પણ પક્ષને વાસ્તવિક વિજય ન મળતાં બન્ને સેનાઓ પોતપોતાની છાવણીમાં ચાલી ગઈ.

એ આખા દિવસના યુદ્ધથી કાંઈ પણ નિષ્પન્ન થયુ નહિ, એમ જોઇને ફીરોજશાહના મનમા એવો વિચાર આવ્યો કે, પ્રથમ એકલા ઉમેદસિહનો પરિપૂર્ણ પરાજય કર્યા વિના ગોદવડ હાથમાં આવી શકે તેમ નથી, અને તેનુ એ અનુમાન યથાર્થ હતુ, કારણ કે, ગુજરાત સાથેનો તેનો સંબંધ બધ થવાથી કદાચિત્ તેનો વિજય થાય, તોપણ સૈનિકોને ભૂખમરો વેઠવાનો પ્રસંગ આવવાનો જ, એવો રંગ સ્પષ્ટ દેખાતો હતો. એટલે ગુજરાત સાથેના સબધને પુન: ચાલૂ કરવાની બહુ જ અગત્ય હતી. એટલા માટે બીજે દિવસે અહમ્મદાબાદના માર્ગમાં છાવણી નાંખીને પડેલા રાજપૂતોપર જ તેણે હલ્લો કરવાનો મન્સૂબો કર્યો અને તે પોતે યુદ્ધમાં હોય, તે વેળાએ કિલ્લામાં સપડાયલા રાજપૂતો પાછળથી આવીને

પોતાપર હલ્લો ન કરી શકે, એટલા માટે થોડીક ફોજને ત્યાં રાખવાની વ્યવસ્થા કરી દીધી. અર્થાત્ દિવસ ઊગતાં જ મુસલ્માન ફોજ લડવા માટે ચાલી. તેમણે પોતાના ઘોડેસ્વારોની બે ટોળીઓને બે બાજૂએ રાખીને વચ્ચે પાયદળ ફોજને ઊભી રાખી. એ સૈન્યની પાછળ ફીરોજશાહ પોતે પડાવ નાંખીને રહ્યો. તેની ખાસ હુજૂરી ફોજ તેની આસપાસ ઉભી હતી અને તે પોતાના ઉત્તમ પ્રકારે શૃગારેલા હાથીની અંબાડીમાં બેઠો હતો, તથા તેના મસ્તકપર અનુચરોએ તેના રાજચિહ્નરૂપ છત્રને ધરી રાખ્યુ હતુ. જો આપણે આટલા બધા બંદોબસ્તથી આવેલી વિશાળ મુસલ્માન સેના સાથે એક જ સ્થાનમાં સ્થિત રહીને લડીશુ, તો કદાપિ આપણો વિજય થવાનો નથી, એ રહસ્યને રાજપૂતો સારી રીતે જાણુતા હતા, કારણ કે, જો શત્રુના બરછી અને ભાલાવાળા પાયદળ સૈન્યપર આપણે જઈ પડીશુ, તો તેમના બે બાજૂએ ઉભેલા ઘોડેસ્વારો અચાનક બન્ને બાજૂથી આપણાપર ધસી આવશે, એવી તેમના મનમાં ભીતિ હતી ઉમેદસિહ જેવો શૂરવીર હતો તેવો જ વિચારશીલ અને સૂક્ષ્મદૃષ્ટિ પણ હતો તેને સ્પષ્ટ દેખાઈ આવ્યુ કે, 'જો આપણે મુસલ્માન સૈન્યપર સીધા ધસી જઇશુ, તો તે પોતાના હાથે જ પોતાનો નાશ કર્યા સમાન થવાનુ' એટલા માટે તેણે પાર્થિયન્ લોકોની યુક્તિ લડાવીને એટલે કે, પોતે પાછળ હટીને શત્રુને પાદાક્રાંત કરવાની યોજના કરી. મુસલ્માન ફોજ કૂચ કરતી કરતી બાણુના ટપ્પામાં આવતાં જ તેનાપર રાજપૂતોએ બદૂકની ગોળી અને ધનુષ્યના બાણોની વૃષ્ટિ વર્ષાવવા માડી, અને ત્યાર પછી ત્યાથી પાછળ હટીને એક સારા સ્થાનમા જઈ ઊભા રહ્યા એ જ પ્રકાર તેમણે ઘણી વેળા કર્યો. તેમની એ યુક્તિથી પ્રત્યેક વેળાએ મુસલ્માન લોકો ધીમે ધીમે ગોદ્દવડથી દૂર અને દૂર થતા ગયા. એવી રીતે જ્યારે તેઓ ઘણા જ દૂર આવી લાગ્યા, ત્યારે રાજપૂતોએ તરત એથી વિરુદ્ધ પદ્ધતિનો સ્વીકાર કર્યો. ઉમેદસિહ પોતાના સૈન્ય સહિત મુસલ્માનોની જમણી બાજૂપર હજી તો વળતો હતો, એટલામાં જાલમસિહના હાથ નીચેના ચાર હજાર રાજપૂત સૈનિકોએ મુસલ્માનોના ડાબી બાજૂપરના રિસાલાપર ધસારો કર્યો અને થોડીવાર લડાઈ ચાલ્યા પછી તે રિસાલાને તેમણે તેના સૈન્યના મધ્યભાગ તરફ હાંકી કાઢ્યો. આ વિજયના યોગે રાજપૂત સૈનિકોને અત્યંત આવેશ અને શૌર્ય ચઢવાથી જે કરવાનો તેમના સેનાપતિનો જગ પણ ઉદ્દેશ નહોતો, તે કૃત્ય તેઓ કરી બેઠા. તેમણે બળપૂર્વક મુસલ્માન પાયદલપર ધસારો કર્યો, પરતુ ત્યા તેમને જાણે ભાલા અને બર્છીરૂપ શાખાઓવાળા વૃક્ષોનુ અરણ્યજ તેમની આસપાસ વિસ્તરેલુ હોયની ! એવો જ તેમને ભાસ

થવા લાગ્યો. એ નિબિડ અને અભેદ્ય મુસલ્માન સૈન્યરૂપ અરણ્યમાં તેમનો પ્રવેશ થઈ શક્યો નહિ અને તે ન થાય, એ સ્વાભાવિક જ હતુ. આવા પ્રકારના નિરર્થક આક્રમણમાં અનેક રાજપૂત વીરો પડ્યા અને ગુજરાતના મુસલ્માન ફૌજી જવાનોનો જમણી બાજુનો રિસાલો દોડી આવ્યો અને તેથી ઉલટો તેમનાપર જ હલ્લો થવાનો પ્રસંગ આવી લાગ્યો! એ વેળાએ જાલમસિંહે મહા પરિશ્રમથી તેમને પાછા વળવામા પ્રવૃત્ત કર્યાં અને જ્યા સૂધી તેઓ એ સંકટમાંથી ક્ષેમકુશળ બહાર નીકળી ન આવે ત્યાં સૂધી પોતાના પચાસ યોધાના સાહાય્યથી તેણે મુસલ્માનોના દોડી આવતા રિસાલાને આગળ વધવા ન દીધો. પરંતુ આ બધુ થાય, તે પૂર્વે જ રાજપૂતોમાંના કેટલાક સારા સારા વીરો અને તેમના અશ્વો મરાઈ જતા, તેમના શોણિતથી તે વાલુકામય રણભૂમિ રંગમય થઈ ગઈ હતી!

એ પ્રમાણે લડાઇનો કોલાહલ મચી રહ્યો હતો, તેવામા ઉમેદસિંહે ચૂટી કાઢેલા એક હજાર રાજપૂતોને પોતા સાથે લઈ લીધા અને તે યુદ્ધનિમગ્ન સૈન્યની પ્રદક્ષિણા કરીને તે ગોદવડ દુર્ગના સિંહદ્વાર તરફ વળ્યો. કિલ્લાની પૂર્વ તરફની દિવાલપર એક મિનારો હતો અને ત્યા માનસિંહ તથા પન્ના નીચે ચાલતી હીલચાલને જોવા માટે ઘણીકવાર ઊભાં રહેતાં હતા. અત્યારે પણ એવા જ ઉદ્દેશથી તે મીનારાપર આવ્યા હતાં અને દૂર કેટલાક અંતરપર યુદ્ધ ચાલતુ તેમના જોવામા આવ્યુ. પ્રથમ તો ઢાલ, તલ્વાર અને શિરસ્ત્રાણ ઇત્યાદિપર બાલરવિના કિરણો પડવાથી તેના યોગે ચમકતા ધૂળના કેટલાક ગોટ તેમણે જોયા; અને ત્યાર પછી એક ન્હાનકડો ગોટ તેમનાથી ભિન્ન પડીને ગોદવડ તરફ આવતો તેમના જોવામાં આવ્યો. એટલે 'આ શુ હશે વારુ? પોતાના પાયદળનુ ગમે તે થાય એમ કહીને મુસલ્માન ઘોડેસ્વારો પલાયન કરી જાય છે, કે રાજપૂતો યુદ્ધમા પરાજિત થઇને જીવન રક્ષણ માટે અરિકન્દના માર્ગમા ચાલતા થયા છે?' આમ તે પિતાપુત્રી પોતપોતામા વાતચીત કરવા લાગ્યાં. આ શો પ્રકાર હોવો જોઇએ, એ જાણવાને તે બન્ને ઉત્સુક હતાં એટલામાં તે સૈનિકસમુદાયના અગ્રભાગમાં ફરકતી પચરંગી પતાકા તેમની દૃષ્ટિએ પડી અને તેથી તેમનો નિશ્ચય થયો કે એ અવશ્ય રાજપૂતો જ હોવા જોઇએ. એ પછી અરિકંદના રાજાની વિશિષ્ટ પ્રકારની પતાકાને તેમણે ઓળખી, એટલે એ સેનાનો નાયક ઉમેદસિંહ જ હોવો જોઇએ અને તે પલાયન કરી જતો હોય અથવા તો શત્રુ સાથે મળી ગયો હોય, એ કદાપિ સંભવનીય નથી, એવો પન્નાના મનનો દૃઢ નિશ્ચય થયો. એ પછી, ઉમેદસિંહનો, શત્રુસંઘને ભેદીને, કિલ્લામાં આવવાનો હેતુ હોવો

જોઇએ, એવો કિલ્લામાંના રાજપૂતોએ તર્ક કર્યો. મુસલ્માન સૈનિકોને પણ તેના ઉદ્દેશની કલ્પના આવવાથી તેમણે પણ તેનો અટકાવ કરવા માટે કિલ્લાના દરવાજા આગળ એકત્ર થવા માંડ્યું

ઉમેદસિહ પોતાની સેનાને એકદમ આગળ વધવાની આજ્ઞા ન આપતા થોડીવાર ત્યા જ થોભી ગયો તેને થોભી ગયેલો જોઇને મુસલ્માન સેનાપતિ પોતાના સૈનિકોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે,–"જોયુ કે, આગળ વધવાની એમની હિમત નથી ચાલતી! તો મર્દોને મર્દ, જુઓ છો શુ? એ લોકો તશવીશમા ઊભા છે, એટલામા એમને ભેદી નાંખો!" પરતુ ઉમેદસિહ આગળ વધવાની હિમત કરતો નહોતો, એમ હતુ જ નહિ. તે બળપર્વક આક્રમણ કરી શકાય એટલા માટે પોતાના સૈનિકો તથા અશ્વોને કિચિત્ વિશ્રાંતિ આપતો હતો, એટલુ જ! એ પછી એક ક્ષણમા જ ચાર હજાર ઘોડાની ખરીઓનો તે ખડકાળ પથરીલી જમીનમા અવાજ થવા લાગ્યો અને તેથી મુસલ્માન ફોજની આગળની હારમા ભગાણ પડવા માડ્યુ. બીજી હારમાંના લોકોએ કેટલીકવાર સૂધી ટકાવ કર્યો, પણ અતે રાજપૂતોએ તેમને પણ પરાજિત કરીને કિલ્લાની નીચે હાકી કાઢ્યા એનો લાભ લઇને કિલ્લાની દીવાલપરના રાજપૂતોએ તેમના માથાંપર મોટા મોટા પાષાણ, બાણ અને બર્છીઓની વૃષ્ટિ વર્ષાવી. એવી રીતે આગળ અને પાછળ બન્ને તરફથી પડતો માર સહન ન થઈ શકવાથી તેઓ રણભૂમિને અને યુદ્ધના વ્યવસાયને ત્યાગીને પલાયનનો આશ્રય લેવા લાગ્યા. એ ક્ષણે જ કિલ્લાના દરવાજા ઊઘડ્યા અને વિજયશાલિની રાજપૂતસેના પોતાના મૃત અને ઘાયલ સૈનિકોને સાથે લઇને ગોદવડના કિલ્લામા પ્રવિષ્ટ થઈ. ત્યાના વીરોમાના સામાન્ય પદવીના લોકોએ પોતાના ઉદ્ધારક વીર ઉમેદસિહની પદધૂલિનુ વદન કર્યું. રાજા માનસિહ અને તેના સરદારોએ પણ તેનો સારો સત્કાર કર્યો. તરુણ વીર બન્ની પોતાના કૃષ્ણરગીય ચપળ અશ્વપર આરૂઢ થઇને ઉમેદસિહના સૈન્ય સાથે કિલ્લામા આવ્યો હતો એટલે તેની પણ કર્ત્તવ્યપરાયણતા માટે સર્વ જનોએ પ્રશસા કરી. બન્નીએ જ્યારે પોતાનાં સકટો અને અશ્વપ્રાપ્તિનો વૃત્તાત કહી સંભળાવ્યો, તે વેળાએ સર્વ આશ્ચર્યમુગ્ધ બની ગયા.

ફીરોજશાહ રાજપૂત સૈન્યના મુખ્ય સમુદાયને અસ્તવ્યસ્ત કરીને પોતાના હાથીપર બેસી છાવણીના મધ્યભાગમાંના પોતાના તંબૂમાં પાછો આવીને જુએ છે, તો યશનો સર્વ ભાગ રાજપૂતોના હાથમાં ચાલ્યો ગયેલો તેના જોવામાં આવ્યો કિલ્લાની બહારના રાજપૂતોનો જો કે ઉપર કહ્યા પ્રમાણે ફીરોજશાહે પરાજય કર્યો હતો, તોપણ તેથી રાજપૂતોની હિમત જરાય ઘટી ન હોતી અને બહારના પ્રદેશ સાથે શત્રુઓના સંબં-

ઘને બંધ પાડવા પૂરતી તેમની સખ્યા પણ અદ્યાપિ કાયમ હતી તેમ જ યુદ્ધ માટે આવતા રાજપૂતોના બીજા મોટા મોટા સમૂહો તેમની સાથે આવી મળતા હોવાથી સત્વર જ તેમનો વિજય થવાનો, એવો ફીરોજશાહનો નિશ્ચય થઈ ચૂકયો વળી ગોદવડના કિલ્લામાં અન્નસામગ્રી કિવા પાણી વગેરેની જરાપણ ખોટ નહોતી અને ત્યાના લોકોને ઉમેદસિહના હજાર સૈનિકોનુ વિશેષ સાહાય્ય મળવાથી, માનસિહના પુત્રો દક્ષિણના યુદ્ધમાથી પાછા આવે, ત્યાસૂધી તેમને કિલ્લાના રક્ષણમાં કશો પણ પ્રત્યવાય થવાનો નથી, એવુ પણ સુલ્તાને અનુમાન કરી લીધુ

આવી અવસ્થામાં ઘેરાને વધારે લંબાવવામાં કશો પણ સાર નથી, એમ જાણીને ફીરોજશાહે ઉમેદસિહને સધિવિશેની વાતચીત કરવાને બોલાવ્યો અને પોતાની જે કાંઈ શર્તો હતી, તે તેને કહી સભળાવી તેની પ્રમુખ માગણી એ હતી કે, 'જ્યારે મુસલ્માન સૈન્ય પાછુ જવા માડે તે વેળાએ તેને કાંઈ પણ ઉપદ્રવ ન કરવા માટેનુ રાજપૂતોએ પ્રતિજ્ઞાપૂર્વક વચન આપવુ જોઇએ.' પરતુ આ માગણીને માન્ય રાખવાનો ઉમેદસિહનો મનોભાવ નથી, એમ જ્યારે તેને સ્પષ્ટ દેખાઈ આવ્યુ, ત્યારે તે વક્રદષ્ટિથી કહેવા લાગ્યો કે,–"ઠીક છે, જો અમારી કૂચવેળાએ પીડા ન કરવાની તમો કઠિન પ્રતિજ્ઞા નહિ કરો, તો જે તમારા નાગોર નગરને અત્યાર સૂધીમા અમે જરા પણ આઘાત કર્યો નથી, ત્યા હવે અમે અમારો મોર્ચો પ્રથમ માંડીશુ ને તેપર બરાબર હળ ફેરવીને પછી આગળ ચાલતા થઇશુ!" એ પ્રમાણે ફીરોજશાહે માનસિહની રાજધાનીના વિધ્વંસની જે ભીતિ બતાવી, તેનુ પરિણામ ધારવા પ્રમાણેનું થયુ–એટલે કે, તેના પાછા જવાના માર્ગમા રાજપૂતોએ કાંઈ પણ ઉપદ્રવ ન કરવાનુ વચન આપ્યુ એથી બીજે દિવસે પ્રભાતમા જ સુલ્તાન પોતાના સૈન્યને લઈ છાવણી ઉઠાવીને ત્યાથી ચાલતો થઈ ગયો.

એવી રીતે ગુજરાતનો તે બલાઢ્ય સુલ્તાન પોતાના સૈન્યસહિત ગોદવડથી છાવણી ઉપાડીને ગચ્છતી કરી ગયો, એથી ત્યાંના લોકોના હૃદયમા આનદનો જે અતિરેક થયો, તે સર્વથા અવર્ણનીય હતો! પોતાપર ચઢી આવેલા સૈન્યના મોર્ચાને પાછો ફરેલો જોઇને રાજા માનસિહે ઉમેદસિંહનો તત્કાળ પોતાની કુમકે આવી પહોચવા માટે તેનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો; આવા સમયમાં વૈરભાવને ભૂલી જવા માટે તેના પ્રતિ પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી અને રણભૂમિમાંના તેના શૌર્ય તથા કૌશલ્યની અવ્યાજ પ્રશંસા કરી. તે ઉમેદસિહને ઉદ્દેશી કહેવા લાગ્યો કે,–"મારી, મારા કુટુબની સ્ત્રીઓની અને મારી પુત્રીની પ્રતિષ્ઠા

અને જીવનકળાનુ આજે તમે જ રક્ષણ કર્યું છે; તો એનો બદલો હું તમને શુ આપુ વારુ? તમારી ઇચ્છા હોય, તે અત્યારે મારી પાસેથી માગી લ્યો; વધારે તો શુ, પણ આ ગોદવડનો કિલ્લો અથવા તો મારા મુકુટમાંનાં રત્નો તમો માગશો, તોય તે આપવાની તમોને મારાથી ના પાડી શકાય તેમ નથી!"

એના ઉત્તરમાં ઉમેદસિહે નમ્રતાથી જણાવ્યુ કે;–"મહારાજ, આપ જે કહો છો, તે જ હુ માગુ છુ, તે એ કે, આપના રાજ્ય અને રાજમહાલયને અત્યત શોભાવનારો જે હીરો છે, તે જ માત્ર મને આપો!"

માનસિહને લાગ્યુ કે, પોતાના મુકુટના મધ્ય ભાગમા ચમકતા પુરાતન કાળના મોટા હીરાની એ માગણી કરતો હશે. એમ ધારીને તેણે આનંદ પ્રદર્શિત કરીને કહ્યુ કે,–"બહુ સારુ, હુ તે હીરો તમોને આપુ છુ. તે હીરો મને મારા પૂર્વજો પાસેથી મળેલો હોઇને, રાજપૂતોએ અત્યાર સૂધીમાં શૌર્યના જે મોટા મોટા કૃત્યો કર્યા છે, તેમાના એકના સ્મારક ચિહ્ન તરીકે તે હીરો તમારી પાસે અને તમારા વશજો પાસે સદા સર્વકાળ રહો, એવો મારો આશીર્વાદ છે."

ઉમેદસિહની યાચનાનો વિપરીત અર્થ માનસિહના સમજવામાં આવ્યાથી પોતાના મનોભાવને સ્પષ્ટતાથી દર્શાવતો તે કહેવા લાગ્યો કે,–"મહારાજ, એ હીરો હુ માગતો નથી, કિન્તુ તમારી પરમરૂપવતી અને ગુણવતી કન્યા પન્ના મને મળે, એ જ મારી એક માત્ર આકાક્ષા છે."

ખરેખર 'પન્ના' શબ્દનો અર્થ 'હીરો' જ થાય છે, એ તો પૂર્વે કહેલુ જ છે માનસિહે અતિશય આનદથી તેની એ માગણીનો સ્વીકાર કર્યો, અને વિનોદપૂર્વક કહ્યુ કે,–"બહુ જ ઉત્તમ, મને તમારી આ માગણીથી બહુ જ આનદ થાય છે, કારણ કે, એ હીરો તમને આપવાથી મારો એનાપરનો અધિકાર સર્વથા લુપ્ત થતો નથી. પન્ના તમારી ધર્મપત્ની થશે, તો પણ તે જે મારી પુત્રી છે તે તો છે જ!"

અસ્તુ, એ પછી સત્વર જ ઉમેદસિહ અને પન્નાના લગ્નનો સમારભ થયો અને એ નિમિત્તે નાગોર તથા અરિકંદમાં મહા ઉત્સવ થઈ રહ્યો. ફીરોજશાહના પોતાના સૈન્યને લઇને પાછા ચાલ્યા જવા પહેલાં અને ત્યાર પછી જે જે રાજપૂતો ગોદવડમા માનસિહના સહાયક તરીકે આવ્યા હતા, તે સર્વને લગ્ન મડપને સુશોભિત કરવા માટે માનસિહ આદરપૂર્વક નાગોરમા લઈ ગયો. ત્યા રાજા માનસિહના સ્ફટિક પાષાણના બાધેલા ભવ્ય રાજમદિરમા યથાવિધિ મંત્રતત્રાદિ સર્વ સંસ્કાર સહિત લગ્ન થયા અને ત્યારપછી રાજપૂત લોકોના રિવાજ પ્રમાણે વધૂને હરણ કરી લાવવા માટે ઉમેદસિહ જે વેળાએ આવી લાગ્યો, તે વેળાએ ઉભય

પક્ષનુ ઔપચારિક યુદ્ધ થયુ અને યુદ્ધની ધામધૂમમાં જ પન્નાએ ઉમેદ-સિંહના ગળામાં વરમાળા નાખી દીધી

ઉમેદસિંહ વિજય મેળવી તોષદાયક સુદરવર્ણું ઝગમગતી પતાકાને ધારણ કરી પોતાની નવવધૂ સહિત પોતાના નગર ભણી ચાલતો થયો. એ વેળાએ દુદુભિનો નાદ થતો હતો, ભવ્ય પ્રાસાદોના ઉચ્ચ ભાગમાંથી સૌભાગ્યવતી સુદરીઓ તેમનાપર પુષ્પવૃષ્ટિ વર્ષાવતી હતી અને લોકો આનદઘોષણા કરતા હતા નાગરિક નરનારી મૂલ્યવાન્ વસ્ત્રાભૂષણથી અલકૃત થયા હતાં અને સ્ત્રીઓનાં મજુલ સ્વરયુક્ત ગીતોથી સર્વત્ર હર્ષ અને હર્ષનોજ ભાસ થતો હતો પોતાના વિજયી ભૂપાલને અરિકદની રાજભક્ત પ્રજાએ આનંદ અશ્રુરૂપ મૌક્તિકોથી વધાવી લીધો અને નવ-વધૂ પન્નાનો પણ એટલોજ સત્કાર કરવામા આવ્યો

મહારાષ્ટ્રનો "લિયોનિડાસ"-વીરવર બાજી પ્રભુ!

(લેખક ધનશકર હીરાશકર ત્રિપાઠી)

"રાડ પડે રણવીર છૂપે નહીં,
કર્મ છૂપે નહીં ભભૂત લગાયો."

શુભ્ર મેઘમાલા શિરપર ધારણ કરનાર સહ્યાદ્રિ પર્વતની શિખરશ્રેણી, ભીમા, નીરા, કૃષ્ણા, ગોદાવરી આદિ નદીઓની નીલી ધારાઓથી પવિત્ર બનીને જે શ્યામ હાસ્ય-રેખા ફેલાવે છે, તે જોતા મનમાં અદ્ભુત આનદ થાય છે પરતુ તેના શ્યામ અકમા પ્રતિપાલિત બનીને જે વીર પુરુષોએ પોતાના વીર હૃદયના સૌદર્યથી દશે દિશાઓ પ્રકાશિત કરેલી છે, તેમની વીરતાનાં વર્ણન વાચતા, સહ્યાદ્રિ પર્વતનુ એ પ્રાકૃતિક સૌન્દર્ય ફિક્કુ માલુમ પડે છે! આ ટુકી વાર્ત્તાના વીર નાયક, મહારાષ્ટ્રમા સુપ્રસિદ્ધ થયેલા બાજી પ્રભુ દેશપાડેની વીરતાનુ વર્ણન, એવોજ ભાસ આપે છે મરા-ઠાઓના ગૌરવપૂર્ણ ઇતિહાસનો અધિકાંશ, એ વીરનરના રક્તથી લખા-યલા છે એમ કહીએ તો ચાલે જે સમયે શિવાજી મહારાજના અભ્યુદય અને સ્વરાજ્યસ્થાપનની કલ્પનાથી આખો મહારાષ્ટ્ર દેશ જાગ્રત થઈ ગયો હતો, જે સમયે સર્વના હૃદયમાં સ્વદેશપ્રીતિનુ જોશ, મસ્ત ઉદધિ-તરંગ સમાન વહી રહ્યુ હતુ, તે સમયે આપણી વાર્ત્તાનો નાયક બાજી-પ્રભુ એક ખરો સ્વદેશભક્ત ગણાતો હતો

દેવી ભવાનીએ શિવાજી મહારાજ ઉપર પ્રસન્ન થઈ અનુગ્રહ કર્યાની, જમીનમાથી વિપુલ સુવર્ણમુદ્રાઓ પ્રાપ્ત થયાની અને એવી એવી અનેક વાતો એ વખત ફેલાઈ રહી હતી અને તે, મરાઠા જાતિમાં ઉત્સાહ પૂરતી હતી. મહારાષ્ટ્ર દેશના એકથી બીજા ખૂણા સુધી એ જ ધ્વનિ શ્રવણે પડતો કે, મહા-

રાષ્ટ્રોના અભ્યુદયનો દિન હવે દૂર નથી. મરાઠા કવિઓએ પુરાણા વિચારો તજી દઈ, નવીન જાગ્રતિની બાજુ પકડી હતી અને એ જાગૃતિનાં ગાન તેઓ અહીં તહીં ગજવી મૂકતા. આવી આવી અનેક અનુકૂલતાઓથી મહારાજ શિવાજીની કાર્યસિદ્ધિનો માર્ગ ઘણો સુગમ અને સાફ બની ગયો હતો

મહારાષ્ટ્રના સુબેદારો અને સરદારોએ એક એક શિવાજીને અધિષ્ઠાતા તરીકે સ્વીકાર્યો, પરતુ પ્રતિકૂલતાના ક્ષેત્રમાં એક જ વ્યક્તિ–બાજી પ્રભુ દેશપાડે–નજરે પડતી હતી બાજી પ્રભુનુ કહેવુ એમ હતું કે શિવાજીની સ્વરાજને લગતી બધી ધારણાઓ "વન્ધ્યાપુત્રવત્" છે બાજી પ્રભુનું શૂરવીર સૈન્ય, ઘણીવાર શિવાજીના માર્ગોમાં અતરાય નાંખતુ અને ખુદ બાજી પ્રભુ, શિવાજીના વિચારોને જાહેર રીતે વખોડતો, પરતુ આ દૂરદર્શી મરાઠા રાજે તેની સાથે નજ લડવુ એવો નિશ્ચય કર્યો હતો. શિવાજી ખરી ખાત્રીથી માનતો કે "એક દિવસ એવો આવશે કે જ્યારે એ જ પ્રતિકૂલ થયલો દેશપાડે જન્મભૂમિને માટે પોતાનો પ્રાણ આપવામાં પાછી પાની નહી ભરે. ગમે તેટલુ પણ બાજી પ્રભુ મારો જાતિબાન્ધવ છે, તેથી જ, એ ગમે તેટલો મારાથી વિરુદ્ધ હોય તો પણ મારે તેની ઉપર મમતા રાખવી જોઇએ." મહારાજ શિવાજીએ પોતાનો આ નિશ્ચય પાળ્યો હતો, અને પરિણામ તેના ધારવા મુજબ જ આવ્યુ હતુ એક દિન બાજી પ્રભુએ રસ્તામા શિવાજી ઉપર હુમલ્લો કર્યો, તે વખતે શિવાજીએ શાંતિથી પોતાના લશ્કરને બચાવ નહીં કરવાનો હુકમ આપ્યો બાજી પ્રભુ ઉપર એથી ઘણી અસર થઈ. શિવાજીનું સૌમ્યસ્વરૂપ જોઈ, તેણે એ જ વખતે પોતાની તરવાર તેના પગ પાસે મૂકી દીધી અને કહ્યુ "આજથી હુ તમને મારા નાયક તરીકે સ્થાપુ છુ" એ દિવસથી બાજી પ્રભુ, શિવાજીનો સત્યસહાયક અને પાર્શ્વચર બન્યો. બાજી પ્રભુની વીરતા અને યુદ્ધ–કુશળતાથી શિવાજીરાજે અનેક યુદ્ધોમા વિજય મેળવ્યો.

કનકગિરિની લડાઈમા મહારાજ શિવાજીના ભાઈ શંભાજીને, અફ્ઝલખાએ વિશ્વાસઘાતથી મારી નાખ્યો અને ભવાનીની મૂર્તિ ભાંગી નાખી, તુલસી નામક ગામની નિર્દોષ હિન્દુ–પ્રજા પર જુલ્મ વરસાવ્યો, એથી શિવાજીને પારાવાર ક્રોધ ચઢ્યો. શિવાજીએ બે હઝાર સૈનિકોનુ એક લશ્કર લઈ રાયગઢથી આવી, પ્રતાપગઢમા વાસ કર્યો અને આસપાસના ગામોમા પોતાના સૈનિકોની સખ્ત દેખરેખ રાખી. અફ્ઝલખાનો ઇરાદો, શિવાજીને કેદ કરવાનો હતો. પરંતુ શિવાજીનો પહાડી કિલ્લો જિતાય તો જ શિવાજી હાથ આવે એમ હતુ. આથી અફ્ઝલખાંએ પ્રપચ રચ્યો અને એક બ્રાહ્મણનો વેશ લઈ, શિવાજીને મારવાના

ઇરાદાથી તેની પાસે ગયો; પણ ચતુરોનો સરદાર શિવાજી, અફઝલખાનો ભેદ પામી ગયો અને પરિણામે અફઝલખાંએ પોતાનો પ્રાણ ગુમાવ્યો! ઇતિહાસની આ ઘટનામાં આપણી વાર્તાનો નાયક બાજીપ્રભુ, શિવાજીનો ખાસ સંરક્ષક અને સલાહકાર હતો અફઝલખાના મોતમાં જેવો શિવાજીએ અગ્રગણ્ય ભાગ લીધો હતો, તેવી જ રીતનો ભાગ, અફઝલખાંના મૃત્યુ પછીની ઘટનાઓમા બાજીપ્રભુએ લીધો હતો અને એ જ કાર્યોથી તે ઇતિહાસમાં પોતાનુ નામ અમર કરી ગયો છે

અફઝલખાંના મરણની ખબરથી મોગલ સેનાપતિ સિદ્દી જૌહર અને ફઝલખા, મોટી સેના લઈ મહારાષ્ટ્ર દેશમાં આવી પહોચ્યા મહારાજ શિવાજી પાસે મોગલો જેટલુ સૈન્ય નહોતુ, આથી તેણે નાસી જઇને પાનહાલાના કિલ્લામા આશ્રય લીધો. સિદ્દી અને ફઝલખાએ એ કિલ્લાને પણ ઘેરો ઘાલ્યો શિવાજીથી બહાર નિ સરાયુ નહી લગભગ ચાર મહિના સૂધી એ પ્રકારે તે, મજકુર કિલ્લામા ઘેરાઈ રહ્યો શત્રુઓ કિલ્લાને તોડી શકયા નહીં પરતુ કિલ્લામા આવતુ અનાજ તેઓએ બધ કરી દીધુ અદર ખોરાક પહોંચવાની મુશ્કેલી ઉભી થઈ શિવાજીની ગુચવણમા હવે જ વધારો થયો. દુશ્મનોએ કિલ્લા બહાર એવો સખ્ત પહેરો રાખ્યો હતો કે, કોઈપણ પ્રપચથી અન્ન અંદર આવી શકે નહી ત્યારે શુ શિવાજીએ લાચારીથી શરણ થવુ? અથવા તો ભૂખના દુ ખથી પીડાઈ મરી જવુ? સમુદ્ર તરી જવો સભવિત છે પરતુ અગણિત ફોજની નજર ચૂકાવી, કિલ્લામાનુ આખુ લશ્કર સહિસલામત બહાર જઈ શકે, એ બિલકુલ અસભવિત છે. તો હવે કિયો માર્ગ લેવો? શિવાજીએ, છેવટે એક અસાધ્ય અને હિમ્મતભર્યું પગલુ ભરવાનો ઠરાવ કર્યો. તેણે વિચાર્યું કે અધારી ઘોર રાત્રિને વખતે કિલ્લામાંથી બહાર નિકળી કાતો શત્રુનુ વ્યૂહ ભેદીને કે તેઓની આખમાં ધૂળ નાખીને પણ આગળ વધવુ એ પ્રયત્નમા રખેને જો શત્રુઓ ચેતી જાય તો પછી મરણીઆ થઇને પણ દેશને માટે પ્રાણઆહુતિ આપવી. તેણે કિલ્લામાના સર્વ સૈનિકોને એકત્ર કર્યા, તેઓને પોતાની ધારણા જણાવી અને ભૂખથી ઘેરાયલા મરાઠાઓએ એક અવાજે એ રસ્તો બહેતર લેખ્યો. શિવાજી કાચો ન હતો. એક દિન પાછલી રાત્રે જ્યારે સર્વત્ર નિરવતા પ્રસરી રહી હતી ત્યારે કિલ્લા ઉપરથી નિ સરણીઓદ્વારા એક એક દરેક સૈનિક નીચે ઉતરી ગયો અને એ પ્રકારે આખી સેના, દુર્ગમાંથી નિકળી, શત્રુની છાવણી, ગુપચુપ રીતે પાર કરી નાસી છૂટી. મરાઠાઓ થોડેક દૂર ગયા હશે, એટલામાં મુગલોને તેમના નાસી જવાની ખબર થઈ. એ લોકોએ નાઠેલાઓની પુઠ પકડી.

વળી પાછી શિવાજીની જન્મભરની ચેષ્ટાઓ ક્ષણભરમાં વ્યર્થ થવાનો વખત આવ્યો; કારણ નાસવાનો રસ્તો કાંઈ વિશાળ ન હતો, પરંતુ રગન નામની એક સાંકડી પહાડીમાંથી હતો. રગન પહાડી છ માઇલ લાંબી હતી. જો મુગલ લોકો એકદમ ઘણી જ ત્વરાથી આવી પહોંચે અને આ ટુકી અને સાકડી પહાડીને આસપાસથી ઘેરી લે તો મરાઠા ફોજને અવશ્ય વિનષ્ટ થવાનો વારો આવે. શિવાજી આ ભયકર સ્થિતિ ક્ષણમાત્રમાં સમજી ગયો. ચિન્તાથી તેનુ વદન શ્યામવર્ણ બની ગયુ અને જરૂર મરવુ પડશે એમ તેણે માની લીધુ.

બાજીપ્રભુ આ વખત શિવાજીની પાસે જ ઉભો હતો. તે પોતાના માલિક પાસે ગયો અને બોલ્યો, "પ્રભો! શા માટે ચિન્તા કરો છો? તમે સેના લઈ આગળ વધો. જ્યાં લગી તમે સહિસલામતિથી કિલ્લામાં પહોંચી, તમારા કુશલ સમાચાર એક મોટી તોપના અવાજથી આપશો નહી, ત્યા લગી આ થોડી સરખી પણ વીરસેના સાથે હુ આ પહાડી સ્થળના મુખડા આગળ ખડો રહીશ અને ખાત્રી આપુ છુ કે, એક પણ મુગલ બચ્ચાને તેની અંદર આવવા દઇશ નહી"

શિવાજીરાજે, તેને આવુ અતિશય સાહસિક કાર્ય કરવા દેવા ના પાડી અને કહ્યુ; "બાજી! જો મહારાષ્ટ્ર જાતિના ગૌરવની રક્ષા માટે મરવુ પડશે તો આપણે બધા સાથે મરીશુ."

બાજીપ્રભુએ ઉત્તર આપ્યો, "નહી, પ્રભો! તમારી રક્ષા કરવામા હું સમસ્ત મહારાષ્ટ્રની રક્ષા થયલી ધારું છુ તમારી ઉપર આખી મહારાષ્ટ્ર જાતિના કલ્યાણનો આધાર છે. તમે ફોજ લઇને નિડરતાથી જાઓ."

મહારાજ શિવાજીને લાચારીથી બાજીપ્રભુની વાત માનવી પડી. પોતાની સાથે થોડાક સૈનિકોને લઇને કિલ્લા તરફ તે આગળ વધ્યો. થોડાક વખતમાં સાગરના પૂરની માફક મુગલ સેના, રગન પહાડી પાસે આવી પહોંચી. પરતુ એકેએક મરાઠી મરણીઓ, સેકડો મુગલોને ભારે પડ્યો. વિપુલ મુગલસેનાની ગતિ રોકાઈ અને પહાડીમાં પ્રવેશવા કોઈ પણ મુગલસૈનિક શક્તિમાન્ થયો નહી.

બીજી બાજુ શિવાજી મહારાજે કિલ્લામા પહોંચી એક મોટી તોપ ફોડાવી. બાજીપ્રભુના મુખમડળ ઉપર એ તોપનો નિનાદ સાંભળતાં ભયકર હાસ્ય છવાઈ રહ્યુ. તેણે પોતાના સૈનિકોને કહ્યુ. "પ્યારાઓ, જુઓ, જુઓ, સ્વર્ગમા આપણને આવકાર આપવાને દેવો તૈયાર છે. આપણુ અહીનું કર્ત્તવ્ય આપણે યથોચિત પરિપાલન કર્યુ છે. હવે ભલે, મૃત્યુ પોતાની પાશ આપણી ઉપર નાખે. આપણે તૈયાર છીએ." એ પછી "હર હર મહાદેવ" એવી મોટી ગર્જના સાથે મરાઠાઓ સાંકડી

ગલીમાંથી બહાર નિઃસર્યા અને અસંખ્ય મુગલોના શિર કાપી આનંદથી સમરભૂમિમાં સદાને માટે સૂતા! મુગલ સેનાનીઓ સમજી ગયા કે, હવે હાથ પગ પછાડવા વ્યર્થ છે; કેમકે શિકાર હાથથી છટકી ગયો છે–પંખેરું ક્યારનુએ પિંજરમાંથી ઉડી ગયું છે!

મહારાષ્ટ્ર જાતિની પત રાખનાર વીરવર બાજીપ્રભુ અને તેના વીર સૈનિકોને, અંગ્રેજ–ઇતિહાસ લેખકોએ ગ્રીસના "લિયોનિડાસ" અને તેના વીર સૈનિકોની ઉપમા આપી છે અને રંગન પહાડીને તેઓએ "થર્મોપીલી" સમાન લેખી છે, એ તદ્દન ખરુ ભાસે છે.

ઇડરનો વીર વૈરીસિંહ

અથવા

રાજપૂતનું વચન

(લેખક ઠક્કર નારાયણ વિસનજી)

ઇડરમા એક સમયે રાજા ભાણ અથવા તો ભાનુરાજ નામક રાજા રાજ્ય કરતો હતો રાજાનો એક ફટાયો ભાઈ કરણસિંહજી હતો અને તેને રાજાએ પચાસ હજારની આવકનાં ગામ અને જાગીર આદિ આપ્યા હતા પોતાની જાગીર આદિ જૂદા હોવા છતાં બન્ને ભ્રાતાઓનો પરસ્પર સારો સ્નેહ હોવાથી કરણસિંહ ઇડરમા જ વસતો હતો, તો પણ બન્નેના દરબાર અને આવાસ તો જૂદા જ હતા. ભાનુરાજના વાણીયા પ્રધાન અને કરણસિંહ વચ્ચે પરસ્પર વૈર ભાવનો અગ્નિ પ્રજળ્યા કરતો હતો અને તે એટલે સૂધી કે, પ્રધાન અને કરણસિંહ જો લાગ ફાવે તો એક બીજાનો ઘાટ ઘડી નાખવાના પ્રસગની કાકનેત્રથી માર્ગપ્રતીક્ષા કરી રહ્યા હતા. એ વેળાએ ભાનુરાજનુ વય પચાસ વર્ષનુ અને કરણસિંહનુ વય ત્રીસ વર્ષનુ હતુ, છતા બન્નેમાંથી એકને પણ પુત્રની પ્રાપ્તિ થઈ નહોતી જ્યારે પ્રપચી પ્રધાન કરણસિંહનો બીજા કોઈ ઉપાયે નાશ કરી શકયો નહિ ત્યારે તેણે રાજાના કાનમાં વિષ રેડવા માડ્યુ. તેણે એક દિવસે એકાતમા રાજાને કહ્યુ કે,–

"મહારાજાધિરાજ, ગૌબ્રાહ્મણ પ્રતિપાલ, અન્નદાતા, આપની અવસ્થા પરિપકવ થવા આવી છે અને કરણસિંહ મહા અત્યાચારી છે, એટલે કોક દિવસ પ્રપંચ કરીને અથવા તો વિશ્વાસઘાતથી એ આપનુ રાજ્ય લઈ લેશે. એટલામાટે કૃપાનાથ, મારો એવો ઉપદેશ છે, કે એ નીચને વધારે ન ચઢાવો તો સારુ."

પ્રધાનના આ ભાષણથી કાચા કાનનો રાજા વ્હેમે ભરાયો અને કરણસિંહ અવશ્ય મારુ રાજ્ય લઈ લેશે, એવી આશકાથી તેણે તેને મારી નાખવાનો નિર્ધાર કર્યો. આ વાત જ્યારે રાજાની રાણી ભટિયાણીજીના જાણવામાં આવી, ત્યારે તેણે રાજાને નમ્રતાથી કહ્યુ કે,–"પ્રાણનાથ, પ્રધાનના પ્રપંચમા ફસાઈ જઇને પોતાના માડી જાયા વીરપર કૃપા કરીને કશો પણ અત્યાચાર કરશો નહિ. ભાઈ કરણસિંહ તમારા આજ્ઞાંકિત અને ધર્મના નિયમથી વર્તનારા રાજનિષ્ઠ બંધુ છે. આજ સુધીમાં એમણે એવો એક પણ અપરાધ કર્યો નથી કે, જેના યોગે એ પ્રાણાંત શિક્ષાને પાત્ર થઈ શકે. નાથ, અત્યારે જો અવિચારથી કાઈ પણ સાહસ કરશો, તો પછીથી અવશ્ય એ અપકૃત્યમાટે ભયંકર પશ્ચાત્તાપ કરવો પડશે. કારણ કે, આપણે પાકાંપાન થવા છતાં સતાન સુખથી વંચિત રહ્યાં છીએ, તેમ જ કરણસિંહ પણ અપુત્ર છે. હવે આપણને સતાન થવાની આશા ન હોવાથી જો કરણસિંહને મારી નાખશો, તો તમારી પછી આ રાજ્ય કોણ ચલાવશે વારુ? માટે જે કાઈ, પણ કરો, તે પૂર્ણ વિચાર કરીને જ કરજો."

રાણીનો આ ઉપદેશ રાજાના મનમા ઠસી ગયો. એટલે પોતાના પ્રથમના વિચારને ફેરવીને તેણે રાણીને કહ્યુ કે,–"બહુ સારુ, ત્યારે હું વચન આપુ છુ કે, કરણસિંહને મારીશ નહિ; પણ એવી અવસ્થામા લાવી મૂકીશ કે તે, કોઈ દિવસ મારી સ્હામે માથુ ઉચકી ન શકે."

રાજાના આ વચનથી રાણીના મનમાં કાંઈક સતોષ થયો અને તે વધારે કાઈ પણ બોલી નહિ.

રાજાએ એ દિવસથી કરણસિંહને વિશેષ સ્નેહ બતાવવા માંડ્યો અને ધીમે ધીમે તેને અફીણનુ વ્યસન વળગાડી દીધુ લગભગ બે વર્ષના અવધિમા તો અફીણના વ્યસનમાં તે એટલો બધો આગળ વધી ગયો કે, તેનામાં ચઢવા ઉતરવા કે વધારે બોલવાની પણ શક્તિ રહી નહિ, અને પાચ વર્ષ જતા તો તે મડદા પ્રમાણે ખાટલામાંજ બેભાન થઇને પડી રહેવા લાગ્યો. કરણસિંહની આવી દુર્દશાને જોઇને દ્વેષી પ્રધાન બહુ જ આનંદમગ્ન થયો અને એકવાર પુન. રાજાને કહ્યુ કે;–" ગરીબનવાજ, કરણસિંહજી તો રાત અને દિવસ અફીણ ખાઇને ખાટલામાં ને ખાટલામા જ પડ્યા પાથર્યા રહે છે અને મહારાજાની સલામે પણ આવતા નથી. તો પછી હવે એમને પચાસ હજારનો પટો શા કારણથી ખાવા દ્યો છો, એ હુ સમજી શકતો નથી. મારી એવી સલાહ છે કે, એમના ગામો અને જાગીર ખાલસા કરીને ખર્ચમાટે માત્ર બે ત્રણ ગામની ઉપજ એમને આપો."

પ્રધાનની આ શિખામણ ભોળા રાજાના ધ્યાનમાં ઉતરવાથી તેણે તરત કરણસિહનાં ગામ અને જાગીર આદિ ખાલસા કરી લઇને જરૂરના ખર્ચમાટે માત્ર બે ગામ તેના તાબામાં રહેવા દીધાં. આમ થવાથી કરણસિહને ત્યાં જે દોઢસો ઘોડા અને દોઢસો રાજપૂતો નોકરીમાં હતા, તેમનો ખર્ચ ભારી થઈ પડ્યો. રાજપૂતો રજા લઈ લઇને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા અને કરણસિહે પચીસ ઘોડા રાખીને બાકીના ઘોડા વેચી નાખ્યા. એવી રીતે રાજાએ કરણસિહને પાયમાલ કરી નાખ્યો, પણ અફીણના નશામાં ચકચૂર થયેલા ઠાકોરને એ વિશે કાંઈ પણ ન હોતુ. કારણ કે, જ્યાં વિચાર કરવાનુ ભાન જ ન હોય, ત્યાં સુખદુ ખ કે માન અપમાનનું જ્ઞાન ક્યાંથી અને કેમ કરીને થઈ શકે વારુ?

કરણસિહ પાસે વૈરીસિહ વાઘેલો નામક એક રાજપૂત હતો. એને કરણસિહની માતાએ પોતાનો પાળેલો પુત્ર કરીને ઘરમાં રાખ્યો હતો. તે બહુ જ દક્ષ, સ્વામિભક્ત અને શૂરવીર હતો. તે પોતાના વડિલ બધુ અથવા તો સ્વામી કરણસિહની દુર્દશાને જોઈ જોઇને અતરમાં અતિશય બળ્યા કરતો હતો અને વારવાર ઉદ્ગાર કાઢતો કે,–"જે પ્રધાને પ્રપચ કરી અમારી જાગીર ખાલસા કરાવી અમારી આવી દુર્દશા કરી છે, તેને જો લાગ મળે તો નિર્દયતાથી રેસી નાખવો જોઇએ અને ભીમે જેવી રીતે દુ શાસનના રક્તનુ પાન કર્યું હતુ, તેવી રીતે એના શોણિતનુ પાન કરવુ જોઇએ" પરતુ તેની એ આશાની સફળતાનો પ્રસગ ઘણા દિવસ સૂધી આવ્યો નહિ. અસ્તુ

એકવાર વર્ષાઋતુમા મૂષળધાર વૃષ્ટિ થવા લાગી મધ્યરાત્રિનો સમય થયો હતો, એવામાં ભાનુરાજ પોતાના મહાલયના ઝરુખામાં આવ્યો અને સૃષ્ટિલીલાનુ અવલોકન કરવા લાગ્યો રાજાના સૈનિકો નીચે દરબારની દોઢી ઉપર બેઠા હતા, તેમને ઉદ્દેશીને ઉપરથી રાજાએ કહ્યુ કે;–"સરદારો, એવો છે કોઈ માઇનો પૂત શૂરવીર રાજપૂત કે, જે આવી ચોમાસાની રાતમાં બહાદુરીથી બારવટુ કરે?"

એ વેળાએ વૈરીસિહ વાઘેલો પણ સ્હામેની પોતાની મેડીના ઝરુખામાં બેઠો હતો. તેણે રાજાનાં આ વચનો સાંભળતાં જ ખોખારો કરીને કહ્યુ કે,– "અન્નદાતા, આપની તહેનાતમાંના રાજપૂતો બારવટુ કરે તેવા નથી. નહિ તો રાજપૂતો બારવટુ કરે એમાં નવાઈ શાની? એ તો રાજપૂતોની ખેતીવાડી છે; એટલે એ વિના રાજપૂતોની ગતિ જ નથી!"

વૈરીસિહનુ એ ઉત્તર સાંભળીને રાજાને ચરણથી તે મસ્તક પર્યન્ત હલાહલ ક્રોધ વ્યાપી ગયો અને તેથી તેણે લાલ કસૂંબા જેવી આખો કરીને પૂછ્યુ કે;–"આ જવાબ આપનાર કોણ છે?"

"અન્નદાતાના બંધુ કરણુસિંહનો પાલિતબંધુ વૈરીસિંહ વાઘેલો" સરદારોમાંના એકે ખુલાસો કર્યો.

રાજાએ મૂછોના આંકડા ચડાવીને કહ્યું કે;-"મારા જેવો ધણી જીવતો બેઠો છે, તો મારા રાજપૂતોને બારવટાની શી જરૂરત છે? બારવટું કરવાના તો તારા દિવસ આવ્યા છે. પ્રથમ તારા ધણીના હવાલ જો અને પછી જે કાંઈ બોલવું હોય તે બોલ"

રાજાના આ મેણાથી વૈરીસિંહના મનમાં કીનાની આગ સળગી ઉઠી અને તેથી આખી રાત તેને ઊંઘ ન આવી. વિચારમાં ને વિચારમાંજ પ્રભાતનો સમય થઈ ગયો. પ્રભાતમાંજ તે કરણુસિંહના નિવાસાલયમાં ગયો અને પોતાની માતા તથા રાણીને પ્રથમ જગાડ્યા પછી કરણુસિંહને પણ જાગૃત કર્યો તેને અફીણ તથા દૂગો આપીને સાવધ કર્યા પછી તે કહેવા લાગ્યો કે,-

"મહારાજ, ગઈ રાતે રાજાએ મને એમ કહ્યું કે, તારા ધણીના બુરા હાલ થયેલા હોવાથી તારા બારવટું કરવાના દિવસ આવ્યા છે. એટલા માટે મારો તો એવો જ વિચાર છે કે, આપણે હવે ઈડરમાં રહેવું નહિ." એ પછી રાતે બનેલા બનાવની સઘળી વાત સંભળાવતાં કરણુસિંહ, તેની માતા તથા રાણી આદિને પણ ક્રોધ વ્યાપી ગયો અને તેથી તેમણે વૈરીસિંહના ઉપદેશ પ્રમાણે વર્ત્તવાનું કબૂલ કર્યું કરણુસિંહને પ્રથમ શસ્ત્રાસ્ત્ર બંધાવી સજ્જ કરીને પોતાના ઉચાળા તેણે ઊંટોપર ભરાવ્યા. અને રાજાની માતા તથા રાણીને મ્યાનામાં બેસાડી પોતે તથા કરણુસિંહ અશ્વારૂઢ થઈ સર્વજનો ઈડરને ત્યાગી બહાર નીકળ્યા અને ખડકના ડુંગરા પાસે જ્યાં વિકટ ભૂમિ હતી, ત્યાં પોતાનો પડાવ નાખ્યો. એ પછી ઈડરથી ચાળીસ કોસના અંતરપર એક દુર્ગમ સ્થાનને શોધીને ત્યાં વૈરીસિંહે એક લક્કડ કોટ બંધાવ્યો અને સરસામાન તથા રાણી આદિને તેમાં રાખ્યાં. એ પછી બીજી વ્યવસ્થા કરીને ચોકી પહેરા માટે કેટલાક રાજપૂત સૈનિકોને તેણે એકઠા કર્યા. બધા મળીને પાંચસો માણસોને તેણે પોતાની નોકરીમાં રાખ્યા. ત્યાં એક બીજી ઘાટીનો એટલે કે બે પર્વત વચ્ચેની ખીણનો રસ્તો હતો, તે રસ્તાપર પણ તેણે ચોકી પહેરો રાખી દીધો. એ લક્કડ કોટની ચારે બાજૂએ ડુંગરા આવેલા હતા, એટલે શત્રુની વધારે કશી પણ કારીગરી ચાલી શકે તેમ ન હોતું. એવી રીતે સર્વ પ્રકારે નિર્ભય થયા પછી વૈરીસિંહે કરણુસિંહની રાણીને કહ્યું કે,-"હવેથી તમારા પતિને અફીણ તમે પોતે તમારા હાથે જ ખવરાવજો, તેમના પોતાના અથવા તો બીજા કોઈના હાથે ખાવા દેશો નહિ; અને નિત્ય અફીણમાં થોડો થોડો ઘટાડો કરીને અને

એ વ્યસન છોડાવી દેજો એમ કર્યા વિના આપણા સારા દિવસ થવાનો સંભવ નથી." રાણીને એ પ્રમાણે ભલામણ કરી પોતે પાંચ હજાર રૂપિયા લઈ બે ઘોડેસ્વારો સાથે ઉચી જાતના અને ભારી કીમતના ઘોડા મળે તો તે ખરીદવા માટે કાઠિયાવાડ તરફ ચાલતો થયો.

કાઠિયાવાડમાંના કોઈ એક કાઠીને ત્યાં સારા તુખમના બે ઘોડા હોવાની ભાળ મળવાથી નામ ઠામ પૂછી લઇને તે તે કાઠીને ત્યાં જઈ પહોચ્યો. કાઠીએ તેનો ઘણો જ આદર સત્કાર કર્યાથી તેણે પ્રાર્થના કરી કે,–"તમારા જે બે ઘોડા છે, તે તેમની પૂરતી કીમત લઇને અમને વેચાતા આપો. કારણ કે, ઇડરના રાજાએ અમારી જાગીરને અન્યાયથી ખાલસા કરી લીધેલી હોવાથી અમારે તેની સ્હામુ બારવટુ કરવાનુ છે." એના ઉત્તરમા કાઠીએ જણાવ્યુ કે,–"મારે આ ઘોડા વેચવાના નહોતા, પણ જ્યારે તમારી જાગીર તમારે પાછી મેળવવાની છે, તો લાચારીએ હુ આપુ છુ." સાટુ નક્કી થયુ અને પાંચ હજાર રૂપિયા આપીને વૈરીસિંહે બે ઘોડા ખરીદી લીધા લગભગ દોઢ મહિના પછી તે પાછો પોતાના મુકામપર આવી લાગ્યો અને ત્યા તે ઘોડાને બન્દોબસ્તથી બધાવીને રાતબ મસાલો આપવાની શરુઆત કરી દીધી એ પછી તે પોતે જે ડુંગરામા આવી વસ્યો હતો, ત્યાના કોળી અને ભિલ્લ આદિ જાતિના યોદ્ધાને પોતાના પક્ષમા કરી લઇને તેમને ઇડરના રાજ્યને લૂટી ખાવાની સદર પરવાનગી આપી દીધી. માત્ર તેમાથી ચોથ (ચોથો ભાગ) પોતાને આપવાનો તેમની પાસેથી કરાર કરી લીધો. આ પરવાનગી મળતા જ માલડા મુલકને લૂટવા લાગ્યા અને રાજ્યમાં અરાજકતા તથા અંધેરનો વિસ્તાર થઈ ગયો. બીજા માર્ગો ચાલતા ન હોતા અને જે ચાલતા હતા તેમને એ ભીલોએ બધ કરી નાખ્યા. એથી ઇડરના રાજા પાસે નિત્ય નવી નવી ફરિયાદો જવા લાગી અને દેશ ઉજ્જડ થવા માડ્યો. પરન્તુ ખુચ્ચાના પીર અને સોદાના સરદાર પ્રધાનજીએ રાજાને ફડે પેટે કહ્યુ કે,–"મહારાજ, આપ મુલકના ધણી હોવાથી આપને કાંઈ લશ્કરની ખોટ નથી, માટે બધે જાપતો કરી નાખો, એટલે પોતાની મેળે બધુ શાત થઈ જશે." પ્રધાનની આવી સલાહથી રાજાએ ગામે ગામ થાણા મૂકીને મુલકનો હદપાર જાપતો કરી નાંખ્યો. પરતુ જે બારવટિયા હતા, તેઓ વારવાર થાણાપર પણ હલ્લો કરીને માલમત્તા લૂટી જતા હતા. એથી દેશમાં સર્વત્ર 'ત્રાહિ ત્રાહિ' નો પોકાર અને હાહાકાર વ્યાપી ગયો.

એવી રીતે બારવટાને આઠ માસનો સમય વીતી ગયો અને ચોમાસુ માથે આવી લાગ્યુ. અચાનક વૈરીસિંહને રાજા ભાનુરાજના વચનનનું સ્મરણ થઈ આવ્યું. એટલે કરણસિંહને પણ એનુ સ્મરણ

કરાવી ઉત્તેજિત કરવાના ઉદ્દેશથી કહ્યુ કે,–"જે ઋતુ માટે ઉપાલંભ આપવામાં આવ્યો હતો, તે વર્ષાઋતુનુ હવે આગમન થઈ ચૂકયું છે." રાણીએ કરણસિંહને અફીણના વ્યસનથી મુક્ત કરી દીધેલો હોવાથી તેના હૃદયમા પુનઃ પોતાના પૂર્વ શૌર્ય અને અભિમાનની જાગૃતિ થઈ હતી, એટલે તે બન્ને અશ્વારૂઢ થઈ પોતાના નિવાસ સ્થાનમાંથી નીકળીને રાતના ચાલ્યા ઇડરમાં આવી પહોંચ્યા. ઇડરની બહાર ડુંગર છે, ત્યા વૈરીસિંહે કરણસિંહને કહ્યુ કે,–"આપ એકલા આ સ્થળે બેસો અને નગરમા મને એકલો જ જવા દ્યો" કરણસિંહે કહ્યુ કે;–"ભાઈ, જેવી તારી ઇચ્છા. મને કાંઇપણ વાંધો નથી!" એવી રીતે પોતાના સ્વામીની આજ્ઞા લઇને વૈરીસિંહે ઇડર નગરમા પ્રવેશ કર્યો.

વૈરીસિંહ ઇડરના ઘરેઘરનો ભોમીઓ હતો. ઇડરમાની એક પણ જગ્યા તેનાથી અજાણી ન હોતી. નગરમા ઘણો જ સારો બંદોબસ્ત રાખવામા આવ્યો હતો ઝરમર ઝરમર વર્ષાદ વર્ષતો હતો અને તેથી રાજપૂત પ્રહરીઓ બહાર ન નીકળતા પોતપોતાના મુકામ પર જ ઊભેલા કે બેઠેલા હતા એવા મધ્યરાત્રિના સમયમા નગરમા પ્રવેશ કરીને કોઇની પણ નજરે પડ્યા વગર વૈરીસિંહ નગરશેઠની હવેલી પાસે આવી લાગ્યો. હવેલીમા દીવા બળતા હતા અને બારી ઊઘાડી હતી માત્ર આગળ પાછળના બારણા બરાબર સભાળથી બંધ કરેલાં હતાં. એટલે હવેલીના પાછળના ભાગમા હીરની નિસરણીને બારીપર નાખીને તેના આધારે તે ઉપર ચઢી ગયો, અને શેઠના શયનગૃહમા તેણે પ્રવેશ કર્યો. શેઠ અને શેઠાણી બન્ને નિદ્રાવશ થયેલા હતા. રાજપૂતવીરે પલગ પાસે જઇને પોતાની તલવારને મ્યાનમાંથી બહાર ખેંચી લીધી અને શેઠને મારવાનો વિચાર કર્યો, પણ એટલામાં જોયુ તો બન્ને પતિપત્ની આલિંગન આપીને સૂતા હતાં, એટલે નગરશેઠને મારવા જતા કર્યાક સ્ત્રીહત્યા ન થઈ જાય એવા ભયથી એ કામને પડતુ મેલીને તે આગળ વધ્યો. ત્યાં શેઠનો પાંચ વર્ષના વયનો કિશોર બાળક પલગડીમાં પોઢેલો હતો અને તેની ઉપર ઉત્તમ દુશાલો નાખેલો હતો. એ બાળકને તેણે અદ્ધર ઊપાડી લીધો અને ત્યાથી પલાયન કરી નગર બહાર કરણસિંહને આવી મળ્યો. કરણસિંહે પૂછ્યુ કે,–"આ બાળક કોનો છે?" એના ઉત્તરમા તેણે કહ્યું કે,–"ઇડરના મહા ધનવાન્ મહાજન નગરશેઠનો" એ બાળકને લઇને વાયુવેગે પોતાના રહેઠાણમાં પહોંચી ગયા.

જ્યારે ચાર ઘડી રાત બાકી રહી ત્યારે શેઠાણીએ ઊઠીને પોતાના પુત્રને સભાળ્યો અને તપાસ કરી તો પલગડી ખાલી જોવામાં આવી. તે રોતી રોતી પોતાના પતિને જગાડીને પૂછવા લાગી કે,–"આપણો દીકરો કયાં

છે?" નગર શેઠે ઉઠીને આખા ઘરમાં દોડાદોડ કરી મૂકી અને ખૂણેખૂણામા તપાસ ચલાવી, પણ દીકરો કયાંય જોવામાં ન આવ્યો. અંતે નીચે તપાસ કરતાં બારણા ખુલ્લાં જોયાં એટલે તેનો નિશ્ચય થયો કે, છોકરાને અવશ્ય વૈરીસિંહ વાઘેલોજ લઈ ગયો. ચોળાચોળ થતાં બપોર સૂધીમાં તે એ વાત આખા શહેરમાં ફેલાઈ ગઈ અને મહાજનના સઘળા લોકો એકઠા થઇને રાજાકને ફરિયાદ લઈ ગયા કે,– 'અન્નદાતા, અમારા દીકરાને મગાવી આપો. જો નહિ મગાવી આપો તો શેઠાણીનું મોત નીપજશે અને તે સ્ત્રીહત્યાનુ પાપ આપને લાગશે" રાજાએ કહ્યુ કે,–"હુ કેવી રીતે મગાવી આપુ? કારણ કે, બારવટિયા મારા તો પરમ શત્રુ છે. છતાં પણ જો તેઓ માનશે, તો તેમની સમજૂત કરવામાં આવશે." એ પછી રાજાએ બે ભાટોને કરણભા અને વૈરીસિંહ પાસેથી તેમને સમજાવી દંડના જે પૈસા માગે તે આપી નગર શેઠના છોકરાને લાવવા માટે મોકલ્યા. તે ભાટો જ્યારે કરણસિંહજી પાસે ડુંગરામા આવ્યા, ત્યારે તેણે પાચ રાત સૂધી તેમનુ બહુ જ ઉત્તમ પ્રકારે આદરાતિથ્ય અને માન સન્માન કર્યું. પછી જે વેળાએ તેમણે નગર શેઠના છોકરાની માગણી કરી, એટલે ઠાકરે દંડના એક લાખ રૂપિયા માગ્યા. ભાટોએ કહ્યુ કેઃ–"અન્નદાતા, એ તે કાંઈ રાજા છે? આપ કાંઇક વિચાર કરીને કહો, તો વધારે સારુ." હા ના કરતા અંતે દંડની રકમ પચાસ હજારની નક્કી કરીને ભાટોએ પોતે જામીન થઈ છોકરાને લઈ લીધો અને ઇડરમા આવી પચાસ હજાર રૂપિયા લઇને છોકરો નગર શેઠને સોંપી રૂપિયા કરણસિંહપર રવાના કરી દીધા. આટ આટલુ થવા છતાં પણ રાજા ભાનુરાજે કરણસિંહને તેની જાગીરનો પટો પાછો આપવાની વાતને ધ્યાનમા લીધી નહિ, કારણ કે, પ્રપંચી પ્રધાન નિત્ય કરણસિંહ વિશે રાજાને ખોટી રીતે ભભેર્યાં કરતો હતો.

આવી પરિસ્થતિને જોઇને કરણસિંહ ઠાકોર તથા વૈરીસિંહ વાઘેલાએ નિર્ધાર કર્યો કે, "હવે મરી મટયા વિના આપણી આશા સિદ્ધ થવાની નથી. હવે આ પાર કે તે પાર કરી નાખો, એટલે પીડા પતી જાય!" એવામાં વિજયાદશમીનો ઉત્સવ પાસે આવી લાગ્યો, એટલે વાઘેલાએ ઠાકોરને કહ્યુ કે,–"વિજયાદશમીના પર્વ સમયે સ્વારી ચડશે અને રાજા પોતે નગર બહાર પધારશે, એટલે ત્યાં જ ખરેખરું યુદ્ધ કરી ખાંડાની ધારથી મરી મટવુ, એ જ આપણા મરણનો સરળ માર્ગ છે." આ વાત ઠાકોરના મનમાં પણ ઉતરવાથી તે બન્ને યોગ્ય સમયે ઇડર તરફ જવાને નીકળ્યા.

આજે વિજયા દશમીનો મહોત્સવ છે ઇડરના રાજાએ વિજયા દશમીની સ્વારી તૈયાર કરી છે, પાંચ હજાર સૈનિકો શસ્ત્રાસ્ત્ર અને ઉત્તમ પોશાકમાં સજ્જ થઈને ઉભેલા છે અને રાજા પોતે ઠાઠમાઠથી રાજસભામાં વિરાજેલા છે. પણ હજી સ્વારી ચઢી નથી. એ સમયે કરણસિંહ અને વૈરીસિંહ વાઘેલો ઇડરના દરવાજે આવ્યા. એ દિવસે બહારના પણ બીજા ઘણા સરદારો ઇડરમાં આવેલા હોવાથી અને એ બન્નેએ બોકાના બાંધેલા હોવાથી તેઓ કોઇના ઓળખવામાં આવી શકયા નહિ. અને નિર્વિઘ્ન તેમણે નગરમાં ધોળે દિવસે પ્રવેશ કર્યો માર્ગમાં પ્રપંચી પ્રધાનનો અગીઆર વર્ષના વયનો પુત્ર પોતાને ઘેર જતો હતો, તેને જોઈ મનમાં એક નવીન કલ્પનાનો સંચાર થવાથી વાઘેલાએ અચાનક તેનો હાથ ઝાલી લીધો અને તરત તેને લઇને તે બન્ને નગર બહાર નીકળી ગયા! કેટલાક વખત પછી સ્વારી ચઢવા સમયે રાજાને પ્રધાનપુત્રના ખોવાયાની ખબર પડી અને તેથી તરત રાજા પોતે કેટલાક સૈનિકોને લઇને તેમની પૂઠે પડ્યો પેલા બન્ને બહાદુર બારવટિયા ઇડરથી પાંચ સાત ગાઉ છેટા નીકળી ગયા હતા ત્યાં વચ્ચે એક ખાડો આવ્યો અને તે દશબાર હાથ પહોળો તથા તેટલો જ ઊંડો હોવાથી તેઓ ત્યાં અટકી પડ્યા એવામાં પાછળથી રાજા અને તેના સૈનિકો આવી લાગવાથી વાઘેલાએ ઠાકોરને કહ્યું કે,-"આ છોકરાને લઇને તમે નીકળી જાઓ.' એટલે ઠાકોર બોલ્યો કે,-"તને એકલો છોડીને હું જવાનો નથી" એટલે વાઘેલાએ પોતાની પાસેના પ્રધાનપુત્રને ઠાકોરના ઘોડાપર આપી દીધો અને પોતે પાછો વળીને રાજાની સ્વારીમાં પેઠો ત્યાં ખૂબ તલ્વારો ચાલી અને રાજપૂતો ખાડાની ધારે ખેલ્યા રાજા તરફના દશબાર રાજપૂતો મરાયા અને વાઘેલાને પણ જખમ થયા. એટલે તે પાછો કરણસિંહ પાસે આવ્યો એ પછી કરણસિંહ તે પ્રધાનપુત્રને વાઘેલાની સંભાળમાં રાખી પોતે રાજાની સ્વારીપર ધસારો કરી ગયો. મ્યાનમાંથી તલ્વારો ચમકાટ કરતી બહાર નીકળી અને ઇડરના રાજાના પંદર વીસ ઘોડેસ્વારો જોતજોતામાં કામ આવી ગયા એ પછી ત્યાંથી સટકીને કરણસિંહ પાછો વાઘેલાને આવી મળ્યો. બન્નેના ઘોડાને પણ ઘણા જખમ થયેલા હોવાથી તેઓ ઘોડાપરથી ઘોડાઓને કુદાવીને અદશ્ય થઈ ગયા. ઇડરનો રાજા કકોડી જગ્યાને જોઈ પરાજિત થઈ પાછો ચાલ્યો ગયો અને મનમાં અતિશય નિરાશ થયો.

ઠાકોર તથા વાઘેલાએ પ્રધાન પુત્રને લઈ જઇને પોતાની માતાના હાથમાં સોંપ્યો અને ચોકી પહેરાનો ઘણો જ સારો બંદોબસ્ત કરી દીધો. તેમના ઘોડાઓ બંધ છોડનાની સાથે તે ક્ષણે જ ગમશરણ થઈ ગયા.

પણ તે બન્ને વીરે. યોગ્ય મલમપટા અને ઉપચારના યોગે લગભગ ત્રણ માસ પછી સાજા અને તાજા થયા.

પ્રધાને જાણી લીધુ કે, 'મે જે કરણસિહની પાયમાલી કરાવી હતી, તેનો બદલો તેણે બરાબર વાળ્યો છે હવે તો કરગરી પગ્યા વિના પુત્ર પાછો મળે, એવી જરાય આશા નથી. નહિ તો જો એ લોકો ક્રોધે ભરાઇને મારા પુત્રને મારી નાખશે, તો પછી લાખોની પૂજીમા શુ પૂળો મૂકવાનો હતો !' આમ વિચારીને તેણે એક દિવસ રાજાને કહ્યુ કે.– "મહારાજાધિરાજ, મારા પ્રતિ કરણભાનો પ્રચડ વૈરભાવ હોવાથી જો વધારે દિવસ જશે, તો તે મારા પુત્રને મારી નાખશે. માટે કરણ ભાને તેની અસલ જાગીર પાછી આપીને મારા પુત્રને કૃપા કરી પાછો મગાવી આપો"

પ્રધાનની આ પ્રાર્થના સાભળી રાજાએ ભાટચારણોની બાયધરી (જામીનગિરી) લખાવીને કરણસિહ પાસે મોકલી અને કહાવ્યુ કે;–"તમો બારવટુ ત્યાગીને પાછા ઇડરમા આવો, એટલે તમોને તમારી જાગીર વગેરે પાછી આપવામા આવશે" જ્યારે કરણસિહે ભાટની બાંયધરીનો કાગળ વાચ્યો, એટલે રાકા ન રહેવાથી તે બન્ને વીરો પોતાનો અટારો ઉપાડીને ઇડરમા આવી પહોચ્યા તેમના આવ્યા પછી રાજાએ કચેરી કરીને કરણસિહ ઠાકોર તથા વૈરીસિહ વાઘેલાને બોલાવ્યા અને બન્ને ભાઇઓની ઘણા આનદથી મુલાકાત લીધી. વાઘેલાએ રાજાને મુજરો કર્યો અને રાજાએ તેને શાબાશી આપીને કહ્યુ કે;–"રગ છેરે વાઘેલા. રગ છે ! વચન તો બરાબર નભાવ્યુ." કરણસિહની પચાસ હજારની જાગીર પાછી આપવામા આવી અને બારવટાના ખર્ચ વગેરેના જે રૂપિયા થયા હતા, તે પણ રાજ્યની તીજોરીમાથી અપાયા એ વેળાએ કરણસિહ અને પ્રધાન બન્નેએ મળીને કસુબા પીધા અને વર્ષોના વેર ભાગ્યાં. બન્ને ભાઈ પોતપોતામા હળીમળી ગયા અને તેઓ જ્યાં લગી જીવ્યા ત્યા લગી એક સપથી રાજ્યશકટ ચલાવતા રહ્યા. કોઇએ ખરું જ કહ્યું છે કે,–

"બળિયાના બે ભાગ જગતમા,
ભલાતણી દુનિયા છે ક્યા ?"

ફૂલજાની બેગમ

(લેખક ધનશંકર હીરાશંકર ત્રિપાઠી)

"જો મયેં ઐસા જાનતી કી પ્રીત કીયે દુખ હોય,
નગર ઢીંઢોરા પીટતી કી પ્રીત કરો મત કોય"

અહમદનગર સમીપ હાલમાં એક ઉદ્યાન જર્જરિત અવદશામાં જોવામાં આવે છે. સહુ કોઈ જાણે છે કે, મોગલ શહેનશાહ ઔરંગઝેબ, મહારાજ શિવાજીને દમન કરવા માટે, દર વર્ષનો ઘણો ભાગ દિલ્હીમા ન રહેતાં, અહમદનગરમાં વીતાડતો હતો. અદ્યાપિ અહમદનગર પાસે એ બાદશાહની સમાધિ દૃષ્ટિગોચર થાય છે. ઉપર જે ઉદ્યાન જણાવ્યુ છે તે, બાદશાહ ઔરંગઝેબની એક બેગમનુ આવાસસ્થાન હતું એ ઉદ્યાનની મધ્યમાં એક ભાંગ્યોતુટ્યો ફુવારો આજ પણ દેખાય છે અને તેની નીચે, સ્થિર દૃષ્ટિથી જોતાં, ફારસી ભાષામા એક છન્દ લખેલો જણાય છે. એ છન્દનો હિન્દી અનુવાદ નિમ્ન લિખિત છે –

દ્વિહાર.

નહી જાન્યૌ હિય બાલિકા, હે ઈતનો રસ મૂલ,
ના તો કર્યોં ન તોરતે, હમ હય સુન્દર ફૂલ.

જે ઉદ્યાન આજ અસ્તવ્યસ્ત સ્થિતિમા છે, એ જ ઉદ્યાન આજથી બસો વર્ષ પહેલાં ઇંદ્રના સુદર અને મનોહર કાનન સમાન હતુ. જે ફુઆરો, આજ પોતાની ભગ્નાવસ્થા હોવાથી વિષાદ પામી' ક્રંદન કરી રહ્યો છે, તે ફુઆરો એક દિન અત્તર, ગુલાબજલ આદિ સુગધિ વેરી, હસી રહ્યો હતો. એ ઉદ્યાનમાં ભાંગીતુટી દિવાલો તથા અહીંતહીં પડેલા પત્થરોનો જે સમૂહ જોવામાં આવે છે, તે અગાઉ એક વિલાસભૂમિ સમાન મહેલ હતો. જ્યાં આજ શિયાળવા રુદન કરી રહ્યાં છે ત્યાં એક દિન રમણીગણના મૃદુલ કંઠના સંગીત અને વાદ્યનો તાલ જામ્યો રહેતો હતો. અહો! સસારની ઉદયાસ્ત ઘટમાળમા આવી પડેલુ આ સ્થાન, માનવીને સંસારલીલાના વૈચિત્ર્યનો ખરેખરો બોધ આપે છે!

બસો વર્ષ પૂર્વે જ્યારે ઔરંગઝેબ અહમદનગરમા વસતો હતો અને આ ઉદ્યાન ફળફુલ અને વૃક્ષઘટાઓથી ભરપૂર અને શોભાયમાન હતુ ત્યારની આ વાર્ત્તા છે.

એક દિન સન્ધ્યાકાલે આ ઉદ્યાનના દક્ષિણ ભાગમાં આવેલા એક મનોહર નિકુંજમાં એક યુવક, વિચારશીલ મુદ્રા ધારણ કરી બેઠો હતો યુવકનું વય આશરે અઢારેક વર્ષથી ઉપરનુ હતુ તેનુ શરીર બલિષ્ઠ હતુ;

અને વેષ મહારાષ્ટ્રીય હિંદુનો હતો. આ હિંદુવીરે ઔરંગઝેબની બેગમના એકાન્ત ઉદ્યાનમા શા માટે પ્રવેશ કર્યો હશે? થોડીવારમાં નૂપુરનો ધ્વનિ સંભળાયો અને ચારે દિશાઓ પ્રકાશમાન કરતી એક લાવણ્યવતી સુન્દરી ત્યાં–તેજ કુંજમા આવી ઉભી રહી! યુવક, એકદમ પોતાના વિચારસ્વપ્નમાંથી જાગ્રત થયો અને તે યુવતીની પાસે જઈ, તેના નાજુક હાથ પકડવા ગયો. યુવતી, ચપળતાથી જરા દૂર ખસી અને બોલી "મગેશ રાવ! હુ અસ્પૃશ્ય છુ. મને મા અડકશો." પણ મગેશે એ તરફ લક્ષ ન આપતા તે નવોઢાના કોમળ કરકમળ પોતાના હસ્તમાં લઈ તેને બે ચારવાર પ્રેમભર્યા ચુમ્બન કર્યાં. સુન્દરીની આંખમા એ વખત અશ્રુ ભરાઈ આવ્યા. મંગેશે કહ્યુ. "વ્હાલી રાધે! તારુ શરીર અપવિત્ર થયુ છે એ હું ક્યાં નથી જાણુતો? પરતુ તારું હૃદય અપવિત્ર નથી બન્યુ, એ હુ ખરી ખાત્રીથી કહુ છુ. તારું એ પ્રેમાળ અને પુનિત હૃદય મારુજ છે. આજ એ હૃદયની વિશુદ્ધતાને માટેજ મારું હૃદય વિચ્છિન્ન કરવા હુ અત્ર આવ્યો છુ." મગેશના ખભા ઉપર પોતાનુ મસ્તક ટેકવી, રાધા રોવા લાગી મગેશના નયન પણ અશ્રુપૂર્ણ બન્યા એ નિરવ પ્રકારની સ્થિતિમા આ ઉભય પ્રેમીઓ કેટલોક વખત સુધી રહ્યા. રમણીહૃદયને લોકો કોમલ કહે છે પરતુ તેના સમાન કષ્ટસહિષ્ણુ હૃદય, જગતમા કોઇનુ હોતુ નથી. રાધાએ પોતાના નેત્રનુ જલ લ્હોઈ નાખી કહ્યુ "વ્હાલા, મે નિશ્ચય કર્યો છે કે આ અપવિત્ર દેહ, હુ હવે રાખી શકીશ નહી. જો તેમાનુ હૃદય મારી માલકીનુ હોત તો આજ લગી હુ તેને આ દેહમા રાખત જ નહી. પરતુ મંગેશરાવ, જ્યારથી તમે બાલક હતા ત્યારથી જ એ હૃદય તમે લઈ લીધેલુ છે. આ શરીર પણ તમારુ જ હતુ પણ તેને એક મહાપાતકીએ, બલપૂર્વક કલકિત કર્યું છે. તો હવે હું એ શરીર રાખીશ નહી તમને બોલાવીને મેં વિપત્તિને આહ્વાન કર્યું છે, પરતુ એથી જે સુખ અને આનદ મળશે, તે જોતા હુ લેશપણ ગભરાતી નથી. હવે વિલમ્બ કેવો? ચાલો, હુ મારો પ્રાણ પાડવા તૈયાર છુ."

મગેશે ધીરે ધીરે કટિબન્ધમાંથી બે છુરીઓ બહાર કાઢી અને એક રાધાને આપી કહ્યુ "દયા, માયા, સર્વ હુ વિસર્જન કરીને જ અહી આવ્યો છુ. આજ આપણે અહી સુખથી મરીશુ અને ખચ્ચીત સ્વર્ગમાં મળીશુ" રાધાએ વિશાદપૂર્ણ હૃદયવિદારક હાસ્ય કરી કહ્યુ "તમારી ભૂલ છે. મારે માટે નર્કસ્થાન નિર્ણીત થઈ ચૂકયુ છે. મને સ્વર્ગ શા રીતે મળી શકે?" મંગેશે મંદ પણ ગભીર સ્મિતથી રાધાને પોતાની છાતી સાથે ચાંપી કહ્યુ: "નહીં, નહી' જેનુ હૃદય પરમ પુનિત છે, તેને સદા–સર્વદા સ્વર્ગ જ મળે છે."

એ પછી બન્ને જણા ઘુટણભંડીએ બેઠાં અને ઈશ્વરારાધન કરવા લાગ્યાં. બે ચાર ક્ષણ વીતતા મગેશે "શ્રીહરિ" એ શબ્દનો ઉચ્ચાર કરતા, રાધાએ પોતાની ગર્દન ઝુકાવી અને પ્રેમીને હાથે મરવાનુ પસદ કર્યું. મંગેશે પોતાનો છૂરીવાળો હાથ જેવો ઉચો કર્યો કે પાછળથી કોઇએ તે પકડી લીધો! બન્ને જણાં સફાળા ઉઠચા અને જોયુ તો એક કૃષ્ણકાય ખોજો નજરે પડ્યો.

રાધાએ એકદમ ભાવ બદલીને આ ખોજાને કહ્યુ "મશરૂર! જાણે છે? હુ કોણ છુ?" ખોજાએ ગભીર સ્વરે કહ્યુ! "ફૂલજાની બેગમ" ફૂલ. "તો હુ આજ્ઞા કરુ છુ કે આ યુવકનો હાથ એકદમ છોડી દે. એ મારો એક સગો છે."

ખોજો. બેગમ સાહેબની આજ્ઞા મંજુર છે; પરંતુ જીનાબ બાદશાહની આજ્ઞા વિના એને કેમ છોડાય? એ આપની તથા પોતાની ઝિંદગી ખતમ કરવા માગતો હતો

બેગમ બહુ સારુ, જો તારાથી તેને બન્દીવાન કરાય તો કરી લે. એટલુ કહી બેગમે પોતાનો એક પગ પૃથ્વી ઉપર પછાડ્યો એકદમ મગેશ, જમીનમા અતર્ધાન થઈ ગયો. થોડીવારમા પાછી એ જમીન જેવી હતી તેવી થઈ રહી.

મદમસ્ત હસ્તીની સમાન મદ ગતિથી ચાલતા, ફૂલજાની બેગમે મશરૂરને કહ્યુ "જા, તારી મરજી હોય તો આ વાત તારા બાદશાહને કહેજે" તિરસ્કારયુક્ત હાસ્ય કરતી બેગમ જતી રહી.

ખોજો આ ઘટના જોઈ ચકિત બની ગયો. તે બોલ્યો "મારે કાંઈ આ બાબત 'રજની ગજ' કરવી નહોતી, પરતુ હુ એક બાળિકાથી ઠગાયો? ખુદ પયગમ્બર સાહેબ પણ એકવાર સ્ત્રીઓથી ઠગાયા હતા! પણ જો એ બેગમ એકલી હોત અને મને બનાવત તો વાંધો ન હતો પણ આ તો એક માણસ પણ ત્યા હતો અને તે પણ વળી એક કાફિર! માટે એને તો પકડવો જ જોઇએ" એ પછી મશરૂરે એક સિસોટી વગાડતા ત્યા બે ખોજાઓ આવ્યા, અને સલામ કરીને ઉભા રહ્યા. મશરૂરે કહ્યુ; "તમે લોકો, અહી કોઈ સુરગ હોવા વિષે જાણો છો કે?" એક ખોજો. "હા હઝુર, નામદાર બાદશાહના શયનગૃહથી શહેરના દરવાજા સુધીની એક સુરગ અહીજ છે." મશરૂરઃ "સારુ, હાલ તુર્ત જાઓ." એ લોકોના ગયા પછી મશરૂર વિચારમા ને વિચારમા નિકુજમાથી બહાર ગયો.

---

* એ નામ ઓરગઝેબ તરફથી પાડવામા આવ્યુ હતુ.

અત્રે ફૂલ અને મંગેશ સબંધી કાંઇક પરિચય દેવો જરૂરનો છે. અહમદનગરથી પાંચ કોશ દૂર દેવીગાવ નામક એક નાનું ગામડું હતુ. હાલ એ શહેરનું કાંઈ નામ નિશાન પણ નથી. એ ગામમાં નારાયણ નામક એક સામાન્ય સ્થિતિનો ગૃહસ્થ વસતો હતો. મંગેશરાવ તેનુ એકનુ એક સંતાન હતુ. એ ગામમાં રમણી નામની એક દુખિની વિધવા પણ રહેતી હતી; અને તેની કન્યાનું નામ રાધાબાઈ—તે આ ટુકી વાર્તાની નાયિકા ફૂલજાની બેગમ હતી. લોકો કહેતા કે, આ વિધવા રમણી, કોઈ રજપૂત રાજાની રાણી હતી; પરતુ ખરું શુ હતુ, તે બહાર આવ્યુ નહતુ. બાલ્યકાળથી રાધા અને મંગેશ સાથે રમતાં. વારંવાર રમણી અને મંગેશની માતા એક બીજાને ત્યા છૂટથી આવજા કરતા અને તેઓ વચ્ચે બહેનો જેવો સબધ બધાઈ ગયો હતો. ધીરે ધીરે મગેશનો વિવાહ રાધા સાથે કરવામાં આવ્યો. એ પછી આ બે યુવાન્ હૃદયોનો પ્રેમ અધિકતર વિકાસને પામતો ગયો પરતુ એ વિકાસનું થોડા જ વખતમા છેદન કરવામાં આવ્યુ. વિવાહ થયા પછી, એકાદ માસ વ્યતીત થયો હશે, તેવામા એક દિન મોગલ બાદશાહ ઔરંગઝેબ શિકાર કરવા માટે એ તરફ આવ્યો. દેવીગાવમા તેણે આ ખીલતી રૂપવતી નવોઢા દીઠી અને તેના અપાર લાવણ્યથી મોહાંધ બની, તેને એકદમ અહમદનગરમાં પોતાના મહેલમાં લઈ જવાનો હુકમ કર્યો. તુર્તજ આજ્ઞાનુ પાલન થયુ. આ બાળા, એ વખત પોતાની સ્થિતિ તુર્તજ સમજી ગઈ હતી. તેણે ઘણુ કલ્પાંત કરવા માંડ્યું, પણ બાદશાહે સાંભળ્યુ જ નહી. રાધાના માતાપિતાને ખબર થતા તેઓ પણ બાદશાહ પાસે આવી રડવા કકળવા લાગ્યા, જેઓને બાદશાહે ગુસ્સે થઈ ફરમાવ્યુ કે—"વધુ ગરબડ કરશો તો તમને કેદ કરીશ—રીબાવીશ તથા દુખ દઇશ" બિચારાં લાચાર બન્યા! જેની પાસેથી દાદ મળવાની તે જ અન્યાય કરે ત્યારે દાદ ક્યાથી મળી શકે? રાધાને બેગમોના વિલાસભુવનમા મોકલવામા આવી તેને મુસલમાની પોષાક પહેરાવવામા આવ્યો અને ટુકમા તેને જબરજસ્તીથી મુસલમીન પથની બનાવવામા આવી. મગેશ—અસહાય મગેશના દુખનુ વર્ણન ન કરી શકાય એવુ હતુ. દેવીગાવના લોકો પણ આ બનાવથી હેબક ખાઈ ગયા.

એક મહિના પછી રાધા, જેનુ નામ ઔરંગજેબે ફુલજાની બેગમ પાડ્યું હતુ તેને, મોતીબાગ નામના ઉદ્યાનની માલિક બનાવવામા આવી. તેને દરેક પ્રકારની સાહેબી હતી પણ તેનુ હૃદય, મંગેશવિના બેબાકળુ જ બનેલુ રહેતું. તેની દાસીઓમા એક આબિદા નામની દાસી હતી તે તેનો રુઆબ, તેનું પ્રચંડ શરીર અને તેની હિમ્મતને લીધે જનાનખાનામાં અને બાદશાહી કુટુબમાં એટલી બધી જાણીતી હતી કે, તેને "જમાલ"

એવું પુરુષવાચક નામ આપવામાં આવ્યું હતું. સર્વ કોઇ તેને "જમાલ" કહેતાં અને તે જાણે એવા નામથી પ્રસન્ન થતી હોય એમ જણાતું. ફુલજાની બેગમે આ દાસીને પોતાના ખાસ વિશ્વાસમાં લીધી; અને તેની સહાયથી પોતાના અગાઉના વહાલા સ્વામીને એક પત્ર મોકલ્યો, જેમાં પોતાની વિહ્વલ દુર્ભાગી સ્થિતિનું હૃદયભેદક વર્ણન લખી, તેને જણાવ્યું કે, ગમે તેમ કરીને અહીં આવો અને આ કંગાળ દેહનો તમારે જ હાથે નાશ કરો. તેણે લખ્યું હતું કે –"જો મારા પ્રતિ તમને લેશમાત્ર પણ પ્રેમ હોય તો આવો આપણે બન્ને જણાં એકસાથે મરીએ! મરવાથી આ પાપમય પૃથ્વીમાં આપણે રહીશું નહી, અને અહી જે પ્રકારે રીબાવુ પડે છે તેમાંથી મુક્ત થઇશું. સ્વર્ગમાં જઈ સુખી થઇશુ. આ નર્કમાંથી ઉદ્ધાર થવાનો જ્યારે કોઇપણ માર્ગ હવે આપણે હાથ રહ્યો નથી તો આવો, તમારી સજેલી છૂરી મારા હૃદયમાં ભોકી, મારુ તારણ કરો" મગેશ એક તીવ્ર સ્વભાવનો મરાઠો હતો. તેની રાધાને તેની પાસેથી જે વખતે ખ્ચવી લેવામા આવી તે વખત જો, શિવાજીની તેને ઓથ હોત તો તે ઔરંગઝેબના પ્રાણ તેને તે વખતે લેત. પણ તેના દુર્ભાગ્યે અને કસજોગે, તેવી કાંઈ સહાય તેને મળી શકી નહતી એટલે લાચાર બન્યો હતો. પરતુ જ્યારે ફૂલે આવું લખ્યું ત્યારે તે વાચીને તેની આંખો ચમકી ઉઠી હૃદય પ્રફુલ્લિત બન્યુ અને પોતાની પરમપ્રિય પ્રિયાએ ઉત્તમ માર્ગ દર્શાવ્યો એમ તેને લાગ્યુ. પોતાની સ્ત્રીને પાપ–પંકમાંથી જાણે પોતે ઉદ્ધારવા જતો ન હોય, તેમ તે તેની તરફ ચાલી નીકળ્યો. "જમાલ"ના બુદ્ધિ–કૌશલથી, મગેશ મોતીબાગમા આવી શકયો કે, જ્યાં કોઇપણ પુરુષ કદાપિ આવી શકતો નહી. એ પછી તે પોતાના પ્રેમી હૃદયને મળ્યો અને અન્ય સૃષ્ટિમાં યાત્રા કરવાની તૈયારીમાં હતો ત્યાં મશરૂરે તેને અટકાવ્યો, એ વાચકવૃંદે ઉપર જોયું છે.

ફુલજાની બેગમે પગ પછાડ્યાથી જે ભોંયરામાં મગેશરાવ ઉતરી પડ્યો, તેમાં ઘણો જ અન્ધકાર હતો. પ્રથમ તો તે એવો વિમૂઢ થઈ ગયો કે શુ કરવુ, તેની તેને બિલ્કુલ સમજ પડી નહી, પણ તેને એ સ્થિતિમા વધુવાર રહેવું પડ્યુ નહી. સહસા, ગાઢ અન્ધકારમાં દીપપ્રકાશ પડ્યો અને "જમાલે" આવીને કહ્યુ "યુવક, અહીથી તમે તુર્ત જ નાસો. મશરૂરે ગરબડ મચાવી મૂકી છે. પરંતુ ફુલજાની બેગમે તમારા રક્ષણ માટે સાવચેતી રાખી છે. અત્યારે બીજું કાંઈ પૂછવાનો કે કહેવાનો વખત નથી. બેગમે ફક્ત એટલું જ કહેવરાવ્યુ છે કે, હાલ તુર્ત તમે અહીથી નાસી જાવ. ખુદાની મહેર હશે તો ફરીથી મિલાપ થશે. આ સુરંગના બારણા આગળ તમે પહોંચશો, એટલે તમારે માટે એક ઘોડો તૈયાર હશે. તે પર બેસી પલાયન કરી જજો." એટલું કહી, "જમાલ" ચાલી

ગઈ. મંગેશ ધીરે ધીરે તમસમાં આગળ વધ્યો. તેને સુરંગદ્વાર પાસે પહોંચતાં વાર લાગી નહી. બહાર પહોંચતાં ખરે, એક અરબ્બી ઘોડો લઇને એક ગુલામ ઉભેલો હતો. તેણે ઇશારત કરતાં મંગેશ તેની ઉપર ચઢી બેઠો, અને ઘોડાને તેણે મારી મૂકયો.

જરા દૂર જઈ પાછું જોતાં તેને માલૂમ પડ્યુ કે, બે ઘોડેસ્વારો તેની પાછળ દોડ્યા આવે છે. તેણે ઘોડાનો વેગ વધાર્યો, ઘોડો અલમસ્ત હતો, એટલે તે સપાટાભેર જવા લાગ્યો. પરન્તુ એક ઠેકાણે વાક આવતો હતો તે વળવા જતાં, પાછળથી સનનન કરતાં બે બાણ આવ્યાં અને તેના ડાબા હાથમાં વાગ્યાં. એમ છતાંપણ સહિષ્ણુતાથી તે આગળ વધ્યો. પરંતુ તેણે જોયું કે, તેની પાછળના સ્વારો ક્રમશ વધુ પાસે આવતા જાય છે. અન્ધારું વધવા માંડ્યું હતુ, એટલે એણે એક યુક્તિ કરી. તે ચાલતે ઘોડે ઉતરી પડ્યો અને તે પછી ઘોડાની પીઠપર જોસભેર એક ચાબૂક લગાવી, જેથી તે પ્રાણી એમને એમ આગળ દોડ્યુ. ચપળતાથી આ યુવક પાસેની એક ઝાડીમાં છૂપાઈ ગયો પાછળના ઘોડેસ્વારો આ યુક્તિ સમજી ગયલા જણાયા નહી, કેમકે તેઓના ઘોડાઓ પણ ત્યાંથી પસાર થઈ ગયા.

જ્યારે સર્વત્ર પાછી શાંતિ છવાઈ ગઈ ત્યારે યુવક બહાર આવ્યો. પોતે કયાં છે, કેટલી રાત્રિ વ્યતીત થઈ છે વગેરે પ્રશ્નોનો વિચાર કરવાનો અત્યાર સૂધી તેને વખત મળ્યો નહતો. હવે તેણે જોયુ કે, અહમદનગર પાસેના એક જનશૂન્ય વેરાનમા પોતે ઉભો હતો. રાત્રિના લગભગ બે પ્રહર વીતી ગયા હોય એમ તેને લાગ્યુ. થોડીવારમાં તેના હાથમા સણકો ઉઠવાથી તેને યાદ આવ્યુ કે, બે તીર તેને વાગેલાં છે. ધીરેથી તેણે એ તીર બહાર કાઢી લીધાં. પરંતુ એના પડેલા ઘામાથી પુષ્કળ રક્ત નીકળવા લાગ્યુ. તેણે પોતાના ઘર તરફ જવાનો નિશ્ચય કર્યો, પણ રક્તધારાના વહનથી તે ક્રમશઃ દુર્બળ બનવા લાગ્યો અને આખરે નિઃચેષ્ટ થઈ પૃથ્વીપર પડી ગયો.

જ્યારે તેને ભાન આવ્યુ ત્યારે તેણે જોયું કે, પોતે એક મોટા મકાનમાં હતો અને પોતાને દોરડાંના સખ્ત બધથી બાંધી લેવામાં આવ્યો હતો. મજકુર મકાન કાંઈ સામાન્ય મકાન ન હોતું. ત્યાં સેંકડો દીવાઓ પ્રકાશ પાડી રહ્યા હતા, અને તેમાં બળતું તેલ કાંઇક ઔર સુગંધિ બહકાવતુ હતું. ત્યાંના પ્રત્યેક સ્થંભમાં પુષ્પહાર ટીંગાડેલા હતા; વળી ઉપરથી એક મોટો પંખો ઝુલતો હતો અને તેનો વાયુ શીતલતા આપતો હતો. આંખો ચોળી તેણે વધુ નજર ફેરવી તો તે ચોંકયો! સામેના સિહાસન ઉપર તેનો બલિષ્ઠ પ્રતિસ્પર્ધી, દિલ્લીશ્વર ઔરંગઝેબ વિરાજેલો

હતો અને હા ! તેની ગોદમાં, મંગેશની પોતાની જ પ્રાણપ્રિયા રાધા હતી ! સેંકડો વીછીઓએ તેને ડંખ માર્યા હોય તેમ, તે મૂર્ચ્છિત થઈ ગયો.

શાહીહકીમે તેને કોઇક ઔષધ સુંઘાડી ચેતન આપ્યું, અને તેને બાદશાહના સિંહાસનની ઘણો જ પાસે આણવામાં આવ્યો. તેની આસપાસ ચાર ખોજાઓ નગ્ન અસિઓ સાથે ઉભા રહ્યા. યુવકની સરલ મૂર્તિ જોઈ, પ્રથમ તો કઠોરહૃદયી ઔરંગઝેબ પણ કોમલ બન્યો હોય એમ જણાયું. કેમકે તે થોડીવાર વિચારમાં નિમગ્ન થઈ ગયો વળી તે પછી તે શરુઆતમાં મંદસ્વરે બોલ્યો યુવક, તારું સાહસ અદ્ભુત છે જે બેગમોના મહેલમાં એક પક્ષી પણ પ્રવેશ કરી ન શકે, તે મહેલમા તું કેવી રીતે આવ્યો ? વળી તુ મને એમ બતાવે કે તુ કોની પાસે આવ્યો હતો તો જા, હું તને માફી આપીશ." યુવક સમજ્યો કે, ખોજા મશરૂરે તેની ઉપર ફકત મહેલમા પ્રવેશવાનો જ આરોપ મૂકેલો છે અને બીજી કાંઈ ઘટના કહેલી નથી. પોતે એ દિવસે ઘેરથી, પોતાની રાધા પાસે આવ્યો ત્યારે મરવાનો જ નિશ્ચય કરીને આવ્યો હતો. આ વખતે તેણે વિચાર્યું કે, ભલે આજ મૃત્યુ થાય પણ પોતે કોને માટે તથા શા કારણે આવ્યો હતો, એ તો કહેવું જ નહી તેણે પણ મંદ પરતુ દૃઢ સ્વરે ઉત્તર આપ્યો "બાદશાહ સલામત ! મેં અપરાધ કર્યો છે એ હુ કબૂલ કરું છુ. દેહાન્તદંડની શિક્ષા કરવી હોય તો બેલાશક કરો, પરતુ હુ કોને માટે તમારા મહેલમાં આવ્યો હતો, એ આ જન્મમાં તો બતાવનાર નથી જ" ઔરંગઝેબ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો અને પોતાના કર્કશ સ્વરે બોલ્યો "ઉદ્ધત જવાન, બાદશાહના સમક્ષ આવુ કહેનાર કોઈ નીકળ્યો નહતો. તારી પર હુ લેશમાત્ર દયા નહી બતાવુ ચલાવો, અય્ ગુલામો ! આ બહુબોલા કાફિરને ઠાર કરો "

જે સર્વ દાસદાસીઓ મંગેશ અને ફૂલજાની બેગમની ઘટનાથી કાંઈક જાણીતાં થઈ ગયાં હતા, તે સર્વ તાજૂબ થઈ ગયાં. તેઓ પોતાની આંખે આ પ્રેમીનો અંત જોશે—એ વિચારે તેઓ ગભરાઈ ગયા. કોઈ કાંઈ બોલી શકયુ નહી. ઔરંગઝેબે ફરીથી કહ્યુ: "અત્યારે ને અત્યારે આ માણસને મારી નાખો." બીજીવારની આજ્ઞાથી ચારે ગુલામો તૈયાર થઈ ગયા. તેઓએ પોતાની તરવારો હવામા ઉચી કરી. યુવક આ વખત ઘણો જ શાન્ત હતો. તેની દૃષ્ટિ ફકત પોતાની મનોરમા ઉપર હતી અને મરતા મરતાં પણ તેની પ્યારી છવિ પોતાની સન્મુખ હોવા માટે તે પોતાને ભાગ્યશાળી સમજતો હતો. તેની શાંત પ્રકૃતિએ બાદશાહનો જુસ્સો ઔર વધાર્યો. બાદશાહ પોતે સિંહાસન ઉપરથી, પોતાની તરવાર સાથે નીચે ઉતર્યો, પરન્તુ એ પછી તેણે શુ જોયુ ? એકદમ આંખા

દરબારમાં ભયંકર ચોત્કાર વ્યાપી રહ્યો. બાદશાહે જે વખતે યુવકને મારવા માટે પોતાની અસિ હવામાં ઉછાળી, ઝટકો માર્યો, તે વખતે એક કોમલ ચીસ સંભળાઈ એ ચીસ કોઇની જ ન હતી પણ ફૂલજાની બેગમની હતી. બાદશાહે આશ્ચર્યચકિત આંખોએ જોયુ કે, સિંહાસન ઉપરથી ફૂલજાની બેગમ ત્વરાથી આવીને, વચ્ચે પડી હતી અને જે ઝટકો તેણે મગેશ ઉપર મારવા ઉગામ્યો હતો, એ જ ઝટકાથી ફૂલજાની બેગમ કપાઈ ગઈ હતી! જે હૃદયવિદારક ચીસ પડી હતી, તે આ કોમલ બાલાથી ન સહન થઈ શકેલી વેદનાને લીધે જ પડી હતી. બીજી બાજુ ગુલામોની તરવારથી મગેશ પણ કપાઈ મૂઓ હતો. બાદશાહની તરવાર એકદમ નીચે પડી ગઈ તેણે ફૂલજાનીનું કોમલ અને નિર્દોષ વદન પોતાના ખોળામા લઈ કહ્યુઃ "ફૂલ, ફૂલ! તૂંને યહ ક્યા કિયા?" પરતુ એનો ઉત્તર આપવાને ફૂલનો આત્મા ફૂલના દેહમાં નહોતો! કઠોર દિલના ઔરગઝેબની આખમાથી અશ્રુબિન્દુ ટપકયાં. તેણે દાસીઓના સમૂહ તરફ નજર કરી તો દરેક દરેક દાસી શોકથી નીચુ માથું નમાવી ઉભી રહી હતી. તેણે કંપિત સ્વરે કહ્યુઃ "કોઈ દાસી, મારા સુન્દર ફૂલની કહાણી જાણે છે? એને આમ શા માટે કરવુ પડ્યુ?" એ પ્રશ્નના ઉત્તરમા "જમાલ" કાંઈક ગુસ્સાથી બહાર આવી અને જાણે ટાણો મારતી હોય એવા અવાજમા બોલી "ગરીબ પરવર, આ બાદીનો અપરાધ માફ કરશો. પણ જીનાબ, પોતાનો પ્યારો સ્વામી પોતાની આખો આગળ માર્યો જાય, એ શુદ્ધ પ્રેમી સ્રીથી જોયુ જાય ખરુ કે?" એ પછી તેણે ટુકમા પણ માર્મિક રીતે આ કમનસીબ પ્રેમીઓની બિના, બાદશાહને કહી સંભળાવી, અને એ ટુક કથાએ બાદશાહના પાષાણહૃદયને પણ દ્રવીભૂત કર્યુ! તેણે ફૂલનું મસ્તક પોતાના મોં પાસે લાવી કઈવાર સુધી તેને ચુમ્બ્યુ. પણ હા! બાદશાહની એ કોમલતા ઘણી મોડી હતી. બાદશાહે પાડેલાં આસુ ઘણાં જ કવખતનાં હતા. બેગમ તો તેને કઠોર, પાપી, વ્યભિચારી, પ્રજાના સુખદુ ખની દરકાર વિનાનો અને નર્કાધિકારી બાદશાહ જ સમજીને મરણ પામી હતી. આથી તે વખતની બાદશાહની ખિન્નતા તે કદી જાણવા પામી નહી!

ઔરગઝેબની આજ્ઞાથી અહમદનગરમાં સાતદિન સુધી શોક પાળવામા આવ્યો. મોતીબાગમાં ફૂલજાની બેગમ તથા મગેશ જ્યાં મળ્યાં હતા, તે નિકુંજવાળા સ્થાનમા, આ બન્નેને એક કબ્રમાં દાટવામાં આવ્યાં; અને તેની ઉપર એક ફુવારો ચણાવવામાં આવ્યો. બાદશાહે એ વખતે આ સ્વર્ગીય પ્રણયીઓની યાદગિરીમા એક સ્મરણ કરવા યોગ્ય કવિતા રચવાનો અને ફૂઆરામાં તેની તખ્તી જડવાનો હુકમ આપ્યો.

દિલ્લીશ્વરની આજ્ઞાનુસાર ફુઆરો વગેરે, તખ્તી તૈયાર થઈ ગયું. બીજે દિન સાંજને વખત ફૂલ અને મંગેશરાવની સમાધિ ઉપરના ફુવારામાંથી ગુલાબ જલ વહી રહ્યું. બાદશાહ જાતે એ જોવા આવ્યો અને ગુલાબના વૃક્ષની એક ડાળી તેણે જાતે એ ફુઆરા ઉપર રોપી. તે પછી બેગમની દોઢ હઝાર પરિચારિકાઓએ પણ અકેકો પુષ્પહાર બેગમની સમાધિ ઉપર ચઢાવ્યો. બાદ બાદશાહે સ્મરણલેખ જોવા માગ્યો અને કવિતા કોણે રચી છે એ જાણવા માગ્યુ. પરિચારિકામંડળમાંથી પ્રચંડકાય "જમાલ" ધીમી ગતિથી અને શોકપૂર્ણ વદન સહિત બહાર આવી. તેણે ધીમેથી કહ્યુઃ જહાંપનહાં! સાંભળો! એમાં આપની જ સ્થિતિ વર્ણવી છે -

નહિ જાન્યૌ હિય બાલિકા, હૈ ઇતનો રસમૂલ,
ના તો કબૌ ન તોરતે, યહ હમ સુન્દર ફૂલ.

ગુજરાતી ભાવાર્થ.—

ના જાણ્યુ કે બાલિકા, હશે એવી રસમૂલ,
ના તોડત કદિ પણ અમે, હા! એ સુન્દર ફૂલ

સિરોઇનો પરાક્રમી રાજા માનસિંહ.

(લેખક ઠક્કુર નારાયણ વિસનજી)

એક સમયે સિરોઇમાં માનસિહ નામનો રાજા રાજ્ય કરતો હતો. પિતાના પરલોકવાસ પછી સ્વતંત્ર રાજસત્તાનો તે અધિકારી થયો. એ વેળાએ તેનું વય વીસ વર્ષનું હતુ અને એ અવિવાહિત હતો. એક દિવસ તે મૃગયા કરીને પોતાના થોડાક સૈનિકો સહિત અરણ્યમાંથી પાછો નગરભણી આવતો હતો, એવામાં નગરની સીમામા એક અતુલ રૂપવતી ભિક્ષુકા બાળા તેના જોવામા આવી. રાજાએ તેના લાવણ્યમાં લીન થઇને પૂછ્યુ કે -"અરે તુ કોણ છે?"

"હુ એક ભીખારણ છું, મહારાજ!" તે બાળાએ કહ્યુ.

"ભીખ માગીને પેટ ભરવાનુ કારણ?" રાજાએ પુન પૂછ્યું.

"હું જો કે એક ગરાસીયાની છોકરી છુ, પણ મારાં માતા પિતા મરી ગયેલા હોવાથી અને મને પાળનાર બીજું કોઈ ન હોવાથી આમ ભીખ માગીને મારું ગુજરાન ચલાવુ છુ." તે ષોડપવર્ષીયા ભિક્ષુકા બોલી.

"તારાં લગ્ન થયાં છે કે?" રાજાએ સવાલ કર્યો.

"મારું વેવિશાળ કરવામાં આવ્યુ હતું, પણ જ્યારે હું આવી દુર્દશામા આવી પડી, ત્યારે મારા તે થનારા પતિએ મારી સાથે લગ્ન કર-

વાની સાફ ના પાડી અને બીજા કોઈએ પણ મારો હાથ ન ઝાલ્યો; એટલા માટે જ મારે આ ભિક્ષાવૃત્તિનો સ્વીકાર કરવો પડ્યો." તે બાળાએ ખુલાસો કર્યો.

"જે થાય છે તે સારાને માટે જ. બાળા, તારા ભાગ્યમાં રાજમંદિરનો નિવાસ લખાયલો છે. જો તારી ઇચ્છા હોય, તો તને મારી રાણી બનાવવાને હું તૈયાર છું. ચાલ અત્યારે જ મારી સાથે." રાજાએ કહ્યું.

તે ભિક્ષુકા વધારે આનાકાની ન કરતાં રાજાની સાથે સિરોહીમાં આવી અને થોડા વખતમાં પરણીને સિરોહીના રાણીપદને પ્રાપ્ત થઈ. સિરોહીના લોકો તેને ભાગ્યવતીના નામથી ઓળખવા લાગ્યા. ખરી રીતે એ રાણી કોઈ ગરાસીયાની પુત્રી નહિ, પણ નીચ કુળના કુટુંબની કન્યા હતી.

રાજા એ રાણીના રૂપ અને હાવભાવમા એવો તો લુબ્ધ થયો કે, પોતાના દેહભાનને પણ ભૂલી ગયો સિરોહીના રાજપૂતોમાં કસણો લેવાનો રિવાજ હદથી બહારનો છે, એટલે રાજાને પણ કસબાની ટેવ હોય, એ સ્વાભાવિક જ હતુ. એ રાણીના આવ્યા પછી રાજાને એવી સખ્ત ટેવ પડી ગઈ હતી કે, જો સવારમા રાણી ભાગ્યવતી પોતાના હાથે કસુંબો પીવડાવે, તો જ તે ઊગી નીકળે, ને નહિ તો અમલ આવે જ નહિ.

અસ્તુ, એક સમયે દિલ્હીનો બાદશાહ પોતાના માંડલિકો પાસેથી ખડણી ઉઘરાવવા નીકળ્યો હતો અને તેણે સિરોહીના પાદરમાં પોતાનો પડાવ નાખ્યો હતો. બાદશાહની છાવણીમા પ્રભાતના સમયે સિતાર, સારંગી અને મૃદગ વાદન સહિત ગણિકાઓ નૃત્ય અને ગાન કરવા લાગી. એ વેળાએ રાણી ભાગ્યવતી પોતાના રાજમહાલયની અગાસીમાં બેઠી હતી, તે એ નૃત્ય, ગાયન તથા વાદ્યવાદનથી અતિશય પ્રસન્ન થઇને મનમા તેની પ્રશંસા કરવા લાગી. એટલામાં રાજા માનસિહ પલંગપરથી ઊઠીને બારી આગળ જ્યાં ગાદી તકિયો રાખવામાં આવ્યાં હતાં ત્યાં આવી તકિયાને અઢેલી ગાદીપર બેઠો અને તે જ્યારે દાતણ પાણી કરી રહ્યો, એટલે રાણીએ તેના માટે કસુંબો તૈયાર કર્યો. કસુંબાને પોતાની હથેલીમાં લઇને તે કહેવા લાગી કે,—"પ્રાણનાથ, કસુંબો તૈયાર છે." રાજાએ એક હથેલી ભરીને કસૂંબો પીધો, એટલામાં રાણીને બાદશાહની છાવણીમાંના નૃત્ય ગાયન આદિનું સ્મરણ થઈ આવ્યુ અને તેથી તે બોલી કે;—"મહારાજ, આપણા નગરને પાદર બાદશાહનો પડાવ છે અને ત્યાં નાચ ગાયનની સારી જમાવટ થાય છે."

રાજાએ રીસમાં જ કહ્યું કે;–"પ્રભાતના સમયમાં તરકડાઓનું નામ ન સંભાર. ભગવાનનું નામ સ્મરણ કર, કે જેથી તારું કલ્યાણ થાય!"

"પણ એવાં ગાયન સાંભળવાથી આનદ તો થાય છે હું કે!" રાણીએ પુન. તેની પ્રશંસા કરી.

"એ વાતને વિસારી દે" રાજાએ ટકામાંજ અપ્રસન્નતા દર્શાવી.

"પણ હું એ જાણુવા માગું છુ કે, આપણા દરબારમાં એવા નાચ-રંગના જલ્સા કેમ નથી થતા વારુ?" રાણીએ રાજાના વચનની જરા પણ દરકાર ન રાખતાં પોતાનો લવારો આગળ ચલાવ્યો.

રાજાએ અનેકવાર વારવા છતાં જ્યારે નાદાન રાણીએ પોતાની બોબડી બધ ન જ કરી, એટલે તે રાજાનુ રાજપૂત લોહી ઊકળી આવ્યુ અને તેથી રીસે ભરાઇને તે કહેવા લાગ્યો કે,–"આટઆટલીવાર વારવા છતાં પણ તરકડાના નામનો જપ કરતી જાય છે મારા મહેલ ન ગમતાં હોય, તો જા તે તરકડાના જનાનખાનામાં અને નાચ મુજરા સાંભળ્યા કર!" એમ કહેતાંની સાથે જ રાણીને તેણે એક મજબૂત તમાચો પણ લગાવી દીધો, કે જેના યોગે રાણીનો ગાલ લાલચોળ થઈ ગયો.

રાણી વધારે કાંઈ પણ ન બોલતાં તરત ત્યાંથી મોઢુ બગાડીને નીચે ઊતરી ગઈ અને પોતાના ખાનગી ઓરડામા આવી અનેક પ્રકારના વિચારોમાં નિમગ્ન થઈ ગઈ. કેટલીકવાર પછી એક પ્રકારના નિશ્ચયપર આવીને બહારથી વિશેષ રોષ ન દર્શાવતાં નિત્ય પ્રમાણે ભોજન પણ કરી લીધુ. ભોળા રાજાને તો એ વાતનુ સ્મરણ માત્ર પણ નહોતું.

લગભગ એક પ્રહર જેટલો રાત્રિનો સમય વીતી ગયો, તે વેળાએ રાજાને નિદ્રાવશ થયેલો જોઇને રાણીએ સોળ શણગાર સજ્યા અને ત્યાર પછી પોતાની એક દાસીને બોલાવીને કહ્યુ કે,–"દાસી, તું પણ સારાં વસ્ત્રો પહેરી લે, કારણ કે, આપણે એક અગત્યના કામ માટે જરા બહાર જવાનુ છે."

દાસી વિચારમાં પડીને કહેવા લાગી કે,–"મહારાણી, બહાર વેલ, મ્યાનો કે બીજા કોઈ વાહનની તૈયારી તો દેખાતી નથી, એટલે આપની આ આજ્ઞાનો અર્થ હુ સમજી શકતી નથી. ઓઝલ પડદામા રહેનારા રાણી શુ ખુલ્લી રીતે બહાર જવાનાં છે?"

"તારે વધારે પચાત કરવાની કાંઈ જરૂર નથી. હુ કહુ છુ તેમ કર અને તૈયાર થા." રાણીએ વક્ર દૃષ્ટિથી કહ્યુ.

"જેવી આજ્ઞા." કહીને દાસી કપતી કંપતી જઈ સારા વસ્ત્રો પહેરીને આવી લાગી અને તેને સાથે લઇને રાણી બાદશાહની છાવણી ભણી જવાને મહેલમાથી બહાર નીકળીને ચાલતી થઈ! જ્યારે તે બન્ને

જણી છાવણીની પાસે આવી પહોંચી ત્યારે રાણીએ દાસીને કહ્યું કે,–"દાસી, જઇને કોઈ સિપાહીને ખબર આપ કે, રાજા માનસિંહનાં રાણી પધાર્યાં છે, એટલે જો બાદશાહ સલામતનો હુકમ હોય તો આવે અને નહિ તો પાછાં ઘર તરફ વળી જાય!" દાસીએ એક સિપાહી માર્ફત આ સંદેશો બાદશાહને કહેવડાવ્યો. બાદશાહે જ્યારે આ વાત સાંભળી, એટલે તરત તેણે નૃત્ય ગાયન આદિના જલ્સાને બંધ રખાવ્યો અને રાણીને લાવવાનો તે સિપાહીને હુકમ ફર્માવ્યો. આ હુકમ સાંભળીને રાણીએ દાસીને ત્યાંથી રાજમહાલય તરફ વિદાય કરી દીધી અને પોતે બાદશાહના દરબારમાં આવીને ઊભી રહી. તમામ સરદારોએ પોતાના આસનપરથી ઊઠી નમીને તેને મુજરો કર્યો અને ત્યાર પછી તેઓ 'એ રાજપૂત રાણી આવા રાત્રિના સમયમાં અહીં શા કારણથી આવી હશે' એ વિશેના વિચારમા પડી ગયા બાદશાહને ઉદ્દેશીને તેનો બુજર્ગ વજીર કહેવા લાગ્યો કે,–

"બાદશાહ સલામત, રાણી સાહબાને આપ પૂછી જુઓ કે, અહીં અત્યારે એમનુ પધારવુ શા કારણથી થયુ છે?"

"રાણીજી, આપ આ નાચીજના ગરીબખાનામાં અત્યારે શા સબબથી પધાર્યાં છો?" બાદશાહે વિનયથી પૂછ્યુ

"હુજૂરેવાલા, આ લૌંડી એક બહુ જ જરૂરીના કામ માટે આવી છે." રાણીએ નેત્રકટાક્ષ કરીને કહ્યું.

"જે કામ હોય, તે ખુશીથી ફર્માવો" બાદશાહ બોલ્યો.

"પ્રથમ વચન આપો, એટલે પછી જણાવુ" રાણીએ કહ્યું.

"લ્યો આ કૌલ" બાદશાહે વચન આપતા કહ્યું.

"ત્યારે સાંભળો, ખુદાવન્દ, હુ આપની જોડે નિકાહ કરીને આપના જનાનખાનાની બેગમ થવાની ઇચ્છાથી જ અહીં આવી છુ" એમ કહેતાંની સાથે જ રાણીએ પોતાની આંગળીમાંની રત્નજડિત વીંટીને કાઢીને બાદશાહની આંગળીમાં પહેરાવી દીધી અને પાસે જ શીતલ ગુલાબના પાણીનો કૂજો ભરેલો હતો, તે પોતાના હાથે ઉપાડી તેમાનુ પાણી પી જઇને તત્કાળ જાતિપ્રતિબંધને તોડી નાખ્યો! મૂર્ખ રાણીએ સ્ત્રીજાતિમાં રહેલા સાહસ અને નીચતા આદિ અવગુણોનો સાક્ષાત્ પરિચય કરાવ્યો.

રાણીના આ અતિ સાહસને જોઇને સર્વ સભાજનો આશ્ચર્યચકિત થઈ ગયા અને અધોમુખ બની ગયા. વિચારશીલ વજીરે બાદશાહને પ્રાર્થના કરીને કહ્યુ કે,–"આલમપનાહ, આ તો ગજબ થઈ ગયો! માનસિંહ મહા કટ્ટો રાજપૂત છે, એટલે જ્યારે પ્રભાતમાં આ વાત તેના

જાણવામાં આવશે, તો આપણા બધાનાં માથાંને તે ધૂળ ચાટતાં કરી નાખશે. માટે યા તો રાણીને રવાનાં કરી દો અને જો એમને જનાનખાનામાં રાખવાં જ હોય, તો અત્યારે અને આ ક્ષણે જ કૂચનો ડંકો વગડાવો."

દાના વજીરની આ સલાહ વ્યાજબી લાગવાથી બાદશાહે તરત નગારે ગેંડી કરાવી, એટલે બધી ફોજ તૈયાર થઈ ગઈ. તરત ત્યાથી કૂચ કરી રાણીને મ્યાનામાં બેસાડીને બાદશાહે દિલ્લી તરફનો રસ્તો પકડી લીધો. સૂર્યોદય થતાં સૂધીમાં તો બાદશાહ પોતાના લશ્કર સાથે ઘણો દૂર નીકળી ગયો.

રાતે રાજા માનસિંહ જરા સારી રીતે છાંટો પાણી લઇને સૂતેલો હોવાથી સવારમાં કાંઇક મોડો ઊઠ્યો અને દાતણ પાણી કરી રહ્યા પછી જ્યારે કસૂબાનો વખત થયો, તે વેળાએ રાણીનુ સ્મરણ થવા સાથે તેને આગલા દિવસના કલેશનું પણ સ્મરણ થઈ આવ્યુ. છતાં તે એમ જ ધારતો હતો કે, રાણી રીસાઇને પોતાના ખાનગી ઓરડામાં બેઠી હશે અને આપણે બોલાવીશુ એટલે તે તરત આવીને હાજર થશે. આવી ધારણાથી તેણે દાસીને બોલાવીને કહ્યુ કે,–"જારે બાંદી, જો તો હજી રાણીજી કેમ નથી પધાર્યાં. જા–રાણીને જઇને કહે કે, કસબાનો વખત થઈ ગયો છે માટે જલ્દી આવો–રાજા બોલાવે છે જો રીસે ભરાયા હોય, તો જરા મારીવતી સમજાવજે, સમજી કે ?"

એ દાસી તે રાતે રાણી સાથે બાદશાહની છાવણીમાં ગએલી દાસી જ હતી અર્થાત્ રાણીના ભેદને એ બરાબર જાણતી હોવાથી રાજાની આ આજ્ઞા સાભળીને થરથર ધ્રૂજવા લાગી, અને કાંઈ પણ બોલી શકી નહિ. એટલે રાજાએ પુન ધમકાવીને પૂછ્યુ કે,–"કેમ અહીથી જતી નથી અને કાંઈ બોલતી પણ નથી જા રાણીને જલદી બોલાવ–મારો કસૂબાનો વખત ચાલ્યો જાય છે."

"મહારાજાધિરાજ, મારા અન્નદાતા, રાણી મહાલયમા હોય તો તેડી લાવુ ને ? રાણી સાહેબ તો રાતના જ બાદશાહની છાવણીમાં ચાલ્યાં ગયા છે, તે હજી પાછાં આવ્યાં નથી." અને દાસીએ ખરેખરી વાત જણાવી દીધી.

દાસીના મુખથી આ સ્નાનના સમાચાર સાંભળતાં જ રાજા માનસિંહના સર્વાંગમાં કોપની ભયંકર જ્વાળા સળગી ઊઠી. તરત કસૂબો લઇને સભા ભરી તેણે પોતાના સર્વ સામંતો તથા સરદારોને બોલાવ્યા અને ત્યાર પછી તેમને ઉદ્દેશીને કહ્યુ કે,–"મારા બહાદુર પટાવતો, સામંતો

અને સરદારો, દિલ્હીનો કૂતરો આપણી લાજ લૂટી ગયો છે–અર્થાત્ ચોરીથી તે મારી રાણીને રાતોરાત ઊપાડી ગયો છે. હવે તમારો શો વિચાર છે?"

"વિચાર એ જ કે, યુદ્ધ કરવુ અને મારવુ કે મરવુ!" સર્વ સામતો એકત્ર સ્વરથી બોલી ઊઠયા.

તત્કાળ સૈનિકો તૈયાર થઈ ગયા અને ઘોડા, હાથી તથા ઊંટઆદિપર સામાન ભરીને નગર બહાર નીકળી પડ્યા. એ વેળાએ સિરોહીના પ્રધાને સૈનિકોની ગણના કરી તો તેમની સંખ્યા કુલ ૬૦૦૦ ની થઈ. એથી તે વિચારશીલ પ્રધાને મનમાં વિચાર કર્યો કે,–"દિલ્હીના બાદશાહની બાર લાખ માણુસની ફોજ સાથે લડતાં આ છ હજાર શૂરવીરો તો ચાચડની પેઠે ચોળાઈ જશે અને રણમાં રોળાઈ જશે." એ વિચાર કર્યા પછી રાજાને અંદરની વાત જણાવીને તેણે સર્વ સુભટોને ઉદ્દેશીને કહ્યુ કે,–"અત્યારે સૈન્યને લઇને દિલ્હી જવાનુ નથી. પ્રથમ હુ અને રાજાજી બન્ને એકલા દિલ્હી જઇએ અને જોઇએ કે રાણીજી કયા છે અને કેવા બદોબસ્તમા છે. પછી જરૂર પડશે ત્યારે સૈન્યને બોલાવીશુ." સર્વ સામંતોએ તેની એ મંત્રણાને માન્ય કરી લીધી.

એ પછી પ્રધાન મોતીશાહ અને રાજા માનસિહ ગુપ્ત વેશ ધારણ કરીને ઉત્તમ જાતિના અશ્વોપર આરૂઢ થઇને ઊતાવળથી દિલ્હી તરફ જવાને સિરોહીમાંથી રવાના થયા. તેઓ બહુધા માર્ગમાં નામની વિશ્રાંતિ લઇને જ વેગપૂર્વક પ્રવાસમા આગળ વધતા ગયા.

પ્રવાસમા ને પ્રવાસમાં જ કેટલાક દિવસ વહી ગયા. અતે જ્યારે દિલ્લી થોડા અતરપર રહી, એવામા પ્રભાત સમયે એકવાર રાજાનો કસુબાનો વખત થયો અને તેણે પ્રધાનને કહ્યુ કે,–"પ્રધાનજી, મને કસૂબો કાઢીને પાઓ." પ્રધાને અફીણુ ઘોળી કસૂબો કાઢીને રાજાને પીવડાવ્યો અને ત્યાર પછી ત્યાથી ચાલીને બન્નેએ દિલ્લી નગરમાં પ્રવેશ કર્યો. તેઓ એક કૂવાના પનઘટ કે જ્યા નગરના કેટલાક ભાગની સ્ત્રીઓ પાણી ભરવા આવતી હતી ત્યાં જઇને બેઠા. એ પનઘટની રહામે જ પાદશાહનો બગીચો આવેલો હતો, તેમાંથી એક માલણ ફૂલ વીણીને નીકળી અને તેણે એ બન્ને આસામીઓને જોયા. પહોંચેલી માલણે મનમા ધાર્યું કે, 'આ કોઈ સારા માણુસ દેખાય છે, એટલે એમનો મારાથી બનતો સત્કાર મારે કરવો જોઇએ. જરૂર પાચ પૈસાનો લાભ જ થશે.' આમ ધારીને તેણે તેમની આગળ જઇને નાના પ્રકારનાં તાજાં પુષ્પો તેમને આપ્યાં, એટલે માનસિહજીએ પ્રસન્ન થઇને એક સોના મહોર કાઢી માલણુના હાથમાં મૂકી. સોનામહોર હાથમાં લઈ આશ્ચર્ય દર્શાવતી માલણુ કહેવા લાગી કે,–"ભાઈ, મારા સાંભળવા પ્રમાણે એક તો

સિરોઇના રાજા માનસિંહજી સોનામહોર આપે છે અને બીજા સોના-મહોર આપતાં આપને દીઠા." રાજાએ આનો કાંઈ પણ જવાબ ન આપ્યો, પરતુ કદાચિત્ રાજા કાંઈ બકી જાય એવી બીકથી પ્રધાને કહ્યુ કે,–બાઈ, માનસિંહજી તો મોટા રાજા છે, અને અમે તો સાધારણ ગૃહસ્થ છીએ. છતાં અમારા શેઠ ઉદાર હોવાથી ઘણીકવાર પોતાની શક્તિ ઉપરાત પણ ઇનામ આપી દે છે, એટલે આશ્ચર્ય પામવાની કશી પણ આવશ્યકતા નથી" એ પછી વધારે વાતચીત ચાલતા તેમણે ક્યાંય ઉતારો કર્યો નથી અને તેઓ દિલ્લીમાં નવતર આવેલા છે, એમ જાણવામાં આવતા માલણે તેમને બગીચામાંના પોતાના ઘરમાં આદર-ભાવસહિત ઉતારો આપ્યો, અને પોતે પાણીનુ બેડુ ભરી લાવીને રસોઈ કરી જમાડ્યા એ પછી પ્રધાને માલણને એકાતમા બોલાવીને પૂછ્યુ કે,–"બાઈ, અમારા સાભળવામાં આવ્યુ છે કે, તમારા બાદશાહ નવી રાણી લાવ્યા છે, તો તે રાણી ક્યાં છે વારુ ?" માલણ બોલી કે,–"શુ, તમારે તેને જોવી છે ?" પ્રધાને કહ્યુ કે,–"ના, અમારે તેને જોવી બોવી તો નથી મે તો સાભળ્યુ હતુ તે સહજ પૂછી જોયુ." માલણે જવાબ આપ્યો કે,–"એ નવી રાણીને બાદશાહે ઘણા જ બદોબસ્તમા રાખેલી છે. રાણીને સાત માળની હવેલીમા રાખી બાદશાહે તેની આસપાસ ચોકી માટે સાત કિલ્લા બધાવ્યા છે, છ પાણીની નેહેરો અને એક અગ્નિની ખાઈ રખાવી છે. વળી સિપાહીઓનો સુમાર જ નથી છતાં તે નિત્ય આ વખતે આ બગીચામા હવા ખાવાને આવે છે–હમણા જ કદાચિત્ તે આવશે, એટલે છેટેથી હુ તમને બતાવીશ." માલણની આ વાતથી રાજા જો કે હર્ષાતુર થયો, પણ પ્રધાન શોકાતુર થઈ ગયો.

માલણ કાઇ કામ માટે બહાર ગઈ, એટલે રાજા પ્રધાનને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;–"અરે મોતીશાહ, એ ગધેડીની આવે કે તરત એને મારા કબ્જામા લઈ લઇશ. જો તો ખરો મર્દોના સપાટા."

રાજાને શાંત કરતો મોતીશાહ બોલ્યો કે,–"પૃથ્વીનાથ, એવી રીતે આ ક્ષણે જ રાણીને લઈ શકાય નહિ. એમ કરવાથી આપના ક્ષત્રિય ધર્મની હાનિ થશે; કારણકે, રાણીને આમ બારોબાર લઈ જવાં, તે ચોરી કર્યા સમાન છે. આપણી મર્દાઈ તો લડીને રાણીને બળાત્કારે સહુના દેખતા લઈ જવામાં જ સમાયલી છે."

રાજા અને પ્રધાન વચ્ચે આવા પ્રકારનો વાદવિવાદ ચાલતો હતો, એટલામાં રથમા બેસીને રાણી બગીચામાં હવા ખાવાને આવી લાગી. તેની સંભાળ માટે સાથે પચીસ ઘોડેસ્વારો હતા. રાણી રથમાંથી ઊતરી

દાસીઓ સાથે વિનોદવાર્તા કરતી થોડીકવાર બગીચામાં ફરતી રહી અને હવા ખાઇને તરત પાછી રથમાં બેસી ચાલતી થઈ. રાજા માનસિંહ એ વેળાએ જો કે ઘણો જ અધીર બની ગયો હતો, તો પણ પ્રધાનના ઉપદેશથી જેમ તેમ શાત થઇને બેસી રહ્યો. સધ્યાકાળ થતા પ્રધાને કહ્યુ કે,—"અન્નદાતા, ચાલો ત્યારે રાણીને જે મહેલમાં રાખવામાં આવી છે, તે મહેલના બદોબસ્ત વગેરેની આપણે તપાસ કરી આવીએ."

રાજા અને પ્રધાન બન્નેએ ભિક્ષુક બ્રાહ્મણનો વેશ કરી લીધો અને ત્યાથી નીકળી જેવા તેઓ ઉપદુર્ગના દ્વારમાં પેસવા જાય છે, તેવા જ તેમને રોકીને ત્યાંના દ્વારપાળે પૂછ્યું કે,—"તમો કોણ છો અને કયાથી આવો છો ?" એના ઉત્તરમા બ્રાહ્મણે જણાવ્યુ કે,—"અમો યાત્રાળુ બ્રાહ્મણ છીએ અને ભૂખ્યા હોવાથી નગરમાં ભિક્ષાવૃત્તિ માટે જઇએ છીએ." દ્વારપાળે ગરીબ ભિક્ષુક ધારીને તેમને અદર જવા દીધા. તેઓ પાણીની ખાઇ અને કિલ્લા આદિ જોતા જોતા ચાલ્યા જતા હતા, એટલામા અગ્નિની ખાઈ આવી. એમા દિવસ અને રાત અખડ અગ્નિ સળગ્યા કરતો હતો. આવી સ્થિતિને જોઇને રાજાએ પ્રધાનને કહ્યુ કે,—"આપણ બન્નેમાના એક આનદથી મરણનો સ્વીકાર કર્યા વિના રાણીને લઈ જઈ શકાય તેમ નથી."

"વખત આવતાં સહુ થઈ રહેશે." પ્રધાને કહ્યુ.

આવી વિકટ સ્થિતિને જોઇને તેઓ ત્યાથી પાછા ફર્યા અને પોતાના ઉતારામા આવી ભોજન આદિના કાર્યથી નિવૃત્ત થયા.

લગભગ દોઢ પ્રહર રાત્રિ વીત્યા પછી બાકાના બાધી, માથે પટકા વીટી હાથમાં ઢાલ તલ્વાર લઇને તે બન્ને બહાર નીકળી પડ્યા. તેઓ બે દરવાજાની વચ્ચેની કિલ્લાની દીવાલ પાસે આવ્યા. ત્યા પ્રધાને ભીતે બે હાથ ટેકવીને રાજાને કહ્યુ કે;—"મારા ખભાપરથી કોટપર ચઢી જાઓ." એમ કહીને પ્રધાને પોતાના દુપટ્ટાને છોડી હાથ હાથને અતરે ગાંઠો મારી અને તેનો એક છેડો રાજાના હાથમા આપ્યો. રાજાએ કોટપર ચઢી ગયા પછી તે છેડાને મજબૂતાઇથી હાથમાં ઝાલી રાખ્યો, એટલે તે ગાઠોમા પગનો અંગૂઠો ભેરવતો પ્રધાન ભડાભડ કરતો કે ઉપર ચઢી ગયો. એ પછી પાણીની ખાઇઓ આવતા તેમાં પોતાની ઢાલો નાખી તરીને તેઓ પાર થઈ ગયા. એ રીતે પાણીની છ ખાઇઓને પાર કરીને તેઓ સાતમી અગ્નિની ખાઇપર આવી લાગ્યા. ત્યાં પ્રધાને પોતાની ઢાલને છોડીને ખાઇમાં નાખી. તે બરાબર વચ્ચે જઈ પડી. એથી બબ્બે હાથ અગ્નિ ઢંકાઈ ગયો એટલે તેણે પોતાનો એક પગ ઢાલપર રાખ્યો અને બીજા પગને સાથળ સાથે બાધી તલ્વારની અણીને ઢાલપર ટેકવીને ઉભો

રહ્યો. એ સર્વ વ્યવસ્થા કરી લીધા પછી તેણે રાજાને કહ્યું કે;–"મારા અન્નદાતા, કૂદીને મારા ખભા ઉપર આવો અને ત્યાંથી કૂદીને સ્હામે પાર ઉતરી જાઓ." રાજા કૂદકો મારી તેના ખભાપર આવ્યો અને ત્યાંથી બીજો કૂદકો મારી પેલીબાજૂએ ઉતરી ગયો. એ પછી પ્રધાને રાજાને સૂચના આપી કે;–"ઉતાવળથી રાણીને લઈ આવો; કારણ કે, આ ખાઇમાંથી હવે હુ જીવતો પાછો નીકળી શકવાનો નથી."

રાજા પૂઠ વાળીને રાણીની હવેલી સ્હામો ચાલ્યો. પણ ત્યા આવીને જોયુ તો આસપાસનાં સર્વ દ્વારોને મજબૂત તાળાં વાસેલાં હતા. પરંતુ ત્યાં એક તાડનું ઝાડ હતુ અને તે હવેલીની બરાબર જ ઉંચું વધેલું હતું. એને બાથ ભેરવીને રાજા ઉપર ચઢ્યો અને ટોચે આવીને જોયુ તો હવેલીના સાતમા માળની બારી ઉઘાડી હતી અને અંદરના ભાગમાં ઝગઝગાટ કરતો દીવો બળતો હતો. અંદર જવાને તે ડાળીએ લટકીને હીંચોળા ખાવા લાગ્યો; પરંતુ ડાળી ટૂંકી હોવાથી કોઇવાર પોણો હાથ તો કોઇવાર એક હાથ જેટલો તે બારીથી છેટો રહી જતો હતો. અંતે માથાપરના પટકાને છોડી તાડ સાથે બાધી હીંચોળાથી તેણે બારીની સાખને પકડી લીધી અને પોતાના જમૈયાવતી બારી પાસેની ભીતને કોતરી તેમા પટકાના છેડાને બાધી રાખ્યો. એ પછી મ્યાનમાંથી તલ્વાર કાઢી જ્યા બાદશાહ અને પોતાની રાણી નિર્ભયતાથી નિદ્રાવશ થયેલા હતાં, તે શયનમદિરમા તે આવીને ઉભો રહ્યો પ્રથમ તો કોપના આવેશમાં તેનો બાદશાહને ઠાર કરી નાખવાનો વિચાર થયો; પરંતુ તે કાળના લોકો કાઇક વિશેષ સદાચારી અને વિવેકી હોવાથી પોતાના કોપને શમાવીને પુન. તેણે વિચાર કર્યો કે,–"મારે એને શા માટે મારવો જોઇએ? એ મારી રાણીને બળાત્કારે કાંઈ ઉપાડી લાવ્યો નથી. નીચ રાણી પોતાની ખુશીથી આવી છે, એટલે એનો શો અપરાધ?" આવી ભાવનાથી બાદશાહને કાંઈ પણ ઇજા ન કરતા કમ્મરેથી બીજો પટકો છોડીને તત્કાળ રાણીને તેણે નિદ્રામાથી જાગૃત કરી અને કટાર બતાવીને સકેતથી જણાવી દીધુ કે,– "જો જરા પણ બોલી છુ તો અત્યારે જ ઠાર કરી નાખીશ!" એ પછી રાણીને ગાસડીની પેઠે બાંધી લઇને પીઠપર ઉપાડી તાડના ઝાડના આધારે નીચે ઉતરી તે પોતાનો પ્રધાન જ્યા ઊભો હતો ત્યાં આવી લાગ્યો. પ્રધાને દૂરથી જ પૂછ્યુ કે;–"કેમ મહારાજ, સિંહ કે શિયાળ?" એના ઉત્તરમા ખોખારો કરીને રાજાએ કહ્યુ કે;–"મારા નિમકહલાલ પ્રધાન મોતીશાહ, તારા પ્રતાપે આ માનસિંહ સિંહ થઇને જ આવ્યો છે!" પ્રધાને કહ્યું કે,–"ચાલો–આજે મારો જન્મ સફળ થયો. પણ રાજાજી, મારો એક પગ તો બળી રહેવા આવ્યો છે અને જે બીજો પગ તમારા

માટે બાંધી રાખ્યો છે, તેને અત્યારે હું ઉલ્લાસથી છૂટો કરી નાખું છુ. આપ પ્રથમની પેઠે કૂદીને નીકળી જાઓ." રાજા પ્રથમ પ્રમાણેના પ્રયોગથી જ અગ્નિની ખાઇને ઓળગી ગયો અને નિરુપાયવશતાથી મોતીશાહને બળતો મૂકી તેની વિરલ સ્વામિભક્તિના સ્મરણથી અશ્રુ વર્ષાવતો ચાલતો થયો. પોતાના ઉતારામાં આવ્યા પછી પોતાનો ઘોડો તેણે રાણીને આપ્યો અને મોતીશાહવાળી ઘોડીપર પોતે બેસી રાજા માનસિંહ સિરોઈ તરફ જવાને દિલ્લીની સીમાને છોડી રવાના થયો.

સૂર્યોદય થતાં સુધીમા તેઓ લગભગ પચીસ ગાઉ જેટલો પંથ કાપી આવ્યા. એટલામાં અચાનક કસૂબાનો વખત થવાથી રાજાએ ઘોડીપરથી ઉતરીને રાણીને પ્રથમ એક ઝાડ સાથે જકડી લીધી અને પછી પોતે દાતણ પાણી કરવા બેઠો. મોઢુ ધોઇને જેવો કમ્મરે હાથ નાખ્યો તો અફીણનો દાબડો હાથમા ન આવ્યો. રાત્રે જ્યારે રાણીને બાધવા માટે બાદશાહના શયનમદિરમા તેણે પટકો છોડ્યો હતો, તે વેળાએ અફીણનો દાબડો બાદશાહના પલંગતળે પડી ગયો હતો, પણ એનુ તે વેળાએ એને ભાન રહ્યુ નહોતુ. હવે જો ઘોડીને દપટાવીને આગળ વધે તો સાંઝ થતાં સુધીમાં તો તે સિરોઈ પહોંચી જાય એમ હતુ, પરંતુ કસૂંબો ન મળવાથી તે નિર્બળ થઇને જમીનપર પડી ગયો અને ટાંટિયા ઘસતો ઘસતો બેભાન બની ગયો. કોઈ પણ પ્રકારના વ્યસનના દાસ બની જવાથી કોઇવાર કેવી વિડંબના અને પ્રાણ જવાના ભયમાં આવવું પડે છે, એનું આના જેવું તાદશ્ય ઉદાહરણ બીજું ભાગ્યે જ મળી શકશે. અસ્તુ.

હવે બાદશાહને ત્યાં શો બનાવ બન્યો, તે આપણે જોઇએ. બાદશાહ શય્યામાથી ઉઠ્યો અને રાણીને આસપાસ ક્યાંય ન જોવાથી ગભરાયો. પહેરેગીરોને બોલાવી ધમકી આપીને તેણે પૂછ્યુ કે;–"બે ઈમાન ગુલામો, રાણી કયા છે? તમારા ચોકી પહેરામાંથી તે ક્યાં છટકી ગઈ?"

"બાદશાહ સલામત, અમે અમારા પહેરાપર બરાબર હાજર હતા, પણ રાણી ક્યાં ગયા ને ક્યાં નહિ, એ વિશે અમે કાંઈ પણ જાણતા નથી." પહેરેગીરોએ જવાબ આપ્યો.

એવામાં અચાનક બાદશાહની નજર રાજાના ત્યાં પડી ગયેલા અફીણના દાબડાપર પડી અને તેનાપર માનસિંહનુ નામ વાચીને તે પાછો સિપાહીઓપર ચીડાઇને કહેવા લાગ્યો કે;–"હરામખોરો, આ જોયું કે? તમારો બાપ માનસિંહ તમારી આખોમા ધૂળ નાખીને રાણીને રાતોરાત ઉપાડી ગયો છે." એ પછી તે જરાક શાંત થઇને બોલ્યો કે;– "પણ એને શાબાશ છે કે, મને એણે જીવતો છોડી દીધો! નહિ તો

જેમ રાણીને ઉપાડી ગયો તેમ મને મારી નાખતાં તેને કેટલીવાર લાગત ? જરાય નહિ. અત્યારે તો મારો જનાજો પણ નીકળી ચૂક્યો હોત! હવે એણે જ્યારે મારી જોડે આટલી બધી ભલાઈ કરી છે અને આવી ઉદારતા બતાવી છે, તો મારે પણ કાંઇક ભલાઈ તો જરૂર કરવી જ જોઇએ. એ રાજાને કસુંબા વિના ચાલી શકે એમ નથી અને એનો અફી-ણનો દાબડો તો અહી રહી ગયો છે. અરે સિપાહીઓ, આ દાબડો લઇને જલ્દી જાઓ અને તે હજી રસ્તામાં જ હશે, એટલે તેને કસૂંબો પાઈ તાજો તવાનો કરીને જીવતો જ પકડી મારી આગળ લઈ આવો." બાદ શાહના સિપાહીઓ તરત ત્યાથી નીકળ્યા અને સૂર્યાસ્ત થતાં પહેલા તો જ્યાં રાણી ઝાડ સાથે જકડાયલી અને રાજા બેભાન થઇને પડ્યો હતો ત્યાં આવી પહોંચ્યા રાજાએ આખો દિવસ હાથ પગ ઘસેલા હોવાથી તે જ્યાં પડ્યો હતો, ત્યા જમીનમા બન્ને હાથના ખાડા થઈ ગયા હતા એ મુસલ્માન સિપાહીઓને આવેલા જોઇને રાણીએ પૂછ્યુ કે,–"મિયા કેમ આવ્યા છો ?" એના ઉત્તરમાં મિયા બોલ્યા કે,–"રાજાને તથા તમોને લઈ આવવા માટે બાદશાહ સલામત અમને મોકલ્યા છે" એ સાભળીને દુષ્ટ રાણી બોલી કે,–"ત્યારે મારો ઝટકો અને ઉડાવો આ બાદશાહની બેગમના ચોરની ગર્દન!" સરદારે કહ્યુ કે,–"રાજાને મારવાનો અમને બાદશાહનો હુકમ નથી અમને તો એમને કસૂંબો પાઈ હોશિ-યાર કરીને તમારી સાથે જીવતા જ દિલ્લીમાં લાવવાનુ ફર્માન થયેલુ છે." રાણી હસીને કહેવા લાગી કે,–"મિર્યાં, કસૂંબો પાયા પછી તો મને કે એને તમારો પીર પણ લઈ જઈ શકે તેમ નથી. માટે મારુ વચન માનો અને એને આવી હાલતમા જ લાંબો કરી નાખો બાદશાહ પૂછે તો કહેજો કે, એણે અમારાપર હલ્લો કર્યો અને અમારે અમારા તથા બેગ-મના બચાવ માટે એને મારી નાખવો પડ્યો. સાક્ષી હુ પૂરીશ"

પરંતુ રાણીના એ ઉપદેશને ન માનતાં તે ત્રણ ઘોડેસ્વારો પોતાના ઘોડાપરથી ઉતરી પડ્યા અને પાસેની વાવમાંથી પાણી લાવી કસૂંબો કાઢીને તેમણે ખોબામાં ભરી ટાંટિયા ઘસતા રાજાના મોઢામા રેડી દીધો થોડીવારે બીજો ખોબો પાયો અને જ્યાં ત્રીજો ખોબો પાયો, ત્યા તો રાજાની આંખ ઉઘડી અને જ્યારે કસૂંબો રાજાની રગેરગમા ઉગી નીક-ળ્યો, ત્યારે તે ઉઠીને બેઠો થયો. સિપાહીઓને જોતા રાજાએ અનુમાન કર્યુ કે,–"આમને બાદશાહે મોકલ્યા હોય એમ જણાય છે મેં બાદશાહનો જીવ ઉગાર્યો, તો અત્યારે બાદશાહે મારો જીવ ઉગાર્યો." રાજાને ટટાર થયેલા જોઇને અફીણનો દાબડો રાજાના હાથમાં આપી, તે સિપાહી-ઓના સરદારે કહ્યું કે;–"રાજા સાહબ, અમારા બાદશાહનો આપને

જીવતા દિલ્લીમાં લઈ આવવાનો હુકમ હોવાથી આપ અમારી સાથે ચાલો. જો ખુશીથી આવશો, તો ઠીક જ છે; નહિ તો અમારે બળાત્કારે પણ આપને લઈ જવા પડશે.' એના જવાબમાં રાજા કહેવા લાગ્યો કે,–"જો મને નમો બે બાનપણામાં જ ઉપાડીને લઈ ગયા હોત, તો વાંધો નહોતો, પણ હવે મને પકડીને લઈ જવાની કોઇની પણ શક્તિ નથી." એમ કહેતાની સાથે જ તે પોતાની ઘોડી પર સ્વાર થઈ ગયો. સિપાહીએ તેને રોકવા માટે પોતાની બર્છી ઉગામી, પણ રાજાએ ઘોડીને કૂદાવી લેવાથી તે બર્છી નીચે પડી ગઈ. એ પછી રાજા કોપમા આવીને બર્છી મારવા ગયો, એટલે તે સરદારે ઘોડો કૂદાવી લીધો. લગભગ અર્ધ પ્રહર પર્યન્ત એવી રીતે દ્વંદ્વયુદ્ધ ચાલતું રહ્યુ, પણ કોઈ કોઇના દાવપેચમા આવ્યો નહિ. અંતે રાજા ઘોડીપરથી હેઠો ઉતર્યો અને જેવો સરદારને તલ્વાર મારવા ગયો કે, તરત સરદારે પોતાની બર્છીવતી તેની તલ્વારને કાપી નાખીને તેના બે કટકા કરી નાખ્યા. રાજાએ કમ્મરમાથી કટાર કાઢીને હાથમા લીધી, એટલે સરદારે સ્હામો બર્છીનો વાર કરવાથી કટાર મૂઠમાથી છૂટી પડી ગઈ. એ પછી તેઓ પરસ્પર બાથબાથ આવીને મલ્લયુદ્ધ કરવા લાગ્યા રાજાનુ શરીર કેટલેક અંશે કોમળ હોવાથી સરદારના ખડતલ હાથના મારથી તે જેર થઈ ગયો. સરદારે પછાડવાથી મૂર્ચ્છાગત થઇને ધરણીપર ઢળી પડ્યો તેના પડવાનો લાભ લઈ મુસલ્માન સરદારે તેના હાથ જકડીને વડસાથે ઉંચો બાધી દીધો અને રાણીને છોડી રાજાને તેની ચોકીમા રાખીને ત્રણે સિપાહીઓ મગરિબની નમાજનો વખત થયેલો હોવાથી વજૂ કરવા માટે પાસેની સેલોર વાવમાં ઉતરી ગયા. એ વેળાએ રાજાએ રાણીને ઉદ્દેશીને નમ્રતાથી કહ્યુ કે,–"રાણીજી, તમે રાજપૂતનાં પુત્રી છો, એટલે તમે જ આ તલ્વાર લઇને ઝટકો મારી મારી ગર્દન ઊડાવી દ્યો કે, મારો જીવ ગતિએ જાય. નહિ તો જો આ તરકડાઓના હાથે મારુ મોત થશે, તો મારો જીવ અવગતિએ થશે." રાણીને તો આ 'ભાવતુ'તુ ને વૈદ્યે બતાવ્યુ, જેવુ જ થયુ. તેણે નિર્દયતાથી ઝટ તલ્વારને પોતાના હાથમાં ઊપાડી લીધી અને જેવો ઝટકો માર્યો કે, રાજાએ તરત સાવધ રહીને અવળી ગુલાટ ખાધી તેથી પગ ઊંચા અને હાથ નીચા રહેવાથી માથાને બદલે હાથના બંધ કપાઈ ગયા અને રાજા છૂટો થઈ ગયો. તત્કાળ તે નીચે કૂદી પડ્યો અને રાણીને લાત મારી ઢાલ તલ્વાર છીનવી, તેને પાછી ઝાડ સાથે બાધીને સેલોર વાવમાં ઊતર્યો અને ખોંખારો કરી તે સિપાહીઓને કહેવા લાગ્યો કે;–"અરે તરકડાઓ, હવે જરા આવો તો મારા હાથનો સ્વાદ ચખાડું." ત્રણે સિપાહીઓએ માનસિંહને જોતાં જ આશ્ચર્યથી ઉદ્ગાર

કાઢ્યો કે;–"અરે આને તો આપણે વડ સાથે લટકતો બાંધી આવ્યા'તા ને આ અહીં ક્યાંથી આવી પહોંચ્યો !" વાવમાંથી ન્હાસવાનો ક્યાંય લાગ નહોતો. નીચે ઊતરે તો પાણી હતું અને ઊપર સ્હામા આવે તો રાજાની કાળસ્વરૂપ તલ્વાર લોહી પીવાને તૈયાર થઈ ઊભી હતી. એમ ધારી તેઓ પોતાનાં ખાસડાંને હાથમાં ઢાલને ઠેકાણે ધારણ કરીને ઊપર આવવા લાગ્યા. જ્યારે વાવનાં ત્રણ પગથિયાં ચડવાનાં બાકી રહ્યાં, એટલે રાજાએ ચપચપ તલ્વારના એવી તો ચપળતાથી ત્રણ વાર કર્યા કે, ત્રણેનાં માથા ત્યાં જ ધડથી જૂદાં થઈ ગયાં. રાજા ખૂને ભરાયલી તલ્વારને લઇને રાણી પાસે આવ્યો. રાજા પોતાને પણ અવશ્ય મારી નાખશે, એવા ભયથી રાણી થરથર ધ્રૂજતી હતી; પણ તેને ન મારતાં મુસ્કે બાંધીને તે ત્યાંથી ચાલતો થયો અને ક્ષેમ કુશળતાથી પોતાની રાજધાની સિરોઇમાં આવી પહોંચ્યો.

પોતાના પ્રજાવત્સલ અને દયાળુ રાજાને પરિપૂર્ણ વિજય મેળવી પાછો આવેલો જોઇને રાજભક્ત પ્રજાજનોએ હર્ષમા આવી મોતીડે વધાવી લીધો, આનંદગીતો ગાયાં અને નગરમાં મહા ઉત્સવ કરી દીધો. એ પછી ખાસ દરબાર ભરીને રાણીને એક ભયંકર અપરાધિની તરીકે ન્યાયાસન સમક્ષ ઉભી રાખીને રાજાએ તિરસ્કાર દર્શાવી તથા લાનત વર્ષાવી કહ્યુ કે;–

"સર્પને પાયેલુ દૂધ વિષનું સ્વરૂપ જ ધારે છે; હાથીને ગમે તેટલા લાડ લડાવો પણ જ્યારે તે છેડાય છે ત્યારે પોતાના પાલકને જ મારે છે; ગુલાબજળનુ સિચન કરવા છતા બાવળ તો કાંટાના યુત્થને જ વધારે છે; અને નીચ કુળના મનુષ્યપર ગમે તેવા ઉપકાર કરો, પણ અંતે તે અપકાર કરીને ઉપકારકને જ વિદારે છે. મારા સુભટો, એ તો તમો સારી રીતે જાણો જ છો કે, આ સ્ત્રી એક ભિક્ષુકા હતી, તેને મેં રાણી બનાવીને ઉચ્ચપદે ચઢાવી; છતાં એણે એક સાધારણ શબ્દથી ચીડાઇને મારા કુળની કીર્ત્તિને કલંક લગાડ્યું અને અતે મને મારી નાખવાને પણ તૈયાર હતી. તો હવે આની શી દશા કરવી–આ અપરાધની એને શી શિક્ષા આપવી ?"

અંતે સર્વાનુમતિથી રાણીને આઠ દિવસ સૂધી ચૌટાના મધ્ય ભાગમાં એક થાભલા સાથે બાંધી રાખીને સખ્ત પહેરો રાખવામાં આવ્યો અને સર્વ લોકોને આજ્ઞા આપવામા આવી કે, આવતા જતાં સર્વેએ રાણીને પોતાથી બની શકે તેટલો ખાસડાંનો માર મારવો. છ દિવસ સૂધી તો તે જલ્દી મરી ન જાય, એટલા માટે તેને થોડું થોડુ અન્ન અને પાણી અપાતું હતું; પણ ત્યાર પછી તે બંધ કરવામાં આવ્યું અને યાતના અસહ્ય થવાથી નવમે દિવસે રાણી પોતાનાં કુકૃત્યોની આ જગતમા

શિક્ષા ભોગવી બાકી રહેલી શિક્ષાને નરકમાં ભોગવવા માટે ચાલતી થઈ ગઈ. જગતમાંથી એક મહા ભયંકર પાપ ઓછું થયું.

સ્વામિસેવામાં પ્રાણ અર્પનાર પ્રધાન મોતીશાહના કુટુંબને રાજાએ મોટી જાગીર આપી અને સિરોઈમાં તેના નામનો એક સ્મરણસ્તંભ કરાવ્યો કે જેની નિશાનીઓ હજી પણ કાયમ છે.

કેટલાક દિવસ પછી જ્યારે રાજાના સિરોઈમાં સહીસલામત પહોંચી જવાના બાદશાહને સમાચાર મળ્યા અને પોતાના સિપાહીઓની તપાસ કરાવતાં સડેલી લાશો મળી આવી, એટલે તે પોતાની પચરંગી સેનાને લઈને લડવા માટે નીકળ્યો અને પ્રતિજ્ઞા કરી કે,–"સિરોઈને બાળીને ગધેડાનુ હળ ફેરવુ, તો જ હુ બાદશાહ ખરો!" સિરોઈ પહોંચતાં પહેલા તેણે પાચ ઘોડેસ્વારોને આગળ મોકલીને રાજાને કહાવ્યુ કે;–" અમને ઘાસ દાણો પૂરા પાડો, અને તેમ ન કરી શકાય તો આવતી કાલે જ લડાઈની શરુઆત કરો!" એના જવાબમા માનસિંહે કહ્યુ કે,–"આ મારા બાંધવો બેઠા છે, તેઓ જો કહેતા હોય, તો અમે ઘાસ દાણો પૂરો પાડીએ!" રાજાના એ ઉત્તરથી ઉત્તેજિત થઈને સર્વ સુભટો ગર્જના કરીને બોલી ઊઠ્યા કે,–"ઘાસ દાણાને બદલે રાજપૂતોની તલ્વારનો સ્વાદ ચાખવાને ભલે બાદશાહ તૈયાર થઈ જાય!" બીજે જ દિવસે રણભૂમિમા ઉભયપક્ષના સૈનિકો યુદ્ધ કરવા માટે આવીને ઉભા રહ્યા. રાજપૂતો બહુ જ બહાદુરીથી મરણિયા થઈને લડ્યા અને આઠ દિવસમાં શત્રુપક્ષના પચાસ હજાર સૈનિકોને ઘાસની પેઠે કાપી નાખ્યા. રાજપૂતોના કેવળ ૪૦૦૦ સનિકો જ મરાયા. આવી સ્થિતિ જોઈને બાદશાહનો વજીર રાજાના પ્રધાનને મળીને કહેવા લાગ્યો કે;–"પાડા લડે તેમાં ઝાડનો ખો થાય છે. અર્થાત્ રાજા અને બાદશાહ પોતે જ લઢે તો વધારે સારુ. વિનાકારણ બિચારી ગરીબડી રૈયતનું કાસળ શા માટે કાઢો છો?" આવી રીતે સામયિક શાતિની પતાકા ફેરવવામાં આવી, એટલે બન્ને સેનાઓ પોતપોતાના સ્થાનમાં ચાલી ગઈ અને યુદ્ધ બધ રાખવામાં આવ્યુ. એ પછી સૈન્યને ચારે તરફ ગોઠવી વચ્ચે કુંડાળું કરીને બાદશાહ પોતાના પચરંગી ઘોડાપર બેઠો અને રાજા પોતાની ભૂતડી ઘોડીપર સ્વાર થયો. જેને રોજ એક બકરું ખાવાને જોઈએ, તેને ભૂતડી ઘોડી કહેવામાં આવે છે. તેઓ એકબીજાપર સ્હામસ્હામા ધસી આવ્યા અને દ્વંદ્વ યુદ્ધનો આરંભ થયો. તેઓ અનેક પ્રકારના દાવપેચ લડાવવા લાગ્યા, પણ કોઈ કોઈથી ગાજ્યો જાય એવો નહોતો–બન્ને બહાદુરી અને યુદ્ધકળામાં એક સરખા હતા. કેટલીકવાર પછી અચાનક લાગ જોઈને બાદશાહે ભૂતડી ઘોડીપર પોતાની બર્છી નાખી અને તે તેના કપાળમાં વાગવાથી લોહીની ધારા વહી નીકળી

રાજા હેઠો ઉતરી પડ્યો અને કહ્યું કે;–"તેં મને પ્યાદો કર્યો તો હવે ચાખી લે સ્વાદ!" એમ કહી આગળ ધસી તલ્વારના એક જ વારથી તેણે બાદશાહના પગને કાપી ઘોડાના પેટને ચીરી નાખ્યું–જ્યાં બીજો વાર કરવા જતો હતો, ત્યાં બાદશાહ કરગરીને કહેવા લાગ્યો કે;–"જો મને મારો તો તમને તમારા પૂર્વજોની આણ છે!" માનસિહ તલ્વારને મ્યાનમાં નાખી પાછો વળી ગયો. બાદશાહે સિરોઇના પરાક્રમી રાજા માનસિહના શૌર્ય તથા બુદ્ધિબળની અતિશય પ્રશસા કરી અને રાજા સાથે મિત્રતા કરીને દિલ્લીભણી પાછો ચાલ્યો ગયો. એ સમયથી માનસિહે દિલ્લીના બાદશાહને ખડણી આપવાનું બંધ કર્યું.

માનસિહે બીજા લગ્ન કર્યાં અને એ નવી રાણી અત્યત સુશીલ તથા પતિપરાયણ હોવાથી રાજાને સતોષ આપવા લાગી. તેણે ધીમે ધીમે રાજાને કસુબા પાણીના વ્યસનથી પણ મુક્ત કરી નાખ્યો અને પતિને પુત્રની ભેટ આપીને તેની ભાવિચિંતાનો પણ નાશ કર્યો સિરોઇના લોકો અત્યારે પણ અભિમાનપૂર્વક રાજા માનસિહના નામનો ઉચ્ચાર કરે છે.*

ગુરુઘાતક નવ્વાબ સિરાજ.

(લેખક ધનશકર હિરાશકર ત્રિપાઠી)

"કિસ વાસ્તે દુનિયાંકે હકૂમતકે લિયે રંજ?
કિસ વાસ્તે દો રોજકે તહનમકે લિયે રંજ?
હરજાઈ જો દૌલત હુયે દૌલતકે લિયે રંજ?
દો રોજકે આરામ વ અશ્રતકે લિયે રંજ?
તા મર્ગ જો રખતે થે સદા જાહો હસ્મ સાથ
કયા લે ગયે વો લોગ, જો લે જાયેગે હમ સાથ?"

જે વખતે બગાળામાં સમુદ્ર અને મેઘના નદીના કિનારા ઉપર વસી રહેલાં નગરો પોર્ટુગીઝ તેમ જ બીજા લુંટારાઓનાં અતીવ આક્રમણોથી અશાન્ત બની રહ્યાં હતા અને અગ્રેજ તથા ફ્રેન્ચ લોકો વ્યાપારવાણિજ્યને લીધે ઠેરઠેર દૃઢતાથી વસવા માંડ્યા હતા, તે વખતે પોતાના માતામહ અલીવર્દીખાના રાજ્યાસન ઉપર સિરાજુદ્દૌલા અધિષ્ઠિત થયો.

દેશની એ વખતની ભયાનક સ્થિતિને લીધે એક ન્યાયી, દૂરદર્શી તથા બુદ્ધિમાન્ સાશકની આવશ્યકતા હતી; પરતુ તેને બદલે એક અન્યાયી, હિતાહિતજ્ઞાનવિહીન અને યથેચ્છાચારી નવ્વાબ, બગાળા,

* પ્રકારાન્તર માટે આ વિભાગમા આપેલી 'અખેરાજ દેવડા'ની કથા સુજ્ઞ વાચકો જોશે

બિહાર અને ઓરિસ્સાના રાજ્યાસન ઉપર આરૂઢ થયો! જ્યાં ઉદાર, ગંભીર અને મહાન્ સિહરાજની જરૂર હતી ત્યાં એક ક્રૂર, સંકુચિત હૃદયનો અને નીચ સ્વભાવનો વ્યાઘ્ર વિરાજ્યો!

અલીવર્દીખાંએ પોતાના અન્ય દોહિત્રોની ઉપેક્ષા કરી, ફક્ત સિરાજુદ્દૌલાને પોતાની પાસે રાખ્યો હતો અને તેને પોતાની સંભાળ નીચે ઉછેરતી વખત તેણે નિશ્ચય કર્યો હતો કે "સિરાજને જ મારા અવસાન પછી રાજ્ય મળે, એવી ગોઠવણ હુ કરીશ" જોકે અલીવર્દીખાના હૃદયમાં એ બાબત ખાસ અગત્યની હતી, તોપણ તેના લાબા આયુષ્યથી, સિરાજની આશાઓ પરિપૂર્ણ થવાનો વખત સત્વર આવ્યો નહી. આથી તે રાજ્ય મેળવવા એટલો બધો આતુર બની ગયો કે, તેણે બડ ઉઠાવ્યુ ઇતિહાસ જાણનારાઓને એ માહિત છે કે, અલીવર્દીખાંએ તે દાબી દીધુ, તોપણ, પોતાની સામે પ્રપચો રમનાર પૌત્ર પ્રત્યે આ માયાળુ માતામહનો પ્રેમ ઓછો થયો નહી ઉલ્ટુ તેણે કહ્યુ કે "આ છોકરો, આગળ જતા જબરજસ્ત થશે અને બગ દેશની અશાન્તિના વખતમા પણ તે પોતાની હકૂમત સારી રીતે જમાવી શકશે" તેનુ આ ધારવુ જોકે ખોટુ હતુ તો પણ તેને એમ સમજાવે કોણ? રાજ્ય મેળવવા માટે પૌત્રે અધીર બનીને જે માતામહના પ્રાણ લેવા પેરવી કરી, તે જ માતામહે તે પૌત્રને ભોળપણથી કહો કે શિશુપ્રત્યેના પ્રેમથી કહો—બંગદેશના રાજ્યાસન માટે લાયક ગણ્યો! અલીવર્દીખાનુ એ પગલુ પાછળથી ઘણુ જ અયોગ્ય વિચારાયું હતુ.

વખત વહેતાં, અલીવર્દીખાં પરલોક સિધાવ્યો, અને તે પછી ૪૦ દિવસ સુધી નવ્વાબી રસમ મુજબ, શોક પાળવામા આવ્યો અમીર ઉમરાવ અને નાના ખડીઆ રાજાઓને ત્યાં નૌબત વાગતી બધ રહી. શહેરમાં શાદી રામશની બંધ રહી અને આનન્દ ઉત્સવના પરિપાલનના પ્રતિબધ થયા

શોકનો ઉપર્યુક્ત સમય વ્યતીત થયા પછી, નવ્વાબ સિરાજુદ્દૌલાના સિહાસનારોહણ માટે એક શુભદિન નિયત કરવામા આવ્યો મુર્શિદાબાદના નવ્વાબની જાહોજલાલી તે વખતે એટલી બધી હતી કે, રાજ્યદરબાર માટે જે મોટો અને વિશાળ મંડપ રચવામાં આવ્યો હતો તે બાધવા માટે, લાકડાંને બદલે સોનાચાંદીના સ્થભો અને સાધારણ કપડાંને બદલે રેશમ અને મુખમલનાં કિમતી વસ્ત્રોનો ઉપયોગ કરવામા આવ્યો હતો.

દરબારને દિવસે પ્રાત કાલથી નરનારીઓનો સમૂહ રાજ્યાભિષેકને લગતી થનારી ક્રિયા જોવા માટે, એ ભવ્ય મંડપ આગળ એકત્ર થતો ગયો. અનેક અમલદારો અને ઉમરાવોની ધમાલ થઈ રહી ટકા-

નિશાન, વાજાં, શરણાઈ વગેરેનો ઠાઠ જામી રહ્યો અને હથીઆર બંધ સિપાઇઓ પોતાના સુસજ્જ પોષાકમાં હારદોર ઉભા રહ્યા. રાજ્યભુવનમાંથી સિરાજુદ્દૌલા એક સરઘસ સાથે એ મંડપમાં આવી લાગ્યો. તેની ટટ્ટાર ચાલવાની ઢબ, તેનું ખડબચડું હુંપદ ભર્યું મ્હોં અને તેની લાલચોળ આંખો ઉપરથી તેનો ક્રૂર સ્વભાવ તે જ વખતે જણાઈ આવતો હતો. ધીમેધીમે તેની સ્વારી મંડપ આગળ આવી પહોંચતાં, સિપાઇઓએ પોતાનાં શસ્ત્રો નમાવી તેને માન આપ્યું; તોપોએ સલામી આપી અને ગભીર દેખાવથી અજાયલા ભોળા બિચારા લોકો, "નવાબનો જય" એમ પુકારી ઉઠ્યા."

નવ્વાબના સિંહાસનપર વિરાજ્યા પછી, ધર્મક્રિયા સહિત અને પરાપૂર્વથી ચાલતા આવેલા નિયમાનુસાર યોગ્ય રીતે તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો તે પછી સરદારોએ એક એક તેની પાસે જઈ, તેને નમન કર્યું અને એ રીતે ઘણા વખતથી રાજ્ય માટે તલપતા આ યુવકને તખ્તનશીન કરવાની ક્રિયા પરિપૂર્ણ થઈ.

પરતુ વાચક! એ પછી જે કરુણાજનક બનાવ એ જ દરબારમાં બન્યો, તેને લીધે એ દરબારને રાજ્યાભિષેકનુ સ્થાન નહી પણ પાપસ્થાન અથવા તો નર્કસ્થાનની ઉપમા આપીએ તોપણ ઓછી છે. જે વખતે દરબારીઓ સિરાજને નમન કરી રહ્યા, તે વખતે તેણે ધર્મગુરુને પૂછ્યુ: "હુ હવે નવ્વાબ થઈ ચૂકયો કે ?"

ધર્મગુરુએ ઉત્તર આપ્યો હા જહાંપદનહાં ! આજથી આપ, મહા પ્રતાપી અલીવર્દીખાંની જગ્યાએ સ્થપાઈ ચૂકયા અને મુર્શિદાબાદની આખી પ્રજા આપના પૂર્વજ તરફ જે દૃષ્ટિથી જોતી, તે જ દૃષ્ટિથી આપને હવે જોશે.

નવ્વાબ ત્યારે હવે હુ હુકુમ કરી શકુ ખરો કે ?

મુખ્ય વઝીર. બેશક એકવાર નહીં પણ અનેકવાર.

નવ્વાબ તો તુર્ત જ મારા શિક્ષક કુલીખાંને બોલાવો.

બધા સમજ્યા કે, નવ્વાબ પોતાના શિક્ષકને મોટો શિરપાવ આપશે અને પોતાને સદ્જ્ઞાન આપવા માટે તેનો આભાર માનશે; અને કુલીખા પણ એ જ ધારણાથી તુર્ત જ નવ્વાબ સમીપ આવી પહોંચ્યો. દરબારીઓ એકી નજરે અને અતિ આતુરતાથી જોઈ રહ્યા કે, નવ્વાબ કેવે પ્રકારે પોતાના શિક્ષક પ્રત્યેની ગુરુભક્તિ બતાવે છે; પરતુ નવ્વાબના પહેલા જ શબ્દથી તેમની બધી શુભ ધારણાઓનો નાશ થઈ ગયો. નવ્વાબે, વિહસિત વદને, નમ્રતા અને મૃદુતાથી બોલવાને બદલે એકદમ ક્રોધાન્વિત થઈ, અઘોર અને કઠોર સ્વરે કહ્યુ "હરામઝાદા ! શુ એ વખત તને ખબર નહોતી કે, એક દિન હુ આ સિંહાસનપર બેસનાર છુ ?" આ

શબ્દો શા કારણે કહેવામાં આવ્યા છે, તે બીજાઓ તો સમજી શકયા જ નહો પરંતુ કુલીખાં તુર્ત જ સમજી ગયો. એ શબ્દો સાભળતાં સમેત જ તેણે રાજસન્માનની આશા છોડી દીધી.

વાત એ હતી કે, કુલીખાંએ સિરાજુદ્દૌલાની શિષ્ય તરીકેની સ્થિતિને વખતે તેની સાથે કડકપણે કામ લીધુ હતુ. જ્યારે સિરાજ પોતાને અપાયલા પાઠ બરાબર કરતો નહી અને રમતમાં ધ્યાન આપતો ત્યારે ગુરુ કુલીખાં તેને મારતો, તેમ જ નઠારા નિશાળીઆને યોગ્ય બીજી કેટલીક શિક્ષાઓ કરતો. અલબત્ એ સર્વ, સિરાજના ભવિષ્યના લાભાર્થે તેને કરવાની ફરજ પડતી; પણ મૂળથી જ મહા ઇર્ષાખોર સ્વભાવના સિરાજે એ બધાનો બદલો પોતાના રાજ્યકાલમાં સૌથી પહેલી તક મળતા વ્યાજ સાથે વાળી આપવાનો દૃઢ નિશ્ચય કરી મૂકયો હતો જે વખત તેને સોટીઓ પડતી, તે વખત તે ઘણો ત્રાસી જતો, પરંતુ પોતાની પરવશતાને લીધે તે કાંઈ પણ કરી શકતો નહી હા! પોતાને પડેલી એ સોટીઓના બદલામાં તેણે આજ તરવારના ઘાથી પોતાના એક વારના ગુરુને દડ આપવાનો ઠરાવ કર્યો હતો! કહો કે અત્યારે તે કુલીખાને પોતાનો શિક્ષક નહી, પણ શત્રુ ગણતો હતો.

થરથર કપતા ઉભેલા કુલીખાને તેણે કહ્યુ "શયતાન! કેમ બોલતો નથી? એ વખતનુ તારુ જોર હવે કયાં ગયુ? એ વખતની તારી સોટીઓ હવે તુ કેમ અજમાવતો નથી નાપાક! આજ હું તારો જાન લઇશ. જલ્લાદ સામે આવ."

તુર્ત જ જલ્લાદ તખ્તનિકટ ગયો સિરાજે હુકમ કર્યો "બસ, ઉડાવ આ બદજાતની ડોક! કર તેની કત્લ!!" કુલીખાનાં મોતીઆં મરી ગયા. તેનો શ્વાસ રુંધાઈ ગયો. ગાત્ર શિથિલ થઈ ગયાં. તે પરસેવે ગરકાવ થઈ ગયો. જાણે તેના દેહમાં આત્મા જ નથી એમ તેને લાગ્યુ. તેણે નક્કી માની લીધું કે, આ કીનાખોર છોકરો મારો જાન લેશે એમાં નવાઈ નહી. ખરે, એ ભયંકર વિચાર આવતાં તેણે મોતને પોતાની સમીપ ઉભેલુ દીઠું. ઘણા કષ્ટથી તેણે "અલ્લા" નામનો પુકાર કર્યો કે જે સાંભળતા આ વાઘ ત્રાડી ઉઠયો: "કયાં છે, ક્યાં છે, તારો બચાવનહાર અલ્લા? અહીનો અલ્લા હુ છું. બચ્ચાઓને સોટીઓ લગાવતી વખત તેમની પીઠને, તેમના હાથને, શુ તમે મોલ્વી લોક, લાકડાંના કટકા સમજો છો? તમને ચામડી હોય છે અને તેમને શુ પત્થર હોય છે? ચલાવ, ઓ મસ્તાન, ઝુકાવ ગર્દન. જલ્લાદ કર ઘા. આજ હું મારો કીનો પૂરેપૂરો લઇશ.

એ વખતે મિરઝાફર, રાજા રાજવલ્લભ વગેરે વૃદ્ધ અનુભવી અને માનનીય વ્યક્તિઓએ વિનીત ભાવથી નવ્વાબને આજીજી કરી અને કુલીખાંનો વાક માફ કરવા કહ્યુ. પરંતુ એ જીદ્દી, સગદિલ સખ્શે કોઇનુ માન્યું નહીં. ઉલ્ટુ તેઓને ચોખ્ખું સભળાવી દીધુ કે, "જો વધુ ગરબડ કરશો તો તમને પણ આ બદમાશની સાથે ઉભા રહેવા ફરમાવીશ." આથી પોતાના પ્રાણ જવાના ભયે તેઓ વધુ બોલી શકયા નહી જે જલ્લાદને કુલીખાંનું શિર છેદવાનો હુકમ અપાયો હતો તે, આ શિક્ષક બચી જાય તો સારુ એમ ધારી ઉભો રહ્યો હતો તથા ઉપરના અમલદારોની અરજ વખતે હાથ જોડીને પોતે પણ જાણે તેમને પુષ્ટિ આપતો હોય, એમ દીનવદન સાથે ઉભો હતો. સિરાજ તેનો હેતુ કળી ગયા વિના રહ્યો નહી. તેણે તેને કહ્યુ જો તુ મારો હુકમ તામીલ કરીશ નહીં, તો ખુદ મારા હાથોથી તારા તથા આ મોલ્વીના—બન્નેનાં ડોકાં હુ પોતે ઉરાડી દઇશ.

આથી અન્ય કોઈ માર્ગ ન જોતાં, જલ્લાદ, કુલીખાનો હાથ પકડી, તેને બહાર લઈ જવા લાગ્યો, પણ નવ્વાબે કહ્યુ "નહી, એને બહાર ના લઇ જા અહી મારા દેખતા જ તેની કત્લ કર!" ખરે, એ વખત શોક અને તિરસ્કારની લાગણીથી ઘણાખરા દરબારીઓ પોતાનાં નીચા નમાવેલા માથા ઉંચા કરી શકતા ન હતા. ઘણા ભયત્રસ્ત થઈ, પોતાનો શ્વાસ બહાર કાઢી શકતા ન હતા, ઘણાઓની આખો આસુથી તરબોળ થઈ ગઈ હતી અને એવી તદ્દન ચૂપકીદીને વખતે જલ્લાદની તરવારના એક જ સખ્ત ફટકાએ બિચારો નિરપરાધી ગુરુ માર્યો ગયો!

નિશ્ચલ નેત્રોદ્વારા પોતાની તરફ જોતું કુલીખાનુ કપાઈ પડેલુ શિશ જોઈ, એ પાપી, ક્રર અને દુરાચારી સિરાજના મ્હો ઉપર, એ વખતે ભયકર હાસ્ય છવાઈ રહ્યુ. હા! એવા ખબિસ દિલના આદમીઓ, શુ પ્રજાપાલક નામને લાયક ગણાય કે?

દરબારીઓ, અત્યારે, સ્તંભિત થઈ ગયા હતા જોકે અત્યારે કોઈ કાંઈપણ શબ્દ ઉચ્ચારી શકે તેમ ન હતુ તોપણ સર્વ કોઇના હૃદયમા આ નવ્વાબ માટે એક જ પ્રકારની લાગણી હતી અને એ બીજી કોઈ જ જાતની નહી, પણ અત્યંત ધિક્કારની હતી. રહમ વિનાના, આ બેહયા નવ્વાબની પ્રચંડ ક્રૂર આકૃતિએ અંતે જ્યારે દરબાર બરખાસ્ત કર્યો ત્યારે બધા દરબારીઓ તુર્ત જ એ કમકમાટ ઉપજાવનારા વધસ્થાનમાથી ઘેર જતા રહ્યા! સિરાજે પોતાના રાજ્યાભિષેકનો પ્રથમ જ દિન, પ્રજામાં અને અમલદાર વર્ગમા ભય અને ધિક્કારની લાગણી સાથે શરુ કર્યો!

કુલીખાંના મૃત્યુ પછી, તેના ધડ અને શિષને એક કોથળામાં બાંધી એક હાથી ઉપર ચઢાવ્યાં અને તે કબ્રસ્તાનમાં મોકલવામાં આવ્યા. એમ કહેવાય છે કે–મુર્શિદાબાદના બજારમાથી જ્યારે આ હાથી પસાર થતો હતો, ત્યારે તે અચાનક એક સ્થળે ઉભો રહી ગયો હતો મહાવતે તેનું કારણ જાણુવા માટે જ્યારે નીચે નજર કરી, ત્યારે તેને જણાયુ કે, કોથળામાંથી થોડુક રક્ત ટપકી રહ્યુ હતુ અને હાથી પોતાની સુંઢથી તે સુંઘી રહ્યો હતો! અંકુશના સખ્ત પ્રહાર પછી હાથી ત્યાંથી ખસ્યો હતો અને કબ્રસ્તાનમા જઈ પહોંચ્યો હતો, જ્યાં યથાવિધિ કુલીખાને દફનાવ્યામાં આવ્યો હતો.

પણ ખરે, પ્રારબ્ધમા જે લિખિત હોય છે, તે થયા વિના રહેતું નથી અને જેવી કરણી હોય છે તેવાં ફળ મળ્યા વિના રહેતાં નથી. એ સિદ્ધાતનો પ્રત્યક્ષ દાખલો સિરાજને ત્યારે જ મળ્યો કે જ્યારે, તે પાપમય જિંદગી ગાળનાર પોતાના દેવરૂપ ગુરુને મરાવનાર, દોજખી શયતાન નવ્વાબના કંગાલ દેહનો અત, મિરજાફરના પુત્ર મિરનના હાથથી થયો હતો! સિરાજના શિરચ્છેદ પછી ઉપરના જ હાથી મારફત તેના મૃતદેહને કબ્રસ્તાનમા મોકલવામાં આવ્યો હતો જે વખતે, કહેવાય છે કે, એ હાથી બરોબર એ જ જગ્યાએ અટકી ગયો હતો કે જ્યા કુલીખાના દેહમાથી રક્તપાત થયો હતો! અચંબા સાથે તે વખત ઉપરના જ મહાવતને માલુમ પડ્યુ હતુ કે, સિરાજુદ્દૌલાના દેહમાથી તે વખતે ઝીણી રક્તધાર એ જ જગ્યાએ વહી રહી હતી અને હાથી તે સુંઘતો હતો!

ખરેખર, નિરપરાધી કુલીખાની હત્યાનુ વૈર, આ પ્રમાણે લેવામા વિધિએ ઘણુ યોગ્ય કર્યુ હતુ!

ઉમ્મરખાં અને ગેરીખાં

(લેખક બારોટ દામોદર)

શહેર દિલ્હીમાં પાદશાહની રાજધાની હતી, પાદશાહ અલ્લાઉદીન હતો. અલ્લાઉદીન પાદશાહની રાસદમાં ઉમ્મરખા અને ગેરીખાં એ બે ભાઇઓ હતા, અને તેઓ જાતના પઠાણુ હતા. આ બે ભાઈઓ પાદશાહના ઘણા વિશ્વાસુ અને મોટા માનકારી અમીર હતા. પાદશાહ એમ સમજતો હતો કે, આ ઉમ્મરખા અને ગેરીખાં એ બે અમીરો છે, તે મારા રાજના રખા છે. ઉમ્મરખાં અને ગેરીખાં પાદશાહના જેવા વૈભવ ભોગવતા હતા. આ સલામત પાદશાહને બેઉમો પર હતી. તેમાં એક

બેગમ મોટી માનકારી હતી. તેના ઉપર પાદશાહની અત્યંત પ્રીતિ હતી. એ માનકારી બેગમને હમેલ હતો, તેથી પાદશાહ અને સર્વે પ્રજા આનંદમાં હતી, કે સલામત પાદશાહને ખુદા શાહજાદો આપશે. એમ કરતાં કરતાં પાંચ છ માસ વ્યતીત થઈ ગયા. તે દરમિયાનમાં પાદશાહ સલામતને એકાએક લાંબી મુસાફરીએ જવાનો વખત આવ્યો. પાદશાહે પોતાની રાસદ ભેગી કરી અને મુસાફરીમા જે જે અમીર અને નોકરોને લેવાના હતા, તેમને હુકમ ફરમાવ્યો કે, તમે તમારા સાહિત્ય રસાલા સાથે મારી સાથે આવવા સારુ તૈયાર થાવ. ત્યાર બાદ ઉમ્મરખાં અને ગેરીખાને પોતાની હજુર બોલાવીને કહ્યુ કે,–હુ લાંબી મુસાફરીએ જાઉં છુ, પણ તમારા વિના મને એક દિવસ ચેન પડશે નહિ. તેમ છતાં તમને સાથે લઈ જવા મારો વિચાર નથી કારણ કે હુ અને તમે જ્યારે સર્વ મુસાફરીએ જઇએ ત્યારે આ દિલ્લીની રાજગાદીનો બંદોબસ્ત કોણ રાખે? આ મારી ગાદીના જાપ્તાના માટે તમને અહી મૂકુ છુ, અને થોડા દિવસમા હુ પાછો આવીશ આવો હુકમ પાદશાહે ઉમ્મરખા અને ગેરીખાને કહી સભળાવ્યો. આ બે અમીરોએ પાદશાહનો કરેલો હુકમ માથે ચડાવ્યો અને કહ્યુ કે,–"ખુદાવિદ કીસી બાતકી ફીકર કરના નહિ." પાદશાહ તે સાભળી ખુશી થયા અને બીજે દિવસે પાદશાહને મુસાફરી જવાનુ નક્કી હતુ, તેથી લાવલસ્કર તૈયાર કરી રવાના થવા તૈયારી કરી માવને પાદશાહની સ્વારીનો હાથી શણગારી તૈયાર કરી પાદશાહી ચોકમા લાવી ઉભો કર્યો સલામત પાદશાહ નીકળતી વખત જનાનામા પધાર્યા અને જે માનકારી બેગમ હતી તેની પાસે જઈ કહ્યુ કે,–હું મુસાફરી ઉપર જાઉ છુ અને ત્યાથી થોડા દિવસમા પાછો ફરીશ. હુ પાછો ફરું ત્યા સૂધી આપણા રાજનો તથા રાસદનો કુલ બંદોબસ્ત રાખવા સારુ ઉમ્મરખા અને ગેરીખાને ખાસ ભલામણ કરી છે. આ બન્ને અમીરો મારા માનકારી છે, તેથી મારા વગર તેમને ફાવશે નહિ. માટે મારી ખાસ ભલામણ છે કે,–થોડા થોડા એટલે દશ દશ પંદર પંદર દિવસમા એકાદ એકાદ વખત કોઈ કોઈ બગીચામા મેફલ કરવી, અને નાચ મજરા કરાવવા, અને ઉમરખા ગેરીખા બે અમીરોને આમત્રણ કરી તમારે બોલાવવા, એટલે રમત ગમતમાં દિવસ જાય. એવી બેગમ સાહેબને પાદશાહે ખાસ ભલામણ કરી પાદશાહે પોતાના લશ્કર સાથે મુસાફરી ઉપર પ્રયાણ કર્યું. તેઓ કુચપર કુચ, મુકામ કરી પોતાના દેશને જોતા જાય છે. એમ કરતાં કરતા બસેં ત્રણસેં ગાઉની મુસાફરીએ પાદશાહ જઈ પહોંચ્યા. પાદશાહે કહેલુ હતુ કે, થોડી મુદતમા પાછો ફરીશ, પણ પાદશાહ કા મામલા કહેવાય! તે વિષે કહ્યુ છે કે:–

દુહો—સમદર કેટલા ઘડુલા, અને મેરુ કેટલા શેર;
પાદશાહદા મામલા, એ તો દરીયાં હુંદા લહેર.

આ મુસાફરીમા કેટલાક કારણથી પાદશાહને વધારે દિવસ રોકાવુ પડ્યુ. એ હકીકત એટલેથી બધ રહી.

હવે અહી શહેર દિલ્લીમાંથી સલામત પાદશાહને મુસાફરી ઉપર નીકળે વીશ દિવસ થઈ ગયા, એટલે બેગમ સાહેબને પેલી પાદશાહની કહેલી ભલામણ યાદ આવી તેથી તેજ વખતે પોતાના ખાનગી વજીરને બોલાવી કહ્યુ કે—આપણા શહેરની બહાર કેશર બાગ છે, તે બાગમાં આવતી કાલે એક મોટી મેફલને જલસો કરવાને છે, અને ત્યા ઉમ્મરખાં અને ગેરીખાંને આમત્રણ કરી બોલાવવાના છે માટે ખાણુ ખાવાનો બદોબસ્ત તે બગીચામા કરવાનો છે અને તેની સાથે તાયફા વિગેરેનો નાચ પણ ત્યા કરવાનો છે બેગમ સાહેબના ફરમાન મુજબ ખાનગી વજીરે મેફલનો તમામ બદોબસ્ત કેશર બાગમા કરાવી દીધો બીજે દીવસે સવારના પહોરમા બેગમ સાહેબે પોતાના ખાનગી વજીર સાથે ઉમ્મરખા અને ગેરીખાંને આમત્રણ કરાવ્યુ વજીર હુકમ પ્રમાણે આ અમીરોને ત્યા ગયો. આ બે ભાઇઓ, એક હવેલીમાં ભેગા રહેતા હતા અને એક બીજા ઉપર ઘણો પ્રેમ રાખતા હતા આ બે ભાઇઓ પોતાના ખાનગી દિવાનખાનામા કચેરી કરી બેઠા હતા એ અરસામા આ વજીર ત્યા જઈ પહોચ્યો અને કહેવરાવ્યુ કે—બેગમ સાહેબના વજીરનુ આવવુ થયુ છે. આ વાત સાંભળી આ અમીરોએ તુરતજ માનપૂર્વક વજીરને પોતાના દિવાનખાનામા બોલાવ્યો. વજીર દિવાનખાનામા આવી સલામ કરી બેઠો. અમીરોએ વજીરની તબીયતની ખુશ હકીકત પૂછી અને પછી બેગમ સાહેબના પણ ખુશબખ્તીના સમાચાર પૂછ્યા આ વાતચીત થઈ રહ્યા બાદ વજીરે કહ્યું કે—નામદાર આજે કેશર બાગમા મોટી મેફલ છે અને ખાણું પણ ત્યાજ ખાવાનુ છે. આ મેફલનો બંદોબસ્ત બેગમ સાહેબ તરફથી થયો છે, અને આપને આમત્રણ કરવા સારુ બેગમ સાહેબે મને મોકલ્યો છે. માટે આપ આપની સોબત સાથે કેશર બાગમાં પધારવાનુ કરશો. આ વજીરની હકીકત સાંભળી આ બે ભાઇઓ આપસઆપસમાં એક બીજા સામુ જોઈ ગેરીખાં બોલ્યા કે—વજીર સાહેબ ' બેગમ સાહેબના ફરમાન અમકો શીરસા વદ્ય હૈ. ઓર બેગમ સાહેબકુ અમારા બોત દુવા સાથ સલામ બોલના ઓર એસા કહેનાકે—આપકા આમત્રણ પહુચા ઓર અમ ખાણા બી ખા ચુકે, યહ બાત કુછ ગુસ્સે હોનેકી હય નહિ. હમ કહેણેસે તો લાચાર હય મગર કહે બીના ચાલતા

નહિ હય. ઉસ્સે કહેણાઇ પડેગા. જબ બેગમ સાહેબકુ કહેના કે–સલામત પાદશાહ મુસાફરી ઉપર ગએહૈ, ઔર હમ પાદશાહકી બેઠકમેં બેઠને વાલે અમીરહૈ તબ યહ બગીચેકી મેફલમેં સલામત પાદશાહ તો હૈ નહિ. ઔર બેગમ સાહેબ મેફલ કરતે હૈ તો તીસ મેફલમેં કુચ અમેરા આનેકા જરૂરત નહિ હૈ. વજીર આ હકીકત સાંભળી ત્યાંથી તુરત જ ઉઠ્યો અને બેગમ સાહેબ પાસે આવ્યો. બેગમ સાહેબે કહ્યુ કે–કયું વજીર, ઉમ્મરખાં ઔર ગેરીખાંકુ ઇજન કીયા? વજીર હાથ જોડીને બોલવા લાગ્યો કે–આપકા ફરમાન મુજબ મયને આમંત્રણ કીયા હૈ ઉમ્મરખા ઔર ગેરીખાંકા ઐસા કહેના હુવા કી–અમ તો પાદશાહકી મેફલમાં બેઠનેવાલે હૈ ઔર-તોકી મેફલ ઔર બેઠક હોતી હૈ વહાં અમેરા કામ નહિ. વજીરે બે વાતો વધારે કહી કે જેથી બેગમ સાહેબને અને આ અમીરોને પૂરેપૂરી દુસ્મનાવટ પડી. આ વજીરની પૂરેપૂરી હકીકત સાભળી બેગમ સાહેબને એકદમ ક્રોધ ચઢી આવ્યો અને એવી જ રીતે મનમાં ધાર્યું કે, ઉમ્મરખા અને ગેરીખાંનુ હવે નામ રહેવા દેવુ નહિ. સલામત પાદશાહ જે વખતે પાછા આવશે, તે વખતે હુ જાનથી તેમને મારી નખાવીશ. ઓહો અબળા શુ નથી કરતી? એ વિશે કહ્યુ છે કે—

દુહો—મેન મકુ હરી હરકી કાઠી, અને જાસે બુધ તરીયાકી માઠી;
જો આપનો જાન્યો કરે, કે પ્રાણ તજકે આપે મરે.
નદી નાળા ઋષી કુળા, કામન ને કમળાં,
એતાં અત ન લીજીએ, ઘર વાછીએ કુશળા.
ટાઢાં સીતળ વન ડહણુ, જળ પથ્થર વહેરંત,
અબળા રુઠી જો કરે, જો દહી વાત ન કરત.

બેગમ સાહેબે આ ઉમ્મરખાં અને ગેરીખાંની વાત મનમા રાખી અને તે દિવસે કેશર બાગમા ધારેલી મેફલનુ કામ પૂરું કર્યું એ બગીચામા બેગમ સાહેબના આમંત્રણથી બીજા સરદારો ત્યા હાજર થયા હતા. તેમા ખાણુ ખાઈ નાચ મજરા સાથે સારો જલસો થયો હતો પણ ગેરીખાં અને ઉમ્મરખા તે મેફલમાં ગયા ન હતા. એમ કરતા કરતા બેગમ સાહેબને પૂરા દિવસ થયાથી અને ખુદાતાલાની મરજીથી તે બેગમ સાહેબને શાહજાદાનો જન્મ થયો. આ વાત શહેર દિલ્હીમા બહાર પડતાં સાથે, આખા શહેરમાં આનદ વર્તાણો. પાદશાહીમાં શાહજાના વાજા વાગવા માંડ્યાં, અને શહેરમાં લાખો રૂપિયાંની ખેરીયત થવા માંડી તથા હજારો મણ સાકરો વહેચાવા માંડી. શાહજાદાનો જન્મ થયો તે જ વખતે સાઢણી સ્વાર તૈયાર કરી સલામત પાદશાહનો જે શહેરમા મુકામ હતો, તે તરફ

સ્વાર વધામણી ખાવા સારુ રવાના થઈ ગયો. સાઢણી સ્વાર દડ મજલ કરતો સલામત પાદશાહના મુકામે જઈ પહોંચ્યો અને સલામત પાદશાહને વરધી કહેવરાવી કે–દિલ્લીથી સાઢણી સ્વાર આવ્યો છે અને તે આપ હજુર આવવા પરવાનગી માગે છે. એવી અરજ સલામત પાદશાહને મરજીદાને કહી. તુરત જ પાદશાહે આ હકીકત સાંભળી મરજીદાનને કહ્યુ કે,–જાવ, દિલ્હીથી આવેલા સાઢણી સ્વારને મારી પાસે રજુ કરો. હુકમ થયા બરાબર મરજીદાન પેલા સાઢણી સ્વારને પાદશાહ પાસે લઈ ગયો. સ્વારે પાદશાહને હાથ જોડીને સલામ કરી અને કાગળનો ખરીતો કદમમાં રજુ કર્યો. પાદશાહ સલામત ખરીતો પોતાના હાથમાં લઇને માંહેથી કાગળ કાઢી વાચવા માંડ્યો. આ કાગળ શાહજાદાના જન્મની વધાઇનો હતો અને તેમા વિશેષ બેગમ સાહેબે પાદશાહને તુરત ઘેર તેડાવવાના સમાચાર લખ્યા હતા. પાદશાહ કાગળ વાચતા વાચતા ઘણો આનન્દિત થયો અને ખુદા પાસે હાથ જોડી દુવા માગી. શાહજાદાના જન્મની વધાઈ જાણી પાદશાહ વારવાર ઘણો ખુશી થયો. ખુશી થવાનુ આ મોટુ કારણ છે, એ વિશે કહ્યુ છે કે,–

દુહો –રણ જીતે કંકણ વધે, પુત્ર વધાઈ આવે;
એ તીન અવશર સર્વકે, કુણ રંક કુણ રાવ.

સલામત પાદશાહે તે જ વખતે સેનાપતિને બોલાવી હુકમ આપ્યો કે–લશ્કરની તૈયારી કરો કારણ કે અહીથી મુકામ કુચ કરી એકદમ દિલ્હી જવાનુ છે. પાદશાહના ફરમાન મુજબ સરદારો અને લશ્કર પોતપોતાના રસાલા સાથે તૈયાર થઈ ગયુ પાદશાહ ત્યાથી કુચપરકુચ મુકામ કરતાં થોડા દિવસમા શહેર દિલ્હી નજીક આવી પહોંચ્યા અને દિલ્હીમા ખબર પડી કે સલામત પાદશાહની સ્વારી કાલે શહેરમાં પધારવાની છે. આવુ સાંભળી આખા શહેરમાં ધામધૂમ થઈ રહી હતી અને બીજે દિવસે સલામત પાદશાહની સ્વારી જ્યારે શહેરમા પધારી ત્યારે સલામીની તોપો છુટવા માંડી. તેના અવાજ એવા થવા લાગ્યા કે, જાણે ભાદરવા માસનો વરસાદ ગાજવા માડ્યો હોયની. સલામત પાદશાહના સામૈયામા આ ગેરીખા તથા ઉમ્મરખા પોતાના રસાલા સાથે ધામધૂમથી ગયા હતા અને પાદશાહની મુલાકાત લીધી હતી. હવે તેમના ઉપર જે બેગમ સાહેબે કપટ ધારેલુ હતુ, તેની ખબર ઉમ્મરખાં અને ગેરીખાને બિલ્કુલ ન હોતી. આ બન્ને ભાઇઓ ઘણા નેકબક્ષ અને હૈયાના ભોળા હતા. એમની કોઈ પ્રકારે બદ દાનત ન હોતી. આ અમીરો પાદશાહની સ્વારીમા સાથે સાથે રાજમહેલ સૂધી આવ્યા હતા. સલામત પાદશાહની સ્વારી

ઉતરી સૌ લશ્કર તથા સરદારો પોતપોતાને મુકામે ગયા અને પાદશાહ જનાનખાનામા પધાર્યા, તેથી ઉમ્મરખા અને ગેરીખાં પોતાના મુકામે ગયા. પાદશાહની પ્રીતિ બેગમ સાહેબ ઉપર ઘણી હતી અને વળી શાહજાદાનો જન્મ થયેલો, તેથી પાદશાહ બેગમ સાહેબને વશ થયો. સલામત પાદશાહ જનાનખાનામા જે વખતે ગયા, તે વારે બેગમ સાહેબને અને શાહજાદાને જોઈ પાદશાહ ખુશ થયો. પાદશાહે બેગમ સાહેબના સામુ જોયુ કે તેમની આખમાંથી દડદડ આસુ પડવા માડ્યાં તે પાદશાહના જોવામા આવ્યાં. આ બનાવ જોઈ પાદશાહ ઘણા ઉડા વિચારમાં પડી ગયો કે, બેગમ શા કારણથી રોતી હશે વળી મનમાં એમ પણ લાગ્યુ કે, મે કહ્યુ હતુ કે–મુસાફરીમાંથી થોડી મુદ્દતમાં પાછો ફરીશ અને મને વધારે મુદ્દત રહેવુ પડ્યુ, તેની કંઈ દીલગીરી હશે ! એમ જાણી પાદશાહ બેગમને પૂછવા લાગ્યા કે–આજ બડા ખુશીકા દિનમેં દિલગીરીકા કારણ ક્યાહે ? મુસાફરીકા મામલા હૈ ઇસ લીયે દો દિન જ્યાદાભી લગ ગયે તો કયા હુવા ? બેગમ સાહેબ બોલી કે–ખુદાવિદ, ઇસ મુસાફરી કે વાસ્તે મેરેકુ દિલગીરી નહિ હૈ મેરેકુ દિલગીરી દુસરી હૈ પણ વો બાત મૈ કહ નહિ શકતી પાદશાહ બોલેકે એસી કયા વાત હૈ કે આપ નહિ કહ સકતી હૈ. જબ બેગમ કહેનેકુ લગી–સલામત આપકા મુસાફરીકે પર જાણા હુવા ત્યારબાદ આપકે જો માનકારી અમીર ઉમ્મરખા અને ગેરીખા જીસકા ઉપર આપકા ભરોસા હૈ પણ વો અમીર બડે બદમાશ હૈ ક્યુ ઈનિકે દીલમે એસા થા કે આ સલામત પાદશાહને લડકા ન હોય તો અચ્છા. ક્યુકે લડકા ના હોય તો સબ રાજગાદીકે માલિક અપન હોઇ જાય પાદશાહ કયા કર સકતાહે જબ મેરે શાહજાદાકા જન્મ હુવા કે ઉસ રોજ યહાંકી રાસદમેં ઓર સારા શહેરમા બડા આનદ હો રહાથા. મગર ઉમ્મરખાં ઓર ગેરીખાકુ બડી ઉદાસી હોઈ રહીથી કે ખુદાને કયા કીયાકે પાદશાહકે લડકા હુવા. એવી વાત બેગમના મુખમા સાભળીને પાદશાહના શરીરનો રગ બદલાઈ ગયો અને પાદશાહ કહેવા લાગ્યા કે–બેગમ એ બાત સબ જુઠ હૈ ઉમ્મરખાં ઓર ગેરીખા મેરે ખાસ મરજીદાન અમીરહે મે ઉસકુ અચ્છી તરેહસી જાનતા હુ તુમ બાત કરને હૈ વો સબ જૂઠ હૈ ઓર કોઈ કમબખ્તને આપકુ ખોટી હકીકત જાહેર કી હોગી લેકીન ઉમ્મરખાં ઓર ગેરીખાકુ કભી વૈસા વિચાર ઉત્પન્ન હોનેવાલા નહિ. ત્યારે બેગમે કહ્યુ કે–બદેનવાજ આપ ખાત્રી કર લીજીએ. પાદશાહ બોલ્યો કે, કીસ તરેહસી ખાત્રી કરના ? બેગમે કહ્યુ કે–ખુદાવિદ શાહજાદાકા જન્મ હુવા હૈ ઓર ખુશાલીકા કુચભી ઇનામ અકરામ કીયા નહિ હૈ. જબ આપ એસા કરો કે સબ અમીર ઉમરાવ હૈ, વો સબકું આપ પાદશાહ

તરફથી ઇનામ હોના ચાહીએ, ઔર ઉમ્મરખાં અને ગેરીખાં એ દો અમીર્યોંકા ઇનામ મેરી તરફથી હોના ચાહીએ. જો વો સબ ખુશાલીકા ઇનામ લેવેંગા ઔર ઉમ્મરખા અને ગેરીખા એ દો જણ કભી ઇનામ નહિ લેવેંગા તબ આપકી ખાત્રી હોઇગી કે—નક્કી બદદાનતહૈ. જો એ બાતમેં ખુશ હોયગા તો ઇનામભી લેવેગા. એ દાખલા પ્રત્યક્ષ હૈ યહ બાત સુણ કે પાદશાહને કબૂલ કીયા કે, બરાબર તુમેરા કહેના સચ હૈ. હમ ઇસી તરેહસી કલ બંદોબસ્ત કરેંગે પણ પાદશાહને આ વાત બહુ અજાયબ લાગી કે—યા ખુદા આ બાત કયા, કુચ ખરી હોયગી ઉમ્મરખા અને ગેરીખા એસા ખરાબ આદમી નહિ હે. બેગમકા કહેના ઐસા હૈ પણ એ બાત ખરી ખુદા જાણે આ પ્રમાણેની હકીકત બેગમે રાજાને કહી હવે તે દિવસ તો વાતચીતમા પૂરો થઈ ગયો. બીજે દિવસે પાદશાહે ઇનામની તૈયારી કરી આ ઉમ્મરખા અને ગેરીખાને ઇનામ આપવા સારુ બેગમ સાહેબે લાખ લાખ રૂપિયાની બે કુડકો બનાવી. આ કુડકનો દાગીનો છે, તે ઓરતને પહેરવાનો દાગીનો છે. આ દાગીનો મરદને પહેરવાનો નથી. આવો પેચ બેગમે રચ્યો, પણ તેની ખબર પાદશાહને પડી નહિ એમ કરતા કરતા બે ચાર દિવસ વીતી ગયા. જે દિવસે ઇનામનો મેળાવડો થવાનો હતો, તે દિવસે દરબાર ભરવાનો પાદશાહે ઠરાવ કર્યો હવે આ ઠરાવેલા દિવસે આમત્રણ જવાથી બીતેર ખાન ને બહોતર ઉમરાવ તમામ ભેગા થયા. આજે પાદશાહ તરફથી ખુશાલીનુ ઇનામ થવાનુ હોવાથી પાદશાહે તમામ રાસદમા જાસુદ મોકલ્યા અને કહેવરાવ્યું કે—આજે મોટો દરબાર ભરાવાનો છે, માટે પાદશાહ તરફથી આમત્રણ છે કે સોએ પધારવુ દરબાર ભરવાનો વખત થયો, એટલે ખાન ઉમરાવ તથા બીજા લોકો તમામ આવવા લાગ્યા. તે વખતે સલામત પાદશાહને બેગમે બોલાવીને કહ્યુ કે,—આપ તરફનું ઇનામ વેંચાય, તે સર્વે કચેરીમા અને ઉમરખા અને ગેરીખાને ઇનામ મારી તરફથી તેમના મુકામે જવાનું છે. તે ઇનામના દાગીના પહેરી અને પછી એ બે ભાઇઓ કચેરીમા આવે. બેગમનુ એવુ કહેવુ સાંભળી પાદશાહ સલામત બોલે કે—બહોત અચ્છા, જિસકા તુમ જાદેમાન કરતે હૈ. ઇસસે હમ બહોત ખુશી હે. એટલુ કહી સલામત પાદશાહ દરબારમાં ગયા અને ત્યાં દરબારમા સભા ભરાવા લાગી. પાદશાહના જનાનખાનામાંથી ગયા બાદ દાસીને બોલાવી ચાદીનો થાળ મંગાવી પેલી સોનાની બનાવેલી કુડકો તે થાળમાં મૂકી, તેની ઉપર ભરગચ્ચીનો રુમાલ નાંખ્યો અને કહ્યુ કે—છોકરી (દાસી) આ થાળ લેઇને તુ પેલા ગેરીખા ઔર ઉમ્મરખાંના મકાનપર જા અને કહેજે કે, આજ સલામત પાદશા-

હુની કચેરીમાં શાહજાદાના જન્મ ખુશાલીકા ઇનામ વહેંચાય છે. બધી ગસદને પાદશાહ તરફથી ઇનામ અપાવાનું છે અને એ ઇનામનો મેળાવડો દરીખાનામાં થવાનો છે. પણ તમારે માટે બેગમ સાહેબ તરફથી ઇનામ-લઇને હુ આવી છુ. એ ઇનામ પહેરીને આપ કચેરીમાં ચાલો— એમ કહીને થાળ રજુ કરજે. દાસી આજ્ઞા પ્રમાણે એ ભાઇના મકાનપર ગઈ. આ વખત બન્ને ભાઇઓ દરબારમા જવાની તયારી કરતા હતા. દાસીના હાથમાં થાળ લઇને ઉપરથી રુમાલ ઉપાડી જોયુ તો અદર કુડકાં જોઈ વિચારમાં પડ્યા કે, આ તો સ્ત્રીઓનો દાગીના છે તે મરદથી કેમ પહેરાય. આવો વિચાર કરી થાળ પાછો છોકરીના હાથમાં આપી કહ્યું કે—બેગમ સાહેબકુ અમેરા બહોત સલામ કહેના, ઓર એસા કહેના કે—આપકુ શાહજાદા ખુદાને દીયા તો અમ બહોત ખુશા હે. અમ ખાતે પીતે હે વો સબ પ્રતાપ પાદશાહકા હૈ લેકીન એ ઇનામ અમકું નહિ ચાહીએ ઉમ્મરખા અને ગેરીખાનુ કહેવુ સાભળી લુડી વાથી પાછી કરી, અને બેગમ સાહેબ પાસે આવી થાળ પાછો રજુ કર્યો. બેગમે ઉત્કંઠાથી પૃછ્યુ કે, શા સમાચાર દાસીએ મુજરો કરીને કહ્યુ કે, અમીરોએ આ ઇનામ લેવાની ના પાડી છે અને પછી સર્વ વિગત યથાસ્થિત કહી. આ વાત સાભળીને બેગમને ક્રોધ ચઢ્યો. થાળ પોતાની પાસ રખાવી પાદશાહને બોલાવા મોકલ્યુ. બીજી બાજુ વખત થવાથી દરીઆખાનામા સૌ અમીર ઉમરાવ અને રાસદના તમામ નોકરો આવી ગયા. ફક્ત ઉમ્મરખાં અને ગેરીખા પદાણો આવ્યા ન હોતા. બાદશાહ તેઓની રાહ જોતો હતો, એટલામા બેગમ સાહેબની દાસી તેમને બોલાવા આવી. બાદશાહ કચેરીમાથી ઉઠીને જનાનખામા ગયો. બાદશાહને આવેલો જોઈ બેગમે પોતાના પ્રપચની યુક્તિ લડાવી કહ્યુ કે, ખુદાવિદ આપ કહેતે થે કે, ઉમ્મરખાં ઓર ગેરીખા મેરે ભરોંસાકા અમીર હૈ પણ દેખીએ શાહજાદાકી ખુશાલીકા ઇનામ મૈંને લુડીકી સાથ ઉનકે મકાનપર ભેજાથા પણ વો ઉસને લીયા નહિ. ઓર વાપીસ કરદીયા તો ઇધર રખા હૈ. ઇનામમા મોકલેલી ચીજ કઈ અને શુ છે તે બાદશાહ બીલકુલ પોતે જોતા નથી. કેમકે ભવિષ્ય ખોટુ બનવાનુ હતુ. બનવા કાળ એમ જ બને છે. આ વાત સાભળી બાદશાહે લુડીને ફરી હુકમ કર્યો કે-તુ જા ઓર ઇનકુ કહેના કે—સલામત બાદશાહે મને ભેજીહે સો એ ઇનામ લેના ઓર પેનકર કચેરીમે ચલો. આ લુડી બીજી વખત ઇનામનો થાળ ભરી કચેરીમાંથી ગઈ. ઈનામમા શુ છે, તે રાજા જોતો નથી. પણ વાટ જોઈ રહ્યા હતા. વખત થયો હતો, પણ ઉમ્મરખા અને ગેરીખાં કચેરીમાં ગયા નહોતા. થાળ લઇને લુડી ઇનામ અમીરોની આગળ ફરી

રજુ કરી ફીર બોલી કે–ને ખુદ સલામત પાદશાહે મેરેકુ ભેજી હૈ સો એ ઇનામ લેકર પહેનો ઔર દોનુ ભાઈ કચેરીમે ઝટ ચલો. આ બીજો હુકમ પાદશાહ ખુદનો સાભળી આ બે અમીરો વિચારમા પડ્યા કે આ હુકમ ખુદનો છે માટે પાછો ઠેલવો તે ઠીક નહિ. આ બે ભાઇ-ઓમાં ગેરીખા મોટા હતા. ગેરીખાંએ કહ્યુ કે ઉમરખા તમે મકાનમાં રહો અને આ ઇનામ મને પહેરવા દ્યો એવુ કહી આવેલી લુડીને બહાર ઊભી રાખી અને ગેરીખાએ તે જ વખતે ઉમરખાંને કહ્યુ કે–આ મારું માથુ ઉતારી પાદશાહની કચેરીમાં મોકલો અને તમારી જરૂર પડે તો તમે પણ તેમ કરજો. એમ કહી ગેરીખાંએ પોતાનુ માથુ પોતાના હાથે કાપી નાખ્યુ. બાદ ઉમ્મરખાંએ તે મસ્તક લુછી અને પેલા બેગ-મના થાળમાં મૂકી રુમાલ ઢાંકી દીધો, અને આવેલી લુડીના હાથમા આપી ઉમરખા બોલ્યા કે–બાંદી આ થાળ પરભારો પાદશાહના દરી-ખાનામાં લઈ જઈ અને પાદશાહને હાથોહાથ આપજે અને કહેજે કે, આ ગેરીખાં અને ઉમ્મરખાએ ભેટ મોકલી છે બાંદડી થાળ લઈ ત્યાંથી ચાલી. તેને ખબર નથી કે તેમાં માથું મૂકેલુ છે આ થાળ લઈ બાદી દરીખાનામાં દાખલ થઈ ત્યા તમામ દરીખાનુ ભરેલુ હતું. ત્યાં સતા-રોના તાર તુટતા હતા, પાતરે પાવ પલખ્યા હતા, દોકડા માથે થાપો પડતી હતી, તમામ દરીખાનામા કડેકડું ધાસતુ હતુ અને ચોપદાર લલકાર કરી રહ્યા હતા પાદશાહ તખ્ત ઉપર બીરાજમાન થયા હતા, ચમ્મરના ઝપાટા થઈ રહ્યા હતા શાહજાદાની ખુશાલીના ઇનામનો દરબાર હોવાથી પાદશાહ રગમા બેઠેલા હતા. તે અરસામા આ બાંદડી થાળ માથે ઉપાડી દરીખાનામાં પેઠી બાંદડીને જોઈ પાદશાહ વિચાર કરવા લાગ્યા કે–આ બાંદડી કયા લેકર દરબારમાં આતી હૈ. એટલામાં બાંદી તખ્ત પાસે આવી હાજર થઈ ગઈ અને બોલી કે–જીવી જહાપના, દીન દિલ્લીકે પાદશાહ, વો ઉમ્મરખા ઓર ગેરીખાંએ આપકુ ભેટ ભેજીહે કયુ કે મેં ઇનામ લેકર ઇનકે વાં ગઈ થી જબ ઇનામ સ્વીકારકે મેરી સાથ યહ ભેટ ભેજી હે. પાદશાહને કીયા બહોત અચ્છા નીચે રખ જબ પાદશાહ બોલે, ઓ બાદી કે ઉમ્મરખા ઓર ગેરીખાં કયુ દરબારમે નહિ આએ? જબ બાંદીને કીયા–જી હજુર મીજે ખબર નહિ હૈ એટલુ કહી સલામત પાદશાહે પેલો થાળ હાથમા લઈ રુમાલ ખસેડી જોયા બરા-બર એકદમ ચમકી ઊઠ્યા અને નીસાસો નાંખી બોલ્યા કે–અલ્લા તોબા! એ કયા બડી ગજબકી બાત હોઈ ગઈ! આ કાપેલા માથાની પાસે થાળમાં કુડકા પડેલી હતી, તે જોઈ પાદશાહને ઘણો ખેદ થયો. અલ્લા, બેગમને બોત જુલમ કીયા, યહ ઓરતોકુ પહેરનેકી ચીજ

ઇનામમાં ભેજી તો વો અમીર ફીસ તરેહસી પહેરે ! એ બડી ગજબકી બાત હોઈ. મેને બેગમકા કેહણા સુનકે—નાહક ખાલી એસા મેરા જીવ-જાન અમીરકુ મરવા ડાલા. આ વાત જાણી પાદશાહ કોપાયમાન થયા. આ સર્વે હકીકત પેલી બાંદીએ જનાનખાનામા ગયા બરાબર બેગમ સાહેબને કીધી. આ માથુ કાપ્યાની હકીકત સાભળી બેગમે બાંદડી સાથ પાદશાહને કહેવરાવ્યુ કે—ગેરીખાંએ માથુ ઊતારી દરીખાનામા મોકલ્યુ છે અને મારી મોકલેલી કુડકો પહેરી નથી. માટે એ કુડકો કાપેલા મસ્તકના કાનમા પહેરાવો. જો કાને નહિ પહેરાવો તો હુ આ શાહજાદાને લઈ આ મહેલ ઉપરથી પડતુ મૂકીને મરી જઇશ એ હકીકત બાંદીએ દરીખાનામા આવી પાદશાહને કહી. આ પાદશાહ બેગમને વશ હતા, વળી પાદશાહ હૈયાના ભોળા હોય છે તેથી પાદશાહે જાણ્યુ કે—કબી શાહજાદાકુ લેકર બેગમ મહેલપરસી ગીરકે મરજાયગી તો બડા ગજબ હોગા. ખેર એ મુસ્તક મુરદા હૈ તો ફીર ઊસકા કાનમે કુડક ઘાલનેકુ અરજા નહિ હૈ ઔર ઓરતકી હઠ પુરી હોતી હૈ. એવુ સમજી નોકરને હુકમ કર્યો કે—એ કુડક લેકર મુસ્તકે કાનમાં પેહરા દો નોકરે ઊઠી અને કુડક લઈ ગેરીખાંના મસ્તકના કાનમા પહેરાવવાને ગયો, એટલે તે મસ્તક થાળમાંથી ઊછળીને વેગળુ બહાર પડ્યું. તે વખત એક કવી કચેરીમા હાજર હતો, તેથી તેને એ ગેરીખાના શૂરવીરપણા વિશે એક દુહો કહ્યો કે—

દુહો—જનુની જણે તો એસા જણો, જેસા ગેરીખાન;
શીર કાટ શાહકુ દીઆ, પણ કુડક ના પહેરી કાન.

એવી અજાયબ વાત જાણી આખુ દરીખાનુ ચકિત થઈ ગયુ અને પાદશાહ પણ ચકિત થઈ ગયો. ગેરીખાંના મરણથી પાદશાહને આ વખતે વધારે દિલગીરી થઈ અને ઘણા વિચારમા પડી કહેવા લાગ્યો કે—ઓરતની પહેરાવવાની ચીજ બેગમે મોકલી અને મને ઉલટો સમજાવ્યો. જેથી મારા ગેરીખાન જેવા અમીરનુ મરણ નીપજ્યુ. શુ કરે, મુવા સજીવન કોઈ પણ થતા નથી, એ વિશે એક દુહો કહ્યો છે કે—

દુહો—ઉજડ ખેડા વસે, નિરધનીયા ધની હોય,
ગયાં જોબન ન સાપડે, મુવાં ન જીવે કોય.
ખેમડા મોટી ખોડ, માણસને મરવા તણી;
બીજી લાખ કરોડ, પણ એવી તો એકે નહિ.

ગેરીખાના મુવા બાદ પાદશાહે ઘણા દિવસ સૂધી દરબાર ભરવો બધ રાખ્યો. અહી ઉમ્મરખાં ગેરીખાના મરણના શોકમા હોવાથી પોતાના મકાન બહાર નીકળતા નહિ. ગેરીખાના દફન વિગેરેની ક્રિયા ઉમ્મર-ખાએ કરી હતી. ભાઈના મુવા પછી ઉમ્મરખા કચેરીમા બીલકુલ જતો

નહિ. બેગમનુ જોર શાહજાદાના જન્મ પછી વધારે વધી ગયું હતું. ગેરીખાંના મરણ પછી પાદશાહે બેચાર મહિના સૂધી તેમની નીમનોક ઘેર બેઠાં પહોંચાડી હતી. આખરે બેગમે વજીરને કહી, આ અમીરોની રોજી બંધ કરાવી દીધી. આ વાતની પાદશાહને બીલકુલ ખબર ન હોતી. આનુ જોવાપણું વાંચકે એટલુ જોવાનુ છે કે–મોટાની પ્રીતિ આટલી કે જ્યા સૂધી સામાસામી નજર મીલાવ હોય ત્યાં સૂધી, નહિ તો જુઓ કે આ ઉમ્મરખાં અને ગેરીખા પાદશાહના ખાસ અમીર હતા પણ ગેરીખાના મરણ પછી ઉમ્મરખાએ પાદશાહની મુલાકાત લીધી નહિ અને સામી રોજી બંધ કરી. પાદશાહે ઉમ્મરખાંને પછી યાદ પણ કર્યો નહિ. મોટા લોકોની ખાસ દોસ્તીના વખતે આવા ફળ પણ ચાખવા પડે, તેનો આ એક નમુનાદાર દાખલો છે. હવે આ ગેરીખાના મરણ પછી થોડી મુદતમા તેની સ્ત્રી પણ ગુજરી ગઈ હતી ઉમ્મરખા અને તેની સ્ત્રી બન્ને હયાત હતા. આ વખતે ઉમ્મરખાને કઈ ફરજન ન હોતુ જ્યારે ગેરીખાના મરણને ચાર પાચ માસ જેટલી મુદત થઈ ત્યારે ઉમ્મરખાએ વિચાર કર્યો કે, આજે તો પાદશાહની મુલાકાત સારુ જાઉં. અહી બેગમે વજીરને કહી ચોકીપારાવાળાઓની સાથે એવો બંદોબસ્ત કરાવ્યો કે, કોઈ દિવસે ઉમ્મરખાને સલામત પાદશાહની હજુર જવા દેવો નહિ અને આવે તો તેમને કહેવું કે, તમારી નીમનોક બંધ છે અને તેની સાથે તમારે દરબારમા નહિ જવા દેવા પાદશાહનો હુકમ છે પાદશાહ તમારી સલામ લેવાના નથી, એવુ હજુરનુ ફરમાન છે. હવે આ ઉમ્મરખા ઘેરથી તયાર થઈ પાદશાહની મુલાકાત સારુ દરબારના દરવાજે આવ્યો. પ્રથમ ઉમ્મરખા દરબારમા આવતો ત્યારે હજારો માણસો ઊભા થઈ સલામો કરતા અને પોતાની સુખદુ:ખની વાત બાદશાહને પહોંચે તેમ નિવેદન કરતા. તે ઉમ્મરખાંનો વખત એવો આવ્યો કે, કોઈ દરવાજામા પણ રહેવા દેતા નથી. એવી વખત આવે તે વિષે કહ્યુ છે કે;–

દુહો–સાંચા અખીયાં હેડી, તો વેરી ખલક તમામ;
ટકુ એક ઝોલા મહેરકા, તો લાખુ કરે સલામ.

આ ઉમ્મરખા ચોકી આગળ આવ્યો ત્યારે પહેરાગરી લોકે ઊભો રાખી કહ્યુ કે તમને જવા દેવાનો હુકમ નથી. પાદશાહનુ એવુ ફરમાન છે કે ઉમ્મરખાને દરબારમા પેસવા દેવો નહિ. ઉમ્મરખાએ વાત ખરી માની કે સર્વ હકીકત ખરી હશે. એમ જાણી પાછા વળ્યા અને શોકાતુર થઈ કહેવા લાગ્યા કે ખુદાકી મરજી. આ વાત પાદશાહ કઈ પણ જાણુતા નથી. હવે ઉમ્મરખાં પોતાના મકાનમાં બેસી રહેતા. ઉમ્મ-

રખાં હાથીના હોદ્દા ઉપર બેસવાવાળો હતો, તેથી તેને દરબારમાં જવા ન મળવાથી ઘણુ માઠુ લાગ્યુ. તે ગામમા પોતાનું મકાન છોડી કોઈ ઠેકાણે ફરવા પણ જતો નહિ આ ઉમ્મરખાની નીમનોક મળતી બંધ થઈ, પણ તેણે પોતાનુ ખર્ચ ઓછુ કર્યું નહોતું. પેદાસ બધ તેથી ખાવાની તગી પડી. પૈસાનો જેમ જેમ તોટો પડતો ગયો તેમ તેમ ઉમ્મરખાંએ નોકર ચાકર વિગેરેનુ ખર્ચ ઓછુ કરવા માંડ્યુ. છેવટ જે નોકર હતા, તેમને પગાર નહિ મળવાથી જતા રહ્યા ઘરમાથી નાણુ ખુંટી ગયું ત્યારે ઉમ્મરખાં અને તેની સ્ત્રી સિવાય પાસે કોઈ રહ્યુ નહિ. ગેરીખાંના મરણને આ વખતે બે ત્રણ વરસની મુદ્દત થઈ હતી. ઉમ્મરખાંની પણ આ વખતે વૃદ્ધ અવસ્થા થઈ હતી. બીજે રસ્તે કમાવાની શક્તિ ઉમ્મર-ખાને બીલકુલ નહોતી. તેથી ખરચી માટે પૂરી તોટ હતી. આ ઉમ્મરખાના ઘરમા જૂની પાદશાહી વખતની ગેબ ઈલિમ નામની એક કિતાબ હતી. તે આ ઉમ્મરખા કિતાબ વાચતા હતા. જ્યારે કિતાબ વાચતા વાચતા આઠ માસ થયા, ત્યારે એ કિતાબમા એવુ અગમ સૂઝી આવ્યુ કે–શહેરની બહાર દક્ષિણ બાજુ ઉપર એક મેદાન છે. તેના મધ્ય ભાગમા કોટાત રૂપીયાનો ખજાનો ભરેલો છે. એ ખજાનામા રૂપાનાણાથી સોનાનાણુ વધારે છે દાટેલી તમામ માલ મિલ્કતની હકીકત કિતાબમા બરાબર નિશાની સાથે લખેલી હોવાથી ઉમ્મરખાને ખબર પડી, એટલે મનમા વિચાર કરવા લાગ્યો કે–જે વખતે પાદશાહ આગળ મારુ ચલણ હતુ, ત્યારે મને આ ખબર પડી હોત તો તે મકાનમા બગલો કરી જમીન મારે કબજે કરી ખજાનો ખુલત, પણ હાલ ઇલાજ નથી. તે અરસામા ઉમરખાની સ્ત્રી સગર્ભા હતી અને પ્રસુતનો વખત નજીક આવ્યો હતો, પણ આ વખતે ઉમ્મરખાની એવી દુર્બળ સ્થિતિ હતી કે–ખાવાના પણ સાસા પડતા હતા. પછી ઉમરખાએ વિચાર કર્યો કે-વજીરનુ ચલણ પાદશાહ આગળ વધારે છે, તો તેની પાસે જઈ આ હકીકત તેને કહુ જો કદાપિ તે વજીર જમીન પોતાના કબજે લઈ એ ખજાનામાથી પૈસા કાઢી લેશે અને જ્યારે તેને કરોડો રૂપીયા મળશે ત્યારે લાખ બેલાખ રૂપિયા મને પણ આપશે, જેથી મારુ ગુજ-રાન ચાલશે. એવો વિચાર કરી ઉમ્મરખાં ત્યાથી ઉઠી વજીરના મકાને મળવા ગયો. વજીરના દરવાજા આગળ જઈ સિપાઈ સાથે કહાવ્યુ કે–ઉમ્મરખા આપને મળવા સારુ આવે છે. પેહેરેવાલે વજીરને આવી કહ્યુ કે–સાહેબ ઉમ્મરખાં આપને મળવા સારુ આવ્યા છે. આ સાંભળી વજીરે વિચાર કર્યો કે–ઓહો પાદશાહની જોડે બેસવાવાળા અમીર હતા; પણ હાલ તેમના કેવા હાલ થયા છે. પણ ખેર મારા મકાનમાં આવ્યા

માટે મારે મળવું જોઇએ. એમ કહી ઉમ્મરખાને વજીરે પોતાના બંગલામા સારા માન સાથે બોલાવી વાતચીત કરી. પછી વજીરે પૂછ્યું કે, ઉમરખાં કેમ આપનું પધારવુ થયું, ત્યારે ઉમ્મરખાંએ કહ્યું કે, વજીર સાહેબ! એક ખાનગી વાત તમને કહેવાની છે અને તેમાં તમારું અમારું હિત થાય તેવુ છે. જ્યારે લાભની વાત આવી ત્યારે વજીરે કહ્યુ કે, કહો, શુ હિત થાય તેવુ છે કહો ઉમરખાંએ કહ્યુ કે, આપણા શહેરથી બહાર એક મેદાન છે. તે મેદાનના મધ્ય ભાગમા કરોડો રૂપિયાનો ખજાનો છે, એવી મને સૂઝ પડી આવી છે અને તે વાત તમામ ખરી છે. માટે તે જમીન કબજે લઈ તે નાણાં તમારા કબજે કરો, અને તમને મળ્યા પછી તમારી ખુશી મુજબ લાખ બે લાખ જેટલાં નાણાં મને પણ આપશો તો મોટો ઉપકાર થશે અને આ આપેલી ખબર માટે આટલી રકમ આપવી આપને ભારે પણ નહિ પડશે વળી એ રકમથી મારો નિર્વાહ નિર્વિઘ્ને ચલાવી શકીશ, એટલે મને પણ લાભ થશે આ વાત સાભળી વજીરે તુરત ગાડી જોડાવી તેમાં પોતે અને ઉમ્મરખાંને બેસાડી પેલા મેદાન ઉપર જગ્યા જોવા માટે રુબરૂ ગયા. ઉમ્મરખાએ જગાનુ મૂળ ઠેકાણ બરાબર બતાવ્યુ અને કહ્યુ કે, આ ઠેકાણે કરોડો રૂપિયાનો ખજાનો ભરેલો છે આ હકીકત સાભળી વજીર કહે ઠીક. આ જગ્યા પાદશાહ પાસેથી માગી અને વરડો બનાવી તેમા બંગલો ચણાવી તમને ખબર આપીશ, એટલે તમો તુરત અહી આવજો. આ વાત નક્કી કરી ઉમ્મરખા પોતાને મુકામે આવ્યા. વજીર પાદશાહ પાસે ગયો સલામત પાદશાહને અરજી કરી કહ્યુ કે, ખુદાવિંદ, શહેરની બહાર એક હવા માટે બગલો બનાવવાનો છે. જો આપનું ફરમાન હોય તો બનાવુ. પાદશાહે હસીને કહ્યુ કે, ઇસમેં કયા પૂછનાહૈ, જાવ તુમેરી મરજી હોય વહાં બગલા કરવા દ્યો. પાદશાહનો હુકમ થવાથી વજીરે તે બતાવેલી જગાએ વરંડો કરી તુરત બગલો તૈયાર કર્યો વજીરે બગલો બનાવ્યા બાદ તે જગા ખોદાવી તો તેમાથી ઉમ્મરખાંના કહેવા પ્રમાણે કરોડો રૂપિયાની ઝવેરાત નીકળી. વજીર આ દ્રવ્ય જોઈ ચકિત બની ગયો ને મનમાં વિચાર કર્યો કે, ઓહો, ઉમ્મરખાને આ કયાથી ખબર પડી હશે હવે ઉમ્મરખાં ખરચીથી તગ થઈ ગયેલો, તેથી વજીર શું કરે છે, તે દેખરેખ રાખતા માલુમ પડ્યુ કે, વજીરે બગલો તૈયાર કર્યો છે. આ વખતે ઉમ્મરખાંની સ્ત્રી સગર્ભા હતી. તેથી ઉમ્મરખાંએ વિચાર કરી સ્ત્રીને કહી વજીરના નવા બગલે ગયો અને દરવાજામાથી કહેવરાવ્યુ કે, ઉમ્મરખાં પઠાણ આવ્યા છે. ખબર સાભળ્યા બરાબર પોતાના બગલામા તુરત વજીરે બોલાવી લીધા અને એક હીચોળા ખાટ ઉપર બેસાડ્યા. વજીરની

પાસે એક સીધી પેહેલવાન નોકર હતો. ઉમ્મરખાંને બેસાડી વજીરે વિચાર કર્યો કે, જે આ દ્રવ્યનો ખજાનો ઉમ્મરખાંએ મને બતાવ્યો, તે વાત ઉમ્મરખાં કદી પાદશાહને કહી દેશે તો? પાદશાહ ગુસ્સે થઈ મને મારી નાંખશે. તેથી ઉમ્મરખાંને અહી મારી નાખવા. તે સારુ બંગલાથી થોડે છેટે એક ઓરડો કરાવ્યો હતો; તેમાં આ કામ પૂરું થતાં વધેલા ચુનાનો ગંજ કરેલો હતો. વજીરે પેલા સીધીને બોલાવી અને ખાનગી કહ્યુ કે, હુ કચેરીમાં જાઉં છુ. મારા ગયા બાદ આ ઉમ્મરખાં છે તેને આ ચુનાવાળા ઓરડામા લઈ જઈ માથુ કાપી નાખજે અને તે ઓરડાના ચુનાના ઢગલામાં દાટી દેજે એટલુ કહી વજીર કચેરીમાં જવા તૈયાર થયો અને ઉમ્મરખાંને બોલાવીને કહ્યુ કે, ઉમ્મરખાં, આ સીધી મારો ખજાનચી છે. તે પેલા સામા ઓરડામાથી જોઇશે તેટલો પૈસો આપશે. તમારે જોઇએ તેટલુ દ્રવ્ય લેજો આ દ્રવ્ય આપવા ભલામણ સીધીને ઉમ્મરખાંની રુબરૂ બોલાવી કીધી અને ફરી વિશેષ કહ્યુ કે, ઉમ્મરખાંને પેલા ઓરડામાં લઈ જઈ તેમને જોઇએ તેટલી સોના મહોરો લેવા દેજો. એવુ કહી વજીર કચેરીમા ગયો તેના ગયા બાદ થોડીવારે સીધી ઉમ્મરખાંને પેલા ચુનાવાળા ઓરડામા લઈ ગયો. ઉમ્મરખા ખુશીથી તે ઓરડામાં ગયો અને ચુનાના ઢગલા પાસે ઊભો કર્યો. ઉમ્મરખા બોલ્યો કે, હે સીધી! તું કહેતો હતો કે, ખજાનો બતાવુ છુ, અને આ તો ચુનાનો ઢગલો પડ્યો છે. સીધીએ પોતાના પાસેથી ખજર નામનુ હથિયાર કાઢીને બતાવ્યું કે, તારા માટે આ ખજાનો તૈયાર છે. જ્યારે આ વાત જાણી ત્યારે ઉમ્મરખા કહેવા લાગ્યો કે, હે સીધી! મે આ વજીરનુ કંઈ બગાડ્યુ નથી મેં તો કરોડો રૂપિયાનો ખજાનો બતાવ્યો છે. તેમાથી આપવા પડે માટે મને મરાવે છે. જો એમ હોય તો મારે કઈ પણ લેવુ નથી. મને મારે ત્યાં જીવતો જાવા દે. સીધી કહે કે તેમ નહિ બને. મને તો તને મારી નાંખવા ખાસ હુકમ આપ્યો છે, માટે હુ તને માર્યા વગર મૂકનાર નથી. ઉમ્મરખાએ નક્કી કર્યું કે, આ હરામખોર નક્કી મને મારશે એવુ જાણી ઉમ્મરખાંએ સીધીને કહ્યુ કે, હે સીધી! મને ભલે માર, પણ એક મારું કામ તુ કરજે આ હરામખોર વજીર મને મુવા બાદ તને જે દ્રવ્ય આપે, તે તુ મારી ઓરતને આપી આવજે અને મારી ઓરતને કહેજે કે, તને હમેલ છે ખુદાતાલા તને દીકરાનો જન્મ આપશે તો તે દીકરાનું નામ બદરૂ ચુમેર પાડજે. આટલા સમાચાર તુ મારી ઓરતને નહિ કહે તો આગળ ખુદાતાલાની દુરગામા પલ્લો પકડી તારો ઇન્સાફ લઇશ એટલુ કહી ઉમ્મરખાં હેઠો બેઠો કે, પેલા સીધીએ તુરત માથામાં ખંજર મારી માથુ કાપી નાંખ્યુ. આ વખતે ઉમ્મરખાંની વૃદ્ધ અવસ્થા

હતી અને તેમની પાસે હથિયાર પણ નહોતું. ખુદાની મરજી તેવી હશે વજીર સાંજે મકાનમાં આવી સીધીના મોઢેથી ઉમ્મરખાંને મારવાના સમાચાર સાંભળ્યા પછી સીધીને તે વજીરે રૂ ૨૦૦) બસો આપ્યા અને કહ્યું કે, આ રૂપિયા તું ઉમ્મરખાંની ઓરતને આપી આવ અને કહેજે કે, ઉમ્મરખાંને નોકરી ઉપર દાખલ કરી લાબી મુસાફરી ઉપર મોકલ્યા છે તેથી તમોને ભેગા થવા આવ્યા નથી. પેલા રૂપિયા લઈ સીધી ઉમ્મરખાંને ત્યાં ગયો. જઈને પેલા બસો રૂપિયા આપ્યા. સ્ત્રીએ કહ્યુ કે, મારા મીયા ક્યાં છે, ત્યારે તેને કહ્યુ કે, તેમને નોકરી ઉપર દાખલ કરી મુસાફરીએ મોકલ્યા છે. અને વજીરે આ બસો રૂપીયા તમને આપવા તથા સમાચાર કહેવા મોકલ્યો છે મને નીકળતી વખતે મીયાં સાહેબે કહ્યુ છે કે, મારી સ્ત્રીને કહેજે કે, મને પાછો આવતા ઘણી મુદત થાય અને તમને દીકરો થાય તો તેનુ નામ તમે બદરુચુમેર પાડજો. એવુ મીયાં સાહેબે મને કહ્યુ છે. એટલુ કહી સીધી પાછો ઘેર આવ્યો. ઉમ્મરખાંની સ્ત્રીને આ વાત કેટલીક ખરી અને કેટલીક ખોટી લાગી એમ કરતાં આ બાઈને નવ માસ પૂરા થવાથી તેને દીકરો જન્મ્યો. આજ સુધી ઉમ્મરખાંનો કાગળ નહિ હોવાથી બાઈ બહુ દિલગીર થઈ. પછી દીકરાનુ નામ પેલા સીધીના કહેવા પ્રમાણે બદરુચુમેર પાડયુ. છોકરો તેજસ્વી હતો. આ વખતે બાઈની સ્થિતિ ઘણી નરમ હોવાથી ખાવાપીવા ખરચીની ઘણી તગી હતી, પણ છોકરાને તેના પ્રમાણુમાં સારી રીતે સાચવતી હતી એમ કરતાં આ છોકરાની ઉમર ૭ સાત વરસની થઈ, એટલે તેને મોલવી પાસે ભણવા સારુ બેસાડ્યો. તે મોલવી પાસે મોટા મોટા અમીર લોકોના ત્રીસ છોકરા ભણુતા હતા. તેમાં આ છોકરો બુદ્ધિનો સારો હતો, તેમ જ તે રૂપાળો પણ હતો. દ્રવ્ય વગર બધા ગુણ તેમાં હતા. અહી ભણનાર નિશાળીયા તેને બાંધવ જેવો ગણુતા. તેમણે એક વખત એવો વિચાર કર્યો કે, વારા ફરતી દરેકે એક એક મીજબાની કરવી. તે વાત સૌએ કબૂલ રાખી. મીજબાનીઓ કરવા શરુ કરી, તેમાં આ બદરુચુમેર ખાણુ લેવા જતો હતો. એમ કરતાં બે છોકરા પછી તેનો વારો આવવાને હતો. એટલે તે દહાડે બદરુચુમેર ભણીને ઘેર આવ્યા પછી ખાવા બેઠે. નહિ. ત્યારે તેની માએ પૂછ્યુ, 'બેટા આજ ખાણા કયુ નહિ ખાતા' બદરુચુમેર બોલ્યો, 'મા, હમ ભણુને વાલે ત્રીસ છોકરે દોસ્તાર હુવે હૈ. ઓર એક મોલવી સાહેબકી પાસ અમ સાથ પઢતેં હૈ. ઓ સબને વારે ફરતી મીજબાની કરનેકા ઠરાવ કીયા હૈ. સબકી બીજબાની હો ચૂકી હૈ. મય સબ મીજબાનીમે ખાણેકુ જતે થે. તો આવતે આતવાર કે દિન મેરી મીજબાનીકા વારા આતા હૈ. જબ મેરેકુ મીજબાની કરની પડેગી. તો

જરૂર ચાળીસ રૂપિયેકી જરૂર પડેગી, એત્તા ખરચ લગેગા.' આ વાત સાંભળી ઉમ્મરખાંની સ્ત્રી રોવા લાગી અને બોલી, 'બેટા! ચાળીસ રૂપિયે તો નહિ પણ ચાળીસ પાયાંબી મેરી પાસ નહિ હૈ. જબ દિન થા તીસ દીન પાદશાહાંકી બરાબર દૌલત ઔર વૈભવ ભોગવતે થે. પણ ઈસ વખત તો ખુદાતાલાને સબ ફના કર ડાલા. જબ ખુદાકી મરજીકી બાત હૈ, અપના જોર નહિ.' માની વાત સાભળી બદરુચુમેર રડવા લાગ્યો. બદરુચુમેરકા રડના દેખકે ઇસકી મા બહોત ગીરગીર હુઈ. ઔર કહેનેકુ લગી, 'બેટા મત રોના. તેરા રોનેસે મેરા કલેજા કટ જાતાહૈ. લડકેને કીયા, મા, મેરેકુ એસી ખબર હોતી તો મેં આ મીજબાનીમે કબી ખાનેકુ જાતા નહિ. એક એક ફેરી તો મે સબકે વાં ખા આયા હુ. તો એક વખત મેરેકુ મીજબાની કીયા બીન છુટકા નહિ હૈ. ફીર કબી નહિ જાઉંગા.' લડકેકી બાત સુણકે માને કીયા, 'બેટા! દુસરા તો કુચ નહિ હૈ. લેકીન એક જૂના બખતકી કિતાબ અપના ઝરુખાકી ઉપર હૈ વો તેરા બાપ એસા બોલતા થાકે દુનિયામેં એસી કિતાબ નહિ હૈ એ કિતાબ તેરા બાપુ બહોત વાંચતે થે. ઔર આ જીસ દિનએ વજીરકે વાં ગયા ઔર વજીરકે વાસે સમાચાર મીલા કે ઇનકુ પાદશાહને નોકરી દેકે કુચ મુસાફરીએ ભીજ્યે હૈય. આ દિન તેરા જનમ નહિ થા. આ દિનસે આ કિતાબ પડી હૈ તો એ દિનસે આ કિતાબ પે ગોર સાપ રહેતા હૈ. જો અબ આ સાંપ જતા રહ્યા હોગા તો તુમ દેખકે એ કિતાબ લેકર શહેરમેં બડે બડે મોલવી પાસે જાકર બેચેગા તો કોઈ તરેહ રૂપિયા પચાસ તુજે દેગા.' આ વાત નક્કી કરી બીજે દિવસે સવારમા આ છોકરો પોતાની મેડી ઉપર ચઢી ઝરુખે જોયુ તો અભરાઈ ઉપર કિતાબ પડી હતી અને તેના ઉપર ઘોર સાપ ફેણ ચઢાવી બેઠેલો જોયો. છોકરે વિચાર કર્યો કે, હવે આ જીવવા કરતા મરવુ તે સારુ. કારણ કે, ઘરમા ખરચી માટે પાઈ પણ નથી. ઘરમા હોયા વગર મારી મા કયાથી મને રૂપિયા આપે? છોકરો બોલ્યો કે–ખુદાને આ અચ્છા જોગ મીલાયા હૈ, કયુ કે એ સાપકુ મેં પકડકે કિતાબ લેઉગા ઔર એ સાપ મેરેકુ કાટેગા ઔર મેં મર જાઉંગા તો સબ છોકરા એસા બોલેગા કે આ નહિ મરતા તો સબસી અચ્છી મીજબાની કરતા. એસી મેરી બાત રહે જાયગી એસા બિચાર કે બીસમીલ્લા કરકે કિતાબપર હાથ ડાલા તો આ જો ગોર સાંપ થા, ઇસકા સોનાકા લગર હો ગયા. છોકરા ઉઠ કે માકી પાસ રાજી હોકર ગયા ઔર બોલે કે–મા કિતાબપર આ સાપ થા ઉનકા તો સોનાકા લંગર હો ગયા. મા બોલી, 'બેટા! ઉસકુ વટાકે તુમ અચ્છી મિજબાની કરો' ફીર આ લગરકુ કાટકે ટુકડા કરકે

શરાફ કે વાં વેચ્યા. ઇસકા રૂપિયા લેકર ઘેર આયા. દુસરે દીન મિજબાનીકા વારા થા જે રીવાજ મુજબ જે ઠેકાણે મિજબાની થતી હતી, તે ઠેકાણે સારી ધામધૂમથી મિજબાની કરી તેથી બધા છોકરા ખુશી થયા અને બોલ્યા કે, સૌથી આજે બદરુ ચુમેરે સારી મિજબાની કરી. ત્યાર પછી એ બદરુ ચુમેરકુ કિતાબ વાચનેકા શોખ લગા ઓર ખાનપાનસે આસુદા હોયા, કયુ કે એ સોનેકી કીમત બહોત અચ્છી ઉપજીથી, ઉસ કારણુસે એ સુખી થે એ છોકરા કિતાબ પઢતે પઢતે જો ઇનકા બાપ ઉમ્મરખાંને જો કિતાબમેંથી એ વજીરકુ ખજાના બતાયા થા વો હકીકત વાંચતે વાંચતે કિતાબમે આઈ કે એ ખજાના મેરે બાપને વજીરકુ બતાયા હૈ તો વો હરામજાદા વજીરને બદ દાનત કરકે મેરે બાપકુ મારતો નહિ ડાલે હૈ. એેસા વિચાર કરકે કિતાબમેં વાચનેકુ લગા તો ફીર આગળ વાંચનેસી સબ હકીકત માલૂમ પડી કે એ વજીરને મેરા બાપકુ ઇસકા બંગલાકી ઓરડીમેં ચુનાકા ઢગલેમેં મારકે કડકા કરકે રખ ડાલે હૈ ઇસ બંગલેકે બગીચેમેં એક સાપકુ માળીને મારકે રખ ડાલે થે. ઓર એ વિના બગીચામેં કયા કયા હકીકત હુઇ, વો સબ ઇસ કિતાબ પરસી દેખનેમે આ ગઇથી. ઉમ્મરખાંકુ વજીરને માર ડાલા હૈ, એ બાત તેને સબ જાણી મગર ઇસકી માકુ કીયા નહિ વિચારકે એકદમ ઉઠકે વજીરકુ મીલનેકુ ઇનકા મકાનપે ગયે બપોરકા વખત થા, ઇસ કારણુસે મકાનકા દરવાજા બધ થા. દરવાજા આગળ જઈ પોકાર કર્યો કે—દરવાજા ખોલો. અમેરેકુ અદર આના હૈ અવાજ સુણકે—માળી દરવાજા ખુલનેકુ આયા તબ એ બદરુચુમેરને કીયા કે—માલી! તુ દરવાજા સભાળકે ખોલ કયુ કે યહ બગીચામેં તેને સાપ માગા હૈ. ઇસકી સાપણ તેરેકુ કાટનેકી રાહ દેખ કે દરવાજાકી બાજુપે અદર આનેકુ તૈયાર હોકર છુપ રહી હે માલીને દેખા તો સાપણ વા તૈયાર પડીથી. માળીને સાપણસે બચકે દરવાજા ખુલ્યા. ફીર સાપણકુ પકડકે બડી દૂર ફેંક દી. વાં તલક બદરુચુમેર દરવાજામાં ખડા રહ્યા હતા. સાપણકુ ફેંકકે માલી આયા ઓર પુછને લગા કે તુમેરા ઉધર આણા કયું હુવા? લડકેને જવાબ દીયા કે, વજીરકી સાથ મેરે મુલાકાત કરની હૈ. એ વાત માલીને જાકે વજીરકુ કીયા કે, એક મુસલમાનકા લડકા આયા હૈ લડકા બડા ખૂબ સૂરતહે ઓર ઇલમમેંભી પૂર હે. કયું કે મેને કલ બગીચેમેં સાપ મારા થા એ વાત ઇસને બહાર ખડે ખડે કહ દીયા. વજીર યહ વાત સુણકે તુરત બદરુચુમેરને અપને બંગલેમેં બોલાયા. ઓર બડા માનકી સાથ બેઠાયા. ફીર પુછને લગે કે, લડકે તુમ કહાં રહેનેહો. બદરુચુમેરને કીયા કે રહેનેકા ઠેકાણા હય નહિ. અમ તુમેરી પાસ નોકરી

કે ઇરાદેસી આયા હૈ ઓર ઇલમભી સારા જાનતા હું. વજીરને પૂછા કે, કયા ઇલમ જાનતે હો. છોકરેને જવાબ દીયા કે, ગેબ વાત સબ મેરેકુ માલૂમ પડતી હે. વજીરને કીયા કે, આ મકાનકી ગેબ વાત કયા હે સો તુમ કહો. જબ બદરુચુમેરને કીયા કે, આ મકાનમેસે તેરેકુ કોટાત રૂપિયાકા ખજાના મીલ્યા હે. વજીર એ સુણકે વિચારમા પડા કે, કબી આ લડકા પાદશાહકી પાસ જાકે મેરી વાત સબ કહેગા તો ! પાદશાહ મેરેકુ માર ડાલેગા. યહ કારણસે આ લડકાકુ માર ડાલના બહોત અચ્છા હૈ લડકાકુ બેઠાકે બગલાસે બહાર નીકલ કર ઓર ઉસકા નોકર સીધીકુ બોલા કે કીયા કે, આ ચુનાકી કોટડીમે જાકે આ લડકાકુ માર ડાલના. મય આ લડકાકુ છોડકે બહાર જાતા હું. એસા કહ કે વજીર પીછા બગલામેં આયા ઓર બદરુ ચુમેરસી બોલને લગા કે— તુમ ઇહા રહો મેં જરા દરબારમે જાકે આતાહું ફીર આકે હમ તુમેકુ નોકર રખેગા. એસા કહકે વજીર દરબારમેં ગયા જબ સીધીને બદરુચુમેરકુ બોલાયા ઓર કહને લગાકે—આવોજી હમ તુમકુ બગીચા દેખાવે એસા બોલકે બદરુચુમેરકુ આ ચુનેકી ઓરડીકી અદર લે ગયા. લડકા ખુશીસે અંદર ગયા. ઓરડામેં ખડા કરકે તલવાર નીકાલી સીધી બોલા કે—તેરેકુ મેં મારુંગા કયુ કે એસા વજીરકા હુકમ હૈ. યહ સુણકે બદરુચુમેર બહોત હસનેકુ લગા. સીધી વિચારમે પડા. લડકા કાયકો હસતા હૈ. બદરુચુમેરને જવાબ દીયા કે—મેરા બાપકુ તેને મારા હે. ઓર મારકે આ ચુનામેં દાટ્યા હે. હમ આ ઉમરખાકા લડકા હુ, ઓર મેરેકુ બી તું મારતાહે. હસનેકા કારણ એસાહે કે આખરકે ભવમે તું ઘોડા હોને વાલા હૈ. વો વખત મેરા બાપ ઓર મેં એ દો તેરીપર સ્વારી કરને વાલે હૈ. તો મેરેકુ એ હસના આતા હે કે અમ દો કીસ તરેહસી તેરપે બેઠેગે. એ વાત સુણ કે સીધી પોતાકી મનમે કાંપ ગયા કે કયા ગજબકી વાત. જબ ફીર બદરુચુમેરને કીયા કે, આ સીધી ! તુ એ વજીરકી લડકી ઉપર આશક હુવા હે, એસા મેરેકુ માલુમ પડતા હૈ. જો કબી મેરેકુ તું જીવતા રખેગા તો આ દીનસે એક માસમેં તેરી સાદી વજીરકી લડકી સાથ જરૂર કરુંગા અને મેરેકુ મારેગા તો તેરેકુ કુચ મીલને વાલે નહિ. ઓર એ કમબખ્ત વજીરકુ એક માસ ઉપર મેરી જરૂર પડેગી. જબ આ વજીર તેરેકુ કહેગા કે આ લડકાકુ લાવ. નહિ લાવેગા તો તેરેકુ માર મારને લગ જાયગા. જબ તુ મેરા મકાનપે બોલાણેકુ આણા. સીધીને સબ વાત ખરી માનકે બદરુચુમેરકુ મકાનસે બહાર કર દીયા. બદરુચુમેર પોતાકા મકાનપે આ ગયા. સામકુ વજીર દરબારમેંસે આયકે સીધીકુ પૂછને લગા કે—લડકાકુ માર ડાલા? સીધીને કહા

કી હા માર ડાલા. દુસરે દીન પાદશાહકુ એસા ખુશાલ (સ્વપ્ના) હુવા. ઇસમે એક અજાયબ વાત દેખનેમેં આઈ. સો બાત કયા થી કે જાણે બાવન પ્રકારકી ખાણેકી ચીજે જૂદા જૂદા થાળમે રખીતી. સબ ખાણા પાદશાહને દેખા ઇસમે એક સોનેરી હલવાકા ખાણા પાદશાહને પસદ કીયા ખુશ હોકે ઇસમેસે એક નવાલા ઉઠાયા સામે એક કાલા કુત્તા આયા. આકે ઝડપ મારકે પાદશાહકે હાથમેસે ઓ નવાલા ગીર ડાલા. ઇસ દરમીયાનમે પાદશાહકી આખ ખુલ ગઈ ફીર છપનાકી વાત પાદશાહ ભૂલ ગયા. ફજરકી પહોરમે બડા દરીખાના ભર્યા. ઓર પાદશાહ તખતપર બેઠા. ઓર પાદશાહને કીયાકે—સબ ખાન ઉમરાવ હાજર હૈ સો સબ બોલે કે જી નીવાજ હાજર હે. જબ પાદશાહ બોલે કે, મેરેકુ ગઈ રાતમે કુચ સપના આયા વો મય ભૂલ ગયા હુ તો તુમ સબ કહો કે મેરેકુ રાતમે કયા સપના આયા સબને હાથ જોડકર કીયા કે ખુદાવિદ એસી ગેબ વાત તો વજીરકુ પુછો, ઓ સબ કહેગા. પાદશાહને કીયા, ખરી વાત હે ઓર વજીરકુ પૂછા. વજીર, સપના ક્યાથા તુમ કહો. જબ વજીર બોલા કે બદે નિવાજ, એક માસકી મેતલ દેઓ એક માસકી અદર મે કહુગા પાદશાહને કીયા, બહોત અચ્છા દેખ એક માસ પૂરા હોવે પીછે નહિ કહો તો મેં તુજે માર ડાલુગા. કચેરી બરખાસ્ત કર દીયા. ફીર વજીર આપકે મકાનપે આયા. યું કરતે કરને એક માસ પૂરા હો ગયા. વજીરકુ કયા ખબર પડે કે પાદશાહકુ કયા સપના આયા હે. વજીર તો બહોત આફતમેં આ ગયે. વિચાર કરતે કરતે ઓ લડકાકી યાદગીરી આઈ. ઇસી વખત ઓ સીધીકુ બોલાયા ઓર કીયા કે—એક માસ ઉપર મુસલમાનકા લડકા આયા થા. વો કીધર હે? ઇસકુ અભી બોલાવ. સીધીને કીયા, સાહેબ, આપકા હુકમસે મેને તો માર ડાલા, અબ કયાસી લાઉ? વજીરને કીયા, કમબખ્ત, અબ લાવ નહિ તો તેરેકુ માર ડાલુગા. મેરેકુ ઓ લડકેકી જરૂર હે. એસા બોલકે વજીરે સીધીકુ જોરસે એક ફટકા માર દીયા. સીધીને કીયા કે, સાહેબ, મત મારો મેં લડકા લાતાહુ. સીધી વાંથી આય કે ઉમ્મરખાં પઠાણકા મકાનમે ગયે. બદરુચુમેર વા બેઠા થા. સીધીને જાકે સલામ કીયા ઓર કહેનેકુ લગ ગયા કે, આપજો કહેતે થે સો હકીકત બની આપકુ વજીર સાહેબ બોલાતા હૈ, તો આપ ચલો. યહ બાત સુણકે બદરુચુમેર ખુશ હુવા ઓર કીયા કે ચલો. સીધીકી સાથ સાથ વજીરકે મકાનપે ઓ લડકા આ ગયા. વજીરે બદરુચુમેરકુ દેખ્યા. દેખકે ખુશ હુવા કે અબ મેરા જાન જરૂર બચેગા. બદરુચુમેરકુ બડા માનકી સાથ બંગલામેં બોલાયા, બોલાકે પાસ બેઠાયા. બદરુચુમેરને કીયા કે—વજીર સાહેબ, મેરેકુ કયુ બોલાયા? જબ વજીર બોલા કે, બદરુચુમેર!

પાદશાહકુ એક માસકી ઉપર રાતકી નીંદમેં એક તુમાસા દેખનેમે આયા. તો ઓ કયા તુમાસા હોગા યહ પાદશાહ ભુલ ગયે હ. ઓર મેરેકુ પુછના હૈ તો ઓ તમાસા કયા હોતા, સો ઓ કહેનેકી જરૂર હે. બદરુચ્યુમેરને કીયા કે, ઇસમે કયા બડી વાત હે ઓ વાત મે કહુંગા. જબ વજીરે બદરુચ્યુમેરકુ પોતાકી પાસ રખ્ખા. ઓ સવારમેં મુદત પુરી હોનેસે વજીરકુ પાદશાહને દરીખાનામા બોલાને તેડા આયા. જબ વજીરને કીયા, બદરુચ્યુમેર! ચલો પાદશાહ બોલાતા હૈ તો બદરુચ્યુમેર બોલા કે આપ જાવ ઓર મેરેકુ ઇહિા રહેને ઘો. તુમ જાકે પાદશાહકુ એસા કહો કે ઇસમે કયા બડી બાત હૈ વો તો મેરા ઘરકા નોકર કહ સકતા હે. કબી ભારે વાત હોતી તો મૈ કહેતા પાદશાહ સુણકે અજાયબ હો ગયા કે વજીર કે ઘરકે નોકરબી એશી વાત કહ સકતા હૈ! પાદશાહને કીયા ઓ નોકરકુ ઇહા બોલા લાવ સ્વાર દોડતા વજીર કે વાં ગયા ઓર બદરુચ્યુમેરકુ કીયા કે પાદશાહ તુમકુ બોલાતે હૈ જબ લડકા બોલા મેં ચલકે નહિ આવુ, મેરે લીએ કુચ સ્વારી લેઆઓ. સ્વાર પીછા આયા ઓર આકે પાદશાહકુ વરધી દીયા કે, ઓ લડકા કુચ સ્વારી માગતા હૈ પાદશાહને કીયા કે તાવદાનમે બેઠા કે લેઆવ જબ તાવદાન લેકે ભોઈ લોક લેનેકુ ગયા તબ બદરુચ્યુમેરને કીયા મૈ ઓ તાવદાનમે બેઠનેકુ લાયક નહિ. તાવદાનવાલે પીછા આકે પાદશાહકુ કીયા જબ પાદશાહને કીયા કે તુમ જો સ્વારી મુસે માગો ઓ સ્વારી હમ ભેજે હકીકત સુણ કે બદરુચ્યુમેરને કીયા કે, પાદશાહકુ એસા બોલો કે આપકા જો વજીર હૈ ઊસકી પીઠપર બેઠકે અમ આવેગા સ્વાર પીછા આકે પાદશાહકુ કીયા કે, ઓ તો વજીર સાહેબકી પીઠકી સ્વારી માગતા હૈ. સુણકે પાદશાહ ખુશ હુવા. ઓર કીયાકે બહોત અચ્છા પાદશાહ દરીખાનામે આકે વજીરકુ હુકમ દીયા કે જાવ વજીર ઓ લડકેકુ તુમેરી પીઠપર બેઠાકે લાવો પાંચ આદમીકી સાથમે વજીર અપને મકાનમેં ગયા તો બદરુચ્યુમેર વા હાજર હોતા. ઓ લડકેને વજીરકી પીઠપર ઘોડાકા જીન રખવાયા ઓર ઉપર બેઠકે પાદશાહકી પાસ ચલા યહ તમાસા દેખનેકુ હજાર લોક પીછે ચલતે થે વજીર મનમેં વિચાર કરને લગા કે, ઓ કયા ગજબ કર દીયા. એસા વિચારમેં થોડીવારમેં દરીખાનામાં આ પહુચે પાદશાહ યહ તમાસા દેખકે અજાયબ હો ગયા. દરીખાનામેં આકે પીઠપરસે લડકા ઉતર પડા. ઓર હાથ જોડકે ઓ લડકા પાદશાહકા પાવમેં ગીર પડા. ઓર કહેનેકુ લગા કે—ખુદાવિંદ, મે ઉમ્મરખાં પઠાણકા લડકા હું. મેરા નામ બદરુચ્યુમેર હૈ. મેરા બાપને એ કમબખત વજીરકુ કોટાંત રૂપિયાંકા ખજાના બતાયા હૈ. તો આખર ઇસને મેરા બાપકુ માર ડાલા. મારકે

ઉસકે મકાનમે એક ચુનાકા ઢગલામેં દાટ દીયા. લડકેકી સબ વાત સુનકે પાદશાહને હુકમ કીયા કે–ઓ વજીરકુ એકદમ કેદ કરો. કેદ કરકે પાદશાહ સબ હકીકત દેખનેકે લીયે ઓ વજીરકા મકાનપર ગયા. જાકે ઓ ઓરડાકા ચુનેકા ઢગલા ખોદવાયા તો અદરસે ઉમ્મરખાંકે હડે નીકલે યહ દેખકે પાદશાહ બડા કોપાયમાન હો ગયા. ઓર વજીરકા ઘરબાર લુટકે સબ બદરુચુમેરકુ દીયા. ઓ વજીરકી એક લડકીથી સો ઓ સીધીકી સાથ નકા કરવાયા. કયુકે ઓ સીધીકુ લડકેને વચન દીયા થા. ઓ સબ ઘરખજાના લડકેકે કબજેમેં સોંપકે પાદશાહ પીછે દરબારમેં આગે. આકે બોલે કે બદરુચુમેર ઓ વાત તો બરાબર હો ચુકી, પણ મેરા છપનાકી વાત તુમ કહો. જબ બદરુચુમેરને કીયા ખુદાવિંદ આપકુ બેગમો કીત્તી હે? પાદશાહને કીયા કે–બાવન અચ્છા. જબ એક બેગમકી સાથ એક લુડી, એસી બાવન બેગમ સાથ બાવન લુડી, એકકી સાથ એક એસી જોડ એક મહેલમે પૂરો. એસી રીતસે પાદશાહને ભેગી કરી બાદ ઓ મહેલકા દરવાજા આગે પાદશાહ ઓર બદરચુમેર ખડે હુવા. જબ એક બેગમ સાથ એક લુડી એ તરેહસી મહેલમેસે બહાર નીકલનેકા પાદશાહને હુકમ દીયા. બડી બેગમ જો ઓ માનકારીથી, ઇસકુ સબ પીછે નીકલનાકા હુકમ દીયા. હુકમ ઉઠાકે એક બેગમ એક લુડીકી સાથ નીકલને લગી બેગમ નીકલને લગી ઓર બદરુચુમેર કહેને લગા કી સાબ દેખો એ બીરીઆની દુસરી બેગમ નીકલને લગી જબ બોલે, દેખો સાહેબ ઓ જરદર. ઇસી મુજબ એક એક બેગમ દીઠ બદરુચુમેરને ખાણાકા જૂદા જૂદા નામ લીયા ઇસ તરેહસે નામવાર એકાવન બેગમ નીકલી ઓર એકાવન ખાણાકા નામ લીઆ ઓર બાવનમી બેગમ ઓ માનકારી બડી બેગમ નીકલી. નીકલતે બદરુચુમેર બોલા, દેખો સાહેબ બેગમકી સાથ લુડાહે ઓ કાલા લુડા હૈ ઓર ઓ બેગમ આતીહે ઓ સોનેરી હલવા સમજના. સોનેરી હલુવા નામ સુણ કે પાદશાહકુ સપનાકી વાત યાદ આઈ ઔર ઝટ પાદશાહને પુછા કે ઓ કાલા કુત્તા કીધર હે. જબ બદરુચુમેર બોલા કે પીછુ લુડી આતીહે ઓ કુત્તા સમજના ઇસ વાત સુનકે– પાદશાહ બેગમ ઉપર બહોત ગુસ્સે હુવે. ઓ લુડીકા ઠેકાણે લુડા (કુત્તા) રખા હૈ. ઇસને તુમેરા હાથમેસી નવાલા પડાયા થા. યહ પૂરી હકીકત સુણકે પાદશાહ બહોત ક્રોધાયમાન હુએ. ઓર લુડીકુ પકડકે ગરદન મરવા ડાલી ઓર બેગમકા બી બુરા હાલ કર દીયા બદરચુમેરને સબકા લાગ શોધકે વેરકા બદલા લીયા. પાદશા'હ બહોત ખુશ હોકે બદરુચુમેરકુ પોતાકી ગાદીકી વજીરાત દી. ઓર કુલ મુખત્યાર સોપ દીયા. લડકાકી ચાતુરી ઓર છપનાકી ભરમ ભરેલી વાત સુનકે પાદશાહ

ફીર બહોત ખુશ હુવા ઓર વિચાર કરનેકુ લગા કે ખુદાને એ લડકાકુ કયા અક્કલ દી હૈ ઐસાજ વઝીર મેરે રાજમાં ચૈએ. બદરુચુમેર દીલ્લીની વઝીરાત લઈ તેની મા પાસે આયા. ઓર બોલને લગા કે, મા, આજ મેરેકુ આ દીલીકી વઝીરાત મીલી ઓર મેરા બાપકુ ઇહાંકા વઝીરને મરવા ડાલા થા સો ઇસ વેરકા બદલા આજ સબ વાલ દીયા. પાદશાહને એ બેગમ ઓર વઝીરકા બુરા હાલ કીઆ. તુમેરે કોઇ વાતકી દીલગીરી કરને જેસા રખા નહિ હે. આ બદરુચુમેરને નેકીસી પાદશાહકી વઝીરાત કરી ઓર આ દુનિયામે ઇસકી કીરતી રહ ગઇ. વઝીરકી એસી નેકી ચૈયે. ફીર પાદશાહકી પાસ બહોત મુદત વઝીરાત કરકે સુખી હુવા ઓર એક નેકી થા તો સબ વાતમે ખુદાને સહાય દી. ઇસ તરહ સર્વે પ્રકારકા સુખમે રહને લગા. ઓર ઇસકી વાત આ દુનિયામે નમુના દાખલ રહ ગઈ. દુ ખ પડે પણ દૃઢતા છોડવી નહિ તો ઈશ્વર છેવટ સહાય થાય. તથાસ્તુ *

રાજા કે યોગી ?

પ્રકરણ ૧ લું

બોરઘાટમાં

(લેખક—નારાયણ વિસનજી ઠક્કુર)

શાકે ૧૫૩૭ની લગભગનો કાળ. એ વેળાએ બ્રાહ્મણી રાજ્યના અનેક વિભાગો પડી ગયા હતા. અને તેઓના ઉપર આદિલશાહનો નામનો અધિકાર હતો. તેની સત્તા પશ્ચિમ સમુદ્ર પર્યન્ત પ્રસરેલી હોઇને તેના વાર્ધકયના યોગે રાજવ્યવસ્થામા માત્ર શિથિલતા થતી ચાલી હતી. સહ્યાદ્રિ પર્વતવડે આક્રમાયલા પાર્વતીય પ્રદેશમા તો એ આદિલશાજીનો કેવળ નામ માત્રનો જ અધિકાર હતો. રાજધાનીથી જરાક દૂરનો પર્વત અને ગગનચુંબિત, વનરાજિવડે ઉભરાઈ જતો પ્રદેશ લુટારાઓના સમુદાય અને આદિલશાહીના રાજકીય રોષને પાત્ર થયેલા લોકોદ્વારા આશ્રિત થયેલો હોઇને એ પ્રદેશની દુર્ગમતાના યોગે આવતા જતા પ્રવાસીઓને માત્ર વિશેષ ત્રાસદાયક થઈ પડ્યો હતો.

તોપણ એ પાર્વતીય પ્રદેશમાના જનમાર્ગમાં કોકણ અને વરઘાટ વચ્ચેના આવવા જવાનો વ્યવસાય સદતર બંધ થઈ ગયો નહોતો, કિન્તુ ચાલૂ જ હતો. કોકણ પ્રાંતમાના આદિલશાહી મુલકમાની ટપાલ, રસદ

* આ વાર્તા ભાટ લોક અર્ધ ગુજરાતી અર્ધ હિંદુસ્તાની ભાષામા જે પ્રમાણે કહે છે તેજ પ્રમાણે ઉતારી લઇને અત્રે તે ઢબના એક નમુના તરિકે આપવામા આવી છે, એ વિગત વાચકો ધ્યાનમા લેશે એવી આશા છે

અને ફૌજ વગેરે માટે ઘાટની દુરુસ્તી કરવામાં આવતી હતી અને અનેકવાર સંઘ કરીને પ્રવાસીજનો પણ આવતા જતા હતા. પરતુ એ પાર્વતીય માર્ગ અથવા ઘાટ કોઈ પણ સમયે લોકોને નિર્ભય કિવા નિષ્કંટક દેખાતો નહોતો.

એવા એ ઘાટમાના બીજાપુરથી પૂનાના માર્ગે કલ્યાણ તરફ જતા બોરઘાટમાંથી શાકે–૧૫૩૭ ના ચૈત્ર માસના એક સાયંકાળે ચાર સૈનિકો ચાલ્યા જતા હતા. એ સૈનિકો તે પ્રકારના હતા કે જેઓ તે સમયમાં ઢાલાયતના નામથી ઓળખાતા હતા. તેઓ બહુધા ઘાટની ઉપર ચઢી આવેલા હોઇને દિવસ પૂરો થવા પહેલાં કોઈ પણ વસતિવાળા સ્થાનમાં પહોંચી જવાનો તેમનો મનોભાવ હોય, એમ તેમની ઉતાવળપરથી સ્પષ્ટ દેખાઈ આવતુ હતુ. સંધ્યાસમય થયેલો હોવાથી ભગવાન્ સૂર્યનારાયણ અસ્તાચલમાં વિશ્રાંતિ લેવા માટે જવાની તૈયારીમાં હતા. વનશ્રીના ગૃહમા વસંતઋતુનુ હાલમા જ આગમન થયેલુ હોવાથી તેના કોમળ શરીરપર પડેલાં અસ્તાચલગામી અર્કનાં આરક્ત કિરણોથી તેનામાં વિશેષ શોભાનો આવિર્ભાવ થયો હતો. બહુ દિવસ પછી પ્રિયપતિનો મેળાપ થવાથી વનશ્રીએ મહાપ્રેમથી પુષ્પશૃગારને ધારણ કર્યો હતો અને પોતાની ભગિનીના મનનુ રજન કરનારો વાયુ વેણુકુજમાં મધુર ધ્વનિને ઉત્પન્ન કરીને તેના મનને આહ્લાદ આપતો હતો. વાયુની ઉચ્છૃંખલતાના યોગે દેવી વનશ્રીના અગપરનો પલ્લવ ઉડતો હતો અને તેને સભાળી રાખતા તે નવયૌવનસપન્ન દેવીને અતિશય ત્રાસ થતો હતો. ઉતાવળથી પોતાના નિવાસસ્થાન પ્રતિ જનારા પક્ષિસમુદાયોના કલરવથી સમસ્ત વનપ્રદેશ નિનાદિત થઈ ગયો હતો અને તે જાણે દેવી વનશ્રીના પ્રિયકર ઋતુરાજના આગમનોત્સવ પ્રસગે નૌબતના નાદની જ પૂર્ત્તિ કરતો હોયની, એવો જ ભાસ કરાવતો હતો.

એવા પ્રકારનો એ આહ્લાદકારક આદર્શ, તેમા સૃષ્ટિસૌન્દર્યનુ સમેલન થયેલુ હોવાથી, એ સાય સમયે કોઈ અરસિક મનુષ્યના હૃદયમા પણ રસોત્પત્તિ કરવાને સપૂર્ણ શક્તિમાન્ હતો; તો પછી એ રંગીલા સિપાહીઓને ગાડાઘેલા બનાવી નાંખે, એમાં શી નવાઈ હોય વારુ? ઘાટના ઉચાણપર બહુ ચઢી આવેલા હોવાથી પોતાના અશ્વોને વિશ્રાંતિ આપવાનો વિચાર થતાં તેમણે અશ્વોને રોક્યા અને પોતે નીચે ઉતરીને તેમને વિપુલ ઘાસપર ચરતા છોડી દીધા. તેઓ એ પછી મોટી મોટી ત્યાં પડેલી પાષાણ શિલાઓપર બેસીને વનશોભાનું અવલોકન કરવા લાગ્યા.

તે સમયમાં ટપાલની અત્યાર જેવી વ્યવસ્થા નહોતી. ત્યારે અત્યાર જેવું તે સમયમાં બીજુ પણ શુ હતુ વારુ? કાંઈ પણ નહિ. તે સમ-

યમાં દરબારી કામકાજના કાગળ લાવનારા અને લઈ જનારા ઢાલાયત અથવા તો જાસૂસો હતા અને તેઓ જ સરકારી નોકરો તેમજ કવચિત્ ખાનગી કાગળ વગેરેની પણ લાવ લઈ જાવ કરતા હતા. એ જાસૂસોને પગાર પણ સારો અપાતો અને તેમનું માન પણ સારુ જાળવવામાં આવતુ હતુ. એ કામપર બહુધા વિશ્વાસપાત્ર અને લડવૈયા લોકોની જ યોજના થતી હોવાથી પોતાને એ પદવી મળવા માટે કેટલાકોના મનમાં અભિમાન પણ થતુ હતુ.

એ ઢાલાયત અથવા જાસૂસનુ કામ જીવ સટોસટના જોખમનું હતુ, અને વિશેષત શિથિલ રાજ્યકાર્યભારના કાળમા તો તેવી જોખમદારી ઘણી જ વધી જતી હતી રાજ્ય મેળવવુ એ સરળ છે, પણ તેને સંભાળવાનુ કાર્ય મહાકઠિન હોય છે, કારણ કે, તેને સંપૂર્ણ રાજ્યવ્યવસ્થાની આવશ્યકતા હોય છે જો કે આદિલશાહીના આરભમા એવી રાજ્યવ્યવસ્થા હતી, પરતુ તે આપણા પ્રસ્તુત કથાનકના કાળમા બહુ જ શિથિલ થઈ ગઈ હતી એ શિથિલતામા વળી ધાર્મિક અત્યાચાર, રાજ્યકર્ત્તાના જાતિબાંધવોના ગર્વ, પ્રજાની માનખડના, ગોવધ, વનિતાવિડબના અને દીનોના છળ ઇત્યાદિ અનેક કારણોનો ઉમેરો થવાથી પ્રજાના અસતોષનો અવધિ થયો હતો અને તેના યોગે સર્વત્ર લૂટ મારનો આરભ થઈ ગયો હતો અને તેથી એ ઢાલાયતોની જોખમદારી ઘણી જ વધી ગઈ હતી ઢાલાયત થવુ અને મરનારના મુખમા જવુ, એ એ સમાન મનાતાં હતાં

આદિલશાહીના ઐશ્વર્યની વૃદ્ધિ સાથે અયશઆરામનો હિસાબ પણ વધતો જતો હતો, અને તેનો થોડો ઘણો અશ પ્યાદા તથા સિપાહીઓ સૂધી પણ પહોચી ગયો હતો એથી સત્ય શૌર્ય અને સત્ય દઢતાનો લોપ થતા તેના સ્થાનમા માત્ર શાબ્દિક શૌર્ય અને બળનો ઘમડ માત્ર બાકી રહ્યા હતા નાચ, રગ, ખેલ, તમાશા, શરાબખોરી અને હુક્કા પાણી આદિ સર્વ દુર્વ્યસનો સદ્ગુણોમાં ગણાતાં હોવાથી આદિલશાહી સિપાહીઓનો હુક્કો લઢાઇના હથિયાર પ્રમાણે તેમની સાથે હોવો જ જોઇએ, એવો એક આવશ્યકીય નિયમ જ થઈ ગયો હતો અર્થાત્ ઉપર્યુક્ત ઢાલાયતો હુક્કા પાણીના આસ્વાદમાં આનદપૂર્વક નિમગ્ન હતા, એટલામા નીચેના વલણમાંથી એક નવીન ઘોડેસ્વાર ઘોડાને દોડાવતો ત્યા આવી લાગ્યો અને તે ચાર જાસૂસો સમક્ષ પોતાના ઘોડાને ઊભો રાખીને અસલ દરબારી પદ્ધતિથી 'આદાબ' કરીને નીચે ઊતરી પડ્યો તે સમયના રિવાજ પ્રમાણે હુક્કાપાણીમા પણ તેણે થોડોક ભાગ લીધો અને 'હાશ' કરીને તે પાસેના ઘાસપર આડો થઈ ગયો

"આટલી ઉતાવળથી દોડવાનુ કાંઈ કારણ ?" એક જાસૂસે તેને રોકીને પૂછ્યુ.

"રાત્રિનો સમય થવા આવ્યો છે. અહી ચોર લૂટારાઓનો ત્રાસ અસહ્ય છે, અને તેમા પણ પેલા હરામજાદા શિવાજીનો......"

તે વધારે બોલવા જતો હતો, એટલામાં તેને વચ્ચે જ બોલતો અટકાવીને એક જાસૂસે કહ્યુ કે,–"ત્યારે આ પ્રદેશમાં તે લુચ્ચા શિવાજીનો પણ ત્રાસ થવા માંડ્યો છે અને તેથી બ્હીને જ તમે આટલી ઉતાવળી ચાલે અહી આવ્યા છો કે ?"

એ પછી સર્વ જાસૂસોએ તુચ્છતાદર્શક હાસ્ય કર્યું અને પુન એક-વાર હુક્કાપર હાથ મારવાની શરુઆત કરી દીધી આપણો એ નવીન આગતુક તો ઘાસના બિછાનાપર જ પડ્યો હતો, અને ત્યાથી એ ચારે જણને એકીટસે જોયા કરતો હતો તેનો પોષાક સિપાહીનો હોઇને તેની ભાષા પણ શુદ્ધ ઉર્દૂ હતી તે થાકેલો અને ગભરાયલો દેખાતો હતો તે જાસૂસો હુક્કાપાણીને ઇન્સાફ આપીને ઊઠ્યા અને પોતપોતાના ઘોડાઓપર સ્વાર થયા. એ નવીન આગતુકને પણ તેમણે ચાલવાનુ કહ્યાથી તે પણ અશ્વારૂઢ થઇને તેમની સાથે ચાલવા લાગ્યો

માર્ગમા ચાલતા તે નવીન આગંતુકે આ પ્રાત કેટલો બધો ભયકર છે અને પેલી બાજૂએ તો શિવાજીની ધમાચકડીથી કેટલો બધો ત્રાસ-દાયક થઈ પડ્યો છે, એ વિશેના વૃત્તાતનો આરભ કરી દીધો. અને તેણે જણાવ્યુ કે –"આ કારણથી જ ઘોડાને દોડાવીને હુ તમારી પાસે આવી લાગ્યો અને જ્યારે તમને જોયા ત્યારે જ મારી છાતીનો ધબકારો બધ થયો." આવી સોબત મળવામાટે અલ્લાહનો આભાર માનતો તે વધા-રામા કહેવા લાગ્યો કે,–"હવે તમારા જેવા ગોઠિયા મળવાથી મારી ધાસ્તી જતી રહી છે. તમો બાદશાહના અમલદારો જેવા દેખાઓ છો, એટલે તમારા જેવાના તો પડછાયામા પણ શિવાજી ઊભો રહી શકે તેમ નથી. તમો મોટા અમલદાર હોવાથી જ અત્યારે આવા ભયાનક માર્ગમા ચાલવાનુ સાહસ કરી શકયા છો આવા દોસ્તોને મેળવી આપવામાટે હુ પરવરદિગારનો આભાર માનુ છુ"

પોતાની પ્રશસા સાભળીને કોણ પ્રસન્ન નથી થતું વારુ ? એ આપ-ણને મોટા અમલદાર ધારે છે અને આપણા આશ્રયથી પોતાને નિર્ભય તથા સુરક્ષિત માને છે, એમ માનીને તે સિપાહીદાદાઓ ખુશખુશ થઈ ગયા. પરતુ એ અપરિચિત પ્રવાસી જે કાંઈ કહે છે તે સત્ય છે કિવા નહિ, એને જાણવાનો વિચાર માત્ર પણ તેમના મનમાં ન આવ્યો. તેનુ સર્વ કથન તેમને સત્ય જ લાગ્યુ અને તેથી તેમણે પણ તેઓ કયાંથી

આવ્યા હતા અને ક્યાં જવાના હતા ઇત્યાદિ પોતાનો વૃત્તાંત તેને ખુલ્લા દિલથી સંભળાવવાની શરુઆત કરી દીધી.

પ્રકરણ ૨ જું
મૌલાના અહમદ

આદિલશાહીના સત્તાસમયમા કલ્યાણમાં એક સૂબેદાર રહેતો હતો. એ સૂબેદારના ત્યાં રહેવાથી તેમજ કલ્યાણનગર બોરઘાટનુ મુખ મનાતું હોવાથી એ સ્થાનની વિશેષ મહત્તા થઈ હતી. કલ્યાણનો કિલ્લો સારો મજબૂત હોઇને તેમાં ઘોડેસ્વાર અને તોપખાના વગેરેની હમેશા સારી તૈયારી રાખવામા આવતી હતી. પશ્ચિમ કિનારાપરનાં બંદરો સાથે કલ્યાણનો વ્યાપારવિષયક સબંધ હોવાથી ત્યાં વ્યાપારની ધામધૂમ પણ સારી ચાલતી હતી. નાના જાતિ અને વિવિધ દેશના લોકો એ સ્થળે વ્યાપારના નિમિત્તથી આવતા હોવાથી કલ્યાણનગર નિત્ય મનુષ્યોવડે ઉભરાઈ જતું દેખાતુ હતું.

કલ્યાણ નગર કાંઈ એટલુ બધુ વિશાળ નહોતુ, તોપણ તેને પેઠ (બજાર) અને કિલ્લો એવી રીતે બે ભાગમા વિભક્ત કરવામાં આવ્યુ હતુ બજારમા બહુધા સુખવસ્તુ અને વ્યાપારી લોકોની વસતિ હતી. તે સમયની દેશસ્થિતિ પ્રમાણે પીઠનુ પરશત્રુના આઘાતથી રક્ષણ કરવામાટે તેની આસપાસ સાધારણ કિલ્લેબદી કરેલી હતી, છતા વધારે ધામધૂમના પ્રસગે તો લોકોને કિલ્લામા જ આશ્રય લેવો પડતો હતો.

પીઠ કરતા કિલ્લાની વ્યવસ્થા સારી હતી. ચારે તરફ મજબૂત દીવાલ હોઇને તેનાપર વચ્ચે સુદર અને વિશાળ અર્ધવર્તુલાકૃતિ બુર્જ બાધવામાં આવ્યા હતા. કિલ્લાના એકંદર દરવાજા ચાર હોઇને પ્રત્યેક દરવાજાની બન્ને બાજૂએ આઠ ખૂણીયા બુર્જ કરેલા હતા કિલ્લાની આસપાસની ફરતી ખાઈ પણ ઊંડી અને સ્વચ્છ પાણીથી ભરેલી રહેતી હતી. ખાઈપરથી કિલ્લામા જવામાટે દરેક દરવાજાની આગળ લાકડાનો એક એક પૂલ રાખવામા આવ્યો હતો અને તેને સધ્યાસમયે ઉપર ખેંચી લેવામા આવતો હતો

કિલ્લાના અદરના ભાગમા સિપાહી લોકોની કોટડીઓ, ઘોડાના તબેલા આદિ એક બાજૂએ હોઇને બીજી બાજૂએ ધાન્યના કોઠાર અને ઘાસની ગજીઓ આદિ હતાં સ્થળ સ્થળે પાણીની ટાંકીઓ હતી. કિલ્લાના મધ્યભાગમાં બાલે કિલ્લો હોઇને તેમાં કિલ્લેદારનુ નિવાસમદિર હતું. બાલેકિલ્લા સમક્ષ એક વિશાળ પટાગણુ હતું, ત્યા લશ્કરની કવાયદ

થતી હતી અને દર અઠવાડિયે બજાર ભરાતો હતો. બાલેકિલ્લામાં જ ઢાલનો બુર્જ હોઇને તેનાપર આદિલશાહીની પતાકા વાયુની લહરી સાથે ડોલાયમાન થતી દેખાતી હતી.

કિલ્લેદારની હવેલી તેની પદવીને શોભાવે તેવી જ હતી. તે ચતુષ્કોણ હતી અને એના આગળના ચોકમાં કચેરી હતી. મુસલ્માનોની ગોષાની પદ્ધતિ પ્રમાણે તેનુ જનાનખાનુ પુરુષોના જોવામાં ન આવી શકે એવા આંતરિક ભાગમાં રાખવામા આવ્યુ હતુ. જનાનખાના પાસેના ચોકમાં એક પુષ્કરિણી હતી અને તેના મધ્યમાં એક ન્હાનકડું પણ સુદર મંદિર બાધવામાં આવ્યુ હતુ. જનાનખાનારૂપ જિન્દાન (કારાગૃહ) માં પૂરાયલી દુર્ભાગી અબળાઓમાટે એ પુષ્કરિણી તે એક વિનોદસાધન હતુ. એની પાછળના ચોકમા જનાનખાનાના ખાજાસરા આદિનો તેમ જ દાસીઓનો નિવાસ હતો. સારાશ કે એકંદરે વ્યવસ્થા સંતોષકારક હતી.

* * * * *

પ્રફુલ્લ પ્રાતઃકાળનો સમય સૂર્યોદય થયાને લગભગ અર્ધ પ્રહર થઈ ગયો હતો. કલ્યાણની આસપાસનો પ્રદેશ કિલ્લાપરથી અતિશય રમણીય દેખાતો હતો. પ્રાતર્વિધિની સમાપ્તિ કરીને કિલ્લેદાર મૌલાના અહમદ પોતાના નિત્યના વહિવટ પ્રમાણે ઢાલકાઠી પાસે આવીને ત્યાથી બહુ જ સ્થિર બુદ્ધિથી તીક્ષ્ણ દૃષ્ટિવડે આસપાસ જોવા લાગ્યો.

મૌલાના અહમદ પચાસ ચોમાસા ઓળંગી આવ્યો હતો, છતા તેનું શરીર બળવાન્ અને તેજસ્વી હોવાથી વયનુ પ્રમાણ ઓછુ દેખાતુ હતું. તેનામાં વાર્ધક્યનો પ્રવેશ થવા છતા અદ્યાપિ તેનો ઉત્સાહ મદ થયો નહોતો. તેની આંખો પાણીદાર અને માથુ મોટુ હતું. તેનુ કદ સાધારણ ઉચુ હતુ, અને તેની સફેદ થવા માડેલી દાઢી તેની છાતીપર ખેલતી પ્રસરેલી હતી. અત્યારે તેણે સફેદ પોશાક ધારણ કરેલો હતો. પગોમા તૂમાન હોઇને તેણે પઠાણી ચઢાવ ચ્હાવ્યો હતો. અગમા એક પગ સૂધી લંબાયલુ અંગરખુ હતુ અને તેની ઉપર તેણે મુસલ્માની પદ્ધતિનો રુમાલ કમ્મરે વીટાળ્યો હતો. કમ્મરે સોનેરી પટો હોઇને તેમા સોનાની મૂઠવાળી તલ્વાર લટકતી હતી. તલ્વારની મ્યાન કલાબત્તૂની હતી અને તેના બન્ને છેડા સોનાની નકસીદાર ખોલીઓથી મઢેલા હતા

રાજકીય સત્તાના શિખરપર ચઢેલા કયા રાષ્ટ્રો ઐશ્વર્યનો અતિરેક નથી કરતાં વારુ? ઇસ્લામી રાજ્ય અને મરાઠી રાજ્યના વિનાશ તથા પરિપાતનુ કારણ એ અપાર ઐશ્વર્યોપભોગમાં જ સમાયલુ છે. પોતાની જાતિની નાના પ્રકારની ઇચ્છાઓ પરિપૂર્ણ કરવી, જિતેલા જનો-

પર અત્યાચાર કરીને તેમની પાસેથી ન્યાય કે અન્યાયથી મેળવેલા ધનના યોગે પોતાના લોકોની જાહોજલાલી વધારવી, જિત અને જેતા મધ્યે તિરસ્કરણીય ભેદભાવ રાખવો અને જિત લોકોનું ક્ષણે ક્ષણે પોતાથી બની શકે તેટલુ અપમાન કરવુ, એ તેમનો પરમ ધર્મ જ બની જાય છે. પરતુ અને એ ચચળ લક્ષ્મી એ ઐશ્વર્યના મદથી અંધ બનેલાઓને એવી તો થપ્પડ લગાવે છે કે, તેથી તેઓ કેટલાંક શતકોપર્યન્ત નીચ સ્થિતિની દુ ખદ દશામાં સબડતા પડી રહે છે અને જે કાંઇક પૂર્વ સુકૃત હોય, તો પુન મસ્તકને ઉન્નત કરી શકે છે, અને નહિ તો તેવી જ દશામાં ધૂળમા મળી જાય છે એ નિયમ આદિલશાહીને પણ લાગૂ પડેલો હોવાથી આદિલશાહીની પણ આપણા કથાનકના કાળમા લગભગ એવી જ અવસ્થા થઈ હતી મૌલાના અહમદના પોશાકમા જેવી રીતે સુવર્ણ પ્રમુખતાથી જેવામાં આવતુ હતુ, તે જ પ્રમાણે તે ન્હાના મોટા મુસલ્માન અને મરાઠા સરદારો પાસે પણ દેખાતુ હતુ પરતુ સર્વ સાધારણ પ્રજાને માત્ર એનો વિકાર નહોતો અસ્તુ.

ઉપર જણાવ્યા પ્રમાણે મૌલાના અહમદ એ સ્થળે ઊભો હતો એટલામા એક સિપાહી ત્યા આવ્યો અને તેણે બીજાપુરથી થેલી આવવાની ખબર સભળાવી "જે હોય તે અહીં જ લઈ આવો," તેણે આજ્ઞા કરી એથી કચેરી આજે અહીં જ થવાની છે, એમ ધારીને પહેરાપરના સિપાહીએ ત્યા જ બેસવામાટેની વ્યવસ્થા કરી દીધી અને પાછો તે પોતે દૂર જઇને અદબથી ઊભો રહ્યો અલ્પ સમયમા જ બીજાપુરથી થેલી લઇને આવેલા સિપાહીઓ આવી લાગ્યા આ જાસૂસો વાચકોના પરિચિત હોવાથી અહીં તેમની પુનઃ ઓળખાણ કરાવવાની અગત્ય નથી એ લોકો ખાસ બાદશાહની તહેનાતના હોવાથી મૌલાનાએ તેમનો યોગ્ય પ્રકારે આદરસત્કાર કર્યો ખરી રીતે જેતા મૌલાના અહમદ ભીમડીથી તે નાગોઠણા પર્યન્તના પ્રાતનો સૂબેદાર હતો અને એ લોકો યકચ્ચિત્ ટપાલ લાવનારા અને લઈ જનારા હતા, એટલે તેમના આટલા બધા આદરસત્કારની જે કે આવશ્યકતા નહોતી, તો પણ તેઓ બાદશાહના સાન્નિધ્યમાં રહેતા હોવાથી જે તેઓ નારાજ થશે તો બીજાપુરમા જઇને એકનું બીજુ જ ભેરવી મારશે, એવા ભયથી મૌલાના હમેશા તેમને સંતુષ્ટ રાખતો હતો મોટાઓની તહેનાતમા રહેવાથી પણ કેટલો પ્રભાવ પડે છે, એનુ આ એક પ્રત્યક્ષ ઉદાહરણ છે

બાદશાહના જાસૂસો ગાલીચાપર બેઠા પછી ચાલતા આવેલા રિવાજ પ્રમાણે હુક્કાપાણીનો વિધિ થયો ત્યાર પછી કુશળપ્રશ્ન અને આમતેમની કેટલીક વાતો ચાલ્યા પછી તે જાસૂસોમાના એકે પોતાના

ગળામાના તાબરામાથી એક રેશમી થેલી બહાર કાઢી એ થેલીમા રેશમની જરીના તારવાળી દોરીઓ હતી. એ થેલીને તે જાસૂસે મૌલાના અહમદના હાથમા આપી; પણ એમ કરતા તેનો ચહેરો એકદમ ઊતરી ગયો અને તે કાવરો બાવરો બની ગયો. મૌલાનાએ અદબથી રાજનિષ્ઠાપૂર્વક તે થેલી હાથમા લીધી તેનુ ધ્યાન જાસૂસના મુખમંડળ પ્રતિ નહોતુ તેણે તેનુ હાથમા લઇને એકવાર ધ્યાનથી નિરીક્ષણ કર્યું અને ત્યાર પછી તત્કાળ તેને જમીનપર પછાડીને ક્રોધથી લાલપીળો થઈ કહેવા લાગ્યો કે,–“તમે મારી મશ્કરી કરવા માડી છે કે શુ ? આ થેલીપરની મોહોર ટૂટેલી છે, એટલે જે સત્ય હોય, તેનો મારે વિચાર કરવો જ જોઇએ, અને ખરી બીનાનો પત્તો મેળવીને તે હુજૂરને જણાવી દેવી જોઇએ કાસિમ, જા–કોટવાલ તથા દીવાનજીને બોલાવી લાવ”

જાસૂસોનો તો અડધો જીવ સ્વર્ગમા પ્રયાણ કરી ગયો. એ મોહોર કેવી રીતે ટૂટી, એની તેઓ કશી પણ કલ્પના કરી શક્યા નહિ. એકવાર તેમના મનમા એમ આવ્યુ કે, હુજૂરમાથી જ એ આપણને મોહોર વિનાની ફૂટેલી થેલી જ મળેલી હોવી જોઇએ, પણ તેમની એ ધારણા નિરર્થક હતી કારણ કે, તેમણે તે થેલીને લેતી વેળાએ રીતિ પ્રમાણે જોઈ તપાસીને જ લીધી હતી, એમ તેમની મનોદેવતા તેમને વારંવાર કહ્યા કરતી હતી. ત્યારે તે સિક્કો ટૂટ્યો ક્યા ? એ વિશે તેમનો કશો પણ તર્ક ચાલી શકયો નહિ મોહોર ટૂટી એટલી વાત માત્ર ખરી. આ વાર્ત્તા બાદશાહના કાને જતા એનુ પરિણામ સારુ થવાનુ નથી, એ તેઓ જાણતા હોવાથી હવે શુ કરવુ અને શુ નહિ, એના વિચારમા જ પડી ગયા.

મૌલાના અહમદના ગુસ્સાનો પહેલો ઝટકો પસાર થઈ ગયા પછી તે પણ એ મોહોર ફૂટ્યા વિશેના વિચારમા નિમગ્ન થઈ ગયો. એ જાસૂસો એ થેલી લઇને કાઈ આજે જ પ્રથમ આવ્યા નહોતા, તેઓ વારવાર બાદશાહના રુક્કા લઇને સૂબેદાર પાસે આવતા હતા, એટલુ જ નહિ પણ તેમણે બીજાપુરના બાદશાહની બીજી પણ અનેક સેવાઓ બજાવી હતી. આમ હોવા છતા આમ કેમ બન્યુ, એ વિશેના તે કશા પણ નિશ્ચયપર આવી શકયો નહિ. તે વિલક્ષણ ગોટાળામાં પડી ગયો. એ મોહોર જાસૂસોએ પોતે ફોડી હોય, એવી તો તેના મનમા શકા માત્ર પણ નહોતી, ત્યારે એ મોહોર ટૂટી કેવી રીતે ?

કોટવાલ અને દીવાનજીના આવતા સૂધી તે સર્વ મૌન્યનુ અવલંબન કરીને બેસી રહ્યા. તેઓ સત્વર જ આવ્યા અને પોતપોતાના આસને બેસી ગયા, એટલે મૌલાના અહમદે દીવાનજીને થેલી વિશેની સઘળી

હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળીને દીવાનજી તથા કોટવાલ બન્ને આશ્ચર્યચકિત થઈ ગયા. દીવાન બ્રાહ્મણ હતો અને કોટવાલ મુસલ્માન હતો. બન્ને તેમના ચહેરાને જોતાં ઉત્સાહી દેખાતા હતા. બન્નેએ તે જાસૂસોને બારીક નજરથી એકવાર જોયા; પણ એથી તેમના મનનું કાંઈ પણ સમાધાન થયું નહિ. દીવાનજીએ જાસૂસોના અગ્રેસરને પુન સર્વ વૃત્તાંત કહી સભળાવવાની આજ્ઞા કરી, અને જ્યારે તેણે બીજાપુરથી નીકળીને કલ્યાણ પર્યન્ત પહોંચતા સૂધીનો પોતાનો વૃત્તાત કહી સંભળાવ્યો, એટલે દીવાનજીએ પૂછ્યુ કે,–"તમને રસ્તામા કોઈ અજાણ્યો સોબતી મળ્યો હતો ખરો કે ?"

"જી હા, કાલે સધ્યા સમયે બોરઘાટમા એક સોબતી મળ્યો હતો ખરો." તેણે ઉત્તર આપ્યુ

"તે કોણ હતો ?"

"ઘાટના મુખપરના જ એક ગામમા તે કાંઈ કામમાટે જનાર હતો રસ્તામા રાત થઈ જશે અને ઘાટમા ચોર લૂટારાઓનો ત્રાસ હોવાથી કદાચિત્ દુર્દશા થશે, એવા ભયથી ઘોડાને બહુ જ વેગથી દોડાવતો તે અમારી સાથે આવી મળ્યો હતો તે જાતિનો મુસલ્માન હતો"

"આખી રાત તે તમારી સાથે જ રહ્યો હતો કે ?"

"જી હા, ઘાટની શરુઆતમા જ જે એક પડી ગયેલી મસ્જિદ છે, ત્યા જ અમોએ રાતનો મુકામ કર્યો હતો. તે પણ ત્યા આખી રાત અમારી સાથે જ હતો અને સવારમા બે ત્રણ ગાઉ સૂધી અમારી જોડે જ ચાલ્યા પછી તે આ પાસેની વાડી પાસેથી પોતાના ગામ તરફ ચાલ્યો ગયો"

"રાતે તમે કેટલીકવાર સૂધી વાતચીત કરતા બેઠા હતા ?"

"વધારે વાર તો નહિ જ ઘોડાને તોબરા ચઢાવ્યા, જરાક નાસ્તો પાણી કર્યો અને હુકકો ગગડાવીને સૂઈ ગયા."

"તે નવો સોબતી તમને કેવોક દેખાયો ?"

"ઘણો જ બીકણ અને ગરીબ! ઘાટમા કોઈ લુટારાઓ આવીને પોતાને લૂટી લેશે, એટલા માટે જ તે અમારી સોબતમા રહ્યો હતો. હુકકો પીને તે જે પડ્યો તે તરત જ ઘોરવા મડી ગયો, એટલો બધો તે થાકેલો હતો. અમે પણ તેના ઊંઘ્યા પછી તરત ઊંઘી ગયા. સવારમાં તેણે જ અમને જગાડ્યા."

"તમારામાથી રાતે કોઇએ જાગીને પહેરો કર્યો હોય, એમ જણાતુ નથી. કેમ ખરું કે નહિ ?"

"પહેરાની અમને કાંઈ પણ અગત્ય દેખાઈ નહિ. આ તોબરી મારા ગળામાં જ હતી અને એને પેટ સાથે દાબીને જ હુ સૂઈ ગયો હતો."

આ જવાબોથી દીવાનજીના મનનુ કાઈ પણ સમાધાન થયેલું દેખાયુ નહિ. તેણે માત્ર જાસૂસના નવા સોબતીને શોધીને પકડી લાવવા-માટે કોટવાલને ત્યાંથી રવાનો કરી દીધો, અને પુન તે જાસૂસના અગ્રે-સરને પૂછવા લાગ્યો કે,–

"તમને આ થેલી આપતી વેળાએ વજીર સાહેબે શુ કહ્યુ હતુ?"

"એ જ કે, પાછા વળો ત્યારે ખજાના સાથે આવજો."

એ પછી દીવાનજીએ થેલીમાના રુક્કાને બહાર કાઢ્યો, પણ તે પણ ફૂટેલો જ હતો. તેમાના ફર્માનને કાઢીને તેણે મૌલાના અહમદને વાચી સભળાવ્યું. તેમાંનો આશય એવો હતો કે,–"આ રુક્કો પહોંચ-તાની સાથે તરત જ કલ્યાણમા જે ખજાનો એકઠો થયો હોય, તે તરત બીજાપુર તરફ રવાનો કરી દેવો" એ પછી કેટલોક વિચાર ચલાવ-વામાં આવ્યો અને તે જાસૂસોએ મૌલાના અહમદ અને દીવાનજીને કરગરીને કહ્યુ કે,–"મેહરબાની કરીને અમારી ભૂલની આ વાતને હુજૂર સૂધી જવા દેશો નહિ અમે આજ સૂધીમા બજાવેલાં કામોને જરા ધ્યાનમા લેશો તો આપનો મોટો આભાર થશે" મૌલાના તથા દીવાન-જીએ તેમને આશ્વાસન આપ્યુ અને સર્વ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

પ્રકરણ ૩ જું

મોહોર કેમ ફૂટી?

આપણા પ્રસ્તુત કથાનકના આરભકાળથી ચાર પાંચ વર્ષ પૂર્વે શ્રી શિવ છત્રપતિએ મહારાષ્ટ્રના વૈભવને પુન સંસ્થાપિત કરવાના 'શ્રી ગણેશાય નમ' નો આરભ કરી દીધો હતો. લેશ માત્ર પણ રક્તપાત ન થવા દેતાં તેણે તોરણાગઢને પોતાના તાબામા કરી લઇને સ્વરાજ્યનુ તોરણ બાધ્યુ હતુ અને ત્યાર પછી તેણે અનુક્રમે લાગલાગટ નાના પ્રકારની યુક્તિઓ લઢાવીને ચાકણ, પુરદર, કોંડાણા, તુંગ, તિકોના, રાયરી, રાજમાચી અને લોહગઢ આદિ કિલ્લાઓ પણ જિતી લીધા હતા. એમાં પણ વિશેષતા એ કે, આવા મોટા કાર્યક્રમમાં બંદૂકનો એક પણ બાર થયો ન હોતો અને એક પણ મનુષ્યના પ્રાણની આહુતિ અપાઈ ન હોતી. એવી રીતે એક એક પગલુ આગળ વધીને અને પોતાનાં સાધનોની દઢતા કરીને શિવાજીએ પોતાની જાગીરની આસપાસના પ્રદેશમા પોતાનો સારો પ્રતાપ અને પ્રભાવ બેસાડ્યો હતો. એ પછી તેણે

પોતાની જાગીરથી દૂરના પ્રદેશમા દષ્ટિપાત કર્યો અને તેમા પણ તેનો પૂર્ણ વિજય થયો, એ તો ઇતિહાસના વાંચનારા સારી રીતે જાણે છે, એટલે અહી વિશેષ વિવેચનની આવશ્યકતા નથી.

પણ આવા કાર્યોને લેશ માત્ર પણ સ્ફોટ થવા ન દેતા સિદ્ધ કરવા માટે અત્યંત સાવધતા અને પાતાળયત્રિતાની આવશ્યકતા હોય છે. શિવાજીને એવાં કાર્યોમાટેની યોગ્યતાવાળા કેટલાક પુરુષો મળી ગયા હતા અને તેથીજ તે પોતાના હેતુને સિદ્ધ કરી શક્યો હતો. શિવાજી પાસે એવાં તો એક કરતા એક ચઢિયાતાં મૂલ્યવાન્ પુરુષરત્નો હતાં કે, તેમના એક એક કાર્યને જોઇને આજે પણ આપણા મન આશ્ચર્યચકિત થઈ જાય છે ! પ્રસગને અનુકૂળ ગમે તે પ્રકારના વેશો ધારણ કરીને પોતાના ઉદ્દેશને સાધી લેવાની કળા તેમને ઘણી જ ઉત્તમ અવગત થએલી હતી હીરોજી ફર્જન્દ, મહાદ્ પૈઠણુકર, તાનાજી માલુસરે, યેસાજી કંક, નેતાજી પાલકર એટલુ જ નહિ, પણ મહારાજા શિવાજી પોતે પણ વેશ બદલવાના કાર્યમાં નિપુણ હતો બીજાની હદમા અને બીજાના પેટમા પ્રવેશ કરીને પોતાના વેશની પરિસ્ફુટના થવા ન દેતા કાર્ય સાધી લેવુ, એ કેટલું અને કેવુ જોખમભરેલુ હોય છે, એ જો આપણા જેવાની કલ્પના શક્તિમાજ આવે, તો પણ મહાભાગ્ય સમજવા જોઇએ ! અસ્તુ.

જે પ્રદેશમા કાર્યસિદ્ધિ કરવાની હોય, તે પ્રદેશમા પ્રથમ ગુપ્તચરોના જાળનો પ્રસાર કરીને ગુપ્ત વાર્ત્તાઓ મેળવવી, એ શિવાજીની એક બહુ જ ઉત્તમ અને અનુકરણીય પદ્ધતિ હતી. આપણા કથાનકના કાળમાં શિવાજીની દષ્ટિ કલ્યાણના સૂબાપર ગઈ હતી. એથી તેના વિશ્વસનીય ગુપ્તચરો ત્યાના મળી શકે તેટલા ગુપ્ત સમાચાર મેળવવામા પોતાની બુદ્ધિનો વ્યય કરતા હતા. એમાનો જ મહાદ્ પૈઠણુકર નામક એક માવળો ગુપ્તચર બોરઘાટમાની હીલચાલને જાણવાના કામપર નીમાયલો હતો પહેલા અને બીજા પ્રકરણમાં જે નવીન આગતુકનો ઉલ્લેખ આવેલો છે, તે એ જ ગુપ્તચર હતો, એતો હવે ચાણુકય વાચકોના જાણવામા આવેલુ હોવુ જ જોઇએ. કેટલાક દિવસ પર્યન્ત એ વીરપુરુષ ઘાટમા ને ઘાટમા ભ્રમણ કર્યા કરતો હતો, પરતુ તેને પોતાની કર્ત્તવ્યદક્ષતાની પરીક્ષા આપવાનો પ્રસગ અદ્યાપિ પ્રાપ્ત થયો નહોતો; અને તેથી તે અત્યત નિરાશ થઈ ગયો હતો. સ્વધર્મ અને સ્વરાજ્યની સ્થાપનામાટે પ્રત્યક્ષ મૃત્યુના મુખમાં જવાને પણ તૈયાર થયેલા એ મહારાષ્ટ્રીય દેશભક્તો કોઈ પણ મહત્ત્વના કાર્યને સિદ્ધ કરી બતાવી શિવાજીના મુખથી 'ધન્ય' શબ્દ સાભળવાને બહુ જ ઉત્સુક રહેતા હતા.

શિવાજી કામ ચીંધે અને આપણે તે કરી બતાવીએ, શિવાજીનો આજ્ઞા કરવાનો ધર્મ છે અને તે આજ્ઞાનું પાલન તે આપણો ધર્મ છે, એવા નિસીમ ભક્તિવાળા લોકોને કર્ત્તવ્ય વિના ચેન ન પડે, એ સ્વાભાવિક જ હતું. મહાદૂની પણ એવી જ અવસ્થા થઈ હતી અને હવે જો બીજાપુર સૂધી જવાથી કાંઈ ગુપ્ત વાર્ત્તા મળવાનો સંભવ હોય, તો ત્યાં પણ જવું, એવો વિચાર પણ એક બે વાર તેના મનમા આવી ચૂક્યો હતો. પરતુ શિવાજીની આજ્ઞા વિના તેમ કરવુ અશક્ય હોવાથી તે પોતાની નીમાયલી ભૂમિમાં જ ભમ્યા કરતો હતો અને પોતાની ઇચ્છા પ્રમાણેનો પ્રસંગ આવી મળવાથી તેને કલ્પનાતીત આનદ થયો. તેણે મુસલ્માની પદ્ધતિનો બેમાલૂમ પોશાક ચઢાવ્યો અને 'જય ભવાની' કહીને પોતાના ઘોડાપર સ્વાર થઈ વાયુના વેગે તેને દોડાવતો તે બીજાપુરના રાજચરો પાસે આવી લાગ્યો તે જાસૂસોને ચણાના ઝાડપર ચઢાવીને તેણે તેમની પાસેથી ઘણીક વાર્ત્તા જાણી લીધી અને એથી તેઓ બીજાપુરથી કલ્યાણ તરફ ખજાનો લેવામાટે જાય છે, એટલુ જાણવામા આવી જવા છતાં એટલાથીજ તેને સતોષ ન થયો તેની નજર ટપાલની તોબરીમાં પરોવાઈ અને તેમાં જે હોય તે જોવાની ઇચ્છા થવાથી પોતાની તે ઇચ્છાને પૂર્ણ કરવામાટેની તેણે એક અદ્વિતીય યુક્તિ શોધી કાઢી અને તે નીચે પ્રમાણે હતી,–

બોરઘાટ ચઢીને ઉપર આવ્યા પછી રસ્તાની બાજૂએ જ એક પડેલી મસ્જિદ તેમના જોવામા આવી, અને રાત પડી ગયેલી હોવાથી તે જાસૂસોએ ત્યાં જ રાતવાસો કરવાનો ઠરાવ કર્યો. મહાદૂએ ત્યા રહેવામાં જરા આનાકાની કરી, પણ તેની ભીરુતામાટે ખૂબ ઠઠ્ઠા મશ્કરી કરીને તેમણે તો પોતાના ઘોડા ત્યાં બાધ્યા તે બાધ્યાજ. એટલે પછી એકલો બિચારો મહાદૂ શુ કરે વારુ? નિરુપાયવશ તેને પણ પોતાનો મુકામ ત્યાં જ તેમની સાથે કરવો પડ્યો. તે કહેવા લાગ્યો કે,–"જુઓ ભાઈ, તમારા આગ્રહથી હું અહી ઉતારો કરુ છુ. તમે તો સિપાહીભાઈ છો, એટલે તમને તો કશી પણ ધાસ્તી નથી. પણ જો એવો જ પ્રસગ આવે, તો મેહરબાની કરીને મને છોડી ન જશો!"

ઘોડાને ઘાસ દાણો આપીને પછી એ મુસાફિર સિપાહીઓએ થોડોક નાસ્તો કરી લઇને જલપાન કર્યું. ત્યાર કેડે ગપ્પાષ્ટકની શરુઆત કરવામાં આવી. એક તો પ્રથમથી જ તે સિપાહીઓ રંગીલા લાલા હતા અને તેવામાં તેમને ચઢાવનારો આ આપમતલબી મરાઠો આવી મળ્યો; એટલે પછી ત્યા રગનો સગ થતાં તેઓ દગ થઈ જાય, એમાં આશ્ચર્ય શુ વારુ? ઘણીવાર સૂધી તે જાસૂસોને રજિત કરીને મહાદૂએ વાત કરતા

કરતાં જ હુક્કાને ખસેડી લઇને પોતા પાસેનો તંબાકુ તેમાં ભર્યો અને તેપર દેવતા રાખીને પોતાની મધુર વાણીના મોહજાળમાં સપડાયલા તે રાજચરોને ફૂકવામાટે આપ્યો. તેમણે પણ હુક્કાનો સારો સત્કાર કર્યો, ને તે એટલે સૂધી કે તે પ્રેમાળ ગપ્પીદાસ મહાદૂ માટે એક દમ સુદ્ધા પણ તેમાં બાકી રહેવા દીધો નહિ. એ વેળાએ મહાદૂ તડાકાના એવા તો રગમાં આવી ગયો હતો કે, તેની જીભ કાતર પ્રમાણે ચાલતી હતી અને તેથી જાસૂસો મોહજાળમા વધારે અને વધારે સપડાતા જતા હતા. હાસ્યરસનો તો અવધિ જ થયો હતો ! સાધારણત લગભગ એક પ્રહર પર્યન્ત એવી સ્થિતિ ચાલ્યા પછી સર્વને નિદ્રાદેવીએ પોતાના અધિકારમા લેવાનો આરભ કર્યો; માત્ર મહાદૂને ગાવાની ઇચ્છા થઈ આવી અને તેથી તેણે ઉર્દૂ ભાષાના વખણાયલા શાયરોની કેટલીક સારામા સારી ગઝલો લલકારવા માડી. એ સર્વ ગઝલો બહુધા શૃગાર-રસની હોવાથી તે અર્ધનિદ્રિત જાસૂસો કાલ્પનિક શૃગારસુખસાગરમાં તરવા લાગ્યા અને નાના પ્રકારની ચેષ્ટાઓ કરીને અતે નિદ્રા—ગાઢ નિદ્રા—ને આધીન થઈ ગયા

એ પછી મહાદૂ પૈઠણકરનો ગાયનવ્યવસાય થોડા વખત સૂધી ચાલ્યો. ધારેલો શિકાર પોતાના હાથમા બરાબર સપડાયાથી તેના આનન્દનો અતિરેક થતો દેખાયો. પોતાના કાર્યની સફળતા થતા કોને આનદ ન થાય વારુ ? તે કેટલીકવાર સૂધી તો સ્વસ્થ થઇને બેસી રહ્યો. તેની શ્રદ્ધા પ્રમાણે જે દેવીની કૃપાથી તેને વિજય મળ્યો હતો, તે દેવીનું તેણે પોતાના મનમા અનન્ય ભાવથી ચિતન કર્યું અને તેને તે માનસિક નમસ્કાર કર્યા. એ પછી તે પોતાની જગ્યાપરથી ઊઠીને બહારના ભાગમા આવ્યો. મસ્જિદની આસપાસ એકવાર ભ્રમણ કરીને તેણે સર્વત્ર દૃષ્ટિ-પાત કર્યો. આકાશમા તારાઓ ચમકતી હતી અને શુકલાષ્ટમીનો ચદ્ર અસ્તંગત થવાની તૈયારીમા હતો. જંગલમાં વાઘ અને કોળાના થતા અવાજો આવીને કાનોમા અથડાતા હતા, અને નિશાફીટોનો વ્યવસાય પણ ચાલૂ હતો. એ વિના સર્વ શૂન્ય હતુ. ક્યાંય પણ મનુષ્યની હીલ-ચાલ નથી, એવો પોતાના મનનો દૃઢ નિશ્ચય કરી લઇને તે પાછો મસ્જિદમાં આવ્યો તેણે પુન. એકવાર દેવીને નમસ્કાર કર્યા અને ત્યાર પછી અસ્તાવ્યસ્ત પડેલા બાદશાહના જાસૂસો પાસે જઇને તેઓ બરાબર નિદ્રાની મોહિનીમા સપડાયલા છે, એવી પોતાની ખાત્રી કરી લીધી. એટલું જ નહિ, પણ જેના ગળામાં ટપાલની તોબરી બાંધેલી હતી, તેને જરાક હીલવી પણ જોયો, અને તેના શુદ્ધિમા હોવાનુ જરાય ચિહ્ન જ્યારે જોવામાં ન આવ્યું, એટલે તેણે ‘જય ભવાની’ કહીને તેના ગળામાની તે

તોબરીને કાઢી લીધી અને જ્યાં ધૂણી સળગાવી હતી ત્યાં આવી લાગ્યો. ધૂણીમાં સૂકાયલા ઘાસની ભરતી કરી જ્વાળા પ્રકટાવીને પછી તે તોબરીમાંથી થેલી કાઢી લીધી અને તેનાપરની મોહોરને તોડી તેમાંના કાગળને બહાર કાઢી અને તેમાના મજમૂનને વાંચવાનો આરંભ કર્યો. પુન થેલીને બધ કરીને તોબરીમાં નાખી અને કેટલીકવાર સૂધી વિચાર કરી તે તોબરી પાછી તેણે સિપાહીના ગળામા ભેરવી દીધી. નિ શ્વાસ નાખીને તે પાછો પોતાની જગ્યાપર આવી બેઠો.

ઘણીકવાર સૂધી તે પોતાની જગ્યાપર બેસી રહ્યો. પોતે જે વિગત કાગળમા વાચી હતી, તેનુ પુન પુનઃ મનમા સ્મરણ કરીને તે વિશે તે વિચાર કરતો હતો. અતે પાછો તે ઉઠ્યો અને મસ્જિદમાંથી બહાર આવ્યો તેણે એકવાર આકાશમા દૃષ્ટિપાત કર્યો અને "વદ્ય અષ્ટમી જ ને ? કેવળ એક પખવાડિયાનો જ વિલબ !" એવો મનોગત ઉદ્‍ગાર કાઢ્યો.

એ વેળાએ ત્રણ પ્રહર જેટલી રાત વીતી ગઈ હતી ઉષ કાળનો શીતળ વાયુ છૂટ્યો હતો. પ્રભાત થવામા વિશેષ વિલબ નથી એમ જોઇને મહાદ્દ અદર આવ્યો અને તેણે તે ધૂણીમા એક જાતની કોઈ ભૂકી નાખીને પોતે પ્રાતર્વિધિ આટોપવાને બહાર ચાલ્યો ગયો તે ભૂકીના યોગે આખી મસ્જિદ એક પ્રકારના ધૂમાડાથી ભરાઈ ગઈ અને શ્વાસોચ્છ્વાસની સાથે તે ધૂમાડાનો અશ પેટમા જવાથી તે નિદ્રાધીન જાસૂસોએ પડખા ફેરવ્યા. કેટલીકવાર પછી મહાદ્દ જ્યારે પાછો આવ્યો ત્યારે ધૂમાડો સાફ થઈ ગયો હતો તે જાસૂસો પાસે ગયો અને તરત તેમને પ્રભાત થવાના સમાચાર કહીને તેણે હીલવીને જાગૃત કર્યાં.

સર્વ જનો જાગૃત થયા અને શૌચ તથા મુખમાર્જન કરીને પોતાના પથે પડી ગયા મહાદ્દ પણ તેમની સાથે જ હતો અને તેની જિહ્વા એ રામપ્રહરમાં ઈશ્વિર સ્તુત્યાત્મક ઉર્દુ કવિતાઓ ગાવામાં તલ્લીન થઇ હતી. તે પ્રાત કાળનો શાત રમણીય અને સુશીતલ સમય, જાગૃત થયેલો પાર્વતીય પ્રદેશ અને આપણા એ પ્રવાસીઓ વિના અન્ય રીતે સર્વથા નિર્જન અરણ્યમાર્ગ, એ સર્વ શાંત અને ગંભીર દેખાવમા આપણા એ મરાઠા વીરના કર્ણમધુર સગીત અને તે સગીતના પ્રતિધ્વનિનુ મિશ્રણ થવાથી સમસ્ત વન પ્રદેશ પ્રમુદિત થવા સમાન દેખાતો હતો. તે જાસૂસો આવી રીતે પોતાને સર્વ પ્રકારનો આનંદ આપવામાટે મહાદ્દ–વેશધારી મુસલ્માન વીર–નો અંત.કરણપૂર્વક આભાર માનવા લાગ્યા અને તેની એક મતથી પ્રશંસા કરવા લાગ્યા.

આખી રાત વિશ્રાંતિ મળવાથી ઘોડા પણ તાજા તવાના થયા હતા; અને મહાદ્દના ગાનથી ભાન ભૂલીને તેઓ પણ ઊતાવળથી

ચાલતા હતા. અન્તે સહ્યાદ્રિનાં તે અનેક શૃંગોમાંથી માર્ગ કરતો સૂર્યદેવ આકાશમાં દૃષ્ટિગોચર થયો અને પોતાના આરક્ત કરોવડે ભૂમિદેવીને તેણે પ્રેમપૂર્વક આલિગન આપ્યુ. એ પ્રકાર થતાંની સાથેજ ભૂમિના પૃષ્ઠભાગપર સર્વત્ર ચૈતન્ય જાગૃત થયેલુ દેખાવા લાગ્યુ. એ પછી થોડીવારમાજ મહાદૂએ તે જાસૂસોની રજા લીધી. એ વેળાનો દેખાવ બહુ જોવા લાયક હતો. કાલથી જેણે તેમનાં મનને આનદમાં રાખ્યાં હતા, તે પોતાના દોસ્તને પોતાથી જૂદો પડતો જોઇને તેમની આખોમાં પાણી ભરાઈ આવ્યુ અને મહાદૂએ પણ આબેહૂબ તેવોજ દેખાવ રજૂ કર્યો. પણ અન્તે તો તે રજા લઇને તેમનાથી જૂદો પડ્યોજ. તે જ્યા સુધી દેખાયો ત્યા સુધી તો તે ચારે સિપાહીઓ મહા ખિન્ન મનથી તેની તરફ જોતા ઊભા રહ્યા અને ત્યાર પછી શોકપૂર્વક કલ્યાણના માર્ગમા પ્રયાણ કરી ગયા

પ્રકરણ ૪ થું

ઔલિયા

તે સિપાહીઓથી જૂદા પડીને ઝાડીમા પેઠા પછી થોડીજ વારમાં મહાદૂએ પોતાના ઘોડાને તે અરણ્યમાજ પાછો ફેરવ્યો ઘોડો એ રસ્તાઓને સારી રીતે જાણતો હોવાથી ઊતાવળથી રસ્તો કાપવા લાગ્યો. વાઞ્છિત કાર્ય સફળ થવાથી મહાદૂના મુખમંડળમા આનદની છટા પ્રત્યક્ષ દેખાતી હતી છતા તે એક પ્રકારના વિચારમાં પડી ગયો હતો.

કેવળ ઉદરરૂપ નરકને ભરવામાટે ખોટી અને બનાવટી ખબરો આપીને નિરપરાધી જનોના ગળા કપાવનાર ગુપ્તચરોનો તો કાંઈ ટોટો નથી 'કોદાળીનો હાથો તે ગોત્રનો કાળ' એ પ્રકાર તો નિત્ય ચાલ્યાજ કરે છે એવા કાળસ્વરૂપ ગુપ્તચરો જો શિવાજીના હાથ તળે તૈયાર થયેલા ગુપ્તચરોના ચરિત્રપ્રતિ ધ્યાન આપશે, તો તેમનો જનસમાજપર મોટો ઉપકાર થશે. ગુપ્તચરના કાર્યમાટે સર્વકળાપ્રવીણ મનુષ્યની આવશ્યકતા હોય છે, પરતુ વિશેષત તેનુ ધ્યેય કાર્ય કેવુ અને કેટલુ પવિત્ર હોવુ જોઇએ છે, કેવળ પેટમાટેજ નહિ, પણ કર્ત્તવ્યકર્મ જાણીને કરેલા કાર્યો કેવી અજ્ઞાત રીતે યશસ્વી થાય છે, ઇત્યાદિ તત્ત્વોજ વિશેષત ધ્યાનમાં લેવા યોગ્ય છે શિવાજીનુ કાર્ય અતિશય પવિત્ર હોવાથી તેને મનુષ્યો પણ એવાજ સારા મળ્યા હતા અને તેથી તેના સર્વ મનોરથો સપૂર્ણ સિદ્ધ પણ થયા હતા કેવળ ઉદરપરાયણ મનુષ્યો કોઈ પણ પવિત્ર કાર્ય કરી શકતા નથી, એની સમસ્ત જગતના ઇતિહાસો સાક્ષી આપે છે. અસ્તુ.

કેટલાક આડા અવળા માર્ગો, ચઢાણુ ઉતરાણુ અને ઝાડીઓને ઓળંગીને મહાદૂ એક અતિશય નિબિડ ઝાડીવાળા પર્વતની તળેટીમાં આવી લાગ્યો. એ વેળાએ મધ્યાહ્નનો સમય થયો હતો અને સૂર્ય બરાબર આકાશના મધ્યમાં આવ્યો હતો. વસત ઋતુના દિવસો હોવાથી સર્વત્ર નવીન પલ્લવથી વનદેવતા વિભૂષિત થયેલી હતી. વૃક્ષરાજિ એટલી બધી ઘન અને નિબિડ હતી કે, ભૂપ્રદેશપર પડવાથી થતો સૂર્યકિરણોનો ત્રાસ તેથી ઓછો થઈ ગયો હતો. એ ઝાડીની એક બાજૂએ સ્વચ્છ પાણીનું એક ઝરણુ વહેતુ હતુ. તે ઝરણુના કાંઠે મહાદૂએ પોતાના ઘોડાને થોભાવ્યો અને તેના ઉતરવા પછી ઘોડો તે ઝરણા પાસે જઇને સ્વચ્છ સલિલનુ પાન કરવા લાગ્યો.

મહાદૂએ તે ઝાડીમાં પ્રવેશ કર્યો અને થોડાંક પગલા ચાલ્યા પછી એક પર્ણકુટી જોવામા આવી. તેમા જઇને તે 'હાશ' કરીને બેઠો. તેનો ઘોડો પણુ પોતાની મેળે જ ત્યા આવીને પર્ણકુટીની પાછળના ભાગમા ચાલ્યો ગયો. થોડીવારમા જ એક બીજા માણુસે આવીને તે ઘોડાને પાસેના એક બીજા ઝૂપડામા બાંધ્યો અને તેના મુખ આગળ ત્રણુચાર ઘાસના પૂળા છોડીને તેનાપરનો સામાન અને લગામ વગેરે ઊતારી લીધા. ત્યાર પછી તે એક ત્રીજી પર્ણકુટીમાં ગયો અને તરત જ તેમાથી તે અને એક અન્ય મનુષ્ય બહાર નીકળ્યા અને ઉતાવળથી મહાદૂ પાસે આવી લાગ્યા. મહાદૂએ તેમને જોઈ પોતાના વેશને શોભે તેવી શુદ્ધ ઉર્દુ ભાષામા તાજીમતવાજીમનો વિધિ કર્યો અને તેથી જે હાસ્યનો પ્રકાર ત્યા ચાલ્યો, તે અવર્ણનીય હતો.

હાસ્યરસનો પ્રથમ વેગ નીકળી જવા પછી મહાદૂએ તે મધ્યમ વયના મનુષ્યને ઉદ્દેશી કહ્યુ કે,–"ભાઈ, કામ ફતેહ કરીને આવ્યો છુ!" આ સમાચારથી સર્વના મનનુ સમાધાન થયુ. એ સર્વ સમાચાર મહારાજા શિવાજીને સભળાવવામાટે તેણે ત્યારપછી તે દ્વિતીય પુરુપને રવાનો કર્યો અને પોતે તે મધ્યમ વયના પુરુષ સાથે ભાવી કાર્ય વિશેની વાતચીત કરતો બેસી રહ્યો.

* * * * * * * *

મધ્યાન્હનો પ્રખર સમય હતો અને તાપનો સંતાપ સીમાને ઉલ્લંઘી ગયો હતો. સૂર્યની ઉષ્ણુતાથી પોતાનો બચાવ કરવામાટે સર્વ પ્રાણીઓ પોતપોતાનાં આશ્રયસ્થાનોમાં લપાયલા હોવાથી સર્વત્ર શૌન્ય અને શાતિનો જ અધિકાર પ્રસરેલો દેખાતો હતો, અને તાપની પ્રખરતા અતિશય હોવાથી તે શાંતિ પણુ ભયાનક ભાસતી હતી! એવા સમયમાં એક ઔલિયો શહેરમાથી કલ્યાણુના કિલ્લામા જવાના દ્વારમાં પેઠો તેના તે

શાંત સ્વરૂપ, સંતાપકારક ઉષ્ણતામાં પણ જાણે ચંદ્રિકાયુક્ત રાત્રિમાં હવા ખાતો જતો હોયની! એવી ચાલવાની પદ્ધતિ અને સમસ્ત જગતમાં ચાલતા વ્યાપારો વિશે તેની નિરિચ્છ નાસાગ્ર દૃષ્ટિને જોતાં જ સર્વ પ્રહરીઓ મંત્રમુગ્ધ સમાન બની ગયા અને તેથી તેને કોઈએ પણ રોક્યો નહિ; એટલુ જ નહિ, પણ સ્હામા તેમણે તેનાં ચરણોમાં પડીને તેના આશીર્વાદ લીધા. એવો તે ઔલિયા–તે ઈશ્વરપ્રેમમાં લીન થયેલો સત્પુરુષ એ પ્રખર તાપમા ધીમે ધીમે ચાલતો અને માર્ગમાં મળતા પ્રત્યેક જનના ચિત્તને આકર્ષતો કિલ્લામાંના પૂર્વ તરફના ખૂણામાંની મસ્જિદમા આવી પહોંચ્યો અને ત્યાં પડાવ નાખીને પડ્યો. ત્યાં કેટલાક મૌલવી તથા ફકીરો હતા; તેમણે પણ એ મહા વિભૂતિને ઉત્થાપન આપીને બેસવા વગેરેની વ્યવસ્થા કરી આપી.

એ મસ્જિદમાં એ ઔલિયાનો મુકામ લગભગ એક પ્રહર પર્યન્ત જ હતો, પણ એટલા અવધિમાં એણે ત્યાંના મૌલવી અને ફકીરોના મન પૂર્ણતાથી આકર્ષી લીધા મિત ભાષણ, નિરતર ઈશ્વરનામસ્મરણ, કુરાન શરીફના આધારે શંકાનિરસન કરવાનુ ચાતુર્ય અને અતિશય નિરિચ્છતા ઇત્યાદિ ગુણોના યોગે સર્વનો એ ઔલિયામાં મહા ભક્તિભાવ બંધાઈ ગયો.

દિવસના તૃતીય પ્રહરની સમાપ્તિ થતાં ઔલિયા મસ્જિદમાંથી ઉઠીને બદર દરવાજામા થઇને કિલ્લા બહાર આવ્યો એ વેળાએ એની સાથે કેટલાક ભાવિક જનો તથા પ્રેક્ષકોનો સારો સમુદાય હતો. ખાડીના કિનારાપર આવતા ત્યાના શુભ્ર વાલુકામય પ્રદેશમાં તેણે પોતાનું આસન જમાવ્યુ અને સર્વ જનો અદબથી તેની આસપાસ બેસી ગયા. સૂર્યાસ્તનો સમય થતા સૂધી કેટલાક મૌલવીઓ સાથે તેનો ધર્મવિષયક સંવાદ ચાલતો હતો. સૂર્યાસ્ત સમયે મગરિબની નમાજ બધા સાથે તેણે પણ પઢી અને ત્યારપછી ત્યાંથી પાસે જ કડવા લીમડાની પાળપર જઇને તે બેઠો.

દિવસ આથમી ગયો હતો અને ધીમે ધીમે રાત્રિનો અધિકાર થતો જતો હતો. સાયકાળે કિલ્લાના દરવાજા બધ થતા હોવાથી બધા લોકો ચાલ્યા ગયા હતા, માત્ર કેટલાક મૌલવીઓ પાછળ રહ્યા હતા અને તેમણે ઔલિયાને પોતા સાથે કિલ્લામાં ચાલવાનો ઘણો જ આગ્રહ કર્યો. પરતુ ઔલિયાએ એ આગ્રહનો સ્વીકાર ન કરવાથી અતે લાચારીએ તેઓ પણ ઉઠીને કિલ્લા તરફ ચાલ્યા ગયા.

બીજે દિવસે પ્રભાતમાં કિલ્લાના દરવાજા ઉઘડતાંની સાથે જ લોકોનાં ટોળે ટોળાં ઔલિયાના દર્શનમાટે આવવા લાગ્યાં. એ દર્શનેચ્છુ લોક-સમુદાયમાં નાના પ્રકારના અને નાના પદવીના લોકો હતા. ઔલિયો

કોઇની સાથે પણ બોલતો નહોતો; એટલુ જ નહિ, પણ મસ્તકને ઉંચું કરીને કોઇને જોતો પણ નહોતો. હિન્દુ અને મુસલ્માન બન્ને જાતિના લોકો ભક્તિભાવથી ઔલિયાન વદન કરતા હતા. ફળ, પુષ્પ અને સિક્કાઓનો તો ત્યાં ઢેર લાગી ગયો હતો અને તેમને એક તરફ ખસેડનારા શિષ્યોની ત્યાં ન્યૂનતા જોવામાં આવતી હતી; પણ એ હિન્દુ તરુણોએ તે ન્યૂનતાની પૂર્ણતા કરી નાખી. લોકોને ઔલિયાના દર્શનની સગવડ કરી આપવાની અને પ્રસાદ લેવા આપવા આદિની તેઓ બહુ જ કાળજીથી વ્યવસ્થા કરવા લાગ્યા. કેટલાક વખત પછી એકઠા થયેલાં ફળ, પુષ્પ અને પૈસા વગેરે ગરીબ અને ફકીર ફુકરાને વહેંચી આપવાની ઔલિયાએ માથું ઉંચુ કરીને શિષ્યોને આજ્ઞા કરી. એનુ વળી લોકોના મનમાં બહુજ સારુ પરિણામ થયુ ઔલિયાના નામનો એથી લોકોએ પ્રચંડ જયજયકાર કર્યો અને સર્વત્ર ઔલિયાના સ્તુતિ સ્તોત્રો સભળાવા લાગ્યાં.

એવી રીતે કલ્યાણનગર અને કિલ્લામા અલ્પ સમયમા જ ઔલિયાની કીર્તિનો પ્રસાર થઈ ગયો. સર્વ જનો મહા ઉત્સુકતાથી એ નિ સ્પૃહ સાધુ પુરુષના દર્શનનો લાભ લેવામાટે આવવા લાગ્યા, અને કેટલાક માનતા પણ માનવા લાગ્યા. કેટલાકોએ એ સંત બોલવાનો અનુગ્રહ કરે, એવી ખટપટ કરી, પણ એમા ઘણાકોને નિરાશા વિના બીજું કાંઈ મળી શકયુ નહિ. ઔલિયા ખુદાના નામ અને પોતાની તસ્બીહ (માળા) વિના સમસ્ત જગત્ વિશે નિશ્ચિત જ દેખાતો હતો.

એવી રીતે બીજો પણ એક દિવસ વીત્યો ત્રીજે દિવસે મૌલાના અહમદે પોતે એ સંતની સત્કીર્ત્તિના સમાચાર સાભળ્યા અને તેથી દીવાનજીને પાલખી સાથે ઔલિયાને પોતા પાસે લઈ આવવાને મોકલ્યો; પરતુ તે ઔલિયા તેના આમંત્રણનો અસ્વીકાર કરવા ઉપરાંત અહી વિશેષ જનસંપર્કના યોગે પ્રભુપ્રાર્થનામાં વ્યત્યય થતો હોવાથી આસન ઉઠાવીને પ્રયાણ કરી ગયો. આ વાર્તા સૂબેદારના સાંભળવામા આવતાં તેના મનમા ઔલિયાના દર્શનની વિશેષ ઇચ્છા થઈ અને પોતે જ તેના દર્શનમાટે ન ગયો, એથી તે અતિશય પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પોતાના નગરમા આવવા છતા આવા સત્પુરુષના દર્શનનો પોતાને લાભ ન મળવાથી તે પોતાને ધિક્કારવા લાગ્યો. તત્કાળ અશ્વારૂઢ થઇને દીવાનજીને સાથે લઈ તે ઔલિયાની પાછળ જવાને નીકળ્યો. ઔલિયા અદ્યાપિ વધારે દૂર નીકળી ગયો નહોતો; છતા તે અરણ્યમાં આડોઅવળો ફરતો હોવાથી તત્કાળ સૂબેદાર સાથે તેનો મેળાપ થઈ શકયો નહિ અને તેથી ક્ષણે ક્ષણે સૂબેદારની આતુરતામાં વધારો થવા લાગ્યો. અતે કલ્યાણ પાસેની એક આમ્રવૃક્ષરાજિમાં ઔલિયા બેઠેલો તેને મળી

આવ્યો અને તેથી તેને અતિશય આનંદ થયો. તેણે તરત ઘોડાપરથી નીચે કૂદીને મહાત્માનાં ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધુ

ઔલિયાએ પોતાના બન્ને હાથોથી તેને ઉઠાડીને તેના મસ્તકપર જમણો હાથ રાખ્યો. દીવાનજી અને સૂબેદાર અદબથી તેનાથી થોડાક છેટા બેસી ગયા. મૌલાના અહમદે સાધુજીને બોલાવવામાટે અનેક પ્રકારના વિષયો કાઢ્યા, પણ તેની મુગ્ધતાનો ભગ થયો નહિ. તેના શિષ્યોએ જણાવ્યુ કે,–"એઓ વિશેષ બોલતા નથી." તો પણ મૌલાનાની તો એ જ ઇચ્છા હતી કે, 'ઔલિયા મારી જોડે બોલીને મને કૃતાર્થ કરે તો સારુ.' તે જ્યારે દશ સવાલ પૂછતો, ત્યારે ઔલિયા માત્ર એક જ પણ મુદ્દાસરનો ટુકો જવાબ આપતો હતો. ઐહિક પ્રશ્નનુ તો તેને કાંઈ પણ ઉત્તર મળ્યું નહિ. માત્ર પારમાર્થિક પ્રશ્નોનાં તેને કેટલાક ઉત્તરો મળ્યા અને તેથી ઔલિયામાની તેની પૂર્વ શ્રદ્ધામાં ઘણો જ વધારો થઈ ગયો એવી રીતે ઘણીકવાર સૂધી સભાષણ ચાલ્યા પછી મૌલાનાએ ઔલિયાને પોતા સાથે આવવા માટેનો આગ્રહ કર્યો, પણ તેની એ પ્રાર્થના સર્વથા અમાન્ય જ કરવામા આવી. ઔલિયાએ ગભીરતાથી કહ્યુ કે,–

"હુ હવે મુલ્કમા ફરવામાટે જવાનો છુ તમારા ઐહિક વ્યવહારમાં ધ્યાન આપવાથી અમને શો લાભ? કારણ કે, અમે તો સંસારને ત્યાગી બેઠા છીએ. તમે મને મળવા આવ્યા અને આપણો મેળાપ થયો એ ઠીક જ થયુ, પણ હવે તો મારે જવુ જ જોઇએ. તમે રાજ્યકાર્યભાર માત્ર સાવધતાથી ચલાવજો, એટલે થયુ તમારા શિરપર એક સકટ આવવાનુ છે, પણ તેનો આધાર તમારી સાવધતાપર રહેલો છે. મારો જો કે તમને આશીર્વાદ છે, છતા હુશિયારીથી વર્ત્તજો અને પાક પરવરદિગારની મદદ માગતા રહેજો!"

આ શબ્દો ઔલિયાએ બહુ જ ચમત્કારિક રીતિથી ઉચ્ચાર્યા. ગયા બે ત્રણ દિવસમા એક સાથે જ આટલુ બધુ તે બોલ્યો નહોતો. એ શબ્દો ઉચ્ચારતી વેળાએ તેની દૃષ્ટિ મૌલાનાના મુખમડળમાં સ્થિર થયેલી હતી; પણ તે સહેતુક હતી કે અહેતુક, એ આપણાથી કહી શકાય તેમ નથી. મૌલાના ગભીર વિચારમાં નિમગ્ન થયો હતો. અમુક પ્રશ્ન એ મહાત્માને પૂછવો કે ન પૂછવો, એ વિષે તેના મનમા તુમુલ યુદ્ધ ચાલતુ હતુ. પણ તેનો એ હેતુ ઔલિયાના જાણવામા આવી ગયો હોયની! એવી રીતે તે બોલ્યો કે,–"જે પૂછવાનુ હોય તે ખુશીથી પૂછી લ્યો આ સમય પાછો આવવાનો નથી"

ઔલિયાના આ વાકયથી મૌલાનાનુ વિશ્વાસબદ્ધ મન વિશેષ શ્રદ્ધાયુક્ત થયુ અને પોતાના મનની વાતને જાણીને ઔલિયાએ અવશ્ય એ વિષે કાંઈ પણ નિશ્ચય કર્યો હશે, એવી તેની ખાત્રી થઈ ગઈ. જેનામાં એકવાર કોઇનો વિશ્વાસ બધાઈ જાય છે, તેની કોઈ પણ કૃતિ વિશે શંકા ન જ કરવી, એવી મનની સાધારણ પ્રવૃત્તિ જ હોય છે. મૌલાનાના મનની પણ એવી જ પ્રવૃત્તિ થયેલી હોવાથી પોતાના મનને મુક્ત કરીને તે બોલવા લાગ્યો કે,–

"હુજૂર તરફથી રુક્કો આવ્યો છે; પણ તે લાવનારના જાણવામા ન આવે એવી રીતે તેનાપરની મોહોરને કોઇએ ફોડી નાખી છે. એ રુક્કામાં આવતી કાલે જ અહીંનો ખજાનો બીજાપુર તરફ મોકલી આપવાનો હુકમ છે બાદશાહના હુકમ પ્રમાણે આવતી કાલે જ હુ તો ખજાનો મોકલવાનો જ, પણ મોહોર ફૂટેલી હોવાથી મારા મનમા કાઇક શક પેદા થાય છે. આપ તો સર્વ જાણો જ છો, એટલે હવે મારે કેવી રીતે વર્તવુ, એ વિશેની કાંઈ સલાહ મળવી જોઇએ."

કેટલીકવાર સુધી ઔલિયા ચિતામગ્ન થયા જેવો દેખાયો અને ત્યારપછી તે એકદમ બોલી ઊઠયો કે;–"જે સકટ આવવાનુ છે તેને તો ટાળી શકાય તેમ નથી જ, તોપણ તેના નિવારણનો પ્રયત્ન કરવો, એ આપણી ફરજ છે ખુદાની મેહરબાની જોઇએ. તમે બ્હીશો નહિ, તમને મારો આશીર્વાદ છે."

એ શબ્દો ઉચ્ચારતાંની સાથેજ ઔલિયા પોતાના સ્થાનપરથી ઊઠયો અને ચાલવા લાગ્યો. મૌલાનાએ પુન તેને પોતાની સાથે કિલ્લામા આવવાનો આગ્રહ કર્યો, એટલે ઔલિયાએ શાતિથી જણાવ્યુ કે –

"તમારી સાથે રહેવામા અમને ફાયદો નથી મેં હવે ઉત્તર પ્રાંતમા જવાનો નિશ્ચય કર્યો છે. છતા તમારો વિશેષ આગ્રહ છે તો પંદર દિવસ અથવા બહુ તો એક માસ હુ તમારા નગરની આસપાસમા જ ફરતો રહીશ, એટલે તમારે ચિન્તા કરવાની જરૂર નથી." એમ કહી પુનઃ એકવાર મૌલાનાના મસ્તકપર પોતાનો વરદ હસ્ત રાખીને તે ઔલિયા પોતાના નૂતન અને સ્વયપ્રેરિત શિષ્યો સહિત તત્કાળ ત્યાંથી ચાલ્યો ગયો.

મૌલાના પણ ચિતાયુક્ત હૃદયથી દીવાનજી સહિત પોતાના નિવાસ સ્થાનપ્રતિ જવાને રવાનો થયો.

પ્રકરણ ૫ મું
પૂર્વ તૈયારી

ચૈત્ર માસની વદ્ય અષ્ટમીનો પ્રાત કાળ. ઓરઘાટમાંના માર્ગની એક બાજૂએ ઝાડીમાંના નીચા ભાગમાં લગભગ પચાસ પુરુષો પોતાના કામળા પાથરીને સૂતા હતા. વદ્ય અષ્ટમીનો ચંદ્રમા ક્ષિતિજમા આવ્યાને કેટલોક વખત થઈ ગયો હતો અને તે પોતાનાં શીતલ કિરણોવડે સર્વત્ર અમૃત-જ્યોત્સ્નાની વૃષ્ટિ કરતો હોવાથી સર્વત્ર સુખદાયક શીતલતાનો ઉદ્ભવ થયો હતો વળી એ પ્રાતઃકાળનો સમય હોવાથી ઉષ.કાલીન મંદ અને સુશીતલ વાયુએ પણ તે શીતલતામાં દ્વિગુણ વૃદ્ધિ કરી હતી. વસત-ઋતુની ઉષ્ણુ વેળામાં આ શીતલતા સતોષકારક હતી, તો પણ જેમ જેમ પૂર્વ દિશા પોતાના મુખકમળને ઉજ્જવલિત કરતી જતી હતી, તેમ તેમ તે ઝાડીમા સૂતેલા મનુષ્યો પોતાના કામળાને પોતાના શરીર સાથે વધારે અને વધારે લપેટતા જતા હતા.

ધીમે ધીમે અરુણોદય થતાં બાલરવિનાં પીળાં કિરણો વૃક્ષની ટોચો અને ઉત્તુગ પર્વતશિખરોપર સોનેરી ઢોળ ચઢાવવા લાગ્યાં! સર્વ વનપ્રદેશ એકાએક જાગૃત થનો દેખાયો. પક્ષીઓએ પ્રાતઃકાળના ગાન-રૂપ કૂજનની સમાપ્તિ કરીને સૂર્યનારાયણની સ્તુતિનો આરભ કરી દીધો અધકારે પોતાના અધિકારને વીટીને ગિરિકંદરામા નાખી દીધો અને ત્યા યોગ્ય પ્રસગની માર્ગપ્રતીક્ષા કરતો મુખ છૂપાવીને બેસી રહ્યો. આવા પ્રબોધકાળમાં પણ તે સૂતેલા લોકો જાગૃત થયા ન હોતા. તેઓ વૃક્ષોના થડનાં ઓસીકાં કરી સુખનિદ્રામાં ઘોરતા પડ્યા હતા. એટલામા એ જંગલમા એક શીગડું ફૂકાયાનો અવાજ સભળાયો અને તે સાંભળ-તાંની સાથે જ એ ઘોરતા પડેલા લોકો જાણે વીજળીનો આઘાત થયો હોયની! તેવી રીતે ઊઠીને પોતાના કામળાને ખભાપર પધરાવી હથિયારો લઈને ઊભા થઈ ગયા. એમનો પોશાક એક કમ્મલ અને લંગોટીમાં જ સમાઈ જતો હતો! એ બે વસ્ત્રોવિના સમ ખાવાને પણ તેમના શરીર-પર ત્રીજું વસ્ત્ર જોવામાં આવતુ નહોતું. તેમની પાસે ઢાલ અને તલ્વાર વિના બીજા હથિયારો પણ નહોતાં. તેમનાં શરીરોનો રંગ તો કોયલાને પણ લજાવતો હતો. એવા એ જોવામાં ગમાર અને ભોળા લોકો તે શીગડાના અવાજ સાથે જ પોતાની નિદ્રાને ત્યાગી એકદમ ઊઠીને ઊભા થઈ જાય, એ એક પ્રકારનુ મહા આશ્ચર્ય જ કહેવાય!

એ જો કે આશ્ચર્ય તો ખરુ જ; પણ એવા આશ્ચર્યને પ્રત્યક્ષ કરી બતાવનાર પુરુષો સસ્કારી, પૂર્વપુણ્યવાન્ અને ઈશ્વરપ્રેરિત જ હોય છે, અને તેથી જ લોકોને એવાં આશ્ચર્યોને અવલોકવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ

શકે છે. શ્રી શિવરાજના કાર્યનું પ્રસ્થાન રાખીને તેને સિદ્ધ કરવામાટે પોતાના પ્રાણુને તૃણુ સમાન માનનારા માવળાઓનો જ એ એક સમુદાય હતો. મુસલ્માન રાજ્યકર્તાના અત્યાચારોથી ત્રાસીને એ માવળાઓ નામઘોષના બળથી સ્વાતંત્ર્યયુદ્ધક્ષેત્રમાં આવી દંડ ઠોકીને ઉભા રહ્યા હતા. માવળાઓ અજ્ઞાન અને બુદ્ધિહીન હોવા છતાં તેમના હૃદયકમળમા વિરાજતી શ્યામ રામમૂર્તિનો તેમને પરિચય કરાવવામાં આવેલો હોવાથી તેમનામાં અત્યારે ઈશ્વરી તેજ શક્તિનો જ ઉદ્ભવ થયેલો હતો. સ્વાતંત્ર્યયુદ્ધના સમરાંગણુમાં પૂર્ણ યશસ્વી થવામાટે એવા પવિત્ર અને ઈશ્વરી તેજોયુક્ત મનુષ્યોની જ આવશ્યકતા હોય છે. શિવાજીના માવળાઓના પરાક્રમની વાર્તા આજે સમસ્ત જગતને આશ્ચર્યચકિત કરી નાખે છે, તેનુ કારણુ તેમની મનોભૂમિકા ઈશ્વરી શક્તિના નિવાસ યોગ્ય થયેલી હતી એ જ છે. પ્રથમથી જ મુસલ્માની રાજ્યપદ્ધતિના ચક્રમા સપડાઇને નિ સત્વ અને ભગ્નતેજ થયેલા એ માવળાઓ પેટદ્વારા પણ મરાયા હતા એટલે કે, દિવસ અને રાત્ર અવિશ્રાંત શ્રમ કરવા છતા પેટ ભરીને ખાવામાટે રોટલો પણુ તેમને મહા મુસ્કેલીએ મળતો હતો. છતાં સ્વસ્થિતિનું પૂર્ણ જ્ઞાન ન થવા છતાં પણુ તેમણે કેવળ ભક્તિભાવના બળથી મુગલો જેવા અજસ્ર શત્રુને ત્રાહિત્રાહિ પોકારતા કર્યા, એ ઘટના બહુ જ વિચાર કરવા યોગ્ય છે. અસ્તુ.

એવી રીતે એ માવળાઓ સજ્જ થઇને ઊભા રહ્યા, એટલામા થોડા વખત પછી ચાર પાંચ ઘોડેસ્વારો પોતાના ઘોડાઓને દપટાવતા ત્યાં આવી લાગ્યા. તરત તે માવળાઓમાંનો એક માવળો આગળ નીકળી આવીને કાંઇપણુ ન બોલતા ઝાડીના એક માર્ગમા ચાલવા લાગ્યો અને તેની પાછળ તે ઘોડેસ્વારો પણુ મૌનનું અવલંબન કરીને ચાલતા થયા. કેટલાક અતરે જવા પછી બીજો પણ માવળાઓનો એક સમુદાય તેમને મળ્યો અને તેમનામાનો એક માણુસ ભોમિયા તરીકે આગળ ચાલવા લાગ્યો, એટલે પહેલાનો ભોમિયો તે ક્ષણે જ પાછો વળી ગયો. એવી રીતે તે ઘોડેસ્વારોએ એ જગલમા એકદર માવળાના પાંચ કે છ સમૂહો જોયા અને ત્યારપછી ફરીને તેઓ પાછા પ્રથમના સમુદાય પાસે આવી લાગ્યા. આટલા ચક્કરમાં તેઓ કોઇની સાથે કાંઇપણુ બોલ્યા નહોતા, કિંવા તેમને કોઇએ કાઈ પૂછ્યું પણ નહોતુ. ઘોડાના ટાપાનો કે શ્વાસોચ્છ્વાસનો ધ્વનિ થયો હોય તેટલો જ; એ વિના તેમના જંગલમાંના અસ્તિત્વનો પત્તો મળવા જેવો બીજો કશો પણુ ધ્વનિ કિંવા અન્ય પ્રકાર થયો નહોતો. એ સર્વ ટોળીઓ થોડા થોડા અતરપર અને બોરઘાટના ચાલતા માર્ગની બન્ને બાજૂએ ઝાડીમા પડાવ નાખીને

પઠી હતી, અને એમના બધા વ્યવહારો ગુપ્ત ચાલતા હતા. માર્ગમા જતા આવતા વટેમાર્ગુઓને પોતાનો જરાપણ પત્તો ન મળે, એમાટેની તેમણે યોગ્ય વ્યવસ્થા કરી રાખી હતી.

ઘોડેસ્વારોની ટુકડી માવળાઓના પ્રથમ સમુદાય આગળ આવીને ઊભી રહી ત્યા ઘણાક માવળાઓ બેઠેલા હતા. સૂર્ય આકાશના ઉચ્ચ ભાગમા આવ્યો હતો અને તેના કિરણોનુ પરિણામ થવા માંડ્યું હતું. ઘાટના માર્ગમા વટેમાર્ગુઓની સારી આવજાવ શરુ થઈ હતી. જેમ જેમ સૂર્ય આકાશમા વધારે અને વધારે ઊંચો ચઢતો ગયો, તેમ તેમ તે ઘોડેસ્વારો અસ્વસ્થ થતા દેખાવા લાગ્યા. અંતે તેઓ ઊઠ્યા અને પાસે જ એક ઝાડવાનુ જાળુ હતુ તેની પાછળ જઇને બેઠા. અહી આવીને બેઠા પછી તેમનામાનો કાળો, મોટા નાકવાળો, આજાનુબાહુ અને ઓષ્ઠ પ્રદેશમા મૂછનો તાજો દોરો ફૂટેલો હોવાથી વીસથી ઓછા વર્ષની વયનો નિશ્ચય કરાવનાર એક તરુણ પુરુષ કહેવા લાગ્યો કે,–

"આપણે સ્વામીએ આપેલા સમાચાર ભૂલભરેલા સમજવા કે આપણી વ્યવસ્થા થવા પૂર્વે જ કલ્યાણનો ખજાનો ઘાટને ઉલ્લઘીને પાર નીકળી ગયો હશે, એની કાઇપણ કલ્પના કરી શકાતી નથી."

"સ્વામીએ આપેલા સમાચાર ભૂલ ભરેલા હોય, એ સભવિત નથી તેમણે તે સ્થળે ઓલિયાનો વેશ એવી તો ચાલાકી અને ન ઓળખી શકાય તેવી રીતે ભજવ્યો હતો, કે તેના યોગે તેમની સાથે કોઈ કપટ વર્તન કરે, એ શંકા જ વ્યર્થ છે ચૈત્ર વદ્ય અષ્ટમીએ બાદશાહની આજ્ઞા પ્રમાણે સૂબેદાર બદોબસ્તથી ખજાનો મોકલવાનો તો ખરો જ, પછી જે થવાનુ હોય તે થાય, એમ તે સૂબેદારે પોતેજ સ્વામીને કહ્યુ હતુ, એમ તે સંભાજી કાવજીએ આવીને મને ખબર આપી છે, એટલે એ સમાચારને ભૂલ ભરેલા કેમ અને કેવી રીતે સમજી શકાય વારુ? મારી તો એવી ખાત્રી જ છે કે, વચ્ચે જ કોઈ વિઘ્ન ઉપસ્થિત થયેલું હોવુ જોઇએ અને તેથી જ આ વેળા હાથમાથી ગઈ છે" એ પ્રમાણે બીજા ઘોડેસ્વારે કહ્યુ.

"મહારાજ, તાનાજીરાવનુ કથન જ મને તો સત્ય ભાસે છે. કારણ કે, સંભાજી કાવજીએ તાનાજીરાવને કહેલી હકીકત જ સ્વામીમા મૌલાનાનો કેટલો બધો વિશ્વાસ બંધાયલો છે, એ બતાવી આપે છે." ત્રીજા ઘોડેસ્વારે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"આબાજી સોનદેવ, આ સર્વ શ્રી સમર્થની જ કૃપા છે. મહાદૂને કોઇપણ પ્રકારનુ વિઘ્ન ન આવતાં થેલીને તપાસી જોવાનો અવસર મળ્યો, એ કાંઈ સાધારણ ઘટના નથી. તેજ પ્રમાણે તેમના જ શિષ્ય

નારાયણ સ્વામીએ પણ ભર મુસલ્માન વસતિમા, તેમની મસ્જિદમા, તેમના મૌલવીઓ અને ફકીરોના સમુદાયમાં પોતાના દભનો સ્ફોટ ન થવા દેતાં સ્વાર્થસિદ્ધિનો આરભ કર્યો છે અને તેમા વિજય પણ મેળવ્યો છે, એ પણ કેવળ સમર્થની કૃપાદષ્ટિનુ જ પરિણામ સમજી લેવુ. બધી ચિતા સમર્થને જ છે. આપણે અમથા ચિતા કર્યા કરીએ છીએ" એમ મહારાજે કહ્યુ.

એ પ્રમાણેનો એમનો સવાદ ચાલતો હતો, એટલામા મહાદૂ પૈઠણકરના આવવાની વાત સભળાઈ અને તેને આવવાની પરવાનગી મળતાં તે પણ તરત આવીને હાજર થયો

"કેમ મહાદૂ, શા સમાચાર છે?" મહારાજે પૂછ્યુ

"જોતીબા હમણાજ આવ્યો તેના કહેવાથી જણાય છે કે, અત્યારે ખજાનો ઘાટના મુખપર આવી લાગ્યો હશે" મહાદૂએ કહ્યુ.

"આપણુને જે બાતમી મળી હતી, તે પ્રમાણે તો અત્યારે ખજાનો ઘાટ ઉતરીને પાર થવો જોઇતો, તો, ખરુંને?" મહારાજે એ ઘોડેસ્વારોને ઉદ્દેશીને કહ્યુ.

"ખજાનાને કલ્યાણમાથી નીકળતાજ વિલબ થયો એ વિલબનો હેતુ મૌલાનાનો પુત્ર અમીરખાન હતો, એમ જોતીબા કહેતો હતો" મહાદૂએ ખુલાસો કર્યો

"ખજાના સાથેનો બદોબસ્ત કેવોક છે! એ વિશેની કાઈ માહિતી મળી શકી છે કે નહિ?" તાનાજીરાવે સવાલ કર્યો

"બદોબસ્ત ઘણોજ સારો છે મૌલાનાનો પુત્ર મીરખાન પોતે પણ સાથે છે. ખજાનાનાં ઊંટ પચાસ હોઇને તેમના રક્ષણમાટે એકસો હથિયારબધ પઠાણુ અને એકસો ફાલતુ લોકો રાખવામા આવ્યા છે" મહાદૂએ કહ્યુ.

મહારાજ પોતે એ વેળાએ કાઈ વિચારમા નિમગ્ન થયા હતા. તેઓ મહાદૂનુ એ ઉત્તર સાભળીને એકદમ બોલી ઉઠયા કે,–"એટલે કે બસેં અઢીસેં માણુસ ખજાના સાથે છે, એ જ ને?"

"જી હા–એટલાજ." મહાદૂએ વિનયથી કહ્યુ.

મહારાજ પુન વિચારમગ્ન થઈ ગયા. તે ભાગ્યશાળી પુરુષના મુખમડળમા તેના મનમા શા વિષયની ભવતિ ન ભવતિ ચાલતી હતી, એની લેશમાત્ર પણ છટા દેખાતી નહોતી તે નાસાગ્ર દષ્ટિથી સ્વસ્થ બેઠો હતો. અલ્પ સમયમા જ તેનો નિશ્ચય દઢ થતાં તે કહેવા લાગ્યો કે,–

"આજના સૂર્યાસ્ત સમયે ખજાનો અહીથી નીકળવાનો. તેમનો બંદોબસ્ત સારો છે, તો આપણો બદોબસ્ત પણ કાંઈ ઓછો કે નબળો

નથી. તાનાજી, તમે વચલી ટોળીપર રહેજો અને તેમના મોખરાપર હલ્લો કરવાનો દેખાવ કરીને તેમને પોતા સાથે ચલાવી જજો. તેઓ આ વચલા વળણુ સુધી આવી લાગશે, એટલે તેમને પાછળથી હું ઘેરી લઇશ. આબાજી, આ ધાંધલનો લાભ લઇને તમે ખજાનાનાં ઉંટોને વાળી જજો. મહાદ્દૂ એસા નિકમને જઇને કહે કે, બધી ચાર ટોળીઓ કરીને દિવસ આથમ્યા પહેલાં આ સ્થળે આવી લાગે. અમે પણ અહીં જ રહીશું. બની શકે ત્યાંસૂધી આપણા માણસોના જીવ ન જાય, એવી સભાળ રાખવાની બધાને ચેતવણી આપી દેજે–જા. હવે સમર્થની કૃપા શુ કરે છે, તે જોવાનુ છે।"

હવે મરાઠા મંડળને અહીં જ છોડીને આપણે કલ્યાણમાં શી ઘટના ઘટી, તેનું અવલોકન કરીએ

પ્રકરણ ૬ ઠું

પ્રણયબંધન

કલ્યાણ નગરના રાજમહાલયમાંના પોતાના ઓરડામાં કિલ્લેદાર મૌલાના અહમદની પુત્રવધૂ રોશનઆરા ચિંતામગ્ન થઇને બેઠી હતી. તેનો મુક્ત અને કૃષ્ણવર્ણ કેશકલાપ તેના સ્કધભાગે અને પૃષ્ઠભાગમાં અસ્તાવ્યસ્ત વિખરાયલો પડ્યો હતો અને તેના નેત્રોમાથી અશ્રુબિન્દુ ટપકતાં હતા તેણે પોતાના કોમળ હસ્તપર પોતાના જમણા ગાલને ટકાવી રાખીને દૃષ્ટિને દ્વારની દિશામાં તલ્લીન કરી રાખી હતી.

રોશનઆરા હજારોમાં એક સ્ત્રી હતી. તે કિલ્લેદારના પુત્ર મીરખાનની બીબી હતી, અને પતિપત્નીનો પરસ્પર પરમાવધિનો પ્રેમભાવ હતો એમના લગ્નસમારભવેળાએ પરસ્પર આપવા લેવાના વ્યવહારમાં વેવાઇવેવાઈ વચ્ચે વાંધો પડવાથી મૌલાના અહમદનો પોતાની એ પુત્રવધૂ વિશે સારો ભાવ નહોતો જો કે સસરો તેને તિરસ્કારની દૃષ્ટિથી જોતો હતો, છતા પતિનો તેનામાનો પ્રેમ સર્વથા નિષ્કલક હતો. રોશનઆરા જેવી હસીન હતી તેવો જ મીરખાન પણ રૂપાળો હતો અને બન્નેના સ્વભાવ તથા સદ્ગુણ પણ બહુધા એકસરખા હોવાથી એ જોડું ભાગ્યશાળી મનાતુ હતુ.

એવી રીતે સુખી હોવા છતા આજે રોશનઆરા મહા દુ:ખમા આવી પડી હતી. ખજાનો બીજાપુર તરફ જવાને નીકળી ચૂક્યો હતો અને તેની સાથે તેનો પ્રાણવલ્લભ મીરખાન જવાનો હતો. શિવાજીના વિલક્ષણ કૃત્યોની સર્વના મનમા ભીતિ પડી ગઈ હતી અને અધૂરામા

પૂરું રુક્કાપરની મોહોર ફૂટવાથી તો ખજાનાપર જરૂર કાંઈ પણ સંકટ આવશે જ, એવો સર્વને એકસરખો ભાસ થતો હતો. આજ સૂધીમાં અનેકવાર ખજાનો બીજાપુર તરફ મોકલવામાં આવ્યો હતો, પણ તે વિશે કોઇવાર પણ કોઇના મનમાં આટલી ભીતિ ઉત્પન્ન થઈ નહોતી. હાલમાં સર્વને શિવાજીનો કાર્યક્રમ શયતાનની હીલચાલ સમાન ભાસતો હતો. આવા શયતાન શિવાજીની સ્હામો થવાને પોતાનો પતિ જવાનો છે, એ વિચારથી તેનુ કોમલ અત કરણ દ્રિધા થઈ ગયુ હતું. સાધ્વી સુદરીનુ અંત કરણ પોતાના પતિ વિશે કેટલુ બધુ કોમળ અને પ્રેમપૂર્ણ હોય છે, એ વિશેની ખરી કલ્પના, જે ભાગ્યવાન્ પુરુષને કર્ત્તવ્યદક્ષ અને સતી અર્ધાંગના મળેલી હોય છે, તેના મસ્તિષ્કમાં જ આવી શકે છે; શંખિની અને કર્કશા સ્ત્રીના દુર્ભાગી પતિઓને એ કલ્પનાનુ સ્વપ્ન પણ હોઈ કે આવી શકતુ નથી.

આદશાહી રુક્કાપરની મોહોર શિવાજીએ જ ફોડેલી હોવી જોઇએ, એવો કેવળ રોશનઆરાનો જ નહિ, કિન્તુ બહુધા સર્વનો નિશ્ચય થયેલો હતો અને તેથી શિવાજીના હાથે ખજાનાપર હલ્લો થવાનો જ, એવી સર્વ પ્રમાણે રોશનઆરાની પણ ખાત્રી હતી. પોતાના પતિપર કોઈ સકટ આવવાની અથવા તેના જીવને અપાય થવાની ખાત્રી હોય, એટલે પછી ભારતીય હિદુ કે મુસલમાન અબળાના મનમા શાંતિ કેમ કરીને રહી શકે વારુ? વળી રોશનઆરા તો એક પતિવ્રતા પ્રમદા હોવાથી આવા ભયના મુખમા પતિના જવાની ઘટના તેને વિષબિન્દુ સમાન જ થઈ પડી હતી. આજે તેને કયાય ચેન પડતુ નહોતુ અને મનમા અસ્વસ્થતા તથા ચિતા વ્યાપી ગઈ હતી. મહાલયમાંની સર્વ ઉપભોગ્ય વસ્તુઓ તેને તિરસ્કરણીય દેખાતી હતી અને તેથી જ મખમલની સોનેરી ગાદીવાળા જાળીદાર મચ્છરદાનીથી ઢકાયલા પલંગને ત્યાગીને તે નીચે બેઠકપર જ બેઠી હતી. જેના માટે સ્ત્રીએ સર્વ સુખો ભોગવવાના હોય છે, તે સૌભાગ્યહેતુપર જ જો વિકટ સકટ આવવાનો સભવ હોય, તો પછી સ્ત્રીને તે સુખસાધનો શા ઉપયોગના વારુ?

તે આવી રીતે ચિંતામગ્ન અવસ્થામા પડી હતી, એટલામા એક ખાજાસરાએ આવીને મીરખાનના આવવાની ખબર સભળાવી એ ખબર સાભળતા જ તત્કાળ પોતાના વિખરાયલા કેશ અને વસ્ત્રોને વ્યવસ્થિત કરી તે પોતાના પ્રાણનાથની હસિત મુદ્રાથી માર્ગપ્રતીક્ષા કરવા લાગી. મનમાં ચિતાનો ભયાનક અગ્નિ પ્રજળેલો છતાં પોતાના પ્રિયકરના પરિરંભણના પ્રસગને આવેલો જોઈ તેનુ મુખમંડળ સ્મિતથી વિકસિત થઈ ગયુ. તોપણ વચ્ચે વચ્ચે તે રાક્ષસી ચિતા ડોકિયુ તો કરી જ જતી હતી,

અને તેને ટાળવાનો કોઈ ઉપાય નહોતો. પોતાના પતિને આ પ્રસગે પોતા તરફથી કાંઈ અપશકુન ન થાય એ વિશે તેણે જોઇએ તેટલી સભાળ રાખી હતી. અંતે મીરખાન આવી લાગ્યો અને પતિપત્નીનો સંયોગ થયો.

કેટલીકવાર સૂધી તો પ્રેમમુગ્ધ થવાથી તે બન્ને કાંઈ પણ બોલી શક્યા નહિ. પોતાની પ્રાણપ્રિયા પત્નીના મુખમંડળમાં ઉદાસીનતાને પ્રસરેલી જોઇને મીરખાનનુ હૃદય પણ ચિંતાગ્રસ્ત અને ઉદાસીન થઈ ગયું; અને તે પોતાની નિરંતર હસિતવદના પત્નીની ઉદાસીનતાના કારણને શોધવા લાગ્યો અતે એ વિશે તે એવા નિશ્ચયપર આવ્યો કે,-"આના કોમળ અને નિષ્કપટ અત કરણને દુ ખિત કરનાર હેતુ મારા વિના બીજો કોઈ પણ નથી. હુ આજે ખજાના સાથે જતો હોવાથીજ એ આટલી બધી દુ ખિત થાય છે. હુ જો કે આજસૂધીમા અનેકવાર યુદ્ધમા ગયેલો છુ, પરંતુ આ સ્થળે યુદ્ધ નહિ, પણ દગાનો ભય હોવાથી જ આ સુશીલ કાતાના મનમાં મારા જીવનવિનાશનો સશય ઉત્પન્ન થયેલો છે. પણ લાચાર! માતા પિતાએ ખાસ મારી આ કામપર યોજના કરેલી હોવાથી પત્નીના સતોષમાટે એ કાર્યનો મારાથી ત્યાગ કરી શકાય તેમ નથી, અને તેમ કરવુ શૂર પુરુષને યોગ્ય પણ નથી છતા સાહસ કરીને તેમ પણ કરું, તો પિતાના મનમા આ મારી પત્ની વિશે વળી વિશેષ તિરસ્કાર થવાનો સભવ છે. આમ પણ મુશ્કિલ છે અને તેમ પણ મુશ્કિલ છે!"

આવા અનેક પ્રકારના વિચારો તેના મનમા આવ્યા અને પત્નીની ચિંતાનો ઉચ્છેદ પોતાથી કરી શકાય તેમ ન હોવાથી તેના નેત્રોમાંથી અશ્રુના બે ચાર બિંદુ ટપકી પડ્યા એટલામા રોશનઆરાએ અત્યાર સૂધી હૃદયમા દાબી રાખેલા પોતાના શોકને અશ્રુનુ સ્વરૂપ આપીને બહાર કાઢવાનો આરભ કર્યો તે ડૂસકા ભરતી ભરતી કહેવા લાગી કે,-"વ્હાલા શૌહર, આજે તમે ખજાના સાથે ન જાઓ, તો બહુ જ સારું જો કે એક વીરપત્નીએ પતિને આવો ઉપદેશ આપવો યોગ્ય નથી, પણ કોણ જાણે આજે મારી મનોદેવતા મને એમ કહેવાને જ શા કારણથી પ્રેર્યા કરે છે, તે હુ પોતે પણ સમજી શકતી નથી મારા જીવમાં ઘણો જ ગભરાટ થાય છે, મનમા વિલક્ષણ વિચાર આવ્યા કરે છે અને વિચિત્ર સ્વપ્ન લાધ્યા કરે છે, માટે નાથ, આજે જશો નહિ. કાતો જવાનુ માંડી વાળો અને જવુ જ હોય તો મને પણ સાથે લેતા જાઓ."

"પ્યારી, આ હઠ સારો નથી. હુ જવાનુ માડી વાળત અથવા તો તને સાથે ખુશીથી લઈ જાત, પણ લાચાર છુ કે, એમ કરવાનુ મારા હાથમા નથી. હુ મારા પિતાને આધીન છુ-પરતત્ર છુ અને પિતાજીના મનમાં

તારા વિશે લેશમાત્ર પણ અનુકંપા નથી, એટલા માટે તારી એમાની એક પણ પ્રાર્થનાને માન્ય રાખી તારા ઉદ્વિગ્ન મનને હું શાંત કરી શકતો નથી, એની મને ક્ષમા કર અને જવાની રજા આપ." મીરખાને લાચારી બતાવીને કહ્યું.

પતિપત્નીનો આ પ્રમાણેનો સંવાદ ચાલતો હતો, એટલામાં મૌલાના અહમદ તરફથી ઉપરાઉપરી બોલાવવામાટે માણસો આવવા લાગ્યા. દરવાજાપરના ખાજાસરાએ કેટલાકોને ગમે તે બહાના બતાવીને પાછા વાળી દીધા, પણ અંતે વધારે બળપૂર્વક બોલાવામા આવ્યાથી ખાજાસરાને એની ખબર મીરખાન સૂધી પહોંચાડવી પડી. "આ આવ્યો, હમણા આવુ છુ." એમ કહી કહીને તેણે પણ કેટલાક માણસોને પાછા ધકેલ્યા; પરતુ અતે જ્યારે મૌલાનાની તહનાતમાંનો ખાસ ખાજાસરા હુસન આવી લાગ્યો, ત્યારે લાચારીએ તેને જવામાટે ઊઠવાની ફરજ જ પડી તે અસહાય અને પ્રેમાકાંક્ષિણી પ્રમદાએ પોતાના પતિને દઢ આલિગન આપ્યુ. મીરખાન સ્તંભિત થયો; કારણ કે, રોશનઆરા મૂર્ચ્છિત થયેલી હોવાથી તે જવામાટે પગલુ ભરી શકતો નહોતો. પરતુ પિતાનો ભયંકર ધાક હોવાથી ધીમેથી પત્નીના આલિગનબધનથી મુક્ત થઈ, તેને પુષ્પ પ્રમાણે સંભાળથી પલગપર સૂવાડીને અને નિમેષમાત્ર તેના ભોળા મુખકમળનુ અવલોકન કરી તેણે તેનું ચુંબન લીધુ અને દાસીને તેની યોગ્ય પ્રકારે વ્યવસ્થા રાખવાની તાકીદ કરીને કઠિન મન કરી તે તરત ત્યાથી ચાલતો થઈ ગયો.

પ્રકરણ ૭ મું

ખજાનાની લૂટ

મીરખાને આવીને જોયુ તો મૌલાના અહમદ ક્રોધથી લાલપીળો થઈ ગયો હતો, પરતુ પિતાના કોપને ધ્યાનમા ન લેતા તેને પ્રેમપૂર્વક વદન કરી મહાલયમાંથી બહાર આવીને મીરખાન ઘોડાપર સ્વાર થયો. તેની સાથે જનારા લોકો તો કયારનાય તૈયાર થઇને ઊભા હતા, એટલે તે સ્થળે તે તેમની સાથે આવી મળ્યો અને પછીથી મૌલાના પોતે, દીવાનજી, કોટવાલ તથા બીજા કેટલાક સારા સારા સરદારો તેમને વળાવવામાટે ત્યા આવી પહોંચ્યા એ સર્વ 'ગણેશ' દરવાજામાંથી બહાર નીકળ્યા અને ત્યાં ખજાનાના પચાસ ઉટ, તેમના પચાસ સારવાન અને એકસો સિપાહીઓ તેમની વાટ જોતા ઉભા હતા.

એ વેળાએ સૂર્યાસ્તનો સમય થઈ ચૂકયો હતો. મૌલાનાનો એવો નિર્ધાર હતો કે, દિવસ ઉગતાંની સાથે જ ઘાટ ઉતરી જઈ શકાય, એવી

વ્યવસ્થા અને યોજનાથી નીકળવું અને તેથી તેણે એ પ્રમાણેની જ સર્વ વ્યવસ્થા કરી હતી. પણુ મીરખાન વચ્ચે પોતાની પ્રિયતમાના પ્રેમબંધનમાં સપડાઈ જવાથી પ્રથમ તો પ્રયાણમાં જ એક કે દોઢ પ્રહર જેટલો વિલંબ થઈ ગયો. એટલે સાયંકાળનો પડાવ જે ઘાટના મુખપર પડવાનો હતો, તે પ્રહર હવે સર્વથા અશક્ય થઈ પડ્યો. ઊંટ અને મનુષ્યોને આખી રાત ચાલવા છતાં પણુ રાત્રે કિંચિત્ વિશ્રાંતિ લેવાનો અને પ્રભાતમાં જ ઘાટને ઓળંગીને પાર થવાનો પ્રસંગ મળશે કે નહિ, એ વિશે મૌલાનાના મનમાં સંશય જ હતો. તે બહુ અસ્વસ્થ થયો, પોતાના પુત્રવિશે તેના મનમાં ઘણો જ ગુસ્સો પેદા થયો અને તે તેણે દીવાનજી સમક્ષ વ્યક્ત પણુ કરી બતાવ્યો.

ખજાનો કૂચ કરવાની તૈયારીમાં હતો, એટલામાં સ્હામેથી ઔલિયા આવતો હતો ત્યાં મૌલાનાનુ ધ્યાન આકર્ષાયું. તે પોતાના ઘોડા-પરથી નીચે ઉતર્યો એટલે બધા નીચે ઉતરી પડ્યા મૌલાનાએ મીર-ખાનનો હાથ પકડી તેને ઔલિયાનાં ચરણોમાં નાખ્યો અને ઔલિ-યાએ શુભ આશીર્વાદ આપ્યો. સર્વજનોએ તેને નમસ્કાર કર્યાં મૌલાનાએ ખજાનાની રવાનગીની વાર્તા કહી સંભળાવી. ઔલિયાએ કહ્યુ કે;– "સાવધતા રાખજો–એ વિના બીજુ આપણાથી શુ થઈ શકે એમ છે? અલ્લાહ નિગેહબાન છે–પરવરદિગારને ભૂલશો નહિ!" આમ કહીને ઔલિયા કિલ્લામાં ચાલ્યો ગયો. ત્યાર પછી મૌલાના અહમદ પણુ ખજા-નાને રવાનો કરીને તરત પાછળથી જઈ ઔલિયાને માર્ગમા જ મળ્યો.

એ વદ્યપક્ષના દિવસો હતા. સૂર્યના અસ્તંગત થતાની સાથે જ તેના સ્થાનમાં અધકાર પોતાના અધિકારને વિસ્તારતો જતો હતો. આ-કાશસ્થ નક્ષત્રો સહસ્રાવધિ ક્રોશના અતરપરથી પોતાના અસ્તિત્વનો પરિ-ચય કરાવતાં કરાવતાં પોતાના માર્ગને ક્રમતા હતાં; અને જતા જતાં ક્ષણુભંગુર સંસારમધ્યે નિમગ્ન થયેલી માનવી પ્રજાના અજ્ઞાનનું હાસ્ય કરતાં હતા! માર્ગમાનો ગમનાગમન વ્યાપાર ઓછો થયો હતો–સર્વથા બંધ થઈ ગયો હતો, એમ કહીએ તોપણુ ચાલી શકે. ખજાનાવાળા ઊંટોના ગળામાંની ઘંટડીઓ અને ઘોડાના ટાપાનો અવાજ તે શાંત પાર્વ-તીય પ્રદેશમાં પ્રતિધ્વનિને ઉત્પન્ન કરતો શાંતિના ગંભીર સ્વરૂપને વધારતો જેવામાં આવતો હતો. મીરખાન સર્વના અગ્ર ભાગે ચાલતો હતો અને તેની સાથે જ બે બાજુએ તેના શરીરસંરક્ષકો અને પાછળ પચીસ ઘોડેસ્વારો વ્યવસ્થાથી ચાલતા હતા. તેમની પાછળ ખજાનાના ઊંટો હોઇને તેમના રક્ષણુનુ કાર્ય પચાસ ઘોડેસ્વારોને સોંપવામાં આવ્યું હતું. બાકીના પચાસ સ્વારો સર્વથી પાછળ થોડાક અંતરપર ચાલ્યા

આવતા હતા. મીરખાન કોઇની સાથે કાંઈ પણ બોલતો નહોતો. માત્ર ઘોડેસ્વાર સિપાહીઓ પોતપોતામાં વાતચીત કરતા હતા અને કેટલાકો ગાયન લલકારવામાં પણ નિમગ્ન થયા હતા. કલ્યાણમાથી નીકળતાં જ વિલંબ થયેલો હોવાથી માર્ગમાં વિશ્રાંતિ ન લેતાં બીજે દિવસે લગભગ એક પ્રહર દિવસ ચઢતા સૂધીમાં જેટલી મંજિલ મારી શકાય તેટલી મારવી, એવો મૌલાનાએ મીરખાનને સખ્ત હુકમ ફર્માવી દીધો હતો. પિતાની આજ્ઞાને અનુસરીને તે પ્રવાસમા આગળ વધ્યો જતો હતો, તોપણ તેનું મન તો કલ્યાણનગરનિવાસિની પ્રિયકરા રોશનઆરા પાસે જ રહી ગયુ હતું. 'તે શુદ્ધિમાં આવી હશે કે નહિ? જો શુદ્ધિમાં આવી હશે, તો મને ત્યાં ન જોઇને તે કેટલો અને કેવો કલ્પાંત કરી મૂકશે! મારા પ્રવાસના વિલંબનુ કારણ તે થયેલી હોવાથી પિતાજી વળી પણ તે બિચારીને મેણાં ટોણાં મારશે કે કેમ?' ઇત્યાદિ વિચારોમાં તે એટલો બધો નિમગ્ન થઈ ગયો હતો કે, તેનો જાણકાર અને ઇમાનદાર ઘોડો સરખી ચાલથી ચાલ્યા કરતો હતો એ ઠીક જ હતુ; નહિ તો કદાચિત્ બિચારા અમીરખાનના માથાને જમીન સાથે અથડાવાનો પ્રસંગ પણ આવી લાગત.

એવી રીતે એ સર્વ જનોએ આખી રાતનો અખડ પ્રવાસ કર્યો, પરતુ પ્રભાત થવા છતાં પણ જ્યારે મીરખાને વિશ્રાંતિની આજ્ઞા ન આપી, એટલે ઘોડેસ્વાર સિપાહીઓ અસ્વસ્થ અને અસંતુષ્ટ થયેલા દેખાવા લાગ્યા. ઘોડા અને ઊંટ વગેરે જાનવરો પણ થાકીને લોથપોથ થઈ ગયા હતા. પરંતુ એક પ્રહર દિવસ થતાં સૂધીમા જેટલો માર્ગ કપાય તેટલો માર્ગ કાપવાનો મૌલાનાનો હુકમ હોવાથી તે બિચારો લાચારીથી વિશ્રાંતિની આજ્ઞા આપી શકતો નહોતો. અતે એક પ્રહર દિવસ વીત્યો તે વેળાએ મીરખાને છાવણી નાખવાનો હુકમ ફર્માવ્યો. સર્વ લોકો થાકીને પાકેલા ફોલ્લા જેવા થઈ ગયેલા હોવાથી તેઓ તત્કાળ પોતાના ઘોડાઓની પીઠપરથી નીચે ઊતરી પડ્યા અને પોતપોતાના ઘોડાઓને ઝાડો સાથે બાંધી ગાશાઓને જમીનપર પાથરીને સર્વેએ પોતાનાં શરીરોને વિશ્રાંતિ આપવાનો વ્યાપાર આરંભી દીધો. ઘોડાની નોકરી કરનારા સઇસો સાથે જ હોવાથી તેમણે જાનવરોના ઘાસદાણાનો બંદોબસ્ત કરીને પછી સ્વારોના ખાનપાનની પણ વ્યવસ્થા કરી નાખી.

સર્વજનો 'હાશ' કરીને ગાશાપર આડા થઈ ગયા હતા, પણ માત્ર મીરખાન એકવાર છાવણીની વ્યવસ્થાને જોઇને ત્યાર પછી પોતાના ખાસ શરીરસંરક્ષકો સાથે આમ તેમની વાતો કરતો બેઠો હતો લગભગ મધ્યાહ્ન કાળ થવા આવ્યો. ઠડો પહોર થતાં સૂધી ત્યાં જ મુકામ

રાખવાનો હોવાથી **મીર**ખાનના ખાસ ઉપયોગમાટે એક રાઉટી ઉભી કરી દેવામાં આવી હતી. એવી રીતે થોડાક લશ્કરી સિપાહીઓની એ ન્હાનકડી છાવણી મધ્યાહ્ન પર્યન્ત ત્યાં જ પડેલી હતી.

શિવાજીનો કાર્યક્રમ ખુલ્લા મેદાન કરતાં પાર્વતીય પ્રદેશમાં જ વધારે પ્રમાણમાં ચાલતો હતો. સહ્યાદ્રિ તેની માતાના ઉદરરૂપ હતો. સહ્યાદ્રિના આશ્રયમાં રહીને જ તેણે સ્વરાજ્યની ધ્વજા ચઢાવી હતી. તેના આજ સૂધીના સર્વ પ્રયત્નો અને સર્વ પ્રપંચો એ પાર્વતીય પ્રદેશમાં જ પૂર્ણ યશસ્વી થયા હતા એટલા માટે જ જો **મીર**ખાન ખજાના સાથે બોરઘાટ ઊતરીને પાર થઈ જાય, તો પછી કાંઈ ભય જેવુ નથી, એવી મૌલાના અહમદની કલ્પના કિંવા ધારણા હતી, અને **મીર**ખાનનો પોતાનો પણ એવો જ અભિપ્રાય હતો. એથી પોતાના માણસો અને જાનવરોની પીડાનો જરાપણ વિચાર ન કરતાં તેણે આટલા લાંબા પ્રવાસની એક રાતમા જ સમાપ્તિ કરી નાખી હતી. કલ્યાણથી બોરઘાટ એટલે પાંત્રીસ માઇલથી પણ વધારેનો ટપ્પો અને તેને આટલા સમયમા ઓળંગી આવ્યા પછી જો સિપાહીઓ વિશ્રાતિમાટે આડા થાય, તો તેમાં આશ્ચર્ય જેવુ કાઇપણ નહોતુ. પરંતુ **મીર**ખાન અને તેની સાથેના અમલદારોનુ બધુ ધ્યાન ઘાટ ઊતરી જવામા જ પરોવાયલુ હોવાથી તેમણે સૂર્યના પશ્ચિમ દિશામાં ઢળતાની સાથે જ કૂચનું રણશીંગું ફૂંકયુ, એટલે પછી સિપાહીઓને પણ લાચારીએ ઘોડાપર સ્વાર થઈ પોતપોતાના સ્થાને તૈયારીથી ઉભા રહેવુ પડ્યુ. **મીર**ખાને પૂર્વવત્ સર્વ વ્યવસ્થા કરીને કૂચનો હુકમ આપી દીધો અને આ વેળાએ પોતે માત્ર આગળ ન ચાલતાં પાછળના ભાગમાં ચાલવા લાગ્યો.

મધ્યાહ્નનો સમય વીતીને તૃતીય પ્રહરની પણ લગભગ સમાપ્તિ થવા આવી હતી. મધ્યાહ્નના તાપ કરતા બહુધા એ વેળાના તાપનો સતાપ અસહ્ય હોય છે. આખી રાત ચાલેલા એ લોકોને એ તાપથી અતિશય ત્રાસ થવા લાગ્યો. તેમના શરીરમાથી સ્વેદની ધારાઓ ચાલવા લાગી અને પાણીનો એટલો બધો શોષ પડ્યો કે, પોતા પાસેની ચામડાની મશકોમાંનુ પાણી ખલાસ થવા છતા તેમની તૃષાનો અત ન આવ્યો. એ જ સમયે તેમનાપર નિદ્રાએ પણ ધીમે ધીમે પોતાની સત્તા ચલાવવા માંડી; એવી રીતે ચારે તરફથી ત્રાસેલા એ લોકો મહા સાવધતાથી તે ઘાટપરથી ઊતરતા હતા. **મીર**ખાન અને તેના અમલદારોની દૃષ્ટિ મહા ચચળતા અને દક્ષતાથી આસપાસ ફરતી હતી. પ્રત્યેક અમલદાર પોતપોતાની ટોળીના લોકોને ઊતાવળથી ચાલવાની તાકીદ કરતો જતો હતો.

એ પ્રમાણેની ઉતાવળ કરવાથી ખજાનો અર્ધ પ્રહર દિવસ રહ્યો,

તે વેળાએ અડધાથી વધારે ઘાટ ઊતરી આવ્યો. એ પછી બે ઊતાર ઊતરી ગયા, એટલે તેમના મેદાનમાં આવી પહોંચવાનો સંભવ હતો. એ સ્થળે ઝાડી જો કે ઘણી જ ઘાટી અને ભયાનક હતી, તો પણ પાર્વતીય વિકટ માર્ગનો બહુધા અંત આવી ગયો હતો. દિવસ પણ ઘણો ખરો વીતી જવાની તૈયારીમાં હોવાથી તાપનો સતાપ પણ ઓછો થયો હતો અને તેથી મનુષ્યો તથા જાનવરો કાંઇક ટટાર થવા લાગ્યા હતા. એટલામાં માર્ગમાં સ્વચ્છ પાણીના એક ન્હાનકડા ઝરણાને જોઇને મીરખાને પોતાના લોકોને ત્યાં થોભી જવાનો ઇશારો કરી દીધો.

સિપાહીઓ વગેરે એવા હુકમની વાટ જ જોતા હતા. તે ઝરણામાંના સ્વચ્છોદકનુ યથેચ્છ પાન કરીને સર્વ જનો ઝરણાના કિનારાપરની ઘાટી ઝાડીની છાયામાં ઝીણી રેતીની શય્યામાં કિંચિત્ વિશ્રાંતિ લેવામાટે અસ્તાવ્યસ્તતાથી પડ્યા. જાનવરો—ઉંટ અને ઘોડાઓ—પણ ગોઠણ સૂધીના પાણીમા ઊભા રહીને પાણી પીતા હતા—અર્થાત્ ખજાનાના ઉંટો પણ પાણીમાં જ ઊભેલા હતા. સર્વને એકસરખો તાપ લાગેલો હોવાથી સર્વ જનો લોથ જેવા થયેલા હતા, એટલે તે સર્વને એ સ્વચ્છ અને શીતલ જલ, ઘનવૃક્ષરાજિની શીતલ છાયા અને મૃદુ વાલુકામય ભૂમિના યોગે અત્યંત આનંદનો અનુભવ થવા લાગ્યો.

મીરખાન પણ પોતાના અમલદારો સહિત એક વિશાળ આમ્રવૃક્ષની છાયામા જરાક આડો થયો હતો. આમ્રફળો સારાં પકવ થયેલા હતા અને વેગવાન્ વાયુના આઘાતથી તેમાંનાં કેટલાંક નીચે પડીને સડી ગયા હતા. એક સિપાહીએ વૃક્ષપર ચઢીને સારાં અને પાકેલાં કેટલાક આમ્રફળો તોડીને નીચે આવી, પોતાના સરદાર મીરખાન આગળ મૂકયાં. તે ફળોની રુચિ લેતો લેતો મીરખાન વિશ્રાંતિસુખને અનુભવતો હતો.

એવી રીતે સર્વ પોતપોતાના આરામની ખટપટમાં પડ્યા હતા, એટલામાં આસપાસની ઝાડીમાથી એક બે કર્કશ સીટીઓના અવાજ સાભળવામાં આવ્યા અને તેની સાથે જ તત્કાળ એ વિશ્રાંતિ લેનારા લોકોપર ગોફણમાંથી છૂટેલા પાષાણોની એકસરખી વૃષ્ટિ જ થવા લાગી. આશ્ચર્ય તો એ કે, એ પ્રત્યેક પાષાણના યોગે એકાદ મનુષ્ય કિવા જાનવરનો જીવ જોખમમા પડવા લાગ્યો. એથી બેભાન થઈ પડેલા તે સિપાહીઓ પોતાના ઘોડાઓને નિકટમા લાવવા લાગ્યા. પણ ગોફણનો માર એવો તો વિલક્ષણ હતો કે, તેમને આમથી આમ પડખુ ફેરવવાનો પણ અવકાશ મળી શકતો નહોતો. મીરખાન અત્યંત આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે શાંતિથી માર કઈ બાજૂથી આવે છે તે જોયુ, છતાં માર અમુક

દિશામાંથી જ આવે છે કે કેમ, એ વિશેનો તે કશો પણ નિશ્ચય કરી શકયો નહિ; કારણ કે, પાષાણો ચારે તરફથી એક સરખા ધુંધું કરતા આવી પડતા હતા. અને તે ઉઠ્યો અને તેના અમલદારો પણ પોતપોતાના સિપાહીઓની ટોળીને એકત્ર કરવાની ખટપટ કરવા લાગ્યા. એટલામાં એક બે પાષાણ એવા તો જબરદસ્ત આવ્યા કે, તેમના મારથી તેના બે અમલદારો ધડાક દેતા કે તે રેતીમાં જ પડીને રામશરણ થઈ ગયા!

મીરખાન રણભીરુ કે નાહિમત પુરુષ નહોતો. આવી પાષાણવૃષ્ટિમાં પણ તે પોતાના ઘોડાપર સ્વાર થયો; અને પોતાના સિપાહીઓને તેણે સકટની સ્હામે થવાનો સખ્ત હુકમ ફર્માવ્યો. ગભરાઇને ગચ્છંતી કરી જતા એક બે સિપાહીઓને તો તેણે પોતે જ પોતાની તલ્વાર તળેથી કાઢી નાખ્યા, એથી બીજાઓના મનમાં ધાસ્તી લાગવાથી તેઓ પોતપોતાના ઘોડાપર બેસી તેની પાસે આવીને હારબંધ ઉભા રહેવા લાગ્યા. પણ હવે તેમનાપર બીજા જ પ્રકારનું સંકટ આવી પડ્યું. ગોફણમાંના પાષાણોના મારની સાથે તેમનાપર દારુના બાણોનો જબરદસ્ત મારો શરુ થયો. એથી ખજાનાના ઊંટો ભડકયા અને ભયાનક ધ્વનિ કરતા એકદમ દોડવા લાગ્યા. કેટલાક ઘોડાઓ પણ ભડકી ઉઠ્યા અને તેમના કૂદવા ઉછળવાથી તેમની પીઠપરના સ્વારો ઉછળીને નીચે જમીનપર પછડાવા લાગ્યા. એવી રીતે ત્યાં સંકટ અને ગભરાટનુ સામ્રાજ્ય વ્યાપી ગયુ.

પ્રસંગ આટલો બધો ભયાનક થઈ જવા છતાં પણ મીરખાને પચાસેક માણસોને પોતાની આસપાસ એકઠા કરી લીધા અને તે ભાવી સકટને નિવારવાના નિશ્ચયથી હિમત ધારીને ઉભો રહ્યો. ભાગેલા અને ભડકેલા ઊંટોને પણ પાછા વાળવાના તેના સારવાનો એકસરખા પ્રયત્નો કરતા હતા. એટલામાં મીરખાનપર ચાળીસ પચાસ જંગલી, લગભગ નાગા જેવા અને કાળા મેશ લોકોનો હલ્લો આવી પડ્યો. એ પોતાપર ચઢી આવનારા લોકોના દાવપેચ અને સખ્યા આદિની મીરખાનને લેશ માત્ર પણ કલ્પના ન હોવાથી તેના હાથે એક મોટામાં મોટી ભૂલ થઈ ગઈ અને તેમ થવુ સર્વથા સ્વાભાવિક જ હતુ. તે ભૂલ એ કે, પોતાસાથેના માણસો સહિત તેણે પોતે જ તેમનાપર હલ્લો કર્યો અને એમને આગળ વધતા જોઇને તે જગલીઓ એક એક પગલું ભરતા પાછળ હટવા લાગ્યા. મીરખાન આવેશમાં આવેલો હોવાથી આગળ અને આગળ જ વધવા લાગ્યો. તે ઝરણાની પાસેના જરાક નીચાણવાળા ભાગમાં ગયો, એટલામાં તેનાપર બીજો હલ્લો આવ્યો. શસ્ત્રસંવાદનો

આરંભ થયો અને શત્રુ કે મિત્રની ઓળખાણુ મટી ગઈ; કારણુ કે, અંધકારનો અધિકાર થઈ ચૂકયો હતો.

એક તરફ આવો પ્રકાર ચાલતો હતો, એટલામાં ઝાડીમાંથી બીજા પચાસેક માણુસોએ નીકળી આવીને બીજી તરફ મીરખાનના બાકી બચેલા માણુસોના સમાચાર લેવાની શરુઆત કરી દીધી; અને બીજા કેટલાકોએ આવીને ગભરાયલા ઉટોને હાંકી જવાનો ઉદ્યોગ આરંભ્યો. એકાર્ધ ઘટિકામાં તે સૌખ્યપૂર્ણ ભૂભાગ ભયાનક અને વિલક્ષણુ દેખાવા લાગ્યો! સ્વચ્છ અને શીતલ જલ રક્તવર્ણુ અને ઉષ્ણુ થઈ ગયુ. તે શ્વેત મૃદુ વાલુકામય પ્રદેશમાં કેટલાક દુર્દૈવી અશ્વારોહી સૈનિકો સદાની નિદ્રાના સુખનો અનુભવ કરવા લાગ્યા!

ખજાનો તો અરણ્યમાં કયારનોય લુપ્ત અને ગુપ્ત થઈ ગયો હતો. પણુ માત્ર મીરખાન પોતાના શત્રુઓ સાથે હિમતથી હથિયાર ચલાવવામાં નિમગ્ન હતો. તેના સિપાહીઓમાના સર્વ પ્રતિક્ષણે એક એક કરીને અનુક્રમે કપાઈ ગયા છતાં તેણે શસ્ત્રચાલનના ઉદ્યોગને ત્યાગ્યો નહોતો. અતે શત્રુના પાછળથી આવેલા સમુદાયના અગ્રેસરે ચાલાકીથી તેનાં શસ્ત્રોને ઉડાવી દીધાં અને તત્કાળ તેને બદીવાન્ કરીને તેઓ પોતા સાથે લઈ ચાલતા થઈ ગયા.

મૌલાના અહમદના મનમા ખજાનો મોકલતી વેળાએ જે ભાવી ભયનો સચાર થયો હતો, તે તેની ધારણા સત્ય સિદ્ધ થઈ.

—☆☆☆☆☆☆☆☆☆☆☆—

પ્રકરણ ૮ મું

કલ્યાણપતન

“દુષ્ટ નારી, તારા કારણુથી જ મારા કુળનો આવી રીતે સર્વનાશ થઈ ગયો! જ્યારથી મારા આ ગૃહમાં તારો પ્રવેશ થયો છે, ત્યારથી આ બિહિસ્તે બરી સમાન મારું ઘર કબ્રસ્તાન બની ગયું છે! મારો મીરખાન સદાને માટે ચાલ્યો ગયો, તેના કરતાં મૌતનો ફિરિશ્તો તને જ આવીને ઉપાડી ગયો હોત, તો શુ ખોટુ હતું વારુ? પણુ એમ બને જ કેમ? મારા ઘરમાં તું ચુડેલ આવી છે, તે બધાને મારી પચાવી ઓડકાર આવ્યા પછી જ તારું કાળું કરવાની! આ ચુડેલની પીઠપર લગાવો ફટકા અને ઉડાવી દ્યો એની ચામડી! જરાપણુ રહમ કે મેહરની જરૂર નથી! હાય—મારો મીર!”

ખજાનાની લૂટને લગભગ પંદર દિવસ થઈ ગયા હતા, તોપણુ હલ્લો કેવી રીતે થયો અને મીરખાનના જીવનનું નિશ્ચિત શું પરિ-

ણામ થયું, એ વિશે કાંઈ પણ અદ્યાપિ કોઇના જાણવામાં આવ્યું ન હોતું. ન્હાસી આવેલા લોકોના મુખની વાતોથી તે લડાઇમાં માર્યો ગયો, એવો જ સર્વનો નિર્ધાર થતો હતો અને તેથી મૌલાના અહમદના હૃદયમાં પુત્રશોકનો આઘાત થતાં તે આઘાતના યોગે તે દીવાનો બની ગયો હતો. રોશનઆરા વિશે પ્રથમથી જ તેનો સારો ભાવ ન હોવાથી પોતાની સ્ત્રીપાસે વધારેવાર રોકાયાથી જ મીરખાનનો આવી રીતે અત થયો, એવો તેનો દૃઢ નિશ્ચય થયો હતો. 'એ ચુડેલ–છપ્પરપગી–ના ઘરમાં આવવાથી જ અલ્લાહે વૃદ્ધાવસ્થામા મારા જેવા અંધની લાકડી છીનવી લીધી અને તેથી મારે હવે આનો કીનો લેવો જ જોઇએ.' આવો વિચાર કરીને તે નિરપરાધિની બાળાને બની શકે, તેટલા વિશેષ પ્રમાણમા પીડવાનો તેણે આરંભ કરી દીધો. પોતાના સૂબેદાર તરીકેના કર્ત્તવ્યને તે સર્વથા ભૂલી ગયો હતો અને આખો દિવસ તથા આખી રાત 'મારો મીર! મારો નૂરેનજર–મારો લખ્તેજિગર!' એવા ઉદ્ગારોની સાથે આંખોમાંથી આસુ પાડ્યા કરતો હતો. એકવાર–દિવસમાં એકવાર તો અવશ્ય તે ઓલિયાનો ફેરો થતો જ હતો, અને જ્યારે તે "પરવરદિગારની મેહરબાનીથી તારો તારા સાહબજાદા સાથે જરૂર મેળાપ થશે. માટે સબ્રને છોડીશ નહિ અને અલ્લાહમા ભરોસો રાખજે!" એવા શબ્દોથી તેને આશ્વાસન આપતો હતો ત્યારે તેનો વિષાદ કાંઈક ઓછો થતો હતો. પણ તે તેટલા સમય પૂરતો જ ઓલિયાએ પીઠ બતાવી કે પુન એનો વિલાપ પૂર્વ પ્રમાણે જ ચાલતો થઈ જતો હતો.

સર્વ દુ ખોમા અપત્યશોકથી ઉત્પન્ન થયેલુ દુ ખ અત્યંત અસહ્ય હોય છે, અને તેમાં પણ વૃદ્ધાવસ્થામાં પુત્રશોકનો આઘાત તે તો દુર્દૈવની પરિસીમા જ કહેવાય છે! જેનાપર દૃષ્ટિ રાખીને વૃદ્ધાવસ્થા થઈ જવા છતાં પણ સસારશકટને ખેંચવામા આવે છે, તે પુત્ર જો વિશ્રાંતિ લેવાના છેલ્લા સમયમાં સદાને માટે ચાલ્યો જાય, તો તેના યોગે વૃદ્ધ પિતાના મનમા કેટલી નિરાશા અને કેવી હૃદયવેદના થતી હશે, એ માત્ર જો શકય હોય તો કલ્પનાથી જ જાણી લેવુ એતુ અનુભવજન્ય જ્ઞાન કોઈ પણ માનવીને ન થાય, એવી જ તે જગન્નિયંતા જગદીશ્વરના ચરણોમા અમારી પ્રાર્થના છે.

જો પોતાનો પુત્ર માર્યો ગયો હોય તો તેના શબને લાવીને કફન આપી તેને દફનાવવા આદિની વ્યવસ્થા કરવાની પણ તેને શુદ્ધિ ન રહી. દીવાનજીએ બીજે દિવસે એ વિશે ખોળ કરાવી, તો જે સ્થળે યુદ્ધ થયુ હતુ ત્યાં લોહીના દાગ, હથિયાર તથા બીજા સામાનના કકડા અને એવાં જ બીજાં થોડાક ચિન્હો વિના બીજું કાંઈ પણ ત્યાંથી મળી શકયુ નહિ તે નિબિડ અરણ્યમાંના હિંસક પશુઓએ પોતાના સવા-

રના નાસ્તા તરીકે તે માર્યા ગયેલાઓની લાશોનો ઉપયોગ કરેલો હોવો જોઇએ, એવો જ સર્વજનોએ નિશ્ચય કરીને વિશેષ શોધના પ્રયત્નને ત્યાગી દીધો. પુત્ર મરાયો તે તો ઠીક, પણ તેની લાશ પણ પોતાના હાથમાં ન આવવાથી મૌલાના અહમદની નિરાશા અને વેદનાનો અવધિ થયો. આ બધાં દુ:ખોનો બદલો એ છેડાયલો બુઢ્ઢો બિચારી નિર્દોષ રોશનઆરા પાસેથી વાળી લેવાની કોશિશ કરતો હતો. નિત્ય પ્રમાણે તે એક દિવસ પોતાની કર્ણકટુ જિહ્વામાના ભયકર અપશબ્દોનો તે બિચારી ગરીબ ગાયપર મારો ચલાવતો હતો, તેમાંના જ કેટલાક વિશેષ સભ્ય ઉદ્‌ગારો પ્રસ્તુત પ્રકરણના આરભમા આપવામા આવ્યા છે.

હિદુ લોકો અને મુસલ્માન લોકોની સમાજવ્યવસ્થાને વિઘાતક રૂઢિએ ગળામા ફાંસો નાખેલો હોવાથી લોકોને જે અનેક અડચણો અને દુ ખોના આઘાતો ચુપચુપ સહન કરવા પડે છે, તેમાના વિશેષ આઘાતોનો ભાર આપણા સ્ત્રીસમાજને જ ઊપાડવો પડે છે સમાજના આદ્ય પ્રવર્તકોએ જે શુભ હેતુથી સમાજબધનો બનાવી આપ્યા છે, તે હેતુનો કાલાંતરે વિપર્યાસ થઇને સમાજની પ્રતિષ્ઠા આપણી સન્નારીઓના શિરપરના એક ભયાનક અત્યાચારનું સ્વરૂપ ધારણ કરી બેઠી છે. બાલ્યાવસ્થામાં જ જે માતપિતાના મુખથી આનદકારક શબ્દ અને સહાયક હાથ મળ્યો હોય તે જ, બાકી શ્વશુરગૃહમાં તો આપણી દેવીરૂપ સ્ત્રીઓને ખરેખરી ગુલામડીઓ પ્રમાણે જ પોતાના જીવનના દિવસો વીતાડવા પડે છે, એનો બહુધા બહુજનોને પ્રત્યક્ષ અનુભવ નિત્ય મળતો હોવાથી વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. જે સ્ત્રીઓને શ્વશુરગૃહમા પણ પીયરીયાં સમાન સુખ મળે છે, તે સ્ત્રીઓ અત્યત ભાગ્યવતી હોવી જોઇએ અને તેમનાં સાસરિયા પણ ધન્ય છે, એમ જ કહેવુ જોઇએ.

પણ એવુ અપવાદાત્મક સદ્‌ભાગ્ય આપણી રોશનઆરાનું નહોતું. એટલે લાચારીએ આપણે મૌલાના અહમદને ધન્યવાદ આપી શકતા નથી. કદાચિત્ મૌલાનાના આદરસત્કારમા તેનાં માતાપિતાએ જાણીજોઇને પણ કાંઈ ન્યૂનતા કરી હોય, તોપણ તે કાંઈ રોશનઆરાનો અપરાધ નહોતો. પીયરીયા અને સાસરિયા વચ્ચે આવી રીતે વિગ્રહ થયેલો હોવા છતાં પણ તેની વૃત્તિ આનદિત, આચરણ મર્યાદશીલ અને સ્વભાવ મિલનસાર જ રહેતો હતો એ ઉપરાંત સાધ્વી સ્ત્રીને શોભાવનાર પતિપ્રેમ પણ તેના હૃદયમાં સપૂર્ણતાથી વસતો હતો. પણ તેના આવા અને આટલા બધા સદ્‌ગુણોનો બદલો શો હતો? એ જ કે, શ્વશુરના મુખના હૃદયમાં છિદ્રો પાડનારા અપશબ્દો સાંભળવા, નિરતર અર્ધક્ષુધાતુર અવસ્થામાં રહેવુ અને ઘણીકવાર શ્વશુરના વરદ હસ્તના પ્રહારો

સહન કરવા! આપણા સમાજમાં પોતાની પુત્રવધૂઓને છળનાર મૌલાના અહમદ સર્વત્ર છે કે નહિ, એનો સર્વ હિંદી બાંધવોએ પોતાના મનમાં વિચાર કરીને રોશનઆરા જેવી અસહાય અબળાઓનાં દુ:ખોને ટાળવાનો પ્રયત્ન કરવો જોઇએ

હાય! બિચારી રોશન ! તેનો કોમળ અને નવકેતકી સમાન દેહ પોતાના જ મહાલયમાં ખુલ્લી જમીનપર પડ્યો હતો. પોતાના પ્રાણ કરતાં પણ પ્રિય અને સૌભાગ્યહેતુ પતિનો વિયોગ થવાથી પ્રથમથી જ તે હિજરાતી હતી, એટલામાં તેના મરણના સમાચાર આવતાં જ તે મૂર્છિત થઇને પૃથ્વીપર પછડાઈ પડી. તેની દાસીએ તેને શુદ્ધિમાં લાવવાના અનેક પ્રયત્નો કર્યા, પણ તેમાં તેને વિજય મળી શકયો નહિ અને મૌલાનાએ તેની પ્રિય દાસીને તેની પાસેથી દૂર કરવાથી તેની દુર્દશાનો અવધિ થયો. એટલામા અચાનક ઓલિયા ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો અને તેણે તેને સાવધ કરીને તેના કાનમાં કાંઇક અસ્પષ્ટ શબ્દરૂપ અમૃત રેડ્યું એ સમયથી તે કાંઇક શાંતિમા વિહરતી હતી, પણ વચ્ચે વચ્ચે પુત્રશોકથી ઉન્મત્ત થયેલા બુઢ્ઢાના શબ્દાઘાતથી અને કવચિત્ લત્તાપ્રહારથી ઘણીકવાર તેને મૂર્છિત થવાનો પ્રસગ પ્રાપ્ત થયા કરતો હતો આજે પણ તે બિચારી એવી જ દુર્દશાનો અનુભવ કરતી હતી ઓલિયાના શબ્દોમાં તેનો દૃઢ વિશ્વાસ હોવાથી જ આ દુ:ખોને સહન કરીને અત્યાર સુધી તેણે પોતાના જીવનને ટકાવી રાખ્યું હતુ આજે મૌલાનાએ પુનઃ તેના દિલના દાગને ખોલીને તાજા કરવાનો યત્ન આદર્યો હતો. મૌલાના અહમદ એક આસનપર અસ્તવ્યસ્ત અવસ્થામાં પડ્યો હતો અને તેના મુખમાંથી વિષ સમાન તીવ્ર શબ્દો એકસરખા નીકળતા જતા હતા એ શબ્દાઘાત સહન ન થવાથી રોશનઆરાને મૂર્ચ્છા આવી ગઈ અને તેને સભાળવાને આગળ વધેલી દાસીને પણ એવો જ સરપાવ આપી, પોતાની પુત્રી સમાન માયા બતાવવાને યોગ્ય કુળદીપક સ્નુષાને યથેચ્છ લત્તાપ્રહાર કરવાની બહાદુરી બતાવીને મૌલાના અહમદ ઉપર જણાવ્યા પ્રમાણે આસનપર પડ્યો હતો આજે કિલ્લામાંના પીરના ઉરુસનો દિવસ હતો, અને પ્રત્યેક વર્ષ કરતાં આ વખતે યાત્રાળુઓ પણ ઘણી મોટી સખ્યામાં આવ્યા હતા. સભ્યતા તરીકે અથવા તો સૂબેદાર તરીકેના પોતાના કર્ત્તવ્યને અનુસરીને અર્થાત્ કોઇપણ કારણથી પુત્રશોકને થોડીવારને માટે ભૂલી જઇને તેણે ઉરુસની વ્યવસ્થા રાખવાને જવુ જોઇતું'તું, પણ તેમ કરવાનુ છોડી દઇને તે 'હાય, મારો મીર! હાય, મારા અંધેરા ઘરનો ચિરાગ!!' ઇત્યાદિ ઉદ્‌ગારો કાઢી પોતાની પુત્રવધૂને છળવાનુ કર્ત્તવ્ય માત્ર યોગ્ય પ્રકારે બજાવતો હતો.

પરંતુ અંતે તે સર્વસાક્ષી પરમેશ્વરના હૃદયમાં રોશનઆરામાટે દયાનો આવિર્ભાવ થયો. ઐશ્વર્ય, અધિકાર અને સંપત્તિ આદિના મદથી અંધ થયેલા રાક્ષસોનાં નેત્રોમાં અંજન આંજીને સાધુજનોનું સંરક્ષણ કરવું, એ પરમકૃપાળુ પ્રભુનો નિયમ જ હોવાથી તેણે રોશનઆરાની ફરિયાદ સાંભળી. કિલ્લામાં અચાનક સર્વત્ર ન્હાસભાગ અને દોડધામનો આરંભ થઈ ગયો. 'દુશ્મન્ આવ્યા! શયતાન આવ્યા!! માવળા આવ્યા!!! દોડો, ન્હાસો–યા અલ્લાહ, યા ખુદા!' એવા પોકારો કાનોમાં આવીને અથડાવા લાગ્યા. સર્વજનો–સ્ત્રી પુરુષો–પોતપોતાના જીવને બચાવવાની કોશિશ કરવા લાગ્યાં. સર્વ 'હું મારું સંભાળું છું, તમે તમારું સંભાળજો,' એવી અવસ્થામાં પડેલાં હોવાથી કોઈ કોઇના સમાચાર લેતુ નહોતુ. સર્વત્ર હાહાકાર પ્રસરી ગયો. મીરખાનના મરણ પછી એક તો કિલ્લાનો બંદોબસ્ત ઢીલો થયેલો જ હતો અને તેવામાં વળી આજે ઉરુસનો દિવસ હતો એટલે સર્વત્ર અવ્યવસ્થા હોય એમાં પૂછવુ જ શુ વારુ? મરાઠાઓએ સ્થળે સ્થળે પોતાનાં થાણાં બેસાડી દીધાં અને જે વચ્ચે આવે તેનુ માથુ ઉડાવી દેવાનો સપાટો ચલાવતા તેઓ ઠેઠ બાલેકિલ્લામાં આવી લાગ્યા. ત્યાં પણ કેવળ નામ માત્રની જ વ્યવસ્થા હોવાથી તેમણે તરત નાકેબંદી કરી દીધી.

આ સર્વ પ્રકાર હજી તો થતો હતો, તે પહેલાં જ કિલ્લામાંના બધા અમલદારો ગર્ભગળિત થઈ ગયા અને થરથર કાંપવા લાગ્યા. આ કાફિરો કયાંથી અને કેવી રીતે આવ્યા, એની તેઓ કાંઇપણ કલ્પના કરી શકયા નહિ. માવળાઓના ત્રાસનો વિલક્ષણ છાપ પડેલો હોવાથી, હવે શું કરવુ અને શું નહિ, એના વિચારમા તેઓ પડી ગયા. એટલામાં કિલ્લાને માવળાઓએ ઘેરી લેવાથી સર્વ અધિકારીઓ પોતાની મેળે જ અંદર સપડાઈ ગયા.

બહાર આટલી બધી ધૂમશ્ચક્રી ચાલતી હતી અને સૂબેદારની સૂબેદારીપર પાણી ફરી વળ્યુ હતું, છતાં મૌલાના અહમદને એની કશી પણ ખબર નહોતી સર્વ પોતપોતાનુ ફોડી લેવાના ઉપદ્વ્યાપમા પડેલા હોવાથી કોઇએ પણ આ હલ્લાના સમાચાર તેને પહોંચાડ્યા નહોતા. જેમ જેમ મીરખાનનુ સ્મરણ આવતું હતું, તેમ તેમ રોશનઆરાપરનો તેનો કોપ નવેસરથી પ્રકટી નીકળતો હતો વળી પણ એકવાર કોપથી તે મૂર્ચ્છિત રોશનઆરાને પાદપ્રસાદ આપવાની તૈયારીમાં હતો, એટલામાં અચાનક જનાનખાનામાં ભયંકર ચીતકારો સંભળાયા અને ન્હાસભાગનો આરંભ થયો. રોશનઆરાની કેટલીક પ્રિય દાસીઓ આ આપત્તિના સમાચાર સંભળાવવામાટે આવી લાગી, તો ત્યાં વળી ભયંકર દેખાવ જ

તેમના જોવામાં આવ્યો. તેઓ પણ મૂર્ચ્છિત થઇને પોતાની સ્વામિનીના શરીરપર પડી ગઇ. 'હેં! આ શું છે? આ બાંદીઓ બૂમ બરાડા કેમ મારે છે?' આવા સવાલો હજી તો મૌલાનાના ભ્રમિષ્ટ મસ્તિષ્કમા આવતા હતા, એટલામાં પચીસ માવળા સૈનિકો અને તેમનો સરદાર આવીને તેની સ્હામા ઉભા રહ્યા, અને 'સૂબેદાર સાહબ, તમે અમારા કેદી છો!' એમ તેમાંના એકે ઉર્દુ ભાષામાં તેને ઉદ્દેશીને જણાવ્યુ.

કલ્યાણનો સૂબેદાર એક ક્ષણ માત્રમાં સાધારણ કેદી બની ગયો! ઈશ્વરની લીલા કેવી વિલક્ષણ! વૈભવના શિખરપર ચઢેલા રાષ્ટ્રોને પરદાસ્યની દરી અને પરદાસ્યના પકમા પડેલા રાષ્ટ્રોને પુન. સ્વતંત્રતાનો ઉપભોગ, એ ચક્રનેમિક્રમ એક સરખો જ ચાલ્યા કરે છે. મૌલાના અહમદને ચુપચુપ તેમના તાબામા જવુ પડ્યુ. માવળાઓના સરદાર આબાજી સોનદેવે મૌલાનાને તેની પદવીની યોગ્યતા પ્રમાણેની સર્વ વ્યવસ્થા કરી આપી. રોશનઆરાને તેની દાસીઓએ સચેત કરી ખરી; પણ જે ભયકર પ્રકાર બન્યો હતો, તેની તેને ખબર પડવા ન દીધી. કારણ કે, એ વાત તેને સભળાવવાથી તેની પ્રકૃતિ પુન બગડશે, એવી તેમના મનમા ભીતિ હતી; તેમ જ રોશનઆરાની પ્રકૃતિની બરાબર સભાળ રાખવાની તેમને આબાજી સોનદેવની સખ્ત તાકીદ હતી.

એક બે દિવસમા કિલ્લામાનો બદોબસ્ત કરીને આબાજી સોનદેવ રાયગઢ તરફ શ્રી શિવાજી મહારાજ પાસે જવાને નીકળ્યો. તેણે સર્વ કેદીઓને પોતાની સાથે લીધા હતા અને તેમની સાથે રોશનઆરા પણ હતી. તેના સૌદર્યને જોઇને 'આ રમણી શિવાજી મહારાજના અત પુરમા જ રહેવાને યોગ્ય છે!' એવો તેનો અભિપ્રાય બધાયો. પણ તેનો આ આશય જ્યારે રોશનઆરાના જાણવામાં આવ્યો, ત્યારે તેને તો આગમાથી નીકળીને ભઠ્ઠીમા પડવા જેવુ જ લાગ્યુ!

પ્રકરણ ૯ મું

રાજા કે યોગી?

મંજિલ દરમજિલ કરતો આબાજી સોનદેવ કેદીઓના ટોળા સહિત રાયગઢમાં આવી લાગ્યો. અહી પહોંચતાં ચાર પાંચ દિવસ માર્ગમાં વીત્યા હતા. એ ચાર પાંચ દિવસના અવધિમા માર્ગમાં જાણવા જેવો કોઈ પણ બનાવ બન્યો નહોતો. માત્ર સાધ્વી રોશનઆરા પોતાના પરવરદિગારની મદદ માગતી અને તે ઓલિયાના વચનમાં વિશ્વાસ રાખતી મ્યાનામાં નિર્વાક્ થઇને પડી હતી. જ્યા મુકામ કરવામાં આવતો,

ત્યાં તે કેવળ જીવનને ટકાવી રાખવા પૂરતા જ અન્નને સ્વીકાર કરતી અને બોલવા વગેરેનો તેણે ત્યાગ જ કરી દીધો હતો. તે નિરંતર વિચારમાં નિમગ્ન રહેતી હતી. "તારો ખાવિંદ પાછો જરૂર તને મળશે!" એમ જે તે ઓલિયાએ મને કહ્યું છે, તે સત્ય થશે કે? મારો પ્રાણ મને પાછો મળશે કે? પુન સુખના દિવસો મારા જોવામાં આવશે કે? ....ઓલિયાનું વચન અસત્ય થાય તેમ નથી! એવા મહાત્માઓ અસત્ય વચન ઉચ્ચારતા જ નથી! આ લોકો મને શિવાજી પાસે લઈ જાય છે. ભલે ને લઈ જતા બિચારા! હુ શિવાજીનાં ચરણોમાં મસ્તક નમાવીશ અને મારી અસ્મતને બચાવીશ! શિવાજી ઉદારાત્મા છે, એમ કહેવામાં આવે છે, એટલે તે મારા સતીત્વનો ભગ કદાપિ કરવાનો નથી, એમ મારી મનોદેવતા મને નિશ્ચયપૂર્વક કહે છે. છતા જો એથી વિપરીત પ્રકારનો રગ જોવામાં આવશે, તો હુ આત્મહત્યા કરીશ અને આ વિડબનાથી મુક્ત થઇશ! પણ શરીરમા પ્રાણ છે ત્યાં સુધી તો આ શરીરને ભ્રષ્ટ થવા દેવાની નથી તે નથી જ!" એવા એવા તેના મનમા એક નહિ, પણ અનેક વિચારો આવતા હતા અને તેમા જ તે તલ્લીન હતી

શિવાજીની ઉદારતા અને ધર્મપ્રિયતાની કીર્ત્તિનો સર્વત્ર વિસ્તાર થતો જતો હતો તેના લૂટફાટ અને શહેરો તથા કિલ્લાઓને કબ્જે કરવાના વ્યવસાયમા કેવળ બળવા કરતા બીજો કોઈ પણ અત્યત પવિત્ર હેતુ રહેલો છે, એવો હવે બહુધા સર્વ લોકોને ભાસ થવા માડ્યો હતો તે સમયના મુસલ્માન રાજ્યકર્ત્તાના અમલમા જે અત્યાચારોનો લોકોને પ્રત્યક્ષ અનુભવ થયો હતો, તેમાના એક પણ અત્યાચારનો શિવાજીના લૂટફાટ તથા હલ્લાના સમયમાં લોકોને પરિચય થયો નહોતો, અને એથી જ લોકોનો તેના વિશે દિવસે દિવસે સારો અભિપ્રાય થતો જતો હતો. સ્ત્રીઓ, બાળકો, અશક્ત જનો અને વૃદ્ધો આદિને તેની હીલચાલ અને લૂટફાટમા કશો પણ ત્રાસ થતો નહોતો. કલ્યાણનગર અને દુર્ગપર છાપો નાખ્યા પછી ત્યા લૂટ કરવાની સખ્ત મનાઈ હોવાથી કલ્યાણનગરના લોકોના મનમા ઘણો જ આનદ થયો હતો અને એ ઉદારતામાટે તેઓ શિવાજીને અંત કરણપૂર્વક આશીર્વાદ આપતા હતા મૌલાના અહમદના જનાનખાનાની યોગ્ય પ્રકારે વ્યવસ્થા રાખવામા આવી હતી અને તેથી રોશનઆરાના મનમા મરાઠાઓ અને વિશેષત તેમના અગ્રેસર શિવાજી વિશે વિશેષ આદર અને પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો. તેના મનમા એવો ભાવ ઉત્પન્ન થાય, એ સ્વાભાવિક હતુ; કારણ કે, પોતાના જાતિબાંધવો જિતાયલા લોકોની સ્ત્રીઓ અને પુત્રીઓપર વારવાર કેવા

કેવા અત્યાચારો અને બળાત્કારો કરતા હતા, એ તે સારી રીતે જાણતી હતી. મરાઠાઓ પણ આપણી કદાચિત્ એવી જ દુર્દશા કરશે, એવો પ્રથમ તેના મનમા ભય થયો હતો, પરંતુ તેને તેમ જ કલ્યાણના અત -પુરની બીજી કોઈ પણ અબળાને જ્યારે કાઈ પણ ત્રાસ ન થયો અને રહામી તેમના સરક્ષણ આદિની સર્વ વ્યવસ્થા કરી આપવામા આવી, ત્યારે તેના મનમા ધૈર્ય આવ્યુ છતા 'મને આ લોકો શિવાજીની અત -પુરવાસિની બનાવવામાટે લઈ જાય છે,' એ વિચાર મનમા આવતા જ તે બિચારી ગભરાઈ જતી હતી, પરતુ શિવાજીની નીતિમત્તા અને પોતાની પવિત્રતાપર સર્વ આધાર અને વિશ્વાસ રાખીને તે આવનારા પ્રસગની આતુરતાથી માર્ગપ્રતીક્ષા કરવા લાગી

રાજગઢમા આવ્યા પછી તેને તેની પોતાની દાસી સાથે એક વિશાળ અને સ્વચ્છ ગૃહમા રાખવામા આવી તેને જોઇતી વસ્તુ આદિની વ્યવસ્થામા કાઈ પણ ન્યૂનતા ન થાય, એ માટેનો બદોબસ્ત કરવા પછી આબાજી સોનદેવ શિવાજીની મુલાકાતે ગયો તેના મુખથી સર્વ વૃત્તાત સાભળી લીધા પછી શિવાજીએ તેણે કરેલા કાર્યમાટે તેને અનેક ધન્યવાદ આપ્યા એ પછી આબાજીએ કહ્યુ કે,–"કલ્યાણના સૂબેદાર મૌલાના અહમદ તથા તેની સ્નુષા રોશનઆરાને હુ કેદ કરીને લઈ આવ્યો છુ રોશનઆરા અત્યત રૂપવતી રમણી હોવાથી આપના અત -પુરમા રહેવાને યોગ્ય છે, એવો મારો અભિપ્રાય છે અને એટલામાટે જ મેં એને અહીં સૂધી લાવવાનો પરિશ્રમ વેઠ્યો છે માટે એનો વિચાર થવો જોઇએ"

"બહુ સારુ–આવતી કાલે દરબારમાં એ વિશેનો વિચાર કરવામા આવશે." એમ કહીને શિવાજીએ તેને જવાની આજ્ઞા આપી.

દરબારનો દિવસ ઊગ્યો શિવાજીના દરબારમા હજી જો કે જાહોજલાલી અને ઠાઠમાઠનો પ્રવેશ થયો ન હોતો, છતા સાદાઈ અને વ્યવસ્થા ઘણી જ સારી હતી દરબાર ભરવાનો ઓરડો જોઇએ તેટલો વિશાળ પણ નહોતો. હજી તો હાલમા જ મુલકગિરીની શરુઆત થયેલી હોવાથી સાધારણ પદ્ધતિ પ્રમાણેની જ દરબારની વ્યવસ્થા હતી. ઓરડાના મધ્ય ભાગમા શિવાજીની બેઠક હોઇને આસપાસ બન્ને બાજૂએ માવળા સરદારો બેઠેલા હતા, અને તેમની પાછળ મુખ્ય મુખ્ય માવળા સૈનિકો અને અન્ય જનો ઊભા હતા. શિવાજીના આસનની પાછળ જાળીદાર પડદાની આડમાં જીજાબાઈ સાહેબની બેસવાની વ્યવસ્થા કરવામા આવી હતી. એવી રીતે એ ન્હાનકડો દરબાર ભરાયો હતો. સર્વજનો પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા પછી શિવાજીની સ્વારી આવી લાગી અને

સર્વેએ ત[illegible] ઉત્થાન આપ્યું. પ્રથમ [illegible] જીજાબાઇને વદન કર્યું અને ત્યારપછી ગાદીને નમન કરીને વિરાજ્યો.

પ્રથમ દરબારમાં સૂબા કલ્યાણ કેવી રીતે કબ્જે કરવામાં આવ્યો, એ વિશેનો વૃત્તાત આબાજી સોનદેવે કહી સંભળાવ્યો. ત્યારકેડે ઇતર પકડાયલા અધિકારીઓ સહિત સૂબેદાર મૌલાના અહમદને દરબારમા લાવવામાં આવ્યો. એટલે શિવાજી પોતે આસનપરથી ઊઠીને તેને લેવા-માટે સ્હામો ગયો, અને તેમના માટે ખાસ રાખેલાં આસનોપર હાથ પકડીને આદરથી તેણે તેમને બેસાડ્યા કુશળ પ્રશ્ન પૂછ્યા પછી શિવા-જીએ આશ્વાસન આપીને કહ્યુ કે,–"નિર્ભય રહો, જરા પણ ભય ન રાખશો." રાજકેદીઓનો એવો નિર્ધાર હતો કે, શિવાજી અવસ્ય કાંઈ પણ ભયકર શિક્ષાની આજ્ઞા કરશે, પણ તેથી સર્વથા વિરુદ્ધ પોતાને આમ સત્કારપૂર્વક વર્ત્તાવવાથી તેમના હૃદયમા આશ્ચર્યયુક્ત સમાધાન થયુ. એ પછી આબાજી સોનદેવે રોશનઆરાના લલિત લાવણ્યનુ વર્ણન કરીને જણાવ્યુ કે,–"આવી અલૌકિક અબળા મહારાજાના મહાલયમાં જ નિવાસ કરવાને યોગ્ય છે. આ ઉદ્દેશથી જ હુ તેને અહીં લઈ આવ્યો છુ" શિવાજીએ તેને દરબારમાં લાવવાનો હુકમ ફરમાવવાથી તેની દાસી સહિત તેને લાવીને દરબારમા હાજર કરવામા આવી. એ વેળાએ તેનો મુખચંદ્ર બુર્કારૂપ મેઘથી ઢકાયલો હતો.

રોશનઆરા દીવાનખાનામા આવતાની સાથે જ સર્વના નેત્રો તેના અવલોકનમા જ લીન થયા. મૌલાના અહમદ અને તેની સાથેના અધિકારીઓ તેની તારીફ કરવા લાગ્યા રોશનઆરા મનમા ને મનમા ઈશ્વરની પ્રાર્થના કરવા લાગી. તે ભયથી કપતી હતી અને જો તેની દાસીએ તેને પોતાના હાથનો આધાર ન આપ્યો હોત, તો અવસ્ય તે પૃથ્વીપર પછડાઈ જ પડી હોત.

પરતુ એવી અનિશ્ચિત અવસ્થામા તેને વધારેવાર રહેવુ પડયુ નહિ. શિવાજીએ તેની દાસીને રોશનઆરાના મુખપરથી બુર્કાને દૂર ખસેડ-વાની આજ્ઞા કરી અને દાસીએ બુર્કાને દૂર ખસેડ્યો. એવી રીતે તે સાધ્વીના સોજ્જ્વલ અને શાંત મુખચદ્રમાનાં દર્શનનો લાભ મળવાથી શિવાજીએ તત્કાળ પોતાના આસનપરથી ઊઠીને તેને પ્રણિપાત કર્યા અને સદ્ગ-દિત સ્વરથી પ્રેમ દર્શાવીને કહ્યુ કે,–"બાઈ, જરાપણ ગભરાઇશ નહિ. તુ મારી પુત્રી અને ભગિની સમાન છે. અહા–જો મારા માતુશ્રી પણ તારા જેવા જ રૂપાળા હોત, તો હુ પણ રૂપાળો થયો હોત!"

આ શબ્દો ઉચ્ચારીને શિવાજી પાછો પોતાના આસનપર બેસી

.ના મુખમંડળમાં સંપૂર્ણ સમાવ. ાને સંતોષની
. દેખાવા લાગી અને તે પોતાના મનમા શિવાજીને મનુષ્ય
..હ, પણ ફરિશ્તો સમજવા લાગ્યો. અન્ય સર્વના મનમાં મહારાજાના
એ શીલાત્મક વર્ત્તનથી પરમ સતોષ થયો. માત્ર આબાજી સોનદેવની
મુખમુદ્રામાં જરાક નિરાશા અને અસતોષનો રગ દેખાયાથી શિવાજી
તેને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે,–

"જેની ધર્મરાજ્ય ચલાવીને ધર્મસ્થાપના કરવાનીજ પરમ આકાંક્ષા હોય, તેણે 'પરસ્ત્રી માત સમાન' એ તત્ત્વનુ સંપૂર્ણ અવલંબન કરવુ જોઇએ. જે રાજ્યમાં સ્ત્રીઓની પ્રતિષ્ઠાનુ સરક્ષણ થતું નથી, કિંબહુના સ્ત્રીઓના સરક્ષણ પ્રતિ જાણી જોઇને ધ્યાન આપવામા આવતુ નથી, તે રાજ્યનો વિનાશકાળ સત્વર આવવાનો છે, એમ જ તમારે સમજી લેવુ. આપણે સ્વધર્મના રક્ષણમાટે હાલમાજ સ્વરાજ્યસ્થાપનાનો આરભ કરેલો છે એટલે આપણે તો આવા વિષયોમા અતિશય સાવધતા રાખવી જોઇએ આ ઉદ્દેશથીજ તમો સર્વને સ્ત્રીઓ, બાળકો, અશક્તો અને વૃદ્ધોપર હથિયાર ન ચલાવવાની હમેશા મારી સખ્ત તાકીદ હોય છે. સ્ત્રીઓની વિડબના કરવી અને પોતાની રાજ્યરૂપ ઇમારતની નીચે ભયકર સુરગ લગાવીને તૈયાર કરવી, એ બન્ને બરાબર છે સાધ્વી દ્રૌપદીને સતાવવાથીજ કૌરવોના કુળનો ક્ષય થયો અને રાજ્યનો લય થયો. તેમ જ ચૌદ ચોકડીના રાજસી ઐશ્વર્યના ભોક્તા, અષ્ટદિક્પાલોને પોતાના ગૃહમા અનુચર પ્રમાણે રાખનાર અને નવ ગ્રહોને પલટાવી નાખનાર રાવણનો નાશ, એ પરસ્ત્રીહરણના પાતકથીજ થયો હતો, એ આપણે નથી સાભળતા કે શુ? અર્થાત્ તમારે નિરંતર મારો એ ઉપદેશ ધ્યાનમા રાખવો કે, જો પરનારીને માતા કિવા ભગિની સમાન માનીને પોતાના આચરણને આપણે વિશુદ્ધ રાખીશુ, તો કોઈ પણ કાર્યમા કદાપિ આપણી વિફળતા થવાની નથી નિત્ય શુદ્ધ અને સાત્ત્વિક વર્ત્તન રાખવુ, એ જ પ્રત્યેકનુ કર્ત્તવ્યકર્મ છે અને એ કર્ત્તવ્યથી જો આપણે વિમુખ કિવા પતિત થયા, તો પછી સ્વોન્નતિમાટે ગમે તેવા અને ગમે તેટલા પ્રયત્નો કરવા છતા પણ કદાપિ આપણો વિજય થવાનો નથી!"

શિવાજી બહુ જ મિતભાષી હતો અને પોતાના મિતભાષણનો પણ અમુક પ્રસંગે જ પ્રકાશ કરતો હતો એટલે આજના તેના આ ભાષણનુ સર્વના હૃદયમાં ઘણુ જ સારુ પરિણામ થયુ અને તેથી સર્વજનોએ આનદથી તેના નામનો જયઘોષ કર્યો. ત્યાર પછી શિવાજીએ તાનાજીને કાંઇક સાંકેતિક આજ્ઞા કરવાથી તે દરબારના દીવાનખાનામાથી

એક બીજા જવાના દરવાજાને ઉ...
માત્રમાં જ આપણા પૂર્ણ પરિચિત રોશનઆરાના
લઇને પાછો દરબારમાં આવ્યો. શિવાજીએ તરત પોતાની ધ..
રોશનઆરાનો હાથ મીરખાનના હાથમા આપ્યો અને તે બન્નેને લઇને તે પોતાના માતુશ્રીને મળવામાટે ગયો. ત્યા રોશનઆરાને રાખીને શિવાજી તથા મીરખાન પાછા આવ્યા; પિતા અને પુત્રનો મેળાપ થયો. એ દેખાવ બહુ જ પ્રેક્ષણીય અને હૃદયને દ્રવીભૂત કરનારો હતો. મૌલાના અહમદને તો જાણે પોતાના પુત્રની આજે નવીનતાથી જ પ્રાપ્તિ થઈ હોયની ! એવો જ ભાસ થયો. તેણે મીરખાનને હર્ષાતિરેકથી આલિગન આપ્યુ અને આનંદાશ્રુની ધારાથી સ્નાન કરાવ્યુ. પિતા પુત્રના આ સમેલનનો સમારભ થઈ રહ્યા પછી કલ્યાણના હલ્લામા બહાદુરી બતાવનારા માવળા વીરો અને અન્ય સૈનિકોને ઇનામ આપવામાં આવ્યાં અને ત્યાર પછી મૌલાના અહમદ તથા તેના અમલદારોને પોશાકો આપવા ઉપરાંત વધારામાં શિવાજીએ પોતાની નૂતન ભગિની રોશનઆરાને કપડા તરીકે આપવામાટે નાણાંની કેટલીક રકમ મૌલાનાને સોંપી. અને જયનાદ સહિત સભાનું વિસર્જન કરવામા આવ્યુ.

ઉપસંહાર

મૌલાના અહમદ પોતાના પુત્ર મીરખાન અને તેની સદ્ગુણી બીબી રોશનઆરા સહિત મહા આનદથી શિવાજીને ધન્યવાદ આપતો બીજાપુર તરફ જવાને પ્રયાણ કરી ગયો. એ પછી રોશનઆરાને કોઈ વાર પણ તેણે ત્રાસ આપ્યો નહિ. એ રોશનની સાધુતાના યોગે જ મીરખાનની પુન પ્રાપ્તિ થઈ, એવો તેનો દૃઢ નિશ્ચય થયેલો હોવાથી તે તેને બહુ જ માનની દૃષ્ટિથી નિહાળવા લાગ્યો.

રોશનઆરા શિવાજીના ઉદાર સ્વભાવ, ધર્મભાવ અને પોતાપર કરેલા ઉપકારોને નિરતર યાદ કર્યા કરતી હતી, અને તેથી 'આપણે શિવાજીની તહેનાતમા રહીએ તો વધારે સારુ' એમ તે પોતાના પતિ મીરખાનને વારંવાર કહ્યા કરતી હતી. અને પઠાણોની કાર્યકીર્ત્તિમાં જ્યારે બીજાપુરમાં બળવો થયો, તે વેળાએ મીરખાન બીજા સાતસો માણસો સાથે આવીને શિવાજીની તહેનાતમાં નોકર તરીકે રહ્યો હતો અને શિવાજીએ તેને તેના અનુયાયિજનો સહિત રાઘો બલ્લાળ અત્રીના પથકમાં સામિલ કર્યો હતો.

..જી, સ.ભાજી કાવજી જી સોન-
.ન શિવાજી છત્રપતિના સ્વરાજ્યર ,ના કાર્યમા
. પારશ્રમો કરીને મહારાષ્ટ્ર રાજ્યરૂપ ભવ્ય ઇમા.ગત બાંધી
નાપી હતી, એ ઘટના ઇતિહાસવાચકોના જાણવામા હોવાથી વિશેષ
વિવેચનની આવશ્યકતા નથી.

આપણા આ કથાનકમા દૃષ્ટિગોચર થયેલો ઓલિયા તે શ્રીસમર્થ રામદાસ સ્વામીનો નારાયણ સ્વામી નામનો એક શિષ્ય હતો. પોતાના કર્ત્તવ્યની સમાપ્તિ થયેલી જોઇને તે શ્રીરામ પ્રભુનાં ચરણોનું ચિંતન કરતો ઓરઘાટમાંની શાંત અને રમણીય પર્ણકુટીના માર્ગમાં પ્રયાણ કરી ગયો.